# ૨૫૦૦ વર્ષ પૂર્વેનું
# હિન્દુસ્તાન

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ-મુંબઈ

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

# ૨૫૦૦ વર્ષ પૂર્વેનું
# હિન્દુસ્તાન

અનુવાદક
ઠક્કુર નારાયણ વિસનજી

પ્રકાશક
"ગુજરાતી" પ્રેસના માલેક

મુંબઈ:
વિક્રમાર્ક ૧૯૬૮. ઈ. સ. ૧૯૧૨.

કીંમત રૂ. ૧-૧૨-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગ્રંથસ્વામિત્વના સર્વ અધિકાર પ્રકાશકે સ્વાધીન રાખ્યા છે.

PRINTED AND PUBLISHED
BY I. S. DESAI
AT THE
GUJARATI PRINTING PRESS
SASSOON BUILDINGS-FORT,
BOMBAY.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

પ્રસ્તુત ઐતિહસિક નવલકથા ઘણાંક વર્ષ પૂર્વે મરાઠી ભાષાના સુપ્રસિદ્ધ નવલકથાકાર રા. રા. હરિ નારાયણ આપટેએ મરાઠી ભાષામાં લખી હતી. તેનું નામ '**ચન્દ્રગુપ્ત**' રાખ્યું હતું. એ નવલકથાનો જ આ ગુર્જર અનુવાદ છે.

કેટલાંક પુરાણોમાં ચન્દ્રગુપ્ત અને તેના નન્દ નામથી ઓળખાતા પૂર્વજ રાજાઓના વંશનો અને તેમનાં નામોનો ઉલ્લેખ કરેલો છે. ચન્દ્રગુપ્ત, ગ્રીક્ સમ્રાટ્ **એલેકઝાંડર્** ધિ ગ્રેટ્નો સમકાલીન હોવાથી કેટલાક ગ્રીક્ ગ્રંથકારોના લખેલા ગ્રંથોમાં પણ **પાટલિપુત્ર**, ચન્દ્રગુપ્ત અને તેના રાજ્ય આદિનું વર્ણન મળી આવે છે. ચન્દ્રગુપ્ત, બૌદ્ધધર્માભિમાની ચક્રવર્તી રાજા મહાન્ અશોક અથવા પ્રિયદર્શીનો પિતામહ થતો હતો, અને તેથી કેટલાંક બૌદ્ધ ગ્રંથોમાં પણ એની કથાના પ્રસંગો આવેલા છે. '**મુદ્રારાક્ષસ**' નામક સંસ્કૃત નાટકમાં ચાણક્ય અને ચન્દ્રગુપ્તનાં કારસ્થાનોનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તે તો સર્વત્ર પ્રસિદ્ધ છે જ. એ સર્વ ગ્રંથોમાંથી મળ્યાં તેટલાં સાધનોને એકત્ર કરીને ઐતિહાસિક નવલકથાને અનુકૂલ થાય, તેટલી કલ્પનાના મિશ્રણથી આ નવલકથાની રચના કરવામાં આવી છે. એલેક્ઝાંડરે **હિન્દુસ્તાનપર** ચઢાઈ કરીને **પોરસ–પર્વતેશ્વર**–રાજાનો પરાભવ કર્યો અને પછીથી તેને પોતાનો એક માંડલિક બનાવીને તેનું લઈ લીધેલું રાજ્ય પાછું આપી દીધું, આવો ઉલ્લેખ ઇતિહાસોમાં છે; પરન્તુ કોઈ સંસ્કૃત ગ્રંથમાં પોરસ–પર્વતેશ્વરનો ઉલ્લેખ મળી શકતો નથી. "**મુદ્રારાક્ષસ**" નાટકમાં અને "**મહાવંશ**" નામક એક બૌદ્ધ ગ્રંથમાં જે **પર્વતેશ્વર** નામક રાજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે **પર્વતેશ્વર** એ **પોરસ** જ હોવો જોઇએ, એવી પ્રસ્તુત કાદંબરીમાં કલ્પના કરીને **પોરસનો પર્વતેશ્વરના** નામથી જ પરિચય કરાવવામાં આવ્યો છે. આવી રીતે અનેક સાધનોનો આશ્રય લેવા છતાં પણ એ તો ખરું જ છે કે, પ્રસ્તુત નવલકથાની રચનામાં અન્ય સર્વ સાધનો કરતાં '**મુદ્રારાક્ષસ**' નાટકપર અધિક આધાર રાખવામાં આવ્યો છે; કારણ કે, એ નાટકની યોગ્યતા જ એવા પ્રકારની છે.

આ નવલકથા '**મુદ્રારાક્ષસ**' નાટકના આધારે લખાયલી છે; પરંતુ એક નવલકથાને અનુકૂલ થઈ પડે તેવું તેના સ્વરૂપમાં સર્વત્ર પરિવર્ત્તન કરવામાં આવ્યું છે અને તે કરવું જ જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'**મુદ્રારાક્ષસ**' જેવું રાજનૈતિક અને રાજપ્રપંચપ્રદર્શક પરમોત્તમ નાટક અદ્યાપિ કોઈ પાશ્ચાત્ય ભાષામાં પણ ભાગ્યે જ લખાયું હશે—નથી જ લખાયું એમ કહેવામાં પણ કશોય પ્રત્યવાય નથી; અને તેથી જ સ્વર્ગીય પ્રોફેસર **વિલ્સન્**, પ્રોફેસર મૅક્સમૂલર અને વિ. પ્રોફેસર **એ. એ. મૅકડોનલ્ડ** આદિ પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ એ નાટકની ઉત્કૃષ્ટતા વિશે અનેક સ્થળે પ્રશંસાપ્રદર્શક ઉદ્ગારો કાઢેલા છે. એવા એક ઉત્કૃષ્ટ નાટકના આધારે રચાયલી નવલકથા પણ રા. રા. હરિ **નારાયણ આપટે** જેવા યોગ્ય અને અનુભવી લેખકની લેખિનીથી લખાયલી હોવાથી ઉત્તમ થઈ હોય, તો તેમાં વિશેષ આશ્ચર્ય પામવા જેવું કાંઈ પણ નથી.

**એલેક્ઝાંડર**ની હિન્દુસ્તાનપરની ચઢાઈ પછી **ચન્દ્રગુપ્તે મગધ**દેશના **નન્દ**વંશનો નાશ કરીને ઇતિહાસપ્રસિદ્ધ રાજનીતિજ્ઞ **ચાણક્ય** નામક બ્રાહ્મણના સાહાય્યથી **પાટલિપુત્ર**માં આજથી **૨૫૦૦** વર્ષ પૂર્વે જે નવીન **મૌર્ય** નામક રાજવંશની સ્થાપના કરી હતી, તે ઐતિહાસિક કાળ પ્રસ્તુત નવલકથામાં લેવામાં આવ્યો છે; અને તદનુસાર ભારતવર્ષની તે સમયની ધાર્મિક, સામાજિક તથા રાજકીય પરિસ્થિતિનું એમાં યથાર્થ શાબ્દિક ચિત્ર આલેખવાનો પ્રયત્ન કરાયલો છે. સર્વને આશ્ચર્ય અને દિગ્મૂઢતામાં તલ્લીન કરી નાંખનાર સર્વથી વિશેષ અદ્ભુત પાત્ર **આર્ય ચાણક્ય** છે. એક સાધારણ સ્થિતિનો અને દરિદ્રી બ્રાહ્મણ **ચાણક્ય**, **નન્દ**રાજાને, તેણે પોતાના કરેલા અપમાનનું ફળ ચખાડવાના મૂળ ઉદ્દેશથી **પાટલિપુત્ર**માં ગુપ્ત વેશે રહી અનેક પ્રકારના રાજપ્રપંચના જાળને વિસ્તારી યુદ્ધ અને રક્તપ્રવાહના પ્રસંગને ન આવવા દેતાં **નન્દ**વંશનું નિકંદન કરી પોતાના શિષ્ય **ચન્દ્રગુપ્ત**નો **પાટલિપુત્ર**માં કેવી દક્ષતાથી રાજ્યાભિષેક કરે છે; એટલું જ નહિ, પણ **નન્દ**રાજાના અત્યંત સ્વામિનિષ્ઠ પ્રધાન **રાક્ષસ**ને, તે **ચન્દ્રગુપ્ત**ના નાશમાટે ઉદ્યુક્ત હોવા છતાં, કેવા પ્રપંચથી **ચન્દ્રગુપ્ત**ને પ્રધાન બનાવે છે; એ સર્વ વાંચીને આશ્ચર્યચકિત અને દિગ્મૂઢ ન થઈ જાય એવો વાચક ભાગ્યે જ કોઈ મળી શકશે. અર્થાત્ જ્યારે આપણે **ચાણક્ય**નાં સર્વ કાર્યોનું સંપૂર્ણ અવલોકન કરીએ છીએ, ત્યારે એમ જ આપણા જાણવામાં આવે છે કે, **મગધ**માં કિંવા આર્યાવર્ત્તમાં **નન્દ**વંશનો નાશ કરીને **મૌર્ય** નામક નવીન રાજવંશની સ્થાપના કરનાર ખરી રીતે જોતાં **ચન્દ્રગુપ્ત** નહિ, પણ **ચાણક્ય** જ હતો.

પાશ્ચાત્ય વિદ્વાનો **ચાણક્ય**ને ભારતવર્ષનો **મેકિયાવેલ** કહે છે. મેકિયાવેલનું પૂરું નામ **નિકોલો** મેકિયાવેલ હતું અને તે **ઇટલી** દેશનો એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહા નામાંકિત રાજનીતિજ્ઞ પુરુષ થઈ ગયો છે. એ ઇ. સ. ૧૪૬૯ માં જન્મી ઇ. સ. ૧૫૨૭ માં મરણ પામ્યો હતો. એણે 'પ્રિન્સ' નામક રાજનીતિ વિષયક એક ઉત્તમ ગ્રંથ લખ્યો છે અને તે અત્યારે પણ સમસ્ત યૂરોપમાં રાજનીતિના વિષયમાં એક પ્રમાણભૂત ગ્રંથ મનાય છે. પરંતુ ચાણકયની એના કરતાં જે એક વિશેષતા હતી તે એ કે, મેકિયાવેલ એક ગૃહસ્થ હતો અને તેથી રાજનીતિનાં કાર્યો કરતી વેળાએ તેની દેશહિતની ભાવના સાથે સ્વાર્થસિદ્ધિની ભાવના પણ કેટલેક અંશે મળેલી હોય તો તે સ્વાભાવિક હતું; અને ચાણકયના મનમાં સ્વાર્થસિદ્ધિના વિચારનો કદાપિ આવિર્ભાવ પણ થયો નહોતો. કારણ કે, તે 'करतलभिक्षा तरुतलवासः' એવા પ્રકારનો સર્વ પ્રકારના પ્રપંચોથી મુક્ત નિઃસ્પૃહ બ્રાહ્મણ હતો, અને તેથી જ જ્યારે નન્દવંશના નાશમાટેની તેની પ્રતિજ્ઞાની પૂર્તિ થઈ અને ગ્રીક યવનોને આર્યાવર્ત્તમાંથી હાંકી કાઢવાના તેના ઉદ્દેશની સિદ્ધિ થઈ; એટલે ચન્દ્રગુપ્તના રાજ્યાભિષેક પછી તરત જ તેણે પાટલિપુત્રનો ત્યાગ કરીને પુનઃ પોતાના વનવાસનો સ્વીકાર કરી લીધો અને 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' એ ગીતાવાકયની સાર્થકતાને પ્રત્યક્ષ સિદ્ધ કરી બતાવી. ચાણકયમાં વળી શત્રુના ગુણોને સ્વીકારવાનો એક અદ્વિતીય ગુણ હતો અને તે રાક્ષસ વિષે તેના મનમાં વસતા પૂજ્યભાવથી સ્પષ્ટ દેખાઈ આવે છે. ચાણકયનું ખરું નામ વિષ્ણુશર્મા અથવા વિષ્ણુગુપ્ત હતું અને નન્દવંશના નાશમાટેના કાર્યમાં તેણે કુટિલનીતિનો પૂર્ણ ઉપયોગ કરેલો હોવાથી તેને કૌટિલ્ય એવું એક બીજું ઉપનામ પણ અપાયલું છે. એ ચાણકયે "ચાણકય સૂત્ર" નામક એક રાજનીતિવિષયક પુસ્તક લખ્યું છે; એ પુસ્તકને "ચાણકય શતક" અથવા "ચાણકયનીતિ" ના નામથી પણ ઓળખવામાં આવે છે અને તેના અનેક પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય ભાષાઓમાં અનુવાદો પણ થઈ ચૂકયા છે. એ જ ચાણકય પ્રસ્તુત નવલકથામાંનો સર્વ પ્રમુખ કાર્યાગ્રણી નાયક હોવાથી, આ ગ્રંથ મનોરંજક થવા સાથે બુદ્ધિ વિકાસક થવાનો પણ પૂરેપૂરો સંભવ છે.

આ ગુજરાતી અનુવાદ મેં ઇ. સ. ૧૯૦૫ માં એટલે કે આજથી લગભગ આઠ વર્ષ પૂર્વે કર્યો હતો અને આ ગ્રંથ 'ગુજરાતી' ની ભેટ તરીકે આપવાનો વિચાર હતો. પણ કેટલાંક બીજાં નવાં નવાં પુસ્તકો 'ગુજરાતી'ની ભેટ તરીકે પ્રકટ થતાં ગયાં અને આ પુસ્તકના પ્રકાશનમાં અચિન્ત્ય વિલંબ થતો ગયો. એટલામાં મારા સાંભળવામાં આવ્યું કે, મરાઠી 'ચન્દ્રગુપ્ત' નો બીજા કોઇએ ગુજરાતી અનુવાદ કર્યો છે અને તે બીજા નામથી પ્રકટ કરવામાં આવ્યો છે. એ અનુવાદ જો કે મારા જોવા કે વાંચવામાં આવ્યો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી, તોપણ જો તેમ થયું હોય, તોય ચિન્તા જેવું નથી. અંગ્રેજીમાં અન્ય ભાષાના એક એક પુસ્તકના જૂદા જૂદા અનુવાદકોએ કરેલા અનેક અનુવાદો મળી આવે છે અને તેથી વાચકોને જૂદા જૂદા અનુવાદકોની અનુવાદશક્તિની તુલના કરવાનો પ્રસંગ મળી શકે છે. આનાથી પણ વાચકોને તેવી તુલના કરવાનો પ્રસંગ મળશે અને તે અનુવાદકમાટે ખરેખર એક આનંદદાયક વિષય છે.

"ગુજરાતી" મુદ્રાયંત્રે "સસ્તું સાહિત્ય" નામની ગ્રંથમાળા પ્રકટ કરવાનો જ્ઞાનપ્રસારના ઉદ્દેશથી જે શુભ પ્રયાસ આરંભ્યો છે, તે ગ્રંથ માળામાંનો જ આ ગ્રંથ હોવાથી સર્વ વર્ગના વાચકોને આ ગ્રંથના વાચનનો લાભ મળી શકશે, એથી વળી અનુવાદકના મનમાં આનંદની ઉર્મિઓ વિશેષ બળથી ઉછળે, એ સ્વાભાવિક જ છે.

મુંબઈ:
બુધવાર તા. ૧૪-૮-૧૨ } ઠક્કુર નારાયણ વિસનજી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| પ્રકરણ | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| | ઉપક્રમ–પૂર્વાર્ધ–વત્સલાભ.... | ૧ |
| | ઉપક્રમ–ઉત્તરાર્ધ–દરિદ્રી બ્રાહ્મણ. | ૮ |
| ૧ લું | પ્રયાણ. | ૨૨ |
| ૨ જું | પાટલિપુત્ર. | ૩૦ |
| ૩ જું | સુરાદેવી | ૩૭ |
| ૪ થું | બુદ્ધભિક્ષુ. | ૪૪ |
| ૫ મું | ચાણક્યને વિચાર | ૫૪ |
| ૬ ઠું | પ્રારંભ. | ૬૪ |
| ૭ મું | પહેલું પગથિયું ... | ૭૩ |
| ૮ મું | બીજું પગથિયું ... | ૮૦ |
| ૯ મું | પત્ર વાચન | ૮૭ |
| ૧૦ મું | સંભાષણ શું થયું? | ૯૪ |
| ૧૧ મું | ચાણક્યનું કારસ્થાન. | ૯૯ |
| ૧૨ મું | ચાણક્યની સ્વગત વિચારણા | ૧૧૦ |
| ૧૩ મું | સુવર્ણ કરડમાંને અપૂપ ... | ૧૧૭ |
| ૧૪ મું | માર્જારીનું મરણ... | ૧૨૬ |
| ૧૫ મું | ચાણક્યચક્રચાલન | ૧૩૩ |
| ૧૬ મું | ભાગુરાયણ સેનાપતિ | ૧૪૧ |
| ૧૭ મું | અમાત્ય રાક્ષસ .. | ૧૪૯ |
| ૧૮ મું | અપરાધી કોણ?... | ૧૫૮ |
| ૧૯ મું | પ્રસ્તાવ. | ૧૬૭ |
| ૨૦ મું | ઇન્દ્રજાળ વિદ્યા ... | ૧૭૫ |
| ૨૧ મું | અમાત્યે શું કર્યુ? | ૧૮૦ |
| ૨૨ મું | મુરાદેવીનું કારસ્થાન | ૧૮૭ |
| ૨૩ મું | ચિત્તની ચંચળતા | ૧૯૬ |
| ૨૪ મું | નિશ્ચય ચળી ગયો | ૨૦૪ |
| ૨૫ મું | ભત્રીજો કે પુત્ર? | ૨૧૨ |
| ૨૬ મું | પતિ કે પુત્ર? ... | ૨૧૯ |
| ૨૭ મું | આત્મબલિદાન ... | ૨૨૫ |
| ૨૮ મું | પર્વતેશ્વર પકડાયો. | ૨૩૩ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૨૯ મું | રાક્ષસની વિસ્મયતા. | ૨૩૯ |
| ૩૦ મું | ચન્દ્રગુપ્તની સવારી | ૨૪૬ |
| ૩૧ મું | રાક્ષસની પ્રતિજ્ઞા | ૨૫૧ |
| ૩૨ મું | ન્યાય શો થયો? | ૨૫૮ |
| ૩૩ મું | ન્યાયાધીશ કે અપરાધી? | ૨૬૫ |
| ૩૪ મું | નવીન યુક્તિ | ૨૭૨ |
| ૩૫ મું | પ્રતિજ્ઞાનો ભંગ કે મિત્રનો વધ! | ૨૭૯ |
| ૩૬ મું | રાક્ષસનો નિશ્ચય... | ૨૮૬ |
| ૩૭ મું | ચાણક્યનો વિચાર | ૨૯૨ |
| ૩૮ મું | સંવાહક... | ૨૯૯ |
| ૩૯ મું | રાક્ષસ અને શાકલાયન | ૩૦૮ |
| ૪૦ મું | ચાણક્ય હાર્યો!... | ૩૧૮ |
| ૪૧ મું | રાક્ષસ અને ચાણક્ય. | ૩૨૬ |
| | ઉપસંહાર. | ૩૩૭ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# ૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન

## ઉપક્રમ—પૂર્વાર્ધ.

### વત્સલાભ.

હિમાલય પર્વત તે સૃષ્ટિમાંના સમસ્ત પર્વતોનો રાજા છે, એવી બહુધા બધાની માનીનતા છે, અને તેની ઉચ્ચતાના પ્રમાણથી, તેણે ધારેલા વનસ્પતિના અનન્તત્વથી, ભવ્ય વનશોભાથી, અનેક મહાનદ અને મહાનદીઓની તેમાંથી ઉત્પત્તિ થતી હોવાથી, વિશાળ કંદરાઓ અને ગુહાઓની તેમાં વિપુલતા હોવાથી, ત્યાં હિંસ્રશ્વાપદોનો વિશેષ વસવાટ હોવાથી અને વૃક્ષોના ગગનચુંબિત વિશાલત્વથી એ ગિરિશ્રેષ્ઠને એ પદવી યથાર્થરીતે શોભે છે પણ ખરી. એ પર્વતમાંનાં અરણ્યો અત્યંત ગહન અને ભયંકર છે તેમ જ એ પર્વતપ્રદેશમાં સર્વદા શીતલતાનું પ્રાબલ્ય રહેતું હોવાથી ત્યાંનાં પશુઓ સ્વભાવસિદ્ધ ઊર્ણવસ્ત્રોથી આચ્છાદિત હોય છે, અને જે મનુષ્ય પ્રાણીઓ ત્યાં વસે છે, તેઓ પોતાના શરીરના સંરક્ષણ માટે એ પશુઓને મારીને તેમનાં નૈસર્ગિક વસ્ત્રોનો પોતાના શીત નિવારણાર્થે ઉપયોગ કરે છે.

ભયંકર પર્વત હો કે જલહીન વાલુકારણ્ય હો, પણ મનુષ્ય પ્રાણીએ પોતાના નિવાસની વ્યવસ્થા ત્યાં ન કરી હોય, એમ કદાપિ બન્યું નથી અને બનવાનું પણ નથી. અર્થાત્ જ્યાં ઘણા જ કષ્ટથી જીવનનો વ્યાપાર કરી શકાય છે, ત્યાં રહીને મનુષ્ય પ્રાણી વૃક્ષ અને લતાઓનો તેમ જ અન્ય પ્રાણીઓનો નાશ કરીને પણ પોતાના નિવાસની વ્યવસ્થા તો કરી લેવાનો જ. એ જ ન્યાયને અનુસરીને એ પર્વતના પણ જે જે ભાગોમાં રહી શકાય તેવું છે, ત્યાં જંગલી ભિલ્લ અને તેવી જ બીજી જાતિના લોકોનો નિવાસ છે જ. જ્યાં મનુષ્યના નિવાસની શક્યતા હોય અને ત્યાં મનુષ્યનો નિવાસ ન હોય, એવું કોઈ સ્થાન ત્રિભુવનમાં પણ મળવું દુર્લભ છે. એ પર્વતરાજનો કાશ્મીરના પ્રદેશમાં પડતો જે ભાગ છે, ત્યાંથી તે ઠેઠ પૂર્વ દિશાના સમસ્ત વિસ્તારમાં અત્યંત પ્રાચીન કાળમાં બકરાં મેંઢાં પાળનારા રબારીઓ અને ગોવાળો વિશેષ પ્રમાણમાં વસતા હતા. તેઓ નિત્ય પોતાનાં મેંઢાં બકરાંને પોતાના રહેવાની દરીઓમાંથી છોડીને પર્વતના બીજા હરિયાળીવાળા પ્રદેશમાં ચારવામાટે લઈ જતા હતા. કોઈ સારા ઘાસવાળા મેદાનમાં પહોંચ્યા, એટલે ત્યાં જાનવરોને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છૂટા ચરવા છોડી દઇને પોતે પોતાના વેણુવાદ્યને વગાડતા બેસતા હતા અથવા તો જો ત્યાંથી વનપુષ્પો મળી આવે, તો તેમની માળાઓ બનાવીને પોતાના, માતાપિતાના, પોતાના તરુણ મિત્રોના અથવા તો ગાયો બળદોના ગળામાં તેમનું આરોપણ કરતા હતા. મધ્યાહ્ન સમયે ભોજન વેળા થતાં પોતા સાથે બાંધી લાવેલા ભાતાને છોડીને સર્વ મિત્રમંડળ એકત્ર બેસી તે ભોજનના આસ્વાદમાં લીન થતું હતું. એવો તેમનો નિત્યક્રમ હતો.

એક દિવસે ત્યાં મગધદેશ અને અહીં ગંગાતટ એ ઉભયની સીમાના સંમેલનથી કિંચિત્ ઉત્તર દિશામાં આવેલી એક દરીના ગોવાળિયાઓ એક ટેકરી પર ગયા હતા. દિવસો ગ્રીષ્મ ઋતુના હતા અર્થાત્ એ ઋતુમાં ભગવાન્ સૂર્યનારાયણ કાંઇક અધિક કાળ પર્યન્ત પોતાના પ્રકાશનો સૃષ્ટિને લાભ આપે છે અને તેમાં પણ પર્વત શિખરે તો સપાટી કરતાં ઘણા જ વધારે સમય સુધી સાયંકાળનાં સૂર્યકિરણોવડે ભિન્ન ભિન્ન સ્થાને ભિન્ન ભિન્ન રંગોથી નભોમંડળ રંજિત થએલું દેખાય છે. સદોદિત શીતલતા હોય, તોપણ ગ્રીષ્મકાળમાં તે શીતલતા ત્રાસદાયક જણાતી નથી; કિન્તુ વિરુદ્ધપક્ષે ઉષ્ણ દિવસોમાં એ શીતલતા અમુક અંશે સુખનું એક સાધન થઇ પડે છે. એવા એક દિવસે સાયંકાળે ઉપર કહેલા પ્રાંતના ઉત્તર ભાગમાંની હિમાચલની દરીમાં ઉપરના શિખર ભાગેથી પોતાના ઢોરોને હાંકતા તે ગોવાળીયાઓ ઉતરી આવતા હતા–નીચે દરીમાં આવતાં જ ઢોરો પોતપોતાના સ્થળે ચાલ્યાં ગયાં, પરન્તુ ઢોરોનું એક ધણ એક બીજી બાજૂએ ગયું–ત્યાં એક વૃદ્ધ ગોવાળિયો ઊભો હતો તે ઘણા જ પ્રેમથી પોતાના ઢોરોનો સત્કાર કરવા માટે આગળ વધ્યો–બધાં પશુ પ્રાણીઓ તેની પાસેથી પસાર થયાં–તે જાણે તેને જોઇને આનંદ પામ્યાં હોયની ! એમ તેમની ચર્યાના અવલોકનથી જણાતું હતું. તે ગોપાલક વૃદ્ધ પણ તેમને જોઇ જોઇને આનંદથી હરયા કરતો હતો. જોત જોતાંમાં સઘળાં ઢોરો ત્યાંથી ચાલ્યાં ગયાં અને તેમને તેમના સ્થાનમાં બાંધી દેવામાં આવ્યાં એમ કહેવા કરતાં તેમને પૂરી દેવામાં આવ્યાં, એમ કહીશું તો તે વધારે શોભશે. બધા ગોવાળિયાઓનાં અને બીજા લોકોનાં ઢોરો બંધાઇ ગયા પછી તે વૃદ્ધ ગોપાલક પોતાના ગૃહમાં જવાનો વિચાર કરતો હતો, એટલામાં એક બીજો તેના જ વયનો વૃદ્ધ પુરુષ તેની પાસે આવ્યો અને તે બન્ને પરસ્પર કાંઇક વાર્ત્તાલાપ કરતા બેઠા. એટલામાં ત્રીજો એક તેવો જ વૃદ્ધ ગૃહસ્થ આવ્યો–ચોથો આવ્યો–એમ થતાં થતાં તેની પર્ણકુટીપાસે આઠ દશ વૃદ્ધ પુરુષોનો જમાવ જોતજોતાંમાં થઇ ગયો. એ વેળાએ સૂર્યનો સર્વથા અસ્ત થઇ ગએલો હોવાથી શીતલતાનું પ્રાબલ્ય કાંઇક વિશેષ થએલું હતું. રાત્રિ પૂર્ણમાસીની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોવાથી સર્વત્ર ચંદ્રિકાનો સ્વચ્છ શીતલપ્રકાશ વિસ્તરી રહ્યો હતો. તે સર્વે વૃદ્ધ પુરુષોએ ત્યાં લાકડાં લાવીને અગ્નિ પ્રજ્વલિત કર્યો અને તેની આસપાસ તે સર્વ બેસી ગયા. કયાંય ચાર વૃદ્ધ ગૃહસ્થો એકત્ર થઇ બેઠા કે ત્યાં તેમનું પોતાના યૌવન કાળમાં બનેલી ઘટનાઓ વિશે જ સંભાષણ ચાલવાનું, એ એક સર્વ સાધારણ નિયમ જ થઇ ગયો છે; પરંતુ આજે આ વૃદ્ધ મંડળમાં કાંઇ તેવા સંભાષણનો ઉદ્ભવ થયો નહિ. "યવનોના ત્રાસથી કંટાળીને મૌર્યોનો રાજા ગુહપતિ યવનોથી લડતાં રણમાં પડ્યો અને તેની પત્ની મગધદેશમાં પલાયન કરી જતી મારી દૃષ્ટિએ પડી." એમ એક વૃદ્ધે પોતાના અન્ય વૃદ્ધ મિત્રોને જણાવ્યું. એથી સર્વના હૃદયમાં અતોનાત ખેદ થતાં યવનોની બીજી વાતો નીકળી. એમાં "યવનોએ પંચજનપર હલ્લો કરીને ત્યાં ઘણો જ ત્રાસ પ્રવર્ત્તાવ્યો છે અને પોરસ (પર્વતેશ?) રાજાનો પૂર્ણ પરાભવ કરીને તેના રાજ્યને પાદાક્રાન્ત કરી ગંગાતટ પર્યન્તના સમસ્ત પ્રદેશને જીતી લેવાનો તેમનો ઘનઘોર પ્રયત્ન ચાલૂ છે." એવી પણ એક વાત નીકળી. જે ગોવાળિયાના રહેઠાણ પાસે એ જમાવ જમેલો હતો તે વૃદ્ધ ગોપાલકનું મન એ વાર્તાઓના શ્રવણથી ઘણું જ ઉદ્વિગ્ન અને સંતપ્ત થઇ ગયું. તે એકાએક બીજાઓને ઉદ્દેશીને કોપથી કહેવા લાગ્યો કે," જે કાળ વીતી ગયો, તે ઘણો જ ઉત્કૃષ્ટ હતો. હવે પછી આપણા જેવા માટે વધારે જીવવામાં લાભ નથી. 'આ આપણો દેશ એક સમયે યવનોના અધિકારમાં જશે.' એવું ભવિષ્ય જો પ્રથમ કોઇએ, ભાખ્યું હોત, તો મેં તેને ત્યાંનો ત્યાં જ ઊભો ને ઊભો ચીરી નાખ્યો હોત, પણ આજે તે પ્રસંગ પ્રત્યક્ષ આવી પહોંચેલો છે, અને આપણે તેનો વ્યર્થ અને નિરર્થક ઊહાપોહ કરતા બેઠા છીએ. પર્વતેશના વિશાળ રાજ્યની આવી રીતે ધૂળધાણી થાય-અને તે પણ આપણી હયાતીમાં! એના કરતાં આપણને મોત આવે, તો શું ખોટું છે?"

એ શૌર્યપૂર્ણ શબ્દો ઉચ્ચારતી વેળાએ એ વૃદ્ધનું શરીર થરથર કંપતું હતું. પ્રત્યેક શબ્દ જાણે તેના અંતઃકરણને વેધી તથા ભેદીને જ મુખદ્વારા બહાર પડતો હોયની! એવો તેની મલિન મુખમુદ્રામાં સ્પષ્ટ ભાસ થતો હતો.

તેના એ શબ્દોનું બીજાઓના મનમાં પણ થોડું ઘણું પરિણામ થયું. ખરી રીતે જોતાં એ ગોવાળિયાઓ, તે બહુધા જંગલમાં વસનારા મનુષ્યો જ હતા તેથી ક્યો રાજા ક્યાં આવ્યો અને તે કોણ તથા ક્યાં ગયો, એની માહિતી તેમને હોવાનો ઘણોજ થોડો સંભવ હોવો જોઇએ અને જો તેઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિમાલયના પૂર્વભાગમાં હોત, તો આ પશ્ચિમ દેશમાં શી રાજ્યક્રાન્તિ ચાલે છે, એની કોઇ કાળે પણ તેમને જાણ થઈ શકત નહિ. પરંતુ સિકંદરે આક્રાન્ત કરેલા પંજાબ અને મગધદેશની પશ્ચિમ મર્યાદાના મધ્ય ભાગમાં આવેલી ઉત્તર વિભાગસ્થ દરીઓમાં વસનારા એ દીન મનુષ્યોને મહત્ત્વાકાંક્ષી યવનોથી ઘણોજ ત્રાસ થવા માંડ્યો હતો. સિકંદર બાદશાહે હિંદુસ્તાનમાં આવ્યા પછી પાછા સરહદની બહાર જતાં સુધીમાં લગભગ વીસ મહિના જેટલોજ સમય વીતાડ્યો હતો. પરન્તુ પંજાબના રાજાનો પૂર્ણ પરાભવ કરવાથી તેની ભૂતૃષ્ણા અધિક તીક્ષ્ણ થતાં ગંગાના તટને ઉલ્લંઘીને મગધ દેશને પણ જીતી લેવાની તેને મહત્ત્વાકાંક્ષા થઇ આવી. એ મહાત્ત્વાકાંક્ષાને લીધેજ ઉપર કહેલા મધ્ય પ્રાંતના નિવાસીઓને એની ચઢાઇઓથી ઘણો ત્રાસ થવા લાગ્યો હતો. હલ્લાઓ કરીને ઢોરોને ઉપાડી જવાં અને કવચિત્ કવચિત્ સ્ત્રિયોનું પણ હરણ કરવું ઈત્યાદિ તેમનાં દુષ્ટ કર્મો ચાલૂજ હતાં. પર્વતની તળેટીમાં રહેનારા લોકો તો એ લુટારાઓના હલ્લાથી એટલા બધા કંટાળી ગયા હતા, કે પોતપોતાનાં ઝૂંપડાં અને ઢોરોના ગોઠાને ત્યાંથી ઉઠાવીને તેમણે હિમાલયના અંતર્ભાગમાં આવેલા ગહન અરણ્યમાં જ જઈ વસવાનું વધારે યોગ્ય વિચાર્યું. "જંગલી હિંસ્ર પશુઓ ચાર ઢોરોને મારીને ખાઇ જાય તે સારું; પણ એ દુષ્ટ યવનોનો ત્રાસ નઠારો!" એવો જ પ્રત્યેકનો વિચાર થઇ ગયો હતો. એ પર્વત નિવાસીઓને એવો દુઃખદાયક અનુભવ મળેલો હોવાથી યવનોનું નામ નીકળતાં જ જો તેમના હૃદયમાં સંતાપ થાય, તો તે સ્વભાવિક જ કહેવાય. એ સમસ્ત વૃત્તાંત જાણવા પછી ઉપર્યુક્ત ગોપાલકોના ઉદ્દગારનું વાચકોને આશ્ચર્ય લાગશે નહિ. વાત પરથી વાત નીકળતાં પ્રત્યેક ગ્રીક લોકોએ એટલે યવનોએ કરવા માંડેલા બલાત્કારના કોઇના મોઢેથી સાંભળેલા અથવા પ્રત્યક્ષ અનુભવેલા વૃત્તાંતો કહી સંભળાવ્યા. ગ્રીક લોકોમાં ગવાલંભના-બળદ યજ્ઞના-સ્થંડિલમાં બળિદાન આપવાનો પરિપાઠ હતો,-તેથી ગ્રીક લોકનો જય થયો, તે વેળાએ એ ગરીબ ગોવાળિયાઓના સારા હ્રષ્ટપુષ્ટ બળદોને બલાત્કારે પકડી લઈ જઈને તેમના અનેકવાર યજ્ઞો કર્યા હતા. એ સઘળા ત્રાસોથી તે ગોવાળિયાઓ ઘણા જ દુઃખી થઈ ગયા હતા; અને "આ દુષ્ટને શિક્ષા કરવાને કોઈ પુરુષ પુંગવ કેમ અવતરતો નથી?" એમ વારંવાર બોલીને તેઓ પરમેશ્વરને પણ ઉપાલંભ આપતા હતા. પરંતુ એ તેમની પ્રાર્થના પરમેશ્વર સાંભળતો હોય, એવું કોઈ ચિન્હ અદ્યાપિ તો તેમના જોવામાં આવ્યું નહિ-તેઓ સર્વથા નિરાશ થએલા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃદ્ધોનું ઉપર્યુક્ત પરસ્પર સંભાષણ ચાલતું હતું, એટલામાં આપણા મુખ્ય વૃદ્ધ ગોપાલકની એક કન્યા દોડતી આવી અને પોતાના પિતાને ઉદ્દેશીને કહેવા લાગી, કે "બાપા, પેલી આપણી કપિલાના નવા વાછડાનો કયાંય પત્તો લાગતો નથી. આજે પહેલી જ વાર તે પોતાની માતા સાથે ચરવાને ગયો હતો; હવે ગાયને દોવાનો સમય થએલો છે; પણ તેનો શોધવા છતાં પત્તો નથી મળતો. વાછડો કેવો સુલક્ષણો અને નમાણો હતો, બાપા!"

કન્યાના એ અંતિમ શબ્દો અતિશય ગદ્ગદિત કંઠથી ઉચ્ચરાયલા હતા અને તેનાં નેત્રો પણ અશ્રુપૂર્ણ દેખાતાં હતાં. એ વૃદ્ધનો ગોઠો કાંઈ નાનો સુનો નહોતો–અર્થાત્ તે ઘણો જ મોટો હતો. છતાં પણ જો તેમાંથી એક મેઢું માત્ર પણ કયાંય ખોવાઈ જાય, તો તે વૃદ્ધના હૃદયમાં અનિવાર્ય ખેદ થતો હતો. તેમાં પણ જે કપિલા ગાયનો વાછડો આજે ખોવાયો હતો, તે ગાય પર અને તેના વાછરડા પર તો તેનો અતિશય પ્રેમ હતો. તે કાળમાં ઢોરોની અધિક સંખ્યા તેજ અધિક ધન મનાતું હતું અને તેમાં પણ પશુ સામુદ્રિક પ્રમાણે સર્વ સુલક્ષણ સંપન્ન કોઈ વત્સ અથવાતો ગાય જેની પાસે હોય, તે મહાન્ ભાગ્યશાળી, એવી જ લોકોની દઢ ભાવના હતી. જે વાછડો હાલમાં ખોવાયો હતો તે એવોજ સુલક્ષણો હોવાથી તે ખોવાયાની વાત સાંભળતાં જ તે વૃદ્ધ ગોવાળીયાનું મન એકાએક ઉદ્વિગ્ન થઈ ગયું અને તત્કાળ તે પોતાના સ્થાનપરથી ઊઠીને ઊભો થયો. ગ્રીક યવન લોકો ગરીબ બિચારા ગોવાળીયાઓનાં ઢોરોને કેવી રીતે ચોરી જાય છે, એ વિશે વાતચીત ચાલતી હતી, એટલામાં પોતાના જ એક સારા વાછડાના ગુમ થવાની ખબર મળી, એ તે ગોવાળિયાને એક મોટું દુશ્ચિન્હ જ ભાસ્યું. તેનો એવો જ નિશ્ચય થયો કે, "આજે ઢોરો ચરવા ગયાં હતાં, તે પાછાં ફરતી વેળાએ એ વાછડો પાછળ રહી જવાથી કોઇ યવન જ તેને લઈ ગયો હશે." તેજ ક્ષણે તેણે નિર્દોષ પશુ બાળકનો શોધ કરવા માંડ્યો. "આપણાં ઢોરો આજે ચરવાને કયાં સુધી ગયાં હતાં, સાથે ચારવા જનાર માણસની એ વાછડા પર કયાં સુધી નજર હતી, તેને બીજા કોણે કોણે કયાં સુધી જોયો હતો?" ઇત્યાદિ નાના પ્રકારના શોધો તેણે ચલાવ્યા. અંતે તેને એટલો ખુલાસો મળ્યો કે, શિખરે જતાં સુધી એ વાછડો હતો, પણ શિખરપરથી ઢોરોને નીચે લાવવામાં આવ્યાં, ત્યારથી તે જોવામાં નથી આવ્યો. એથી એ વાછડો ઉપર જ કયાંક અટકી બેઠેલો હોવો જોઇએ, એવો સર્વનો તર્ક થયો; પરંતુ માત્ર એવા તર્કથી જ નિરાશ થઇને બેસી રહેનારાઓમાંનો એ વૃદ્ધ ગોવાળિયો નહોતો. "એ ગોવત્સનો શોધ કરવા પૂર્વે હું અન્નનો આહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરનાર નથી." એવી પ્રતિજ્ઞા કરીને તે પર્વત શિખરે જવામાટે તૈયાર થયો. પોતાના તીરકામઠાંને સાથે લઇને અને "મારી સાથે જે કોઇ પણ આવવાને તૈયાર હોય, તેણે ખુશીથી આવવું." એમ બોલીને તે પર્વત પર ચઢવા લાગ્યો.

ઉપર એક સ્થળે કહેલું જ છે કે, રાત્રિ પૌર્ણિમાની હતી. ગ્રીષ્મ ઋતુ હોવાથી નભોમંડળ પણ નિરભ્ર હતું અને આકાશનો સમસ્ત પ્રદેશ ચંદ્રમાંથી દ્રવનારા તેજોરસથી જાણે વ્યાપ્ત થએલો હોયની! એવો ભાસ-થતો હતો. દૂર દૂરનાં હિમાલયનાં અત્યુચ્ચ શિખરો પ્રથમથી જ હિમાચ્છાદિત થએલાં હતાં અને તેમાં આ પૂર્ણિમાની સોજ્જ્વલ કાંતિવાળા ચંદ્રનાં શ્વેત કિરણોનું મિશ્રણ થતાં એવો આભાસ થતો હતો, કે તે આકાશસ્થ કાંતિ આકાશગંગાના- ઓઘમાંથી ધો ધો ધ્વનિયુત વહન કરતી આ ભૂલોકમાં સર્વત્ર પ્રસરતી હોયની! હિમાલયમાંનાં અરણ્યો હિંસ્ર અને અન્ય પશુઓથી સર્વથા ઉભરાયલાં જ હોય છે, પરંતુ તે રાત્રે સર્વ સ્થળે વ્યાપી રહેલી ચંદ્રકાન્તિના પ્રભાવથી જાણે સર્વ પ્રાણીઓ મોહ પામી સ્તબ્ધ થઇ ગયાં હોયની! એવો સર્વત્ર પ્રસરેલી શાંતિના સમીક્ષણથી મનોનિશ્ચય થતો હતો.

સર્વત્ર એવી દિવ્ય શોભા દૃષ્ટિગોચર થતી હતી ખરી, પરંતુ એ વૃદ્ધ ગોપાળકનું એમાં કિંચિદ્માત્ર પણ ધ્યાન હતું નહિ–માત્ર એક બ્રહ્મમાં જ ચિત્તની લીનતા કરી બેઠેલા કોઈ એક સાધુ પ્રમાણે તે વૃદ્ધ ગોપાલકનું ચિત્ત તેના તે સુલક્ષણ ગોવત્સમાં જ લાગી રહ્યું હતું. તેનાં નેત્રો જો તે ગોવત્સ કયાંય દેખાય, તો તેને જોવા માટે જ અને તેનાં કર્ણો જો તે ગોવત્સનો આર્ત સ્વર કયાંયથી સંભળાય તો તે સાંભળવા માટે જ ઉત્સુક થઇ રહ્યાં હતાં. એની સાથે નીકળેલા બીજા મનુષ્યોમાં કેટલાક તરુણો પણ હતા. પરન્તુ એ વૃદ્ધને વત્સશોધન માટે અત્યંત આતુરતા હોવાથી તેમના કરતાં એનાં પગલાં વધારે ઊતાવળે પડતાં હતાં. શિખરના સમીપમાં આવી પહોંચતાં જ તેણે ભિન્ન ભિન્ન મનુષ્યોને ભિન્ન ભિન્ન માર્ગે વિચરવાની અને તે વત્સનો શોધ કરવાની આજ્ઞા આપી અને પોતે તે જ એક માર્ગમાં એકલોજ આગળ ચાલ્યો. એ માર્ગમાં વિચરતાં તેને જે જે જાળીઓ અને નાની નાની ગુહાઓ દેખાઇ, ત્યાં ત્યાં તેમની પાસે જઈ જઇને તેણે ગોવ-ત્સનો પુષ્કળ શોધ કર્યો, પરંતુ વ્યર્થ. ગોવત્સનો કયાંય પત્તો લાગ્યો નહિ. અંતે નિરાશ થઇ તે ઢોરો હમેશ જે માર્ગેથી નીચે ઊતરતાં હતાં, તે માર્ગથી ભિન્ન એવો એક અતિશય વિકટ બીજો નીચે ઊતરવાનો માર્ગ હતો, તે માર્ગે કદાચિત્ તે ગોવત્સ ગયો હશે, એવી કલ્પનાથી, રાત્રે એ માર્ગમાં ગમન કરવામાં કાંઈ પણ કઠિનતા થશે, એનો લેશ માત્ર પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચાર ન કરતાં તેણે તે માર્ગમાં સંચાર કર્યો. જોકે આવા માર્ગમાં વિચરવાની તેને હમેશની ટેવ હતી, તો પણ એ માર્ગ એવો તો દુર્ગમ્ય હતો કે એ પંથે નીચે ઉતરતાં અનેક વાર તેને અડચણોનો અનુભવ થવા લાગ્યો. ધીમે ધીમે લગભગ માર્ગના ત્રણ ભાગ જેટલો પંથ તો તે કાપી આવ્યો. બાકી એકજ ભાગ રહેલો હતો-અહીંથી સામે પૂર્વદિશામાં મગધદેશ પ્રતિ જવાનો એક તેવાજ પ્રકારનો વિકટ ફાંટો ફૂટતો હતો. તેથી ત્યાં ઊભો રહીને "અહીંથી નીચે ઉતરતા માર્ગે જવું કે મગધદેશમાં જતા આ માર્ગે થોડુંક આગળ વધવું?" એના વિચારમાં તે વૃદ્ધ ગોથાં ખાવા લાગ્યો. થોડીકવાર સુધી સમતોલ કાંટા પ્રમાણે એકવાર એક બાજૂએ અને એક વાર બીજી બાજૂએ તેનું મન વળવા લાગ્યું. કોઇ પણ પ્રકારનો નિશ્ચિત વિચાર કરી શકાયો નહિ. અંતે નીચેના માર્ગે ઉતરવાનો નિશ્ચય કરીને તે જેવો આગળ ચાલવા જતો હતો એવામાં કોઇ અર્ભકના રડવાનો ધ્વનિ તેને સંભળાયો હોય, એવા ભાસથી તે ઊભો રહી ગયો. પરંતુ "આટલી મોડી રાત્રે અહીં અરણ્યમાં કોઇ અર્ભક રડતું હોય, એ અસંભવિત છે. કોઈ ચમત્કારિક શ્વાપદ બરાડા પાડતું હશે." એવી રીતે મનનું સમાધાન કરીને પાછો તે આગળ વધવા જતો હતો, એટલામાં વળી પણ તે અર્ભકનો કંઠશોષપૂર્વક રડવાનો અવાજ તેને કાને પડ્યો. હવે તેને વિશેષ શંકા રહી નહિ અને તેથી "આ શો ચમત્કાર છે? અવશ્ય એનો શોધ કરવોજ જોઈએ." એવો નિશ્ચય કરીને તે મગધદેશના માર્ગમાં વિચર્યો; કારણ કે, તે રોદન ધ્વનિ તે પ્રદેશમાંથીજ આવતો હતો.

એ ધ્વનિની દિશાને અનુસરીને તે પાંચ સાતસો કદમ જેટલો દૂર ગયો, ત્યાં એક વિશાળ વટવૃક્ષની છાયામાંથી એ રોદનધ્વનિ આવે છે, એમ તેના ધ્યાનમાં આવ્યું અને તેથી ઊતાવળો તે ધારેલા વૃક્ષ તળે દોડી ગયો. ત્યાં પહોંચતાં જ એક શ્વેત વસ્ત્રમાં વીંટાળેલું એક અર્ભક પોતાપરના વસ્ત્રને ખસેડવાનો પ્રયત્ન કરતું તેના જોવામાં આવ્યું. તત્કાળ તેને ઉચકીને છાયામાંથી તે સ્વચ્છ ચંદ્રિકાના પ્રકાશમાં લઇ આવ્યો. તે અર્ભકના અદોષ મુખને સ્પષ્ટતાથી અવલોકી તેને છાતી સરસું ચાંપીને તે વૃદ્ધ મનસ્વી ઇશ્વરને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "શિવશંભો! કૈલાસનાથ! આવા એક સુંદર અર્ભકને આવા ગહન અરણ્યમાં નાખી જનાર નરપશુ તે કોણ હશે વારૂ? ગમે તે હોય. મારે તેની શી પંચાત? અવશ્ય એના પાલકપર કોઈ અસહ્ય વિડંબના આવી પડી હશે, ત્યારે જ તે પોતાના પ્રાણાધિક બાળકને આવા વિકટ વનપ્રદેશમાં મૂકી ગયું હશે! હે કૈલાસેશ્વર! મારા ગોવત્સનો શોધ કરતાં તેં મને આ અર્ભક આપ્યું, તો તેથી તારી એવી જ

ઇચ્છા જણાય છે, કે એનું પાલન પોષણ મારા હાથે જ થવાનું છે. જો કે હું દીન છું તો પણ ઘણા જ પ્રેમથી એને હું ઉછેરીને મોટું કરીશ."

કારણ ગમે તે હોય, પણ એ વૃદ્ધે છાતી સરસું ચાંપતાં જ તે દીન બાળક એકાએક રડતું બંધ થઇ ગયું અને તે વૃદ્ધના શરીરને વધારે ને વધારે વળગવા લાગ્યું. "ગોવત્સના શોધનિમિત્તે પરમેશ્વરે અપરાત્રિને સમયે મને અહીં બોલાવીને આ બાળક મારા સ્વાધીનમાં આપ્યું છે એમાં ઇશ્વરનો કાંઇ પણ ઉંડો હેતુ સમાયલો હોવો જોઇએ." એવી રીતે મનમાં અનેક વિધ વિચારોને જન્મ આપતા તે વૃદ્ધ પોતાના નિવાસ-સ્થાનનો માર્ગ લીધો. પછી શું પૂછવું ? તે જેને તેને એમ જ કહેવા લાગ્યો કે, "ભગવાન્ કૈલાસનાથનો મને જ આ બાળક આપવાનો મનોભાવ હતો. મારા હસ્તે જ એના પ્રાણ બચવાના હતા. એ જ કારણથી ઇશ્વિરે મારા ગોવત્સને ગુમ કર્યો હતો" પ્રત્યેક સ્ત્રીપુરુષને તેણે તે બાળકનું દર્શન કરાવ્યું. એ બાળકને નિહાળીને બધાના મનનો એવો જ નિશ્ચય થયો કે, "એ કોઇ ઉચ્ચ કુળનું જ બાળક હોવું જોઇએ." પરંતુ બાળકનું શરીર તપાસી જોતાં માત્ર એક રત્નખચિત રક્ષાબંધન વિના બીજી કોઈ પણ વસ્તુ તેના શરીર પર જોવામાં આવી નહિ.

## ઉપક્રમ–ઉત્તરાર્ધ.

### દરિદ્રી બ્રાહ્મણ.

ઉપોદ્ઘાત કે ઉપક્રમના પૂર્વાર્ધમાં વર્ણવેલા પ્રસંગને લગભગ પંદર કે સોળ વર્ષ વીતી ગયાં છે. એ વેળાએ યવનોએ પંજાબમાં પોતાનો અધિકાર સારી રીતે જમાવી દીધો હતો. સિકંદર બાદશાહ ત્યાંના ઘણાખરા પ્રાંતોને કબ્જે કરી તેમની વ્યવસ્થા માટે પોતાના આપ્તઇષ્ટોની નીમણૂક કરીને પોતે સ્વદેશ પ્રતિ પ્રયાણ કરી ગયો હતો. પર્વતેશ નામના એક બલાઢ્ય રાજાનો પરાજય કરીને સિકંદરે તેને પોતાનો માંડલિક બનાવ્યો હતો અને પાછું તેનું રાજ્ય તેનેજ સ્વાધીન કર્યું હતું. એથી તે રાજા ચિત્તમાં પ્રસન્ન થઇને પોતાને યવનોના માંડલિક તરીકે ઓળખાવવામાં ધન્યતા માનવા લાગ્યો. જે જનો એક વેળા સ્વાતંત્ર્યને ખોઇને પારતંત્ર્યનો સ્વીકાર કરે છે, તેઓ પછી પારતંત્ર્યમાં જ અભિમાન માની બેસે છે અને બીજાઓ પણ પોતાના જેવા કયારે થશે, એની વાટ જોતા બેસે છે. એ જ દશા પર્વતેશની પણ થઈ. પોતાને ગ્રીક યવનોના એક માંડલિક તરીકે ઓળખાવી તે બીજાં રાજ્યોને પણ પાદાક્રાન્ત કરવામાં અર્થાત્ આડકતરી રીતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યવનોના અધિકારમાં લાવવાના કાર્યમાં ઉદ્યુક્ત થયો. તેણે પોતાના સૈન્યમાં પુષ્કળ ગ્રીકયવન સૈનિકો રાખ્યા અને તેથી તે પોતે આર્ય છતાં પણ તેને મ્લેચ્છાધિપતિ એવા એક ઉપનામથી લોકોએ વિભૂષિત કર્યો. સિકંદરે જતાં જતાં પોતાના કેટલાક અધિકારીઓને પાછળ આ દેશમાં રાખેલા હતા, પરંતુ તેમને પર્વતેશના હાથનીચે રાખવામાં આવ્યા હતા—એટલું જ પર્વતેશને મહત્ત્વ અપાયલું હતું. એવી રીતે સર્વત્ર યવનોનો અધિકાર ચાલૂ થવાથી ધીમેધીમે પંજાબમાં યાવની વિદ્યાનો પણ પ્રસાર થવા લાગ્યો અને સંસ્કૃત વિદ્યાની નષ્ટતાનાં લક્ષણો દેખાવા લાગ્યાં. સંસ્કૃત પંડિતોનાં મનો એથી ઘણાં જ કલુષિત થવા લાગ્યાં, અને એમ થવું સ્વભાવિક જ હતું. સિકંદર બાદશાહે પોતે અને તેના કેટલાક સરદારોએ આર્ય અબળાઓ સંગે વિવાહ સંબંધ કરેલો હતો, પરન્તુ એ વિવાહો બળાત્કારે જ કરવામાં આવ્યા હતા. પંજાબમાંના કેટલાક આર્યજનોનો એ ગ્રીક લોકોથી શરીર સંબંધ થવાથી કેટલેક અંશે ઉભયનું તાદાત્મ્ય થએલું હતું. અર્થાત્ થોડાક આર્યો યવનોના પક્ષના હતા. પરંતુ સાધારણ રીતે સમસ્ત આર્યોના હૃદયમાં તો યવનો માટે અત્યંત તિરસ્કાર જ હતો—તે એટલે સુધી કે કેટલાક લોકો તો એ પંજાબપ્રાન્તનો પરિત્યાગ કરીને પેલી તરફના ગંગાના પ્રદેશમાં કિવા મગધદેશમાં નિવાસમાટે ચાલ્યા જતા હતા.

મગધદેશમાં તે સમયે નંદરાજા રાજ્ય કરતો હતો. એ દેશ ઘણો જ સુસંપન્ન હતો. એની રાજધાનીનું નગર પાટલીપુત્ર હતું. હાલમાં જેને પટના નામથી ઓળખવામાં આવે છે, તે પટનાની પાસે જ એ પ્રાચીન નગર વસેલું હતું. અને તે કાળમાં એ નગર ઉત્તર–ભારતવર્ષમાં આર્યવિદ્યાનું, આર્યબળનું અને આર્યબુદ્ધિનું એક મુખ્ય સ્થાન મનાતું હતું. પરંતુ મગધદેશમાં થનારા આપણા પ્રયાણને હજી થોડો અવકાશ છે. ત્યાં ગયા પછી પાટલિપુત્રના વૈભવનિરીક્ષણનો પ્રસંગ સહજમાં જ આપણને પ્રાપ્ત થશે.

હાલતો આપણે પંજાબની ઉત્તર દિશાએ આવેલી ગાંધાર દેશની રાજધાની તક્ષશિલા નગરીનું અવલોકન કરવાનું છે. હાલમાં જે દેશને કંદહારના નામથી ઓળખવામાં આવે છે, તેનું જ પૂર્વે ગાંધાર એવું નામ હતું. એ ગાંધારદેશ તે પ્રાચીન કાળમાં એક ઘણો જ પ્રસિદ્ધિને પામેલો દેશ હતો. મહાભારતમાં અને બીજાં પુરાણોમાં એનું નામ અનેક પ્રસંગે અને અનેક કારણોથી આવેલું છે. કૌરવની માતા અને ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારી તે એ દેશનીજ રાજકન્યા હતી. એ ગાંધારદેશને પાદા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાન્ત કરીને ત્યાં સિકંદરે પોતાનું રાજય સ્થાપ્યું હતું અને તે વેળાએ તક્ષશિલા નગરી તે યાવની અધિકારનું કેન્દ્રસ્થાન બની રહી હતી. એથી આર્ય પંડિતોને ખેદ થતાં તેઓ ઘણા જ અસન્તુષ્ટ થએલા દેખાતા હતા. એવા પંડિતોમાંના જ એક પંડિતના આશ્રમમાં અત્યારે આપણે પ્રવેશ કરવાના છીએ.

ઉપર આશ્રમ શબ્દની જો કે યોજના કરેલી છે ખરી; પરંતુ આર્ય વિષ્ણુ શર્માના નિવાસસ્થાનને એ નામ આપવું અને આશ્રમ શબ્દની વિડંબના કરવી, એ બન્ને સમાન છે. બિચારા બ્રાહ્મણની એ પર્ણકુટી તેના અને તેની વૃદ્ધ માતુશ્રીના વપરાસ માટે પણ પૂરી થતી નહોતી. દારિદ્રય મહારાજનું સ્વરૂપ ત્યાં મૂર્તિમાન થએલું જોવામાં આવતું હતું. શ્રી (લક્ષ્મી) અને સરસ્વતીનું પરસ્પર વૈર છે, એમ જે વારંવાર સાંભળવામાં આવે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ કરવાની જો કોઈની ઈચ્છા થાય, તો એ અનુભવ તેને એ પર્ણકુટીમાં સંપૂર્ણતાથી મળી શકે તેમ હતું. આર્ય વિષ્ણુ શર્મા અત્યંત વિદ્વાન્, ત્રણ વેદને મુખે રાખનારો અને કર્મકાંડની પ્રતિમારૂપ હતો. નીતિશાસ્ત્રમાં તો એના જેવો પારંગત બીજો કોઈ પણ હતો નહિ. તેમ જ ધનુર્વિદ્યામાં પણ એ બ્રાહ્મણ પ્રતિદ્રોણાચાર્ય જ હતો, એમ કહેવામાં કશી પણ અતિશયોક્તિ થાય તેમ નથી. તેણે પોતાના શિષ્યોને ભણાવવા માટે નાના પ્રકારના શાસ્ત્રીય વિષયોના સુલભ ગ્રંથો રચીને ભૂર્જપત્રોના ભારાને ભારા પોતાની પર્ણકુટીમાં અડચણમાં અડચણ કરીને ખડકી રાખ્યા હતા. એનો પિતા પણ એના જેવો જ અત્યંત વિદ્વાન્ પરંતુ એવો જ દરિદ્રી હતો. તેના કૈલાસવાસને લગભગ સાત આઠ વર્ષ થઇ ગયાં હતાં અને પતિ મરણના શોકથી અતિશય વિહ્વળ થતાં તેની માતાએ જે પથારી પકડી હતી, તે હજી સુધી છોડી ન હોતી; તેમ જ હવે તે એ બીમારીમાંથી ઊઠીને પાછી ઘરના કામકાજમાં લાગશે, એવી આશા પણ હતી નહિ. તેની બધી શુશ્રુષા એ માતૃભક્ત પુત્રને જ કરવી પડતી હતી—તે રંચ માત્ર પણ આલસ્ય ન કરતાં માતાની સેવામાં દિનરાત ઊભે પગે રહેતો હતો. હમણાં હમણાં તે વધારે અસ્વસ્થ થવાથી વિનાકારણ પુત્રને ગાળો પણ ભાંડ્યા કરતી હતી, પરંતુ કર્ત્તવ્યપરાયણ પુત્રને તેનો જરા પણ કંટાળો આવતો નહોતો. અર્થાત્ સંતુષ્ટ થઇને સ્વસ્થતા થાય એટલે પુત્રને તે અનેક આશીર્વાદ આપતી હતી અને એમાં જ પુત્ર પરમ સંતોષ માનતો હતો. "માતુશ્રીનો આશીર્વાદ તે જ મારા શ્રમનું ફળ" એમ કહીને તે પોતાના દિનો જેમ તેમ કરીને વીતાડતો જતો હતો; પરંતુ એવા દિવસો વીતાડવામાં કેટલું બધું દુઃખ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સહન કરવું પડે છે એની કલ્પના એવા જ દારિદ્રયમાં જેના દિવસો ગએલા હોય," અથવા તો પાસે એક પાઇ પણ ન હોય–એવી સ્થિતિમાં પોતાના સમસ્ત આયુષ્યના માત્ર ચાર દિવસો પણ કાઢ્યા હોય–તે જ મનુષ્ય કરી શકે છે. જેને જ્યારે જોઇએ ત્યારે અન્નવસ્ત્ર મળ્યા કરે છે, અને કોઈ પણ પ્રકારની જેને કમી નથી; છતાં પણ બોલવાનો સમય આવે એટલે પોતાને દરિદ્રી તરીકે ઓળખાવી પોતાના દારિદ્રયનું વિવેચન કરતાં જેને લેશમાત્ર પણ શર્મ આવતી નથી એવા ઢોંગી દરિદ્રીઓને આપણા એ દરિદ્રી બ્રાહ્મણના દારિદ્રયની કલ્પના માત્ર થાય એ પણ અશક્ય જ છે. એ બ્રાહ્મણની બુદ્ધિ ઘણી જ તેજસ્વી અને અધ્યયન ચાતુર્ય મહાન્ હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ તેને ત્યાં શીખવાને આવતા હતા; પરંતુ યાવની સત્તાનો આરંભ થયા પછી એક તો સંસ્કૃત વિદ્વાને ઉત્તેજન મળતું બંધ થયું અને વળી અધૂરામાં પૂરું પોતાની માતા માંદી પડી; તેથી તેનો બધો વખત માતાની શુશ્રુષામાં જ ચાલ્યો જતો હતો. અર્થાત્ વિદ્યાર્થીઓને ભણાવવાની તેને વેળા જ મળતી નહોતી. કારણ ગમે તે હોય પણ એ બ્રાહ્મણ સર્વથા દરિદ્રી–અઢારે વિશ્વા દરિદ્રી તો હતો જ. સવારમાં પૂરું થાય એટલું જ અન્ન સવારે ઘરમાં હોવાનું–સંધ્યાકાળની ચિંતા પરમેશ્વરને; એવો જ પ્રકાર ચાલતો હતો. એમ ચાલતાં ચાલતાં એક દિવસે તેની જનનીની પ્રકૃતિ ઘણી જ બગડી આવી. એક તો વૃદ્ધાવસ્થા અને બીજી વર્ષોની મનશ્ચિન્તા–એમાં વળી આજે શ્વાસની એકાએક પ્રબળતા થતાં ઊર્ધ્વવાયુ વધવા માંડ્યો. પુત્રે નિયમ પ્રમાણે જે ઉપચારો કરવાના હતા, તે સર્વ કર્યા; પરંતુ વ્યર્થ. તે જ દિવસે લગભગ મધ્યરાત્રિને સમયે પોતાના પુત્રને "તારો ભાગ્યોદય સત્વર જ થશે. તેં જે મારી સેવા કરી છે તે વ્યર્થ જનાર નથી." એવો આશીર્વાદ આપીને તે વૃદ્ધ માતાએ પ્રાણ છોડી દીધા.

માતાના મરણથી પુત્રને ઘણો જ ખેદ થયો, પરંતુ તેના મનનું સમાધાન કરનાર પણ ત્યાં કોઇ હતું નહિ. બિચારાને પોતાનો શોક પોતે જ શમાવીને પોતાની વૃદ્ધ જનનીની ઉત્તરક્રિયા ઇત્યાદિ સર્વ કાર્યો કરવાં પડ્યાં. એ સર્વ ક્રિયાઓ એ નિર્ધન બ્રાહ્મણે કેવી રીતે કરી હશે અને તેના મનની તે વેળાએ કેવી સ્થિતિ થઇ હશે, એ તો તે પોતે જ જાણે; આપણાથી કાંઇ પણ કહી શકાય તેમ નથી. ઉત્તરક્રિયા થઇ ગયા પછી તક્ષશિલામાં જ બેસી રહેવાનું એ તેજસ્વી બ્રાહ્મણને કાંઇ પણ કારણ હતું નહિ. એથી વિરુદ્ધ "આ યવનોના રાજ્યમાંથી નીકળીને બીજે ક્યાંય જવું, જ્યાં આર્ય રાજાનું રાજ્ય હોય અને મારી વિદ્વત્તાનું મૂલ્ય થવાનો જ્યાં સંભવ હોય એવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ રાજસભામાં જવું અને જો બની શકે તો તે રાજાને પોતાની ધનુ-વિદ્યામાંની નિપુણતા અને નીતિશાસ્ત્રજ્ઞતાનો ચમત્કાર બતાવીને યવન રાજાએ પોતાનો કહેવાથી અહંકારના શિખરે ચઢી બેઠેલા આર્ય રાજાનો પરાભવ કરવા માટે ઉશ્કેરવો. યવનરાજ અને યવનના અનુયાયી આર્ય રાજાને નષ્ટપ્રાય કરીને પૂર્વ પ્રમાણે સર્વ આર્યમય કરવું." એ મહત્ત્વાકાંક્ષા પણ તેના મનમાં સાહજિક આવી. "પરન્તુ સ્વદેશનો ત્યાગ કરવો?" એવી વળી તેના મનમાં શંકા ઉદ્‌ભવી. થોડીવાર તે વિચારમાં પડી ગયો અને વળી કહેવા લાગ્યો. "બુદ્ધિમાનોનો કોઇપણ વિશિષ્ટ સ્વદેશ હોતો નથી. જે દેશમાં તેઓ જાય છે, તે દેશ તેમને સ્વદેશ પ્રમાણે જ ભાસે છે. જ્યાં પોતાનો જન્મ થયો અને જેમાં પોતાની બાલ્યાવસ્થા અને તરુણા-વસ્થાનો થોડો ભાગ વીત્યો, એને જ જો સ્વદેશ નામ આપવામાં આવતું હોય, તો તે દેશ તો યવનોનો છે—અર્થાત્ તે દેશ અનાર્યોના અધિકારમાં જતાં ત્યાં અનાર્ય આચારોનો જ પ્રચાર થવા લાગ્યો છે. એવી સ્થિતિમાં કેવળ પોતાની જન્મભૂમિ કહીને જ એ દેશને વળગી રહેવું, તે સડેલાં ફળોના સમૂહમાં રહીને સારાં ફળો પણ સડી જવા જેવું જ કહી શકાય. એના કરતાં તો કોઈ બીજા દેશમાં જઇને પોતાના મૂળ દેશના ઉદ્ધાર માટે જો થાય તો કાંઇ પ્રયત્ન કરવો, એ જ વધારે લાભકારક છે. ભિક્ષા માગીને જ જયારે પેટ ભરવાનું છે, ત્યારે તે પરદેશમાં જઇને કાં ન ભરવું? વખતે ત્યાં વિદ્વત્તાની પરીક્ષા પણ થાય, એવો સંભવ છે" એ પ્રમાણે વિચાર કરીને આર્ય વિષ્ણુ શર્માએ પોતાની તે દરિદ્રી પર્ણકુટીની આજ્ઞા લીધી. એ પર્ણકુટીના ત્યાગથી તેના મનમાં કિંચિન્માત્ર પણ ખેદ થાય તેમ હતું નહિ. "પરંતુ આ ભૂર્જપત્ર અને તાડપત્રપર લખેલાં પુસ્તકોની શી વ્યવસ્થા કરવી?" એના વિચારમાં તે પડી ગયો. પુસ્તકોને ત્યાં જ રાખી જવાની તો તેની ભાવના જ નહોતી, ત્યારે સાથે પણ કેવીરીતે લઈ જઈ શકાય? તેની વૃદ્ધ માતુશ્રી જીવતી હતી તે વેળાએ જો તેને કોઇએ "તારી માતાને તું અહીં છોડીને ચાલ્યો જા." એમ કહ્યું હોત અને તેને જેટલું માઠું લાગ્યું હોત, તેટલું જ આજે પુસ્તકોને છોડી જવાનો પ્રસંગ આવતાં તેને માઠું લાગ્યું. પણ એ માઠું લાગવાથી શું થઇ શકે? હવે એનો કાંઇ પણ ઉપાય તો કરવો જોઇએ જ. એના અનેકવિધ વિચાર તરંગોમાં તે ગોથાં ખાયા કરતો હતો. ભયંકર દુષ્કાળના સમયમાં પોતાના પુત્રોને ત્યાગવાનો જેમને પ્રસંગ આવેલો છે—અને તે દરિદ્રી માતાપિતાને જેવા દુઃખનો—મરણપ્રાય દુઃખનો અનુભવ થએલો હોય છે—છતાંપણ પાછા મળવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશાએ તે પુત્રોને કોઈ સુખી ગૃહસ્થને ત્યાં મૂકયા વિના તો તેમનો છૂટકો નથી જ થતો; તેવી જ નિરાધાર વિષ્ણુશર્માની અવસ્થા થઈ પડી. પુસ્તકોના ભારા બાંધીને પીઠપર ઉપાડી જવા, એ સર્વથા અશકય હતું; કારણ કે, એક તો તે દરિદ્રી હતો, તેથી કોઈ વાહન ખરીદવા માટે તેના પાસે પૈસા હતા નહિ અને વાહન કોઈ વિનામૂલ્યે પણ આપે, તો નદી નાળાઓમાંથી તેને ચલાવીને લઇ જવું કેવી રીતે? કદાચિત્ લઈ જઇ શકાય, પણ મૂળ વાહન વિનામૂલ્યે આપે જ કોણ? એ સઘળાં અનુકૂલ પ્રતિકૂલ કારણોના વિચાર પછી અંતે એ ભૂર્જપત્રી અને તાડપત્રી પુસ્તકરૂપી સર્વ સંપત્તિ પોતાના એક મિત્રને ત્યાં રાખીને તેણે તક્ષશિલાને ત્યાગી મગધદેશ પ્રતિ શીઘ્ર પ્રયાણ કર્યું–તે વિદેશગામી થયો.

ઉપર કહેલું જ છે કે, એ કાળે પાટલિપુત્ર અથવા પુષ્પપુરી એ નગર ઘણી જ ઉન્નત દશામાં હતું. ઉત્તર હિંદુસ્તાનમાં આર્યોનું માત્ર એ જ મોટું અને વૈભવવાળું રાજ્ય હતું અર્થાત્ યવનોના રાજ્યમાં ન વસવાની ઇચ્છાથી જે જનો દેશત્યાગ કરતા હતા, તે સર્વ એ પાટલિપુત્ર નગરમાં જ આવીને પોતાના કળાકૌશલ્યની અને ભાગ્યની પરીક્ષા કરતા હતા. મગધદેશનું રાજ્ય આપણી વાર્ત્તાના સમયમાં ઘણું જ વિસ્તૃત હતું. સિકંદરની સેનાએ ગંગાપાર ઊતરીને એ રાજ્યપર આક્રમણ કરવાનો પણ એક બેવાર પ્રયત્ન કરેલો હતો, પણ તેનો એ પ્રયત્ન સર્વથા નિષ્ફળ જ નીવડ્યો હતો. પૌરસ (પર્વતેશ) રાજાનો પરાજય કરીને પંજાબ દેશને પોતાના તાબામાં કરી લેવાના મદથી છકી ગએલા સિકંદરે મગધદેશમાં સજ્જડ માર ખાધો. પાછળથી તેનાં પોતાનાં માણસો પણ તેના અયોગ્ય આચરણથી કંટાળી ગયાં અને તેમણે આગળ વધવાની સાફ ના પાડી; એટલું જ નહિ, પણ "અમારો પોતાનો વધારે નાશ કરવાને હવે અમે આગળ વધવાના નથી જ." એવો તેમણે સિકંદરને મોઢામોઢ જવાબ આપી દીધો અને એથી નિરુપાયે સિકંદરને વીલે મોઢે પાછું ફરવું પડ્યું હતું. મગધદેશના શૂરવીરો સમક્ષ સિકંદર અને તેના અસંખ્ય સૈન્યનું કાંઇ પણ ચાલી શકયું નહિ. કારણ કે, "પાણી પહેલાં પાળ ચણી રાખવી જોઇએ" એ ન્યાયને અનુસરીને મગધદેશવાસીઓએ પ્રથમથી જ સિકંદરના હલ્લાને રોકવાની જોઈએ તેવી પૂરતી તૈયારીઓ કરી રાખી હતી. શત્રુઓને આવતાંની સાથે જ ત્રાહિ ત્રાહિ પોકારવાની ફરજ પાડવાનો તેમણે નિશ્ચય જ કરી રાખેલો હતો. એવા નિશ્ચયવાળા અને યુદ્ધકળાપ્રવીણ લોકો સામે લડાઇમાં ઊતરવાથી વધારે લાભની આશા નથી જ, એ સારી રીતે જાણી જવાથી જ યુદ્ધ કર્યાવિના સિકંદરે પોતાની જન્મભૂમિનો માર્ગ લીધેલો હોવો જોઇએ.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજે કેટલાંક વર્ષો થયાં પાટલિપુત્રમાં નંદ નામના રાજાઓ રાજ કરતા હતા. એ નંદવંશ મહા પ્રતાપી હતો. વિષ્ણુશર્મા જે સમયે પાટલિપુત્રમાં આવ્યો, તે સમયે ત્યાં ધનાનંદ નામક રાજા રાજસિંહાસને વિરાજમાન હતો. યાવની રાજ્યમાંના વિદ્વાનો એની રાજસભામાં આવવા લાગ્યા હતા અને માન પણ પામવા લાગ્યા હતા. એથી રાજસભામાંના આશ્રિત પંડિતોના મનમાં ઘણો જ મત્સર ઉત્પન્ન થયો. વિષ્ણુશર્મા પંડિતથી પૂર્વે બીજા એવા અનેક વિદ્વાનો એ રાજસભામાં આવીને રહ્યા હતા. પ્રથમ પ્રથમ તો એ બીના રાજા અને તેની સભાના પંડિતોને મહા કૌતુકાસ્પદ જોવામાં આવી; પરંતુ જેમ જેમ રાજાની દાનશીલતા અને ગુણગ્રાહકતાની કીર્તિ ભારત વર્ષમાં સર્વત્ર પ્રસરતી ગઈ, તેમ તેમ વિદ્વાન યાચકો ત્યાં વધારે અને વધારે પ્રમાણમાં આવવા લાગ્યા. રાજસભામાં પંડિત ને વિદ્વાન લોકો આવેલા હોવાથી કેટલીક વાર સભામાં રાજા સમક્ષ તેમનો વાદ વિવાદ થતો હતો; તેમાં સર્વદા સભાપંડિતોનો પરાજય થતાં તેમને નીચું મોઢું ઘાલીને બેસી રહેવું પડતું હતું. એ રાજસભામાં વિષ્ણુશર્મા આવ્યો, તે પહેલાં જ રાજસભાના પંડિતોના હૃદયમાંના મત્સરરૂપ અગ્નિ ભીષણતાથી પ્રજળી ઉઠ્યો હતો અને તેવામાં વિષ્ણુશર્માનું આગમન થતાં તેમાં ઘી હોમાયું. વિષ્ણુશર્માએ કોઇની શિફારસ ન મેળવતાં એકદમ જઈને રાજસભામાં પ્રવેશ કર્યો. આજ સુધીમાં આવેલા બીજા પંડિતોએ કોઈ એક સભાપંડિત દ્વારા સભામાં પ્રવેશ કરેલો હતો; એ એક નિયમ જ પડી ગયો હતો; પણ આ જમદગ્નિગોત્રી બ્રાહ્મણને એ નિયમ માન્ય હતો નહિ. "મારામાં જો કાંઈ પણ ગુણ હશે, તો તે મહારાજને દેખાઇ આવશે–નહિ તો કાંઈ નહિ." એવો નિશ્ચયકરીને સભા ભરાયલી હતી, તે સમયે દુર્વાસા ઋષિ પ્રમાણે એકાએક તેણે સભામાં પ્રવેશ કર્યો અને રાજાને આશીર્વાદ આપ્યો. આશીર્વાદના શ્લોકની રચના તેણે પોતે જ કરેલી હતી અને તેનો ઉચ્ચાર ધીર, ગંભીર તથા અસ્ખલિત વાણીવડે થવાથી તે સાંભળતાં જ સર્વ સભાજનો ચકિત થઇને એક ધ્યાનથી એને જોઇ રહ્યા. વિષ્ણુશર્માની આવી સર્વથા ઉદ્ધત પદ્ધતિથી સભાપંડિતોએ સહજમાં જ અનુમાન કરી લીધું કે, "એ કોઇ અસામાન્ય બુદ્ધિમાન્, તેજસ્વી અને વિદ્વાન્ બ્રાહ્મણ છે, એટલું જ નહિ, પણ આ રાજસભામાં જો એકવાર આનો સંચાર થયો, તો આપણા માથાપર એ જરૂર ચઢી બેસવાનો; માટે એને ક્ષણમાત્ર પણ અહીં રહેવા દેવો ન જોઇએ." એવો ચાર પાંચ અગ્રેસર પંડિતોના મનનો ભાવ થતાં તેઓ પોતપોતામાં ઘુસપુસ કરવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ નવીન આવેલા બ્રાહ્મણની ધીર અને ગંભીર વાણીનું રાજા ધનાનંદના હૃદયમાં ઘણું જ વિલક્ષણ પરિણામ થયું, અને તેથી તત્કાળ રાજાએ ઊભા થઇને તેને માન આપ્યું તથા બેસવાને પોતાની પાસે જ આસન આપ્યું. એથી તો સભાપંડિતોના કોપનો પાર રહ્યો નહિ. આજ સુધીમાં કોઇ પણ પંડિતનો રાજાએ પોતે આવો સત્કાર કર્યો ન હોતો. પ્રથમ કોઇ પણ રાજપંડિત અતિથિપંડિતને આદરથી સભામાં લઇ આવે અને રાજાને તેનાં નામ ગામ ઇત્યાદિ જણાવે, એટલે રાજા ઉઠીને આસન બતાવીને તેને બેસવાની આજ્ઞા આપતો હતો. એ રીતિને કોરાણે મૂકી રાજાએ પોતે જ ઊઠી તેને માન આપીને પોતાની જમણી બાજૂએ-એટલે સર્વ પંડિતોના શિરોભાગે આસન આપ્યું. એ તે દ્વેષી પંડિતોથી કેમ સહન કરી શકાય વારુ? "આ પ્રસંગે જેટલું આ નવા પંડિતને માન મળેલું છે, તેટલું જ એને અપમાન મળવું જોઇએ." એવો કેટલાક આશ્રિત પંડિતોનો નિશ્ચય થતાં, એ કાર્યને સાધવા માટેની યુક્તિઓ તે શોધવા લાગ્યા.

રાજા ધનાનંદે "કયાંથી આવ્યા," ઇત્યાદિ પ્રશ્નો કર્યાં અને તેના "હું તક્ષશિલાથી આવ્યો છું." ઇત્યાદિ વિષ્ણુશર્માએ યથાયોગ્ય ઉત્તરો આપ્યાં. એ વૃત્તાંત સાંભળીને રાજાના આશ્રિત પંડિતોમાંનો એક પંડિત ઊઠીને ઊભો થયો અને ઘણી જ ગંભીરતાના ભાવથી રાજાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "રાજન્! આ નવા આવેલા અતિથિનો આપે આદર સત્કાર કર્યો, એ આપના દાન શૂરત્વને યોગ્ય જ છે, પરંતુ તે આદર અથવા દાન પાત્રને અપાય છે કે કુપાત્રને, એનો વિચાર તો અવશ્ય કરવો જ જોઇએ, એટલી જ અમારી નમ્ર પ્રાર્થના છે. યવનરાજાઓ આજ કાલ આર્યરાજાઓના રાજ્યને તાબે કરવાના થાય તેટલા પ્રયત્નો કરી રહ્યા છે અને એ રાજ્યો કયારે પોતાના કબજામાં આવે, એની કાગને ડોળે વાટ જોતા બેઠા છે. અર્થાત્ તેઓ પોતાના ગુપ્ત દૂતોને સર્વત્ર મોકલતા રહે છે. પંચજનોનો સંહાર એવા વિશ્વાસઘાતકી લોકોના ઘાતક કૃત્યોથી જ થયો; નહિ તો યવન રાજાઓ આ ભારતવર્ષમાં આવીને આર્યનો પરાજય કરી પોતે અધિકારી થઈ બેસશે, એ શું લેશમાત્ર પણ સંભવનીય હતું કે? તક્ષશિલા હાલમાં યવનોના તાબામાં છે અને તે જ નગરીમાંથી આ વિપ્રવર્યનું આગમન થયેલું છે. ગઇ કાલે જ તક્ષશિલાનો એક અતિ સુશીલ ગૃહસ્થ યવનરાજાના જુલ્મથી કંટાળીને અહીં આવેલો છે, તેના મુખથી એમ સાંભળવામાં આવ્યું છે કે, યવનરાજા કોઇ એક વિદ્વાન્ બ્રાહ્મણને અહીં મોકલી અહીંનો ભેદ જાણી લેવાના વિચારમાં છે. એ વિષયનો વિચાર કરીને પછી જે આદરાતિથ્ય કરવું હોય તે કરશો. એ અહીં કોઇને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓળખતા નથી, તેમ જ અમને પણ કોઈ અહીં ઓળખતું નથી. માટે એ જ યવનરાજાએ મોકલેલા ગુપ્ત દૂત નથી, એની શી સાબેતી? એ યવન રાજાના દૂત છે જ, એમ જોકે નિશ્ચયપૂર્વક અમે કહી નથી શકતા, પણ યદા કદાચિત્ જો તેમ હોય, તો સર્પને દૂધ પીવડાવ્યા પ્રમાણે પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ ન આવે, તેટલામાટે જ આવી નિર્ભયતાથી આ પ્રાર્થના કરવામાં આવી છે." હિરણ્યગુપ્ત ઉર્ફે ધનાનંદ જો કે કીર્તિનો લોભી અને દાનશૂર તો હતો, પણ તેવી જ રીતે કેટલેક અંશે ચંચલ અને સંશયી સ્વભાવનો પણ હતો. વળી સિકંદર બાદશાહે જબરદસ્તીનો પંજાબમાં જે સપાટો ચલાવ્યો હતો, તેનું સ્મરણ થતાં એ ભાષણમાં તેને ઘણી જ સત્યતા ભાસવા માંડી. "આ બ્રાહ્મણ અદ્વિતીય વિદ્વાન્ હોવાથી અભિમાનમાં જ સભામાં ચાલ્યો આવ્યો; વિદ્વત્તાની સાથે જે નમ્રતા જોઇએ, તે એનામાં બિલ્કુલ હતી નહિ. માટે એ અવશ્ય કોઇ કપટી પુરુષ હોવો જોઇએ." એવો રાજાના મનમાં સંશય આવ્યો–તેથી તે તત્કાળ એ બ્રાહ્મણને ઉદ્દેશીને કહેવા લાગ્યો, "મારી સભાના પંડિતોએ અત્યારે મને જે સૂચના આપી છે, તે અક્ષરે અક્ષર સત્ય હોય, એમ જણાય છે. તમારું અહીં આગમન થતાં જ મેં તમારો આદર સત્કાર કર્યો; પણ તમારી અહીં કોઇની સાથે ઓળખાણ છે કે નહિ? એ જો બતાવી નહિ શકો, તો આ ઉચ્ચ આસને બેસવાનું હું ધારું છું કે તમને પણ યોગ્ય તો નહિ જ જણાય. કારણ કે, એ રાજનીતિથી વિરુદ્ધ છે. તમારા વિશે ખાત્રી આપી શકે, એવો કોઈ પણ ગૃહસ્થ જો આ પાટલિપુત્રમાં હોય, તો કૃપા કરીને બતાવશો"

રાજાનાં એ વચનો સાંભળતાં જ એ કોપિષ્ટ બ્રાહ્મણના અંગે અંગમાં અગ્નિની જ્વાળા પ્રસરી ગઇ અને તે તત્કાળ રાજા હિરણ્યગુપ્તને અનુલક્ષીને કોપયુક્ત મુદ્રાથી કહેવા લાગ્યો, "રાજન્! આ તું શું બોલે છે? તારી વિચારશક્તિનો નાશ થયો છે કે શું? યવનોના રાજ્યમાં રહેવાથી ત્રાસીને કોઇપણ આર્યરાજાના દેશમાં જઇ વસવું, એવી ધારણાથી જ હું અહીં આવેલો છું–એટલું જ નહિ, પણ મારા નીતિજ્ઞાનનું અને ધનુર્વેદનું મૂલ્ય આંકી શકે, એવો કોઈ રાજા મળે, તો મારા ગુણોનો તેને લાભ આપી, તે દ્વારા યવનોનો અને પર્વતેશ જેવા બાયલા ભૂપાલનો નાશ કરાવવો અને સર્વત્ર પુનઃ આર્યરાજ્યનો વિસ્તાર વધારવો, એવા ઉદ્દેશથી જ માર્ગમાં તારી કીર્ત્તિ સાંભળીને હું અહીં આવ્યો છું. યવનોનો દ્વેષ, એ મારો ધર્મ હોવા છતાં હું તેમનો ગુપ્ત દૂત છું,–એ કેવી અસત્ય શંકા?"

તેણે એ ભાષણ એવી તો નિર્ભયતા અને ગંભીરતાથી કર્યું કે, સર્વને તે સત્ય જ ભાસ્યું અને તેથી "રાજા તેની ક્ષમા માગીને તેને સદાને માટે પોતાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજસભામાં રાખી લેશે". એવો આશ્રિત પંડિતોનો નિશ્ચય થયો. પરંતુ એ તેમને ઇષ્ટ ન હોવાથી તેમનો અગ્રેસર પુનઃ ઊઠીને બોલ્યો કે, "મહારાજ, જે ગુપ્તચરનું કાર્ય કરવાને આવ્યો હોય, તે શું એમ કહેવાનો હતો કે, હા હું તેમનો દૂત છું અને તેમના માટે ઘણું જ માન ધરાવું છું? યવનો માટે મને ઘણો જ ધિક્કાર છે અને તેમના નાશમાટે જ હું મથી રહ્યો છું, એમ જ તે બોલવાનો એ સ્વાભાવિક છે. તેમ જ જો તેને કોઈ દૂતના નામથી બોલાવે એટલે પોતાનું પાપ ઢૂપાવવા માટે તે શાહૂકારી બતાવવાનો જ. પરંતુ દૂરદર્શી જનો તેના એવા કપટ જાળમાં ફસાતા નથી. હમણાં એનું અપમાન થયું છે અને તેથી એનું મન દુઃખાયું છે, એ સત્ય છે; પરંતુ ન કરે નારાયણને જો એનાથી રાજ્યનો નાશ થાય તો પાછળથી થનારો પશ્ચાત્તાપ ભયંકર અને અસહ્ય જ થઈ પડવાનો! મહારાજ, અમે આપનું અન્ન ખાઇએ છીએ, માટે આપના શિરે સંકટ આવવાની શંકા માત્ર પણ અમારા હૃદયમાં ઉત્પન્ન થાય, તો આપને જાગૃત કરવા, એ અમારું કર્ત્તવ્ય છે. પછી તો આપ તે સંકટમાંથી પોતાને અને અમારા જેવા પ્રજાજનોને બચાવવા સમર્થ છો જ."

કપટપટુ બ્રાહ્મણ સભાપંડિતના એ ભાષણથી રાજાનાં નેત્રો એકદમ ઊઘડી ગયાં અને નવીન બ્રાહ્મણ વિશે તેના મનમાં વધારે સંશય આવતાં તેણે તેને કહ્યું કે, "બ્રહ્મન, દૂરદર્શીપણું કોઇ કાળે પણ અયોગ્ય ગણાતું નથી. માટે અમુક પ્રકારની પ્રતીતિ જો તમે ન કરાવી શકો, તો ત્યાં સૂધી તમારે આ સભામાં ન આવવું. અત્યારે અહીંથી ચાલ્યા જાઓ, તે વધારે સારું. જો તમારી પ્રતીતિ મળશે, તો તમારી વિદ્વત્તા પ્રમાણે તમારો સારો આદરસત્કાર કરવામાં આવશે; પરંતુ ત્યાં સૂધી તો તમારે આ આસનનો ત્યાગ જ કરવાનો છે." એ વચનો સાંભળતાં જ તે દુર્વાસા ઋષિ જેવા ક્રોધિષ્ટ બ્રાહ્મણના શરીરમાં પગથી તે માથા સૂધી અગ્નિ વ્યાપી ગયો, અને તેણે ઊઠીને જતાં જતાં પ્રતિજ્ઞા કરી કે, "જો હું ખરો બ્રાહ્મણ જ હોઇશ, તો આ નંદવંશનું નિકંદન કાઢીને તેને સ્થાને જેને યોગ્ય ધારીશ તેને બેસાડીશ–તેના જ હસ્તે યવનોનો નાશ કરાવીશ." એટલું કહીને તેણે પોતાની શિખાને ખુલ્લી કરી નાખી અને લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ ન થાય, ત્યાં સૂધી વાળોને સ્પર્શ ન કરવાનો તેણે નિશ્ચય કર્યો. "એમ આશા હતી, તેવી દક્ષિણા મળી નહિ અને રાજસભામાં પોતાના માનની તેને અભિલાષા હતી તેનો ભંગ થયો એટલે બડબડ કરે જ તો–એનો કાંઇ પણ વિચાર કરવાનો નથી." એવી ભાવનાથી રાજસભામાંનાં કોઇ પણ પુરુષે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એના બોલવામાં ધ્યાન રાખ્યું નહિ–ઉલટા તેને હસવા જ લાગ્યા. દ્વેષી પંડિતોએ કપટતન્ત્રથી પોતાના હેતુને સાધી લીધો.

બીજી તરફ તે તેજસ્વી બ્રાહ્મણ વિષ્ણુશર્માં હવે પછી પાણી પીવાને પણ પાટલિપુત્રમાં ઉભું ન રહેવું, એવો નિશ્ચય કરીને તત્કાળ નગરથી બહાર નીકળ્યો. તેણે બે ત્રણ કોશનો પંથ કાપ્યો, એટલે સૂર્યનો અસ્તાચલમાં જવાનો સમય થયો. અહીં ગોવાળિયાઓનાં કેટલાંક બાળકો એકઠાં થઇને પોતાના બાલ્ય ખેલમાં નિમગ્ન થએલાં હતાં.

અહીં ગોવાળિયાઓના બાળકોની જે રમત ચાલતી હતી, તે પણ ઘણી જ આશ્ચર્ય ઉપજાવનારી હતી. બધાં બાળકોએ જાણે પોતાના દેશ પર યવનો ચઢી આવેલા છે અને પોતે તેમનો નાશ કરવા માટે તૈયાર થએલા છે એવા એક નાટકની રચના કરી હતી. સિકંદરે પંજાબપર ચઢાઇ કરીને ત્યાંના નિવાસીઓને પાદાક્રાન્ત કર્યા હતા અને તેના અધિકારીઓ આગળ વધીને બીજા દેશો પણ પોતાના સ્વાધીનમાં કરી લેતા હતા; એ દશ્ય તેમણે દેખાડ્યું હતું. કેટલાંક બાળકો યવન બન્યાં હતાં અને કેટલાંકોએ આર્યોની ભૂમિકા ભજવેલી હતી. તેમાંનો એક પંદર વર્ષના વયનો તરુણ બાળક આર્યોનો રાજા બન્યો હતો. તે પોતાના સૈનિકોને મોટે સાદે જાત જાતની આજ્ઞાઓ આપતો હતો અને આજ્ઞાનુસાર જે ન વર્તે તેને શિક્ષા પણ કરતો હતો. એ રાજવેશધારી બાળકનું સમસ્ત ચારિત્ર્ય જોઇને બ્રાહ્મણને ઘણો જ આનંદ થયો. તેના મનમાં સ્વાભાવિક એવો ભાવ થયો કે, "આટલા અલ્પ વયથી જ જેનામાં આવા અલૌકિક ચારિત્ર્યનો ભંડાર ભરેલો છે, તે બાળક કોઇ સાધારણ ગોવાળિયાનો ચિરંજીવી તો નહિ જ હોય." એ વિચારથી ગમે તેમ કરીને પણ એ બાળકની પૂર્વ પીઠિકાને શોધી કાઢવાનો તેણે દઢ નિશ્ચય કર્યો.

એ બાળકોનો ખેલ ઘણા લાંબા સમય સૂધી ચાલતો રહ્યો અને એ ખેલના સમયમાં બ્રાહ્મણને એ બાળકની બારીકીથી પરીક્ષા કરી લેવાનો પણ સારો પ્રસંગ મળ્યો. છેવટે થાકી જવાથી સર્વ બાળકો એકત્ર થયાં. એ વખતે તે બ્રાહ્મણ તેમની પાસે ગયો અને તે રાજા બનેલા બાળકને કહેવા લાગ્યો કે, "બેટા, તારી હસ્તરેષા જોવાની મારી ઇચ્છા છે, તે મને જોવા દે." બાળકે એ બ્રાહ્મણને બહુ જ નમ્રતાથી નમસ્કાર કરીને પોતાનો જમણો હાથ તેના આગળ ધર્યો. હસ્તરેષાનું અવલોકન કરતાં જ બ્રાહ્મણને અત્યંત આનંદ થયો. એ રેષામાં ચક્રવર્તી રાજાનાં ચિન્હો સ્પષ્ટ દષ્ટિગોચર થતાં હતાં. એવો સુલક્ષણશાલી પુત્ર ગોવાળિયાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘેર જન્મે અથવા તો ગોવાળિયાને ત્યાં પળાયો હોય, એ પણ વિલક્ષણ જ કહેવાય, એવી તેની ભાવના થઈ અને વળી પણ તેણે તે બાળકની હસ્તરેખા અને મુખમુદ્રાનું સામુદ્રિક દૃષ્ટિથી અવલોકન કર્યું. જેમ જેમ એ બાળકના શરીરનાં પ્રભાવદર્શક ચિન્હો વધારે ને વધારે તેના જોવામાં આવતાં ગયાં, તેમ તેમ તેની એવી દૃઢ ઈચ્છા થવા લાગી કે, "એ બાળકનાં માતપિતા પાસે જઇને એના જન્મ વિશેનો ખુલાસો મેળવવો જોઇએ અને તેમની પાસેથી આ બાળક માગી લેવું જોઇએ." એવા ભાવથી તે બાળકને તેણે પૂછ્યું, "વત્સ, તું મારી સાથે આવીશ કે? જો તું મારી સાથે આવીશ, તો હું તને સર્વ પ્રકારનો વિદ્યાઓ શીખવીશ. શસ્ત્રવિદ્યા, અસ્ત્રવિદ્યા અને ધનુર્વિદ્યાનો પણ મેં અભ્યાસ કરેલો છે–તે સમસ્ત વિદ્યાઓ હું તને શીખવીશ." શસ્ત્ર, અસ્ત્ર અને ધનુષ્યનું નામ સાંભળતાં જ તે બાળકને ઘણો જ આનંદ થયો અને તેણે ઉત્તર આપ્યું કે, "મહારાજ! જો તમે મને એ વિદ્યાઓનું શિક્ષણ આપશો, તો હું તમારો દાસાનુદાસ થઇ રહીશ." એ પ્રમાણે એ સંભાષણનો સમાપ્તિ થતાં થોડી વાર પછી બાળકોએ પોતપોતાનાં ઢોરોને એકઠાં કર્યાં અને સંધ્યાકાળ થઈ ગએલો હોવાથી ઘર તરફ ચાલવા માંડ્યું. એ તરુણ બાળકનો પિતા મહાન્ સજ્જન પુરુષ હતો અને પોતાના પુત્ર માટે તેના મનમાં ઘણું જ અભિમાન હતું. પોતાના પુત્રની વિલક્ષણ બુદ્ધિ નિહાળીને એ બ્રાહ્મણ ખાસ તેની તપાસ કરવાને આવેલો છે, એમ જાણીને તો તેને વળી અધિક જ આનન્દ થયો. તે બ્રાહ્મણને રાત્રે ત્યાં જ રહેવાની તેણે વિનતિ કરી. ગાયોને દોહી લીધા પછી તે બ્રાહ્મણને તેણે દુગ્ધ પ્રાશન માટે આગ્રહ કર્યો અને બ્રાહ્મણે પણ તેના એ આતિથ્યને સ્વીકારીને ત્યાં જ રાત્રિ વીતાડવાનો સંકલ્પ કર્યો–તે અતિથિ તરીકે રાત્રે ત્યાં જ રહ્યો.

દુગ્ધપ્રાશન ઈત્યાદિ થઈ રહ્યા પછી તે વૃદ્ધ ગોવાળિયાને પાસે બેસાડીને બ્રાહ્મણ મહા યુક્તિથી તેને કહેવા લાગ્યો, "હે વૃદ્ધ ગોપાલક, આ તારો પુત્ર વિલક્ષણ બુદ્ધિમાન્ અને તેજસ્વી છે. એના સંબંધમાં કાંઇક પૂછવાની મારી ઇચ્છા છે, તેનો જો તને કાંઈ કોપ ન હોય અને હરકત જેવું પણ ન હોય, તો હું કાંઇક પૂછું?" એ પોતાને જે પૂછવાનો છે, તે જાણે સમજી જ ગયો હોયની, તેવા ભાવથી તે વૃદ્ધ ગોવાળિયો હસ્યો અને બોલ્યો, "મહારાજ! તમે બ્રાહ્મણ છો અને તમે કોઇ એક સવાલ કરો, તેમાં ગુસ્સો શાનો હોય? તમારે જે કાંઇ પણ પૂછવાનું હોય, તે નિઃશંક થઇને પૂછો. હું પણ તમને જેવો હશે તેવો જ ખરેખરો જવાબ આપીશ."

એ ઉત્તરથી બ્રાહ્મણને ઘણો જ સંતોષ થયો અને તેણે પોતાના મનોભાવને વ્યક્ત કરવાનો આરંભ કર્યો. "તારા આશ્વાસનથી હું ઘણો જ સંતુષ્ટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચયો છું અને તેથી જ નિર્ભયતાથી પૂછું છું કે, જે પુત્રને તું પોતાના તરીકે ઓળખાવે છે તે તારા વંશના બાળક હોય, એમ દેખાતું નથી. એનો જો કાંઇ બીજો ગુપ્ત વૃત્તાંત હોય, તો મને જણાવી દે. મારો, એના વિશેના તર્ક જો સત્ય હશે, તો સત્ય સમજજે કે, આ બાળક ભવિષ્યમાં મહાન્ ભાગ્યશાળી થવાનો છે; એ સાર્વભૌમ ભૂપાલ થશે."

બ્રાહ્મણનાં એ વાકયો સાંભળીને વૃદ્ધ ગોવાળિયો કાંઈક સચિન્ત થયો. એટલે વળી પાછો બ્રાહ્મણ કહેવા લાગ્યો, "મારા સમક્ષ છૂપાવવાનું કાંઇ પણ કારણ નથી. સંશયને કાઢી નાંખ. જે જાણવાનું હતું તે હું જાણી તો ચૂકયો જ છું."

"મહારાજ, તમે ચમત્કારિક પુરુષ છો. માટે તમારા સમક્ષ હું અસત્ય બોલવાનો નથી. જે ખરેખરી હકીકત છે, તે હું તમને જણાવી દઉં છું." એમ કહીને તેણે ગુપ્ત વૃત્તાંતનું વિવેચન કરવા માંડયું. "એ બાળક મારો પુત્ર નથી. અમારા જેવા ગોવાળિયાઓને ત્યાં તે આવાં રત્ન ક્યાંથી હોય વારુ? એ બાળક ઘણી જ નાની અવસ્થામાં મને એક ચાંદની રાત્રે અરણ્યમાંના એક વૃક્ષ નીચેથી મળી આવ્યું હતું. એ પડયું પડયું રડતું હતું અને એની પાસે બીજું કોઈ પણ માણસ હતું નહિ. એ અરણ્યમાં ભટકતાં માંસાહારી પશુઓના હાથેથી બચવા જ કેમ પામ્યું, એનું જ રહી રહીને મને આશ્ચર્ય થયા કરતું હતું. આકાશમાં ઉદિત થએલો ચન્દ્રમા જાણે તેને ધૈર્ય આપીને નિર્ભયતાથી સ્વસ્થ રહેવાનો ઉપદેશ દેતો હોયની! એવો મને ભાસ થયો. એ બાળકને ઝટ ઉપાડીને હું મારે ઘેર લઇ આવ્યો. એનાં માતા પિતાનો પત્તો મેળવવા માટે મેં ઘણાય પ્રયત્નો કર્યા, પરંતુ તેમનો શોધ લાગી શકયો નહિ. એ બાળકના શરીરપર વસ્ત્રો પણ વિશેષ હતાં નાહ અને ઘરેણાંમાં પણ માત્ર એક રક્ષાબંધન જ હતું. એ રક્ષાબંધનને મેં જાળવીને રાખી મૂકેલું છે. એ બાળક કોનું અને કોના વંશનું છે એને કાંઇ નિશ્ચય કરી શકાયો નથી. માટે મેં એને મારા પુત્ર તરીકે જ ઉછેરીને મોટો કરવા માંડ્યો છે." વૃદ્ધ ગોવાળિયાએ જે બીના બનેલી હતી, તે ખરેખરી જણાવી દીધી.

એ વૃત્તાંત સાંભળીને બ્રાહ્મણ કેટલીક વાર સ્વસ્થતા ધારીને બેસી રહ્યો અને ત્યાર પછી કહેવા લાગ્યો, "તે રક્ષાબંધન કયાં છે લાવ જોઇએ?" ગોવાળિયાએ તે રક્ષાબંધનને સાત ચીથરાંમાં લપેટીને સાત પડમાં છૂપાવી રાખ્યું હતું, તે ઘણી જ મહેનતથી કાઢીને બ્રાહ્મણને દેખાડયું. સામે દીવો બળતો હતો તેની પાસે જઇને બ્રાહ્મણે તે રક્ષાબંધન તપાસી તપાસીને જોયું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેના પરની છાપને જોઇને તેને ઘણું જ આશ્ચર્ય થયું. તેણે એકદમ ગોવાળિયાને કહ્યું કે, "ભાઈ રે, તું આ બાળક મને સોંપી દે. સદાને માટે ન સોંપી શકતો હોય, તો અમુક સમયને માટે તો એને મારી જોડે રહેવા જ દે. એ મહાન્ ભાગ્યશાળી થવાનો છે, એમાં તો હવે રંચ માત્ર પણ શંકા જેવું નથી. માત્ર એને અનુકૂલ સાધનોની આવશ્યકતા છે. હું બધી વિદ્યાઓનો જાણનારો છું ને મારો સ્વાભાવિક રીતે આ બાળકમાં પ્રેમભાવ થએલો છે. માટે એ બાળક તું મને આપી દે."

બ્રાહ્મણની એ યાચના જાણીને ગોવાળિયાના મુખમંડળમાં ચિન્તાની છાયાનું દર્શન થવા લાગ્યું. એથી વળી પણ તે બ્રાહ્મણ તેને આશ્વાસન આપતો બોલ્યો, "ભાઇ! દશરથ રાજાએ રામચંદ્રનો હસ્ત વિશ્વામિત્રઋષિના હસ્તમાં આપ્યો હતો અને વિશ્વામિત્રે રામચંદ્રને સર્વ વિદ્યાઓનું શિક્ષણ આપ્યું હતું; તેવી રીતે તારા પુત્રને પણ હું શસ્ત્ર અને અસ્ત્રવિદ્યાનું શિક્ષણ આપીને રામચંદ્ર જેવો રણશૂર યોદ્ધો બનાવીશ. એની કિંચિન્માત્ર પણ ચિન્તા તારે કરવાની નથી. એ રાજબીજ છે." ગોવાળિયાના હૃદયનું કાંઇ એથી સમાધાન થયું નહિ. "મેં આટલા દિવસ સૂધી અત્યન્ત પ્રેમથી પાળેલા આ પુત્રની બ્રાહ્મણ યાચના કરે છે, તે કેવી રીતે આપી શકાય." એવી ચિન્તામાં તે પડી ગયો અને બ્રાહ્મણને હવે શું ઉત્તર આપવું, એની તેને સૂઝ ન પડી. પરંતુ બ્રાહ્મણને અનુકૂલ થાય, એવું ઉત્તર તે બાળકે જ આપ્યું. એ બ્રાહ્મણ અને તેના પિતાના એ સંભાષણનો આરંભ થયો, ત્યારે તે બાળક ત્યાં હતો નહિ, પરંતુ બ્રાહ્મણે જ્યારે "એ બાળકને મારા સ્વાધીનમાં આપો." એ વાક્ય ઉચ્ચાર્યું, તે વેળાએ તે દોડતો દોડતો આવીને પોતાના દીન પિતાને કહેવા લાગ્યો કે, "બાપા, મને તમે આને આધીન કરો. મારા માટે જરા પણ ચિન્તા રાખશો નહિ. તમે તો હમેશ એમ કહ્યા કરોછો કે, આ યવનોનો ઉચ્છેદક કોઈ પણ થવો જોઈએ; તો પછી જો હું જ તેમનો સંહારક થાઉં, તો શું ખોટું છે? તમે તે યવનોના રાજાને જોયો હતો, ખરોને? તમે હમેશ વાતો કરો છો કે, તેનો પોશાક આવો હતો, તેનો ઘોડો આવો હતો અને તે પોતે આવો હતો, તો તેવો હું પણ કેમ ન થાઉં વારુ? બાપા, તમારા આશીર્વાદથી અને આ ઋષિમહારાજની કૃપાથી હું ખરેખર પરાક્રમી થઇશ. એ યવનોએ લઇ લીધેલા સમસ્ત દેશને તેમની પાસેથી પાછું મેળવીશ અને એક મહાન્ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરીશ. પછી બાપા, તમારી આ ઢોરો ચારવાની મહેનત ટળી જશે અને તમે સુખમાં પોતાના દિવસો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વીતાડશો. ખરેખર હું એ યવનોને સંહારીને મગધદેશના મહીપતિના રાજ્ય જેવું અહીં બીજું સ્વતંત્ર રાજ્ય સ્થાપીશ."

બ્રાહ્મણનો આટલી વાર સુધી સર્વથા ગુપ્ત રહેલો સંતાપ મગધદેશ. અને ત્યાંના રાજાનું નામ સાંભળતાં જ એકાએક ઉદ્દીપ્ત થયો અને તેથી. તે તેને કહેવા લાગ્યો કે "અરે અજ્ઞાન બાળક, મગધદેશના રાજ્ય જેવું રાજ્ય શામાટે કહે છે? તે મગધદેશના રાજ્યસિંહાસને જ આરૂઢ કરી હું તને ચક્રવર્ત્તી–સાર્વભૌમ રાજા બનાવીશ."

## પ્રકરણ ૧ લું

### પ્રયાણ.

ગહન અરણ્ય–હિમાલયમાંનાં ગહન અરણ્યો–અક્ષરશઃ ગગનને ચુંબન કરવાને આકાશમાં જનારાં વૃક્ષો તે અરણ્યોમાં હતાં અને વૃક્ષ પણ કેટલા પ્રકારનાં? તેમના પ્રકારોની ગણના કરી શકાય તેમ નથી. હિમાલયને સર્વ ઔષધિઓના ઉત્પત્તિસ્થાન અને ભંડારની ઉપમા આપવામાં આવે છે, તે કાંઈ ખોટું નથી. સર્વ વનસ્પતિ, સર્વ લતા, અને સર્વ જાતિનાં નાનાં મોટાં વૃક્ષો એ પર્વતમાં શોભી રહેલાં છે, એ પ્રત્યક્ષ હોવાથી કોઇ પણ જાણી શકે તેમ છે અર્થાત્ એ હિમાલયમાંનાં અરણ્યો ગહન હોય, એમાં શું આશ્ચર્ય? એવા એક અરણ્યના એક ભાગમાં એક આશ્રમ હતું અને તેની ઘણી જ ઉત્તમતાથી વ્યવસ્થા રાખવામાં આવતી હતી. એ આશ્રમને "ચાણક્ય–આશ્રમ"ના નામથી લોકો ઓળખતા હતા. બ્રહ્મપુત્રાને જઇ મળનારી એક નાનકડી, પરંતુ અત્યંત રમણીય એવી એક નદીના તીર પ્રદેશમાં એ આશ્રમ આવેલું હતું. એ નદીનો પ્રવાહ બહુ બળથી વાતા વાયુ પ્રમાણે વહેતો જતો હતો, અને તેથી જાણે એ જ કારણથી પડેલું હોયની, તેવી રીતે એ નદીનું નામ મરુદ્વતી હતું. જે સ્થળે ચાણક્યાશ્રમ આવેલું, તેટલો જ થોડોક ભાગ કાંઇક શાંત રહેતો હતો. એ આશ્રમનો કુલપતિ ચાણક્ય નામનો એક બ્રાહ્મણ મહાતેજસ્વી, મહાવિદ્વાન્ અને મહા કોપિષ્ટ બ્રાહ્મણ હતો. તેનું તેજ ગોત્રપતિ પ્રમાણે અગ્નિસમાન પ્રજ્વલિત હતું. તેના આશ્રમમાં અનેક બ્રાહ્મણો અને વિદ્યાધ્યયનેચ્છુ બ્રાહ્મણપુત્રો આવીને વસેલા હતા, ઉપરાંત હિમાલયમાંના ભિલ્લાધિપતિઓ પણ તેને ઘણા જ નમીને ચાલતા હતા. ચાણક્યનું અધ્યયન ચારે વેદ, તેમની શાખા અને તેમની ઉપશાખો તેમ જ તેમના ષડંગો અને ઉપાંગો તથા બીજાં સર્વ શાસ્ત્રો ઇત્યાદિના સમાસવાળું હતું. તે કાળમાં જે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુલપતિ એ નામને યોગ્ય કોઇ પણ ઋષિ હોય, તો તે એ ચાણક્ય જ હતો, એ સર્વથા નિર્વિવાદ છે. સો બસો વિદ્યાર્થીઓ સદા તેના આશ્રમમાં ભણતા જ રહેતા હતા—ઉપરાંત એ વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ લેનારા બીજા વિદ્યાર્થીઓ હોય, તે તો જૂદા જ. એ વિદ્યાર્થીઓમાંના સઘળા બ્રહ્મવિદ્યા શીખનારા જ હતા, એમ નહોતું; કિન્તુ અસ્ત્રવિદ્યા અને ધનુર્વેદ, તેમજ આયુર્વેદ, કાશ્યપસંહિતા ઇત્યાદિકનું શિક્ષણ લેનારા બ્રાહ્મણ અને ક્ષત્રિય શિષ્યો પણ એ આશ્રમમાં હતા. સારાંશકે, પુરાણાન્તરે વસિષ્ઠ, વાલ્મીકિ અને વિશ્વામિત્ર ઇત્યાદિ મહર્ષિઓના આશ્રમોનું જે વર્ણન કરેલું છે તે પ્રમાણે જ આબેહૂબ એ ચાણક્યાશ્રમની સર્વ વ્યવસ્થા જોવામાં આવતી હતી. "પ્રાચીન કાળના વસિષ્ઠ વામદેવ પ્રમાણે જ મારી યોગ્યતા છે." એવો ચાણક્યનો દૃઢ નિશ્ચય હતો. એટલું જ નહિ, પણ "વિશ્વામિત્ર પ્રમાણે જ કોઇ એક ક્ષત્રિય વીરને હસ્તગત કરીને તેના હસ્તે રામાયણમાં વર્ણવેલાં પરાક્રમો જેવાં પરાક્રમો કરાવીશ—એક મહાન્ સામ્રાજ્ય સ્થપાવીશ, પૃથ્વીનો વિજય કરવા માટે અશ્વમેધ યજ્ઞ કરાવીશ અને અસંખ્ય માંડળિકોને નમાવી તેમના મુકુટોમાંનાં રત્નોના પ્રકાશથી તેનાં ચરણના નખો રંગાવીશ. રામચંદ્ર ઇશ્વરનો અવતાર અને અયોધ્યા જેવી નગરીનો પ્રથમથી જ રાજા, એટલે એના જેવા એક મહાન્ પુરુષને વિશ્વામિત્રે સર્વ વિદ્યાઓનું શિક્ષણ આપીને તેને અનેક પરાક્રમો કરવાને સમર્થ બનાવ્યો, એમાં કાંઈ વિશેષતા નથી. પણ હું જે કોઇ રાજ્યનો અધિકારી નથી અને જેની પાસે બીજું પણ કોઇ સાધન નથી એવા ક્ષત્રિયપુત્રને હસ્તગત કરીને તેના હસ્તે જ સમસ્ત આર્યાવર્ત્તમાં, માત્ર એક જ મહાન્ રાજ્યની સ્થાપના કરીને તેને સાર્વભૌમ બનાવીશ! મગધદેશના રાજાએ વિનાકારણ મારું અપમાન કર્યું છે, મારી યોગ્યતા જાણી નથી અને મત્સરથી ભરેલા ક્ષુદ્ર બ્રાહ્મણોની દુષ્ટ વાણી સાંભળીને મારી અવહેલના કરી છે; તે મગધદેશના રાજાના કુળનું સમૂલ ઉચ્છેદન કરીને તેના સિંહાસને હું આ મારા ક્ષત્રિય કિશોરને બેસાડીશ." એવા પ્રકારના ઉદ્‌ગારો તે આશ્રમના કુલપતિના મુખમાંથી વારંવાર નીકળતા હતા. અને એ જ બુદ્ધિથી તે ખરેખર એક કિશોર વયના પરંતુ તેજસ્વી ક્ષત્રિય કુમારને અને તેની સાથે હિમાલયમાંનાં નાનાં નાનાં માંડલિક રાજ્યોમાંના કેટલાક ક્ષત્રિય અને ભિલ્લ કુમારોને પણ પોતાના આશ્રમમાં લાવીને તેમને ધનુર્વિદ્યાનું અને શસ્ત્રવિદ્યાનું શિક્ષણ આપતો હતો. એમાં અધિક સંતોષની વાત તો એ હતી કે, તે સર્વ કુમારો મહા આનંદ અને ઉત્સાહથી પોતાના ગુરુપાસેથી ભિન્ન ભિન્ન શાસ્ત્રોના પ્રાયોગિક અને શાસ્ત્રીય પાઠો લેતા હતા. પ્રતિદિવસે તેમની વિદ્યાની વૃદ્ધિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થતી જોઇને ગુરુના મનમાં પણ તેટલો જ સંતોષ થતો હતો. દિવસે દિવસે પોતાના ઉદ્દિષ્ટ હેતુની સિદ્ધિનો પ્રસંગ પાસે પાસે આવતો જતો જોઇને ગુરુના મનનું જે સમાધાન થવા લાગ્યું, તેનું વર્ણન થવું અશક્ય છે. હવે તેનું લક્ષ ભવિષ્યના કાર્યક્રમમાં લાગ્યું. "રણક્ષેત્રમાં શત્રુસમક્ષ ઊભા રહીને તેનો પરાજય કરવો, એ અદ્યાપિ મારા શિષ્યમાટે અશક્ય વાર્ત્તા છે." એમ તો તેને લાગ્યું જ. પણ એથી એમ નથી માનવાનું કે, તે શિષ્યના અંગમાં તેટલું શૌર્ય, વીર્ય અને કૌશલ્ય ન હોતું; કિન્તુ એ ગુણોનો તેનામાં પૂર્ણતાથી વાસ હતો. પરંતુ સંખ્યાના પ્રમાણમાં આવશ્યકીય સૈન્યબળ જોઇએ, તે ક્યાંથી લાવવું, એની જ રહી રહીને તેને ચિન્તા થયા કરતી હતી. "મગધદેશનો રાજા મોટો સમ્રાટ્ છે અને આર્યાવર્ત્તના પૂર્વોત્તર ભાગમાં દૂરદૂર પર્યન્ત તેનું રાજ્ય વિસ્તરેલું છે. પશ્ચિમમાં પણ તેના માંડલિકો અનેક છે. એથી અર્થાત્ જો યુદ્ધ કરવાનો જ પ્રસંગ આવે, તો જરૂર જોઇએ તેટલું સૈન્યબળ મારા પુત્રને કેવી રીતે પ્રાપ્ત થઇ શકે?" એ વિચારે રાત દિવસ તેને બેચેન બનાવી દીધો હતો. એક દિવસે એ જ વિચાર કરતો મધ્યાન્હ સમયે મધ્યાન્હ સ્નાન માટે તે એકલો એકાટ મરુદ્દતી નદીના પોતાના નિયમિત સ્થાને ચાલ્યો જતો હતો. આશ્રમમાં વિદ્યાર્થીઓની ઘણી જ ગડબડ હોવાથી ગુરુએ પોતાના નિત્યકર્મમાટે નદીના એક વિવક્ષિત ભાગને ખાસ પોતાને માટે જ રાખી મૂકયો હતો. ગુરુ જ્યારે તે સ્થળે હોય, ત્યારે ત્યાં જઇને તેની સાથે બોલવું કોઇના માટે પણ શક્ય હતું નહિ. તેનો ખાસ માનીતો શિષ્ય ચન્દ્રગુપ્ત જ માત્ર ગમે તે વેળાએ અને ગમે તે સ્થળે જઇને ગુરુના સમાધિનો પણ ભંગ કરી શકતો હતો. જે પ્રમાણે પોતાના દશ છોકરાં હોય, છતાંપણ માતા પિતાનો એક પુત્ર કે પુત્રીમાં અધિક પ્રેમ હોય છે–તેણે અપરાધ કરેલો હોય, પણ તે તેમને અપરાધ ભાસતો નથી અને અપરાધ લાગવા છતાં પણ તેની સહજમાં ક્ષમા કરી દે છે–તે પ્રમાણે જ ચાણક્ય અને ચંદ્રગુપ્તની સ્થિતિ હતી. ગુરુના આશ્રમમાં અનેક શિષ્યો અનેક પ્રકારની વિદ્યાઓનું શિક્ષણ લેવાને આવી વસેલા હતા. એ ઊપર કહેલું જ છે; પરંતુ તે સર્વમાં ચન્દ્રગુપ્ત તેનો સર્વથી આદ્ય અને અત્યંત પ્રેમપાત્ર શિષ્ય હતો.

વાંચકો જાણી તો ગયા હશે જ કે, ઉપક્રમમાં વર્ણવેલો દરિદ્રી બ્રાહ્મણ અને હિમાલયમાંના ગોવાળિયાને અરણ્યમાંથી મળેલો ક્ષત્રિયવત્સ તે જ એ ચાણક્યાશ્રમમાંના ચાણક્ય અને ચન્દ્રગુપ્ત હોવા જોઇએ. તે ગોવાળિયાને ચાંદની રાત્રે એક વૃક્ષતળેથી અચાનક એ બાળક મળી આવ્યો, તેથી ભવિષ્યમાં જેને હાથે મહાન્ કૃત્યો થવાનાં છે, એવા ભાવથી ચંદ્રે પોતે જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના વંશના એક મહાવીર પુરુષનું રક્ષણ કર્યું, માટે તે દરિદ્રી બ્રાહ્મણે એ બાળકનું ચન્દ્રગુપ્ત નામ રાખ્યું. અને "જે નામ ધારીને ધનાનન્દની રાજસભામાં જતાં મારા માનનો ભંગ થયો હતો, તે નામ એ માનભંગનું પૂર્ણપણે પરિમાર્જન થાય, ત્યાં સુધી છૂપાવી રાખવું જોઇએ અને કોઇ નવું જ નામ ધારણ કરવું જોઇએ; અને જે દિવસે હિરણ્યગુપ્ત ઉર્ફે ધનાનન્દને મગધ દેશના સિંહાસનપરથી નીચે પટકી પાડીશ, તે જ દિવસે મારા પ્રથમ નામનો મારા મુખથી ઉચ્ચાર કરીશ અથવા તો બીજાના મુખથી કરાવેલો ઉચ્ચાર સાંભળીશ." એવી પ્રતિજ્ઞા તે બ્રાહ્મણે કરી. એ બ્રાહ્મણ મહાન્ કાર્યકર્ત્તા અને તેજસ્વી હતો. તે ગોવાળિયા પાસેથી બાળકને માગી લીધા પછી તે પાછો તક્ષશિલા નગરીમાં ગયો નહિ, કિન્તુ ત્યાંથી કેટલાક અંતરપર આવેલા હિમાલયના એક ઉચ્ચ અને અંતર્ભાગમાં જઇને ઉપર કહેલી મરુદ્વતી નદીના તીરે તેણે એક નાની પર્ણકુટી બાંધી અને ત્યાં પોતાના કરી લીધેલા તે બાળકને શસ્ત્ર અને અસ્ત્રવિદ્યાનું શિક્ષણ આપવા માંડ્યું. "આ એક જ બાળકને ગમે તેટલું શિક્ષણ આપવા છતાં પણ માત્ર એ એકલાની જ સહાયતાથી મારું ઇષ્ટકાર્ય સાધ્ય કેમ થશે?" એ વિચાર તો બ્રાહ્મણના મનમાં આવ્યો જ. પરંતુ તેનો ઉત્સાહ મહાન્, નિશ્ચય દૃઢ અને પોતાના કાર્ય કરવાના ચાતુર્યમાં વિશ્વાસ અપાર હતો, અર્થાત્ એવા મનસ્વી મનુષ્યને નિરાશા સ્પર્શ પણ ક્યાંથી કરી શકે? "જેવી રીતે ભગવાન્ રામચંદ્રે દક્ષિણમાંના વાનરોની સહાયતા લઇને રાવણ જેવા પ્રબળ શત્રુનો સંહાર કર્યો, તેવી રીતે હું પણ મારા આ ક્ષત્રિય વીરને હિમાલયમાંના ભિલ્લ, માતંગ, ચાંડાલ ઇત્યાદિ હીન જાતિમાં ગણાતા લોકોની સહાયતા અપાવીને ચાંડાલ કરતાં પણ નીચ એવા એ મગધદેશના રાજકુળનો નિપાત કરાવીશ." એવી આશા તેણે ધારી અને તેની સફળતા કરવા માટે ભિલ્લ, માતંગ અને ચાંડાલ ઇત્યાદિ લોકોની નીચતાનો વિચાર ન કરતાં પોતાના આશીર્વાદથી તેમને પુનિત–શુદ્ધ કરીને શસ્ત્રાસ્ત્રવિદ્યાનું શિક્ષણ આપવાનો એકસરખો સપાટો ચલાવ્યો. એવામાં સત્વર જ તેની વિદ્વત્તાની પણ સર્વત્ર ખ્યાતિ થવાથી જ્યાં ત્યાંથી બ્રાહ્મણપુત્રો પણ તેના આશ્રમમાં અધ્યયન કરવાને આવવા લાગ્યા. એવી રીતે એ પર્ણકુટી ઉભી કરવાને એક વર્ષ થયું ન થયું, એટલામાં તો ચાણક્યાશ્રમની અને તેના કુલપતિની કીર્ત્તિનો સમસ્ત હિમાચલ પ્રદેશમાં પ્રસાર થઈ ગયો.

અસ્તુ; હવે પછીને માટે શી વ્યવસ્થા કરવી? એ વિચારમાં તેનું મન રોકાયલું હતું. એવી સ્થિતિમાં મધ્યાન્હ સમયે ચાણક્ય પોતાના સ્નાન કરવાના સ્થાન પ્રતિ ચાલ્યો જતો હતો, એ ઉપર કહેલું જ છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચાર કરતા બેસી રહેવામાં તો કાંઈ પણ માલ નથી. પ્રતિજ્ઞા અને કાર્યની સિદ્ધિ કરવી હોય, તો અવશ્ય કાંઈ પણ આરંભ કરવો જોઇએ, એવા તરંગો તે દિવસે ખાસ કરીને તેના હૃદયસમુદ્રમાં ઉત્પન્ન થતા જતા હતા. અર્થાત્ શું કરવું? કાર્યનો પ્રારંભ કેવી રીતે કરવો? એ વિચારો વિશેષ રીતે તેના મનને ત્રાસ આપતા હતા. ચંદ્રગુપ્ત પ્રાતઃકાળમાં જ ઉઠીને કોઈ શિકારના શોધ માટે અરણ્યમાં ચાલ્યો ગયો હતો. સમય અતિશય શાંત, પરંતુ પ્રખર–તપ્ત–હતો. સૂર્યનારાયણે આકાશના મધ્ય ભાગને પોતાનું આસન બનાવ્યું હતું. સર્વ પશુપક્ષીઓ પણ વિશ્રાંતિ લેવાના હેતુથી પોતપોતાની ગુહાઓમાં અને માળાઓમાં જઇને ભરાઈ બેઠાં હતાં. બ્રાહ્મણના આસપાસના પ્રદેશમાં જો કે સર્વત્ર શાંતિ છવાયલી હતી; પરંતુ તેના પોતાના અંતઃકરણમાં લેશમાત્ર પણ શાંતિનો ભાવ હતો નહિ. ઇષ્ટકાર્ય સિદ્ધ ન થયું હોય, ત્યાં સુધી તેના હૃદયને શાંતિ ક્યાંથી મળી શકે વારુ? ચાણક્ય એવી રીતે વિચાર કરતો બેઠો હતો, એવામાં એકાએક એક વિલક્ષણ કલ્પના તેને સૂઝી આવી હોય, એમ જણાયું. કારણ કે તેની મુખમુદ્રા એકદમ પ્રફુલ્લિત થઈ ગઈ. એ ઉલ્લાસમાં જ તેણે એકવાર બન્ને હાથે તાળી વગાડી, અને પોતાના મન સાથે જ તે કાંઈ વાતચિત કરવા લાગ્યો. એક બે વાર ગર્દન ડોલાવીને તે સ્વગત કહેવા લાગ્યો, "બરાબર, એમ કીધા વિના હવે બીજો માર્ગ જ નથી. મારા ત્યાં ગયા વિના એ વ્યવસ્થા થવી અશક્ય છે, અને એ વ્યવસ્થા થયા વિના હવે પછીના કાર્યક્રમનો ઉપક્રમ થવો પણ અશક્ય જ છે. અહીં બેસી રહેવાથી જ શું થવાનું છે? જે થવાનું છે તે ત્યાં જ થવાનું છે. માત્ર એક જ વર્ષમાં ચંદ્રગુપ્તે કાંઈ થોડી વિદ્યાનું ગ્રહણ નથી કર્યું અને હું પાટલીપુત્રમાં ગયો હતો, તે વેળાએ હતી તેવી જ સ્થિતિ જો અત્યારે પણ કાયમ હશે, તો મારું કાર્ય સાધી લેવામાં વધારે કઠિનતા પણ થવાની નથી. હજી તો એક વર્ષ પણ થયું નથી અને હું ત્યાં જવાને તૈયાર થાઉં છું, એ બીના થોડીક અડચણ કરે એવી દેખાય છે. પણ એમાં અડચણ શી? આટલો મહાન્ વ્યૂહ રચવાની જે સત્તા ધરાવે છે, તે જ ચાણક્ય પ્રારંભમાં જ આવી શંકાઓથી ઉત્સાહહીન થઈ જાય, તો પછી કાર્ય કેમ થશે? જે મનમાં આવ્યું, તે તત્કાળ ન કર્યું તો પછી સિદ્ધિ કોઇ કાળે પણ થાય તેમ નથી."

એવી રીતે મનમાં જ કાંઈક વિવેચના, કાંઇક નિશ્ચય અને કાંઇક વિચાર કરતાં કરતાં ચાણક્યે સ્નાન માટે નદીના જળમાં પ્રવેશ કર્યો. એ સમયે વેળાને યોગ્ય એવા મંત્રો એક પછી એક સહજ રીતે તેના મુખમાંથી નીકળતા હતા; પરંતુ તેનું મન એ મંત્રોના ઉચ્ચારણમાં નહોતું, એ તો સ્પષ્ટ જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. તેનું મન સર્વથા પોતાના ભવિષ્યમાં કરવા ધારેલા કાર્યોના વિચારમાં જ લીન થએલું હતું. સ્નાન ઇત્યાદિ કરીને તે મધ્યાહ્ન સંધ્યા કરવાને તીરપર મૃગચર્મ પાથરીને તેપર બેઠો અને આચમન કરીને પ્રાણાયામ કરવાની તૈયારીમાં હતો, એટલામાં તેનો માનીતો વત્સ ચન્દ્રગુપ્ત દોડતો દોડતો પોતા તરફ આવતો હોય, એમ તેણે જોયું. આવતાની સાથે જ ચન્દ્રગુપ્તે ગુરુને નમ્રતાથી નમન કરીને આજે પોતે વનમાં શાં શાં પરાક્રમો કર્યાં હતાં, તેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે જ્યારે એક મોટા જંગલી ડુક્કર અને એક અત્યંત સુંદર કૃષ્ણમૃગ (કાળા હરિણ) ને મારવાનો વૃત્તાંત કહેતો જતો હતો, ત્યારે તેનો સાથીદાર એક બીજો રાજપુત્ર વચમાં જ કહેવા લાગ્યો કે "અને ગુરુજી! એ એકલો જ જ્યારે તે જંગલી ડુક્કરની પાછળ દોડી ગયો, ત્યારે અમને ખરેખર અર્જુનનું સ્મરણ થઈ આવ્યું હતું. અર્જુનના બળની પરીક્ષા માટે ભગવાન્ શંકરે કિરાતનું રૂપ ધારીને અર્જુનને ઉશ્કેર્યો હતો, તે વેળાએ અર્જુન ખરેખર આ ચદ્રગુપ્ત પ્રમાણે જ શોભેલો હોવો જોઇએ." એના બોલવાની સમાપ્તિ થતાં જ બીજો એક ભિલ્લ તેટલી જ ઉત્સુકતાથી કહેવા લાગ્યો કે, "ગુરુજી! જો તમે એ ડુક્કરને જોશો, તો ચંદ્રગુપ્તને ઘણો જ ધન્યવાદ આપશો. એટલો મોટો ડુક્કર આ જંગલોમાં આજ દિન સૂધીમાં કોઇએ જોયો જ નથી, છતાં પણ એ તેનાથી રંચમાત્ર પણ બીનો નહિ અને જેવી રીતે લાકડીથી કોઇ કૂતરાને મારી નાખીએ, તેવી રીતે એણે તે ડુક્કરને ઠાર કરી નાખ્યો. આપ તે ડુક્કરને જોવાને ચાલો જ."

પોતાના એકના એક અને પરમપ્રિય પુત્રે કોઇ અદ્વિતીય પરાક્રમ કર્યું હોય, તો જે પ્રમાણે તેનાં માતા પિતાને આનંદ થાય છે, તેવો જ કિમ્બહુના તેથી પણ વિલક્ષણ આનંદ ચાણક્યના મનમાં થયો. જેને હાથમાં લીધો છે, તેની શૂરવીરતા અત્યાર સૂધી તો ઘણી જ સારી છે, પરંતુ જે કાર્ય થવું જોઇએ, તે તો સર્વ હજી બાકી જ છે; તે કાર્યની સફળતા સાથે સરખાવતાં આ કાંઇ પણ નથી, એવો વળી બીજો વિચાર આવતાં તેને થોડોક શોક પણ થયો. પરંતુ તે શોક ક્ષણમાત્રનો જ હતો. તે ક્ષણ વીતતાં જ તે ચંદ્રગુપ્તને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "વત્સ ચંદ્રગુપ્ત ! તારા આ પરાક્રમની વાર્તા સાંભળીને ખરેખર મારા હૃદયમાં ઘણો જ આનંદ થયો છે. સર્વદા એવાં જ પરાક્રમો કરતો રહેજે. પણ હવે તને મારે એક બીજી જ વાત કહેવાની છે. બાળકો ! તમે બધા જરા આઘા ચાલ્યા જાઓ. જ્યારે હું બોલાવું ત્યારે પાછા આવજો." સર્વ વિદ્યાર્થીઓ સર્વથા ગુરુની આજ્ઞાને જ અનુસરનારા હતા-અર્થાત્ ગુરુની આજ્ઞા થતાં જ તેઓ તરત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ દૂર ચાલ્યા ગયા. એકાંતમાં ચાણક્ય ચંદ્રગુપ્તને સંબોધીને પુનઃ કહેવા લાગ્યો. "હે પુત્ર ચંદ્રગુપ્ત ! હું થોડા સમયને માટે તારાથી દૂર થવાનો છું. જો કે તારી અવસ્થા હજી ઘણી જ નાની છે, છતાં પણ તારા હાથે જે મારે એક મહત્ કાર્ય કરાવવાનું છે, તેનો આરંભ અત્યારથી જ કરવો જોઇએ. તેને મુલતવી રાખવામાં માલ નથી. ઉપરાંત આ આશ્રમની વ્યવસ્થાનો ભાર આ ચાર માસને માટે તો તારા શિરે જ રહેવાનો. જે મનુષ્ય ભવિષ્યમાં એક મોટા રાજ્યનો રાજા થવાનો છે, તેને તેવા કાર્યભારનો થોડો ઘણો અનુભવ તો મળવો જ જોઇએ. અર્થાત્ તું આટલો બધો તરુણ છે, છતાં પણ આ આશ્રમનો સઘળો ભાર તારા માથાપર નાખીને હું એક ચાતુર્માસ્ય પર્યન્ત બહાર જવા ઇચ્છું છું. તું જાણે છે તો ખરો કે, અમુક એક કાર્ય માટે મારો નિશ્ચય થયો, તો તે કદાપિ ફરવાનો નહિ, અને આપણે જો આપણા હેતુને સિદ્ધ જ કરવાની ઇચ્છા રાખીએ છીએ, તો જરૂર તારે મારા વચન પ્રમાણે જ કરવું પડશે, તું મોંઢુ વાંકુંચુકું કરીશ નહિ. તેમ કરવાની કાંઇ પણ અગત્ય નથી. કારણ કે હું જાઉં છું તે આગળ ઉપરના કાર્યનો પાયો નાખવાને જ જાઉં છું—એમાં મારો બીજો કશો પણ હેતુ નથી. મારે ત્યાં શું શું કરવાનું છે, તે અત્યારે જ તને જણાવી દેવાનું કાંઈ પણ પ્રયોજન નથી. વત્સ! મગધદેશના રાજસિંહાસને હું જ્યારે તને વિરાજેલો જોઇશ, ત્યારે જ મારાં નેત્રોની બાધાનો અંત થશે. ત્યાર પહેલાં થવાનો નથી, એ નિશ્ચયપૂર્વક માનવું. વધારે હું તને કાંઇ પણ કહેવા માગતો નથી. બીજાઓને જે કાંઇ પણ કહેવાનું હશે તે હું કહી દઇશ; પણ સર્વપર દેખરેખ તો તારે જ રાખવાની છે. તું જ આશ્રમનો સ્વામી છે. તું જ અહીંનો રાજા છે. ભવિષ્યમાં તું રાજ્ય કેવી રીતે ચલાવી શકીશ, એનું અનુમાન તારા આ ચાર માસના વર્તનપરથી સહજમાં કાઢી શકાશે."

બિચારો ચંદ્રગુપ્ત ખરેખર નમાણું મોઢું કરીને જ ચાણક્યનું એ ભાષણ સાંભળતો જતો હતો. તેને પોતાના ગુરુના થનારા વિયોગના સ્મરણથી ઘણો જ ખેદ થયો. બાલ્યાવસ્થાથી જે ગોવાળિયાએ એનું લાલન પાલન કર્યું હતું; તેના કરતાં પણ માત્ર એક વર્ષમાં જ ચાણક્યે એના મનનું વિશેષ આકર્ષણ કર્યું હતું—તેથી એ ગુરુરાજના વિયોગથી થનારું દુઃખ તેને અસહ્ય ભાસતું હતું. તે ગુરુને નમ્રતાથી કહેવા લાગ્યો. "ચાણક્ય મહારાજ! હજી તો મારા શિક્ષણની સમાપ્તિ થઇ નથી, ત્યાં તો આપ મને છોડી જવાની વાત કરવા બેઠા? ત્યારે મને સાથે જ શામાટે નથી લઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જતા ? જ્યાં આપ ત્યાં જ હું-કાંઇ પણ સંકટ આવતાં હું બ્હી જઇશ, એવી બીતિ રાખશો નહિ. જો આપ મારા સમક્ષ હશો, તો હું કાળથી પણ ડરનાર નથી. વધારે શું કહું ? પરંતુ જો આપ મને અહીં એકલો જ છોડી જશો, તો માત્ર મારી મનોવૃત્તિ શાંત રહેવાની નથી. સાથે રહેતાં ગમે તે સુખ દુઃખ વીતે તેની મને પરવા નથી."

"તું સંકટથી ગભરાઈ જઇશ, એમ ધારીને હું તને સાથે નથી લઇ જતો એમ બિલકુલ નથી. હાલનો વખત જ એવો છે કે, મારે એકલાએ જ જવું જોઇએ. હવે એ વિશે વધારે કશું પણ તારે બોલવું નહિ–હું કહું તેવી રીતે વર્તવું, એ જ તારું કર્તવ્ય છે. આમ કરવામાં તારા કલ્યાણ વિના મારો બીજો કોઈ પણ હેતુ નથી, એ બીજી વાર કહી બતાવવું જોઇએ તેમ નથી; કારણ કે તે તું સારી રીતે સમજે છે." ચાણક્યે ગંભીર ભાવથી ભવ્યમુદ્રા કરીને ચંદ્રગુપ્તના મનનું સમાધાન કર્યું.

ગુરુના મુખમાંથી આવાં વચનો નીકળતાં ચન્દ્રગુપ્ત અધિક શું બોલી શકે વારુ ? તેનાથી કાંઇપણ બોલાયું તો નહિ, પણ તેના મનમાં જે અતોનાત દુઃખ થતું હતું, તે આર્ય ચાણક્ય સ્પષ્ટતાથી જોઇ શક્યો; છતાં પણ ચાણક્ય જેટલો પોતાના મનોવિકારોને વશ થઈ જનારો હતો, તેટલો જ તે નિશ્ચયી પણ હોવાથી તેણે પોતાના નિશ્ચયને અણુમાત્ર પણ ન્યૂન થવા દીધો નહિ. તેણે પુનઃ પોતાના મનમાં વિચાર કર્યો કે, "હવે તો મનમાં જે કાર્ય કરવાની ઇચ્છા થએલી છે, તે કાર્યનો આરંભ કરવો જ જોઇએ. કાર્યની ઉપેક્ષા ન કરવી. આ કાર્ય એવું છે કે, એની સિદ્ધિમાં કોણ જાણે કેટલા દિવસો લાગશે, એનો નિશ્ચય નથી. માટે એનો જેટલો જલ્દી પ્રયત્ન અને પ્રારંભ થાય, તેટલો તે વિશેષ સફળ થવાનો સંભવ છે."

નિશ્ચયી પુરુષો પોતાના નિશ્ચિત કાર્યને કરવામાં કદાપિ વિલંબ કરતા નથી, એ નીતિતત્ત્વ ચાણક્યમાં સંપૂર્ણ રીતે વ્યાપેલું હતું. તે જ દિવસે રાત્રે ચાતુર્માસ્ય જેટલી કરવી જોઈતી સર્વ વ્યવસ્થા કરીને બીજે દિવસે ઉપઃકાળમાં કુલપતિ ચાણક્ય પોતાના પ્રિય શિષ્યોને આનંદપૂર્વક ભેટી તેમને આશીર્વાદ આપીને આશ્રમમાંથી નીકળી વિદેશમાં જવા માટે પ્રવાસને પંથે ચાલતો થયો.

ચંદ્રગુપ્ત દૃષ્ટિ પહોંચી શકી ત્યાં સૂધી નિઃસ્તબ્ધતાથી ગુરુરાજને જોતો આશ્રમના દ્વારમાં ઉભો રહ્યો.

## પ્રકરણ ૨ જું.

### પાટલિપુત્ર.

ગત પ્રકરણોમાં પ્રસંગોપાત વાચકોને મગધદેશની રાજધાની પાટલિપુત્ર નગરની થોડી ઘણી માહિતી મળી ચૂકી છે. પરંતુ પ્રસ્તુત પ્રકરણમાં વાચકોને એ નગરનો પૂરેપૂરો પરિચય કરાવવાની અમારી મનોભાવના છે. આર્ય ચાણકય પોતાના આશ્રમમાંથી નીકળીને પાટલિપુત્રમાં આવી પહોંચે, તે પહેલાં વાચકોને એ શ્રી વિશાળ નગરીની જો પૂરેપૂરી માહિતી મળી જાય અને ત્યાંના નંદ નૃપતિનો પણ પરિચય થઈ જાય, તો એકંદર કથાનક સમજવામાં તેમને ઘણી જ સરળતા થવાનો સંભવ છે.

પાટલિપુત્રનું પુષ્પપુર એવું એક બીજું પણ નામ હતું. પરંતુ આપણે જે કાળનો ઇતિહાસ લખીએ છીએ, તે કાળમાં મગધદેશના એ મુખ્ય નગરનું પાટલિપુત્ર એ જ નામ સર્વ જનોના મુખમાં રમી રહ્યું હતું. કેટલાકોનો એવો અભિપ્રાય છે કે, રામાયણના સમયમાં એ જ નગરી કૌશામ્બી અથવા તો કુસુમપુરના નામથી વિખ્યાત હતી. ગમે તેમ હો, પણ એટલો સિદ્ધાન્ત તો નિશ્ચિત છે કે, આપણા કથાનકના કાળથી પહેલાંની જ એ નગરી પુરાણપ્રસિદ્ધ તો હતી જ, અને આપણે જે કાળના ઇતિહાસનો ઉલ્લેખ કરવા ધારેલો છે, તે કાળમાં તો સમસ્ત આર્યાવર્ત્તમાં પાટલિપુત્ર જેવું મોટું અને વૈભવશાળી બીજું એક પણ નગર હતું નહિ. ત્યાંનો નંદરાજા અતિશય સમર્થ હોવાથી તેના કીર્તિકુસુમનો સુરભિ જ્યાં ત્યાં પ્રસરેલો જોવામાં આવતો હતો. હવે ખરી રીતે જોતાં એ નગરી એવી જ હતી કે, સાધારણ રીતે રાજાની કીર્ત્તિ સાથે એની કીર્ત્તિનો પણ પ્રસાર થએલો હતો, એનો આપણે વિચાર કરવાનો છે. રાજા ગમે તેવો હોય, પણ એ તો સત્યજ છે કે, માત્ર પાટલિપુત્ર નગર સર્વથા દિગંતવિશ્રુતકીર્તિ (જેની પૃથ્વીના પટમાં ચારે દિશામાં કીર્ત્તિ છવાયલી હોય તે) એ વિશેષણને યોગ્ય હતું. એ નગરીની લંબાઇ પાંચ ગાઉની અને પહોળાઇ ત્રણ ગાઉની અંકાતી હતી. તે સમયમાં ગ્રીક લોકોએ એ નગરનું વર્ણન આપેલું છે, તે વાંચતાં એવી માહિતી મળે છે કે, એ નગરની આસપાસ ચારેતરફ એક જંગી ખાઈ ખોદેલી હતી અને તેના અંદરના ભાગમાં નગરને ઘેરી લેનારી એક લાકડાની ભીંત બાંધેલી હતી, એ લાકડાની ભીંતના અંદરના ભાગમાં વળી એક બીજો નગરના રક્ષણ માટેનો તેવો જ ઘેરાવાવાળો કોટ ચણી લેવામાં આવ્યો હતો. તે વેળાએ એ નગર ગંગા અને શોણ એ બે નદીઓના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંગમના મધ્ય ભાગમાં લાંબું ને લાંબું પ્રસરેલું હતું. એ નગરના નિવાસિજનોને પ્રાચ્યના નામથી ઓળખવામાં આવતા હતા. એ નગર ગંગા અને શોણ નદીના સંગમસ્થાને વસેલું હોવાથી વ્યાપાર અને ઉદ્યમનું એક મુખ્ય સ્થળ બની રહ્યું હતું. ઉપરાંત એ રાજધાનીનું નગર હોવાથી સર્વ પ્રકારના કળાકુશળ અને ગુણી લોકો પણ ત્યાં આવતા જ રહેતા. જે કોઈ પણ મનુષ્યને પોતાના ગુણના બળથી રાજાશ્રય મેળવવાની મહત્ત્વાકાંક્ષા હોય, તે પાટલિપુત્રની દિશામાં પ્રવાસ કરવાનો જ, એ નિશ્ચિત હતું. પાટલિપુત્ર વૈદિક ધર્મનું અગ્રસ્થાન હતું. નાના પ્રકારના યજ્ઞો અને બીજાં હવ્યકવ્યો ત્યાં નિયમિત રીતે થતાં રહેતાં હતાં. યજ્ઞધર્મનો અતિ પ્રસાર થવાથી તેમાં બલિદાન અપાતાં. પશુઓની દુર્દશા દેખીને સંઘૃણ હૃદય બુદ્ધિદેવે પ્રચલિત કરેલા અહિંસા ધર્મના પ્રસારકો પણ પાટલિપુત્રમાં કયાંક કયાંક પોતાના ધર્મ પ્રસારના કાર્યમાં મચેલા જોવામાં આવતા હતા અને તેમને તેમના કાર્યમાં થોડી ઘણી સફળતા પણ મળતી ચાલી હતી; પરંતુ એ તેમના અહિંસા ધર્મના પ્રસારનું કાર્ય થોડે ઘણે અંશે ગુપ્ત રીતે જ ચાલતું હતું. કારણ કે, વૈદિક ધર્મને રાજાશ્રય ઘણો જ બલવાન્ હોવાથી એ બિચારા નિરાધાર બુદ્ધ યતિઓને પોતાના ધર્મ કાર્યને આગળ વધારવાનાં જોઇએ તેટલાં અને તેવાં સાધનો મળી શકતાં નહોતાં. વિરુદ્ધ પક્ષે કવચિત્ કવચિત્ તેમની એ ધર્મ સંબંધી ખટપટોની રાજાના આશ્રિત પુરોહિતોને ખબર પડતાં જ તેમના પર જુલ્મ પણ થતો હતો, એવાં કેટલાંક વર્ણનો મળી આવે છે. હાલ તો આપણે પાટલિપુત્રનું એક બીજા જ પ્રકારનું વર્ણન આપવાના છીએ.

પાટલિપુત્રમાં અર્થાત્ સમસ્ત મગધસામ્રાજ્યમાં એ વેળાએ નંદ રાજાનો વંશજ ધનાનન્દ ઉર્ફ હિરણ્યગુપ્ત રાજા તરીકે સત્તા ચલાવતો હતો, એ વાંચકો જાણી ચૂકયા છે. એ રાજા ઘણો જ દાતા, શૂરવીર અને મહાન્ ગુણગ્રાહી છે, એવો કેટલાક દૂર દૂરના દેશોના લોકોનો જોકે અભિપ્રાય હતો, તો પણ ખરી રીતે જોતાં તે તેવો જ હતો, એ નિશ્ચયપૂર્વક માનવા માટે આપણી પાસે કશું પણ પ્રમાણ નથી. તે હૃદયનો ઘણો જ ક્ષીણ, કોઇ પણ વિષયમાં નિશ્ચય વિનાનો અને દુર્વ્યસની પણ હતો. દૂરના પ્રદેશોમાં તેની કીર્તિ ગમે તેટલી પ્રસરેલી હોય, છતાં તેણ પાસે વસનારા લોકોને તો તે બિલકુલ જ ગમતો નહોતો. પ્રાચીન કાળમાં શું કે આજે શું. રાજા એટલે પરમેશ્વરનો અવતાર જ, એવી સાધારણ લોકોની દૃઢ ભાવના છે, અને તે કાળમાં તો એ ભાવના વધારે મજબૂત હોવાથી રાજા ગમે તેવો દુર્ગુણી હોય, તો પણ તેને શિરસાવંદ્ય માનવામાં લોકો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારાસારનો જરા પણ વિચાર કરતા નહોતા. ધનાનન્દની દશા પણ એક દુર્ગુણી રાજાના જેવી જ હતી. એ રાજા બધી બાબતોનો નિકાલ પોતાના આસપાસના લોકોની સંમતિથી જ કરતો હતો. હીન બુદ્ધિના રાજાઓ પાસે કેવા પ્રકારના લોકો હોય છે, એ વાંચકોએ પ્રત્યક્ષ જોયા ન હોય તો તેમના વિશે કાંઇક પણ સાંભળ્યું તો હશે જ. રાજાની આસપાસ બધા વ્યસની અને લફંગા લોકો જ ભેગા થયેલા હોવાથી અને રાજાની પ્રીતિ મેળવવા માટે તેઓ ગમે તેવું ભૂંડું કામ કરવામાં અચકાતા ન હોવાથી રાજા રાજાને ઠેકાણે રહી જાય છે અને ખરા રાજાઓ એ ખુશામદીયા જ બની જાયછે. કોઇ પણ બાબતમાં જો પોતાનો મતલબ સાધવાનો હોય, તો રાજાને તે પ્રમાણે ઉપદેશ આપીને તેની મરજીથી જ પોતાના કાર્યને તેઓ સાધી લે છે. રાજા ઉપર પોતાનું વજન હોવા છતાં પણ તેને તેવો ભાસ તેઓ થવા નથી દેતા અને પોતાના વજન અને દાબને તેના મનપર કાયમ જ રાખે છે. રાજા માત્ર મનમાં જ સમજતો હોય છે કે, "હું સારું કે નઠારું ગમે તે કરવાને મુખત્યાર છું." પરંતુ તે બિચારાને ખરા મુખત્યારો કોણ છે અને તે પોતાની મુખત્યારી કેવી રીતે ચલાવે છે, એની કલ્પના માત્ર પણ હોતી નથી. ધનાનન્દની સ્થિતિ પણ એવી જ હતી. તેના જે જે ખાસ ખુશામદિયા પરિચારકો હતા, તેઓ પોતાની ઇચ્છામાં આવે, તે પ્રમાણે ગમે તે કૃત્યો રાજાના હાથે કરાવતા જતા હતા; અને રાજા માત્ર પોતાના મનમાં આવે તે પ્રમાણે હું બધું કરું છું, એવા વિચારથી પોતાના મનનું સમાધાન કરીને તેમાં જ અભિમાન માનતો હતો.

ધનાનન્દની સ્થિતિ એવી હોવાથી રાજ્યનું ગાડું ચલાવવામાં અમાત્ય (પ્રધાન) આદિ અધિકારી જનોને ઘણો જ શ્રમ વેઠવો પડતો હતો. તોપણ કેટલાક અમાત્યો પોતાની રાજકુળમાં રહેલી નિષ્ઠાને લીધે પોતપોતાનાં કર્ત્તવ્યો એકનિષ્ઠાથી કરીને જેમ તેમ દિવસો વીતાડતા જતા હતા. એ સમસ્ત અમાત્યોમાં રાજકુળમાં સર્વ કરતાં અધિક નિષ્ઠા રાખનારો અને રાજાના હિતમાટે પ્રાણ પાથરનારો એક રાક્ષસ નામનો પોતાના નામથી સર્વથા ભિન્ન સ્વભાવનો મુખ્ય અમાત્ય હતો. એનું રાજાપર પણ ઘણું જ સારું વજન પડતું હતું. બીજાઓના સંબંધમાં રાજા ગમે તેમ વર્ત્તતો હતો, પરંતુ રાક્ષસના વિષયમાં કોઇવાર પણ તેણે આડી ચાલ ચલાવી નહોતી. બીજા કોઇએ ગમે તેવી સલ્લાહ આપી હોય, પણ રાક્ષસનો જો તેથી વિરુદ્ધ અભિપ્રાય પડ્યો, તો બીજાનું કાંઇ પણ ન સાંભળતાં તે રાક્ષસના મત પ્રમાણે જ કાયની વ્યવસ્થા કરતો હતો. ધનાનન્દના માંડલિક રાજાઓમાંના કેટલાકોના મનમાં કોઇ પ્રસંગે પોતે જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનાનન્દના રાજ્યના સ્વામી બની બેસવાની મહત્વાકાંક્ષા થઈ આવતી હતી, પરંતુ "જ્યાંસુધી મગધદેશનું રાજ્ય રાક્ષસ ચલાવે છે, ત્યાંસુધી આપણી મહત્વાકાંક્ષાને મનમાં જ રહેવા દેવી જોઇએ. જો તેને સિદ્ધ કરવાનો યત્ન આદરીશું તો આપણું છે તેટલું રાજ્ય પણ ચાલ્યું જશે અને અંતે ભિક્ષાવૃત્તિનો પ્રસંગ આવી પહોંચશે." એવા વિચારથી તેઓ છાનામાના બેસી રહેતા હતા. મગધદેશમાં જો તે વેળા એ રાક્ષસ અમાત્ય ન હોત તો ધનાનન્દના રાજ્યનો કયારનોએ નાશ થઈ ગયો હોત અને તેને સ્થાને કંગ કિંવા કલિંગ દેશનો ભૂપાલ એ દેશમાં રાજ્ય કરવા લાગ્યો હોત. ધનાનન્દની એવી સ્થિતિ હોવાના કારણથી તેની પ્રજા પોતાના રાજાને કેટલી અને કેવીક આદરબુદ્ધિથી જોતી હશે, એની કલ્પના વાંચકોએ જ કરી લેવી. ખરેખર જો યુદ્ધનો કોઇ પ્રસંગ આવ્યો હોત, તો લોકો ધનાનન્દને છોડીને શત્રુઓને જઈ મળ્યા હોત કે નહિ? એ પ્રશ્ન જૂદો છે–કદાચિત્ તેઓ પોતાના જ રાજાના પક્ષમાં રહ્યા હોત અને સ્વરાજ્ય અને સ્વરાજ્યના અધિપતિના રક્ષણ માટે તેમણે તનમનથી પ્રયત્નો કર્યા હોત, પરંતુ વસ્તુતઃ સમસ્ત પ્રજાનો એક રાજામાં જેવો પ્રેમ હોવો જોઇએ તેવો તેનો પ્રેમ ધનાનન્દમાં નહોતો જ, એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કાંઇ પણ નથી. કેટલાકો તો તેને પ્રજાપીડ પ્રજાપતિની ઉપમા પણ આપતા હતા. તે હૃદયશૂન્ય અને બુદ્ધિહીન પ્રજાપાલ હતો.

એ વર્ણન તો જાણે ધનાનન્દ વિશે થયું. રાજા એ પ્રમાણે ક્ષીણ ચિત્તનો અને વ્યસની હોય, તો તેના રાજપુત્રો કેવા હોવા જોઇએ, એનું સાધારણ રીતે વાંચકો સહજમાં જ અનુમાન કરી શકે તેમ છે. તેના પુત્રો "બાપથી બેટા સવાઇ." એ કહેવત પ્રમાણે કેટલીક બાબતોમાં ધનાનન્દ કરતાં પણ ચાર ડગલાં આગળ વધેલા હતા. રાક્ષસના ભાર બોજાને લીધે એક મંત્રિમંડળ માત્ર સર્વથા નિષ્કલંક રહેલું હતું અને તેથી જ મગધદેશના રાજાની અને રાજસભાની કીર્ત્તિનો દૂર દૂરના દેશોમાં પણ પ્રસાર થએલો હતો. પરંતુ રાજસભામાંના પંડિતો વગેરે સ્વાર્થીજનો રાજાના મનને પોતાની ઇચ્છા અનુસાર ફેરવવા માટે તેટલા પ્રમાણમાં જ ખટપટો કર્યાં કરતા હતા અને તેમની એ ખટપટો કેવી રીતે ફળીભૂત થતી હતી, એનું થોડુંક ઉદાહરણ વાંચકોને ઉપક્રમના પૂર્વાર્ધમાં મળી ચૂક્યું છે, માટે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

સ્થિતિ ગમે તેવી હોય, પરંતુ પાટલિપુત્ર નગર દિગંતવિખ્યાત હતું અને તે કેટલાંક ખ્યાતિનાં યોગ્ય કારણો પણ હતાં. પાટલિપુત્ર એક ઘણું જ વિસ્તીર્ણ નગર હતું અને ત્યાંની લોકવસતિની સંખ્યા પણ ઘણી જ મોટી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રજાજનો તો અસંખ્ય હતા જ, પરંતુ તે ઉપરાંત ભગવાન્ સદ્ધાર્થે પ્રચલિત કરેલા અહિંસાધર્મના અનુયાયીજનો પણ થોડાઘણા પ્રમાણમાં ત્યાં વસતા હતા; વળી યવન, મ્લેચ્છ, બર્બર, હુણ, કિરાત, શક, ચીન, ગાંધાર, ખાસ, પારસિક અને કાબુલી ઇત્યાદિ લોકો પણ ત્યાં વ્યાપાર આદિના નિમિત્તથી આવીને નિવાસ કરી રહેલા હતા. એ મગધનગરી સંપત્તિવડે પણ સર્વદા ભરેલી હતી; તેમ જ સુંદર સુંદર ભવનો અને મંદિરો, ઉપવનો તથા અનેકવિધ શાળાઓથી પણ એની શોભામાં સારો વધારો થએલો હતો. સર્વ માર્ગો એવા વિવિધ મંદિરોથી શૃંગારેલા હોવાથી જ્યાં ત્યાં એ નગરીનું સ્વરૂપ મનને વેધી નાખનારું જ દેખાતું હતું. ધનાનન્દનું રાજમહાલય તો જાણે ઐશ્વર્ય અને સૌન્દર્યના ભંડારરૂપ જ હતું, એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કાંઇપણ નથી. સમગ્ર આર્યવર્તમાં જેટલી જેટલી સુંદર વસ્તુઓ મળી શકતી હતી, તે સર્વનો એ રાજમહાલયમાં સંગ્રહ કરવામાં આવ્યો હતો. આર્યાવર્ત્તના ભિન્ન ભિન્ન ભાગોમાં વસનારા ઉત્તમ કારીગરોને બોલાવીને રાજાએ એ વસ્તુઓ બનાવરાવી હશે એવું અનુમાન થઈ શકે છે. સારાંશ કે, તે સમયમાં જેટલી જેટલી ઉચ્ચ કળાઓ માનવામાં આવતી હતી, તે સર્વને ઉપયોગમાં લાવીને ધનાનન્દે અને તેના પૂર્વજોએ એ **શ્રીવિહાર** નામનું પોતાનું રાજમહાલય બંધાવેલું હતું. રાજસભામાંનું રહસ્ય ગમે તેવું હોય, પરંતુ નગરનું બાહ્ય સ્વરૂપ ઘણું જ સુંદર થએલું હતું, એમાં તો કશી પણ શંકા નથી.

જે પ્રમાણે નગરીની વ્યવસ્થા હતી, તે જ પ્રમાણે રાજાના સૈન્યની પણ વ્યવસ્થા હતી. રાજા બીજા વિષયોમાં ગમે તેમ વર્ત્તતો હતો, છતાં પણ તેણે સેનાપતિના અધિકારમાં કોઇવેળાએ પણ વચ્ચે પડવાનો પ્રયત્ન કર્યો નહોતો. રાજ્યકાર્યભારમાં જેવી રીતે રાક્ષસને, તેવી જ રીતે સૈન્યની વ્યવસ્થાના કાર્યમાં પોતાના સેનાપતિને જાણે તેણે સ્વતંત્ર અધિકાર જ આપી દીધો હોયને! એવો ભાસ થતો હતો. એ બે વાતો જો ન હોત તો ધનાનન્દ આટલાં વર્ષો સુધી પાટલિપુત્રના પવિત્ર સિંહાસને બેસી પણ શકયો ન હોત—એમ કહેવામાં કાંઈ પણ સંશય જેવું નથી જ.

અહીં સુધી પાટલિપુત્ર નગરનું અંતર્બાહ્ય વર્ણન થયું. હવે તેના સૌન્દર્યનું અથવા તો તેના સૌન્દર્યના કારણીભૂત અનેક વન ઉપવનોનું વર્ણન કરવા કરતાં આપણા કથાનકમાં વિશેષતઃ આવનારા એક પાત્ર સાથે વાચકોનો પરિચય કરાવવો, એ વધારે સારું અને યોગ્ય છે.

પૂર્ણ સંધ્યાનો સમય થએલો હતો. પુષ્પપુરી જેવી એક વિશાળ નગરીમાં એ વેળાએ મોટી ધામધૂમ હોય, તો તે સ્વાભાવિક છે. નગરીના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૂદા જૂદા મોટા બજારો તો માણસોની ભીડથી ઉભરાઈ જવા લાગ્યા હતા. કેટલાક ભાવિક આર્યો દીપોત્સવથી પોતાની દુકાનોને સુશોભિત કરવામાં અને દીપજ્વલન થયા પછી કાયા વાચા મનથી તે દીપદેવતાને નમસ્કાર કરવાના કાર્યમાં ગુંથાયલા દૃષ્ટિગોચર થતા હતા. સંધ્યાકાળના સમયે ખાસ કરીને ખપનારી અથવા આરામની ચીજો વેચનારા દુકાનદારો તો વધારે ધાંધલમાં પડેલા જોવામાં આવતા હતા. એ સાયંકાળે પાટલિપુત્રના પુષ્પવીથિકા નામના માર્ગમાં માળાકાર (ફૂલના હારો વેચનાર) ની દુકાને ગ્રાહકોની ઘણી જ ભીડ જામી હતી. જ્યાં ત્યાં નાગરિકો પુષ્પો લઈને જતા આવતા હતા–પ્રત્યેક દુકાને એવી જ ગિરદી હતી અને દીપાવલીના દિવસોમાં જેવી રીતે દીપોત્સવ કરવામાં આવે છે, તેવી જ રીતે સમસ્ત નગરમાં દીપોત્સવ થએલો સ્પષ્ટ દેખાતો હતો. એક પુષ્પવીથિકા વિના બીજા બજારોમાં એટલો બધો આપવા લેવાનો વ્યવહાર ચાલતો ન હોતો. પ્રત્યેક પ્રાસાદ (મોટાં ઘરો) માં નીચેથી તે ઠેઠ ઉપરના મજલા સુધી દીપોની પંક્તિઓ ગોઠવેલી હતી અને બારીઓમાં સ્ત્રીપુરુષો ઉભાં રહેલાં જોવામાં આવતાં હતાં–અર્થાત્ આજે નગરના જૂદા જૂદા બજારોમાંથી કોઇ પણ મહાન્ મંગલ સમારંભ પસાર થવાનો હશે જ, એવું સ્પષ્ટ અનુમાન કરી શકાતું હતું. એ સમારંભની શોભાને નિહાળવા માટે પ્રત્યેક સ્ત્રીપુરુષ અતિશય ઉત્સુક થએલાં હતાં; અને પ્રત્યેક વાતાયન (બારી) માં ઊભેલા યુવક યુવતીઓની અને માર્ગમાં હારબંધ ઊભા રહેલા બીજા જનોની દૃષ્ટિ એક જ દિશામાં લાગેલી હોય, એવો પ્રકાર દેખાતો હતો. આ બધો પ્રકાર શો છે, એ જાણવાની હવે વાંચકોને જિજ્ઞાસા થએલી હશે; પરંતુ તે જિજ્ઞાસા થોડા જ સમયમાં પૂરી થશે. હાલ તો પાટલિપુત્રનાં પ્રેક્ષકો પ્રમાણે વાંચકોએ પણ ધૈર્ય ધારવું જોઇએ. કોઇ પણ એવા એક મહાન સમારંભની વેળાએ અનેક પ્રકારના લોકોના અનેક પ્રકારના તર્કો થતાં અને કેટલીક ખોટી ગપ્પો ઉડતાં પ્રેક્ષકોની તે સમારંભને જોવાની ઉત્સુકતા ઘણી જ વધી જાય છે. પરંતુ પળવાર પછી તે ગપ્પની અસત્યતા પ્રકટ થતાં તેમની આશાનો ભંગ થઈ જાય છે. તેવી જ રીતે આ સમારંભને જોવા માટે ઉત્સુક થએલા પ્રેક્ષકોના સમુદાયમાં પણ કાંઇક પ્રકાર ચાલતો હોય, તેવો ભાસ થતો હતો. કાંઈ પણ કોલાહલ થતાં લોકો એકદિશામાં દોડવા માંડતા હતા, પોતાના પગોપર ઉંચા થઈ થઇને દૂરના પદાર્થોને જોવાનો પણ યત્ન કરતા હતા અને છતાં કાંઈ પણ જોવામાં આવે નહિ, એટલે કોલાહલ કરનાર અજ્ઞાત મનુષ્યને મનમાં ને મનમાં ગાળો આપતા હતા. બધી જગ્યાએ એવી વિચિત્ર ધામધૂમ ચાલી રહેલી જોવામાં આવતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધીમે ધીમે સમસ્ત નગર નખથી શિખા પર્યન્ત દીપોત્સવથી પ્રજ્વલિત થએલું દેખાવા લાગ્યું. ઊપર કહેલું જ છે કે, એ નગર તે વેળાએ ગંગા અને શોણ એ બે નદીઓના સંગમના મધ્ય ભાગમાં વસેલું હતું. અર્થાત્ એ નગરની બન્ને બાજૂએ સવેગ જળના પ્રચંડ પ્રવાહો વહેતા હોવાથી એ દીપોના પ્રતિબિંબ તે નદીપ્રવાહમાં પડવાથી જાણે નગરીની પ્રજાનો નગરીમાં સમાવેશ ન થઈ શકવાથી તે તપ્તસુવર્ણ પ્રમાણે પ્રવાહી રૂપથી સમસ્ત નગરને ઘેરીને ઊભી રહેલી હોયની! એવો ભાસ થતો હતો. અસ્તુ. ઘણા વખત પછી નગરથી પણ એક દૂરના ભાગમાંથી અનેક વિધ વાદ્યોનો ધ્વનિ આવતો સંભળાયો. તેથી નગરને છેડે બેઠેલા પ્રેક્ષકોનું ધૈર્ય ન રહેતાં તેઓ તે ધ્વનિ આવતો હતો, તે દિશામાં કોઇ એક પાણીના પ્રચંડ પ્રવાહ પ્રમાણે ગમન કરવા લાગ્યા. જેને તેને એ જ ઉત્સુકતા હતી કે, "એ સમારંભ પ્રથમ મારી દૃષ્ટિએ પડે." ક્ષણે ક્ષણે ઢોલ નગારાં અને તાસાંનો ધ્વનિ વધારે અને વધારે ખુલ્લી રીતે સંભળાવા લાગ્યો. એથી પ્રેક્ષકોના મનના કૌતુકની પણ વધારે અને વધારે વૃદ્ધિ થવાથી તેમનાં મુખમાંથી આનંદના ઉદ્ગારો બહાર નીકળવા લાગ્યા. વાજિંત્રોનો ધમધમાટ હવે એકદમ પાસે આવી પહોંચ્યો. અંતે મગધદેશના એક મોટા હાથીપરની વિજયધ્વજા લોકોને દેખાવા લાગી. તેની પાછળ અનેક વાદ્યો, કેટલાંક હાથીઓપર, કેટલાંક ઊંટોપર, કેટલાંક ઘોડાઓની પીઠે અને કેટલાંક પગે ચાલતા ઢાઢીઓની છાતી અને હાથમાં હોઇને તે સર્વનો એક સમયાવચ્છેદે ઘોષ થતો સાંભળવામાં આવતો હતો. એ વાદ્યો સો સવાસો જાતિનાં હતાં અને તેમની પાછળ પાયદળ સૈન્ય, તેની પાછળ અશ્વારૂઢ (ઘોડેસ્વાર) સૈન્ય અને તેની પૂઠે કેટલુંક ગજારૂઢ (હાથી પર બેઠેલું) સૈન્ય ચાલતું હતું. ગજારૂઢ સૈન્યની સમાપ્તિ થતાં તેની પાછળ એક મોટો ગજરાજ ધીમે ધીમે ચાલતો દેખાયો. એના પીઠપર બાંધેલી હીરા માણેકથી જડેલી સોનાની અંબાડીમાં ધનાનન્દ રાજાનો યુવરાજ પાટવી કુમાર બેઠેલો હતો, અને તેના સમક્ષ એક અવગુંઠનવતી કન્યકા પણ બેઠેલી હતી. પોતે ઉછાળેલાં પુષ્પો યુવરાજના શરીરપર પડવાં જ જોઇએ, એવા હેતુથી પુષ્પોનું સિંચન કરવાને જ એકઠા થએલા પ્રેક્ષકોમાં એટલી બધી ગડબડ થએલી હતી કે, પોતાનાં પુષ્પો ઊપર સુધી પહોંચશે કેવી રીતે, એનો વિચાર માત્ર પણ તેમને થયો નહિ હોય, એમ તેમની લીલાને જોઇ નિઃશંક જાણી શકાતું હતું. અહીંથી એ સમારંભ જે આગળ વધ્યો તે, એટલો તો ધીમે ધીમે ચાલ્યો કે, પાટલિપુત્રના અંતર્ભાગમાં પ્રવેશ કરીને તેને રાજમાર્ગમાં આવતાં બરાબર એક પ્રહર જેટલો સમય વીતી ગયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બે અઢી પ્રહરથી પ્રેક્ષકોએ ઊભા રહેવાનો શ્રમ વેઠ્યો હતો અને તેથી જો તેમના પગોમાં લોહી ઊતરવા માંડે તો તે સ્વાભાવિક હતું. પરંતુ આનંદની ઉત્સુકતા એક એવી વસ્તુ છે કે, તેમાં શ્રમ પણ વિશ્રાંતિ સમાન દેખાય છે. જેમ જેમ એ સમારંભ આગળ ચાલતો જતો હતો, તેમ તેમ લોકો પણ તેની સાથે જ આગળ વધતા જતા હતા.

## પ્રકરણ ૩ જું.

### મુરાદેવી.

આ મહાન્ સમારંભ ઘણા જ ઠાઠમાઠથી પાટલિપુત્રની પાસે આવી પહોંચતાં જ લોકોના મુખમાંથી આનંદના ઉદ્ગારો એટલા તો જોરથી નીકળવા લાગ્યા કે, સમસ્ત નગરમાં સર્વત્ર માત્ર આનંદના ઘોષની જ ગર્જના થતી જોવામાં આવી. રાજા વિશે પ્રજાનું મન તેનાં કેટલાંક કુકૃત્યોને લીધે ગમે તેટલું કલુષિત થએલું હોય, તોપણ મોટા મોટા ઉત્સવોના પ્રસંગે આવતાં પ્રજાજનો રાજાવિશેના તે પોતાના દુરાગ્રહને સર્વથા ભૂલી જાય છે અને તે ઉત્સવના આનંદમાં તલ્લીન બની જાય છે. મનુષ્ય માત્ર ઉત્સવને ચાહનાર હોય છે અને તેમાં પણ જો હાલના જેવો કોઈ મહોત્સવ હોય, તો તો પૂછવું જ નહિ. ધનાનન્દના સેનાપતિએ હરાવેલા એક દૂરના રાજાની એક રૂપગુણસંપન્ન કન્યાથી વિવાહ સંબંધ સાંધી, પોતાની તે નવવધૂને સાથે લઈ નગરપ્રવેશ કરતા પોતાના યુવરાજને આદર આપવા માટે થનારા મહોત્સવ કરતાં સાધારણ જનસમાજને વિશેષ આનંદ આપનાર એવો બીજો કયો મહોત્સવ હોઈ શકે વારુ? રાજાવિશેનો પોતાનો દુરાગ્રહ તો શું, પરંતુ સર્વજનો પોતાના શત્રુ સંબંધી દુરાગ્રહને પણ એ વેળાએ વિસરી ગએલા હોવા જોઇએ, એવો સ્પષ્ટ ભાસ થતો હતો. સમસ્ત જનોનાં નેત્ર અને કર્ણ કેવળ યુવરાજના સ્વાગત સમારંભમાં જ લાગી રહેલાં હતાં. માર્ગમાં ભીડ એટલી બધી થએલી હતી કે, બીજું કોઈ મનુષ્ય આણી તો શું, પણ એક કીટિકા પણ તેમાં પ્રવેશ કરી શકશે કે નહિ, એની પણ શંકા હતી. એ રાજ્યમાં-નિદાન એ નગરીમાં તો એ વેળાએ એવું એક પણ મનુષ્ય નહિ હોય કે, જેના મનમાં એ મહોત્સવથી આનંદ થયો નહિ હોય. જે જે માર્ગમાંથી તે યુવરાજ સમારંભપૂર્વક જવાનો હતો, તે તે માર્ગમાં બન્ને બાજૂએ પ્રેક્ષકોની અત્યંત ભીડ તો થએલી જ હતી, પરંતુ ચગદાઈ જવા માટે એ ભીડમાં ન આવતાં પોતપોતાના ઘરનાં છાપરાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર અને ઘરની બારીઓમાં ઊભેલી પાટલિપુત્રની સર્વાંગસુંદર સુંદરીઓનાં સુંદર આંખો અને સુંદર હસ્તાંજલિઓ યુવરાજના અંગપર કટાક્ષોની અને કુસુમોની વૃષ્ટિ કરવા માટે અત્યંત ઉત્સુક થએલી દેખાતી હતી. વચવચમાંથી નજરચૂકને લીધે કોઈ સુંદરીના હાથમાંનું પુષ્પ નીચે એકઠા થએલા લોકોમાંના કોઈના શરીરપર પડતાં તે અતિશય હર્ષિત થઈને ઉપર નજર કરતો હતો અને તેની પાસે ઉભેલો તેનો મિત્રસમાજ વિનોદથી તેને યુવરાજની પદવી આપીને ધન્ય ધન્યની વૃષ્ટિ વર્ષાવતો હતો અને જે સુંદરીના હસ્તમાંથી તે સુમન પડેલું હોય, તે સુંદરીને તે વારંવાર જોયા કરતો હતો, અર્થાત્ તે લજ્જાવતી લલના લજ્જિત થઈને લપાઈ જતી હતી. સારાંશ કે જ્યાં દૃષ્ટિ જઈે ત્યાં એ દિવસે એક હર્ષ, હર્ષ ને હર્ષવિના બીજો કોઈ પણ વિષય દૃષ્ટિગોચર થતો ન હોતો. પાટલિપુત્રના માર્ગોમાં વિનોદના અનેક પ્રકારો ચાલૂ હતા–શોકને તો હાલ તરત થોડા વખતને માટે ખાસ દેશવટો જ આપવામાં આવ્યો હતો–સર્વત્ર આનંદની જ છાયા પ્રસરેલી હતી.

સમારંભ પાટલિપુત્રને સીમાડે આવ્યો. ત્યાં આવતાં જ સર્વ વાદ્યોનો અધિક ઘોષ થવા માંડ્યો. અમુક એક પ્રકારના વાદ્યની એમાં ન્યૂનતા હતી, એમ તો હતું જ નહિ. યશોદુંદુભિ અને ભેરીએ સમારંભના મુખ ભાગને ગર્જાવી મૂક્યો હતો. એકનો શબ્દ બીજા મનુષ્યના સાંભળવામાં આવતો ન હોતો. સમારંભે સીમામાં પ્રવેશ કરતાં જ યુવરાજે અને નવવધૂએ નગરપ્રવેશ કરવા પહેલાં વાદ્યોનો જે જયઘોષ થયો, તે ઘોષની સાથે જ પાપી જનોની દૃષ્ટિથી વધૂવરનું રક્ષણ થવા માટે કેટલાંક પાડા આદિ પશુઓનાં બળિદાન આપવામાં આવ્યાં, અને તેમના રક્તનો પ્રવાહ નગરનાં દ્વાર પાસેથી વહી નીકળ્યો. યુવરાજ અને તેની અર્ધાંગનાનો નગરમાં પ્રવેશ થયા પછી, તે સમારંભ રાજમાર્ગમાં એક સરખો પરંતુ ધીમો ધીમો રાજમહાલયની દિશામાં આગળ વધવા લાગ્યો. એ વેળાએ બન્ને બાજૂએ આવેલાં પોતપોતાનાં ગૃહની બારીઓમાં ઊભેલી યુવતીઓનાં નેત્રકટાક્ષો, પુષ્પો અને લજ્જાની તે વધૂવરના શરીરપર એક સરખી વૃષ્ટિ થતી ચાલી હતી. એમાંનાં કેટલાંક પુષ્પો પુષ્પાંજલિ નાખનારી નારીઓનાં આનંદાશ્રુથી ભીંજાયલાં પણ પડતાં હતાં. પુષ્પાંજલિ સાથે કેટલીક તરુણીઓનાં મુખમાંથી નીકળતા ધન્યોદ્ગાર અને પ્રૌઢાઓનાં મુખમાંથી નીકળતાં આશીર્વચનો પણ તે વધૂવરના કર્ણદ્વારમાં પ્રવેશ કરતાં હતાં. એવી મહતી ધામધૂમથી તે સમારંભ રાજદ્વારપર્યન્ત આવી લાગ્યો, અને ત્યાં જાણે આનંદના સમગ્ર માર્ગોનું સંમેલન થએલું હોયની, તેવી રીતે નાનાપ્રકારથી રાજપુત્રનાં અભિનંદનોનો પ્રારંભ કરવામાં આવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ સર્વ આનંદનો મહોત્સવ ચાલતો હતો અને નાનાથી મોટાં સર્વ સ્ત્રીપુરુષો અનન્ય ચિત્તે રાજપુત્રનો સત્કાર કરતાં હતાં, એ ખરું; પરંતુ પ્રત્યેક નિયમનો એક અપવાદ તો હોય છે જ, એ નિયમ પ્રમાણે એ નિયમનો પણ એક અપવાદ હતો. રાજમંદિરમાં રહેતી એક રમણી માત્ર આનંદ–અશ્રુને સ્થાને દુઃખનાં અશ્રુ ગાળતી હતી. કદાચિત્ એમ પણ કહી શકાય ખરું કે, એ દુઃખાશ્રુમાં થોડો ઘણો ક્રોધનો પણ અંશ હતો. અંતઃપુરમાંની નાની મોટી સર્વ સ્ત્રીઓ ઉત્સવને ઊજવવા માટે અંતઃપુરના અગ્ર ભાગમાં આવી સમારંભ નિહાળી આનંદનો ઉપભોગ લેતી હતી. પરંતુ એ એક જ અબળા અંતઃપુરના પોતાના એકાંત નિવાસસ્થાનમાંના એક ખૂણામાં બેસી ડુસકે ડુસકે રડીને શોક કરતી હતી. તેના મનનું સમાધાન કરવાને માત્ર એક પ્રૌઢ વયની દાસી તેની પાસે બેઠેલી હતી. તે તેના ચિત્તને શાંત કરવાનો પ્રયત્ન કરતી હતી અને આનો શોક વધારે ને વધારે વધતો ચાલ્યો હતો. એ શોકનું કારણ શું હશે? સમસ્ત પુષ્પપુરીમાં મનુષ્ય માત્ર યુવરાજના વિવાહ માટે આનંદોત્સવ કરતાં હતાં અને એ એકલી જ અબળા એટલા બધા વિલક્ષણ શોકમાં શા માટે પડેલી હશે? એવો જિજ્ઞાસાયુક્ત પ્રશ્ન સ્વાભાવિક રીતે આપણા હૃદયમાં ઉદ્ભવવાનો સંભવ છે. આખું નગર એક બાજુ અને એ એક જ અબળા બીજી બાજૂ, એવી એ વિલક્ષણ સ્થિતિ થવાનું ખરેખર કોઈ પણ મહાન્ બલવાન્ કારણ હોવું જોઈએ, એ ખુલ્લું જ છે. એ સુંદરીના એ વેળાના શોકોદ્ગાર અને તેના મનનું સમાધાન કરનારી બીજી પ્રૌઢા નારીનું ભાષણ જો આપણે સાંભળીશું, તો એ કારણને સહજમાં જ સમજી શકીશું. શોક કરનારી સુંદર સ્ત્રી શુમારે ત્રીસ પાંત્રીસ વર્ષની હશે. તે ઘણી જ સ્વરૂપવતી હતી, એ તો સ્પષ્ટ જ દેખાતું હતું. બીજા સર્વ જનોએ મહોત્સવના પ્રસંગને ઉચિત અલંકાર-વસ્ત્રો પરિધાન કરેલાં હતાં, પરંતુ એ પ્રમદાએ તો માત્ર એક જ શ્વેત વસ્ત્રથી પોતાના શરીરને આચ્છાદિત કરેલું હતું. એના કેશો છૂટા થઈ ગયા હતા, અને તેમાંના કેટલાક નેત્રો પર, કેટલાક સ્કંધ ભાગે અને બાકીના સર્વ પૃષ્ઠ ભાગે એવી રીતે અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડેલા હતા. શોકની આકુલતાથી અનેકવાર ભૂમિપર માથું પછાડેલું હોવાથી તેનો કપાલપ્રદેશ ધૂળથી ભરાઈ ગએલો દેખાતો હતો. બીજી સ્ત્રીએ તેની એવી સ્થિતિ જોઇને કાંઈક શાંતિકારક શબ્દોનો ઉચ્ચાર કર્યો. તે સાંભળીને ક્રોધિષ્ટ કામિની તેને કહેવા લાગી કે;—

"વૃંદમાલે! તું કરે છે તે સમાધાન ઠીક છે; પણ જે મહોત્સવ મારા પુત્ર માટે થવો જોઇએ, તે બીજીના પુત્ર માટે થએલો જોઇને મારા અંતઃકરણની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેવી સ્થિતિ થઈ હશે, એની કલ્પના તને તે કયાંથી હોઇ શકે વારુ? હું રાજકન્યા છતાં આ અંતઃપુરમાં મારી દાસીની પણ દાસી જેવી દશા કરી નાખવામાં આવી છે. હું કિરાત રાજાની રાજપુત્રી, મારા પિતાની રાજ્યપર આક્રમણ કરીને સેનાપતિએ મારું હરણ કર્યું અને મને રાજાનાં ચરણમાં અર્પણ કરી. રાજાએ મારી સાથે ગાંધર્વવિવાહ કર્યો અને મેં એક પુત્રને જન્મ આપ્યો. એ સમસ્ત પ્રકાર થઈ ગયા પછી કેવળ દ્વેષથી જ બીજી રાજરાણીઓએ મારા માટે કુભાંડ રચીને મને વૃષલી ઠરાવી, અને મારા પુત્રને યુવરાજપદ અપાવવાનો હું પ્રયત્ન કરીશ, એમ જાણી તેના જન્મ વિશે નવી નવી શંકાઓ ઉઠાવી તે શંખીનીઓએ અંતે મારા પુત્રનો ઘાત કરાવ્યો. એ બનાવને વર્ષો થઈ ગયાં છતાં પણ હું ભૂલી શકી નથી. મારા અંતઃકરણમાં મેં જે વૈરાગ્નિને ભડકેલો જ રાખ્યો છે, તે આવી વેળાએ પોતાની જ્વાળાને બહાર કાઢે, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. મને વૃષલીના નામથી બોલાવનારી પોતાના પુત્રને યુવરાજપદવી અપાવીને મહોત્સવથી આજે મલકાય અને મારા જેવી એક સત્ય અધિકારિણી ધૂળમાં રગદોળાય? મારાથી બીજું શું થઈ શકે એમ હતું? મારા પિતા મૌર્યવંશીય કિરાત રાજા ત્યાંથી યવનોએ અને અહીંથી હિરણ્યગુપ્તે છળ કરવાથી તે સેનાપતિને શરણે આવ્યા. એનો લાભ લઈ મારું હરણ કરીને મને વૃષલી અને મારા પુત્રને વૃષલીપુત્ર નામ આપ્યું! એટલું જ નહિ પણ તેના જન્મ વિશે અસત્ય શંકાઓ કાઢીને મારા નામ અને કુળને કલંક લગાવ્યો!! મારા સંતાન અને મારો વિયોગ કરાવીને તે નિર્દોષ બાળકનો દુષ્ટોએ ઘાત કરાવ્યો! વૃંદમાલે, એ સઘળા હૃદયને ફાડી નાખનારા બનાવોની મારા ચિત્તમાંથી વિસ્મૃતિ થશે? ના. જો મારા હૃદયને જ બહાર કાઢી તોડી ફોડી બાળીને ખાક કરી દેવામાં આવે, તો કદાચિત્ એનું વિસ્મરણ થાય તો થાય. બાકી જ્યાં સુધી આ હૃદયનું અસ્તિત્વ છે, ત્યાં સુધી તો કોઈ કાળે પણ હું એ બનાવોને ભૂલી શકનાર નથી જ !!!"

એમ બોલીને એ સ્ત્રી વિશેષ અને વિશેષ શોક કરવા લાગી અને કોપના આવેશમાં રાજાને અને યુવરાજને અશુભ શાપો પણ આપવા લાગી. તેથી તે બીજી સ્ત્રી વારંવાર તેના મનનું સમાધાન કરતી તેને કહેવા લાગી કે "દેવી! તું કહે છે, તે બધી વાત ખરી. પરંતુ થોડો વિચાર કર. આજના આ તારા કોપની વાત જો કોઇ રાજાને જઇને કહી સંભળાવે, તો પ્રસંગ કેવો વિકટ આવે? તારા ઉપર કેટલો બધો અત્યાચાર થાય વારુ? કાંઇક વિચાર કર. રાજાના મનમાં કાંઈ પણ ઊંધું ચત્તું આવશે, તો પહેલાં પ્રમાણે પાછો તે તને કારાગૃહમાં મોકલાવશે અને દુઃખોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃષ્ટિ વર્ષાવશે. આ મહોત્સવ પ્રસંગે જો તું તારા મનોવિકારને દબાવી નહિ રાખે અને આ વાત રાજાના સાંભળવામાં આવશે, તો ખરેખર રાજા તને ક્ષણમાત્ર પણ ક્ષમા કરનાર નથી. રાજાની કૃપા અને અવકૃપા માત્ર યત્કિંચિત્ કારણોપર જ આધાર રાખે છે. કૃપા થવાને જેમ કોઇપણ જેવું તેવું કારણ પૂર્ણ થાય છે, તેમ જ અવકૃપા માટે પણ તેટલું જ કારણ જોઇએ છે. વળી તારું ભૂંડું ચાહનારા પણ કાંઇ થોડા નથી! આજ પળે તારામાટે ચાડી ચુગલી તો ચાલતી જ હશે. આ વેળાએ રાજાની પુનઃ તારાપર ઇતરાજી કરાવવા માટે—"સુરાદેવી મહોત્સવમાં નથી. તે એક ખૂણામાં બેસીને આ મંગલ સમયે અમંગલસૂચક રોદન કર્યાં કરે છે," એવી રીતે તેના કાનોમાં વિષ રેડીને તારા શિરે કાંઇક પણ સંકટનું વાદળ લાવવાનો તેમનો પ્રયત્ન ચાલતો જ હશે. માટે તું આમ ન કર. જે બનાવ બની ગયો, તેને માટે વૃથા શોક કરવાથી શો લાભ થવાનો છે? એથી લાભ કાંઇપણ ન થતાં વિરુદ્ધ પક્ષે વિનાકારણ તારી કાંઇક પણ ભયંકર હાનિ જ થવાની. સાંભળ—આમ ન કરતાં તું મારી સાથે ચાલ અને બીજી સર્વ સ્ત્રીઓ બેઠેલી છે ત્યાં જઇને બેસ. આવા શુભ સમયે માત્ર આપણે જ સર્વના આનંદમાં વિઘ્ન નાખીએ છીએ, એવો આરોપ વિના કારણ પોતાના શિરે શા માટે લઇ લેવો જોઇએ?"

પરંતુ વૃંદમાલાનું એ ભાષણ સુરાદેવીને બિલ્કુલ ગમ્યું નહિ. તે તો એથી વળી વિશેષ સંતાપ પામીને વૃંદમાલાને ઉદ્દેશીને બોલી કે "તું આ શું કહે છે? મારા શિરે એવો તે હવે અશુભ પ્રસંગ શો આવવાનો છે? સર્વથી વધારે અશુભ પ્રસંગ મરણનો કહેવાય છે, તે પણ જો આવે તો તેની પણ મને જરાય ભીતિ નથી. મારી અપકીર્ત્તિનો પ્રસંગ આવ્યો અને મારા પુત્રનો ઘાત થયો, ત્યારથી તે આજ સુધીમાં એવો એક પણ દિવસ ગયો નથી, કે તે પ્રસંગની સ્મૃતિ મને ન થઈ હોય અને મારું અંતઃકરણ ચીરાઈ ગયું ન હોય! અને હવે તેથી વિશેષ અશુભ પ્રસંગ તે શો આવવાનો હતો? જો મરણ આવે, તો પણ સારું કે આ ચિંતામાંથી મારી સદાને માટે મુક્તિ થઈ જાય. જીવતાં રહીને દુઃખ ભોગવવા કરતાં મરણનું એક વેળાનું દુઃખ વધારે સારું. તેમને કહે કે, મારો વધ કરે અથવા તો મને શૂળીએ ચઢાવે—જા—રાજાને બીજા કોઇએ મારી આજની સ્થિતિના સમાચાર ન આપ્યા હોય, તો તું આપી આવ. જા—મને એથી કાંઇપણ માઠું લાગનાર નથી. હું તો મરણને બોલાવતી જ બેઠી છું, પણ તે પીટયું આવતું જ નથી. મારાથી બ્હીને તે તો દૂર દૂર જ ન્હાસતું ફરે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરાદેવીનાં એ વચનો સાંભળીને વૃંદમાલા તો સ્તબ્ધ જ બની ગઈ. હવે શું બોલવું એ તેને સૂઝયું નહિ. મુરાદેવીના શાપ, કોપ અને સંતાપને વ્યાપાર જેવો ને તેવો જ ચાલૂ હતો. "મારા પુત્રનો મારા શત્રુઓએ ઘાત કર્યો–તેમ જો થયું ન હોત, તો આજે તે સોળ સત્તર વર્ષનો થયો હોત અને મારાપર જે આરોપ કરાયો હતો, તે જો ન કરાત, તો આજે હું પટ્ટરાણી થવાને ભાગ્યશાલિની થઈ હોત–મારો જ પુત્ર યુવરાજ થયો હોત. એ સર્વ સુખની આશાઓ સ્વપ્નવત્ થઈ ગઈ અને આજે આ અસહ્ય દુઃખદ દશામાં હું આવી પડી." ઇત્યાદિ અનેક વિચારો તેના મનમાં આવતાં તેને અનુસરતા ઉદ્ગારો પણ તેના મુખમાંથી બહાર નીકળતા હતા. એવી સ્થિતિમાં કોઈ પણ તેના મનનું સમાધાન શું કરી શકે? તેને તેની ઇચ્છા અનુસાર શોક કરતી બેસી રહેવા દેવી, એ જ તેને માટે કદાચિત્ મહાન્ સમાધાન થઈ શકે એ શકય હતું. અંતે એ જ વિચાર કરીને વૃંદમાલા પોતાની સ્વામિની સમક્ષ સ્વસ્થ થઇને બેસી રહી.

શોક કરતી મુરાદેવી વૃંદમાલાને અનુલક્ષીને એકાએક બોલી ઊઠી, "વૃંદમાલે! બનવાની હતી તે વાત બની ગઈ. હું આજ દિવસ સુધી સ્વસ્થતા ધારીને બેસી રહી, એ મેં મહામૂર્ખતા કરી છે. પણ હવે પછી એવી રીતે હું સ્વસ્થ થઇને બેસવાની નથી. જેને આજે આટલા બધા સમારંભથી યુવરાજની પદવી આપવામાં આવે છે, તેને હું આ પાટલિપુત્રના રાજ્યનો ઉપભોગ કદાપિ લેવા દેનાર નથી, એ મારો નિશ્ચય થઈ ચૂકયો છે. જો હું ખરી રાજપુત્રી હોઇશ, તો હવે આકાશપાતાળને એક બનાવીને એના શિરે હજારો સંકટો આણીશ; અને અગત્ય પડશે તો એ રાજપુત્રનો ઘાત પણ કરીશ. હું જ મૂર્ખ કે અત્યાર સુધી મૌન્ય ધારી બેસી રહી. હું રાજાની પ્રીતિ પાછી મેળવીશ–રાજાએ પ્રથમ જ્યારે મારી જોડે વિવાહ સંબંધ કર્યો, તે વેળાએ હું એક અજ્ઞાન અને મુગ્ધા નારી હતી. તે વેળાએ કૃત્રિમતા એટલે શું, એની મને જરા પણ જાણ હતી નહિ; પરંતુ હવે હું તેવી નથી. હવે તો હું નખથી શિખા પર્યન્ત કૃત્રિમતાની મૂર્ત્તિ જ બની ગઈ છું, એમ તારે જાણી લેવું, આટલાં વર્ષ મેં સ્વસ્થતામાં ખોયાં, એ માટે હવે મને પૂરો પશ્ચાત્તાપ થવા લાગ્યો છે. પરંતુ બન્યું તે બન્યું. કિરાત રાજાની કન્યા હું મુરા–જો પુનઃ આર્યપુત્રની કૃપા મેળવીને તેના ચિત્તની સ્વામિની ન થાઉં અને તે પણ એક ચાર મહિનાની અંદર જ–તો તને સાથે લઇને હિમાચલના અરણ્યમાં તારા સમક્ષ અગ્નિકાષ્ટનું ભક્ષણ કરીને મારા પ્રાણની આહુતિ આપીશ, એ વિશે તારે જરા પણ શંકા કરવી નહિ. પરંતુ એ પ્રસંગ આવવાનો નથી. હું મારી પ્રતિજ્ઞા પ્રમાણે અક્ષરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અક્ષર સર્વ કાર્ય કરીશ. આર્યપુત્રનો અનુરાગ પાછો મેળવીશ અને હું ઇચ્છીશ તે તેના હાથે કરાવીશ, એમાં તિલમાત્ર પણ શંકા નથી. રાજરાણીઓમાંની એકના પણ પુત્રને હું રાજ્યાસન ભોગવવા દઇશ નહિ. કિરાતવંશના ધનુર્ધરને અહીં લાવીને મહારાજાને હસ્તે તેને જ રાજ્યનો અધિકારી બનાવીશ. જો મહારાજે તેને પોતાના પછી મગધરાજની પદવી આપવામાં કાંઈ પણ આનાકાની કરી, તો તેને પણ સિંહાસન પરથી દૂર કરીને તેને આસનનો અધિકારી બનાવીશ જ.

"મારા શરીરમાં આજે કોઈ દૈવીશક્તિએ સંચાર કરેલો છે, એમ જ તારે સમજવાનું છે. હું પૂર્વે જે મુરાદેવી હતી તે મુરા નથી. મારામાં વૃષલીત્વની સ્થાપના કરીને મારો જે છળ કરવામાં આવ્યો છે અને જેમના દ્વેષથી મારા પુત્રનો ઘાત થયો છે, તે સર્વ રાજમહિલાઓને વૃષલી બનાવીશ. તેમને દાસીઓની પણ દાસીઓ બનાવીશ–એના કરતાં વધારે હવે હું કાંઈ પણ બોલી શકતી નથી. ચાલ–તારી સાથે હું આવું છું. મારા શોકને હું છૂપાવી રાખું છું, કોપને દેશનિકાલ કરું છું અને દુઃખથી મ્લાન થએલા મુખને મંદ સુહાસ્યથી વિલસિત કરું છું. હમણા સુધી વ્યર્થ ગાલિપ્રદાન અને શાપ આપવામાં રોકાયલી જિહ્વાને હું નાના પ્રકારના અભિનંદન પ્રદર્શક નાગરિક ભાષણો કરનારી બનાવી દઇશ. પરંતુ અંતઃકરણમાં તો મારો ક્રોધ તેવી જ રીતે જાગૃત રહેવાનો, અને તેમાં રાખવું જોઇએ તેટલું કપટવિષ ભરી રાખીને જ્યારે તેને બહાર કાઢવાની વેળા આવશે ત્યારે મધુર ભાષણરૂપી અમૃતમાં વીંટાળીને હું બહાર કાઢીશ. હવે પછીની અત્યંત કપટપટુ, સ્વાર્થ વિના બીજા કોઇપણ વિષયમાં જેની દૃષ્ટિ નથી એવી, જેનાં પ્રત્યેક ભાષણ, પ્રત્યેક ચલન, પ્રત્યેક વલન અને પ્રત્યેક વીક્ષણમાં માત્ર સ્વાર્થસાધનની જ ભાવના સમાયલી છે અને પોતાના વૈરીઓના નાશમાટે આર્યપુત્રને મોહજાળમાં ફસાવીને પોતાની ઇચ્છા પ્રમાણે પ્રત્યેક કાર્ય તેની સહાયતાથી સાધી લેવાને જે ઉદ્યુક્ત થએલી છે, એવી આ મુરાદેવીનો તું પોતાની સ્વામિની તરીકે સ્વીકાર કર–મારી કુટિલ નીતિ જો તને ગમતી હોય, તો મારી સેવામાં રહે–નહિ તો બીજી સ્ત્રીઓ પ્રમાણે તું પણ મારી વૈરિણી થા. મારી સેવામાં તું રહી, તો કઇ વેળાએ કયું દુષ્કૃત્ય, અને કયું અનન્વિત કૃત્ય તારે કરવું પડશે, એનો નિયમ રહેવાનો નથી. જો–વિચાર કર."

એ વાક્યો ઉચ્ચારતી વેળાએ મુરાદેવીની મુખચર્યામાં ખરેખર જ એક પ્રકારનો વિલક્ષણ ફેરફાર થઈ ગએલો દેખાતો હતો. તેની એવી બદલાયલી સ્થિતિને જોઇને વૃંદમાલા પણ ચકિત થઇ ગઈ અને એક ધ્યાનથી તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખને જોઈ રહી. "મંથરાના અંગમાં જેવી રીતે કલિનો સંચાર થયો હતો, તેવી રીતે સુરાદેવીના શરીરમાં પણ ખરેખર તેવી જ કોઈ શક્તિનો સંચાર થએલો છે." એવો વૃંદમાલાને ભાસ થયો-તેનાથી કાંઈ પણ બોલી શકાયું નહિ.

## પ્રકરણ ૪ થું.

### બુદ્ધભિક્ષુ.

ચાણક્ય પોતાના આશ્રમને છોડી નીકળ્યા પછી કેટલેક દિવસે મગધદેશમાં આવી પહોંચ્યો. મગધદેશમાં આવતાં જ તેના મનમાં વિચારોની આ પ્રમાણેની પરંપરા ઉદ્‌ભવવા લાગી. "મારા શિષ્યદ્વારા મગધદેશને પરાજિત કરવાનો છે, પરંતુ એ કાર્ય, સૈન્ય લાવી ધનાનન્દનો પરાજય કરીને સાધી શકાય તેવું નથી. કારણ કે, મગધદેશનો સેનાપતિ અને તેનું સૈન્ય ઘણાં જ મોટાં અને અજેય છે. મારા શિષ્યની સેના એટલે ભિલ્લ, કિરાત અને એવા જે બીજા જંગલી લોકોની બનેલી સેના-તેમની પાસે ધનુષ્ય બાણ, પરશુ, કરવાલ ઇત્યાદિ હથિયારો ઉપરાન્ત બીજાં હથિયારો નથી અને તેમની સંખ્યા પણ ઘણી જ ઓછી છે. એવી સ્થિતિમાં સૈન્યને લાવી મગધદેશપર ચઢાઈ કરવી, એટલે પોતાનો નાશ પોતાના હાથે જ કરી લેવા જેવું છે. માટે મારે મગધદેશમાં રહીને અહીંની અંતર્વ્યવસ્થામાં કેટલો ભેદ થવો શક્ય છે, તે જોવું જોઇએ. કોઈ અલ્પ બળવાળા મનુષ્યની એક મજબૂત ઘરને તોડી પાડવાની ધારણા હોય, તો તેના પર બહારથી પ્રહાર કરવાને બદલે નીચેથી તેવા પાયાને નિર્બળ કરી રાખવાની પ્રથમ વ્યવસ્થા કરવી જોઇએ અને પછી પ્રહાર કરવો-એટલે એકદમ તે ઘર જમીનદોસ્ત થવાનું જ. એ યુક્તિ વિના ઇષ્ટ હેતુ સાધ્ય થઈ શકે તેમ નથી. અર્થાત્ ધનાનન્દના રાજ્ય પર ખુલ્લી રીતે આક્રમણ કરવા પહેલાં તેના અંદરના પાયાને કોતરીને પોકળ બનાવી દેવો જોઇએ. તેના જે આધારસ્તંભો હોય, તેમને કાઢી લેવા જોઇએ અને જે જે શક્તિમાન્ મનુષ્યોનો કોઇ પણ કારણથી રાજા ઉપર કોપ થએલો હોય, તે સર્વેને વશ કરીને પોતાના પક્ષમાં લઈ લેવા જોઇએ. એવી રીતે અંદરની બધી વ્યવસ્થા થઈ કે, પછી બહારથી ફટકો લગાવવાનો જ વિલંબ. સારાંશ કે પછી આપણી ઇચ્છા પ્રમાણે ન થાય એવું કાંઈ પણ નથી રહેવાનું. માટે મારે જે બુદ્ધિ પરાક્રમ કરવાનું છે, તે એટલું જ કે, પ્રથમ ધનાનન્દનાં મર્મસ્થાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્યાં છે, તે શોધી કાઢવાં જોઇએ. એ કાર્ય સાધ્ય થઇને રાજાનાં મર્મસ્થાનો જો હાથમાં આવ્યાં, તો પછી આઘાત કરીને ધનાનન્દને જર્જરિત કરવામાં કશી પણ કઠિનતા પડે તેમ નથી." એવો વિચાર કરીને જ ચાણક્ય પાટલિપુત્રમાં આવ્યો હતો. "હું પાટલિપુત્રમાં ગયો અને ખટપટમાં લાગ્યો, તો કોઈ મને ઓળખી તો નહિ કાઢે?" એવી એકવાર તેના મનમાં શંકા આવી, પણ "હું રાજસભામાં માત્ર એકજવાર ગયો હતો, અને તેને પણ લગભગ આજે ત્રણ વર્ષ થવા આવ્યાં. માટે મને કોઈ ઓળખે એવો સંભવતો નથી જ અને કદાચિત્ કોઈ ઓળખશે જ, તો તે સમયે જોઇ લઇશું. કાર્ય કરવાની ઇચ્છા ધરનારે દૂર દૂરદૃષ્ટિ પહોંચાડીને પોતાને જે કાંઇપણ કરવાનું હોય તે કરવું જ; પ્રારંભમાં જ અનેકવિધ સંકટોની કલ્પના કરીને સર્વ કાર્યો સંકટરૂપ છે, એવું ચિત્ર પોતાનાં નેત્રો સમક્ષ ઊભું કરવાથી કાર્ય કોઈ કાળે પણ સિદ્ધ થતું નથી. માટે બુદ્ધિમાન્ પુરુષે સાધારણ વિચાર કરીને કાર્યોનો આરંભ કરવો અને પછી જેમ જેમ સંકટો આવતાં જાય, તેમ તેમ તેમના નિવારણના ઉપાયોની યોજના કરવી." એવા નિશ્ચયથી તે શંકાને મનમાંથી કાઢી નાખીને ચાણક્યે ઘણી જ ગંભીરતાથી પાટલિપુત્રમાં પ્રવેશ કર્યો.

પાટલિપુત્ર નગરમાં આવ્યા પછી હવે ઉતરવું ક્યાં? એનો તેને ઘણો જ વિચાર થઈ પડ્યો. કોઈ બ્રાહ્મણને ત્યાં જઇને ઊતરી શકાય તેમ હતું, પણ તેવા કોઈ બ્રાહ્મણથી તેનો પરિચય નહોતો. માટે પ્રથમ જે સ્થાન મળે ત્યાં જવું, એવો વિચાર કરીને તે શોણ નદીના તીરપરથી ચાલ્યો જતો હતો, એટલામાં સામેથી આવતા એક બુદ્ધભિક્ષુએ તેને જોયો. તેની મુખમુદ્રાપરથી તે ભિક્ષુક તત્કાળ પામી ગયો કે, "આ બ્રાહ્મણ કોઈ નવોસવો આવેલો પુરુષ છે અને તે ક્યાં ઉતરવું એના વિચારમાં હોય એમ જણાય છે." એ સમયમાં બુદ્ધભિક્ષુકોનો મગધદેશમાં થોડો થોડો પ્રસાર થવા લાગ્યો હતો અને બ્રાહ્મણ તથા ક્ષત્રિયોને પોતાના ધર્મમાં લાવવાનો તેમનો પ્રયત્ન ચાલૂ હતો. પરંતુ તેમના એ પ્રયત્નને અદ્યાપિ વિશેષ ઉગ્ર અને ભયંકર સ્વરૂપની પ્રાપ્તિ થએલી નહોતી—બુદ્ધધર્મ તે એક મોટું અરિષ્ટ છે, એવી હજી લોકોની ભાવના થએલી નહોતી. માત્ર કટ્ટા બ્રાહ્મણધર્મને માનનાર લોકો જ તેમનો તિરસ્કાર કરતા હતા. અર્થાત્ બુદ્ધભિક્ષુને જોતાં જ ચાણક્યની મુખચર્યા પ્રચંડ બની ગઈ; અને બુદ્ધભિક્ષુક હાસ્યયુક્ત મુદ્રા કરીને "નમો અરિહંતાણમ્" એમ કહીને તેની સમક્ષ આવી ઊભો રહ્યો. એથી તો ચાણક્યની મુખમુદ્રા અધિક તિરસ્કારયુક્ત બની, એ જોઇને બુદ્ધભિક્ષુને વધારે હસવું આવ્યું અને તેથી તે તેને કહેવા લાગ્યો કે, હે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણ શ્રેષ્ટ, તું મારો તિરસ્કાર કરે છે, તે હું સારીરીતે જાણું છું; પરંતુ પોતાનો જે તિરસ્કાર કરતો હોય, તેને જ સહાયતા કરવી, એવી મને બુદ્ધદેવની આજ્ઞા મળેલી છે-હું તે પ્રમાણે જ વર્તીશ. તું આ નગરમાં નવો આવેલો છે, એમ તારી ચર્યાને જોતાં સ્પષ્ટ જાણી શકાય છે. માટે તું મારી સાથે ચાલ-મારા વિહાર પાસે શ્રી કૈલાસનાથનું મંદિર છે ત્યાં હું તારા રહેવાની સઘળી યોગ્ય વ્યવસ્થા કરી આપીશ. તારું આવી રીતે આતિથ્ય કરવામાં મારા મનમાં કોઈ પણ પ્રકારની પાપબુદ્ધિ છે, એવી શંકા માત્ર પણ ન કરતાં નિશ્ચિન્ત રહેજે."

એ બુદ્ધભિક્ષુ પોતે વૃદ્ધ હતો અને તેનું એ ભાષણ ઘણા જ પ્રેમથી ભરેલું હતું. ચાણક્યને પણ ઉતારા માટે જગ્યાની જરૂર તો હતી જ. તેથી તેટલા સમયને માટે પોતાના બુદ્ધો માટેના તિરસ્કારને દૂર કરીને ચાણક્યે તે બુદ્ધભિક્ષુના આમંત્રણને સ્વીકારવાનો નિશ્ચય કર્યો અર્થાત્ તેનો સ્વીકાર કર્યો.

બુદ્ધભિક્ષુકે તેને પોતાના વિહારમાં લઈ જઇને પાસેના કૈલાસનાથના મંદિરમાં તેને રહેવાની બધી ગોઠવણ કરી આપી. બુદ્ધભિક્ષુના એ સત્કારનો તેણે ઘણા જ કષ્ટથી સ્વીકાર કર્યો. જોકે ચાણક્યના મનમાં તો એને માટે પશ્ચાત્તાપ થતો જ હતો; પરંતુ તે જ રાત્રે એક નવીન ચમત્કાર થવાથી તેનો તે પશ્ચાત્તાપ દૂર થયો અને તેને સ્થાને આનંદનો ભાવ આવીને વિલસી રહ્યો.

હમણાં જ આપણે કહી ગયા છીએ કે, એ સમયે ઉત્તરભારતવર્ષમાં બૌદ્ધ મતનો પ્રસાર કાંઈ ઘણા બળથી થતો નહોતો. પરન્તુ એ ધર્મમતની વિરુદ્ધ ગમે તેટલી ખટપટ કરીને તેનો પ્રસાર થાય, તે પહેલાં તો તેને છિન્ન ભિન્ન કરી નાંખવાના પ્રયત્નો પણ કાંઈ તેવા બળપૂર્વક પ્રચલિત થયા નહોતા. કવચિત્ કોઇ એક બ્રાહ્મણ, થોડાક ક્ષત્રિયો, તેટલા જ પ્રમાણમાં વૈશ્ય અને તેથી થોડાક અધિક શૂદ્રો ધીમે ધીમે બૌદ્ધધર્મમાં જતા હોય, એવાં ચિન્હો દેખાવા લાગ્યાં હતાં. પણ એ ઉપરથી કાંઈ એમ ધારવાનું નથી કે, સ્વધર્મના પ્રસાર માટે બુદ્ધભિક્ષુઓના પ્રયત્નો ચાલતા નહોતા, તેમના પ્રયત્નો તો ચાલૂ જ હતા; પરંતુ અદ્યાપિ બ્રાહ્મણ ધર્મી રાજા કિંવા બ્રાહ્મણ આચાર્યના પોતાના અથવા તો કુલપતિઓના મનમાં તેમનું પરિણામ થઈ શકે, એટલા બધા તે પ્રયત્નો પ્રબળ થયા ન હોતા. એ એક જેવો તેવો ગાંડો ધર્મ છે-કેટલાંક માણસો એને માને છે અને કેટલાક નથી પણ માનતા, એવી ભાવનાથી બૌદ્ધધર્મ પ્રતિ રાજ્યકર્ત્તાઓ દુર્લક્ષ કરી જતા હતા. માત્ર કટ્ટા બ્રાહ્મણો જ એનો બહુ તિરસ્કાર કરતા હતા અને તે એટલે સુધી કે, બુદ્ધના નામનું ઉચ્ચારણ કરવું, એ પણ તેમને પાપજનક ભાસતું હતું. પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમનું જડમૂળથી ઉચ્છેદન થવું જોઇએ, એટલી ભાવના સુધી તેઓ પણ પહોંચ્યા નહોતા. પાટલિપુત્રમાં આવતાં જ પ્રથમ બુદ્ધભિક્ષુનો ભેટો થયો અને તેણે જ આશ્રય આપ્યો, એ ચાણક્ય મુનિને સારું લાગ્યું નહિ, પરંતુ બીજી જ ક્ષણે તેના મનમાં એવો વિચાર આવ્યો કે, "જ્યારે મારે અહીં ગુપ્ત રહીને જ મારું કામ કરી લેવાનું છે, ત્યારે આની સહાયતા લેવી અને આની ન લેવી, એમ કરવાથી કશો પણ લાભ થવાનો નથી. વળી એ બુદ્ધભિક્ષુ મને કાંઈ પોતાના વિહારમાં આવવાનો આગ્રહ કરતો નથી. એણે મને શ્રીકૈલાસનાથના મંદિરમાં રહેવાની ગોઠવણ કરી આપી છે, તો પછી મારે વાંધો શા માટે કાઢવો જોઇએ?" એ વિચારથી બૌદ્ધો માટેના તેના તિરસ્કારમાં કાંઇક ન્યૂનતા થતી જોવામાં આવી.

શ્રી કૈલાસનાથનું મંદિર ઘણું જ વિશાળ અને રમણીય હતું. એ મંદિરની આસપાસ એક મોટું અને સુશોભિત ઉપવન શોભી રહ્યું હતું અને તેને પુષ્પવાટિકાના નામથી ઓળખવામાં આવતું હતું. એ પુષ્પવાટિકામાં અનેક સ્થળે બીજાં પણ કેટલાંક નાનાં નાનાં દેવાલયો જોવામાં આવતાં હતાં, અને તે પ્રત્યેક દેવાલયના અગ્રભાગમાં એક એક સુંદર પુષ્કરિણી (નાનું તળાવ) આવેલી હતી. એ પુષ્કરિણીઓ પાસે જ પોતપોતાનાં પવિત્ર આહ્નિક કર્મો કરવા માટે પાષાણનાં અનેક ઉચ્ચ આસનો બાંધેલાં હતાં અને તેમનાપર બેસીને બ્રાહ્મણો પોતાનાં કર્મો કરતા હતા. હિરણ્યવતી નામની એક નાનકડી નદી પુષ્પપુરીની એક બાજૂએ વહેતી હતી, તેમાંનું પાણી નળ બાંધીને એ પુષ્કરિણીઓમાં લેવામાં આવ્યું હતું. એવી જ રીતે એ પુષ્પવાટિકાના એક ભાગમાં એક કૃત્રિમ વન બનાવીને તેમાં દર્ભના રોપાઓ પણ વાવવામાં આવ્યા હતા. સારાંશ કે, કર્મનિષ્ઠ અને તપોનિષ્ઠ બ્રાહ્મણો માટે પોતાનાં પવિત્ર કર્મો શાંતિ અને સ્વસ્થતાથી કરવાને જેવું સ્થાન જોઇએ તેવું એ યોગ્ય સ્થાન હતું. બુદ્ધભિક્ષુની આજ્ઞા લઈને ચાણક્ય શ્રી કૈલાસનાથના મંદિરમાં ગયો અને તે મંદિરને જોતાં જ તેના મનમાં અવર્ણનીય આનંદ થયો.

ચાણક્યે પોતાનાં સર્વ આહ્નિક કર્મો કર્યાં અને એ કાર્યથી મુક્ત થતાં જ બુદ્ધભિક્ષુએ તેને પૂછાવ્યું કે, "ભોજન માટે સીધું મોકલું કે કાંઈ ફલ મૂળની વ્યવસ્થા કરું?" એનો હવે કેટલોક ઉપકાર લેવો, એ વિચારથી પુનઃ તેને સંકોચ થવા લાગ્યો અને અંતે તેણે "આહ્નિકની સમાપ્તિ થતાં હું આપની પાસે આવું છું. અને પછી જે વ્યવસ્થા કરવાની હશે તે કરીશું," એ પ્રમાણેનો સંદેશો કહાવ્યો. બુદ્ધભિક્ષુ પામી ગયો કે, "બ્રાહ્મણ મારી પાસેથી ભોજન સામગ્રી લેતાં સંકોચાય છે. પણ તે આવશે એટલે તેનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમાધાન કરીશું." એમ ધારીને તે સ્વસ્થ રહ્યો. ચાણક્ય પોતાના આહ્નિક કર્મની સમાપ્તિ કરીને "હવે શું કરવું?" એવા વિચારમાં ઊભો હતો, એટલામાં બુદ્ધભિક્ષુ તરફથી વળી પણ એક માણસ આવ્યો અને તેણે કહ્યું કે, "બ્રહ્મર્ષિના નિત્ય કર્મની સમાપ્તિ થઈ હોય, તો ભિક્ષુ વાટ જોતા બેઠા છે, માટે ત્યાં પધારવાની કૃપા કરશો." પ્રથમ તો આ બધાં પ્રકારથી ચાણક્યને એવી શંકા થઈ કે, આ બધો તે પોતાનો દંભ જ બતાવે છે, અને તેથી તેને ઝટકાવી નાખવાનો પણ તેણે વિચાર કર્યો. પરંતુ સત્વર જ તેનો એ વિચાર બદલાઈ ગયો. તેના મનમાં આવી ભાવનાઓ થવા લાગી, "હું આ નગરમાં જે કાર્ય માટે આવેલો છું, તે કાર્ય જો સિદ્ધ જ કરવું હોય, તો કઈ વેળાએ કોની સહાયતાની જરૂર પડશે, એનો નિશ્ચય નથી. માટે સ્વાર્થી મનુષ્યે અતિશય નીચ મનુષ્યથી તે ઉચ્ચતમ પદવીના મનુષ્ય પર્યન્ત સર્વનો સ્નેહ એક સરખી રીતે જ મેળવવો જોઇએ. નકામીમાં નકામી વસ્તુનો સંગ્રહ કરવો. અમુક વસ્તુ તો તુચ્છ અને તિરસ્કરણીય અને અમુક જ માત્ર સંગ્રહ કરવા યોગ્ય છે; એમ ધારવાથી પરિણામે હાનિનો જ સંભવ થાય છે. સર્વ વસ્તુઓનો અને સર્વ મનુષ્યોનો સમય આવ્યો કે સારી રીતે ઉપયોગ કરી શકાય છે." એવી રીતે મનમાં જ નીતિના વિચારોની શૃંખલાને ગોઠવીને તેણે પોતાની જિહ્વાને કાબૂમાં રાખી અને તે સંદેશો લઈને આવેલા માણસને "હું પાછળ પાછળ આવું છું. તું આગળ ચાલ." એવું શાંત ઉત્તર આપ્યું. થોડી જ વેળામાં ચાણક્ય તે બુદ્ધભિક્ષુ પાસે જઈ પહોંચ્યો.

બુદ્ધભિક્ષુ તો ચાણક્યની વાટ જોતો જ બેઠો હતો. તેણે ચાણક્યનું આગમન થતાં જ પોતે ઊઠીને નમસ્કારપૂર્વક તેનો સત્કાર કર્યો, અને પાછો ભોજન વિશે પ્રશ્ન કર્યો. એ પ્રશ્ન સાંભળતાં જ ચાણક્યના મનમાં પુનઃ કિંચિત્ સંકોચ થતાં તે બુદ્ધભિક્ષુને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "ભિક્ષો! આપ મને જો ધાન્ય આદિ પદાર્થો કયાં મળે છે, એટલું જ માત્ર બતાવશો અથવા તો બજાર કયાં છે, તે બતાવવાને પોતાનું માણસ સાથે આપશો, તો મારી પાસે પૈસા છે. હું ધાન્ય આદિ વેચાતું લઈ આવીને ભોજન કરીશ. આપે વિના કારણ મારા માટે શ્રમ લેવાની કાંઈ પણ અગત્ય નથી. આપે જે મને આટલી બધી સહાયતા આપેલી છે, એ પણ આપનું મારા શિરે કેટલું બધું ઋણ થએલું છે. વળી આપના જેવાનું ઋણ કદાપિ ફેડી શકાય તેવું નથી હોતું. કારણ કે, બદલાની આપના હૃદયમાં આશા જ નથી. ઉપકાર એવા મનુષ્યનો લેવો જોઇએ કે, કોઇ વાર આપણે પણ તેના પર ઉપકાર કરી શકીએ. માટે........"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાણકયનું એ ભાષણ સાંભળીને બુદ્ધભિક્ષુ કિંચિત્ હસ્યો અને એનું ઉત્તર આપતો બોલ્યો કે, "બ્રહ્મવર્ય! તારું બોલવું અક્ષરે અક્ષર સત્ય છે; પરંતુ કોઈ પણ અન્ન દાન આપતું હોય, તો તેનો અનાદર કરવો નહિ, એ બ્રાહ્મણોના કર્તવ્યને તું ભૂલી કેમ જાય છે? વળી હું તને કાંઈ રાંધેલું અન્ન આપતો નથી. ભગવાન્ ગૌતમે અમને એવો ઉપદેશ આપેલો છે કે, અતિથિનો સત્કાર કરવો, એ સર્વથી શ્રેષ્ઠ અને અત્યંત મહત્ત્વનું કાર્ય છે. આજે તું નવો સવો જ આ નગરમાં આવેલો છે, અને અત્યારે અપરાહ્ન કાળ થવા આવ્યો છે; માટે આજે તો અહીં જ ફળમૂળ આદિનો આહાર કરી લે. આવતી કાલે જેમ તારી ઇચ્છા હોય તેમ કરજે. હું તેમાં બિલ્કુલ હરકત કરનાર નથી. મારી વિનતિ એટલી જ છે કે, જ્યાં સુધી તું આ પાટલિપુત્રમાં હોય ત્યાં સુધી મારાથી જે આપી શકાશે, તે સહાયતા આપવાને તૈયાર છું. એ સહાયતા માગવામાં રંચમાત્ર પણ સંકોચ કરીશ નહિ. અમે ભગવાન્ બુદ્ધ દેવના શિષ્ય થયા, માટે અમારી અધમોમાં ગણના કરવાનું કાંઈ પણ કારણ નથી."

ભિક્ષુનું એ ભાષણ સાંભળીને ચાણકય એકદમ ચૂપ થઈ ગયો. ત્યાર પછી પોતાના મુખ આગળ ધરવામાં આવેલાં ફળ મૂળમાંથી જે કાંઈ ગમ્યું, તે લઇને તે પુષ્કરિણી પાસે ગયો અને ત્યાં બેસીને તેણે ફલ-આહાર કર્યો. ફલાહાર કરી લેવા પછી હવે શું કરવું? એના વિચારમાં લીન થઇને તે બેઠો. એટલામાં સૂર્યાસ્તનો સમય થયો. સર્વ મંદિરોમાં અને જૂદાં જૂદાં ન્હાનાં દેવાલયોમાં દીપકોને જાગૃત કરવામાં આવ્યા. ઉપવનમાંનાં વૃક્ષોમાં માળા બાંધીને રહેલાં સર્વ પક્ષીઓ પોતપોતાના માળાઓમાં પાછાં આવવા લાગ્યાં. એથી ચાણકય પોતાના સાયંસંધ્યા આદિ વિધિ કરી લેવાના પ્રયત્નમાં લાગ્યો. સર્વ વિધિ થઈ રહ્યા પછી તે મનસ્વી વિચાર કરવા લાગ્યો કે, "હું જે આ પાટલિપુત્રમાં આવ્યો છું, તે કાંઈ કેવળ બ્રહ્મ કર્મ કરીને ઉદર નિર્વાહ કરવા માટે આવ્યો નથી. ત્યારે આમ બેસી રહેવાથી શો લાભ? ધનાનન્દ રાજાના મર્મસ્થાનો કયાં કયાં છે અને તેના ઘરમાં બાકોરું પાડવાની જગ્યા કયાં છે તેમ જ કયા ઉપાયથી લોકોનું મન એનાથી વિરુદ્ધ થઈ શકશે, એ સઘળી વાતોનો મારે શોધ કરવાનો છે. એવી સ્થિતિ હોવાથી આપણે આના આતિથ્યનો સ્વીકાર કેમ કરવો અને આમ કેમ બની શકે? વિગેરેના વિચારનો આ સમય નથી. ગુરુ પુત્રને મૃતસંજીવનીનો લાભ થયો, તે શુક્રાચાર્યના ઉદરમાં પ્રવેશ કરવાથી જ થયો. ત્યારે મારે પણ આ મગધદેશના લોકો સાથે હળી મળીને અંતઃસ્થ રહસ્યો શાં શાં અને કેવાં કેવાં છે, તે જાણી લેવાં જોઇએ. એમ થશે, તો જ સર્વ પ્રકારની માહિતી મળતાં ભવિષ્યમાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યૂહની રચના કેવી રીતે કરવી, તે જાણી શકાશે. માટે હવે રહસ્યો કઢાવવાનો જે આરંભ કરવાનો છે, તેનું બુદ્ધભિક્ષુકથી જ મંગળાચરણ કરીએ તો શું ખોટું છે? પોતાના ધર્મનો પ્રસાર રાજકુળમાં પણ થાય એવી ભાવના તો એ બુદ્ધભિક્ષુના મનમાં પણ હશે જ. એથી રાજકુળમાં એકંદર શા શા વ્યવહારો ચાલે છે, એનું કાંઈક પણ જ્ઞાન એણે મેળવેલું હોવું જ જોઇએ. એ સર્વ કારણોને લીધે હાલમાં ચાર દિવસ—નહિ, મારી પ્રતિજ્ઞા પ્રમાણે નંદવંશનો જડમૂળથી ઉચ્છેદ કરીને મારા પ્રિય શિષ્યને મગધદેશના સિંહાસનપર બેસાડવાનું કાર્ય સિદ્ધ ન થાય,—ત્યાં સુધી આ કર્મકાંડને હવે હું બંધ રાખીશ. ક્ષાત્ર ધર્મ—મેં આજ સુધીમાં જો કે એ ધર્મને યોગ્ય કોઈ પણ કૃત્ય કરેલું નથી—પરંતુ. તે શિષ્ટ કૃત્યો શિષ્યના હસ્તે કરાવવાનાં છે—માટે તે ક્ષત્રિય ધર્મનું મારે આચરણ કરવું જોઇએ. અર્થાત્ એ કાર્યની સફળતા થાય, ત્યાં સુધી બ્રાહ્મણ ધર્મને થોડોક સંકુચિત કરી નાંખવો જોઇએ. આ બૌદ્ધધર્મનો ભિક્ષુ છે, માટે એની સાથે બોલાય નહિ અને એની સાથે વ્યવહાર રખાય નહિ, એ નિયમોનું અવલંબન મારાથી કેમ કરી શકાય? ચાલ ત્યારે હમણાં તો બુદ્ધભિક્ષુ પાસે જઇને વાતચિત કરતો બેસું. વખતે એમાંથી પણ કાંઈ સાર નીકળે, અને તે ઉપયોગી થઈ પડે—ઈશ્વરની ગતિ કોઈ જાણી શકતું નથી.” એવો નિશ્ચય કરીને ચાણક્ય બુદ્ધભિક્ષુના વિહારમાં આવી પહોંચ્યો અને બુદ્ધભિક્ષુએ આદર સત્કાર આપ્યા પછી બેસીને તેણે રાજસભા અને અમાત્યગણ વિશેની માહિતી મેળવવાના હેતુથી બે ચાર પ્રશ્ન કર્યાં. એથી ભિક્ષુનો એવો નિશ્ચય થયો કે, “આ બ્રાહ્મણ કેવળ રાજસભામાં પોતાનો પ્રવેશ કેવી રીતે થાય અને પોતાની સંભાવના કયા માર્ગે થઈ શકે, એવા હેતુથી જ આવા પ્રશ્નો પૂછે છે.” એવી ધારણાથી તે દૃષ્ટિએ તેણે પણ સર્વ માહિતી કહી સંભળાવી અને એવી સૂચના આપી કે, “રાજસભાના કેટલાક અમાત્યો પર જેમનું સારું વજન પડે છે, એવા કેટલાક ધનાઢ્ય શેઠો ગુપ્ત રીતે મારા શિષ્યો થએલા છે, તેમની પાસે તારી વાત કાઢીને હું તારો રાજસભામાં પ્રવેશ કરાવી આપીશ.” પોતાનો સત્ય હેતુ કોઇના જાણવામાં ન આવે, એવી ચાણક્યની ઇચ્છા હોવાથી તેણે પણ “આપ જો એટલો શ્રમ લેશો, તો મારું કાર્ય થઈ જશે.” એવા શબ્દો ઉચ્ચાર્યાં. અને રાત્રે પોતાના સ્થાને જવા માટે ઊઠવાની તે તૈયારી કરતો હતો, એટલે વળી પણ બુદ્ધભિક્ષુએ કહ્યું કે, ‘કેમ વહેલો વહેલો ઊઠે છે શા માટે? બેસ, મને હવે કાંઈ કામ નથી. પોતાની પણ કાંઈક વધારે માહિતી હોય, તો મને સંભળાવ.” તેના એ આગ્રહથી ચાણક્ય પાછો ત્યાં બેઠો. ભિક્ષુક તેને કાંઇક પૂછવાના વિચારમાં હતો, એટલામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક સ્ત્રી બુદ્ધભિક્ષુ પાસે આવી અને મહા ભક્તિથી નમસ્કાર કરીને કહેવા લાગી કે, "ભગવાન્ વસુભૂતિ! તમને એક વિનતિ કરવાને હું આવેલી છું-આપને પૂછીને એક ભેદનો મારે ખુલાસો કરવાનો છે. મારા મનમાં ઘણી જ ચિન્તા થઈ પડી છે. એક પખવાડિયા સુધી તો એ ભેદને ગમે તેમ કરીને મેં મારા મનમાં છૂપાવી રાખ્યો; પરંતુ આજ એવી ઇચ્છા થઈ આવી કે, આપને એ સર્વ વાત કહી સંભળાવવી અને આપનો એ વિશે શો અભિપ્રાય છે, તે જાણવો."

"વત્સે વૃન્દમાલે! તું આવી શુષ્ક કેમ બની ગઈ છે? તારા હૃદયમાં કોઈ ભયંકર ચિંતા જાગેલી હોય એમ જણાય છે, નહિ વારુ? સુરાદેવી તો શરીરે સ્વસ્થ છે ને?" બુદ્ધભિક્ષુએ તેને આશ્વાસન આપીને કુશળ સમાચાર પૂછ્યા.

સુરાદેવીનું નામ સાંભળતાં જ વૃન્દમાલા એકદમ કહેવા લાગી કે, "ભગવાન્! સુરાદેવી શરીરે તો સર્વથા સ્વસ્થ છે, પરંતુ તેનું અંતઃકરણ આજકાલ બહુ જ અસ્વસ્થ થએલું છે. કુમાર સુમાલ્યનો યૌવરાજ્યાભિષેક થયો, તે દિવસથી સુરાદેવીની ચિત્તવૃત્તિ પોતાના સ્થાનેથી ખસીને દૂર થઈ ગએલી છે."

વૃન્દમાલા આવી અને "એક ભેદનો મારે ખુલાસો કરવાનો છે," એમ તેણે કહ્યું, ત્યારથી જ ચાણક્યે ત્યાંથી ઊઠી જવાનો વિચાર કર્યો હતો; પરંતુ સુરાદેવીનું નામ સાંભળતાં જ, "કાંઈ પણ રાજવંશની વાત નીકળવાની છે." એવી ધારણાથી તે પાછો ત્યાં જ થોભી ગયો અને "કુમાર સુમાલ્યનો યૌવરાજ્યાભિષેક થયો, તે દિવસથી સુરાદેવીની ચિત્તવૃત્તિ પોતાના સ્થાનેથી ખસીને દૂર થઇ ગએલી છે," એ વાકયને સાંભળીને તો તેણે ત્યાં જ બેસીને તે શો વૃત્તાંત કહે છે, તે સાંભળવાનો નિશ્ચય જ કર્યો. વૃન્દમાલા હવે વસુભૂતિને શું કહે છે અને વસુભૂતિ વૃન્દમાલાને શું કહે છે, તે સાંભળવાને તેનાં કર્ણો ઉત્સુક થઇ રહ્યાં. ચાણક્ય મહા ચાણક્ય હતો, એમ કહીશું તો એ કહેવું કાંઇક વિલક્ષણ જ કહેવાશે; કારણ કે, એનો અર્થ ચાણક્ય ચાણક્ય હતો એટલો જ થાય છે—અર્થાત્ ચાણક્ય એ શબ્દ મહાધૂર્ત્ત અને ચતુર બ્રાહ્મણના નામનું અપભ્રષ્ટ રૂપ ધારીને જ આપણી ગુજરાતી ભાષામાં આવેલો છે. માટે ચાણક્યને બીજી તે શી ઉપમા આપી શકાય? વૃન્દમાલા તે સુરાદેવીની દાસી હોવી જોઈએ અને કુમાર સુમાલ્યનો યૌવરાજ્યાભિષેક થવાથી સુરાદેવીને મત્સરપિશાચે પછાડેલી હોવી જોઇએ, એવો ચાણક્યને સ્પષ્ટ ભાસ થયો. "જો મારી કલ્પના સત્ય હોય, તો તો જાણે આપણને આ એક ઘણી જ હિતકારક માહિતી મળી કહેવાય અને એનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારી રીતે ઉપયોગ કરવાથી રાજકુળમાં ભેદ પાડવાં માટેનું એ એક ઉત્તમ સાધન થઈ પડશે.” એવી તેની ધારણા થઈ. એથી જો ચાણક્યને ત્યાંથી ખસવાની ઇચ્છા ન થઇ હોય, તો તે સ્વાભાવિક છે.

વસુભૂતિ વૃન્દમાલાને કહેવા લાગ્યો, “વૃન્દમાલે! તું આ શું બોલે છે? તું પોતે કયાં છે અને શું બોલે છે, એનો વિચાર કર. વત્સે! આવાં ગૃહનાં છિદ્રો ત્રીજાને કાને પડવાં ન જોઇએ અને તેમાં પણ તારા જેવી એક વિશ્વાસપાત્ર સેવિકાએ પોતાના મુખને બને તેટલું સંકુચિત જ રાખવું જોઇએ. જો મુરાદેવીનો પોતાનો પુત્ર આજે જીવતો હોત, અને બીજી સોકયોએ એના શિરે ખોટા ખોટા આળ ચઢાવ્યા ન હોત, તો આજે તે પુત્રને જ યૌવરાજ્ય મળ્યું હોત અને તેનો જ પટ્ટાભિષેક થયો હોત; એ ગત વાર્તાનું સ્મરણ થતાં દેવીના મનમાં અતિશય ખેદ અને ઉદ્વેગ થાય, એ સ્વાભાવિક છે. પરંતુ તારા જેવી દાસીએ એવી વાતોની હોહા કરવી ન જોઇએ, વિશ્વાસપાત્ર અનુચરોએ પોતાનાં નેત્ર, અને પોતાનાં કર્ણો જો ઉઘાડાં રાખ્યાં, તો મુખને તો તેમણે બંધ જ કરવાં; કદાચિત્ મુખને ઉઘાડવાની જરૂર જ દેખાય, તો તે પોતાના સ્વામિસમક્ષ ઉઘાડવું અને તેને જે કાંઈ પણ કહેવાનું હોય તે કહી દેવું. બીજા કોઇ પાસે તેનો સ્ફોટ કરવો નહિ.”

વસુભૂતિ એ પ્રમાણે બોલતો હતો, તે વૃન્દમાલા શાંતિથી સાંભળતી હતી; પરંતુ તે બુદ્ધભિક્ષુના બોલવાની સંપૂર્ણતા થતાં જ તે બોલી કે, “ભગવન્, આપનો ઉપદેશ મેં સાંભળ્યો અને તેને હું હાથ જોડીને શિર-પર ધારણ કરું છું. હમણાં જ આપ સમક્ષ મેં જે વાતનો ઉચ્ચાર કર્યો, તે વાત મેં અત્યાર સુધીમાં કોઇને પણ કહી નથી. પરંતુ આજે મારાથી રહી ન શકાયું. દેવીની જે હમણાં સ્થિતિ થએલી છે, તે જો થોડા દિવસ વધારે રહેશે, તો કોઈ પણ પ્રકારનો રાજ્યમાં મહાપ્રલય થશે અથવા તો દેવીનો પોતાનો જ નાશ થશે, એવી મારી ધારણા થએલી છે. આપ મારા ગુરુ છો. આપે મને ભગવાન્ તથાગતનો ઉપદેશ આપેલો છે અને તે ઉપ-દેશમાં એમ દર્શાવેલું છે કે, જો કોઇનો વિનાકારણ ઘાતપાત થતો હોય અને તેનું જો આપણાથી નિવારણ થઈ શકતું હોય, તો અવશ્ય નિવારણ કરવું. એથી જ આપની પાસે આપનો અભિપ્રાય જાણવાને આવી છું. મારી સ્વામિની જો આવી જ સ્થિતિમાં રહેશે, તો તેનો પોતાનો નાશ થશે અથવા તો બીજું કાંઇ પણ અનિષ્ટ થશે, એમ સ્પષ્ટ દેખાય છે; પરંતુ એનું નિવારણ કેમ કરવું, એ માટેની યુક્તિ મને સૂઝતી નથી. દેવીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેં સમાધાનની ઘણીએ વાતો સંભળાવી; પણ ના; એક પણ વાત તેને ગળે ઉતરતી નથી. માટે હવે આપ જો યુક્તિ બતાવો તો થાય. ગૃહનાં છિદ્રો બીજાને કાને જાય તો સારું, એવા હેતુથી હું આવી નથી. આવા પ્રસંગે સલ્લાહ પૂછવાની હોય તે આપને નહિ, તો બીજા કોને પૂછું વારુ?"

વસુભૂતિનો હેતુ એવો હતો કે, ચાણુકયના દેખતાં વૃન્દમાલા એ ભેદને ન ઊઘાડે તો વધારે સારું, અને પોતાનો એ હેતુ તેના ધ્યાનમાં આવે, તેટલા માટે એ ઊપર લખેલો ઉપદેશ જરાક કઠોર શબ્દોમાં અને વારંવાર ચાણુકય પ્રતિ દૃષ્ટિ કરી કરીને તેણે તેને કહી સંભળાવ્યો હતો. પરંતુ "ચાણુકય, તે મારા જેવો જ વસુભૂતિનો કોઈ ગુપ્ત શિષ્ય હશે." એવી ધારણાથી તે મનોનિગ્રહ ન કરી શકી અને તેથી ચાણુકયના દેખતાં જ વસુભૂતિથી સમક્ષ તેણે પોતાના પેટની બધી વાતો એકદમ ઓકી નાખી. વસુભૂતિથી ચાણુકયને "તું ઉઠી જા" એમ પ્રત્યક્ષ રીતે કહી શકાય તેમ હતું નહિ, અને અપ્રત્યક્ષ રીતિથી સુચના આપી, તે તેણે ધ્યાનમાં લીધી નહિ. એથી અંતે તેના નિયંત્રણના પ્રયત્નને એક બાજૂએ મૂકીને તે બુદ્ધભિક્ષુ વૃન્દમાલાને કહેવા લાગ્યો કે, "વત્સે વૃન્દમાલે! જો તારી સ્વામિનીના મનમાં કોઈ પણ પ્રકારે શાંતિ ન જ થતી હોય, તો એકવાર તેને અહીં લઇ આવ. અને તેમ ન થઈ શકે, તો ભગવાન્ તથાગતનો જે ઉપદેશ મેં તને આપેલો છે, તે તું તેને આપીને તેના મનને શાંત કર. બીજો હું શો ઉપાય બતાવી શકું? વત્સે! તેં આજે મને જે સમાચાર આપ્યા છે, તેથી મારા હૃદયમાં ઘણી જ ચિન્તા ઉત્પન્ન થઈ છે. તથાપિ હું આજે એકાંતમાં એ વિશે વિચાર કરીશ, અને જો મને સૂઝશે તો બીજો ઉપાય તને બતાવીશ–તું પાછી કાલે અહીં આવજે. પરંતુ એક વાત ધ્યાનમાં રાખજે અને તે એ કે મારી પાસે તેં જે વાકયોનો ઉચ્ચાર કર્યો છે, તે વાકયોનો બીજા કોઇ સન્મુખ તો શું પણ પોતા સમક્ષ પણ ઉચ્ચાર કરીશ નહિ. આજ પર્યન્ત તેં મારી આગળ તારી સ્વામિનીની જે જે વાતો કરેલી છે, તેમના વિશે વિચાર કરતાં મને લાગે છે કે, ભગવાન્ તથાગતનું આ નગર વિશેનું ભવિષ્ય મુરાદેવી દ્વારાજ સત્ય થશે. એ મહા દીર્ઘદ્વેષી હોય એમ દેખાય છે. મારા ધારવા પ્રમાણે મુરાદેવીના દુગ્ધ પીતા બાળકને અરણ્યમાં મોકલીને તેની હત્યા કરાવવાને લગભગ સોળ સત્તર વર્ષ થવા આવ્યાં હશે, કેમ નહિ કે?"

"હા–હા–સોળ વર્ષ તો નક્કી થઈ ગયાં; પરંતુ એના સ્મરણથી આજે પણ દેવીના મનમાં ઉદ્વેગ અને શોકની એટલી બધી પ્રબળતા છે, કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ ક્રૂર કૃત્ય જાણે ગઇ કાલે જ કરવામાં આવ્યું હોયની!" વૃન્દમાલાએ ઉત્તર આપ્યું.

"ભગવાન્ અર્હંતની જે ઇચ્છા હોય તે ખરી. તું હવે જા. કાલે આવજે." એમ કહીને વસુભૂતિએ વૃન્દમાલાને જવાની આજ્ઞા આપી. તેના ગયા પછી એક દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ નાખીને તે ઘણીક વાર સુધી સ્વસ્થ બેસી રહ્યો. હમણાં જે કાંઇ પણ સાંભળવામાં આવ્યું, તે વિશે પ્રશ્ન કરીને ભિક્ષુ પાસેથી વધારે માહિતી કઢાવવાનો વિચાર ચાણક્યના મનમાં આવ્યો; તેથી તે ઉઠયો નહિ—છતાં પણ એકાએક એમ પૂછવાની તેની હિંમત થઈ ન શકી. એટલામાં વસુભૂતિએ પુનઃ એકવાર નિઃશ્વાસ નાખ્યો અને ચાણક્યને ઉદ્દેશીને કહ્યું કે;—

"વિપ્રવર્ય! તને કદાચિત્ સત્ય ભાસશે નહિ; પરંતુ અમારા મહાપરિનિબ્બાણસૂત્તો (મહાપરિનિર્વાણ સૂત્ર) માં ભગવાન્ બોધિસત્ત્વે આ પાટલિપુત્રના સંબંધમાં ભવિષ્ય ભાખેલું છે–તે એ કે, આ નગરીના શિરે ત્રણ મહાસંકટો આવશે, અગ્નિપ્રલય, જળપ્રલય અને ગૃહકલહ. તેમાંના ગૃહકલહનો તો આ આરંભ નહિ હોય? રાજા અને મંત્રિઓ યોગ્ય વિચાર કરનારા ન હોય, તો બહુધા આવી જ દશા થવાનો સંભવ હોય છે. એ મુરાદેવી ખરી રાજકન્યા–કિરાત રાજાની પુત્રી છતાં પણ તેને વૃષલી ઠરાવીને અને ધનાનન્દના યોગે ઉત્પન્ન થએલા એના પુત્ર વિશે પણ બીજી રાણીઓ અને મંત્રીઓએ અયોગ્ય શંકાઓ ઉપજાવીને તેનો હિમાલયના અરણ્યમાં ઘાત કરાવ્યો. એ અન્યાયથી કરાયલી બાળહત્યા જ ગૃહકલહનું કારણ થઇને ભગવાન્ બોધિસત્ત્વના વચનોને સત્ય કરી બતાવવાનાં હોય, એવો જ હવે ભાસ થાય છે."

બુદ્ધભિક્ષુ વસુભૂતિના એ ભાષણના શબ્દે શબ્દને ચાણક્ય ઘણા જ ધ્યાનથી અને ઘણી જ ઉત્સુકતાથી સાંભળતો બેઠો હતો. તેના હૃદયમાં કોઈ બીજા જ વિચારો રમી રહ્યા હતા.

---

## પ્રકરણ ૫ મું.

### ચાણક્યનો વિચાર.

વસુભૂતિ ભિક્ષુ એ પ્રમાણે પોતાના હૃદયના ઉદ્ગારો બહાર કાઢતો હતો. તે વેળાએ ચાણક્યના અંતઃકરણમાં નાના પ્રકારના વિચારતરંગો ઊઠવા લાગ્યા હતા. "હું જે કાર્ય કરવાના ઉદ્દેશથી મારા આશ્રમને ત્યાગી આ નગરીમાં આવેલો છું, તે કાર્યને સિદ્ધ કરી આપનારી સ્થિતિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાલમાં રાજકુળમાં થએલી છે, એટલું જ નહિ, પણ જે ગૃહકલહનો અગ્નિ પ્રજળવા માંડ્યો છે, તેમાં યથાસ્થિત ઘૃત હોમવાનું પણ હવે મારા હાથમાં છે," ચાણુક્યની એવી ભાવના થવા માંડી હતી, એટલે પછી બીજું શું જોઇએ? એક તો ચાણુક્ય પ્રથમથી જ દીર્ઘદર્શી અને સૂક્ષ્મદર્શી હતો જ, અને વળી વસુભૂતિ ભિક્ષુકે કહેલી મુરાદેવીના પુત્રની કથા ચંદ્રગુપ્તની કથાથી એટલી બધી તો મળતી આવી, કે તેના આનંદનો પાર રહ્યો નહિ. છતાં પણ પોતાને અનુકૂલ થનારી સ્થિતિ એકાએક ખરી લાગતી નથી, એ નિયમને અનુસરીને તેના મનમાં શંકાનો ઉદ્‌ભવ થયો, "મારા સમજવામાં કાંઈ પણ ભૂલ થએલી હશે તો? માટે સત્ય સ્થિતિ શી છે, એનો સંપૂર્ણ રીતે શોધ કરવા પછી જ આનંદ કે વિષ્ણ્દની ભાવના ધરવી જોઇએ. કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે પ્રથમ પૂરો નિશ્ચય થયા વિના તે સિદ્ધ જ થયું, એમ માનીને કરેલો આનંદ ઘણીક વેળા ખેદનું જ કારણ થઈ પડે છે," એવો વિચાર કરીને ચાણુક્યે વસુભૂતિને ઉદ્દેશીને કહ્યું કે:-

"ભિક્ષુવર્ય! મને આ તમારી નગરીની કાંઇપણ માહિતી નથી. હું તો આટલા કાળ સૂધી હિમાલય પર્વતમાંની મરુદ્વતી નદીને તીરે આવેલા મારા ચાણુક્ય-આશ્રમમાં જ વસતો હતો, એટલે આવાં નગરોનું જ્ઞાન ક્યાંથી હોઈ શકે? આ નગરી વિશાળ છે અને અહીંના રાજાની કીર્ત્તિ દિગંતગામિની છે, માટે અહીં જો કોઈ સારો આશ્રય મળી જાય, તો સારું; એવા હેતુથી જ હું અહીં આવેલો છું. તેવામાં આ રાજકુળમાં સળગેલા કલહના અગ્નિની કથા સાંભળીને મારું મન નિરાશ થઈ ગયું છે. જ્યાં ગૃહકલહ ઉત્પન્ન થયો, ત્યાં લક્ષ્મીનો વાસ વધારે વાર રહેતો નથી. અસ્તુ. આપણે શું? પણ ભગવાન્ વસુભૂતે! મુરાદેવી કોણ છે? અને તેના પુત્રનો ઘાત કોણે અને શામાટે કરાવ્યો? હું આ પ્રશ્નો કરું છું, એની ક્ષમા કરશો; પરંતુ મને જો એ સઘળી બીનાની જાણ થશે, તો હું એ કલહની શાંતિ માટે કાંઈ પણ અનુષ્ઠાન કરીશ."

ચાણુક્યનું એ ભાષણ સાંભળીને વસુભૂતિ હસ્યો અને કહેવા લાગ્યો, "બ્રહ્મદેવ! હું તને શું કહી સંભળાવું? તમો દૂરના લોકોને આ પાટલિપુત્રની કીર્તિ જેટલી ઉજ્જ્વળ દેખાય છે તેટલી તે ઉજ્જ્વળ નથી. રાજા ધનાનન્દ અત્યંત અવિચારી અને બીજાની મતિથી જ ચાલનારો છે. એની સભામાં મંત્રીઓ તો અનેક છે, પરંતુ દૈવની ગતિ કાંઇક એવી વિલક્ષણ છે કે, તે મંત્રીઓમાંના જેટલા મૂર્ખ અને સ્વાર્થસાધુ અધિકારી જનો છે, તેમની જ બુદ્ધિથી ધનાનન્દનો, સઘળો વ્યવહાર ચાલે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરાદેવી, એક વેળાએ રાજાની ઘણી જ પ્રીતિપાત્ર રાણી હતી, એના વિના રાજાને ક્ષણ માત્ર પણ ચેન પડતું નહોતું. એથી રાજાની બીજી રાણીઓના મનમાં એનાવિશે દ્વેષ ઉત્પન્ન થતાં તેમણે એના નાશના પ્રયત્નો કરવા માંડ્યા. સેનાપતિ ભાગુરાયણે કિરાત રાજાનો પરાજય કરીને તેની કન્યાને હરી મહારાજાને અર્પણ કરી. એનું અલૌકિક સૌન્દર્ય જોઇને મહારાજાએ એનાથી વિવાહ સંબંધ કર્યો અને એ ગર્ભવતી થઈ. એ સમય સુધી મહારાજાની એક પણ પત્નીને પુત્ર થયો ન હોતો. એ કારણથી મુરાદેવી વિશેના તેમના દ્વેષે વધારે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું અને એની વિરુદ્ધ તેમના કારસ્થાનો શરુ થયાં. અંતે તેમણે રાજાના મનમાં એમ ઠસાવી દીધું કે, એ કિરાત રાજાની રાણીના પેટે જન્મેલી પુત્રી નથી, કિન્તુ કિરાત રાજાની દાસીની પુત્રી છે અને એનું વર્ત્તન પણ જોઇએ તેટલું શુદ્ધ નથી. એ ખોટી શંકાને તાબે થતાં રાજાએ એવી આજ્ઞા આપી દીધી કે, મુરાદેવીને કારાગૃહમાં રાખવામાં આવે અને તેને જે બાળક અથવા બાળિકા અવતરે તે અર્ભકને તત્કાળ મારી નાંખવામાં આવે. થઈ ચૂકયું–રાજાની આજ્ઞાથી વિરુદ્ધ કોણ થઈ શકે? તત્કાળ તે આજ્ઞા પ્રમાણે સર્વ વ્યવસ્થા કરવામાં આવી. મુરાદેવીને કારાગૃહમાં રાખી અને તે પ્રસૂતા થતાં જ તેના ઉદરમાંથી જે પુત્રનો જન્મ થયો, તે પુત્રના ઘાતની આજ્ઞા આપવામાં આવી. એ અર્ભક અત્યંત સુંદર અને તેજસ્વી હતું, તેથી જે પરિચારકને શિરે એને મારવાનું કાર્ય આવી પડયું હતું તેને અમાત્યોએ અને બીજી રાણીઓએ નાણાંની એક સારી રકમ આપીને તે બાળકનો નાશ કરાવી નાખ્યો. એ ઘટનાને આજે ઘણાં વર્ષો વીતી ગયાં છે. રાજાની બીજી એક રાણીના ત્યાર પછી જન્મેલા સુમાલ્ય નામક પુત્રનો–તે સર્વથી મોટો હોવાથી થોડા જ દિવસ પહેલાં યૌવરાજ્યાભિષેક થયો. એ ઉત્સવ પ્રસંગે નિયમ પ્રમાણે જે કેટલાક બંદીવાનોને છોડવામાં આવ્યા હતા, તેમાંની મુરાદેવી પણ એક હતી. કારાગૃહમાંથી મુક્ત કરીને અંતઃપુરમાંની બીજી સ્ત્રીઓ પ્રમાણે એને પણ રાજમહાલયમાં રહેવાની સર્વ વ્યવસ્થા કરી આપવામાં આવી. પરંતુ એથી મુરાદેવીના હૃદયમાં આનંદ થવાને બદલે દૈવની પ્રબળતાથી તેની શી દશા થએલી છે, એ તો વૃન્દમાલાએ હમણાં જ, કહી સંભળાવેલું હોવાથી વધારે કહેવાની કાંઇપણ આવશ્યકતા નથી. એ મુરાદેવીને જો ભગવાન તથાગતના ઉપદેશામૃતનું પાન કરાવવાનો પ્રસંગ મને મળશે, તો હું એને આ સંસારમાંથી મુક્ત કરીને નિર્વાણ પ્રાપ્તિનો માર્ગ દેખાડીશ, એટલે તે આ રાજકુળના લોકોની સંગતિનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભાવ થતાં પોતાની મેળે જ સંન્યસ્ત દીક્ષાનો સ્વીકાર કરશે અને સર્વ સંગનો પરિત્યાગ કરીને સત્ય માર્ગમાં વિચરશે."

વસુભૂતિની એ વાકય પરંપરાને ચાણુકય શાંતિથી સાંભળતો બેઠા હતો. તેના મનમાં પણુ પોતાના કાર્ય માટેના વિચારો તો ચાલતા હતા. અંતે વસુભૂતિએ જ્યારે સુરાદેવીને સંન્યસ્ત દીક્ષા આપીને બુદ્ધ રક્ષિતા બનાવવાનો પોતાનો મનોભાવ દર્શાવ્યો, ત્યારે જ માત્ર ચાણુકયની મુખ-મુદ્રામાં હાસ્યનું મંદ દર્શન થયું. તથાપિ તેણે "ભગવાન શંકરની જેવી ઇચ્છા—તેને જેમ સારું લાગશે, તેમ તે કરશે—આપણે શું કરી શકીએ તેમ છીએ?" એમ બોલીને વાતને ટાળી દીધી અને કૈલાસનાથના મંદિરમાં જઇને સૂઈ જવાના વિચારથી તે ઊઠીને ઊભો થયો. રાત્રિ ઘણી જ વીતી ગઈ હતી, તેથી કે બુદ્ધભિક્ષુને એકાંતમાં કાંઇક વિચાર કરવાનો હતો તેથી–ગમે તે કારણુથી હોય, પણુ ચાણુકયને તેણે વધારે વાર બેસવાનો આગ્રહ કર્યો નહિ.

ચાણુકય કૈલાસનાથના મંદિરમાં આવ્યો અને પોતાના કૃષ્ણાજિનપર સૂતો. પરંતુ અનેક ઉપાયો કરવા છતાં પણુ તેનાં નેત્રોમાં નિદ્રા આવી નહિ. નાના પ્રકારના વિલક્ષણુ વિચારો તેના હૃદયમાં આવીને મૂર્તિમંત ઊભા રહ્યા અને તે પાછો ઉઠીને બેઠા થયો. "હવે મારે પહેલું કામ કરવાનું છે, તે એ કે, વૃન્દમાલાને મળી તેની સ્વામિની સુરાદેવીની મુલાકાત થઈ શકે, એવી તજવીજ કરવી જોઇએ. એક વાર સુરાદેવીનો અને મારો મેળાપ થયો કે, હું તેની મહત્ત્વાકાંક્ષાને એકદમ વધારીને તેને મારા સ્વાધીનમાં કરી લઇશ. ચંદ્રગુપ્તની કથા અને એના પુત્રની કથા પરસ્પર ઘણી જ મળતી હોવાથી એ ચંદ્રગુપ્ત જ એનો પુત્ર છે, એવી ભાવના એના મનમાં ઉપજાવવામાં કાંઈ પણુ કઠિનતા થવાની નથી. જો ચંદ્રગુપ્ત ખરેખર એનો જ પુત્ર હોય, તો તો સોના કરતાં પણુ પીળું. પરંતુ કદાચિત્ ન હોય, તો પણુ એ જ તારો પુત્ર છે, એમ તેના મનમાં પક્કાઇથી ઠસાવીને ચંદ્રગુપ્તને રાજ્યાસને બેસાડવાના પ્રયત્નમાં એને લગાડવી. એને એકવાર એમ ભાસ્યું કે, આ દીકરો મારો છે, તો પછી બીજું શું જોઇએ? મારે બીજો કોઈ પ્રયત્ન કરવાની અગત્ય જ રહેનાર નથી. માત્ર કોઇ પણુ જાતિનો અવિચાર ન થાય અને આ સર્વ કારસ્થાન તેની મૂર્ખતાથી બહાર ન પડી જાય, એ વિશે પૂરી સંભાળ રાખવી જોઇએ. મેં પાટલિપુત્રમાં શુભ મુહૂર્તેજ પગ મૂકેલો હોય એમ જણાય છે. કારણુ કે, હજી મને આવ્યાને આઠ પ્રહર તો થયા નથી, એટલામાં તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટેનું આવું મોટું સાધન મને પોતાની મેળે જ મળી ગયું. એ સર્વ ઠીક થયું. સુરાદેવીનો અને મારો મેળાપ થયા પછી હું તેના મનમાં નાના પ્રકારની વાર્તાઓ ભરી દઇશ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનો પુત્ર જીવતો છે, એ વિશે જોઇશે એવી ખાત્રી આપીશ; પરંતુ પ્રથમ તેનો અને મારો મેળાપ કેવી રીતે થાય? મેળાપ થવાનું પહેલું સાધન તો એ જ કે, વૃન્દમાલાનો વિશ્વાસ મેળવવો જોઇએ. વૃન્દમાલા વસુભૂતિ પાસે આવે છે તો ખરી, પરંતુ તેના દેખતાં આ વાત કાઢવી, એ યોગ્ય નથી. તેને એકાંતમાં જ મળીને મુરાદેવી સમક્ષ જવાનો પ્રયત્ન કરવો જોઇએ." એવો નિશ્ચય મનમાં જ ચાણાક્યે કર્યો, થોડીક વાર તે શાંત રહ્યો—પુનઃ વિચારોના પ્રવાહથી તેનું મન ચંચળ થવા લાગ્યું. "વસુભૂતિને મારાં આ કારસ્થાનોથી જ્ઞાત કરવો કે નહિ? એ ભિક્ષુને કાંઈ પણ ન જણાવતાં વૃન્દમાલાનું ચિત્ત મારા તરફ વાળીને જ આ કાર્ય સાધવું કે કેમ? પરંતુ વસુભૂતિને જણાવ્યા વિના મારા કાર્યની સિદ્ધિ અશક્ય અને સાથે અનિષ્ટ પણ છે. વસુભૂતિને જો મારા પક્ષમાં લાવી શકાય, તો તેથી મને ભવિષ્યમાં ઘણા જ લાભની આશા છે. કારણ કે, વસુભૂતિ સારા સારા શ્રીમાનોને ત્યાં આવે જાય છે અને તેના પોતાના કહેવા પ્રમાણે કેટલાક ધનાઢ્ય ગૃહસ્થો તેના શિષ્ય પણ છે. માટે પ્રારંભથી જ જો એને આ વિચાર જણાવી દીધો હોય, તો કદાચિત્ એ સહાયતા કરે પણ ખરો." એવો વિચાર તેના મનમાં આવ્યો, પણ તે વધારે વાર ટકી શક્યો નહિ. પાછી તેને એવી શંકા થવા લાગી કે, "હું આ પાટલિપુત્રમાં સર્વથા એક નવો આવેલો મનુષ્ય છું—મને આવ્યાને હજી પૂરા આઠ પ્રહર પણ થયા નથી, એટલામાં જો આવાં કારસ્થાનોની વાત વસુભૂતિ પાસે કાઢીશ, તો વિના કારણ મારા વિશે તેના મનમાં ખોટો જ વિચાર બંધાઈ જશે. એના કરતાં કોઇ પણ રીતે વૃન્દમાલાને જ હાથમાં લઇને અંતઃપુરમાં પ્રવેશ કરવાના કાર્યનો આરંભ કરવો, એ જ વધારે ઉત્તમ છે. ત્યાર પછી કદાચિત્ એમ જણાશે કે, આ વાત વસુભૂતિના કાને ગયા વિના રહેવાની નથી જ, તો પછી યુક્તિથી તેને હું જ બધી વાત કહીશ અને તેની સહાયતા પણ માગીશ." એવો ચાણક્યનો અંતનો દૃઢ નિશ્ચય થયો. વિચારમાંને વિચારમાં ઉષઃકાળ થઈ ગયો. સમસ્ત સૃષ્ટિના અને ખાસ કરીને પાટલિપુત્ર નગરીના નિવાસિજનોએ નિદ્રાનો ગમે તેટલો ઉપભોગ લીધો હોય, પરંતુ આપણા એ ચાણક્ય ઋષિએ નિમિષ માત્ર પણ નિદ્રાનો આસ્વાદ લીધો નહોતો. ચિન્તાતુરને નિદ્રા ક્યાંથી આવી શકે?

ઉષઃકાલ થયો. પૂર્વ દિશાના આકાશ પ્રતિ તેણે દૃષ્ટિ કરી, એટલે તે દિશા તેને અરુણ તેજથી સર્વથા આરક્ત થએલી દેખાઇ. "આ આજના દિવસનો નહિ, કિન્તુ મારા કરવા ધારેલા મહત્ કાર્યનો જ આ ઉષઃકાલ છે." એમ તેના મનને ભાસ્યું. અને "નિદ્રે! તું આજે જેવી રીતે ન આવી તેવી જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોતીચંદ સુરત

રીતે આ ધનાનન્દનો અને તેના આઠ પુત્રોનો નાશ થાય અને મારો ચંદ્રગુપ્ત આ પાટલિપુત્રના પવિત્ર સિંહાસને વિરાજમાન થાય, ત્યાં સુધી જો હવે પછી પણ નહિ આવે, તો ચાલી શકશે. તારી અગત્ય સુખના સમયમાં છે. કાર્ય કરવા સમયે તો તારી સંગતિ ન હોય, તે જ સારું." એવી રીતે પોતાના મન સાથે જ વિચાર કરીને તે પોતાનો પ્રાતર્વિધિ કરવાને ઊઠ્યો.

એ દિવસે નિત્યના નિયમ પ્રમાણે તેણે પોતાનાં બધાં કર્મો યોગ્ય રીતે કર્યાં તો ખરાં, પરંતુ એક પણ કર્મમાં તેનું ચિત્ત હતું નહિ. તેનું ચિત્ત તો વૃન્દમાલા, મુરાદેવી અને ચંદ્રગુપ્તમાં જ લાગેલું હતું. વૃન્દમાલાને પોતાના પક્ષમાં કરી લઇને રાજાના અંતઃપુરમાં પ્રવેશ કેવી રીતે કરવો, અને મુરાદેવીને મળીને તેનો અને ચંદ્રગુપ્તનો માતા પુત્રનો સંબંધ છે, એ વિશે તેના મનનો નિશ્ચય કેમ કરાવવો; એ વિચારમાં જ ચાણુકય સર્વથા લીન બની ગયો હતો એમ કરતાં કરતાં મધ્યાહ્ન પછી તેનાં સર્વ પવિત્ર કર્મોનો અંત થયો અને તે ભોજનની તૈયારી કરવા લાગ્યો. આગલા દિવસ પ્રમાણે જ વસુભૂતિએ સર્વ સામગ્રી મોકલી આપી હતી. એ દિવસે પ્રથમ દિવસ પ્રમાણે બુદ્ધભિક્ષુની સામગ્રીનો ચાણુકયે અનાદર કર્યો ન હોતો. એ સમયે સેવા માટે સાથે કોઈ શિષ્યને ન લાવવાથી તેને પશ્ચાત્તાપ થવા માંડ્યો, પરંતુ તત્કાળ "કાંઈ શાસ્ત્ર શીખવવાનો ડોળ કરીશું, તો જોઇએ તેટલા શિષ્ય આવીને ઊભા રહેશે." એવો વિચાર આવવાથી તે શાંત થયો. તેણે પોતાના અન્નને પરિપકવ કરવા માટે ચુલ્લિકા પૂજન કર્યું—અર્થાત્ રાંધવા માટે ચૂલો સળગાવ્યો. રસોઈ તૈયાર થતાં ભોજન કરી લઇને શીઘ્ર જ તેણે વસુભૂતિના વિહારની વાટ લીધી. વસુભૂતિ પોતાનાં ધર્મ કર્મોને આટોપીને કાંઇક પત્ર લેખનમાં ગુંથાયલો હતો. ચાણુકય આવીને તેની પાસે બેસી રહ્યો. વસુભૂતિએ પત્ર લખી લીધું અને પોતાના એક સિદ્ધાર્થક નામના શિષ્યને બોલાવ્યો. તે આવતાં "આ પત્ર ગુપ્ત રીતે જઇને વૃન્દમાલાને આપી આવ." એવી તેને તેણે આજ્ઞા આપી.

એ જ ક્ષણે ચાણુકયના મનમાં એક કલ્પના આવી અને તેને તત્કાળ કાર્યના રૂપમાં લાવવાનો નિશ્ચય કરીને તેણે વસુભૂતિને સંબોધીને કહ્યું કે, "ભિક્ષુવર્ય ! હું આ નગરીમાં સર્વથા એક નવીન મનુષ્ય છું અને અદ્યપિ મેં આ નગરની શોભા જોએલી નથી. માટે જો આપની આજ્ઞા હોય, તો હું પણ આ સિદ્ધાર્થક સાથે જાઉં. માર્ગમાં જતાં જતાં સહજમાં જ મને નગરની શોભા જોવાનો પ્રસંગ મળશે ને તેથી ઘડીભર આનંદ થશે.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસુભૂતિએ એ વિશે જરાક વિચાર કર્યો અને ત્યાર પછી કહ્યું કે, "ભલે જા. જવામાં કાંઇ પણ હરકત જેવું નથી, પણ આને હું કોઈ ગુપ્ત કાર્ય માટે મોકલું છું માટે તું સાથે હોવાથી ............"

"હું સાથે હોવાથી કાર્યમાં કાંઇ પણ હરકત થતી હોય, તો જવા માટે મારો જરા પણ આગ્રહ નથી. પરંતુ આપના રહસ્યનો મારામુખે પ્રકાશ થઈ જાય, એવી શંકા તમારે કોઈ કાળે પણ કરવી નહિ. મેં આ નગરમાં પ્રવેશ કર્યો, તે જ ક્ષણથી જેણે આવી રીતે આદરથી અને પ્રેમથી મારું આતિથ્ય કર્યું છે, તેના જ કામને હું ઊંધું વાળું, એ વાત ત્રણ કાળમાં થવી અશક્ય છે. મારાથી બનશે તો એમાં સ્હામી સહાયતા કરીને જ આપનું મારા શિરે થએલું ઋણ હું ફેડી આપીશ."

ચાણક્યે એ વાક્યો એટલી બધી ગંભીરતાથી ઉચ્ચાર્યાં, કે તે સાંભળતાં વસુભુતિના મનમાં લેશ માત્ર પણ સંશયની ભાવના રહી નહિ. તેણે તત્કાળ કહ્યું કે, "તેવું કાંઈ પણ નથી. સિદ્ધાર્થક! આને પણ તારી સાથે લેતો જા. માત્ર વૃન્દમાલાને પત્ર આપે, તે ગુપ્ત રીતે આપજે." ચાણક્યને ઘણો જ સંતોષ થયો અને તે સિદ્ધાર્થક સાથે નગરમાં જવાને નીકળ્યો.

સિદ્ધાર્થક એક તરુણ કાયસ્થ હતો, તેને કોઈ કારણથી રાજદંડ થતાં તે વિમાર્ગમાં પડી ગયો હતો—વસુભૂતિએ તેને સારો ઉપદેશ આપીને પોતાનો શિષ્ય બનાવ્યો હતો. તે પણ વસુભૂતિમાં અતિશય ભક્તિભાવ રાખીને તેની એક નિષ્ઠાથી સેવા કરતો હતો. ચાણક્યે સિદ્ધાર્થકને જોતાં જ એવો નિશ્ચય કરી રાખ્યો હતો કે, "મારા ધારેલા કાર્યમાં આ મૂર્તિ મને ખરેખરજ ઉપયોગી થઈ પડશે." એ નિશ્ચય થવાથી તેનો પ્રેમ પોતા તરફ વાળી લેવાના અને તેની સાથે મિત્રતા કરવાના હેતુથી જ ચાણક્ય તેની જોડે નગરમાં જવાને તત્પર થયો હતો.

વૃન્દમાલાને આપવા માટેનું સિદ્ધાર્થકના હાથમાં જે પત્ર હતું, તેમાં શી હકીકત હશે, તેની ચાણક્યે સહજ જ મનમાં કલ્પના કરી લીધી. કારણ કે, આગલે દિવસે વસુભૂતિ અને વૃન્દમાલાનું પરસ્પર ભાષણ થયું, તે વેળાએ ચાણક્ય પણ ત્યાં હતો જ. માર્ગમાં જતાં જતાં સિદ્ધાર્થકે ચાણક્યને ભિન્ન ભિન્ન સ્થળોનાં, મંદિરોનાં અને મહાલયોનાં નામો કહી સંભળાવ્યાં, મોટા મોટા શેઠો, ધનવાનો અને વ્યાપારી લોકોના બજારોમાંથી વિચરતાં તેમનામાં જે મુખ્ય મુખ્ય શેઠો હતા, તેમનાં નામો પણ મુખથી વર્ણવ્યાં. તે પ્રમાણે જૂદાં જૂદાં બાગ બગીચા, વાડીઓ અને જોવાલાયક જગ્યાઓ જેમ જેમ આવતાં ગયાં, તેમ તેમ તે સઘળાનું સિદ્ધાર્થક થોડું ઘણું વર્ણન કરતો ગયો. અંતે તેઓ એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જલમંદિર પાસે આવી પહોંચ્યા—એના વર્ણનમાં ધનાનન્દ રાજાનું નામ આવ્યું અને રાજાનું નામ આવતાં જ સિદ્ધાર્થકે ધનાનન્દની નિન્દાનો આરંભ કર્યો. તેણે કહ્યું કે, "આ ભૂમિતલમાં ધનાનન્દ જેવો અન્યાયી રાજા બીજો એક પણ હશે કે નહિ, એની શંકા છે. વળી એના જેવો કુચ્છંદી અને દુરાગ્રહી પણ બીજો કોઈ થવાનો નથી. સત્યશીલતાનું તો એને જ્ઞાન જ નથી. મારો કાંઈ પણ અપરાધ ન છતાં દુષ્ટ બુદ્ધિથી એણે મને રાજદંડ કરાવ્યો. આ પાટલિપુત્રમાં આપ એક પણ મનુષ્યના મુખથી એની પ્રશંસા સાંભળશો નહિ, એટલો બધો એ દુષ્ટ રાજા છે." એવી જાતના પ્રલાપો તેના મુખમાંથી નીકળતા હતા. એ સાંભળીને પ્રથમ તો ચાણક્યને કાંઇક આશ્ચર્ય થયું; પરંતુ સિદ્ધાર્થકને રાજદંડ થએલો હોવાથી જ તે રાજાની નિન્દા કરે છે, એમ જણાતાં જ તેના આશ્ચર્યનો અસ્ત થઈ ગયો. પરંતુ તેને પૂછીને તેની હકીકત શી છે અને કારાગૃહમાં તેણે કેટલા દિવસ કાઢ્યા હતા, એ સઘળું જાણી લેવાનો ચાણાક્યના મનમાં વિચાર આવ્યો, અને તે પ્રમાણે તેણે સિદ્ધાર્થકને પ્રશ્નો કરવાનો આરંભ પણ કર્યો.

સિદ્ધાર્થકે તેને પોતાનો આદિથી અંતપર્યન્તનો વૃત્તાંત કહી સંભળાવ્યો. અર્થાત્ "મારો કોઇપણ પ્રકારનો અપરાધ ન છતાં રાજાએ મને દંડ દીધો." એમ જ તે છેવટ સૂધી કહેતો રહ્યો અને ધનાનન્દને જેમ ફાવે તેમ ગાળો ભાંડતો ગયો. એટલે ચાણાક્ય હસતો હસતો તેને કહેવા લાગ્યો કે, "સિદ્ધાર્થક! રાજા માટે તારા હૃદયમાં ઘણો જ રોષ હોય, એમ દેખાય છે. મને લાગે છે કે, રાજાના નાશનો કોઈ પણ પ્રસંગ તારા હાથમાં આવે, તો તો તું જરા પણ વિચાર કર્યા વિના તેનો નાશ કરી નાખે, નહિ વારુ?

"હા—હા—એક પળનો પણ વિલંબ કર્યા વિના તેનો નાશ કરી નાખું. એવો પ્રસંગ આવે અને તેનો હું લાભ લીધા વિના જવા દઉં, એમ બને જ નહિ. ધનાનન્દ કેવો મૂર્ખ, કેવો દુષ્ટ અને કેવો અંધ છે, એની તમારા હૃદયમાં કલ્પના પણ થવી અશક્ય છે. પરંતુ અમાત્ય રાક્ષસ જ્યાં સૂધી રાજ્યનો કાર્યભાર ચલાવે છે, ત્યાં સૂધી કોઇથી રાજાનું કિંચિન્માત્ર પણ અનિષ્ટ કરી શકાય તેમ નથી. વૃન્દમાલા એક સમયે મને કહેતી હતી કે, મુરાદેવી જેવી સાધ્વી અને સદ્ગુણશાલિની સ્ત્રી બીજી કોઈ મળવાની નથી; પરંતુ રાજાએ તેના વિશે વ્યર્થ કુતર્ક કરીને અને બીજી રાણીઓએ મત્સરથી તેમાં બતાવેલા દોષોને સત્ય માનીને તેનો ત્યાગ કર્યો; એટલું જ નહિ પણ તેના પુત્રનો વધ કરાવ્યો! એ દુષ્ટતા અને અંધતા નહિ તો બીજું શું? હાલમાં રાજાના બીજા પુત્ર સુમાલ્યને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યૌવરાજ્યાભિષેક કરવામાં આવ્યો છે અને એ પ્રસંગે સુરાદેવીને બંધનમુક્ત કરવામાં આવી, ત્યાં સૂધી તે પણ એક સાધારણ ચોર પ્રમાણે જ કારાગૃહમાં પૂરાયલી હતી......................................"
સિદ્ધાર્થકે એ વાક્યો એટલા બધા કોપથી ઉચ્ચાર્યા કે, તેને આગળ બોલવાનું હતું પણ એ કોપના આવેશમાં તેનાથી બોલી શકાયું નહિ.

"શું, સુરાદેવી એટલી બધી ઉત્તમ સ્ત્રી છે?" ચાણક્યે કહ્યું. "મેં જ્યારથી આ નગરીમાં પગ મૂક્યો છે, ત્યારથી જેના તેના મુખથી સુરાદેવીની પ્રશંસા જ હું સાંભળ્યા કરું છું. જો તે એવી જ પુણ્યવતી સતી સુંદરી હોય, તો ખરેખર એકવાર એ સાધ્વીના દર્શનનો લાભ તો લેવો જ જોઇએ."

"પણ એમાં અશક્ય શું છે?" સિદ્ધાર્થક લાગલો જ બોલી ઊઠ્યો. "સુરાદેવી, એક મહા શિવભક્તા સ્ત્રી છે. તે પ્રત્યેક સોમવારે કૈલાસનાથના મંદિરમાં કૈલાસનાથનાં દર્શન કરવાને અને શિવનું ચરિત્ર સાંભળવાને આવે છે. તે કારાગૃહમાં હતી, ત્યારે પણ સિપાહીઓના ચોકી પહેરા સાથે તેને ત્યાં જવાની પરવાનગી આપવામાં આવી હતી. પરમ દિવસે સોમવાર છે અને પક્ષ પ્રદોષ પણ છે, એટલે તે સૂર્યાસ્ત સમયે-પ્રદોષ કાળે અવશ્ય ત્યાં આવશે. હવે તેની સાથે પહેરેગીરો હોતા નથી. માત્ર તેના બે ચાર અનુચરો જ હોય છે, એટલે આપણે કોઈ પણ જાતની અડચણ વિના તે પરમ પુનિતા સુરાદેવીનાં દર્શનનો સુખેથી લાભ લઈ શકીશું."

ચાણક્યે પોતાનું ડોકું ધુણાવ્યું-મુખથી એનું કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ. મૂગે મોઢે ચાલવામાં કેટલોક વખત વીતી ગયો, એટલામાં વળી પણ સિદ્ધાર્થક તેને કહેવા લાગ્યો, "આ રાજમહાલયના આગલા ભાગમાં એક નાનકડું ઉપવન છે, તેમાં પ્રવેશ કરીને એક છાયા વૃક્ષનીચે શિલા ઉપર બેસો. હું ગુરુજીએ આપેલું પત્ર ગુપ્તરીતે વૃન્દમાલાને આપીને અથવા તો જરૂર તે તેના જ હાથમાં જાય એવી બીજી વ્યવસ્થા કરીને હમણાં જ પાછો ફરું છું." ચાણક્ય કિંચિત્ સ્તબ્ધ ઊભો રહ્યો; ત્યારપછી તે કહેવા લાગ્યો, "સિદ્ધાર્થક! શું તારા હૃદયમાં મારા માટે એવી શંકા છે કે, હું ગુહ્યને ખોલી નાંખીશ? અને એવા જ હેતુથી તો તું મને અહીં બેસવાનું નથી કહેતો? એ પત્રમાં તારા ગુરુએ જે જે વાતો લખેલી છે, તે સઘળી હું જાણું છું. વૃન્દમાલા ગઇકાલે રાત્રે શામાટે આવી હતી અને ગુરુજીને તેણે શું કહ્યું, એ સર્વ મેં સાંભળેલું છે. માટે હવે કોઈ પણ વાતને મારાથી ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરીશ નહિ. ઉલટો મને પોતાસાથે લઈ ચાલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલે જો તારા માથે જ કાંઈ અડચણ આવી પડી, તો હું તારા ઉપયોગનો થઈ પડીશ. હું અહીં એકલો જ ગાંડા પેઠે બેસી રહીને શું કરવાનો હતો?"

ચાણક્યનું એ ભાષણ સાંભળીને સિદ્ધાર્થક થોડીક વાર તો ચુપ જ થઈ ગયો. ચાણક્યને તે ના પાડી શકયો નહિ. એવી સ્થિતિમાં તેણે ચાણક્યને એટલું જ કહ્યું કે, "જો તમે આવતા હો, તો ભલે આવો; પરંતુ અમારો જ જ્યાં ખુલ્લી રીતે પ્રવેશ થઈ નથી શકતો, ત્યાં તમારો પ્રવેશ થાય, એ અશક્ય જણાય છે. એટલું જ, તમને બેસવાનું કહ્યું, તેનું કારણ હતું, બીજું નહિ."

"શું! મારા જેવા એક બ્રાહ્મણનો ત્યાં પ્રવેશ નહિ થઈ શકે? વાહ! રાજ્યવ્યવસ્થા તો ઘણી જ ઉત્તમ ત્યારે! ત્યારે તો હું તારી સાથે આવવાનો જ. ભૂલથી જો કોઈ બ્રાહ્મણ આવી ચડે, તો રાજા તેને કેવો અને શો દંડ આપે છે, એ મારે જોવાનું છે. વૃન્દમાલા મને સારી રીતે ઓળખે છે. હું તારી સાથે હોઇશ, એથી તેને જરા રતિ પણ ખરાબ લાગવાનું નથી. એ માટે તે તારા પર ક્રોધ કરવાની નથી." ચાણક્યે પોતાનાં વાક્યોમાં દૃઢ રહીને ગંભીરતાથી કહ્યું.

એ ઉત્તરથી સિદ્ધાર્થક હવે સર્વથા નિરુપાય થયો અને "જ્યારે તમારી એવી જ ઇચ્છા છે, તો ભલે ચાલો." એમ કહીને તે આગળ ચાલવા લાગ્યો. ચાણક્ય પણ તેની સાથે જ ચાલતો હતો. એ બન્ને રાજમહાલયના પાછળના ભાગમાં આવેલા અંતઃપુરના દ્વાર પાસે આવી પહોંચ્યા. કોઈ પણ પુરુષને અંતઃપુરમાં જવાની છૂટ હોતી નથી, એ તો ખુલ્લું જ છે; પરંતુ દ્વારપાલનાં અને અંતઃપુરમાંનાં દાસ દાસી જનોના પરિચયના મનુષ્યોને અંતઃપુરના બહારના ભાગમાં આવેલા ઉપવનમાં આવવાની પરવાનગી હતી. એ ઉપવનની સીમાનું ઉલ્લંઘન કરીને આગળ વધવા માટે વિશેષ આજ્ઞાની આવશ્યકતા હતી. જે વેળાએ સિદ્ધાર્થક અહીં આવ્યો, તે વેળા, વૃન્દમાલા અને તેના મેલાપની હતી, અને તેથી જ તે એ વેળાએ ત્યાં આવ્યો હતો. ચાણક્ય અને સિદ્ધાર્થક એક નિયત સ્થાને ઊભા રહ્યા, એટલામાં વૃન્દમાલા પણ ત્યાં આવી પહોંચી. સિદ્ધાર્થકે ગુરુજીએ આપેલું પત્ર તેના હાથમાં મૂકયું. વૃન્દમાલા ચાણક્યને ઉદ્દેશીને બોલી, "ગુરુજીના ઉપદેશામૃતનું પાન કરીને તેમની સેવાના વ્રતનો તમે પણ સ્વીકાર કરવાના હો, એમ લાગે છે. ઠીક થયું. મારા મનમાં તેમની સેવામાટે જેટલી ઇચ્છા થાય છે, તેટલી સેવા મારાથી કરી નથી શકાતી; એથી મને ઘણું જ માઠું લાગે છે. પરંતુ દિવસે દિવસે તેમના શિષ્યોની સંખ્યામાં વધારો થતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોઇને મારા મનમાં અવર્ણનીય આનંદનો ભાસ થાય છે." એમ કહીને તેણે તેમને જવાની રજા આપી અને તે બન્ને ત્યાંથી ચાલતા થયા.

—

## પ્રકરણ ૬ ઠું.

### પ્રારમ્ભ.

બૌદ્ધભિક્ષુ વસુભૂતિના પત્રને વાંચવા માટે વૃન્દમાલા અતિશય ઉત્સુક થએલી હતી. મુરાદેવીના મનમાંનો પ્રમાદ દૂર થાય અને તે અંતઃપુરમાં સુખ સમાધાનથી રહે, એવી વૃન્દમાલાની અંતઃકરણપૂર્વક ઇચ્છા હતી; કારણ કે, મુરાદેવીમાં વૃન્દમાલા ઘણો જ સારો ભક્તિ ભાવ રાખતી હતી. ધનાનન્દ રાજાએ તેને ઘણો જ અન્યાય આપ્યો હતો અને તેના બાળકનો વિના કારણ ઘાત કરાવ્યો હતો, એ ઘટનાના સ્મરણથી વૃન્દમાલાના હૃદયમાં પણ ખેદ તો થતો જ હતો; પરંતુ જે વાર્ત્તા પંદર સોળ વર્ષ પહેલાં બની ગઈ, તેને પાછી તાજી કરીને વિના કારણ પોતાના જીવને દુઃખી કરવો, એ તેને સારું લાગ્યું નહિ. તેમ જ ગૃહમાં કલહ ઉપજાવવો, એ પણ તેને ગમતું નહોતું. કદાચિત્ મુરાદેવીનો પુત્ર જીવતો હોત, અને તેને રાજ્ય પ્રાપ્ત થવાનો સંભવ હોત, તો તો તેણે પોતાની સ્વામિનીને સહાયતા પણ આપી હોત; પરંતુ તેવું કાંઈ હવે હતું નહિ. મુરાદેવી, પોતાના પુત્રનો વધ થયો અને પોતાનું અપમાન થયું, એનું વૈર લેવા માટે જ દ્વેષભાવથી રાજકુળના વિધ્વંસની પ્રતિજ્ઞા લઈ બેઠી છે, એ બનાવ વૃન્દમાલાને મહાન્ અનર્થકારક ભાસવા લાગ્યો. એમાં વળી નંદકુળનો નાશ કરીને પોતાના પિતૃકુળમાંના કોઇને પાટલિપુત્રના સિંહાસને બેસાડવાની મુરાદેવીની નિષ્ઠા તો તેને અત્યંત અનિષ્ટ લાગી. મુરાદેવીના હસ્તે એ વ્યૂહની રચના થતાં તેને તેમાં સિદ્ધિ મળશે, એવી તો વૃન્દમાલાને આશા માત્ર પણ હતી નહિ. કારણ કે, મુરાદેવીની શક્તિ તે શી? પરંતુ પોતાના મનોવિકારોને અનુસરીને એવો કોઈ પ્રયત્ન કરે અને તેની રાજાને ખબર પડે, તો ક્યાંક મુરાદેવી પોતે જ ભયમાં આવી ન પડે, એવી જ વૃન્દમાલાને શંકા થયા કરતી હતી. આટલા વર્ષ તો તે કારાગૃહમાં હતી, અને હવે અચિન્ત્ય તેને કારાગૃહમાંથી મુક્તિ મળતાં આવું કાંઇ પણ આડું અવળું વેતરીને પાછી તે કારાગૃહવાસિની થાય કે એથી પણ કોઈ વિશેષ ભયંકર શિક્ષાને પાત્ર થાય, એ કૃતજ્ઞ દાસી વૃન્દમાલાને ગમતું નહોતું. વૃન્દમાલાની પોતાની સ્વામિનીમાં ઘણી જ પ્રીતિ હતી, અને તેથી જ તેના શિરે કોઈ પણ સંકટ ન આવે, એમ તે કાયા વાચા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનથી રાત્રિ દિવસ ઇચ્છતી હતી. સુરાદેવી પોતાના દ્વેષને આધીન થઈ અચાનક કોઈપણ સંકટને વ્હોરી લેશે, તે ન વ્હોરે અને તેને શાંત થવ. માટેનો ઉપદેશ આપી શકાય, એવા હેતુથી જ વૃન્દમાલાએ બુદ્ધભિક્ષુ વસુભૂતિ પાસે જઇને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો હતો. વસુભૂતિ કોઇપણ યુક્તિ કાઢીને સુરાદેવીના રક્ષણનો ઉપાય યોજશે જ અથવા તો તેને સારો બોધ આપીને તેના દ્વેષનો નાશ કરશે, એવો વૃન્દમાલાના મનનો દૃઢ નિશ્ચય હતો. એવામાં સિદ્ધાર્થકે વસુભૂતિનું પત્ર લાવી આપવાથી તો તેને પૂર્ણ રીતે ભાસ્યું કે, ગુરુજીને સુરાદેવીનો કાંઈક પણ વિચાર થયો છે ખરો અને એથી ગમે તે ઉપાયે પણ તે એને શાંતિ પણ આપશે જ. અસ્તુ. પત્રને લઇને તે એક એકાંત સ્થળમાં ગઈ અને ત્યાં તે પત્રને ફોડીને વાંચવા લાગી. તે નીચે પ્રમાણે હતું;—

"સ્વસ્તિ! ગઈ કાલે રાત્રે તારા અહીંથી ગયા પછી મારું મન ઘણું જ ચિંતાતુર થએલું છે. તેં સુરાદેવી વિશેનો જે વૃત્તાંત કહી સંભળાવ્યો, તે વિશે મેં ઘણોએ વિચાર કર્યો. મને અંતે એમ જણાયું કે, સુરાદેવીને જો તેના હાલમાં છે તેવા જ વિચારોમાં રહેવા દેવામાં આવશે, તો પરિણામ સારું નહિ થાય. એનો જ ઘાત થશે. માટે એના સંરક્ષણ માટેની કાંઈ પણ યોજના થવી જોઇએ અને એ યોજના કેવી રીતે કરવી, તેનો ઉપાય મેં શોધી રાખ્યો છે. તું પાછી એકવાર આવીને મને મળી જજે, એટલે સુરાદેવીનો અને મારો મેલાપ ક્યાં અને કેવી રીતે થશે, એનો વિચાર આપણે કરી શકીશું. તેનું અને મારું એકવાર મળવું થયું, એટલે આપણી ધારણા પ્રમાણે સર્વ કાર્ય બની શકશે, એમ મારું માનવું છે. આપણને હાલ તો એમ જ લાગે છે કે, સુરાદેવીના આવા વર્તનથી તેના પોતાના ઘાતવિના બીજું કશું પણ થવાનું નથી; પરંતુ એમ પણ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ કારણ કે, હમણાં હમણાં ધનાનન્દ વિશે અમાત્યગણમાં પણ કેટલોક અસંતોષ ઉત્પન્ન થએલો છે અને યવનો તો મગધમાં પ્રવેશ કરવાને અહોરાત્ર પ્રયત્ન કરી જ રહ્યા છે. એવા અશુભ સમયમાં જો થોડો પણ ગૃહકલહ થયો, તો તે હાનિમાટે પૂરતો છે. એ ગૃહકલહરૂપ અગ્નિની જ્વાળા વધશે, એવો સોળે સોળ આના સંભવ છે, માટે તેનાપર જલવૃષ્ટિ કરીને આપણે તેને શાંત કરવાનો યત્ન કરવો જોઇએ. સુરાદેવીની ચિત્તવૃત્તિ અત્યારે છે, તેના કરતાં વધારે વિકારવાળી થવા ન પામે, એની તું દિન રાત્ર ચિંતા રાખજે. હું તો એની ચિંતામાં નિમગ્નજ થએલો છું જ. હવે પછી, સુરાદેવીના અંતઃપુરમાં વધારે કોણ આવે જાય છે, તે કોની સાથે વધારે સંભાષણનો વ્યવહાર રાખે છે, શું બોલે છે અને શું આચરણ કરે છે ઇત્યાદિ બાબતોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બની શકે તેટલી સારી તપાસ રાખજે. જો એમાં તને કાંઈ પણ વધારે ઓછું જણાય, તો તેની મને ઝટ ખબર આપજે. હવે વધારે જે કાંઈ પણ કહેવા કરવાનું હશે, તે રુબરુમાં કહીશ. વાંચી લીધા પછી આ પત્રને બાળી નાંખજે—એને સંભાળી રાખીશ નહિ. ભગવાન્ બુદ્ધનો વિજય થાઓ! અને તારું કલ્યાણ થાઓ. ભગવાન બુદ્ધ જ પ્રસ્તુત પ્રસંગે આપણને સુખદાયક માર્ગ દેખાડશે. ઇતિ શુભમ્."

એ પત્ર વાંચતાં જ વૃન્દમાલાનું મન કાંઇક શાંત થયું. વસુભૂતિમાં તેની ઘણી જ શ્રદ્ધા હોવાથી તેને એમ જ ભાસ્યું કે, "મારા ગુરુજીએ એ કાર્ય પોતાને શિરે લીધેલું છે, તો હવે એમાં કાંઈ પણ વિઘ્ન આવી શકે તેમ નથી. એ સર્વ કાર્ય યોગ્ય રીતે કરશે જ." એવી ભાવના કરીને પુનઃ તે જ રાત્રે ભિક્ષુ વસુભૂતિના દર્શન માટે જવાનો તેણે નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે યોગ્ય વેળાએ અંતઃપુરમાંથી તે બહાર નીકળી.

અહીં સિદ્ધાર્થક અને ચાણક્ય વૃન્દમાલાને બુદ્ધભિક્ષુનું પત્ર આપીને પાછા ફર્યા. તે નગરની શોભાને જોતા જોતા ધીમે ધીમે પોતાનો માર્ગ કાપતા જતા હતા. માર્ગમાં ચાલતાં ચાલતાં ચાણક્ય બે કાર્યો કરતો જતો હતો. એક તો, સિદ્ધાર્થકને નાના પ્રકારના પ્રશ્નો પૂછીને તેના મુખેથી નગરની અને રાજકુળની અંતર્બાહ્ય સ્થિતિનું જ્ઞાન મેળવતો હતો; અને વૃન્દમાલાને મળીને તેને પોતાના પક્ષની કરી લેવા માટે શા શા ઉપાયો યોજવા જોઇએ, એનો વિચાર પણ તેના મસ્તકમાં ચાલૂ જ હતો. "આજે વસુભૂતિએ વૃન્દમાલાને જે પત્ર પાઠવ્યું હતું, તેમાં બહુધા તેને બોલાવેલી જ હોવી જોઇએ, અને ગઇ કાલે રાત્રે વૃન્દમાલાએ જે વૃત્તાંત કહી સંભળાવ્યો હતો, તે વિષે ભિક્ષુએ કાંઇ પણ વિચાર કર્યો હશે અને તેના સંબંધમાં જ અત્યારે વાતચિત કરવાની હશે," એવું ચાણક્યે અનુમાન કર્યું. અને એ અનુમાનથી "વૃન્દમાલા અને વસુભૂતિ મધ્યે થનારા પરસ્પર ભાષણનું મારે શ્રવણ કરવું જ જોઇએ. એથી મારા ભાવી કાર્યમાં ઘણા જ લાભનો સંભવ છે. કાલની રાત પ્રમાણે આજે રાત્રે પણ મારે જઈને વસુભૂતિ પાસે બેસવું જોઇએ." એ પ્રમાણે તેણે નિશ્ચય કર્યો. બીજી જ પળે તેના મનમાં એક બીજો વિચાર આવ્યો. "પરંતુ આજે પણ કાલ પ્રમાણે કરવાથી કદાચિત્ વસુભૂતિને સારું નહિ લાગે. માટે આજે હવે બીજી જ કોઈ યુક્તિ શોધી કાઢવી જોઇએ," એવો નિર્ધાર કરીને સિદ્ધાર્થક સાથે વાતો કરતો કરતો એક મંદિર સમક્ષ અચાનક તે ઊભો રહી ગયો. એ મંદિર કયા દેવનું હતું, એ તો તે જાણી ગયો હતો, છતાં પણ માર્ગમાં થોભવાના હેતુથી તેણે સિદ્ધાર્થકને ખાસ સવાલ કર્યો કે, "આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિશાળ મંદિર કયા દેવનું છે વારુ?" એ સવાલ સાંભળતાં જ અંગમાં જાણેં કંપ થયો હોયની! તેવા ભાવથી સિદ્ધાર્થકે જવાબ દીધો કે, "નમો અરિહંતાણમ્-નમો અરિહંતાણમ્-બ્રાહ્મણવર્ય! આ મંદિર કોનું છે, એ પ્રશ્ન તમે શા માટે કર્યો? જેમના નામનો ઉચ્ચાર પણ મારા મુખેથી કરી ન શકાય, તે વામમાર્ગી કાલિકાના ભક્તોનું એ મંદિર છે. એમાં દેવીની જે મૂર્તિ છે, તેને ચંડિકેશ્વરીના નામથી ઓળખવામાં આવે છે, અને એ દેવીના મુખ સામે આવેલા કુંડમાં પ્રત્યેક મંગળવારે અનેક પશુઓનું રક્ત શોણિત રેડાય છે." એમ કહીને સિદ્ધાર્થકે એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો અને સ્તબ્ધ બની ગયો. એટલે ચાણક્યે વળી કહ્યું કે, "ખરેખર સિદ્ધાર્થક! આ પશુહત્યા બંધ થઈ જાય, તો ઘણું જ સારું થાય; પરંતુ ભગવતી અંબિકાની ઉપાસના કરવામાં એથી કશો પણ પ્રત્યવાય આવી શકે તેમ નથી. હું શિવભક્ત છું, માટે અનાયાસે થનારા આ અંબિકાનાં દર્શનનો લાભ મારે લેવો જ જોઇએ. તું અહીં જ ઉભો રહેજે-હું દર્શન કરીને હમણાં જ પાછો આવી પહોચું છું."

ચાણક્યનો એ મંદિરમાં જવાનો વિચાર સિદ્ધાર્થકને ગમ્યો નહિ. તે તેનો નિષેધ પણ કરવાનો હતો; પણ એટલામાં તો ચાણક્ય મંદિરના દ્વારમાં પ્રવેશ કરીને અંતર્ભાગમાં પણ પહોંચી ગયો. સિદ્ધાર્થક પોતે તો પ્રાણ જતાં પણ મંદિરમાં પ્રવેશ કરે, એમ હતું જ નહિ-અર્થાત્ તે ચાણક્યના આવવાની વાટ જેતો માર્ગમાં જ ઊભો રહ્યો.

એક પ્રહરનો તૃતીય ભાગ વહી ગયો, તોપણ ચાણક્ય પાછો ફર્યો નહિ. સિદ્ધાર્થકથી એ મંદિરમાં પ્રવેશ કરી શકાય તેમ હતું નહિ, અને એ બ્રાહ્મણ નગરમાં નવો જ આવેલો હોવાથી તે આવે ત્યાં સુધી તેને મૂકીને જવાય તેમ પણ નહોતું. કારણ કે, "જો હું એને છોડીને ચાલ્યો જઈશ, તો માર્ગમાં એ કયાંક ભૂલો પડી જશે અને ગુરુજી પણ મને દોષ આપશે." એવો તેના મનમાં વિચાર આવ્યો, તેથી તે ત્યાં જ ઊભો રહ્યો; પરંતુ ત્રિસંધ્યાનો સમય થયો, તોપણ ચાણક્ય મંદિરમાંથી બહાર નીકળ્યો નહિ.

એ મંદિરને ચારે દિશાએ દ્વારો હતાં. તે દ્વારોમાંના કોઈએક દ્વારમાંથી બહાર નીકળીને તે ભૂલો તો નહિ પડ્યો હોય, એવી સિદ્ધાર્થકના મનમાં શંકા આવતાં તેણે મંદિરની આસપાસ ફરીને પ્રદક્ષિણા કરવા માંડી અને પ્રત્યેક દ્વાર પાસે થોડી થોડીવાર ઊભો પણ રહેતો ગયો; પરંતુ ચાણક્યનું નામનિશાન કયાંય પણ જેવામાં આવ્યું નહિ. અંતે સર્વથા નિરુપાય થઇને તેણે પોતાના વિહારનો માર્ગ પકડ્યો. તે કેટલીવાર વાટ જોઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકે વારુ? છતાં પણ માર્ગમાં જતાં જતાં ચાણક્યને જોવા માટે તેણે પોતાની દૃષ્ટિને અહીં તહીં ફેરવવાનું પણ બાકી રાખ્યું નહિ.

ચાણક્ય એ વામમાર્ગીઓના મંદિરમાં ગયો. તે કોઈ ખાસ કારણને લીધે જ ગએલો હતો. તે સારી રીતે જાણતો હતો કે, "સિદ્ધાર્થક કાંઈ એ મંદિરમાં આવનારો નથી, અને તેથી એને ટાળવાનો મારે જે ઉપાય કરવાનો છે, તે આ મંદિરનો આશ્રય લેવાથી પોતાની મેળે જ થઈ જશે." એ હેતુથી જ તે ત્વરિત બહાર નીકળ્યો નહોતો. એ ચંડિકેશ્વર મહાદેવના મંદિરમાં પણ કૈલાસનાથના મંદિર પ્રમાણે જ પુષ્કરિણીઓ ઇત્યાદિ સર્વ સાધનો હતાં; માટે ત્યાંજ પોતાના સાયંસંધ્યાદિ કર્મો કરીને ત્યાર પછી બહાર પડવાનો વિચાર કરીને તે ત્યાં જ રોકાયો. સાયં પ્રકાશનો મંદ આભાસ થતાંજ એક પુષ્કરિણીના તટે બેસીને તેણે સંધ્યાવંદન આદિ વિધિનો આરંભ કર્યો અને સ્વસ્થતાથી ધ્યાનમાં લીનતા કરી. બહાર પોતાની વાટ જોતો સિદ્ધાર્થક માર્ગમાં ઊભો હશે, એની તો જાણે તેને કલ્પના જ ન હોયની, એવો તેની ગંભીર મુખમુદ્રાને જોતાં ભાસ થતો હતો. જાણી જોઈને જ જ્યાં કોઈ અમુક પ્રકારનું વર્તન કરતો હોય, ત્યાં એવી કલ્પનાનો ભાસ ક્યાંથી થઈ શકે વારુ?

સ્વસ્થ ચિત્તે પોતાનાં સર્વ કર્મો આટોપીને ચાણક્ય તે મંદિરમાંથી બહાર નીકળ્યો. મંદિરમાં ગયાને આ વેળાએ તેને લગભગ એક પ્રહર જેટલો સમય થયો હતો. એક પ્રહર પર્યન્ત તેની વાટ જોઇને સિદ્ધાર્થક ઊભો રહે, એ ન બનવા જોગ હોવાથી તેણે તેને શોધવાનો જરા પણ શ્રમ લીધો નહિ.

ચાણક્ય ચંડિકેશ્વરીના મંદિરમાંથી બહાર નીકળ્યો અને રાજમંદિરની દિશામાં તેણે પ્રયાણ કર્યું. તેને માર્ગની જોઇએ તેવી માહિતી હતી નહિ. તથાપિ પ્રથમથી જ જતાં આવતાં કેટલીક નિશાનીઓ ધ્યાનમાં રાખેલી હોવાથી અટકળે તેણે ચાલવા માંડયું. ચાણક્યના આ કપટખેલનું કારણ એ હતું કે, "વૃન્દમાલા રાત્રે અવશ્ય વસુભૂતિ પાસે આવશે, માટે તેને માર્ગના મધ્યમાંજ મળવું અને હું માર્ગ ભૂલી ગયો છું, તેથી અચાનક તારો મેળાપ થઈ ગયો, એમ તેને જણાવવું. ત્યાર પછી તેની સાથે જ વિહારમાં જવું–એટલે માર્ગમાં ચાલતાં ચાલતાં કાંઇક પણ સંભાષણ તો થવાનું જ, અને એ સંભાષણથી વૃન્દમાલાના મુખથી મુરાદેવી વિશેની કોઇને કોઈ રહસ્યનું જ્ઞાન પણ થવાનું જ. એથી ભવિષ્યમાં મારા કાર્યસાધનમાં ઘણી જ સુગમતા થઈ પડશે." એવો ચાણક્યે પોતાના મનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યૂહ રચેલો હતો. એ નિશ્ચય કરીને ચાણક્ય રાજમહાલયના પાછળના ભાગમાં આવી ત્યાં ફેરા ફરવા લાગ્યો. વસુભૂતિએ "આજ રાત્રે તું મને આવીને મળી જજે," એમ લખેલું જ છે, એ વિશે તેના ચિત્તમાં અણુ-રેણુ માત્ર પણ શંકા હતી નહિ.

લગભગ એક પ્રહર રાત્રિ વ્યતીત થતાં ખરેખર જ વૃન્દમાલા રાજ-મહાલયના પાછલા ભાગમાં આવેલા દ્વારમાંથી બહાર નીકળી. ચાણક્ય તો માર્ગમાં સામો જ બેઠેલો હતો–તેણે તેને બહાર નીકળતાં અને દ્વારના અંતર્ભાગમાં કોઈને કાંઇ બુઝાવતાં જોયાં. તે એ દ્વારથી દૂર જ ઊભેલો હતો. તેનો હેતુ એ હતો કે, રાજમંદિરની આસપાસ ફરતાં કોઈ જોઈ ન લે તો વધારે સારું. એમાં પણ રાજમંદિરમાંની જ કોઈ વ્યક્તિ માટે તે ફરે છે, એવો સંશય તો કોઇના મનમાં આવવો ન જ જોઇએ.

ચાણકયના તર્ક પ્રમાણે વૃન્દમાલા ખરેખર મહાલયમાંથી બહાર નીકળી, એ ઊપર કહેલું જ છે. તે નીકળીને વસુભૂતિના વિહારમાં જવાના માર્ગમાં ચાલવા લાગી. એની સાથે માત્ર એક પરિચારક જ હતો. વૃન્દમાલાને ચાણક્યે લગભગ માર્ગનો ત્રીજો ભાગ કાપી જવા દીધો, અને ત્યાર પછી તેની આગળ નીકળી જઈ પાછો ફરીને તેના મુખ સામો આવીને ઊભો રહ્યો–જાણે કે સામેથી જ આવતો હોયની! એવો તેણે ભાસ કરાવ્યો.. સામે આવતાં જ "કોણ, વૃન્દમાલા! અહાહા! ભગવાન્ કૈલાસનાથે જ તને આ વેળાએ મારા છૂટકા માટે મોકલી આપી છે. વસુભૂતિ ભિક્ષુનું પત્ર તને આપીને હું અને સિદ્ધાર્થક નીકળ્યા, તે ચંડિકેશ્વરીના દેવાલય પાસે આવી પહોંચ્યા. ત્યાં મને દેવીનાં દર્શનમાટે મંદિરમાં જવાની સહજ ઇચ્છા થઇ આવી. ત્યાં બલિદાનના નામે બકરાં અને પાડા ઇત્યાદિ પશુઓની ઘણી જ હત્યા થતી હોવાથી સિદ્ધાર્થકે મને ત્યાં જવાની ના પાડી; પરંતુ મારી ઇચ્છા પ્રબળ થવાથી હું તો અંદર ગયો જ, અને એ ભિક્ષુની અવજ્ઞા કરવાનું ફળ પણ મને મળી ચૂકયું. હું કોણ જાણે કયા દરવાજેથી બહાર નીકળ્યો કે સિદ્ધાર્થક મને મળ્યો જ નહિ. હું પાછો મંદિરમાં ગયો અને અહીં તહીં ભટકીને જે દ્વારના બહારના ભાગમાં સિદ્ધાર્થક મારી વાટ જોતો ઉભો હતો, તે દ્વારને શોધી કાઢવાનો ઘણોય પ્રયત્ન કર્યો–પ્રત્યેક દ્વારમાં હું રખડ્યો, પણ સિદ્ધાર્થક કયાંય જોવામાં આવ્યો નહિ. અંતે હું નિરુપાય થયો અને માર્ગમાં ભટકવા લાગ્યો. એટલામાં હમણાં તને અચાનક જોઈ. વૃન્દમાલે! તું કયાં જાય છે? મારો જીવ તો ગભરાઈ ગયો છે–જો તું વસુ-ભૂતિને ત્યાં જતી હોય, તો મને સાથે લેતી જા. જ્યારે અમે તારે ત્યાં આવતા હતા, ત્યારે વિહાર પ્રતિ પાછા ફરવાનો સઘળો માર્ગ મેં ધ્યાનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખ્યો હતો, પરંતુ આવ્યા હતા તે જ માર્ગેથી પાછા ન ફરવાથી—અર્થાત્ બીજો માર્ગ લેવાથી જ મારી ભૂલ થઈ ગઇ અને હું માર્ગમાં ભૂલો પડ્યો."

ચાણુક્યનો એ વૃત્તાંત સાંભળીને વૃન્દમાલાના મનમાં તેના માટે ઘણી જ દયા આવી અને તેથી તે તેને કહેવા લાગી કે, "વિપ્રવર્ય! હું તને માર્ગમાં મળી ગઈ, એ ઘણું જ સારું થયું. તું તો ખોટે જ માર્ગે ચાલ્યો જતો હતો. હવે મારી સાથે ચાલ. હું ગુરુજીના વિહારમાં જ જવાને નીકળી છું. તમે બે જણ જે પત્ર લાવ્યા, તેમાં મને વિહારમાં આવી જવાની જ આજ્ઞા કરવામાં આવી છે. ખરેખર મારો અને તારો મેળાપ થયો ન હોત, તો કોણ જાણે તારી શી દશા થઈ હોત! આજ દિશામાં જો તું ચાલ્યો ગયો હોત, તો આખી રાત ભટકતાં પણ તને માર્ગ મળ્યો ન હોત. અસ્તુ; થયું તે ઠીક જ થયું. હવે હું તને કૈલાસનાથના મંદિરમાં સુખરૂપ પહોંચાડી દઇશ. ભગવાન્ વસુભૂતિ અને સિદ્ધાર્થક બન્ને તારા માટે ચિંતામાં પડ્યા હશે. સિદ્ધાર્થકને કદાચિત્ વસુભૂતિએ તારા શોધ માટે પાછો પણ નગરમાં મોકલ્યો હોય, તો પણ આશ્ચર્ય જેવું નથી."

"શું કરું? હું સર્વથા નિરુપાય થઈ ગયો. જે દ્વારમાંથી મેં મંદિરમાં પ્રવેશ કર્યો, તે દ્વાર મારા ધ્યાનમાં જ રહ્યું નહિ. એનો જ રહી રહીને મને શોક થયા કરે છે. વળી નગરી વિશાળ અને હું નવો પ્રવાસી, એટલે જોયા જેવી બની." ચાણુક્યે આ શબ્દોથી પોતાની નિર્દોષતાનું સોળે સોળ આના દર્શન કરાવ્યું.

એ સંભાષણ થવા પછી વૃન્દમાલા અને ચાણુક્ય બન્ને પોતાને માર્ગે પડ્યાં. ચાલતાં ચાલતાં ચાણુક્ય તેને કહેવા લાગ્યો કે, "વૃન્દમાલે! ગઈ કાલે ગુરુજી સમક્ષ તેં જે તારી સ્વામિનીનો વૃત્તાંત કહી સંભળાવ્યો, તે સાંભળીને મારું મન ઘણું જ ઉદ્વિગ્ન થઈ ગએલું હતું. તારા ગયા પછી મારું અને વસુભૂતિનું એ વિશે લાંબુ લાંબું સંભાષણ ચાલ્યું હતું—તેમણે મને મુરાદેવીનો સઘળો પૂર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને તો વળી મને વધારે શોક થયો. બિચારીનાં કેવાં દુર્ભાગ્ય!"

"હા—દુર્ભાગ્ય તો ખરાં જ!" વૃન્દમાલાએ કહ્યું. "પરંતુ હવે તે દુર્ભાગ્યના સ્મરણથી જીવને સંતાપમાં નાખવાથી અને આકાશમાં દુર્ગ બાંધી તેમાં રહેવાની કલ્પના કરવાથી શો લાભ મળવાનો હતો? એવા વિચારોથી પોતાની હાનિ વિના બીજું કાંઈ પણ ફળ થવાની આશા નથી."

"વૃન્દમાલે! તું પણ આમ બોલે છે કે?" ચાણુક્ય પોતાના વિચારોનું મંગળાચરણ કરતો બોલ્યો. "શું સ્ત્રીઓ જે પ્રતિજ્ઞા કરે છે તે પૂરી નથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ થઈ શકતી? માત્ર સુરાદેવી આવી પ્રતિજ્ઞા ન કરે તો સારું ખરું; પણ કેટલીક સ્ત્રીઓએ કરેલી આવી પ્રતિજ્ઞાઓની સિદ્ધિનાં પણ અનેક ઉદાહરણો મારા જાણવામાં છે. એનો જરાપણ અપરાધ ન છતાં એના નામને અને પિતૃકુલને કલંકિત કરનારો આરોપ એના શિરે મૂકવામાં આવ્યો અને અંતે એના પુત્રનો પણ ઘાત કરવામાં આવ્યો, એના કરતાં એના દીર્ઘ દ્વેષ માટે બીજું વધારે પ્રબળ કારણ તે શું જોઇએ વારુ?"

ચાણક્યે એ વાકયો કાંઇક આવેશથી ઉચ્ચાર્યાં. એથી વૃન્દમાલાના મનમાં આશ્ચર્ય થતાં તે આવા અંધકારમાં પણ તેને વિલક્ષણ દૃષ્ટિથી જોવા લાગી. થોડીકવાર તો તે કાંઈપણ બોલી નહિ. અંતે તેણે મૌન્યનો ભંગ કરીને કહેવા માંડયું કેઃ—

"બ્રહ્મવર્ય! તું કહે છે તે વાત ખરી છે. અમને પણ એમ જ જોવામાં આવે છે. પરંતુ જેમ કોઈ પર્વત આવીને શરીરપર પડ્યો હોય, તો તેની નીચે દબાઇને મરી જવા વિના બીજો કોઇ પણ ઉપાય આપણા હાથમાં હોતો નથી, તેવી જ રીતે જ્યાં રાજાએ જ અન્યાય કર્યો હોય, ત્યાં બીજા કોઇથી શું થઈ શકે વારુ? ન્યાય માગવો કોની પાસેથી? કેમ ખરું કે ખોટું?"

"હું ખોટું નથી કહેતો. અક્ષરે અક્ષર ખરું. પણ રાજાના અન્યાયમાટે ન્યાય આપનાર શ્રી કૈલાસનાથ તો છે જ. તેના નામથી જો આપણે ઉદ્યોગ કરવા માંડ્યો હોય, તો આપણને વિજય મળવાની પૂરેપૂરી સંભાવના છે." ચાણકયે પુનઃ પોતાના બુદ્ધિવાદને આગળ મૂક્યો.

પરંતુ વૃન્દમાલાએ એનું કાંઈપણ ઉત્તર આપ્યું નહિ, એટલે થોડી વાર રહીને ચાણક્ય પુનઃ તેને કહેવા લાગ્યો કે, "વૃન્દમાલે! તારા બોલવા ઉપરથી હું સ્પષ્ટ સમજી શકું છું કે, તું પોતાની સ્વામિનીના સંરક્ષણ માટે ગમે તેવું સાહસ કરવાને તૈયાર થાય એમ છે."

"જો મારી સ્વામિનીની સંરક્ષા થતી હોય, તો ગમે તે સાહસ હું કરીશ. એ વિશે તિલમાત્ર પણ સંશય કરવો નહિ. જો પ્રાણ આપવાનો પ્રસંગ આવશે, તો પ્રાણાહુતિ પણ આપીશ. એથી વધારે બીજું તે શું હોઈ શકે?" વૃન્દમાલાએ પૂર્ણ આવેશથી એ વાકયો ઉચ્ચાર્યાં. એ સમયે તેની મુખમુદ્રામાંથી સ્ત્રીની સ્વાભાવિક મૃદુતાનો સર્વથા લોપ થઈ ગયો હતો, અને તેનું સ્થાન કોઈ એક શૂરવીર પુરુષને યોગ્ય હોય, એવા શૌર્ય અને ગાંભીર્યે લીધું હતું.

"ધન્ય! સ્વામિનિષ્ઠા હોય તો આવી જ હોવી જોઇએ. તને મેં ગઈ કાલે જોઈ ત્યારથી જ મારો નિશ્ચય થઈ ચૂકયો હતો, કે તું ખરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વામિનિષ્ઠ છે. નહિ તો મુરાદેવી પરથી રાજાની પ્રીતિ ઓછી થાય, તેને કારાગૃહમાં નાંખવામાં આવે અને તેના પરિચારકોને લાભની કાંઈ પણ આશા ન હોય, એવા સમયમાં તેના માટે આવી ચિંતા કોણ રાખે? ખરેખર તને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો જ છે." ચાણકયે વૃન્દમાલાની સ્પષ્ટ સ્તુતિ કરી. એ સ્તુતિ સ્તોત્રને સાંભળી વૃન્દમાલા મનમાં ઘણી જ સંતુષ્ટ થઈ અને કહેવા લાગી કે, "વિપ્રવર્ય! આમાં હું કાંઈ પણ વિશેષ કરતી નથી. મારો એ ધર્મ છે અને તે ધર્મ પ્રમાણે હું વર્તન કરું છું."

"ખરું–એ તારો ધર્મ છે, એ માન્યું; પરંતુ એ ધર્મનું પાલન કરનારાં દાસદાસી આજે ભાગ્યે જ કયાંક જોવામાં આવે છે. તેમાંની તું એક છે, એ જ માત્ર પ્રશંસાનું કારણ છે." ચાણકયે પોતાના મતને દઢાવ્યું.

થોડીક વાર સુધી પાછાં બન્ને મૂકમુખે માર્ગમાં ચાલવા લાગ્યાં ચાલતાં ચાલતાં વળી ચાણકય તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો; "વૃન્દમાલે! જેવી રીતે તું પોતાની સ્વામિનીના પ્રાણરક્ષણ માટે ગમે તે સાહસ કરવાને તૈયાર છે, તેવી જ રીતે તેના કોઈ પણ મનોહેતુને પાર પાડવા માટે સાહસ કરવાને તૈયાર થાય ખરી કે? મારા ધારવા પ્રમાણે તો થવી જ જોઇએ."

"એ વિશે વળી પ્રશ્ન તે શો કરવાનો હતો? વધારે શું કહું? આજે દેવી જે વિષયને સંભારીને આડું અવળું જેમ આવે તેમ બકયા કરે છે, તે કાર્ય જો સુલભ અને સાધ્ય હોત, તો તેની સિદ્ધિ માટેના પ્રયત્નમાં પણ મેં મુરાદેવીને મારાથી બનતી સહાયતા આપી હોત. પણ એ કાર્ય અસાધ્ય છે અને મારી સહાયતાનો ઉપયોગ થાય તેમ નથી. મુરાદેવી તો એક ઉન્મત્ત મનુષ્ય પ્રમાણે જ બકયા કરે છે. તે કહે છે કે, 'હું નંદકુળનો નાશ કરીશ અને તેને સ્થાને–સિંહાસને મારા પિતૃકુળના કોઈ પણ મનુષ્યની સ્થાપના કરીશ.' એમાં શો સાર? હા, કદાચિત્ એનો પુત્ર અત્યારે જીવતો હોત, તો એમ બની પણ શકત. પણ આ ધારણા વ્યર્થ છે," વૃન્દમાલાએ પોતાના વિચારો નિષ્કપટતાથી વ્યક્ત કરી દીધા.

ચાણકયે તેના છેલ્લા શબ્દોને લક્ષમાં ન લેતાં હસિત મુદ્રાથી તેને કહ્યું કે, "જો મુરાદેવીનો પુત્ર જીવતો હોય અને તેને સિંહાસનારૂઢ કરવાનો જો તે પ્રયત્ન આદરે, તો તો તું સહાયકા થવાની ને? ઠીક વૃન્દમાલે! તું ખરેખરી સ્વામિનિષ્ઠ સેવકા છે. તું નિત્ય વંદન કરવાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય છે. તારા જેવી પુત્રીનાં માતા પિતા અને તારા જેવી સ્ત્રીના પતિ આદિને ખરેખરાં સદ્‌ભાગ્યશાળી જ સમજવાં જોઇએ."

"તું નિત્ય વંદન કરવાને યોગ્ય છે." એ શબ્દોથી વૃન્દમાલાના હૃદયમાં આનંદનો જે ભાવ થયો, તે ન વર્ણવી શકાય તેવો હતો.

## પ્રકરણ ૭ મું.

### પહેલું પગથિયું.

રાજા ધનાનંદ પોતાના મહાલયની અગાસીમાં બેઠો બેઠો નગરની શોભાનું અવલોકન કરતો હતો. પાસે દાસદાસીઓ અને પરિચારકો પણ ઘણી જ થોડી સંખ્યામાં હતાં. એથી જાણે પરિચારકોના નિત્યના સહવાસથી કંટાળીને તેમને દૂર કરી શાંતિથી જ તે પોતાના મનસંગે વિચાર કરતો નગર નિરીક્ષણના આનંદનો અનુભવ લેતો બેઠો હોયની! એવું અનુમાન થઈ શકતું હતું. થોડા ઘણા પરિચારકો પાસે ઉભા હતા, તેમને પણ તેણે રજા આપી દીધી. દ્વારપર માત્ર પ્રતિહારી અને દ્વારના અંતર્ભાગમાં વેત્રવતી એ બે અનુચરો જ ત્યાં રહ્યાં. બાકીનો બધો સૌધપ્રાંત (અગાસીનો ભાગ) સર્વથા ખાલી થઈ ગયો. ધનાનન્દના મનની સ્થિતિ આ વેળાએ કાંઇક વિચિત્ર થએલી દેખાતી હતી. નીચે ચતુર્દિશાએ નગરનો વિસ્તાર થએલો હતો અને તેમાં નાગરિકોના અનેક પ્રકારના વ્યવસાયો ચાલતા હતા. પરંતુ એ સઘળા દેખાવોમાં ધનાનન્દની દૃષ્ટિ હતી કે નહિ? એનો સંશય જ હતો. અર્થાત્‌ તેનું મન કોઇ બીજી જ દિશામાં વિચરતું હોય, એમ દેખાતું હતું. તેની મુખમુદ્રાના અવલોકનથી તેના મનના વિચારો આનન્દદાયક હોય, એમ તો જણાતું જ નહોતું. કોઈ પ્રકારની ઉત્સુકતા તેના મનમાં હોય અને તે ઉત્સુકતાના કારણનો તે શોધ કરતો હોયની! એવો સર્વથા ભાસ થતો હતો. એ ઉત્સુકતાનું મૂળ તે કાંઈ પણ ભીતિ—"મારાપર સત્વર જ કોઈ વિપત્તિ અથવા તો દુઃખ આવશે." એવી ભીતિ હોય, એમ જણાતું હતું. કાંઈ પણ કારણ ન હોવા છતાં અને કોઈ પણ દિશામાંથી વિપત્તિને સૂચવનારા કાંઇપણ સમાચાર ન હોવા છતાં પણ રાજા કેવળ સુખસ્થિતિમાં નગરની શોભા જોવાને બેઠેલો હતો. એવામાં એકાએક તેના મનમાં ઉપર કહ્યા પ્રમાણે ઉત્સુકતા અને ભીતિનો વિચાર આવીને ઊભો રહ્યો. રાજા એવા વિચારથી તો શું, પણ ભયનો પ્રસંગ પણ પ્રત્યક્ષ આવીને સામો ઉભો હોય, તો પણ તેથી ડરીને પાછો હટે એવો નહોતો; પણ કોઈ કોઈવાર મનની સ્થિતિ જ એવી થઈ જાય છે કે, તે વેળાએ મનમાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવનારા વિચારો મનને સબળતાથી ઘેરીને બેસી જાય છે અને તે પાણીમાં મળી ગએલી ધૂળ પ્રમાણે માત્ર ઝટકવાથી દૂર થઈ નથી શકતા. ગમે તેટલો તેને કાઢી નાંખવાનો પ્રયત્ન કરો, પણ પોતાનો થોડો ઘણો પણ સારો નઠારો પ્રભાવ તે પોતે પડેલા હોય, તે સ્થાનમાં રાખી જ જવાના. રાજા ધનાનન્દે પોતાના મનમાંના એ વિચારોને દૂર કરવા માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ એ વિચારો દૂર થઈ ન શકયા; એટલું જ નહિ, પણ જેમ જેમ એ વિચારોને કાઢવાનો તે પ્રયત્ન કરતો ગયો, તેમ તેમ એ વિચારોની પ્રબળતા વધારે ને વધારે થવા લાગી અને રહેતાં રહેતાં એ જ વિચારોમાં તેને ખેદ સાથે થોડોક આનંદનો પણ ભાસ થવા લાગ્યો. અર્થાત્ પરિચારકો પાસે ન હોવા જોઇએ, એમ તેને ભાસ્યું. મનની એવી વિચિત્ર સ્થિતિમાં તે બેઠેલો હતો, એટલામાં વેત્રવતી ત્યાં ધીમે ધીમે આવી અને હાથ જોડી તથા ગોઠણ મંડીએ પડીને વિનતિ કરવા લાગી કે, "દેવ! અંતઃપુરમાંની એક પરિચારિકા એક પત્રિકા લઇને આવેલી છે અને 'એ પત્રિકા મહારાજને પોતાને જ હાથો હાથ આપવાની અમારી દેવીની આજ્ઞા છે,' એમ તે કહે છે. મહારાજની આજ્ઞા મળે ત્યાં સુધી આપણા વિનયશાળી કંચુકીએ તેને દ્વારપર જ રોકી રાખી છે. હવે મહારાજની જેવી ઇચ્છા."

વેત્રવતીનું એ ભાષણ સાંભળતાં જ મહારાજા ધનાનન્દના હૃદયમાં એક પ્રકારની અસ્વસ્થતા થવા માંડી." વેત્રવતિ! તું શું કહે છે? દેવીની પરિચારિકા આવેલી છે? દેવીની પરિચારિકા અને તે અત્યારે પત્રિકા લઇને આવી છે? વળી તે મને પોતાને જ હાથો હાથ પત્ર આપવા ઇચ્છે છે, એવું તે એ પત્રિકામાં શું હશે વારુ?" એ પ્રમાણે અર્ધ વેત્રવતીને ઉદ્દેશીને અને અર્ધ મનસ્વી જ બોલીને થોડીક વાર સુધી રાજા કાંઇપણ બોલ્યા ચાલ્યા વિના સ્વસ્થ થઈ બેસી રહ્યો. વેત્રવતી પણ પોતાને સ્થાને જ સ્તબ્ધ થઇને ઊભી હતી. છેવટે રાજા ધનાનન્દના મનમાં એમ આવ્યું કે, જો હું આવી જ રીતે બેઠો બેઠો આ ભયંકર વિચારોમાં ગુંથાયલો રહીશ, તો એ વિચારો વળી બીજા વિચારોને જન્મ આપશે. એના કરતાં આ આવેલા નવીન કાર્યમાં ચિત્તને પરોવવું, એ વધારે સારું છે." એવી ધારણાથી તેણે વેત્રવતીને કહ્યું કે, "વેત્રવતિ! જા, અને એ પરિચારિકાને અહીં મારા સમક્ષ લઈ આવ. વિનયંધર પ્રતિહારીને મારી આજ્ઞા કહી સંભળાવજે."

આજ્ઞા મળતાં જ વેત્રવતી ગઈ અને ક્ષણવારમાં તે પરિચારિકાને અંદર લઈ આવી. પરિચારિકાએ પણ આવતાંની સાથે જ મહારાજ સમક્ષ યોગ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાનુક્ષેપન કરીને મસ્તકપર અંજલિ ધરી અને મહારાજને વિનવીને કહ્યું કે, "દેવ! દેવીએ આ પત્રિકા આપેલી છે, અને એને વાંચીને દેવ જે આજ્ઞા કરે, તે પોતાને સંભળાવવાની મને તાકીદ પણ આપેલી છે. માટે મહારાજાએ વાંચીને ઇચ્છા પ્રમાણે સત્વર આજ્ઞા આપવાની દાસીપર કૃપા કરવી."

રાજા ધનાનન્દે તે પરિચારિકાને ધારીને જોઈ, પણ તે વિશેષ પરિચિત હોય એમ તેના જોવામાં આવ્યું નહિ. એને એકાદવાર જોએલી છે, એટલે જ માત્ર તેને ભાસ થયો; પણ ક્યાં અને કયા પ્રસંગે એને જોએલી હતી, એનું તેને સ્મરણ થઈ ન શક્યું. તથાપિ પરિચારિકા વિશે વિશેષ ઊહાપોહ ન કરતાં તેણે પત્રિકા ઉઘાડીને મનમાં જ વાંચવાનો આરંભ કર્યો. તેમાં નીચે પ્રમાણેની વિગત વર્ણવેલી હતી.

"સ્વસ્તિ. મહારાજાના મનમાં આ મારા પત્રલેખનથી કદાચિત્ વધારે કોપ થશે. કદાચિત્ આ ચરણદાસીને જેવી રીતે પૂર્વે રાખી હતી, તેવી જ સ્થિતિમાં રાખવાની પણ ધારણા થશે. પરંતુ માત્ર એક જ વાર દર્શનનો લાભ આપીને આ દાસીની વિજ્ઞપ્તિ સાંભળશો, તો ઘણો જ ઉપકાર થશે. કુમાર સુમાલ્યના યૌવરાજ્યાભિષેકના મહોત્સવ પ્રસંગે જેવી રીતે આ દાસીનું સ્મરણ કરીને બંધનમુક્ત કરવાની આપે કૃપા કરી હતી, તેવી રીતે અત્યારે પણ કૃપા કરશો જ. આપના હૃદયમાંથી આ દાસીનું વિસ્મરણ તો થયું નથી જ, એ ખુલ્લું છે. અને આપના હૃદયમાં હજી મારું સ્મરણ રહેલું છે, તેથી જ આ પત્રલેખનનું અને આ વિજ્ઞપ્તિ કરવાનું આ દાસીએ આ દુષ્કર સાહસ કરેલું છે. જેવી રીતે સ્વાતિ બિંદુની પ્રાપ્તિ માટે ચાતકીની અથવા પોતાના પતિના પુનર્દર્શન માટે નિશા સમયે વિયોગિની ચકોરી અત્યંત ઉત્સુક થાય છે, તેવી જ રીતે આ મુરા આપના દર્શનની પ્રતીક્ષા કરતી બેઠેલી છે. આર્યપુત્ર જે કાંઇ પણ ઇચ્છે, તે કરવા માટે સંપૂર્ણ રીતે સમર્થ છે જ."

પ્રથમ પ્રથમ તો કેટલીક પંક્તિઓ વાંચતાં સુધી એ પત્ર કોનું છે, એ ધનાનન્દના ધ્યાનમાં આવ્યું નહિ; પરંતુ અર્ધ પત્ર વંચાયા પછી પત્રની લખનારી વિશે શંકા થતાં અંતના બે શબ્દોથી તેનું પણ નિરાકરણ થઈ ગયું. પત્ર લઇને આવેલી પરિચારિકા પાસે ઊભેલી જ હતી. તેને એકવાર રાજાએ પાછી નિહાળીને જોઈ અને પુનઃ એકવાર પત્રિકા વાંચી. થોડીકવાર તે વિચારમાં પડી ગયો-ત્યાર પછી એકાએક તેણે પરિચારિકાને આજ્ઞા આપતાં કહ્યું કે, "પરિચારિકા જા તું તારી સ્વામિનીને કહે કે, મહારાજ હમણાં જ તારા અંતઃપુરમાં પધારશે. મુરાના અંતઃપુરનો માર્ગ મને વેત્રવતી દેખાડશે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનાનન્દનું એ ભાષણ સાંભળતાં જ પરિચારિકા અને વેત્રવતી બન્ને જણ ન ધારેલી આકાશવાણીથી ચકિત થઈ ગઈ હોય અથવા તો વિદ્યુલ્લતાના આઘાતથી જીવનહીન બની ગઈ હોય, તે પ્રમાણે સ્તબ્ધ ઊભી રહી ગઈ; પરંતુ પરિચારિકા સત્વરજ સાવધ થઈ. મહારાજના અંતઃપુરમાં પધારવાની શુભવાર્ત્તા સંભળાવવાથી મુરાદેવીને ઘણો જ આનંદ થશે, એમ ધારીને તે એકદમ દોડીને અંતઃપુરમાં જઈ ઊભી રહી. વેત્રવતીનું આશ્ચર્ય એટલું શીઘ્રતર દૂર થઈ ન શક્યું. તેને આ સત્ય ઘટના છે કે સ્વપ્ન, અને એ શબ્દો ખરેખર રાજાના મુખમાંથી બહાર પડ્યા કે કેવળ ભ્રમ હતો, એનો નિર્ણય તે કરી શકી નહિ. તે ખરેખર એક પાષાણુની પ્રતિમા પ્રમાણે ઊભી રહેલી હતી. એની એવી દશા થવાની છે, એ જાણે રાજા ધનાનન્દને પ્રથમથી જ જણાઈ ચૂક્યું હોયની! તેવી રીતે રાજા સ્મિત કરીને કહેવા લાગ્યો કે, "વેત્રવતી, તું સ્વપ્નમાં તો નથી જ, તું જાગૃત અવસ્થામાં છે, સમજી કે? ખરેખર મને કિરાતકન્યા મુરાદેવીના અંતઃપુરનો માર્ગ બતાવ. મને પણ તેનાં દર્શનની ઇચ્છા થએલી છે. જેનો મેં પંદર સોળ વર્ષથી ત્યાગ કરેલો છે, જેને હું કારાગૃહમાં પણ નાંખી ચૂક્યો છું અને તેણે પોતે જ મને બોલાવ્યો છે, તો ત્યાં જઇને મારે મારા આ વિચારગ્રસ્ત મનને શાંતિ આપવી જ જોઇએ. કોઇપણ નવીન વિલાસમાં મન દોરવાતાં જૂના વિચારો પોતાની મેળે જ દૂર થઈ જાય છે." એમ કહીને રાજા ધનાનન્દ પોતાના આસનપરથી ઉઠ્યો અને વેત્રવતીએ દેખાડેલા માર્ગને અનુસરીને ચાલતો થયો. માર્ગમાં જતાં જતાં તેણે વળી પણ કહ્યું કે, "કુમાર સુમાલ્ય જેવાના યૌવરાજ્યાભિષેકના મહોત્સવ પ્રસંગે જ્યારે ભયંકર અપરાધીઓ પણ સુખ મેળવે છે, ત્યારે આ મુરાદેવી મારા વિયોગના દુઃખમાં ઝૂર્યા કરે, એ જોવાની હવે મારી મનોભાવના નથી. જે થવાનું હતું તે થયું છે, પણ હવે તો તેને સુખ થવું જ જોઇએ."

રાજાનાં એ બોલવામાં કેટલીક સ્વાભાવિકતા તેમ જ કેટલીક કૃત્રિમતા પણ સમાયલી હતી–ત્યાં જવાનો તેનો મુખ્ય હેતુ તો વિનોદવાર્ત્તા કરીને શોકને ભૂલવાનો જ હતો. થોડો ઘણો પ્રેમ હોય, તો પરમાત્મા જાણે. છતાં પણ રાજાને ત્યાં જવાની ઇચ્છા થઈ, એ પણ એક ઘણી જ મોટી વાત કહેવાય.

પરિચારિકાએ જઇને ઘણાજ હર્ષથી મહારાજાના આગમનના સમાચાર મુરાદેવીને કહી સંભળાવ્યા. તે સાંભળતાં જ એક ક્ષણમાત્ર–એક જ ક્ષણમાત્ર–તેને તેની સત્યતાની પ્રતીતિ થઈ ન શકી–પરંતુ પછી પરિચારિકાના મુખને જોતાં તે સત્ય બોલે છે, એવો મુરાદેવીનો નિશ્ચય થયો અને તે જ પળે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહારાજના સત્કાર માટે તે સઘળી તૈયારી કરવાને ઊઠી. તેના શરીરમાં આભૂષણો કાંઈ ઘણાં તો હતાં જ નહિ; પરંતુ જે ચાર પાંચ હતાં, તે પણ તેણે કાઢી નાખ્યાં. રેશમી વસ્ત્રો પહેરેલાં હતાં તેમને ઉતારીને તેણે સાદાં શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં. ગળામાં માત્ર એક જ મોતીનો હાર રહેવા દીધો. અને સર્વથા અસ્તવ્યસ્ત પણ નહિ અને સર્વથા સુવ્યવસ્થિત પણ નહિ, એવી કેશરચના કરીને તેમાં તેણે એક મદનબાણનું પુષ્પ ખોસી રાખ્યું. ત્યાર પછી આજે દશ પંદર દિવસથી પોતાના મુખમાં જે ક્રોધની છટા દેખાતી હતી અથવા તો કવચિત્ કવચિત્ માત્સર્યનું તેજ દૃષ્ટિગોચર થતું હતું, તે સર્વને દેશવટો આપીને તેણે એક વિરહિણી વનિતા પ્રમાણેની કળાનો પોતાની મુખમુદ્રામાં સમાવેશ કર્યો. એ સર્વ પોતાની ઇચ્છા પ્રમાણે થયું કે નહિ, એના નિશ્ચય માટે તેણે એકવાર દર્પણમાં પોતાના મુખનું અવલોકન કર્યું અને મહારાજના આગમનની વાટ જોતી બેઠી. તે બેઠી બેઠી મહારાજના આવ્યા પછી તેની સાથે કેવી રીતે ભાષણ કરવું, કેવી રીતે હસવું અને અમુક પ્રસંગે અમુક ચરિત્રો કેમ કરી બતાવવાં, એ વિશેની યોજનાનો વિચાર કર્યા કરતી હતી. અર્થાત્ બેઠેલી પણ તે ઉદ્યોગહીન નહોતી.

થોડા જ સમયમાં સુરાદેવી પોતાની સર્વ સામગ્રી તૈયાર કરી રહી, એટલામાં તો મહારાજા આવી પણ પહોંચ્યા. તે ત્યાં પહોંચતાં જ વેત્રવતી તેને "અહીં અહીં દેવ ! સુરાદેવી આપની વાટ જોતાં બેઠાં છે." એમ કહીને ત્યાંથી ચાલી ગઈ. વેત્રવતીએ ત્યાંથી ગમન કરતાં જ સુરાદેવી અત્યંત ઉદ્વેગજનક સ્વરથી રાજાને ઉદ્દેશીને કહેવા લાગી કે, "આર્યપુત્ર, મને સર્વથા અપરાધિની જાણીને આપે આજ સુધીમાં મારો તિરસ્કાર કર્યો તે કર્યો; પરંતુ હવે તો મારાપર કૃપાદૃષ્ટિ રાખો." એમ કહીને રાજાનાં ચરણોમાં પોતાનું મસ્તક રાખીને તે ચરણોને સુરાદેવીએ પોતાનાં ઉષ્ણ અશ્રુથી ભીંજાવી નાખ્યાં. તેનો કંઠ એ વેળાએ એટલો બધો સદ્ગદિત થએલો હતો અને તે એટલા બધા આર્ત્ત સ્વરથી શોક કરતી હતી કે, રાજાનું મન તેથી તત્કાળ પીગળી ગયું અને તેણે તેને ઉઠાડીને કાંઈ પણ ઉત્તર ન આપતાં એકાએક પોતાના અંકમાં સ્થાન આપ્યું. સુરાદેવીની કરુણાર્દ્ર પરંતુ સુંદર મુદ્રાને જોતાં જ રાજાનું મન પાછું તેનામાં લોભાઈ ગયું. એ વેળાએ ઉપર કહ્યા પ્રમાણે શુભ્ર વસ્ત્રોના પરિધાનથી, અલંકાર રહિત હોવાથી અને શિરોભાગે માત્ર એક જ મદનપુષ્પ ધારણ કરેલું હોવાથી સુરાદેવી ઘણી જ સ્વરૂપસુંદર દેખાતી હતી. નિઃસર્ગમધુર સ્વરૂપ સ્વાભાવિક રીતે જ અતિશય ચિત્તાકર્ષક હોય છે, એમાં શંકા જેવું કશું પણ નથી. સુરાદેવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વરૂપમાં ઘણી જ ઉત્કૃષ્ટ હતી–અર્થાત્ તેને પોતાના સૌન્દર્યનું દર્શન કરાવવા માટે અલંકાર આદિ બાહ્ય ઉપચારોની બિલકુલ આવશ્યકતા હતી નહિ. વળી હાલમાં તો તે પ્રૌઢા થએલી હોવાથી એ શુભ્ર વસ્ત્રો, શુભ્ર અને સતેજ મૌક્તિક માળા અને મદનબાણનું સુંદર સુમન તેના શરીરને બહુ જ શોભાવતાં હતાં. એ મદનબાણના પુષ્પથી જ રાજાનું ચિત્ત અત્યંત વિહ્વળ થઈ ગયું, એમ કહેવામાં કાંઇપણ અતિશયોક્તિ થવાની નથી. વિશેષમાં મુરાદેવીએ વળી પોતાનાં નમ્ર વાક્યોથી, કેટલાક પ્રેમ શબ્દોથી, નેત્ર કટાક્ષોથી અને વિરહ–ઉદ્‌ગારોથી ધનાનન્દને સર્વથા પરાજિત જ કરી દીધો: આજે પ્રથમ જ પત્ર લખીને એકદમ તે મહારાજને મોકલવાનું સાહસ કર્યું, તેમાં મુરાદેવીને સારી સફળતા પ્રાપ્ત થઈ. પત્ર લખવા પહેલાં મુરાદેવીની એવી ધારણા હતી કે, "આજે પત્ર તો લખું, જો તેનો ઉપયોગ થયો, તો તો ઠીક–નહિ તો બીજીવાર લખીશું–બીજી વાર પણ સિદ્ધિ ન મળી તો ત્રીજી વાર–એવી રીતે પ્રયત્ન ચાલુ રાખીને મહારાજને અંતઃપુરમાં તો બોલાવવા જ અને તે આવ્યા અને મારી સાથે બે વાતો કરી–એટલે મારા દાસ થયા જ." પરંતુ એ ધારણા પ્રથમ પ્રયાસમાં જ ફળીભૂત થઈ, એટલે તેના હૃદયમાં અત્યાનન્દ થાય, એમાં આશ્ચર્ય શું? તથાપિ એ આનન્દનો તેણે પોતાના મુખમાં ભાસ થવા દીધો નહિ. "મારી ભૂર્જપત્રપર લખેલી પત્રિકાને માન આપી મહારાજ અહીં પધાર્યા અને મને ચરણમાં પડેલી જોઈ હસ્તનો આશ્રય આપી ઉઠાડી, એથી હું આર્યપુત્રની ઘણી જ આભારી થએલી છું." એમ તેણે પોતાના ભાષણથી, હાવભાવથી અને મુખમુદ્રાથી રાજાને પ્રત્યક્ષ દેખાડી આપ્યું. મહારાજ ધનાનન્દના મનમાં એનું ઘણું જ વિલક્ષણ પરિણામ થયું અને પ્રેમપૂર્વક તે કહેવા લાગ્યો કે, "પ્રિયે! હવે ઘણું થયું–વધારે વિનયની હવે કાંઇપણ આવશ્યકતા નથી. વ્યર્થ શોક ન કર–જે વાત બની ગઈ, તે વિશે હવે વધારે ખેદ કરવામાં કાંઇપણ સાર નથી. તે કાળ જ કોઈ કુકાળ હતો–મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી; પરંતુ આજે તને જોતાં જ મારા મનની વૃત્તિઓ બદલાઈ ગઈ છે. સત્તર વર્ષના કારાગૃહવાસથી તારી આ કેવી વિરહાવસ્થા થઈ ગઈ છે, એ જોતાં તે વેળાએ ખરેખર જ મારી ખોટી સમજૂત થએલી હોવી જોઇએ, એમ જ મને જણાય છે. નહિ તો મારાવિશેનો તારો પ્રેમ આવો અચલ રહેવા પામ્યો ન હોત. હવે ચિન્તા કરીશ નહિ. યદાકદાચિત્ તારા હસ્તે કોઈ અપરાધ થઈ પણ ગયો હશે, તોપણ તારે તેની ભીતિ રાખવાની નથી. તેનું જે કાંઇ પણ પ્રાયશ્ચિત્ત મળવાનું હતું તે તને અને મને ઉભયને યથાયોગ્ય મળી ચૂક્યું છે. પણ હવે તેનું વિસ્મરણ જ કરવું ઉચિત છે. પ્રિય મુરાદેવી, મેં તારો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિનાકારણ જ છળ કર્યો ને? હા–હું કેવો ક્રૂર, કેવો નીચ, કેવો અધમ અને કેવો પાપી કે નિર્દોષને દૂષિત બતાવવામાં મેં આગળ પાછળનો લેશ માત્ર પણ વિચાર કર્યો નહિ?" રાજાના નેત્રમાંથી અશ્રુનું વહન થયું.

"આર્યપુત્ર! મારાથી એમ કેમ બોલાય? આપના હસ્તે કોઈપણ અન્યાયનું વર્ત્તન કેમ થઈ શકે? મારો તો નિશ્ચય છે કે, આપનાથી અન્યાય કોઈ કાળે પણ થવાનો નથી. પરંતુ મારાં જ દુર્ભાગ્ય કે, આપને સત્ય સ્થિતિનું જ્ઞાન થઈ ન શક્યું. પણ એમાં મારો કિંવા તમારો શો ઉપાય ચાલી શકે એમ હતું વારુ? આપના શિરે હું લેશ માત્ર પણ દોષારોપણ કરતી નથી. એ દોષ મારા દુર્દૈવને જ આપું છું. છતાં પણ આપ સમક્ષ એટલી પ્રાર્થના કરું છું કે, મને આપવામાં આવેલા લોકાપવાદ અને કારાગૃહવાસને હું બિલ્કુલ પાત્ર નહોતી. હું નિર્દોષ હતી. હું ખરેખર કિરાતરાજાની કન્યા–એકની એક પુત્રી–કે જેનું ક્ષાત્ર ધર્માનુસાર ગાંધર્વ વિધિથી આપે પાણિગ્રહણ કર્યું હતું; તે આજે પુનઃ સદ્ભાગ્ય યોગે આપનાં દર્શન કરીને પોતાના નેત્રોને ધન્ય માને છે. હવે ભવિષ્યમાં મારા ઉપર કૃપાદૃષ્ટિ રાખવાનું વચન આપો." સુરાદેવીએ પોતાના કપટજાળને વિસ્તારવાનો યત્ન આદર્યો.

એ સંભાષણ સમયે સુરાદેવીની શરીર ચેષ્ટાઓ એટલી બધી નૈસર્ગિક અને મનોમોહક હતી, તેનું વર્ત્તન એટલું બધું ચિત્તાકર્ષક હતું અને દૃષ્ટિપાત તથા ભ્રુકુટીવિલાસ એવી રીતે ચાલેલા હતા, કે કોઈ ચતુર પારધીના જાળમાં જેવી રીતે કૃષ્ણમૃગ સપડાઈ જાય છે અને પ્રત્યેક પગલે તે વધારે ને વધારે જાળમાં ગુંચવાતું જાય છે, તોપણ પારધીના વેણુના નાદથી મોહાઇને સ્તબ્ધતાથી ઊભું રહે છે અને તેના બાણથી વીંધાઇને મરી જાય છે અથવા તો જીવતું જ જાળમાં ફસાઈ જાય છે; તેવી જ ધનાનન્દની અવસ્થા થએલી હતી. સુરાદેવીના મધુર અને મનોમોહક સ્વરથી મોહ પામીને અને તેનાં નેત્રકટાક્ષોથી વીંધાઇને રાજા તેના વાક્જાલમાં પૂર્ણપણે સપડાઈ ગયો. સત્તર વર્ષ પહેલાં જે વેળાએ ધનાનન્દનો સેનાપતિ કિરાતરાજાને જિતી તેની પુત્રીનું હરણ કરી આવ્યો હતો, તે વેળા કરતાં પણ સુરાદેવી આજે પોતાની પ્રૌઢા અવસ્થામાં વિશેષ રમણીય દેખાતી હતી. એટલે રાજા પુનઃ તેને આશ્વાસન આપતો કહેવા લાગ્યો કેઃ—

"પ્રિય સુરે! તારે એની હવે જરા જેટલી પણ શંકા રાખવી નહિ. આજની રાત્રિ હું તારા મંદિરમાં જ વીતાડીશ અને આજે ભોજન પણ આપણે સાથે જ કરીશું. મારી વિનતિ માત્ર એટલી જ છે કે, વીતેલી વાર્તાનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તારે સ્મરણ કરવું નહિ. મને તારે દૂષિત ન ગણવો અને હું તને દૂષિત નહિ ગણું. મેં સુમાલ્યનો રાજ્યાભિષેક કરેલો છે; માટે હવે હું તેને અમાત્ય રાક્ષસ અને સેનાપતિ ભાગુરાયણની સલ્લાહથી થોડા દિવસ રાજ્યકાર્યભાર ચલાવવાની આજ્ઞા કરીશ અને મારા અવકાશના તે દિવસો તારા જ સહવાસમાં વ્યતીત કરીશ, પછી તો બસ ને?" એમ કહીને સુરાદેવીને તેણે છાતીએ લગાડી અને તેનાં નેત્રાશ્રુઓને લુછી તેના મનનું સમાધાન કર્યું. પુનઃ તે અર્ધ સુરાદેવીને અને અર્ધ પોતાના મનને ઉદ્દેશીને કહેવા લાગ્યો; "આજનો આ કેવો ચમત્કારિક યોગ? જે વેળાએ હું મારાપર કાંઇપણ અરિષ્ટ આવવાના ભયંકર વિચારમાં ઘેરાયલો હતો, તે જ વેળાએ તેવું કાંઈપણ થવાને બદલે જેનો મેં આજ સૂધી વિનાકારણ તિરસ્કાર કર્યો હતો, તે મંજુભાષિણી પ્રિયાને મળવાનો મને લાભ થયો. મારી ચિંતાના તો ચૂરેચૂરા થઈ ગયા—એવા વિલક્ષણ અને ભયંકર વિચારોથી વારંવાર મનુષ્યો બિચારા કેવા ગભરાઈ જતા હશે! અને અંતે તે શોકપૂર્ણ વિચારોનું આનંદમાં પર્યવસાન થતાં તેમને મારા જેવો આનંદ પણ થતો હશે. પરંતુ આજના જેવો શોક અને હર્ષ જો બધાને થતો હોય, તો તો ઈશ્વરની તે કૃપા જ સમજવી જોઇએ."

સુરાદેવીએ ચમત્કારિક રીતે હાસ્ય કર્યું અને મુખને બીજી દિશામાં ફેરવીને કોપથી કપાળમાં વળ નાંખ્યા, અર્થાત્ તેનો મનોનિર્ધાર જૂદો જ હતો.

---

## પ્રકરણ ૮ સું.

## બીજું પગથિયું.

સુરાદેવીએ પોતાની પરિચારિકાદ્વારા સાધારણ ધારણાથી જે પત્ર પાઠવ્યું હતું, તે પત્રનું આટલું બધું સુખાવહ પરિણામ થશે, એવી બીજાઓને તો શું, પણ પરિચારિકા અને સુરાદેવીને પોતાને પણ આશા હતી નહિ. તે પત્રિકા પહોંચાડનારી પરિચારિકા વૃન્દમાલા જ હતી. માત્ર બે જ દિવસ પહેલાં એ જ વૃન્દમાલા પોતાની સ્વામિનીના વર્તનમા ચિંતાતુર થઇને વસુભૂતિનો એ વિશે શો અભિપ્રાય છે, તે પૂછવાને ગઈ હતી. તે વેળાએ વસુભૂતિએ પોતાનો અને સુરાદેવીનો મેળાપ કરાવી આપવાની ઇચ્છા દર્શાવી હતી અને તેના મનને શાંત કરવાનું વચન આપ્યું હતું, એટલે વૃન્દમાલા વસુભૂતિ અને સુરાદેવીનો મેળાપ કેવી રીતે કરાવવો, એના વિચારમાં નિમગ્ન થઈ ગઈ હતી. તેણે પોતાના મનમાં એવી યોજના કરી હતી કે, "સોમવારે સુરાદેવી કૈલાસનાથના દર્શને આવશે, ત્યારે કોઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ઉપાયે વસુભૂતિ સાથે એની વાતચિત થાય, એવો પ્રસંગ લાવીશું ને એકવાર એમનું પરસ્પર સંભાષણ થયું એટલે પછી ભગવાન્ વસુભૂતિ માર્ગને નિષ્કંટક બનાવી નાંખશે." વૃન્દમાલા જ્યારે આવા વિચારોમાં હતી, ત્યારે મુરાદેવીના મનમાં વળી બીજા જ વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું હતું. પોતાના વૈરનો બદલો લેવાનું કામ ફતેહમંદીથી પાર પાડવા માટે શા ઉપાયો કરવા અને તેનો આરંભ કેવી રીતે કરવો, એવિશેના વિચારો એક પછી એક તેના મનમાં થયા કરતા હતા. તે નીચે પ્રમાણે હતા;–

"પ્રથમ કાર્ય તો એ છે કે, રાજાનું અને મારું પરસ્પર દર્શન અને સંભાષણ થવું જોઇએ. પણ તે થાય કેવી રીતે? જો હું જ પોતે ચાલી ચલાવીને રાજસભામાં રાજા સમક્ષ જઇને ઉભી રહું, તો તે શકય નથી અને ઇષ્ટ પણ નથી; કારણ કે, સર્વ લજ્જાનો પરિત્યાગ કરીને રાજસભામાં અથવા તો જ્યાં રાજા બેઠા હોય ત્યાં જવું કેવી રીતે? ને કદાચિત્ જાઉં, તોપણ ત્યાં મારું અપમાન નહિ થાય, એનો શો નિશ્ચય? અને એવી રીતે અપમાન કરવામાં આવે, તો તેનું પરિણામ શું આવે? કદાચિત્ મહારાજા પોતે અપમાન ન પણ કરે, પરંતુ બીજી રાણીઓ અને તેમના પક્ષના મનુષ્યોદ્વારા અપમાનની વિશેષ સંભાવના છે. અર્થાત્ પોતાના સ્થાનને છોડવાથી કાર્યની સિદ્ધિ કોઈ કાળે પણ થવાની નથી. ત્યારે બીજો ઉપાય શો? એ જ કે અચિન્ત્ય ક્યાંક મહારાજાની દૃષ્ટિએ પડવું;–પણ હાલની સ્થિતિ જોતાં એમ થવું પણ સંભવિત દેખાતું નથી. બીજી રાણીઓએ પોતાના મંડળમાંથી મને દૂર કરેલી છે, માટે તેમના મંડળમાં જઇને પાછું કેમ બેસી શકાય? અને તેમના મંડળમાં ન બેસાય, તો અચિન્ત્ય-રીતે મહારાજની દૃષ્ટિએ પડીને કાર્ય સાધવાની આશા રાખવી પણ વ્યર્થ છે. ત્યારે ત્રીજો ઉપાય માત્ર એ જ કે, સાહસ કરીને મહારાજના નામે એક પત્ર લખવું, અને તે પત્ર મારી પરિચારિકા વૃન્દમાલાદ્વારા મોકલીને તે મહારાજાના પોતાનાજ હાથમાં જાય એવી વ્યવસ્થા કરવી. એ પત્ર તેમને પહોંચે, તો જ આપણા કાર્યની સિદ્ધિનો કાંઇક સંભવ રાખી શકાય; અન્યથા તેમ થવું સર્વથા અસંભવિત છે. એ સંભવ પ્રમાણે જો સર્વ થયું, તો તો ઉત્તમ જ, નહિ તો ગયાં સોળ વર્ષમાં જે સ્થિતિ હતી, તેથી વધારે ખરાબ સ્થિતિ તો થવાની નથી જ." એવો દૃઢ નિશ્ચય કરવા પછી જ તેણે વૃન્દમાલાને ગત પ્રકરણમાં જણાવેલું પત્ર રાજાને આપવા માટે આપ્યું હતું અને કહ્યું હતું કે, "ગુપ્ત રીતે અને કોઇને પણ જાણ થયા વિના એ પત્ર રાજાને પહોંચે એવી વ્યવસ્થા કરજે. એક-દમ તારું કે મારું નામ જણાવીશ નહિ; મોઘમમાં એટલું કહેજે કે, 'હું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવીની પરિચારિકા છું અને દેવીનું પત્ર મહારાજાને આપવામાટે આવેલી છું.' વેત્રવતી અને કંચુકી ઇત્યાદિને એટલું જ કહેવાનું. એનો હેતુ એ જ કે, દેવી એ મોઘમ શબ્દથી રાજાના મનમાં "મુરાદેવી" નું સ્મરણ ન થતાં સુમાલ્યની માતાનો જ ભાસ થશે અને તે ઉત્સુકતાથી પત્ર ઉઘાડીને વાંચશે. એકવાર પત્ર ઉઘાડયું અને રાજાએ લક્ષપૂર્વક તેમાંનો લેખ વાંચ્યો, એટલે પછી મારા ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે." એવી રીતે વૃન્દમાલાને સારી રીતે પાઠ પઢાવીને તેણે રાજાસમક્ષ જવાને રવાની કરી હતી. પોતે કાંઈ આડું અવળું લખ્યું છે, એવો જો વૃન્દમાલાના મનમાં સંશય આવશે, તો પત્રને તે માર્ગમાં જ કયાંક નાંખી દેશે, એવી શંકા આવવાથી વૃન્દમાલાને તે પત્ર મુરાદેવીએ પ્રથમથી જ વાંચી સંભળાવ્યું હતું અને તેને શાંત રાખવાના હેતુથી "મારા કોપ માટે મને ઘણો જ પશ્ચાત્તાપ થાય છે અને તેથી મહારાજાની ક્ષમા મેળવવા માટે જ હું આ બધો પ્રયત્ન કરું છું. વૈર લેવાના અને બીજા એવા અશુભ વિચારોનો મારા હૃદયમાંથી સર્વથા નાશ થએલો છે." એવી અસત્ય વાકય પરંપરા પણ ઘણી જ ગંભીરતાથી કહી સંભળાવી હતી.

વૃન્દમાલાના મનમાં જેમ એ પત્રથી કાંઈ પણ લાભ થશે, એવો ભાસ પણ થયો નહિ, તેમ જ એમાં કાંઇપણ કપટનાટકની રચના છે, એવો પણ ભાસ થયો નહિ. "લાગે તો તીર નહિ તો તુક્કો." એ કહેવતને અનુસરીને તેણે તે પત્ર ચાતુર્યથી મહારાજાના હાથમાં પહોંચાડયું, એ તો આપણે જાણી આવ્યા છીએ. એનું જે પરિણામ થયું, તે પણ વાચકો જાણી ચૂકયા છે. વૃન્દમાલાએ રાજમહાલયમાં પોતાના નામનો નિર્દેશ કર્યો નહોતો; માત્ર પોતાને દેવીની પરિચારિકા તરીકે જ ઓળખાવીને પોતાનું કાર્ય સાધી લીધું હતું. પત્રવાચનથી મહારાજાની મનોવૃત્તિ આમ એકાએક બદલાઈ જશે અને તે તત્કાળ મુરાદેવીના નિવાસસ્થાનમાં આવશે, એવી વૃન્દમાલાને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ. અર્થાત્ આપણે જે વસ્તુને અશકય માનતા હોઇએ, તે જ પ્રત્યક્ષ બને ત્યારે આપણને કેટલું બધું આશ્ચર્ય લાગે છે? એવી જ સ્થિતિ બિચારી વૃન્દમાલાની થએલી હતી, રાજા ધનાનન્દ મુરાદેવીના આમંત્રણ પ્રમાણે આવ્યો; એટલું જ નહિ પણ તેણે તે રાત્રે ત્યાં જ ભોજન કરવાનું અને કેટલાક દિવસ સુધી ત્યાં જ રહેવાનું સર્વત્ર કહેવડાવી દીધું. એ આજ્ઞા સાંભળતાં જ અંતઃપુરમાં સર્વત્ર આશ્ચર્ય, ખેદ અને ઇર્ષા એ ત્રણ પ્રબળ વિકારોનું સામ્રાજ્ય પ્રવર્ત્તી રહ્યું. સુમાલ્ય ઉપરાંત રાજાના બીજા સાત પુત્રો હતા અને તે જૂદી જૂદી સ્ત્રીઓથી જન્મેલા હતા. અર્થાત્ એ સર્વ પુત્રોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માતાઓને મુરાદેવીનાં ભાગ્ય આમ એકાએક કેમ ઉઘડી ગયાં, એનું ઘણું જ આશ્ચર્ય લાગવા માંડયું. આજ સુધી જેના નામનું પણ રાજાને સ્મરણ નહોતું, તેના જ મહાલયમાં રાજા કેટલાક દિવસ વીતાડવાનો છે, એ સાંભળીને તેમને ખેદ થયો; અને રાજાને વશ કરવામાટે દુષ્ટ મુરાદેવીએ કાંઈપણ માંત્રિક ઉપાયો કરેલા હોવા જોઇએ, તેમ જ એને જો એવા જ ઉપાયો કરવા દેવામાં આવશે, તો એ બીજી બધી રાણીઓનું ઉચ્ચાટન કરી નાંખશે, એવી ધારણાથી તેમના મનમાં દ્વેષની ઉત્પત્તિ થઈ. એક તો, બીજી સર્વ રાણીઓના હૃદયમાં પ્રથમથી જ મુરાદેવી વિષયક દ્વેષનો અગ્નિ બળ્યા જ કરતો હતો, એવામાં તેણે તેમને રાજાના પ્રેમસ્થાનમાંથી દૂર કરીને પોતે જ તે સ્થાનનો અધિકાર લઈ લીધો, એટલે બળતામાં ઘી હોમાયું. પછી શું પૂછવું? એ બનાવ બન્યો કેવી રીતે? એ વિશે સર્વત્ર શોધો થવા માંડ્યા, અને કંચુકી, વેત્રવતી તથા પ્રતિહારીએ અંદરખાનેથી કાંઇપણ કપટ કરેલું હોવું જોઇએ, એવો સ્ત્રીજનોનો નિશ્ચય થવાથી તેમનાપર ગાળો અને શાપોની વૃષ્ટિ વર્ષવા માંડી. "અમે ધનાનન્દ રાજાને જે પત્રિકા આપી, તે મુખ્ય રાણીની જાણીને જ આપી." એવો કંચુકી, વેત્રવતી અને પ્રતિહારીએ વારંવાર ખુલાસો કર્યો; પરંતુ તે કોઇને પણ સાચો લાગ્યો નહિ. કપટ કરીને મુરાએ પત્રિકા મોકલી, તેથી તેનાપર અને તેના કારસ્થાનમાં શામેલ થઇને તે પત્રિકા રાજાના હાથમાં પહોંચાડી, એટલામાટે એ ત્રણેપર સર્વ રાણીઓનો ઉગ્ર રોષ થયો અને અંતઃપુરમાં જ્યાં ત્યાં અગ્નિની જ્વાળાઓ પ્રજ્વળવા માંડી. બિચારી વૃન્દમાલા ઘણી જ વિડંબનામાં આવી પડી. પોતાની સ્વામિનીના સારા દિવસો આવ્યા માટે આનંદ કરવો કે હવે સર્વ સ્ત્રીસમાજ તેનો અને પોતાનો દ્વેષ કરવા લાગ્યો છે, તેથી શોક કરવો, એનો નિર્ણય તેનાથી કરી શકાયો નહિ; તથાપિ પોતાની સ્વામિનીને સુખમાં પડેલી જોઇને તેને આનંદ તો થયો જ. "એની સોકયો હાલમાં ભલે એનો દ્વેષ કરે છે, પરંતુ તે ઝાઝા દિવસ ટકનાર નથી. ચાર દિવસ પછી એ બીનાને બધા ભૂલી જશે અને બીજી ચાર રાણીઓ પ્રમાણે એને પણ ગણવા માંડશે," એવો તેનો અભિપ્રાય બંધાયો.

કેટલાક મનુષ્યોનો સ્વભાવ એવો હોય છે કે, જેમ જેમ તેમને ચીડાવીએ તેમ તેમ તેમનું તેજ વધારે અને વધારે પ્રજ્વલિત થતું જાય છે. તેમનાં કરવા ધારેલાં કાર્યોમાં જેમ જેમ વિઘ્નો આવતાં જાય છે, તેમ તેમ તે વિઘ્નોને દૂર હટાવીને પોતાના કાર્યની સિદ્ધિ માટેનો તેમનો ઉત્સાહ વિશેષ અને વિશેષ વધતો જાય છે. મુરાદેવી પણ એવા જ પ્રકારની સ્ત્રી હતી; અથવા તો સોળ સત્તર વર્ષના કારાગૃહવાસે તેને એવી દૃઢ હૃદયની બનાવી મૂકી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના પતિને વશ કરવાના પ્રયત્નમાં નિર્વિઘ્ન યશની પ્રાપ્તિ થતાં તેને જેટલો આનંદ થતો હતો, તેના કરતાં પોતાની સોક્યોની બળત્રાને જોઇને અધિક આનંદ થતો હતો; પરંતુ એ આનંદથી તે ફૂલી ગઈ નહોતી. તેણે પોતાનું માથું ઠેકાણે અને ઘણું જ શાંત રાખ્યું હતું; કારણ કે, જેટલો ન ધારેલી રીતે એ આનન્દ આવ્યો છે, તેટલો જ ન ધારેલી રીતે કદાચિત્ નષ્ટ પણ થઈ જાય, એ તે સારી રીતે જાણતી હતી. તેમ જ આ પ્રસંગ હાથમાંથી ગયો તો પછી મરણ સુધી એવો પ્રસંગ મળવાનો નથી; એમ ધારીને મહારાજાના મનમાં વ્યાપેલા પોતાના સામ્રાજ્યને તેણે ક્ષણે ક્ષણે દઢ કરવાના પ્રયત્નો કરવા માંડ્યા. સ્વસ્થ અને નિરુદ્યોગી બની બેસી રહેવામાં કશો પણ લાભ નથી, એવો તેનો દૃઢ અભિપ્રાય હતો.

તે ધનાનન્દની ઇચ્છા પ્રમાણે જ પોતાનું પ્રત્યેક વર્ત્તન કરતી હતી. પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર પણ રાજાની ઇચ્છાને અનુસરીને જ કરવામાં આવતો હતો. ભાષણ ચાલતું હોય અને રાજા વચમાં અટકાવે તો તેને ત્યાંથી જ બંધ કરવાનું અને અનુકૂલતા હોય, તો બે શબ્દો વિરુદ્ધ પણ બોલી દેવા, એવો તેણે નિયક્રમ રાખેલો હતો. બીજી રાણીઓ વિનાકારણ પોતાનો કેવો દ્વેષ કરે છે, એ બીના જેટલી દઢતાથી રાજાની દૃષ્ટિ સમક્ષ આવે તેટલી લાવવા માટેના સર્વ ઉપાયો તે યોજ્યા કરતી હતી. એક વેળાએ એક રચના તો તેણે ઘણી જ ચતુરતાથી કરી.

ધનાનન્દ પલંગમાં પડેલો હતો અને મુરાદેવી તેની ચરણ સેવા કરતી હતી. રાજાને કાંઈ ગાઢનિદ્રા આવેલી નહોતી, એ તે સારી રીતે જાણતી હતી. અને તે જાણીને જ તેણે એક દાસીને પોતાપાસે આવીને પોતાને કાંઇક કહેવાની આજ્ઞા કરી. એ દાસી આજ્ઞા અનુસાર પાસે આવીને ઊભી રહેતાં જ મુરાદેવી ઘણા જ ધીમા સ્વરથી, પરંતુ કાંઇક ત્રાસ પામી દાસીના શરીરને સ્પર્શ કરી કહેવા લાગી કે, "અરે ઓ મૂર્ખી! હમણાજ મહારાજાની આંખ લાગેલી છે—એ શું તું જાણતી નથી? આટલી બધી ઉતાવળી કેમ ચાલે છે? રોજ રોજ આવી વાતો આવીને મને કહેવાની શી અગત્ય છે? ફલાણી રાણીએ આજે આમ કર્યું અને તેની દાસીએ આમ કહ્યું—એજ રોદણું ને? જા—ચાલી જા—એવી નકામી વાતો સાંભળવાનો મ્હારા સમય નથી. મને તો હવે એ નિંદા બિલ્કુલ સાંભળવાની ઇચ્છા જ નથી. તેમણે મને કારાગૃહમાં નખાવી હતી, અને હવે મહારાજે મારો પાછો સ્વીકાર કર્યો છે, એ તેમનાથી કેમ દેખી શકાય વારુ? તેઓ તો મારા અહિતને ઇચ્છે જ. પરંતુ હું તેમનું અહિત ઇચ્છીશ નહિ. પોતાના પતિએ ત્યાગ કર્યો હોય, તો પતિવ્રતા પ્રમદાની શી અવસ્થા થાય છે, એનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનુભવ તેમને નથી, પણ મને સારી રીતે થએલો છે અને તેથી જ તેમના શિરે એવો પ્રસંગ ન આવે, એવી જ મારી પરમેશ્વરપ્રતિ અનન્ય ભાવે નિરંતરની પ્રાર્થના છે. થોડા દિવસ પછી હું જ મહારાજને વિનતિ કરવાની છું કે, "મહારાજ! મને સુખી કરવામાટે મારી બીજી સોક્યોને દુઃખી કરશો નહિ," હવે દાસી તું જા-કોઈ દિવસે પણ રાણીઓની વાત મારા આગળ કાઢીશ નહિ. શું તારું એમ ધારવું છે કે, તારી આ વાતોથી હું એ રાણીઓ ઉપર કોપ કરીશ અને મારા હૃદયને શોકના સાગરમાં ડૂબાવી દઈશ? ના, ના એમ કોઈ કાળે પણ બનનાર નથી. મારા હસ્તમાં ક્ષમારૂપી ખડ્ગ કાયમ છે, તો પછી દુર્જનોથી મારું શું બગડી શકનાર છે!" સુરાદેવીએ એ વાક્યોનો ઉચ્ચાર ઘણી જ દક્ષતાથી કર્યો.

તથાપિ તે દાસી ધીમેથી સુરાદેવીને કહેવા લાગી કે, "દેવિ! તમારા મનમાં કોપ ઉપજાવવાના હેતુથી આ વાતો હું કહેતી નથી. કેટલીક વાતો એવી છે કે, જો તેમનો તમારા તરફથી યોગ્ય ઉપાય કરવામાં ન આવે, તો તેમનું ઘણું જ ભયંકર પરિણામ થવાનો સંભવ છે, તેથી જ આજે હું દોડતી દોડતી અહીં આવી છું. સારું થયું કે, મહારાજ નિદ્રાવશ થએલા છે."

એવી તે શી વાત છે? સત્વર કહી નાંખ. મહારાજને સાંભળવા જેવી નહિ એવી તે સુઇ શી વાત હશે?" સુરાદેવીએ અત્યંત ઉત્સુક સ્વરથી પૂછ્યું.

"દેવિ!" તે દાસીએ ઉત્તર આપવાનો આરંભ કર્યો." હું કહેવાની છું તે વાર્તા મહારાજાને કાને જવી ન જોઈએ. કારણ કે, તે ઘણી જ ભયંકર વાર્તા છે. આપના પરના રોષને લીધે રાણીઓ હવે મહારાજાનું ભૂંડું કરવાને પણ તૈયાર થઈ ગઈ છે. પણ બાઈ! મહારાજા ખરેખર નિદ્રામાં જ છે ને? નહિ તો એક કરતાં કાંઇક બીજું ન થઈ જાય, એની મને ભીતિ થયા કરે છે."

"એક કરતાં બીજું કાંઈ પણ થવાનું નથી. મહારાજાને ગાઢ નિદ્રા આવેલી છે. જે કહેવાનું હોય તે નિશ્ચિત થઇને કહે. જો ખરેખર એવું જ કાંઈ હશે, તો જ્યાંસુધી મારા શરીરમાં જીવ છે, ત્યાં સુધીતો હું એમનો એક વાળ પણ વાંકો થવા દેનારી નથી. પરંતુ જો મારો ત્યાગ કરીને ભૂપાલ બીજીના મહાલયમાં જશે, તો પછી મારો ઉપાય નથી. પણ કહે તો ખરી કે શી વાત છે તે? તારા એ ભેદ ભરેલા કથનથી મારું હૃદય કંપાયમાન થઈ ગયું છે." સુરાદેવીએ ચાતુર્યના માર્ગમાં આગળ વધવા માંડ્યું.

કપટ નાટકની એ નાન્દી થઈ રહ્યા પછી દાસી સુરાદેવીના નિકટમાં આવી અને ધીમેથી સુરાદેવીના કાનમાં કાંઇક બબડી. એ શબ્દો સાંભળતાં જ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે પોતાના મુખના સ્વરૂપને ભયંકર બનાવી નાંખ્યું અને મહારાજ નિદ્રાવશ થએલા છે, એનું ભાન જ રહ્યું ન હોય, તેમ મોટેથી પોકાર કરીને કહ્યું કે, "શું ખરેખર એમ જ છે? મારા માટેના તેમના હૃદયના મત્સરની મર્યાદા હવે એટલી બધી વધી ગઈ છે! ના ના–એમ તો ન જ હોય–તું અસત્ય ભાષણ કરે છે–નીચ જા તારું કાળું કર! ક્ષણ માત્ર પણ અહીં ઊભી રહીશ નહિ–નીચ કયાંકથી ઉડતી વાત સાંભળી આવી હશે, તે પોતે પ્રિય થવાને મને કહી સંભળાવે છે–ખુશામદી ગુલામડી જો એમ જ હશે, તો આજથી મહારાજને જમવાના સર્વ પદાર્થોની હું પોતે પ્રથમ જમીને પરીક્ષા કરીશ અને ત્યાર પછી જ તેમને જમાડીશ. બનતાં સૂધી તો સ્વયંપાક હું પોતે જ કરીશ. મત્સરના પર્વતની આટલી બધી ઉચ્ચતા થશે, એવું મને સ્વપ્નમાં પણ ભાસતું ન હોતું. બાઈ! હવે હું શું કરું?"

એમ કહીને તેણે જાણે અંગમાં રોમાંચ ઊભાં થયાં હોય, તેમ દેખાડવાને શરીરને કંપાયમાન કર્યું અને એક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને સ્વસ્થ બેસી રહી. જાણે મહારાજાને એ ભયંકર વિપત્તિમાંથી કેવી રીતે બચાવવા, એના જ વિચારમાં તે નિમગ્ન થએલી હોયની, એવો ભાસ તેણે કરાવ્યો.

ધનાનન્દ ખરેખર નિદ્રાવશ થએલો નહોતો. અર્થાત્ દાસીનું અને મુરાદેવીનું જે ભાષણ થયું, તે તેણે અક્ષરે અક્ષર આદિથી અંત પર્યન્ત સાંભળ્યું. પ્રથમ દાસી આવી, અને તેણે "મહારાજ નિદ્રાવશ થએલા છે, એ સારું થયું." એવા શબ્દો ઉચ્ચાર્યા, એ સાંભળતાં જ રાજાના મનમાં ઊઠવાનો અથવા તો પોતે જાગૃત છે, એમ દેખાડવાનો વિચાર થઈ આવ્યો. પરંતુ તરત જ એ શું કહે છે, મારા સાંભળવા જેવી ન હોય, એવી એ શી વાત છે તે સાંભળીને પછી જ ઊઠવું, એવો તેણે નિશ્ચય કર્યો, અને તેથી પોતાને ઘણી જ નિદ્રા છે, એમ દેખાડવાનો વિશેષ પ્રયત્ન આદર્યો. મુરાદેવી એક ચતુર ચપળા હતી, તે એ રહસ્યને જાણી ગઈ અને તેથી તેને ઘણો જ આનન્દ થયો. વ્યૂહની રચના સારી થઈ અને એમાં વિજય પણ મળવાનો જ, એવો તેનો નિશ્ચય થઇ ગયો. રાજાએ એ બન્નેનું સમસ્ત સંભાષણ સાંભળ્યું. માત્ર અંતે સુમતિકા દાસી મુરાદેવીના કાનમાં શું બબડી, એ તેનાથી સમજી શકાયું નહિ. એથી તેની ઉત્સુકતામાં ઘણો વધારો થયો. પાછળથી મુરાદેવીએ જે આવેશદર્શક ઉદ્ગારો કાઢ્યા, તેથી તો રાજાની ઉત્કંઠાનો પાર જ રહ્યો નહિ. સુમતિકા ત્યાંથી ચાલી જવાની તૈયારીમાં હતી અને મુરાદેવી નિઃશ્વાસ નાંખતી બેઠી હતી કે, રાજા ધનાનન્દ પલંગમાં એકદમ ઊઠીને બેઠો થયો અને મુરાદેવીને આલિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગન આપીને પ્રેમથી પૂછવા લાગ્યો કે, "પ્રિય સુરે! સુમતિકાનો અને તારો જે પરસ્પર સંવાદ થયો, તે મેં બધો સાંભળ્યો છે. પરંતુ છેવટે તારા કાનમાં એણે શું કહ્યું, તે મારા સાંભળવામાં આવ્યું નહિ, માટે તે તું કહી સંભળાવ."

"રાજાએ જે સાંભળવું ન જોઇએ તે સાંભળ્યું. હવે કોણ જાણે શું થશે" એવા વિચારથી ગભરાઇને જાણે તે થર થર કંપતી હોયની! તેવો ભાવ દેખાડીને તે થરથરતા સ્વરથી કહેવા લાગી કે, "આર્યપુત્ર! એ વાત આપ મને પૂછશો નહિ. હું આપને તે કહેવાની પણ નથી."

"તેનું કારણ? જે વાત હતી, તે તો મારા વિશેની જ હતી, માટે એ હું સાભળું તો તેથી લાભ જ થશે કે હાનિ?" રાજાએ સામી દલીલ મૂકી.

"લાભ થશે કે હાનિ, તે મારાથી કહી શકાય તેમ નથી. એ સાંભળીને ચિત્તને શાંત રાખી જે કાંઈ પણ કરવાનું હોય તે શાંતિથી કરશો, તો તો સારું; નહિ તો પરિણામ ઘણું જ ભયંકર આવશે. ગમે તે હો—હું તો તે મારા મુખથી કહેવાની નથી. કદાચિત્ એ વાર્ત્તા ખોટી હોય, તો વિનાકારણ મારે શિરે વળી દુઃખના પર્વત ઉલટી પડે; કેમ ખરું કે ખોટું?" મુરાદેવીએ કહ્યું.

"મને કાંઈ પણ દુઃખ થવાનું નથી. તું આ વાત બનાવીને થોડી જ કહે છે?"

"છતાં પણ મને ભય લાગે છે."

"ભય રાખવાની કાંઇ પણ આવશ્યકતા નથી."

"આપની આજ્ઞા જ હોય, તો કહી સંભળાવું?"

"હા હા મારી આજ્ઞા છે માટે નિશ્ચિન્તતાથી જે હોય તે કહે."

"ઠીક, ત્યારે કહું છું—મારું એમાં શું જાય છે?"

એમ બોલીને મુરાદેવીએ જે કાંઈ વાર્ત્તા હતી, તે કહી સંભળાવી. ધનાનન્દનાં નેત્રો ધગધગતા અંગારા પ્રમાણે એકદમ લાલ થઈ ગયાં.

—❋❋❋—

## પ્રકરણ ૯ મું.

### પત્ર વાચન.

ચાણુક્ય અને વસુભૂતિનો પરસ્પર સારો પરિચય થતો ચાલ્યો હતો. વૃન્દમાલા રોજ રાત્રે અથવા તો એક બે દિવસના અન્તરે વસુભૂતિપાસે આવીને પોતાની સ્વામિનીનો સર્વ વૃત્તાંત કહી જતી હતી અને ચાણુકય પણ તે સમયે હાજર રહીને બધી વાત સાંભળી લેતો હતો. વૃન્દમાલા પણ ચાણુકયને ચહાવા લાગી અને વસુભૂતિના મનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તેને માટે આદર ઉત્પન્ન થયો. વસુભૂતિએ પોતાના શિષ્ય કોઈ પણ શેઠદ્વારા રાજસભામાં તેનો પ્રવેશ કરાવી આપવાનું ચાણક્યને વચન આપ્યું, પરંતુ ચાણક્યે હાલમાં એ પંચાતમાં પડવાની તેને ના પાડી. કારણ કે, એકદમ રાજસભામાં જવાથી કદાચિત્ કોઈ ઓળખી કાઢે અને જો કોઇ ઓળખી કાઢે તો થવાનું કાર્ય ત્યાં જ રહી જાય અને મહીંથી વળી બીજો જ ખૂટો જાગે; માટે હાલ તો ત્યાં શું થાય છે, તે દૂર દૂરથી જ જોયા કરવાનો અને જ્યાં યોગ્ય લાગે ત્યાં પ્રવેશ કરવાનો ચાણક્યે નિશ્ચય કર્યો. રાજસભામાં પ્રવેશ કરવાની ચાણક્યની ઇચ્છા હતી જ નહિ. રાજસભામાં પ્રવેશ કરી પોતાની વિદ્વત્તાનું દર્શન કરાવીને રાજાશ્રય મેળવવાની તેની મનોભાવના નહોતી; કિન્તુ મુરાદેવીને મળીને તેને પોતાના પક્ષની કરી લેવાનો જ તેનો અંતસ્થ હેતુ હતો. પોતાના પ્રયત્નમાં સફળતા મળવાનો અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાનો તેને સંપૂર્ણ રીતે ભાસ થઈ ચૂક્યો હતો અને તેથી હવે પછી શું કરવું ? એનો પણ તેણે મનમાં નિશ્ચય કરી રાખ્યો હતો. રાજા અને તેના કુળનું ઉચ્છેદન કરીને તેના સ્થાને ચન્દ્રગુપ્તની યોજના કરવા માટેના જે જે ઉપાયો હતા, તેમાંનો પ્રથમ ઉપાય એ હતો કે, રાજગૃહમાં ભેદ–કલહ ઉત્પન્ન કરવો અને એ કલહ ઉત્પન્ન કરવા માટે મુરાદેવી જેવું સાધન મળી જવાથી, પોતાનું કાર્ય અવશ્ય સિદ્ધ થશે જ, એવો ચાણક્યનો નિર્ધાર થઈ ગયો. તે મનમાં વિચારવા લાગ્યો, "ત્યારે હવે પ્રયત્નમાં ઢીલ કરવી ન જોઈએ, પાટલિપુત્રમાં આવતી વેળાએ કેવી રીતે કાર્યનો આરંભ કરવો, એની જે ભીતિ હતી, તે હવે દૂર થઈ ગઈ છે. તૈયાર ભોજનના થાળ પ્રમાણે આ મુરાદેવીનું સાધન અચિન્ત્ય હસ્તગત થએલું છે, માટે જો એ સાધનનો યોગ્ય સમયે ઉપયોગ કરવામાં ન આવે, તો તેમાં દોષ કોનો ગણાય? મારો જ." એવો વિચાર કરીને તેણે મુરાદેવીને મળવા માટે શો ઉપાય કરવો જોઇએ, એ વિશે વિચાર કરવા માંડ્યો. પ્રત્યેક સોમવારે મુરાદેવી કૈલાસનાથનાં દર્શનમાટે આવે છે, ત્યાં કોઇ પણ યુક્તિથી તેનો ભેટો થઈ શકશે; એમ તેને સિદ્ધાર્થકે સૂચવેલું હતું. પરંતુ એવી રીતે મેળાપ કરવાથી લાભની રંચમાત્ર પણ આશા હતી નહિ. ચાણક્ય તેને જૂદી રીતે જ મળવા માગતો હતો અને તેમ થાય, તો જ તેને પોતાના કાર્યની સિદ્ધિ થવાની આશા હતી. અન્યથા નહિ. માટે જ તેણે કૈલાસનાથના દેવાલયમાં તેની મુલાકાત કરવાનો પ્રયત્ન કર્યો નહિ; કોઈ બીજા જ માર્ગે તેને મળવાનો તે વિચાર કરવા લાગ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસે રાત્રે વૃન્દમાલા વસુભૂતિ પાસેથી જરાક વહેલી જ ઊઠી અને રાજમહાલય પ્રતિ જવાને નીકળી. ચાણક્ય પણ તેની સાથે જ ઊઠયો અને નિત્ય પ્રમાણે શ્રી કૈલાસનાથના મંદિરમાં જવાને બદલે વૃન્દમાલા સાથે વાતો કરતો કરતો આગળ વધવા લાગ્યો. "મારો પરિચારક સાથે છે, તો પછી આપ રાત્રે શા માટે શ્રમ લ્યો છો?" એમ વૃન્દમાલાએ વિનયથી તેને કહ્યું. પરંતુ એનું "કાંઈ ચિન્તા જેવું નથી. મને વહેલી નિદ્રા આવતી નથી અને તને આજે કાંઈક ગુપ્ત વાત કહેવાની છે, તેથી જ હું તારી સાથે આવું છું." એવું ઉત્તર આપીને ચાણક્યે પોતાનો ચાલવાનો વ્યાપાર ચાલુ જ રાખ્યો. "ચાણક્ય એવી તે શી ગુપ્ત વાર્ત્તા કહેવાનો હશે?" એ વિચારથી વૃન્દમાલાના મનમાં વિસ્મયતા થવા લાગી.

થોડોક માર્ગ કાપી ગયા પછી ચાણક્ય વૃન્દમાલાને ઉદ્દેશીને બોલવા લાગ્યો કે, "વૃન્દમાલે! હું કોણ છું અને કયાંથી આવેલો છું, ઇત્યાદિ કથા આજ સૂધી મેં તને કહી નહોતી સંભળાવી; પરંતુ આજ તે સંભળાવું છું તે સાંભળ. હું કિરાત રાજા તરફથી અહીં કોઈ કાર્ય માટે આવેલો છું—અથવા આવ્યો હતો, એમ કહીશું તોપણ ચાલશે; કારણ કે, હવે તે કાર્ય કરવાનું બાકી રહ્યું નથી. તથાપિ એકવાર મુરાદેવીને મળીને હું કોણ, શા માટે અહીં આવ્યો હતો અને કિરાત રાજાએ મને શા કારણથી અહીં મોકલ્યો હતો, એ સઘળું જણાવી તેની આજ્ઞા લઇને જવું, એ જ મને યોગ્ય જણાય છે. અર્થાત્ હું તને એક પત્રિકા આપીશ, તે જો તું મુરાદેવીને પહોંચાડીશ, તો ઘણો જ આભાર થશે. વૃન્દમાલે! પોતાની ભગિનીનું આવું અપમાન થએલું સાંભળીને કિરાત રાજાના મનમાં જે ખેદ થયો હતો, તે ન વર્ણવી શકાય તેવો છે! પરંતુ રાજા ધનાનન્દ વિશેષ બલવાન્ અને તે પોતે અલ્પ શક્તિમાન હોવાથી પોતાના બનેવી સાથે વિશેષ કલહ કરવાનું તેણે યોગ્ય ધાર્યું નથી. પરંતુ મુરાદેવીની માતા માયાદેવીથી એ સહન ન કરી શકાયું અને તેથી તેણે પોતાના પુત્ર કિરાત રાજાને કહ્યું કે, "આટલાં વર્ષ તો તેં આલસ્યમાં વીતાડ્યાં તે વીતાડ્યાં, પણ હવે તો કોઇપણ ઉપાય યોજીને તારી ભગિનીને એ દુષ્ટ રાજાના કારાગૃહમાંથી મુક્ત કરીને અહીં લઈ આવ. મારી વૃદ્ધાવસ્થા થએલી છે માટે મારી પુત્રીનું મુખદર્શન કર્યા વિના હવે મારાથી રહી નથી શકાતું." એવી રીતે તેણે પ્રદ્યુમ્નદેવને કહ્યું, એટલે તેણે મને પાર્વતી-પુત્રની સ્થિતિ શી છે અને આપણે મુરાદેવીને બંધનમુક્ત કરવાનો પ્રયત્ન કરીએ, તો તેમાં વિજય મળે ખરો કે નહિ, ઇત્યાદિ માહિતી મેળવવા માટે જ અહીં મોકલેલો છે. સુમાલ્યનો યૌવરાજ્યાભિષેક થવાનો હતો, તે વેળાએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ નાના મોટા માંડલિકોને આમંત્રણ પત્ર—અરે આમંત્રણ પત્ર શાનાં?—આજ્ઞાપત્રો રાજા ધનાનંદ તરફથી મોકલવામાં આવ્યાં હતાં. અર્થાત્ પ્રદ્યુમ્નદેવને પણ તેવું એક આજ્ઞાપત્ર આવ્યું હતું. એ વાત માયાદેવીના જાણવામાં આવી અને ત્યારથી માયાદેવીની ચિત્તવૃત્તિમાં ઘણો જ ફેરફાર થઇ ગયો છે. મુરાદેવીને છોડવી લાવવા માટે તે રાત દિવસ તેને પજવ્યા કરે છે; પણ નિર્બળ અને નિરાધાર પ્રદ્યુમ્નદેવ તે શો ઉપાય કરી શકે વારુ? એ તો હવે નામ માત્રનો જ કિરાતરાજા રહ્યો છે. તથાપિ પોતાની ભગિનીના પુત્રને જે અભિષેક થવો જોઇતો હતો, તે બીજા જ રાજપુત્રને થતો હોવાથી એ ઉત્સવ પ્રસંગે જવું એ યોગ્ય નથી એમ ધારીને અને માયાદેવીએ પણ જવાની ના પાડવાથી તે અહીં આવ્યો નહોતો. રાજ્યાભિષેકનો એ સમારંભ થઈ જવા પછી અહીંની સ્થિતિનું ગુપ્ત અવલોકન કરવા માટે જ તેણે મને અહીં મોકલ્યો. સુમાલ્યના યૌવરાજ્યાભિષેકના આનંદમાં બીજા કેદીઓ સાથે મુરાદેવીને પણ બંધનમુક્તિ આપવામાં આવી હશે અને રાજાએ પુનઃ તેનામાં સ્નેહ રાખ્યો હશે, એવી તેને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ, પરંતુ હવે તારા કહેવાથી એમ જણાય છે કે, એ વાર્ત્તા સત્ય છે, ત્યારે હવે અહીં રહીને વધારે શોધ કરવાની મને કશી પણ આવશ્યકતા નથી. વૃન્દમાલે! તારા કરતાં બીજા કોઇપાસેથી મને વધારે શી બાતમી મળવાની હતી વારુ? આ બધા બનાવોની જાણ થતાં હું કયારનોય ચાલ્યો ગયો હોત; પરંતુ જો પ્રદ્યુમ્નદેવ મને એમ પૂછશે કે, "તું મુરાદેવીને પ્રત્યક્ષ મળીને જ આ કુશળ સમાચાર લાવ્યો છે કે કેમ?" તો એનું ઉત્તર હું શું આપીશ! એવો સંશય થવાથી જ તને આજે આ ભેદ જણાવવો પડ્યો છે. હવે હું આવતી કાલે તને પત્રિકા આપીશ, તે તું તારી સ્વામિનીને આપજે—અને જો તે મને બોલાવશે, તો તે નિયમિત સમયે તારી સાથે આવીને હું તેનાં દર્શનનો લાભ લઇશ. પ્રદ્યુમ્નદેવ અને માયાદેવીને જો કાંઈ સંદેશો કહેવરાવવો હશે, તો તે સાંભળીશ અને મારે માર્ગે પડીશ. એટલું જ મારું કર્ત્તવ્ય બાકી છે."

ચાણકયનું એ લંબાતું જતું ભાષણ વૃન્દમાલા શાંતિથી સાંભળ્યા કરતી હતી. આટલા દિવસ સૂધી એ બ્રાહ્મણે પોતાની એ વાર્ત્તા બિલ્કુલ જણાવી નહિ, એનું તેને ઘણું જ આશ્ચર્ય થવા લાગ્યું; પરંતુ આજ સૂધીમાં [illegible]ા સાથે કરેલા સંભાષણમાંથી મેળવેલી માહિતીઓને આધારે જ ચાણકયે આ બધી બનાવટ કરેલી છે, એવી તેના મનમાં કિંચિન્માત્ર પણ શંકા આવી નહિ. આટલા દિવસ એ ભેદને ગુપ્ત રાખવાનું કારણ શું? એટલો જ પ્રશ્ન માત્ર તેના મનમાં થયા કરતો હતો. એ વિષયમાં તે કાંઇક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલવા જતી હતી, તેવામાં જાણે તેના મનનો ભાવ જાણી ગયો હોયની, તેવી રીતે ચાણક્ય વચમાં જ કહેવા લાગ્યો કે, "વૃન્દમાલે! આજે તને મેં જે કાંઈપણ કહેલું છે, તે ભગવાન્ વસુભૂતિને કહેતી નહિ હો કે! તેને મેં આ વિશે એક અક્ષર સુદ્ધાં જણાવ્યો નથી. કહું કેવી રીતે? હું આવી આવી રીતે કિરાતરાજા તરફથી ગુપ્ત રહસ્ય જાણવા માટે આવેલો છું, એમ મારાથી કેમ બોલી શકાય? જો એમ કરું, તો એકના મુખેથી બીજાના મુખમાં અને બીજાના મુખેથી ત્રીજાના મુખમાં એ વાર્ત્તા સર્વત્ર પ્રસરી જાય અને તેથી અંતે તે રાજપુરુષોના કાને જવાનો સંભવ પણ ધારી શકાય. રાજપુરુષોએ જે વાત સાંભળી, તે રાજાએ જાણી જ જાણવી. અર્થાત્ રાજા જો એ વાત જાણે, તો કાંતો રાતોરાત ગચ્છંતી કરવી પડે અથવા તો તે જે દંડ આપે, તે સહન કરવો પડે તેમાં પણ રાજા ધનાનન્દ તો જો એ વાત જાણે, તો મને દેશનિકાલ જ કરે; અને આવી રીતે ગુપ્ત દૂતોને મોકલી રાજ્યનાં રહસ્યો જાણવાની ખટપટમાટે રાજા પ્રદ્યુમ્નદેવને પણ શાસન આપવાની યોજના કરવા માંડે. તું મહાસ્વામિનિષ્ઠ અને ચતુર સ્ત્રી હોવાથી તારી મારફતે જ સુરાદેવીનો અને મારો મેળાપ થશે, એમ ધારીને જ તને મેં આ ભેદ જણાવી દીધો છે. કારણ કે, હવે હું અહીંથી જવાનો છું. સુરાદેવી સુખમાં છે, માટે વધારે તપાસ કરવી નકામી છે. માત્ર એક વાર તેનું સુખ પ્રત્યક્ષ નિહાળીને, તેને મળીને અને તેનો સંદેશો લઇને જવું, એટલી જ કર્ત્તવ્યતા રહેલી છે. મારું પત્ર કાલે સુરાદેવીને આપજે એટલે બધું જોઇએ તેમ થઈ રહેશે. પોતાની કન્યા પાછી સુખિની થએલી છે, એમ સાંભળતાં માયાદેવીને પણ આનંદ થશે. પરંતુ તેના પુત્રનો યૌવરાજ્યાભિષેક જોવાનું તેમના ભાગ્યમાં નહિ જ હોય તો તેનો આપણે શો ઉપાય કરી શકીએ વારુ?"

ચાણક્યના ભાષણમાં વિશેષ મોહકતાનો ભાવ હતો અને વૃન્દમાલા બિચારી એક ભોળી અબળા હતી. સુરાદેવી આ બધું સાંભળશે, માયાદેવીએ અને પ્રદ્યુમ્નદેવે તેની ખબર કાઢવાને આમ એક બ્રાહ્મણને મોકલ્યો છે, એ સમાચાર આપવાથી તેને ઘણોજ આનંદ થશે. સુરાદેવીના ચાલતા આનંદમાં સામો વધારો થશે, એવી ધારણાથી વૃન્દમાલાના મનમાં ઘણો જ આનંદ થયો. વસુભૂતિને એ બ્રાહ્મણે આજસુધી કાંઇ પણ કહ્યું નહિ, એ સારું જ થયું, એવો તેનો નિશ્ચય થયો. તથાપિ હવે તમે ખરી હકીકત વસુભૂતિને જણાવશો તો કાંઈ પણ હરકત જેવું નથી. તેમના મુખેથી એ વાત બહાર નીકળવાની નથી, એવી તેણે ચાણક્યને ભલામણ કરી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને, "આપ પત્ર આપશો તો તે હું દેવીને પહોંચાડવાનો જ, પરંતુ આપે મોઢેથી કહી સંભળાવેલો આ સઘળો વૃત્તાંત પણ હું ત્હેને જણાવીશ. સુરાદેવી આપને મળશે અને આપના મુખથી માયાદેવી તથા પ્રદ્યુમ્નદેવનો વૃત્તાંત સાંભળશે એટલે તેને ઘણો જ આનંદ થશે." એવી રીતે તેનું કાર્ય કરી આપવાનું આશ્વાસન દીધું. એ સાંભળીને ચાણક્ય મોટેથી હસ્યો, અને વૃન્દમાલાને કહેવા લાગ્યો કે, "વૃન્દમાલે, તારી જ સ્વામિનીનું કાર્ય હોય અને તે તને જ સોંપવામાં આવે, તો પછી તેની સિદ્ધિ માટે શંકા કરી જ કેમ શકાય? ખરેખર તારો સુરાદેવી માટેનો પ્રેમ જોઇને મારા હૃદયમાં વિલક્ષણ આનંદની ભાવના થયા કરે છે. પરિચારિકા હોય, તો તારા જેવી જ હોવી જોઇએ. પરમેશ્વર તને ચિરાયુ કરો અને અંતપર્યન્ત તારી સ્વામિનીની સેવા તારા હસ્તે આવી જ રીતે થયા કરો. હવે હું તારી આજ્ઞા ઇચ્છીશ. મારું કાર્ય સિદ્ધ થયું જ, એમ હું ધારું છું. આજ સૂધી મારા વિશે તને કાંઇ બીજું જ કથન સંભળાવ્યું હોય, તો તેની ક્ષમા કરજે; કારણ કે, તેમ કરવામાં પણ એક કારણ સમાયલું હતું, અને તેથી હું નિરુપાય હતો. જેને પોતાનો ભેદ જણાવવો હોય, તે માણસ જાતે કેવું છે, એ જાણ્યા વિના સાહસ કરવું નહિ, એવો નીતિશાસ્ત્રવેત્તાઓનો ઉપદેશ છે અને હું તે ઉપદેશને અનુસર્યો હતો. હવે હું તને સારી રીતે ઓળખી ગયો છું અને તારી સુરાદેવીમાં કેવી નિષ્ઠા છે એ પણ જાણી ચૂક્યો છું. મારું કાંઇ કાર્ય પણ અવશેષ રહ્યું નથી–તેથી જ આજે તને બધું ખોલીને જણાવી દીધું. માત્ર હવે તું સુરાદેવીની મુલાકાત કરાવી આપે, એટલે મારો છૂટકો થઈ જાય. પોતાનાં બંધુ અને માતાના દૂતને મળવાને કઇ સ્ત્રી ઉત્સુક નથી હોતી? માટે સત્વર જા અને હું પણ જાઉં છું. મેં તને માર્ગમાં ઘણી જ ખોટી કરી રાખી."

એમ કહીને ચાણક્ય ખરેખર પાછો ફર્યો–પણ થોડેક છેટે જવા પછી પાછી તેણે વૃન્દમાલાને બોલાવી અને તેને ધીમા સ્વરથી કહ્યું કે;–

"વૃન્દમાલે! મેં કહેલો વૃત્તાંત અને મારો સંદેશો બીજા કોઇના દેખતાં સુરાદેવીને કહીશ નહિ. નહિ તો સુરાદેવીની પ્રતિસ્પર્ધા કરનારાંને તેને તેના હાલના સુખશિખરપરથી નીચે ઢોળી પાડવામાં અને તેની પૂર્વ પ્રમાણે સ્થિતિ કરી નાખવામાં ઘણી જ સુલભતા થઇ પડશે. તું ચતુર હોવાથી જો કે તને વધારે શિખામણ આપવાની અગત્યતો નથી જ; છતાં પણ તારામાટે અને દેવીમાટે મને ઘણી કાળજી રહ્યા કરે છે, તેથી કહ્યા વિના રહી નથી શકાતું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલું કહીને ચાણક્ય ત્યાંથી ગચ્છંતી કરી ગયો અને વૃન્દમાલા પોતાને માર્ગે ચાલતી થઈ. એના મનમાં આ વેળાએ નાના પ્રકારના વિચારો આવવા લાગ્યા હતા. પરંતુ ચાણક્યે જે કાંઇપણ કહ્યું, તે અસત્ય હશે, એવો સંશય તો તેના મનમાં ન જ આવ્યો. આ વૃત્તાંત સાંભળવાથી સુરાદેવીને કેટલો બધો આનંદ થશે, તે એને માટે શું કહેશે, ચાણક્યનો અને તેનો મેળાપ કેવી રીતે થશે અને ચાણક્ય જ્યારે તેના પિતૃગૃહનો વૃત્તાંત કહી સંભળાવશે, એટલે તેનો પરામર્ષ કેવો થશે; ઇત્યાદિ વિચારતરંગો તેના હૃદયસમુદ્રમાં ઉદ્ભવ્યા કરતા હતા. વળી થોડાક ભીતિ ઉપજાવનારા વિચારો પણ તેના મનમાં આવ્યા. સુરાદેવીના બંધુનો સંદેશો લઇને એ બ્રાહ્મણ આવેલો છે, એની જાણ થશે, તો મહારાજાનો અવશ્ય એનાપર કોપ થશે કે હમણાં હમણાં સુરાદેવીમાં તેમનો મોહ વધતો જાય છે, માટે સામો એ બ્રાહ્મણ આદરને પાત્ર થશે ? એ શંકાનો નિર્ણય તેનાથી થઈ ન શકયો. અંતે તેનો એવો નિર્ધાર થયો કે, રાજા ધનાનન્દ એક ક્ષણિક બુદ્ધિનો પુરુષ છે, અર્થાત્ કઇ વેળાએ તેના મનમાં કયા વિચારો આવશે અને તે કેવું કૃત્ય કરી બેસશે, એનો નિયમ નથી. અર્થાત્ સુરાદેવી પાસે ચાણક્ય વિશેની જે કાંઇપણ વાત કરવી તે પ્રથમ ગુપ્ત રીતે જ કરવી જોઈએ, પછી તે વિચાર કરશે અને કોને એ વાત જણાવવી અને કોને ન જણાવવી, એનો નિશ્ચય કરશે અને તે આજ્ઞા કરશે તેમ આપણે પણ કરીશું. એવા વિચારો કરતી કરતી તે નિત્ય પ્રમાણે પોતાની સ્વામિનીના મહાલયમાં પોતાના ઓરડામાં ગઈ અને ત્યાંથી વસ્ત્રો બદલીને સુરાદેવીની સેવામાં ઉપસ્થિત થઇ.

સુરાદેવી એ વેળાએ રાજાની સેવામાં નિમગ્ન થએલી હતી. પોતે રાજાપર નાખેલાં મોહિની અસ્ત્રોનો પ્રભાવ કિંચિન્માત્ર પણ ઓછો થવો ન જોઇએ–દિવસે દિવસે તે વધતો જ જવો જોઇએ અને બીજી રાણીએ, વિશે રાજાના મનમાં જેટલો તિરસ્કાર ઉત્પન્ન થઈ શકે, તેટલો તિરસ્કાર ઉપજાવવો, એની સુરાદેવીના મનમાં સતત ચિંતા રહ્યા કરતી હતી. અર્થાત્ એ કાર્યની સિદ્ધિમાટેના જેટલા શકય પ્રયત્નો હોય, તે કરવાનો તેણે દૃઢ નિશ્ચય કરેલો હતો. સારાંશ કે રાજા જ્યારથી આવીને તેના મંદિરમાં નિવાસ કરી રહ્યો હતો, ત્યારથી ક્ષણવાર પણ તેને તેણે પોતાના-વિના એકલો બેસવા દીધો નહોતો. તે સર્વદા તેની પાસે જ બેસી રહેતી હતી, અને રાજા જેવા એક રંગીલા અને લહેરી સ્વભાવના પુરુષને પોતાના વશમાં રાખવા માટે જે જે વિવિધ હાવભાવો અને મોહક ચેષ્ટાઓ કરવી જોઇએ, તે સર્વના પ્રયોગો તેણે દિનરાત ચાલૂ જ રાખ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી સ્થિતિ હોવાથી તેને ચાણકયની કથા કહી સંભળાવવાનો વૃન્દમાલાને બિલ્કુલ અવકાશ મળ્યો નહિ.

તથાપિ અગવડમાં પણ સગવડ કરીને ચાણકયનો વૃત્તાંત અને સંદેશો તેણે મુરાદેવીને કહી તો સંભળાવ્યો; પરંતુ તેનું જોઇએ તેવું પરિણામ થયું નહિ. પોતાના પિતૃગૃહનો સંદેશો લઈ આવનારા માણસને તે તત્કાળ મળવાને બોલાવશે, એવી જે વૃન્દમાલાની ધારણા હતી, તે ફળીભૂત થઈ નહિ. વૃન્દમાલાએ કહેલો વૃત્તાંત સાંભળતાં જ મુરાદેવીએ એકદમ કપાળમાં કરચલીઓ ચઢાવી અને કાંઇક મનસ્વી અને કાંઇક વૃન્દમાલાને ઉદ્દેશીને કહ્યું કે, "બંધુને અને માતાને આટલું બધું વહેલું મારું સ્મરણ કેમ થયું હશે, એનું જ મને આશ્ચર્ય થયા કરે છે. જા તેને કહે કે, હું સુખરૂપ છું-પ્રત્યક્ષ મળવાનો મને અવકાશ નથી." એ ઉત્તર સાંભળીને વૃન્દમાલા તો દિઙ્મૂઢ જ બની ગઈ; અને રાત્રે જ્યારે ચાણકયને તેણે એ ઉત્તર કહી સંભળાવ્યું, ત્યારે તેને પણ તેટલું જ આશ્ચર્ય થયું. તથાપિ થોડીક વેળા વિચારમાં ગાળી એક ભૂર્જપત્રપર લખેલું પત્ર તેના હાથમાં આપીને ચાણકયે તેને કહ્યું કે, "વૃન્દમાલે ! કાંઈ ચિન્તા નથી. પણ આટલું આ પત્ર તું તેને જરૂર આપજે. મારો એવો સોએ સો ટકા નિશ્ચય છે કે, આ પત્ર વાંચતાં જ તે મને મળવા બોલાવ્યા વિના કદાપિ રહેનાર નથી." વૃન્દમાલાએ પ્રથમ તો એ પત્રથી કાંઇપણ લાભ થવાનો નથી, એમ તેને જણાવ્યું; પરંતુ ચાણકયના અત્યંત આગ્રહથી નિરુપાય થઇને અંતે તેણે તે પત્ર મુરાદેવીને પહોંચાડવાનું કબૂલ કર્યું. તેણે બીજે દિવસે તે પત્ર મુરાદેવીના કરકમળમાં ઉપસ્થિત કર્યું.

ત્રાસ પામીને એ પત્ર મુરાદેવીએ લીધું તો ખરું, પણ તેની મુખમુદ્રામાં તિરસ્કારનો ભાવ પ્રત્યક્ષ દેખાતો હતો! પરંતુ શો ચમત્કાર! તેને આદિથી અંતપર્યન્ત વાંચતાં જ તેની મુખચર્યામાં એકાએક પરિવર્તન થઇ ગયું અને તે બ્રાહ્મણને પોતાપાસે લઈ આવવાની તેણે વૃન્દમાલાને તત્કાળ આજ્ઞા કરી. એ પત્રમાં એવું તે શું હતું?

## પ્રકરણ ૧૦ મું.

### સંભાષણ શું થયું?

વૃન્દમાલા ઘણી જ ચકિત થઇ ગઈ. મુરાદેવી, રાજાની સેવામાં આવી રીતે નિમગ્ન હોવા છતાં ચાણકય જેવા એક અપરિચિત બ્રાહ્મણને મળવા માટે સમય કાઢશે, એવી વૃન્દમાલાને સ્વપ્ને પણ આશા હતી નહિ અને તે પત્ર મુરાદેવીના હાથમાં તેણે આપ્યું, તે સમયે મુરાએ જે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવિર્ભાવ કર્યો, તે પણ તિરસ્કારપૂર્ણ જ હતો; પરંતુ પત્રને વાંચતાં જ એ સર્વ સ્થિતિ બદલાઈ ગઈ–તેની ચર્યામાંથી તિરસ્કારનો લોપ થતાં તેનું સ્થાન પ્રફુલ્લતાએ લીધું અને તેમાં એક પ્રકારનું ઔત્સુક્ય પણ મિશ્રિત થએલું દેખાયું. અર્થાત્ ચાણક્યે એ પત્રમાં એવું તે શું લખ્યું હશે, એના વિચારથી વૃન્દમાલા મુરાદેવી પ્રતિ સાશંક દૃષ્ટિથી તાકી તાકીને જોવા લાગી, અને બોલી કે, "તેને અહીં લઈ આવવાની આજ્ઞા તો આપી, પરંતુ ક્યારે અને કયા સ્થાને લઈ આવું; એ આપે જણાવ્યું નહિ.' મુરાએ તે પત્ર પાછું એકવાર વાંચ્યું, અને પુનઃ વૃન્દમાલાને કહ્યું કે,' "વૃન્દમાલે! આ પત્ર લખનારો બ્રાહ્મણ તને કેવી રીતે અને ક્યાં મળ્યો? તેણે તને મારી સખી તરીકે શી રીતે ઓળખી? તેણે તને શું કહ્યું? તે હાલમાં ક્યાં છે? તે પાટલિપુત્રમાં ક્યારે આવ્યો?.........."

વૃન્દમાલા જાણી ગઈ કે, મુરાદેવીના એ પ્રશ્નોનો કદાપિ અંત આવનાર જ નથી. તેમ જ એ પ્રશ્નોથી તે એવું અનુમાન પણ કરી શકી, કે મુરા એ બ્રાહ્મણને મળવા માટે ઘણી જ ઉત્સુક થએલી છે; માટે એના પ્રશ્નો બધા પૂરા થાય ત્યાં સુધી ન થોભતાં ઝટ ઝટ ઉત્તરો આપી દેવાં, એવો નિશ્ચય કરીને તે બોલી કે," એ બ્રાહ્મણ મને મારા ગુરુને ત્યાં મળ્યો. એ કૈલાસનાથના મંદિરમાં ઉતરેલો છે. મારી તમારામાં પૂર્ણ નિષ્ઠા છે, એમ જોઇને મારાપર તમારો વિશ્વાસ હોવો જોઇએ, એવો તેણે સહજ તર્ક કર્યો અને મને એક સ્થળે એકાંતમાં મળીને આ પત્રિકા તમને આપવાની ઇચ્છા દર્શાવી. તે કોણ છે, ક્યાંનો છે અને અહીં શામાટે આવ્યો છે, ઇત્યાદિ વૃત્તાંત તેણે મને પ્રથમથી જ જણાવેલો હોવાથી કાંઈ પણ આનાકાની વિના મેં એ કાર્ય કરવાનું માથે લીધું." એ ઉત્તરો સાંભળીને મુરાદેવીના મનનું કાંઇક સમાધાન થયું હોય, એમ દેખાયું–તે મ્લાન મુદ્રાથી વૃન્દમાલાને કહેવા લાગી, "એ બ્રાહ્મણને મળવું તો જરૂર જોઇએ જ. પણ તેને અહીં ક્યારે અને કેવી રીતે બોલાવવો, એને માટે વિચાર કરવાનો છે. અહીં મહારાજ તો મને પોતા પાસેથી ક્ષણ માત્ર પણ દૂર થવા દેતા નથી. "એમ કહીને મુરાદેવી ઘણા જ વિચારમાં પડી ગઈ. તેને વૃન્દમાલાએ આશ્વાસન આપીને કહ્યું કે, "શું તેને મહાલયમાં લાવવાની એક પણ યુક્તિ થઈ શકે તેમ નથી?" મુરાદેવીએ એનું તત્કાળ ઉત્તર આપ્યું, "તેને તું અહીં જ રહેવા માટે લઈ આવ. તે અહીં આવીને યજ્ઞશાળામાં રહેશે. એટલે કોઈ પણ વેળાએ સંધિ આવ્યો કે મળીને વાતચિત કરી શકાશે. મહારાજા નિદ્રાવશ થશે,' એ વેળા સાધીને હું ત્યાં આવીશ. બ્રાહ્મણ જો અહીં પાસે જ હોય, તો પછી સમય ઠરાવવાની કાંઇપણ અગત્ય નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિયમિત સમયનું વચન મારાથી કેમ આપી શકાય વારુ? કારણ કે, પરતંત્ર છું."

મુરાદેવી આ ભાષણ કરતી હતી, એટલામાં તો ખરેખર તેને મહારાજાનું આમંત્રણ આવ્યું. તે ઊતાવળી ઊતાવળી ત્યાંથી ચાલતી થઈ. જતાં જતાં વૃન્દમાલાને તેણે કહ્યું કે, "મારા કહેવા પ્રમાણે તે બ્રાહ્મણને અહીં યજ્ઞશાળામાં જ આવીને રહેવાનું કહેજે, એટલે સરળતા થશે." એમ કહીને તે ચાલી ગઈ.

પોતાની સ્વામિનીની એ આજ્ઞા સાંભળતાં જ વૃન્દમાલાના હૃદયમાં ઘણો જ હર્ષ થયો. હવે આ બધા ભેદને જાણવાનો ઘણો જ સારો લાગ મળશે, એમ તેને ભાસવા લાગ્યું. બીજે જ દિવસે તેણે ચાણક્ય પાસે જવાની તૈયારી કરી અને તત્કાળ ત્યાં પહોંચી પણ ગઈ. માર્ગમાં જતાં જતાં "આ બધી વાર્ત્તા મારે વસુભૂતિને કહેવી કે નહિ?" એ વિશેનો વિચાર તેના મનમાં આવ્યા જ કરતો હતો. એ ભેદ વસુભૂતિને કહેવાની ચાણક્યની તો સાફ ના જ હતી; માટે હવે શું કરવું? એવી મનોવ્યથામાં ને મનોવ્યથામાં તે વસુભૂતિના વિહારમાં આવી પહોંચી. આ સમયે અહીં કેમ આવી? એવો જો વસુભૂતિ પ્રશ્ન કરે, તો તેનું ઉત્તર શું આપવું, એની તેને બહુ જ ચિન્તા થઇ પડી; પણ કર્મ ધર્મ સંયોગે તેને એ પ્રસંગ પ્રાપ્ત ન થયો. વસુભૂતિ ભિક્ષા માટે નગરમાં ગએલો હતો અને સિદ્ધાર્થક પણ વિહારમાં હતો નહિ. એટલે એક પ્રકારની વેદના ઓછી થતાં તે તે જ પળે શ્રી કૈલાસનાથના મંદિરમાં જઈ પહોંચી.

આર્ય ચાણક્ય પોતાનાં પ્રાતઃકર્મોની સમાપ્તિ કરીને થોડી જ વારથી કાંઇક વિચાર કરતો બેઠો હતો, એટલામાં વૃન્દમાલા ત્યાં આવીને કહેવા લાગી કે, "બ્રહ્મવર્ય! તમને મુરાદેવીએ તમારા બધા સામાન સાથે જ ત્યાં બોલાવ્યા છે. ત્યાં યજ્ઞશાળામાં જ તમારા નિવાસની વ્યવસ્થા કરી આપવામાં આવશે, અને જ્યારે પ્રસંગ મળશે, ત્યારે દેવી તમારાથી વાતચિત કરવા અને પોતાના પિતૃગૃહના સમાચાર સાંભળવા માટે પધારશે." એ સાંભળીને ચાણક્ય જાણે આશ્ચર્યચકિત થઈ ગયો હોયની! એવો ભાવ તેણે દેખાડ્યો; પરંતુ ખરેખર કાંઈ તેને વિશેષ આશ્ચર્ય થયું નહોતું. આશ્ચર્ય લાગ્યું હોય, તો તે પોતાને ત્યાં રહેવા માટે કહેવામાં આવ્યું તેનું જ. મુરાદેવી સાથે મેળાપ થશે કે નાહ, એની તેને જરાપણ શંકા હતી નહિ. પરંતુ યજ્ઞશાળામાં નિવાસ કરવાની આજ્ઞા સાંભળતાં જ પોતાની ધારણાથી પણ પોતાના કાર્યમાં વિશેષ સફળતા થતી તેના જોવામાં આવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છતાં પણ એ વ્યવસ્થા તેને રુચતી થઈ નહિ. હવે શું કરવું? એવી તેના મનમાં મહતી ચિન્તા થઇ પડી; "જે રાજાના કુળનો વિધ્વંસ કરવાની જ મેં પ્રતિજ્ઞા કરેલી છે, તેની જ યજ્ઞશાળામાં રહી, તેનું જ અન્ન ખાઇને તેના વિરુદ્ધ કારસ્થાનો કરવાં, એ બહુ જ વિચારવા જેવું છે. વળી યજ્ઞશાળામાં રહેવાથી કોઈ મને ઓળખી કાઢે, એ પણ સ્વાભાવિક છે. રાજસભામાં મેં રાજાને શાપ આપ્યો હતો, એ વાતને પણ કાંઈ હજી ઘણાં વર્ષો થયાં નથી. કદાચિત્ તે વેળાએ મારી પ્રતિજ્ઞા અને શાપ ઇત્યાદિમાં કોઇએ ધ્યાન આપ્યું નહિ હોય, પણ હાલમાં જો હું અન્ય વેશે પ્રત્યક્ષ રાજમંદિર-માંની યજ્ઞશાળામાં જઇને રહું, તો મને જોતાં જ કોઈના મનમાં શંકા આવી જાય; માટે મારા પોતાના દેહ રક્ષણુનો વિચાર કરવો જોઇએ અને જેનો નાશ કરવાનો છે, તેનું જ અન્ન ખાવું ન જોઇએ, એ નીતિનો વિચાર કરતાં પણ રાજમંદિરમાં ન જ રહેવું, એ જ નિશ્ચય વારંવાર નેત્રો સમક્ષ આવીને ઊભો રહે છે." મનમાં તો ચાણુકયે એવો નિશ્ચય કર્યો; પરંતુ વૃન્દમાલાને શું ઉત્તર આપવું, એ તેને તત્કાળ સૂઝયું નહિ. અંતે તેણે તેને એમ જ કહ્યું કે, "અત્યારે હું તારી સાથે આવી શકતો નથી. સંધ્યાકાળે આવીશ. દેવીનાં દર્શન જો તે સમયે થઈ શકશે, તો તેનો લાભ લઇશ અને પ્રાતઃકાળે પાછો હું અહીં ચાલ્યો આવીશ. મારે કાંઈ અહીં સદાને માટે રહેવાનું નથી; એટલે ભગવાન્ કૈલાસનાથના આશ્રયને ત્યાગીને બીજાનો આશ્રય શામાટે લેવો? સાયંસંધ્યા આદિ વિધિ કરીને લગભગ સવાપ્રહર રાત્રિ થતાં હું અહીંથી નીકળીશ અને રાજમંદિરના દ્વારપાસે આવીને ઉભો રહીશ. ત્યાં તું મને મળજે અને જ્યાં લઈ જવાનો હોય ત્યાં મને લઈ જજે."

વૃન્દમાલાની એવી ધારણા હતી કે, સુરાદેવીની આજ્ઞા સાંભળતાં જ ચાણુકય ઘણી જ ઉત્સુકતાથી દોડતો દોડતો યજ્ઞશાળામાં રહેવાને આવશે, પરંતુ બ્રાહ્મણે તો સર્વથા તેથી વિરુદ્ધ જ ઉત્તર આપ્યું—એથી તેને ઘણું જ આશ્ચર્ય લાગ્યું. પરંતુ તે તેણે બોલી દેખાડયું નહિ. માત્ર "બહુસારું." એમ કહીને તે ત્યાંથી ચાલતી થઈ ગઈ.

વૃન્દમાલા પાછી ગયા પછી તેનો અને સુરાદેવીનો મેલાપ થયો નહિ. અર્થાત્ રાત્રે આર્ય ચાણુકય આવે, તો તેને યજ્ઞશાળામાં બેસાડી મૂકવો, એ જ પોતાનું કર્તવ્ય છે એમ જાણીને તેણે તે પ્રમાણે કરવાની યોજના કરી રાખી. રાત્રે નિયમિત સમયે ચાણુકય ત્યાં આવ્યો. તેને યજ્ઞશાળામાં લઈ જઇને તેણે આસન આપીને આદરથી બેસાડ્યો. સુરાદેવીના આગ-મનની વાટ જોતો ચાણુકય વિચારમાં લીન થઈ ગયો. વૃન્દમાલાએ કોઈ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ રીતે ચાણકયના આગમનના સમાચાર સુરાદેવીને પહોંચાડી દીધા હતા, તેથી તે પણ એ દ્વિજને મળવા માટે ઉત્સુક થઈ રહી હતી. રાજા ધનાનન્દ નિદ્રાવશ થતાં જ મધ્ય રાત્રિને સમયે સુરાદેવી યજ્ઞશાળામાં આવી અને ચાણકયનાં દર્શન કર્યાં. "આપણું જે સંભાષણ થાય, તે એકાંતમાં જ થવું જોઇએ. બીજાના દેખતાં થઈ શકે તેમ નથી." એ પ્રમાણે ચાણકયે પોતાની ઇચ્છા દર્શાવવાથી સુરાદેવી તેને એક એકાંત સ્થળમાં લઈ ગઈ અને ત્યાં ઉભયનું ઘણીક વાર સુધી ભાષણ ચાલતું રહ્યું. એ સંભાષણમાં તેમણે પરસ્પર શા શા વિચારો જણાવ્યા અને જાણ્યા, તે વિશે અમે કશું પણ જાણતા નથી; પરંતુ બન્નેનું સંભાષણ સંપૂર્ણ થતાં સુરાદેવી જતાં જતાં ચાણકયને કહેવા લાગી, "જો આવી સહાયતા મને મળે તો તો વધારે સારું, પણ જો એવી સહાયતા ન પણ મળે, તોપણ મારી પ્રતિજ્ઞા પ્રમાણે સમસ્ત કાર્યનું સુખદ પરિણામ લાવવાની મેં તો બધી તૈયારીઓ કરી જ રાખેલી છે. મારા કાર્યનું મંગળાચરણ તો થઈ પણ ચૂકયું છે. હવે થોડા જ દિવસમાં એનું પ્રથમ ફળ જોવામાં આવશે. આપ કહો છો, તે કાર્ય જો સિદ્ધ થાય, તો પછી બીજું તે શું જોઇએ? પરંતુ આવતી કાલે રાત્રે હું પાછી અહીં આવી જ શકીશ, એનો નિશ્ચય નથી. છતાં પણ મોડીવેલી તો હું આવીશ જ. હવે મારે જવું જોઇએ. કાલે આપ અહીં આવજો—આપણે પાછાં મળીને એ વિશે વિચાર કરીશું." એટલું કહીને તે ત્યાંથી વાયુવેગે મહાલયમાં ચાલી ગઈ. એ અંતિમ ભાષણનો કેટલોક ભાગ–તે પણ આરંભનો ભાગ–વૃન્દમાલાએ સ્પષ્ટ સાંભળ્યો, અને તેનાં નેત્રોમાં એકાએક સ્ફુરણ થવા માંડયું. મહારાજ ધનાનન્દે સુરાદેવીમાં પાછી પૂર્વવત્ પ્રેમની ભાવના રાખવાથી તે પોતાનો બધો ક્રોધ ભૂલી ગઈ હશે અને થોડા જ દિવસમાં તે પાછી વિનોદી સ્વભાવની થઈ જશે, એમ વૃન્દમાલાનું ધારવું હતું; પરંતુ હમણા જ સાંભળેલા સુરાદેવીના ભાષણથી એ સઘળો પોતાનો ભ્રમ જ હતો, એમ તેને જણાયું. "મારા કાર્યનું મંગળાચરણ તો થઈ પણ ચૂકયું છે–હવે થોડા જ દિવસમાં એનું પ્રથમ ફળ જોવામાં આવશે," એ તેના બોલવાનો ભાવાર્થ શો હશે? એવો વૃન્દમાલાના મનમાં પ્રશ્ન ઉદ્ભવ્યો અને તે ગંભીર વિચારમાં નિમગ્ન થઈ ગઈ. વૃન્દમાલા ઘણી જ પાપભીરુ, અધર્મથી ડરનારી અને ભોળી હતી. સુરાદેવી એના એ સ્વભાવને સારી રીતે જાણતી હતી, તેથી હમણાં હમણાં પોતાનાં કારસ્થાનોમાં તે એની કાંઈ પણ સહાયતા લેતી નહોતી. જે કાર્યો સર્વથા સાત્ત્વિક વૃત્તિનાં જ હોય અથવા તો જે કાર્યમાં પોતાના ગુપ્ત હેતુનું કાંઈ પણ દર્શન થતું ન હોય, તેવાં જ કાર્યો તે વૃન્દમાલાને બતાવતી હતી અને બીજાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાર્યો માટે બીજી પરિચારિકાઓની યોજના કરતી હતી. એમ કરવાનાં એનાં અનેક કારણો હતાં. આ કાર્ય સાચું જૂઠું કરવાનું છે એમ કહ્યું હોય તો પહેલાં તો એવા કાર્ય માટે તે હા જ પાડે તેમ નહોતું, અને યદા કદાચિત્ આજ્ઞાનું ઉલ્લંધન કરી ન શકાય અને કાર્ય કરે, તો તેમાં હજારો ભુલો થવાથી ભેદનો ઘડો એકદમ ફૂટી જવાની ભીતિ રહેતી હતી. વૃન્દમાલા તે એક સરળ માર્ગમાં ચાલનારી અને પોતાની સ્વામિનીમાં દૃઢ ભક્તિ રાખનારી પરિચારિકા હતી. સ્વામિનિષ્ઠ અને પ્રામાણિક સેવક, એ દૃષ્ટિથી તેની યોગ્યતા ઘણી જ મોટી હતી; પરંતુ જે પ્રકારનું કાર્ય મુરાદેવીને કરવાનું હતું, તે કાર્ય માટે એ સર્વથા નિરુપયોગી હતી. એની ભોળાઇથી એ કાર્યમાં હાનિ થવાનો જ વિશેષ સંભવ હતો. એ બધું જાણીને જ ધૂર્ત મુરાદેવીએ એને પોતાના કામમાં ન લેવાનો અને પોતાનાં કારસ્થાનોનો ભેદ તેની આગળ ન ખોલવાનો વજ્ર સમાન દૃઢ નિશ્ચય કર્યો હતો.

એવી સ્થિતિમાં વૃન્દમાલાએ ઊપર કહેલા મુરાદેવીના ઉદ્ગારો સાંભળ્યા. એથી તેનું કોમલ અંતઃકરણ એકાએક કંપાયમાન થઈ ગયું. "શું મુરાદેવી પોતાની પૂર્વ પ્રતિજ્ઞા પ્રમાણે રાજકુળનો વિધ્વંસ કરવાના ઉદ્યોગમાં લાગેલી છે? રાજાના પ્રેમને પાછો મેળવાનો હું પ્રયત્ન કરીશ, તેને મજબૂતીથી મારા મોહપાશમાં ફસાવીશ અને ત્યારપછી મારી ધારણા પ્રમાણે પ્રસંગ આવતાં તેનો નાશ કરીશ. એમ તે સુમાલ્યના રાજ્યાભિષેક સમયે કારાગૃહમાંથી છૂટી આવી ત્યારથી બકયા કરતી હતી, તેને અદ્યાપિ એ વિસરી શકી નથી કે શું? આજના એના શબ્દોથી તો એ વિષયનું એને વિસ્મરણ થયું હોય, એમ ભાસતું નથી. ત્યારે રાજકુળપર કોઈ ભયંકર આપત્તિ આવવાની જ કે શું? ભગવાન્ વસુભૂતિના વચન પ્રમાણે ગૃહ-કલહથી જ આ પાટલિપુત્રનો નાશ તો નહિ થવાનો હોય? એવા નાના-પ્રકારના દુઃખકારક વિચારોનો તેના મનમાં ઉદ્ભવ થતાં તે ત્યાંની ત્યાં જ સ્તબ્ધ બનીને પાષાણની પ્રતિમા પ્રમાણે નિશ્ચેષ્ટ ઉભી હતી.

---

## પ્રકરણ ૧૧ મું.

### ચાણકયનું કારસ્થાન.

મુરાદેવીએ પોતાના કપટનાટકનો પ્રથમ પ્રવેશ ભજવી બતાવ્યો, તે દિવસથી રાજાએ એવો નિશ્ચય કર્યો હતો કે, "હવે મુરાદેવીનું અંતઃપુર છોડીને મારે બીજે કયાંય જવું નહિ. મુરાદેવી ખરેખર એક કુલીન કાંતા છે. આજે મારો એનામાં પ્રેમ હોવાથી દ્વેષી જનોએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ મારા ઘાતના પણ પ્રયત્નો પણ કરવા માંડ્યા છે; તેવી જ રીતે સોળ સત્તર વર્ષ પહેલાં પણ ભિચારીએ નિર્દોષ નારીનો દ્વેષ કરીને મારા મનમાં અસત્ય શંકા ઉત્પન્ન કરી હતી અને એ વ્યર્થશંકાને સ્વાધીન થઈ, મેં મૂર્ખે એના પુત્રની હત્યા કરાવી અને એને કારાગૃહવાસિની બનાવી. હશે— જે બનવાનું હતું તે બની ગયું–પણ હવે જ્યારે હું એનું ખરું મૂલ્ય જાણી શકયો છું, ત્યારે હવે પછી તો એને પૂર્ણ રીતે સુખનો ઉપભોગ આપવો જ જોઇએ." એવો તેણે પોતાના મનમાં જ નિર્ધાર કરી રાખ્યો. બીજી રાણીઓનો પોતાના જીવને જોખમ લગાડવાનો વિચાર છે, એ વાર્ત્તા જ્યારે તેના સાંભળવામાં આવી, ત્યારે પ્રથમ તો તેનો તે સર્વનો નાશ કરવા માટેનો જ નિશ્ચય થઈ ગયો. પરંતુ મુરાદેવીએ તેના એ નિશ્ચયનો નિષેધ કર્યો અને રાજાને ઘણી જ આર્જવતાથી કહ્યું કે, "મહારાજ! દાસીએ સાધારણ રીતે સાંભળેલી વાતો આવીને મને કહી, તે અક્ષરે અક્ષર સત્ય કેમ માની શકાય વારુ? કદાચિત્ એ બધી જ વાતો ખોટી હોય તો? અથવા તો દાસીએ સાંભળ્યું હોય એક અને આવીને કહ્યું હોય બીજું તો? જો કે મારી સુમતિકાની મને ખાત્રી છે કે, તે કાંઈ પણ બનાવટ કરીને કહે તેવી તો નથી જ; પરંતુ તેના સમજવામાં જ કાંઈ ભૂલ થઈ ગઈ હોય તો? મહારાજ! એકવાર મારા સંબંધમાં આપે વિચાર કર્યો, તેટલો બસ છે; હવે કોઇને પણ વિના કારણ શિક્ષા હું તો જાણી જોઇને નથી કરવા દેવાની. આપે જે વાતો સાંભળી છે, તેમની સત્યતાનો જો કોઈ પ્રત્યક્ષ પૂરાવો મળી આવે, તો પછી આપ જેમ ઇચ્છો, તેમ કરવાને સમર્થ છો."

મુરાદેવીએ જ્યારે એ સંભાષણ કર્યું, ત્યારે તેના હાવભાવો અને નેત્રકટાક્ષો પણ એવા જ પ્રકારના થતા હતા કે, જોનારને એવો જ ભાસ થાય કે, મુરાદેવી નિષ્પક્ષપાતતા અને દયાશીલતાની જાણે એક જીવિત મૂર્તિ જ છે. રાજાને તેનું એ બોલવું એટલું બધું કપટરહિત અને શુદ્ધ ભાસ્યું કે, તેણે તેની સરળતા અને ભોળાપણા માટે ઘણી જ પ્રશંસા કરી અને કહ્યું કે, "તારા કહેવાથી જ હું હમણાં શાંત થઇને બેસી રહું છું; નહિ તો જેમણે અનેક સાચી ખોટી વાતો કરીને તારા વિશે મારા મનમાં શંકાઓ ઉપજાવી હતી, તે જ તું મારી પ્રેમપાત્રા થએલી છે; એટલે પોતાના પહેલાંના કાળાં કારસ્થાનો ઉઘાડાં પડી જશે, એવા ભયથી તેઓ શું કરશે અને શું નહિ, એનો નિયમ નથી. માટે એમને શિક્ષા કરવી જ જોઈએ, એવો મારો વિચાર હતો. પરંતુ એવો કોઈ પૂરાવો મળતાં સુધી તું થોભવાનું કહે છે, તો હું માત્ર તારા શબ્દને માન આપીને થોભી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાઉં છું. મારા મનની તો પક્કી ખાત્રી થઈ ચૂકી છે કે, સુમતિકાએ કહેલી બધી વાતો અક્ષરે અક્ષર ખરી અને પાયાદાર છે." એમ કહીને તેણે મુરાદેવીને મહા પ્રેમથી આલિંગન આપ્યું. મુરાદેવીનું અંતઃકરણ આનંદથી ઉભરાઈ જવા માંડ્યું.

"મારા ગ્રહો હાલમાં સારાં સ્થાનોમાં પડેલાં હોય, એમ જણાય છે. જે કાર્યને હું હાથમાં ધરું છું, તે કાર્ય નિર્વિઘ્ને પાર પડવાનાં જ ચિન્હો દેખાય છે; તથાપિ એ વિજયના રંગથી ફુલાઈ જઇને અવિચારી કૃત્ય કરવું ન જોઇએ. જે કાંઇ પણ કરવું, તે સારી રીતે વિચારીને જ કરવું જોઈએ; અને પગલાં એવી રીતે ઉપાડવાં જોઇએ, કે તેમને પાછાં હટાવવાનો પ્રસંગ આવે નહિ." એવો મનમાં જ વિચાર કરીને મુરાદેવી રાજાનું મન બીજી રાણીઓ વિશે કલુષિત કરવા માટેની જે જે યોજનાઓ કરવાની હતી, તે તે યોજનાઓ યોજવામાં તનમન ધનથી નિમગ્ન થઈગઈ.

ચાણુક્ય અને મુરાદેવીનું પરસ્પર ગુપ્ત સંભાષણ થઈ રહ્યા પછી ચાણુક્ય અંતઃપુરની સીમામાંથી બહાર નીકળ્યો. એ વેળાએ તેના હૃદયમાં આનંદનો પાર હતો નહિ. પાટલિપુત્રમાં પગ મૂક્યો, તે વેળાએ આટલા થોડા સમયમાં જ પોતાના સ્વીકૃત કાર્યની સિદ્ધિ માટેનાં આટલાં બધાં અનુકૂલ સાધનો આપમેળે જ આવી મળશે, એવી તેને રંચમાત્ર પણ આશા હતી નહિ; છતાં પણ તે સાધનો મળી આવ્યાં, એટલે તેને એટલો બધો અપાર આનંદ થાય, એમાં આશ્ચર્ય થવા જેવું શું હોય વારુ?

મુરાદેવીની સહાયતા માટે તો તેના મનમાં શંકાજ ન હોતી, અને એક વાત તેને કહેલી ન હોતી, તે કહીને પૂરો પૂરાવો આપ્યો, એટલે હજી કોઈ પણ સાહસ કરવાને તે આનાકાની કરે, એમ હતું જ નહિ, એ પણ તે સારી રીતે જાણતો હતો. પોતાને વિનાકારણ આપવામાં આવેલાં દુઃખોનું વૈર લેવા માટે તે જ્યારે આટલું બધું સાહસ કરવાને તૈયાર થઈ ગએલી છે, તો પોતાના પુત્રને સિંહાસનપર બેસાડવાની અને તેના શિરે સમ્રાટ્ ચક્રવર્તી છત્ર ચામરો ઢોળાતાં જોવાની મહત્ત્વાકાંક્ષાથી તે એનાથી દશગણાં કે સોગણાં સાહસો કરવાને તૈયાર થઈ જવાની, એવી ધારણાથી જ તેણે હવેપછીના કારસ્થાનની સઘળી રચના એક બીજા જ પ્રકારથી કરી રાખી હતી. ત્યારે પ્રથમ શી વાત કાઢવી, એનો તેણે વિમર્શ ચલાવવા માંડ્યો અને અંતે એવો નિશ્ચય કર્યો કે," પ્રથમ તો રાજગૃહમાં અને કદાચિત્ પ્રસંગ આવે તો પ્રત્યક્ષ રાજાસમક્ષ પણ જવા આવવાની છૂટ મેળવવી જોઇએ. પરંતુ રાજા પાસે એવી રીતે જવા આવવાથી, એ જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજસભામાંથી અપમાન પામીને અને રાજાને શાપ તથા ગાળો આપીને ગએલો બ્રાહ્મણ છે, એમ લોકો ઓળખશે, એ વિઘ્નને ટાળવાનો શો પ્રયત્ન કરવો, એનો વિચાર પણ કરવો જોઇએ. હું કોપના આવેશમાં જે કાંઈ પણ બોલ્યો હતો, તે રાજાએ, તેમના અધિકારીઓએ અથવા તો પંડિતોએ ધ્યાનમાં લેવાનું નથી, એમ કહીને પોતે હાર માની લેવી અને તેમની આંખોમાં ધૂળ નાંખીને પોતાનું કાર્ય સાધી લેવું, એ પ્રથમ માર્ગ; અથવા તો હું તે બ્રાહ્મણ જ નથી–હું તો મુરાદેવીના બંધુના રાજ્યમાં હિમાલયના એક ભાગમાં આશ્રમ કરીને રહેનારો બ્રાહ્મણ છું અને મુરાદેવીના બંધુએ મારા સ્વાધીનમાં આપેલા કુમારનો વિદ્યાભ્યાસ પૂરો થવાથી તીર્થયાત્રા કરી, તેના શિક્ષણની પૂર્ણાહુતિ કરવા માટે તે કુમારસાથે અહીં આવેલો છું, એવી રીતે તેમને ફસાવવા, એ બીજો માર્ગ; અથવા તો જે વેળાએ જેવો પ્રસંગ આવે તેને અનુસરતો તેવો જવાબ આપીને વેળા વીતાડી દેવી, એ ત્રીજો માર્ગ." એમાંથી પ્રથમ કયા માર્ગનું અવલંબન કરવું, એનો મનમાં ને મનમાં જ ચાણક્યે ઘણો જ ઊહાપોહ કર્યો અને એ સિદ્ધાંત તો નિશ્ચિત કર્યો કે, "વસુભૂતિને ખાસ કરીને જણાવી દેવું કે, મેં તમને આજસુધીમાં મારો વૃત્તાંત કહેલો છે, તે અસત્ય છે, મારા અહીં આવવાનું કારણ તો મુરાદેવીની શી અવસ્થા છે, તે જાણી લેવાનું જ છે, અને કિરાત રાજાએ મને એ કાર્યમાટે મોકલેલો છે. અહીંના બધા સમાચાર હું મેળવી ચૂકયો છું, માટે હવે ત્યાં પાછો જઇશ અને અમારા રાજાને મુરાદેવીનો સમય આજકાલ સારો છે, ઇત્યાદિ કહી સંભળાવીશ. તે જ જો બીજા કોઈ કારણથી મને અહીં પાછો મોકલશે, તો આવીશ, અને જો આવીશ તો આપનાં દર્શનનો અવશ્ય લાભ લઇશ. આજસુધી મારો ખરો વૃત્તાંત આપનાથી છૂપાવી રાખ્યો, તેની ક્ષમા આપશો; કારણ કે, પોતાની ખરી સ્થિતિ એકદમ બીજાને જણાવી ન દેવી, એવી નીતિ જ છે ઇત્યાદિ કહીને તેને શાંત કરવો. વસુભૂતિને પણ મારા પક્ષમાં જ રાખવો જોઇએ. એની અને મારી જે મૈત્રી થએલી છે, તે કોઈ પણ વખતે કામ તો આવવાની જ. તેમાં પણ સિદ્ધાર્થક તો ઘણો જ ઉપયોગનો થઈ પડશે." એવી વિચારસંકળના ગોઠવીને તે વિહારમાં ગયો અને વસુભૂતિને કહ્યું કે, "મારે તમારાથી એકાંતમાં કાંઈ વાતચિત કરવાની છે." વસુભૂતિ તેને એકાંતમાં લઈ ગયો. ત્યાં ચાણક્યે ભેદને ભાગી નાંખવાનો વિલક્ષણ ભાવ કરીને પોતાનો નવીન રચેલો વૃત્તાંત સમગ્ર કહી સંભળાવ્યો અને પોતાથી થએલા અપરાધની ઘણી જ નમ્રતાથી ક્ષમા માગી. એ ભાષણ તેણે એવી ચતુરતાથી કર્યું કે, બિચારો વસુભૂતિ પૂર્ણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રીતે તેના કપટજાળમાં ફસાઈ ગયા અને સામા નમ્રતાથી ચાણુકયને કહેવા લાગ્યા કે, "બ્રાહ્મણવર્ય! એની કાંઇપણ ચિન્તા તારે કરવી નહિ. ક્ષમા માગવાની કાંઇપણ અગત્ય નથી, પારકા પ્રદેશમાં એકદમ પોતાની આંતરિક સ્થિતિનો સ્ફોટ ન કરવો, એવી જ્યારે નીતિ જ છે, તો પછી એમાં તારો અપરાધ જ શો છે?" એમ કહીને વસુભૂતિએ ચાણુકયના મનનું સમાધાન કર્યું. તથાપિ "આપના જેવા એક સ્વપ્ને પણ અસત્ય ન બોલનારા પવિત્ર બુદ્ધભિક્ષુ સમક્ષ મેં જે આટલું બધું અસત્ય ભાષણ કર્યું, તેને માટે મને એટલો બધો પશ્ચાત્તાપ થાય છે કે, જેનું વર્ણન કરી શકાય તેમ નથી." એવો ચાણુકયે પાછો પોતાના અપરાધનો ઉલ્લેખ કર્યો. ચાણુકયના વાગ્જાળમાં વસુભૂતિ વધારે અને વધારે ફસાતો ગયો, અને તેણે વારંવાર ચાણુકયનું સમાધાન કર્યું. એટલામાં વૃન્દમાલા ત્યાં આવી પહોંચી એટલે તો ચાણુકયના પશ્ચાત્તાપની પરિસીમા જ થઈ ગઈ, હું કોણ છું અને પાટલિપુત્રમાં શામાટે આવ્યો છું, એ મેં પ્રથમ આને જણાવ્યું અને તેથી એણે સહાયતા કરીને મારો અને મુરાદેવીનો મેલાપ કરાવી આપ્યો. મારું કાર્ય હવે સમાપ્ત થયું છે. માટે હવે માયાદેવીને અહીંના શુભ સમાચાર કહી સંભળાવવા માટે મારે અહીંથી જવું જ જોઇએ. અહા! આજે મારા મનમાં કેટલો બધો આનંદ થાય છે! પરંતુ એ આનંદનું ખરેખરું કારણ પૂછો, તો તે આ તમારી શિષ્યા વૃન્દમાલા જ છે. એને મેં મારી ખરી હકીકત જણાવતાં જ એણે મને મુરાદેવીથી મેળવી આપવાનું કબૂલ કર્યું હતું અને તે પ્રમાણે કરી પણ બતાવ્યું છે." એમ કહીને તેણે વૃન્દમાલાની પ્રશંસા કરવાનો પ્રારંભ કર્યો. તે પ્રશંસા તેણે એવી તો ઉત્તમતાથી કરી કે, વૃન્દમાલા આનંદના સાગરમાં મ્હાલવા લાગી અને જે કાર્ય માટે પોતે આવેલી હતી, તે કાર્યને તો ભૂલી જ ગઈ. વળી ચાણુકય તે ગુરુ શિષ્યા બન્નેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "હવે હું પાછો મારા આશ્રમમાં જાઉં છું. મને અહીં આવ્યાને ઘણા દિવસ થયા માટે આશ્રમના કુલપતિ મારાપર કોપ કરશે અને કિરાત રાજાના મનમાં પણ ચિંતા થઈ પડશે." એમ કહીને વસુભૂતિ તથા વૃન્દમાલાની આજ્ઞા લઇને તેણે વિદાય થવાની તૈયારી કરી અને જતાં જતાં વળી પણ કહ્યું કે, "કિરાત રાજાનો પોતાના પુત્ર એટલે મુરાદેવીના ભત્રીજાને રાજધર્મ શીખવવા માટે અથવા તો દેશ-પર્યટન કરવા માટે થોડા દિવસ પાટલિપુત્ર મોકલવાનો વિચાર છે. જો તે પોતાના પુત્ર સાથે મને જ અહીં મોકલશે, તો મારા પુનઃ અહીં આવવાનો સંભવ છે અને જો હું આવીશ, તો આપને મળ્યા વિના રહીશ નહિ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાણુક્ય એ પ્રમાણે બોલતો હતો, એટલામાં વૃન્દમાલા જે પ્રશંસાના પ્રવાહમાં તણાઈ ગઈ હતી, તે પોતાના જ્ઞાનરૂપી તીર તરફ પાછી વળી અને મુરાદેવીના ભાષણનાં જે છેલ્લાં વાક્યો તેણે સાંભળ્યાં હતાં, તે વિશે આ બ્રાહ્મણને પૂછતાં એ ખરું કહે છે કે નહિ? અથવા તો પોતે એમ સાંભળ્યું જ નથી, એવું પણ ઉત્તર આપે છે કે કેમ? જોઇએ તો ખરાં. એવો મનોનિર્ધાર કરીને તે ચાણુક્યને પૂછવા લાગી કે, "બ્રહ્મવર્ય! આપ જે વેળાએ મુરાદેવીથી છૂટા પડ્યા, ત્યારે તમને તેણે છેલ્લા શબ્દો શા કહ્યા હતા, તે કૃપા કરીને કહેશો? મેં એમાંના કેટલાક શબ્દો સાંભળ્યા હતા, અને તે સમયથી જ આપ મળો ત્યારે એ વિશે વાત કાઢવાનો મારો વિચાર હતો. હમણાં એવો પ્રસંગ મળ્યો છે, એટલે પૂછી લેવાનું હું વ્યાજબી ધારું છું. કાંઈ હરકત તો નથી ને?

"મુરાદેવીએ? મુરાદેવીએ તો પોતાના બંધુને અને માતાને જે કાંઈ સંદેશો કહેવડાવવાનો હતો, તે વિશે જ કહ્યું હતું. કોઇ પોતાને પિયેર જવાને નીકળ્યું કે, સ્ત્રીઓ કેવા સંદેશા કહેવડાવે છે, તે તો તું જાણે જ છે. એ સઘળું મારા તો ધ્યાનમાં પણ રહ્યું નથી. સરવાળે બધી વાતોનો સારાંશ એટલો જ હતો કે, હું હવે સારી રીતે સુખમાં છું. ગયાં સત્તર અઢાર વર્ષ સૂધી મને જે દુઃખ વેઠવું પડ્યું છે, તેનો બદલો હવે મને સારીરીતે મળતો જાય છે. માટે જ્યારે હવે આ સુખના દિવસો આવ્યા છે, તો તમે પણ આવીને તે જોઈ જાઓ. તમે ન જ આવી શકો, તો મારા ભત્રીજાને તો એકવાર મોકલો. એ જ તેનો સંદેશો હતો. એ વિના પોતાના પિયરના મનુષ્યને બીજું તે શું કહેવાનું હોય?" ચાણુકયે ગોળમટોળ ઉત્તર કહી સંભળાવ્યું.

"ના—ના" વૃન્દમાલા એકાએક બોલી. "એ સંદેશો નહિ. જો આવી સહાયતા મને મળે તો તો વધારે સારું, પણ જો એવી સહાયતા ન પણ મળે, તો પણ મારી પ્રતિજ્ઞા પ્રમાણે સમસ્ત કાર્યનું સુખદ પરિણામ લાવવાની મેં તો બધી તૈયારીઓ કરી જ રાખેલી છે. એવા અર્થનું તે જે કાંઈ પણ બોલી હતી, તે શું હતું—તે હું જાણવા માગું છું. તમે જ્યારે જવાને તૈયાર થયા હતા, ત્યારે તેના મુખમાંથી નીકળેલા એ શબ્દો મારા સાંભળવામાં આવ્યા હતા."

વૃન્દમાલાનાં એ વાક્યો સાંભળતાં જ ચાણુક્ય જરાક ગભરાયો; પરંતુ પોતાના એ ગભરાટને જાહેર ન કરતાં જાણે કાંઈ જ જાણતો ન હોયને! તેવી રીતે પોતાના મન સાથે જ બબડતો કહેવા લાગ્યો કે, "પ્રતિજ્ઞા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને વળી સહાયતા? એ શબ્દો તેના મુખમાંથી નીકળ્યા? એવા શબ્દો સાંભળવાનું કાંઇપણ મારા સ્મરણમાં તો નથી. પણ–પણ–પણ તેણે એમ કહ્યું હતું ખરું કે, આ વેળાએ મહારાજાનો પ્રેમ મારામાં કાયમ રહે, તેટલામાટે મારા પિયરમાંનું કોઇપણ માણસ આવીને અહીં રહે તો વધારે સારું. નહિ તો મારો દ્વેષ કરનારી મારી સોકયો મારી વળી પણ શી દુર્દશા કરશે અને શી નહિ, એનો નિયમ નથી. અર્થાત્ મને મારા પક્ષના કોઇપણ મનુષ્યની અત્યારે ઘણી જ અગત્ય છે. આજ સુધીતો કોઇ પણ ન આવ્યું, એ તો ઠીક; પણ હવે આ સુખના દિવસોમાં પણ કોઈ નહિ આવે, તો પછી આપના તરફના કોઇપણ મનુષ્યનું હું મરણ પર્યન્ત મુખ પણ જોવાની નથી, એવી મેં પ્રતિજ્ઞા કરેલી છે, એવું કાંઈ તે બોલી'તી ખરી. બીજું તો મને કાંઈ સાંભરતું નથી. પછી એમાંથી જ તેં કાંઈ સાંભળ્યું હોય તો કોણ જાણે! મને તેણે એવો આગ્રહ કરેલો છે કે, મારી માતુશ્રી અને મારા ભત્રીજાને ગમેતો ચાર દિવસને માટે પણ અહીં તેડી જ લાવજે. એવો આગ્રહ છતાં પણ જો કોઈ નહિ આવે, તો પછી મારા મને પિયરિયાં મુઆ જેવાં જ છે તો, એ જ તેની પ્રતિજ્ઞા–બીજું કાંઈપણ નથી." ચાણક્યનું એ ઉત્તર સાંભળીને વૃન્દમાલા આશ્ચર્યચકિત થઈ ગઈ. તે મનમાં જ વિચારવા લાગી, "મને જે સંશય થયો હતો તે શું અસત્ય હતો? મુરાદેવીએ કારાગૃહમાંથી છૂટતાં જ જે પ્રતિજ્ઞા કરી હતી કે, કોઇપણ પ્રકારે રાજાનો પ્રેમ પાછો મેળવીને હું તેના મોઢામાં ધૂળ નાંખીશ, સઘળા રાજ્યનું સત્યાનાશ વાળીશ અને રાજવંશનો વિધ્વંસ કરીને મારા પિયરમાંના કોઇ પણ મનુષ્યને સિંહાસનારૂઢ કરીશ ઇત્યાદિ તે જે બોલતી હતી, તેને કરી બતાવવાનો જ આ પ્રારંભ થાય છે, એમ જે મને ભાસ્યું હતું, તે શું સર્વથા અસત્ય હતું?" એવા વિચારો તેના મનમાં આવતાં તે ઘણી જ વિમાસણમાં પડી ગઈ. પરંતુ હવે ચાણક્યને એ વિશે તેણે વધારે કાંઈ પણ પૂછ્યું નહિ. તેના મનમાંના વિચારોને તેણે મનમાં જ સંતાડી રાખ્યા.

ચાણક્ય બીજે દિવસે પાટલિપુત્રમાંથી પ્રયાણ કરી ગયો.

માર્ગમાં વિચરતાં નીચે પ્રમાણે તેનો મનોવ્યાપાર ચાલતો જ હતો;—

"અહીં સૂધીનું બધું કાર્ય તો નિર્વિઘ્ને પાર પડ્યું. પરંતુ હવે આગળ શું કરવું? અત્યાર સૂધીના શોધથી આપણા કાર્યને ઇષ્ટ થાય એવી અંતઃસ્થિતિ અગધર્મ્ઝ છે કે નહિ? એટલો જ નિર્ણય થયો–અને તે મારા એકલાથી કરી શકાયું. પણ ભવિષ્યમાં હવે શો ઉપાય કરવો? મુરાદેવીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કહેવું કે, ચન્દ્રગુપ્ત જ તારો ભત્રીજો છે અને ચન્દ્રગુપ્તને રાજપુત્રને છાજે તેવા દોરદમામથી મગધદેશમાં લાવીને પુષ્પપુરમાં અધિષ્ઠિત કરવો. એ તો બધું યુક્તિથી કરી શકાય એમ છે. પરંતુ એ સર્વ યુક્તિને અમલમાં કેવી રીતે લાવી શકાય? હું જાતે દરિદ્રી અને ચન્દ્રગુપ્ત પણ ગોવાળિયાને ત્યાં ઉછરેલો. એવી સ્થિતિમાં તેને રાજપુત્રના વેશથી મગધ દેશમાં લઈ જઇને નોકર ચાકરોના ઠાઠમાઠથી રાખવો, એ કાંઈ સહજમાં બની શકે એવી વાત નથી. આપણી પર્ણકુટીમાં તો એક ફૂટી બદામ પણ છે નહિ અને એ વેશધારી રાજકુમારને લઇને મગધદેશમાં વસવાનું છે. અર્થાત્ આપણાં મોહક ભાષણ અને ચાતુર્યથી જ લોભાઈને એક નિષ્ઠાથી કોઇપણ આપણી સેવા કરવાનું નથી. અત્યારસુધી એકલા રહેવાથી હું ગમેતેમ ચલાવી શકયો; પરંતુ હવે પછી તો એક નહિ પણ અનેક ગુપ્ત દૂતો પણ રાખવા પડશે, ઘણાકોને ઘણીરીતે સંતોષ આપીને પોતાનું કામ કાઢી લેવું પડશે-ઇત્યાદિ કાર્યો કરવાં અને ચાકર નોકર રાખવા, એ બધું ધનની સહાયતા વિના યથાર્થ રીતે થવું અશકય છે. પણ ધન કયાં છે?"

ચાણક્યને પોતાને તો ખરેખર એક કોડીની પણ જરૂર ન હોતી. તેના-જેવો નિઃસ્પૃહી અને નિરાકાંક્ષ મનુષ્ય જો કોઈ હોય તો તે પોતે જ હતો, બીજો કોઈ ન હોતો, એમ કહીએ તો તે ચાલી શકે તેમ છે. પરંતુ સ્વીકારેલા કાર્યને પાર પાડવા માટે તો ધનની અગત્ય હતી જ. અર્થાત્ ધન કયાંથી લાવવું? એની તેને ઘણી જ ચિંતા થઈ પડી. એ ચિંતામાં જ તે ધીમે ધીમે માર્ગમાં ચાલ્યો જતો હતો. પાછા તેના મનમાં બીજા પ્રકારના વિચારો આવવા માંડ્યા, "પાછળ ચન્દ્રગુપ્તે આશ્રમની કેવી વ્યવસ્થા રાખી હશે? ત્યાંના ભિલ્લ, ખાસ, પ્રાચ્ય ગોંડ અને ખોંડ વગેરે લોકોના બાળકોને તેણે સારી રીતે સાચવ્યા હશે, કે તેમનાથી લડી ઝગડીને આશ્રમને ઉદ્ધ્વસ્ત કરી નાંખ્યું હશે?" એની પણ તેને ચિંતા થવા માંડી. આજ સૂધી આશ્રમને વ્યવસ્થાથી ચલાવવામાં તેને શ્રમ વેઠવો પડતો નહોતો; કારણ કે, કંદ, મૂળ અને ફળો તેના તરુણ શિષ્યો અરણ્યમાંથી લઈ આવતા હતા અને તેઓ પોતે શિકાર કરીતે પોતાનું પેટ ભરતા હતા અને આશ્રમમાં આવી વિદ્યાનો અભ્યાસ કરતા હતા. ઉપરાંત ભિલ્લ કિરાતાદિના રાજા, એ તપોનિષ્ઠ બ્રાહ્મણ પોતાના બાળકોને ભણાવે છે, એવી ધારણાથી પોતાની શક્તિ પ્રમાણે કેટલીક વસ્તુઓ તેને પહોંચાડતા હતા. પણ હવે એટલાથી જ પૂરું થઈ શકે તેમ હતું નહિ. હવે જે કારસ્થાનો કરવાનાં હતાં, તેમાં એના કરતાં ઘણા જ વધારે સાધનોની આવશ્યકતા હતી-એને માટે તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક સારો અને મોટો ધનભંડાર જોઇએ. અંતે તેણે વિચાર કર્યો કે, "કાંઈ ચિન્તા નહિ. હવે આશ્રમમાં જઇને મારા શિષ્યોની વિદ્યાની પરીક્ષા લેવાની છે. ગ્રીક યવનોને લુંટીને દ્રવ્ય મેળવીશ જ. કોઇપણ રીતે ધનની પ્રાપ્તિ સત્વર થાય, એવા ઉપાયની યોજના કરવી જોઇએ" એવી ધારણા કરીને ખિન્ન ચિત્ત થએલો ચાણુકય પોતાના આશ્રમની દિશામાં વિચરવા લાગ્યો.

તે જેમ જેમ પોતાના આશ્રમની પાસે પાસે પહોંચતો ગયો, તેમ તેમ તેના મનની ચિંતા વધારે અને વધારે વધવા લાગી; પરંતુ જ્યારે તે આશ્રમના દ્વાર પાસ પહોચ્યો, ત્યારે તેની મનોવ્યથામાં કાંઇક ન્યૂનતા થતાં "મારો પ્રિય શિષ્ય મને જોતાં કયા શબ્દોથી મને આવકાર આપશે? તેના મનમાં કેવો આનંદ થશે!" ઇત્યાદિ વિચારતરંગો તેના હૃદયસમુદ્રમાં ઉદ્‌ભવવા લાગ્યા. એવી રીતે કાંઇક ચિંતા અને કાંઇક ઉત્સુકતાવાળા અંતઃકરણથી ચાણુકય પોતાના આશ્રમમાં પ્રવિષ્ટ થયો. દ્વારમાં પ્રવેશ કરતાં જ તેના શોકપૂર્ણ હૃદયમાં કિંચિદ્ આનંદનો પ્રકાશ થતો દેખાયો. એ આનંદનું કારણ શું હશે? એનો વિચાર કરતો જ તપોવનમાં તે આગળ વધ્યો, એટલે દૂર કાંઇક આનંદનો કોલાહલ થતો તેના સાંભળવામાં આવ્યો. "મારા શિષ્યો કયાંક આટલામાં જ હોવા જોઇએ. કોઇએ કયાંક મોટા સાવજ, અરણ્ય મહીશ, અરણ્ય સૂકર, વ્યાઘ્ર કે સિંહનો શિકાર માર્યો હશે અને તે મારનારના અભિનંદન માટે જ આ આટલો બધો હર્ષનો આમર્ષ થતો હશે. એવી સ્થિતિમાં જો હું તેમની સામો જઇને ઉભો રહીશ, તો તેમના આનંદનો પારાવાર થશે, તેઓ હર્ષઘેલા બની જશે." એવો વિચાર કરીને ચાણુકય તે ગડબડના અનુરોધે આગળ ચાલ્યો અને જરાક દૂર એક વૃક્ષની આડમાં ઉભો રહીને ત્યાં ચાલતો બધો પ્રકાર જોવા લાગ્યો. ત્યાં સર્વ બાળકો એકઠા થએલા હતા, અને તેમના મધ્યમાં ચન્દ્રગુપ્ત બેઠેલો હતો. એક બાજૂએ બે ચાર યવનો દોરીથી બાંધેલા ઊભા હતા અને તેમની દેખરેખ માટે તેટલા જ શિષ્યો પણ તેમની પાછળ તીરકામઠાં લઇને ઊભા હતા. તેઓ પોતપોતામાં ઘણા જ ઉત્સાહથી સંભાષણ કરતા હતા. નીચે પ્રમાણેનું સંભાષણ ચાણુકયના સાંભળવામાં આવ્યું:-

"ચન્દ્રગુપ્ત! આજે જો ગુરુજી અહીં હોત, તો તેમણે તને કેટલો બધો ધન્યવાદ આપ્યો હોત?" બે ચાર શિષ્યોએ હર્ષપૂર્વક કહ્યું.

"વીર મિત્રો! તમે એમ કેમ કહોછો? 'આપણને કેટલો બધો ધન્યવાદ આપ્યો હોત?' એમ કેમ નથી કહેતા? આ પ્રસંગે જેટલો પરા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રમ મેં કર્યો છે, તેથી વધારે પરાક્રમ તમારો છે. ગમે તેમ હો, પણ મિત્રો! આ નિધિ-આ દ્રવ્ય આપણે હાલ તો જેમનું તેમ સંતાડી રાખીશું અને ગુરુજી આવશે એટલે એ ગુરુદક્ષિણા તેમનાં ચરણમાં અર્પણ કરીશું. કેમ એ વિચારમાં તમે મને મળતા છો ને?" ચંદ્રગુપ્તે પોતાની નિરભિમાનતાનું દર્શન કરાવ્યું.

"મળતા એટલે? ચન્દ્રગુપ્ત! આજે તું આવો પ્રશ્ન તે કેમ કરે છે? આ બધી ગુરુ દક્ષિણા જ છે, આપણો એમાં અધિકાર નથી." સર્વ શિષ્યોએ તત્કાળ અનુમોદન આપતાં પોકાર કરીને કહ્યું.

**પરાક્રમ, નિધિ** અને **દ્રવ્ય** એ શબ્દો સાંભળતાં જ **ચાણક્ય** એકાએક આશ્ચર્યચકિત થઈ ગયો. "એ બાળકોએ પરાક્રમ કરીને ક્યાંકથી નિધિ મેળવ્યો છે કે શું? જો એમ જ હોય, તો મારે એ બધાને ખરેખર ધન્યવાદ આપવો જ જોઇએ." એવો મનમાં નિશ્ચય કરીને **ચાણક્ય** આગળ વધ્યો. "જે વેળાએ દ્રવ્યની આટલી બધી આવશ્યકતા છે, તેવા સમયમાં જો આ બાળવીરોએ કોઈ પણ પરાક્રમથી કોઈ શત્રુને જિતીને જો ધન સંપાદન કર્યું હોય, તો અર્ધ કાર્ય તો પાર પડ્યું જ સમજવું!" તે શિષ્યો પાસે આવી પહોંચ્યો, અને આવતાં જ "વત્સો! ચિરાયુ થાઓ. તમારી આ મારા પ્રત્યેની પ્રીતિને જોઇને હું ઘણો જ સંતુષ્ટ થયો છું-એ આનંદનું મારાથી વર્ણન કરી નથી શકાતું," તેણે એવો આશીર્વાદ આપ્યો. એટલામાં તે બાળકોના મધ્ય ભાગમાં પડેલો સોનાના સિક્કાનો મોટો ઢગલો તેના જોવામાં આવ્યો. તેનાં નેત્રો એકદમ અંજાઈ ગયા જેવું તેના મનમાં થઈ ગયું. ગુરુજીના સંબંધમાં જ વાતચિત ચાલતી હતી, એટલામાં ગુરુજી પોતે જ આવી પહોંચ્યા, એ જોઇને સર્વ શિષ્યોને આશ્ચર્ય અને આનંદનો એક સમયાવચ્છેદે આઘાત થયો. એ આશ્ચર્યની કાંઇક ન્યૂનતા થતાં સર્વ શિષ્યોએ ઘણા જ ભક્તિભાવથી **ચાણક્ય**ને સાષ્ટાંગ ચરણવંદન કર્યું. એકે લાવીને આસન બિછાવ્યું અને બીજાએ ગુરુજીને તેનાપર બેસવાની વિજ્ઞપ્તિ કરી. તેના બેસવા પછી **વીર**વ્રત નામનો એક શિષ્ય તત્કાળ ચાણક્યને કહેવા લાગ્યો કે, "ગુરુમહારાજ! આજે આ **ચન્દ્રગુપ્તે** પાંચ સાતસો ગ્રીક યવનોપર હલ્લો કરીને તેમનો પરાજય કરેલો છે. કેટલાકો મરણ શરણ થયા અને કેટલાક જીવ લઇને ન્હાસી ગયા હતા. આ ચાર પાંચ યવનો અમારા હાથમાં જીવતા જાગતા આવી ગયા છે, તેમને અમે બાંધીને અહીં લઇ આવ્યા છીએ. કોઇના રાજ્યમાં પ્રવેશ કરી ત્યાંની ગરીબ પ્રજાને લૂટી, આ લૂટનો માલ તેઓ પોતાના રાજા **સલૂક્ષસ નિકત્તર**ને મોકલતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા–તે માલ એમની પાસેથી અમે પડાવી લીધો છે. ગુરુજી! ચન્દ્રગુપ્તનાં પરાક્રમો........."

"ગુરુરાજ!" તેને બોલતો અટકાવીને ચન્દ્રગુપ્ત વચમાં જ બોલી ઊઠ્યો "મારા એકલાનું જ નામ એ વ્યર્થ આગળ ધરે છે. આ બધાઓએ આજે એકસરખું પરાક્રમનું કાર્ય કરેલું છે. ગમે તેમ હો પણ આ સઘળું ધન ગુરુદક્ષિણા તરીકે આપનાં ચરણોમાં સમર્પિત કરવાનો અને આ યવનોને આપના દાસ તરીકે અર્પવાનો અમે બધાએ નિશ્ચય કરેલો છે. અમારાં મહા ભાગ્ય કે, અમારી એ ગુરુદક્ષિણાનો સ્વીકાર કરવા માટે આપ આજે જ અહીં આવી પહોંચ્યા. હવે આનો સ્વીકાર કરો અને આશીર્વાદ આપીને અમારા શિરપર કૃપાથી કર ધરો." એ તેનું ભાષણ સંપૂર્ણ થતાં જ સર્વ શિષ્યોએ "ગુરુજીનો જયજયકાર હો! આર્ય ચાણુક્યનો જયજયકાર હો!! એવો જયજયકારનો ગગનભેદક ધ્વનિ કર્યો.

એ જય જયકારનો ધ્વનિ સાંભળતાં જ ચાણુક્યનાં ચક્ષુમાંથી પ્રેમનાં અશ્રુનું વહન થવા લાગ્યું. તે એના પ્રત્યુત્તરમાં એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકયો નહિ. વીરવ્રત અને ચન્દ્રગુપ્ત આદિ જે શિષ્યો પાસે જ ઉભા હતા, તેમને તેણે ઘણા જ પ્રેમથી પસવાર્યા અને "વત્સો! આ ધન મેળવીને આજે તમે એક એવું મોટું કાર્ય કરેલું છે, કે તેની તમારા મસ્તિષ્કમાં કલ્પના માત્ર પણ નથી." એટલો ઉદ્દગાર રુંધાતા કંઠે તેણે મુખમાંથી બહાર કાઢ્યો. વધારે તે બોલી ન શક્યો.

એ બનાવને એક બે દિવસ વીતી ગયા પછી વીરવ્રત અને ચન્દ્રગુપ્તને એકાંતમાં બોલાવીને ચાણુક્યે જે કહેવાનું હતું, તે કહી સંભાળાવ્યું. વીરવ્રતને તેણે આશ્રમની વ્યવસ્થા રાખવા માટે અને પોતા તરફથી જ કાંઇપણ આજ્ઞાપત્રો આવે, તે પ્રમાણે કરવાને આશ્રમમાં જ રાખવામાં આવ્યો અને રાજપુત્રને યોગ્ય થાય, એવો સર્વ પરિવાર લઇને તથા ચન્દ્રગુપ્તને રાજકુમારનો વેશ ધારણ કરાવીને, ચાણુક્ય તેને લઈ પાટલિપુત્રમાં પાછો આવ્યો. યવનો પાસેથી મળેલું સઘળું ધન તેણે પોતાસાથે જ રાખ્યું હતું, એ કહેવું પડે તેમ નથી; કારણ કે, વાચકો એ વિશે અનુમાન કરી શકે તેમ છે.

---



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૨ મું.

### ચાણકયની સ્વગત વિચારણા.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે એક રાજપુત્રને લઇને ચાણકય પુનઃ પાટલિપુત્રમાં આવી પહોંચ્યો. આ વેળાએ કયાં જવું અને શું કરવું, એની ચાણકયના મનમાં ચિંતા હતી નહિ. તે તો તત્કાળ મુરાદેવીના મહાલયમાં જ ચાલ્યો ગયો અને ચન્દ્રગુપ્તને તેની સમક્ષ ઊભો કરીને કહેવા લાગ્યો કે, "તારા બંધુ પ્રદ્યુમ્નદેવ અને તારી માતા માયાદેવીએ આશીર્વાદ-પૂર્વક તારા કુશલ સમાચાર પૂછાવ્યા છે અને કહેલું છે કે, તારા આમંત્રણ પ્રમાણે તારા ભત્રીજાને ચાણકય સંગે તારે ત્યાં મોકલ્યો છે, તેને ચાર દિવસ તારી ઇચ્છા અનુસાર ત્યાં રાખજે. અમારાથી આવી શકાય તેમ ન હોવાથી જો કે ઘણો જ ખેદ થાય છે; પરંતુ એ ખેદને ટાળવાનો કોઈ ઉપાય નથી. તારા ભત્રીજાને જ અમારા તુલ્ય માની લેજે. જો કે એનો અને તારો પૂર્વનો પરિચય નથી, તોપણ તારા આમંત્રણને માન આપીને એને અમે મોકલ્યો છે, માટે એની સારી સંભાળ રાખજે. જો એને અહીંનું સ્મરણ થશે નહિ, તો એ ઘણો જ આનંદમાં રહેશે. અમારું સ્મરણ એને ન થવા દેવાનો માત્ર એક જ ઉપાય છે અને તે એ કે, અમારા વિશે કદાપિ એને કાંઈપણ પૂછવું નહિ. તેણે તને આપવા માટે એક પત્ર પણ મને લખી આપ્યું છે." એમ કહીને ચાણકયે તે પત્ર મુરાદેવીના કરકમળમાં મૂકયું.

ચન્દ્રગુપ્તને જોતાં જ મુરાદેવીની મુખમુદ્રામાં એક પ્રકારનું વિચિત્ર પરિવર્તન થઈ ગયું-પરંતુ તે કાંઈપણ બોલી નહિ. ઘણીવાર સૂધી તે સ્તબ્ધ બની બેસી રહી. પછી તેણે તે પત્ર વાંચ્યું અને ચાણકયને કહ્યું કે, "આર્ય ચાણકય! આ બાળકને જોઇને મને ઘણો જ સંતોષ થાય છે. હવે હું એને મહારાજાની મુલાકાત કરાવીશ. આપ પણ મહારાજાના દર્શનમાટે પધારો."

મુરાદેવીનું એ આમંત્રણ સાંભળતાં જ ચાણકયના મનમાં ભયનો અચાનક નિવાસ થયો, પણ તેનું કોઈપણ ચિન્હ પ્રકટ ન થવા દેતાં તે હસિત મુદ્રાથી કહેવા લાગ્યો કે, "મારા જેવા એક સર્વથા નિઃસ્પૃહી બ્રાહ્મણને રાજાનું દર્શન કરીને શું કરવાનું છે? હાલ તો તું મને જવા દે. જ્યાં સૂધી ચન્દ્રગુપ્ત અહીં છે, ત્યાં સૂધી તો હું પણ પાટલિપુત્રમાં રહેવાનો જ છું. અહીં ચાર દિવસ રહીને પાંછા ફરવાનો પ્રદ્યુમ્નદેવ અને માયાદેવીએ મને ઘણો જ આગ્રહ કરેલો છે. હવે હું મારા સ્થાને જઈશ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તમારા સ્થાને? પાટલિપુત્રમાં તે વળી તમારું સ્થાન કયાં આવેલું છે? જો કોઈ સ્થાનના શોધમાટે જ આપ જતા હો, તો વ્યર્થ તેવો શ્રમ લેશો નહિ. અમારી યજ્ઞશાળામાં આપ સુખેથી રહો. આપની તપશ્ચર્યા અથવા તો અન્ય ધર્મ કર્મોમાં ત્યાં કોઈ પણ પ્રત્યવાય આવશે નહિ. આ મારો ભત્રીજો અને હું એક બીજાને સારીરીતે ઓળખીએ ત્યાં સૂધી આપ જો પાસે જ રહેશો, તો વધારે સારું થશે. અમારી યજ્ઞશાળા આપના જેવા પવિત્ર બ્રાહ્મણોની તપશ્ચર્યાથી પુનિત થાય, એવાં તે અમારાં ભાગ્ય કયાંથી? બહાર આપ કયાં રહેશો વારુ?" મુરાદેવીએ પાછો આગ્રહ કર્યો.

"મુરાદેવિ!" ચાણક્ય તત્કાળ તેને કહેવા લાગ્યો. "તારા મનમાં મારામાટે આટલા બધા સારા ભાવો છે, તે જોઇને મને ઘણો જ આનંદ થાય છે; પરંતુ મારાથી અહીં રહી શકાય તેમ નથી. પાટલિપુત્રના બહારના ભાગમાં ગંગા નદીના તીરે મેં એક નાની પર્ણકુટી બંધાવી છે– આજથી ચાર દિવસ પહેલાં જ મારા શિષ્યોએ અહીં આવીને એ સઘળી તૈયારીઓ કરી રાખેલી છે. દેવિ! હું સર્વથા નિરિચ્છ અને નિઃસ્પૃહી દીન બ્રાહ્મણ છું. મારે આ તારા રાજમંદિરનાં સુખોને શું કરવાનાં છે? પ્રદ્યુમ્નદેવે તે વારે ઘણો જ આગ્રહ કરીને વિનતિ કરી કે, તમારે કુમાર ચન્દ્રગુપ્ત સાથે જવું જ જોઇએ, તેથી અને કુમાર ચન્દ્રગુપ્તમાં પણ, એને બાલ્યાવસ્થાથી મેં જ ઉછેરીને મોટો કરેલો હોવાથી, મારો ઘણો જ સ્નેહ બંધાઈ ગયો છે અને બે દિવસ જો એને હું નથી જોતો તો મને ચેન નથી પડતું–એટલે મેં પણ તેની વિનતિનો સ્વીકાર કર્યો અને હું અહીં આવ્યો. દેવિ! કુમાર ચન્દ્રગુપ્તના ગુણોનો જેમ જેમ તને વધારે અને વધારે પરિચય થતો જશે, તેમ તેમ તું એને વધારે અને વધારે વાત્સલ્યની દૃષ્ટિથી જોતી જઇશ. વળી હું તને ગુપ્ત રીતે કહી રાખું છું કે, એની હસ્તરેખામાં ચક્રવર્ત્તી થવાનાં બધાં ચિન્હો સ્પષ્ટ છે. ભગવાન્ કૈલાસનાથ માત્ર એને ચિરાયુ કરે, એટલી જ મારી પ્રાર્થના છે. વત્સ ચન્દ્રગુપ્ત, ત્યારે હવે હું જઇશ–આ તારી ફોઈ મુરાદેવી તારી સારી સંભાળ રાખશે. હું એક બે દિવસના અન્તરે અને બની શકશે તો દરરોજ તને મળવાને આવીશ. તું કોઇ પણ જાતિની ચિંતા ફિકર કરીશ નહિ."

એમ કહીને ચાણક્ય તો ચાલતો જ થયો. મુરાદેવીના આગ્રહનો કાંઇપણ ઉપયોગ થયો નહિ. ચાણક્યે ખરેખર રાજમહાલયમાંથી જ્યા પહેલાં ગંગાતીરે એક શાંત, સ્થિર અને રમણીય સ્થાનમાં પોતામાટે એક પર્ણકુટી બંધાવાની સર્વ વ્યવસ્થા કરી રાખી હતી અને પોતાને જોઇતી સર્વ સામગ્રીઓની તૈયારી માટે તેણે સિદ્ધાર્થકને કહી રાખ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસુભૂતિ ભિક્ષુકના વિહારમાં ચાણકય અને સિદ્ધાર્થકનો સારો મેળ મળી ગયો હતો અને તેથી પહેલાં જ તેણે ચાણકયને પોતાથી બનતી સઘળી સહાયતા કરવાનું વચન આપેલું હતું. તે પ્રમાણે ચાર દિવસ પહેલાં ચાણક્યના શિષ્યો આવ્યા, તેમને પર્ણકુટી બાંધવા અને જોઇતી વસ્તુઓ લાવી આપવાના કાર્યમાં તેણે ઘણી જ સહાયતા આપી હતી.

પોતે આટલો બધો આગ્રહ કરવા છતાં પણ એ નિરિચ્છ અને નિઃસ્પૃહી બ્રાહ્મણ કશાપણ આદરાતિથ્યનો સ્વીકાર કરતો નથી, એવા વિચારથી પ્રથમ તો સુરાદેવીના મનમાં કોપનો કિંચિદ્ ભાવ થયો; પરંતુ ત્વરિત જ રાજાની પ્રેમભાગિની રાણી આટલો આગ્રહ કરે અને તેનો જે સ્વીકાર ન કરે, તે બ્રાહ્મણ ખરેખરો જ નિર્લોભ અને નિઃસ્પૃહ હોવો જોઇએ, એવો તેનો નિશ્ચય થતાં ચાણકય માટે તેના મનમાં વધારે માનની લાગણી થવા લાગી.

ચાણકય ત્યાંથી નીકળ્યો. તે સીધો ગંગાતીરે આવેલી પોતાની નવીન પર્ણકુટીમાં ગયો. ત્યાં પોતાની ઇચ્છા અનુસાર સર્વ વ્યવસ્થા થએલી જોઇને તેને ઘણો જ હર્ષ થયો. તે શાંતિથી બેસીને પોતાના સદાના સ્વભાવ પ્રમાણે અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યો. " મેં જે પ્રતિજ્ઞા કરેલી છે, તેનું હવે જેવું જોઇએ તેવું પરિણામ લાવવામાં કોઇપણ પ્રકારનો બાધ આવવાનો નથી. હવે મારા ચાતુર્યના પ્રયોગો કરીને જૂદા જૂદા પ્રસંગોથી નંદરાજાના વિધ્વંસનો આરંભ કરવો જોઇએ." એવી પોતાના મનમાં યોજના કરી. જે દિવસે ચન્દ્રગુપ્તને સુરાદેવીના સ્વાધીનમાં આપ્યો, તે જ દિવસે રાત્રે સર્વ શિષ્યો નિદ્રાવશ થએલા હોવાથી પર્ણકુટીમાં શાંતિ વ્યાપેલી હતી. એટલે ચાણકય પોતાના મન સાથે જ હવે પછી શું શું કરવું અને અત્યાર સૂધીમાં જે જે કાર્યો થએલાં છે, તેમાંથી કયું કાર્ય વિશેષ ઉપયોગી થઈ શકવાનો સંભવ છે, એ વિશે વિચાર કરતો બેઠો. "મારી પ્રતિજ્ઞા એ છે કે, નવ નંદોનો ઉચ્છેદ કરીને મારા હાથે જ મહત્તા પામેલા કોઈ પુરુષને તેના સિંહાસનનો અધિકારી બનાવવો. અત્યાર સૂધી મારા ચાતુર્યથી નહિ, કિન્તુ દૈવની ગતિથી જ મારી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાનાં અનેક સાધનો સ્વાભાવિક રીતે જ મને પ્રાપ્ત થએલાં છે. નંદરાજાએ મારું અપમાન કરવાથી ખિન્ન અને સંતપ્ત થઇને તેની સભામાં જ તેના નાશની પ્રતિજ્ઞા કરી, હું પાટલિપુત્રમાંથી બહાર નીકળ્યો કે, તરત જ મહાન્ પદને યોગ્ય અને ચક્રવર્તીનાં ચિન્હોવાળો બાળક મારા જોવામાં આવ્યો, અને તે થોડા જ પ્રયત્ને મારા તાબામાં પણ સોંપાયો. તેને ક્ષત્રિયોને જોઇએ તેવી વિદ્યા અને કળાનું શિક્ષણ પણ મેં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યું. એને ભવિષ્યમાં કામના થઈ પડે, તેટલા માટે કિરાત, વ્યાધ અને ખાસ ઇત્યાદિ લોકોના તરુણ બાળકોને અને તેમના રાજપુત્રોને પણ તેવું જ શિક્ષણ આપીને તેમના મનમાં ચન્દ્રગુપ્તવિશે પૂજ્યભાવ ઉત્પન્ન થાય, તેવો પ્રયત્ન કર્યો. એ બધું તો ઠીક થયું, પણ હવે એક પગલું આગળ ભરવું જોઇએ, એવા હેતુથી ચન્દ્રગુપ્તને આશ્રમમાં રાખીને હું અહીં પાટલિપુત્રની ચર્ચા જોવાને આવ્યો અને અહીં મને અનુકૂલ થાય એવી આંતરિક દશા મેં જોઈ. મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં જાણે પરમેશ્વર પણ સહાય થતો હોય, તે પ્રમાણે રાજાના મનમાં પ્રવેશ કરીને તેણે મુરાદેવીને બંધનમુક્ત કરાવી અને મુરાદેવીના મનમાં મત્સરનો સંચાર કરીને મારી પ્રતિજ્ઞાની સિદ્ધિમાટે મને એક ઉત્તમ સાધન મેળવી આપ્યું. એને મળીને એના મત્સર–અગ્નિને મેં વધારે જ પ્રજ્વલિત કર્યો છે અને હવે ચંદ્રગુપ્તને પણ તેના જ ઘરમાં લાવીને રાખેલો છે. જેવી રીતે કોઇ સિંહણ પોતાના નાના બચ્ચાનું ઘણી જ જાગૃતતાથી અને સાવધતાથી સંરક્ષણ કરે છે, તેવી જ રીતે મુરાદેવી હવે ચન્દ્રગુપ્તનું રક્ષણ કરશે, એમાં જરા જેટલી પણ શંકા નથી. સિંહણ કદાચિત્ પોતાના બચ્ચાને વીલું મૂકે પણ ખરી: પણ મુરાદેવી હવે ચન્દ્રગુપ્તને પળમાત્ર પણ વીલો છોડનારી નથી. તથાપિ હજી જે ધડાકો કરવાનો છે, તે તો મેં કર્યો જ નથી. મુરાદેવી ચન્દ્રગુપ્તને સંભાળીને જ બેસી રહે, એટલાથી જ કાંઈ મારા કાર્યની ઇતિકર્તવ્યતા થઈ નથી રહેતી. મારે પણ હવે મારા કાર્યમાં અધિક ચપળતા ધારણ કરવી જાઇએ. મારી સઘળી મહત્ત્વાકાંક્ષાઓનું કેન્દ્રસ્થાન તે ચન્દ્રગુપ્ત છે. એટલે જો એના જીવને કાંઈ પણ જોખમ થયું, તો મારી સઘળી આશાઓ ત્યાંની ત્યાં જ મરી જવાની. માટે એની નિર્ભયતાના મજબૂત ઉપાયો પ્રથમ કરી રાખવા જોઇએ. મંગળાચરણમાં એ કાર્ય કરવું કે, મ્લેચ્છ રાજા પર્વતેશ્વરનો જે પ્રતિનિધિ અહીં રહે છે, તેની મુલાકાત લઇને તેને એમ કહેવું કે, જો પર્વતેશ્વર આ વેળાએ મસ્તક ઊંચું કરે, તો હાલમાં પ્રસંગ ઘણો જ સારો અને અનુકૂલ છે. અને વધારામાં તેને કિરાતરાજા અને પોતાના ભિલ્લ ઇત્યાદિ સૈન્યની તેને સહાયતા અપાવવાનું પણ જણાવી દેવું. મૃત્યુંજય કાંઈ ઓછો ચતુર નથી. આ પ્રસંગ નંદરાજાના વિધ્વંસ માટે ઘણો જ ઉત્તમ છે, એ તો તે કયારનોએ જાણી ચૂક્યો હશે, અને તેવામાં મારા તરફથી આવી સહાયતા મળવાની અને હું રાજાના ગૃહમાં કેવું ભંગાણ પાડી શકું છું, એની ખાત્રી મળી એટલે લોભથી તે પાણી પાણી થઈ જશે, અને નંદરાજાએ આજસુધીમાં તેના ઉપર જે બળાત્કાર કરેલો છે, એ વૈરનો બદલો લેવાની તત્કાળ તેના મનમાં ઇચ્છા થશે. એકવાર તેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી ઇચ્છા થઈ, એટલે પર્વતેશ્વરને જોઈએ તેટલી સહાયતા આપીને તેના હસ્તે હું નંદરાજાનું મારી ઇચ્છા પ્રમાણે નિકંદન કઢાવીશ. પરંતુ એવી રીતે નંદરાજાનો પરાજય કરીને પર્વતેશ્વરે મગધમાં પ્રવેશ કર્યો, એટલે સિંહાસનપર તે પોતાનો અધિકાર બતાવવાનો, અને તે જો સિંહાસનારૂઢ થયો, તો પાછો તેને પદભ્રષ્ટ કરતાં ઘણો જ શ્રમ પડવાનો, કિંબહુના, એ કાર્ય અશક્ય જ થઈ પડવાનું. જો એમ થાય તો શું કરવું? જોઈ લઈશું. પ્રથમ તો નંદરાજાની હયાતીમાં જ નિશ્ચયપ્રમાણે સુમાલ્યનો વધ કરાવવો, અને એ વધ થયો, એટલે પર્વતેશ્વર મગધદેશપર આક્રમણ કરીને જેટલા નંદ હશે, તે સર્વનો ઘાત કરશે. નંદનો નાશ થતાં જ ચન્દ્રગુપ્તનો ભેદ ખુલ્લો કરી નાંખવો–એટલે નંદના પ્રથમ પુત્ર અને નંદના વંશમાંથી એ એક જ બચેલા રાજકુમાર તરીકે લોકોનો એનામાં પૂજ્ય ભાવ થાય અને લોકો પર્વતેશ્વરથી અતિકૂલ થઈ જાય, એવા ઉપાયો યોજવા. જો એમ ન બની શકે, તો વિશ્વાસઘાતથી પર્વતેશ્વરનો ઘાત પણ કરવો. પર્વતેશ્વરનો પુત્ર મલયકેતુ હજી નાનો છે, એટલે લોકો તેના પક્ષમાં બહુધા જશે નહિ. તેને બને તો પટાવી ફોસલાવી લેવો અથવા તો તેને ત્યાંથી કાઢી મૂકીને ત્યાં પણ ચન્દ્રગુપ્તના નામની દોહાઈ ફેરવી દેવી. તેના પિતાનો–પર્વતેશ્વરનો ઘાત, જો અગત્ય હોય, તો આપણે કરવો, અને તેનો દોષ ચતુરતાથી નંદરાજાના પક્ષપાતી રાક્ષસ આદિને શિરે ઢોળી દેવો. જો કે એકંદર રીતે આ કાર્ય ઘણું જ વિકટ છે, વ્યૂહ ઘણી જ કુશળતાથી રચવો જોઈએ–પરંતુ બધી વાતોની અત્યારથી જ ગોઠવણ કરી રાખવાથી કાંઇ પણ લાભ થવાનો નથી. હાલ તો માત્ર ત્રણ બાબતો જ હાથમાં લેવાની છે. એક તો સુમાલ્યનો વધ, ભાગુરાયણ સેનાપતિનો સ્નેહ મેળવવો, અને પર્વતેશ્વરના પ્રતિનિધિ મૃત્યુંજયને મળીને તેની પરીક્ષા કરવી. સુમાલ્યના મરણનું કાર્ય જે રીતે સાધવાનો સંકલ્પ કરેલો છે, તે યુક્તિ જો પાર પડી, તો તેના વધની કોઇને પણ જાણ થશે નહિ. પરંતુ કદાચિત પ્રથમના પ્રયત્ને એ કાર્ય સિદ્ધ ન થયું, તો બીજીવારના પ્રયત્નમાં તો અવશ્ય સિદ્ધિ મળવાની જ. હાલમાં જો પોતાના પ્રતિપક્ષીઓ માટે રાજાના મનમાં શંકા પણ ઉપજશે, તો એ પણ એક મહાન્ કાર્ય થએલું સમજવાનું છે. ભાગુરાયણ સાથે સ્નેહસંબંધ સાંધવામાં વધારે મહેનત પડવાની નથી. મારા શોધ પછી મને એમ જ જણાયું છે કે, સેનાપતિ ભાગુરાયણનું મન રાજા પ્રતિ સર્વથા શુદ્ધ તો નથી જ. વૃષલ-કન્યાને ક્ષત્રિયકન્યાના રૂપમાં રાજાને અર્પણ કરવા માટે, અને તે વૃષલીના ઉદરથી અવતરેલા પુત્રને નંદના પવિત્ર સિંહાસને બેસાડવાનો પ્રયત્ન કરવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટેનો બીજા મંત્રીઓએ એના શિરે આરોપ મૂકયો હતો અને એનાપર રાજાની અપ્રીતિ થાય, એવો વ્યૂહ રચ્યો હતો. માટે જો પોતાના પ્રતિપક્ષીઓનો પરાભવ થતો હોય, તો તે કાર્ય એને તો ઇષ્ટ જ થવાનું. જો એ બીજી સરળ યુક્તિઓથી આપણા પક્ષમાં આવ્યો, તો તો ઠીક જ છે. નહિ તો પછી તેને ચન્દ્રગુપ્તનો સત્ય વૃત્તાંત જણાવીને આપણા પક્ષમાં લેવાનો તો ખરો જ. પણ એ ઉપાય તો અંતે જ કરવાનો–બીજા ઉપાયોથી કાર્ય થઈ શકતું હોય, તો એ ઉપાયને યોજવાની કાંઈ પણ આવશ્યકતા નથી. ભાગુરાયણ જો આપણા પક્ષમાં આવ્યો, તો નવ્વાણું ટકા કામ થયું જ જાણવું. કારણ કે, સઘળું સૈન્ય એની આજ્ઞામાં છે અને તે પોતે સેનાપતિ છે. તે અને બીજા કેટલાક લોકો અનુકૂલ થયા, એટલે રાક્ષસ જેવો અમાત્ય આપણા પક્ષમાં ન આવે, તો કાંઇ અડચણ જેવું નથી. રાક્ષસ આપણને અનુકૂલ થાય એવી આશા પણ નથી. તે નંદનો સર્વથી વધારે વિશ્વાસપાત્ર અધિકારી છે અને તેથી સર્વથા નંદનું નિકંદન ન નીકળે, ત્યાં સુધી કોઈ કાળે પણ અન્યપક્ષમાં મળવાનો નથી. અને નંદનો નાશ થયો એટલે મારી પ્રતિજ્ઞા પ્રમાણે આ પૃથ્વી નિર્નન્દ થઈ! નંદનું કિંવા નંદવંશનું એક બચ્ચું પણ આ પૃથ્વી તલપર રહેશે નહિ, એટલે તેમના નાશનું વૈર વાળવા માટે તે પોતાના સઘળા સામર્થ્ય, ચાતુર્ય અને અધિકારનો ઉપયોગ કરશે–પ્રજામાંના જેટલા મનુષ્યોને કરી શકાશે તેટલાને અમારાથી વિરુદ્ધ કરશે. જો લાગ મળે, તો બીજા કોઈ રાજાની મિત્રતા કરીને તેની સહાયતાથી અમારા નાશનો ઉદ્યોગ પણ કરશે. પરંતુ હું તેને સારી રીતે પૂરો પડીશ. જે જે યુક્તિઓ તે અમારા પરાજય માટે યોજશે, તે સઘળી હું તોડી પાડીશ. અને છેવટે જો બની શકયું તો તેને પણ પોતાના પક્ષમાં લઇને ચન્દ્રગુપ્તનો પ્રધાન બનાવીશ. હું તે કોણ? એક દીન બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ! મને રાજ્યની, ધનની, અધિકારની કે બીજા કોઈ પદાર્થની કાંઇપણ લાલસા નથી. લાલસા માત્ર એટલી જ કે, લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરીને મારા આશ્રયમાં લીધેલા એ બાળકને મગધદેશના સામ્રાજ્યનો ચક્રવર્તી મહારાજા બનાવવો. એને આ પુષ્પપુરીના સિંહાસને બેસાડવામાં કોઈ પણ પ્રકારનો અન્યાય થવાનો નથી, ઉલટો એક પ્રકારનો ન્યાય જ થશે. વસ્તુતઃ જોતાં એ જ બાળકનો બીજા બધા કરતાં આ સિંહાસનપર વધારે અધિકાર છે. જે યૌવરાજ્યાભિષેક સુમાલ્યનો થયો, તે આનો થવો જોઇતો હતો, પરંતુ તે ન થયો. એને જગતમાંથી નષ્ટ કરી નાંખવાની ધારણાથી આજે જે જનો આનંદમાં મ્હાલી રહ્યા છે, તેમની આંખોમાં આંજણ આંજવું જ જોઇએ. એમાં અન્યાય શો થવાનો હતો? જાણી જોઇને કરેલા તેમના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અપરાધ માટે જો તેમને કઠિન શિક્ષા આપવામાં આવે, તો તેમાં અન્યાય કર્યો, એમ કેમ કહેવાય? તેમ જ મારાજેવો એક સર્વથા પવિત્ર, વિદ્વાન્ અને ચતુર તેમ જ રાજાનો હિતૈષી બ્રાહ્મણ દ્વારપર આવીને આશીર્વાદ આપે, તેને પ્રથમ આશ્રય આપવાનું વચન આપીને પછી પોતાના ખુશામદીયા અને ભૂખે મરતા નીચ પંડિતોની વાતો સાંભળીને અપમાનપૂર્વક કાઢી મૂકે એવા નાલાયક રાજાને જો તે કર્મનિષ્ઠ, તપોનિષ્ઠ અને બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ શાપથી કે શર (બાણ) થી નષ્ટ કરવાને ઉદ્યક્ત થાય, તો તેમાં અન્યાય શો છે?"

એવા નાના પ્રકારના વિચારો આર્ય ચાણક્યના મનમાં સમુદ્રલહરી પ્રમાણે ઊંચા ઊપડતા હતા અને પાછા નીચે પડતા હતા. જ્યારે એક છેવટનો વિચાર–પોતાવિશેનો વિચાર તેના મનમાં આવ્યો, ત્યારે તેની ચિત્તવૃત્તિ અને મુખચર્યા ઉભય અત્યંત ક્ષુબ્ધ મહાસાગર પ્રમાણે દેખાવા લાગી. જે દિવસે રાજસભામાં તેનું અપમાન થએલું હતું, તે દિવસનો વિલક્ષણ આદર્શ તેનાં નેત્રો સમક્ષ પ્રત્યક્ષ દેખાવ આપીને ઊભો રહ્યો. જાણે તે પોતે ઉદ્ધતતાથી રાજાની સભામાં પ્રવેશ કરીને રાજાને આશીર્વાદ આપતો ઊભો છે, અને તેની તે ઉદ્ધત મૂર્ત્તિને જોઇને ચકિત, ક્રુદ્ધ અને ઉદ્વિગ્ન થએલા સર્વ પંડિતો તેની તરફ આંખો કાઢી કાઢીને જોયા કરે છે–રાજાએ તેનો સત્કાર કરતાં જ તેમના કોપરૂપી અગ્નિની જ્વાળા આકાશ પર્યન્ત પહોંચી ગએલી છે. એટલું જ નહિ પણ તે કોપે મત્સરનું સ્વરૂપ ધારણ કરેલું છે. એથી તેને ઘણો જ આનંદ થએલો છે અને રાજાની ગુણગ્રાહકતાની તે પ્રશંસા કરવાની ઇચ્છા કરે છે, એટલામાં સભામાંનો એક પંડિત ઉભો થાય છે અને પોતાની ચર્પટપંજરીનો આરંભ કરે છે. એ સાંભળીને તેના મનમાં પણ કોપનો અગ્નિ સળગી ઊઠે છે–એટલામાં તે સભા પંડિતના બોલવાને માન આપી રાજા તેનું અપમાન કરે છે, એથી તેના કોપની સીમા જ રહેતી નથી અને તેથી તેના મુખમાંથી શાપના શબ્દો જ નહિ, કિન્તુ કોપાગ્નિની જ્વાળા જ બહાર નીકળવા માંડે છે. તે ઘણા જ ઉદ્વિગ્ન મનથી રાજસભામાંથી જવા માંડે છે અને જતાં જતાં પોતાની ઘોર પ્રતિજ્ઞાનો ઉચ્ચાર કરતો જ જાય છે. એવો એ વિલક્ષણ આદર્શ અને પોતાની તે સમયની ભયંકર મૂર્ત્તિ તેની દૃષ્ટિસમક્ષ સ્વરૂપ ધારીને ઉભાં રહ્યાં અને તે પોતે આ વેળાએ ક્યાં છે, શું કરે છે ઇત્યાદિનું ભાન ન રહેતાં તે કોપાવિષ્ટ બ્રાહ્મણ ઊઠીને એકદમ ઉભો થયો અને ઘણા જ વેગથી ચાલતો મુખમાંથી "અરે મૂર્ખ ધનાનન્દ! તેં મારું અપમાન કર્યું છે, કેમ! તેં મારું અપમાન કર્યું તે એક દીર્ઘદ્વેષી કાલસર્પના ફણા ઉપર જાણી જોઇને જ

પગ દબાવ્યો છે, એમજ સમજજે! તે કાલસર્પ હવે તને તો શું, પણ તારા સઘળા કુળને અને સઘળા પરિવારને દંશીને સર્વનો સંપૂર્ણ રીતે નાશ કરશે, ત્યારે જ જંપીને બેસશે! આ વિષ્ણુશર્મા નથી પણ ચાણુક્ય છે! પરંતુ આ વિષ્ણુશર્મા નામ હવે અત્યારે મુખમાં શામાટે આવે છે? મને થએલા અપમાનનું જ્યારે આ ધનાનન્દના શોણિતથી પરિમાર્જન થશે, ત્યારે જ આ દેહ પુનઃ તે નામનો સ્વીકાર કરશે! તેથી પહેલાં એ નામનો ઉલ્લેખ થવાનો નથી!" એવા અને એ જ અર્થના બીજા અનેક ઉદ્ગારો મોટે સાદે તેના મુખમાંથી બહાર પડ્યા. એ વેળાનો પોતાનો જ ધ્વનિ સાંભળીને અને પોતે ઉતાવળો ચાલતો હતો, એટલે પોતાનાં જ ભારી પગલાંનો અવાજ સાંભળીને તે પોતે જ અચકાઈ ગયો અને કાંઇક શુદ્ધિમાં આવ્યો. હવે તેના મનમાં બીજી જ ચિન્તા થવા માંડી, "હું જે કાંઈ બબડ્યો તે મારા શિષ્યોમાંથી કોઇએ સાંભળ્યું તો નહિ હોય! જો સાંભળ્યું હશે, તો તેઓ શું કહેશે? તેઓ એમ જ કહેવાના કે, આપણા ગુરુજીનું માથું ફરી ગયું છે અને તેઓ ગાંડા થઈ ગયા છે; અથવા તો પોતાના મનની કોઈ ઇચ્છા પૂરી ન થવાથી એમને સંતાપવાયુ તો નહિ થયો હોય, એમ તેઓ ધારશે. ત્યારે હવે સ્વસ્થ પડી રહીને મારે અત્યારે તો નિદ્રા લેવી જોઇએ." એવો ચાણક્યે વિચાર કર્યો. પરંતુ મનમાં આટલો બધો ક્ષોભ થએલો હોય, એટલે નિદ્રા તે કયાંથી આવે? અરુણોદય થતાં સુધી પણ નિદ્રાદેવીએ તેનાપર કૃપા કરી નહિ. એથી તેનાં નેત્રો એવાં તો લાલ થઈ ગયાં કે, જાણે પ્રાતઃકાલીન સૂર્યે પોતાના રક્તવર્ણ તેજનો એનાં નેત્રોમાં જ પ્રતિબિંબ રૂપે નિવાસ કરાવ્યો હોયની! એવો ભાસ થવા લાગ્યો. એમાં ભેદ માત્ર એટલો જ હતો કે, પ્રાતઃકાલીન પ્રભાકર સૌમ્ય હોય છે અને ચાણક્યનાં નેત્રો રૌદ્ર હતાં.

## પ્રકરણ ૧૩ મું.

## સુવર્ણ કરંડમાંનો અપૂપ.

ચન્દ્રગુપ્ત જ્યારથી સુરાદેવીના મહાલયમાં વસવા લાગ્યો, ત્યારથી સુરાદેવીના અંતઃકરણની સ્થિતિ કાંઇક ચમત્કારિક થઈ ગઈ હતી; તેનું પ્રથમ દર્શન કર્યું ત્યારથી જ તેનું ચિત્ત કાંઇક આનંદિત અને કાંઇક ખિન્ન થઈ ગયું હતું. પોતાના બંધુનો પુત્ર આવો મદનસુંદર, શૂર અને ગુણી નીકળ્યો છે, એ જોઇને તેને ઘણો જ આનંદ થયો અને આજે જો મારો પુત્ર જીવતો હોત, તો તે પણ આવડો જ અને એના જેવો જ સુંદર, શૂર-

વીર અને સદ્‌ગુણી થયો હોત, એ વિચાર મનમાં આવતાં તે ખિન્ન થઇ જતી હતી. તેણે ચન્દ્રગુપ્તને રાજાના દર્શનનો લાભ અપાવ્યો, તે વેળાએ રાજાને તેણે આ પ્રમાણે કહ્યું હતું, "મહારાજ! આ મારા બંધુનો પુત્ર છે–પ્રદ્યુમ્નદેવનો પુત્ર થોડા દિવસ મારે ત્યાં રહેવાને આવેલો છે. મારા આગ્રહથી મારાં માતા અને બંધુએ એને અહીં મોકલ્યો છે. જો આપની અનુમતિ હોય, તો એને અહીં રાખીએ." એ વાકયો ઉચ્ચારતી વેળાએ તેનો કંઠ રુંધાઈ જવાથી તેનાં નેત્રોમાંથી અશ્રુની ધારાનું ખલખલ વહન થવા લાગ્યું. એટલે રાજાએ તેને "તું રડે છે શામાટે?" એવો પ્રશ્ન કર્યો. એથી તો તેનો શોક બમણો થયો અને તે મોટેથી ડુસકાં ભરી ભરીને રોદન કરવા લાગી. ધનાનન્દે તેના રોદનનું કારણ જણાવવાનો ઘણો જ આગ્રહ કર્યો, પરંતુ તેણે કાંઇ પણ જણાવ્યું નહિ. છેવટે રાજાએ તેને પોતાની ગોદમાં લઈ છાની રાખવાનો પ્રયત્ન કરીને ઘણી જ નમ્રતાથી પૂછયું ત્યારે રડતાં રડતાં રાણીએ જવાબ આપ્યો કે, 'આર્યપુત્ર! હું શું કહું? જે વાર્ત્તાને ભૂલી જવાની અને પુનઃ તેનું સ્મરણ ન કરવાની આપની આજ્ઞા થએલી છે, તે વાર્ત્તાનું હવે મારાથી આપના સમક્ષ સ્મરણ કેવી રીતે કરી શકાય? પણ આર્યપુત્ર, આપની આજ્ઞા ન હોવાથી તેનું ઉચ્ચારણ આપ સમક્ષ ન કરવું, એ મારા વશની વાત છે, પરંતુ મારા અંતઃકરણમાં પણ તેનું સ્મરણ ન થવા દેવું, એ મારા વશની વાત નથી. પુત્રનું સ્મરણ માતાને ન થાય, તો બીજા કોને થાય! ચન્દ્રગુપ્તને જોયા પછી મારો પુત્ર પણ આજે આવડો જ હોત.........." પરંતુ વધારે તેનાથી બોલી શકાયું નહિ. તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ તો હવે એટલી બધી પ્રબળતાથી વહેવા માંડ્યો કે, તેથી રાજાનાસ્કંધ પ્રદેશ અને વક્ષઃભાગનાં વસ્ત્રો પણ ભીંજાઈ ગયાં. તેના મનનું સમાધાન કરતાં કરતાં રાજા અંતે કંટાળી ગયો. અંતે તે કાંઇક હસતો હસતો કહેવા લાગ્યો કે, "પ્રિયે મુરે! ચન્દ્રગુપ્ત જો અહીં જ રહે અને તેને જોઇ જોઈને તને આવી રીતે શોક થયા કરે, તો હું તેને અહીં રાખવાની અનુમતિ આપવાનો નથી. તેને જોઇને જો તને વીતેલી વાતોનું વિસ્મરણ થતું હોય અને તું સમાધાનમાં રહેતી હોય, તો જ હું તેને અહીં રાખવાની અનુમતિ આપીશ. જો એમ ન થાય તો એક બે દિવસમાં તેને પાછો પોતાના દેશમાં વિદાય કરી દે. તને અત્યાર પછી જરા જેટલું પણ દુઃખ ન આપવાનો મેં દૃઢ નિશ્ચય કરેલો છે અને તું ગતકાલની બીનાઓને સ્મરીને આમ શોક કરતી બેસે, એ મારાથી કેમ સહન કરી શકાય વારુ?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ના ના આર્યપુત્ર!" મુરાદેવી ઝટદઇને રાજાના સ્કંધ પરથી પોતાનું માથું ઊંચું કરી અને આંખો લૂછીને કહેવા લાગી, "હું મારા શોકનો ત્યાગ કરૂંછું. ચન્દ્રગુપ્તને જોતાં જ મને આજે પહેલી જ વાર દુઃખનો ઉમળકો આવી ગયો છે, પરંતુ હવે હું શોક કરવાની નથી. જ્યારે મારા બંધુએ એને અહીં મોકલ્યો છે, ત્યારે સારા સત્કારથી એને ચાર દિવસ અહીં રાખવો જ જોઇએ."

"ચાર દિવસ? ધનાનન્દે તેના શોકને ઘટાડવાના હેતુથી કહ્યું "ચાર દિવસ શા માટે? તને ગમે તેટલા દિવસ તેને અહીં રાખને. ચાર દિવસ એટલે શું? જો તારી ઇચ્છા હોય, તો એને મારા રાજ્યમાં કોઈ સારો અધિકાર પણ આપવાને હું તૈયાર છું. એટલે એથી મારા સુમાલ્ય સાથે એ પણ રાજકાર્યમાં કાંઇક કુશળતા શીખશે. કેમ ચન્દ્રગુપ્ત! શીખીશ કે નહિ?"

એ સાંભળીને ચન્દ્રગુપ્તે કિંચિદ્ લજ્જાનો ભાવ કર્યો અને અત્યંત નમ્રતાથી કહેવા લાગ્યો કે, "મહારાજાનો અનુગ્રહ થાય અને પોતાને ધન્ય માનીને તેનો સ્વીકાર ન કરે, એવો દુર્ભાગી નર તે આ આર્યાવર્ત્તમાં કોણ હશે?" તેનું એ ઉત્તર સાંભળીને અને એ ઉત્તર આપતી વેળાએ તેના શરીરના થએલા શૌર્યના ભાવને અવલોકીને રાજા ધનાનન્દ આશ્ચર્યચકિત થઈ ગયો અને તેને તેણે તત્કાળ કહ્યું કે, "શાબાશ! તું મોટો વાક્ચતુર હોય એમ પણ દેખાય છે. મારા પુત્રના મિત્ર અને સાથી તરીકેની તારી યોગ્યતા ઘણી જ સારી છે. જરા ધૈર્ય ધર-હું તનેયુવરાજ પાસે જલ્દી જ મોકલીશ."

"નહિ-નહિ આર્યપુત્ર!" મુરાદેવી વચમાં જ બોલી ઉઠી." હજી તે એ આજે જ આવેલો છે માટે આજે જ નહિ મોકલો તો ચાલશે. નિત્ય પ્રમાણે સુમાલ્યરાજ આવતી કાલે આપના પાદવંદન માટે આવશે ત્યારે તેમનો અને એનો રુબરુમાં જ મેળાપ કરાવી આપજો, એટલે થયું."

મુરાદેવીનું એ ભાષણ ચાલતું હતું, તે સમયે રાજાનાં નેત્રો એક સરખાં ચન્દ્રગુપ્તમાં જ લાગી રહ્યાં હતાં. તેના સુંદર મુખમંડળને ધ્યાનપૂર્વક જોતાં તેના મનમાં એકાએક વિચાર આવ્યો અને તે મુરાદેવીને કહેવા લાગ્યો કે, "દેવિ! હું કયારનો આ બાળકની મુખમુદ્રાને ધ્યાનપૂર્વક જોયા કરૂંછું અને મારા મનમાં એના વિશે વિચિત્ર વાત્સલ્યભાવનો ઉદ્ભવ થયો છે. પ્રથમ વારના દર્શનથી જ આવું આકર્ષણ કેમ થયું? એનું કારણ હું શોધવા લાગ્યો, એટલે તે તુરત જ અને પાસે પડેલું જ જોવામાં આવ્યું,"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"તે શું વારુ?" મુરાદેવીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"તારી અને એની મુખમુદ્રાનું વિચિત્ર અને વિલક્ષણ સામ્ય! તું જ જો, એના મુખપરની પ્રત્યેક રેષા અને એકંદર આકૃતિ આબેહૂબ તારા જ મુખકમળ પ્રમાણે છે! ચન્દ્રગુપ્ત! નીચ, હજી તો તને અહીં આવ્યાને ચાર ઘટિકા જેટલો પણ સમય નથી થયો, ત્યાં તું આવી આવી ચોરીઓ કરવા લાગ્યો કે? તારાં આવાં આચરણથી તો તને અહીં ક્ષણમાત્ર પણ રહેવાની અનુમતિ મળી શકે તેમ નથી." મહારાજ કાંઇપણ વિનોદ કરે છે, એ જો કે મુરાદેવી નિશ્ચયપૂર્વક જાણી ગઈ હતી, તોપણ જાણે કાંઇપણ સમજી ન હોયની! એમ દેખાડવા માટે ઘણા જ ગભરાટનો ભાવ કરીને તે ચન્દ્રગુપ્તને કહેવા લાગી કે, "ભાઈ ચન્દ્રગુપ્ત! તેં શું કર્યું? કોની અને શી ચોરી કરી?" એમ કહીને તત્કાલ તેવી જ દયામણી મુદ્રાથી તેણે રાજાને વિનતિ કરી કે, "મહારાજ! એણે કોની અને શી વસ્તુની ચોરી કરી છે? મને તો તેવું કાંઈ પણ દેખાતું નથી. અને............."

ધનાનન્દે ચન્દ્રગુપ્તને મૌન્ય ધારવાનો નેત્ર સંકેત કર્યો અને મુરાદેવી પ્રતિ તેવો જ ગંભીર ભાવ દેખાડીને તે કહેવા લાગ્યો કે, "દેખાતું કેમ નથી? જેનો હું સ્વામી છું, એવી એક અમૂલ્ય વસ્તુની એણે ચોરી કરેલી છે! પરંતુ ચોરી કરી તો કરી; પણ તે વસ્તુને જેવી ને તેવી જ દશામાં કાંઈ પણ હાનિ પહોંચાડ્યા વિના એ મારા સમક્ષ લઈ આવ્યો છે. એટલી બધી એણે હિંમત કરી છે; માટે એ અપરાધનો દંડ તો એને મળવો જ જોઇએ. તારો ભત્રીજો જાણીને એને જવા દેવો, એ ન્યાયથી વિરુદ્ધ છે. ન્યાયનું અપમાન મારાથી કરી શકાય તેમ નથી. વાહવાહરે ચન્દ્રગુપ્ત! તું તો ઘણો જ અશરાફ નીકળ્યો!"

આટલીવાર રાજાનું બોલવું મુરાદેવીને વિનોદ સમાન જણાતું હતું, પણ હવે તો તે વિનોદ જ છે, એવી તેની દૃઢ ખાત્રી થઈ. પરંતુ જેટલી ખાત્રી થઈ, તેટલો જ ગભરાટનો વિશેષ ભાવ દેખાડીને વળી પણ આવરી આવરી બની હાથ જોડીને તે રાજાને વિનવતી કહેવા લાગી, "મહારાજ! ક્ષમા કરો! એને અહીં આવ્યાને હજી તો ચાર ઘટિકા પણ નથી થઈ, એટલામાં એને શિક્ષા આપવા જેટલી ક્રૂરતા દેખાડશો નહિ. એણે જે અપરાધ કર્યાં હોય, તેની ક્ષમા કરો! એણે જે કાંઇ પણ ચોર્યું હશે, તે અત્યારે જ હું આપના ચરણમાં મૂકાવીશ. અને એને એ જેવો આવ્યો છે તેવો જ સત્વર પાછો મારા બંધુપાસે મોકલી આપીશ. પિયરિયાંમાં મારી નિન્દા થાય, એવું સાહસ કૃપા કરીને કરશો નહિ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ના–ના–" રાજા વધારે અને વધારે નિષ્ઠુરતાનો ભાવ દેખાડીને બોલ્યો, "આનો અપરાધ ક્ષમા કરવા જેવો નથી. બીજા કોઇની વસ્તુ એણે ચોરી હોત, તો મેં ક્ષમા પણ કરી હોત. પણ આ તો મારી જ વસ્તુ ચોરીને વળી જાણે શાહુકાર હોય તેમ મારી સામો જ આવીને ઊભો રહ્યો છે, એટલો બધો એ અવિવેકી અને ઉદ્ધત છે. માટે એને દંડ મળવો જ જોઇએ. મારી એને લગારે ભીતિ થઈ નહિ? ચન્દ્રગુપ્ત! બોલ–આના બચાવમાં તારે શું કહેવાનું છે?"

રાજાએ ચન્દ્રગુપ્તને જે સ્વરથી બોલાવ્યો, તે સ્વર ઘણો જ કર્કશ અને કઠોર હતો. એ સાંભળીને ચન્દ્રગુપ્ત પણ ગભરાઈ ગયો. રાજાએ ભવાં ઊંચાં ચઢાવ્યાં અને તેનાં નેત્રો પણ કોપ અને આશ્ચર્યથી વિસ્ફારિત થઇ ગયાં. મુરાદેવીએ ઘણા જ ગભરાટના ભાવથી "નહિ–નહિ–" એવો ઘણા જ દયામણા સ્વરથી પોકાર કર્યો. એ બન્નેની આવી દશા જોઇને રાજાને ઘણું જ હસવું આવ્યું અને તે તત્કાળ મુરાદેવીને શાંત પાડવાના હેતુથી બોલ્યો, "અરે ગાંડી! એક દર્પણ લઈ આવીને જો તો ખરી. તું તારું મુખ જો અને આ તારા ભત્રીજાનું મુખ પણ જો. એટલે મારા કહેવા પ્રમાણે મારી વસ્તુની ચોરી કરીને તે પોતાના મુખ પ્રદેશમાં ધારણ કરીને આવ્યો છે કે નહિ, એ તું જાણી શકીશ. તારા આ અલૌકિક સૌન્દર્યની એણે ચોરી કરી છે કે નહિ, તે તું જ તપાસી જો. તારા સૌન્દર્યનો સ્વામી કોણ વારુ? હું. ત્યારે એણે મારી વસ્તુ ચોરી કે નહિ? કેમ હવે એ ચોરીની સાબિતી માટે બીજા કોઈ પૂરાવાની જરૂર છે ખરી કે? કેમ રે ચોર! તું પોતાનો અપરાધ કબૂલે છે કે નહિ? તેં તારી ફોઇનું સૌન્દર્ય ચોર્યું છે કે નહિ?" એ સાંભળતાં જ મુરાદેવી એકદમ ખડખડ હસી પડી, ને જાણે એક મોટી વિપત્તિનું વાદળ ટળી ગયું હોય, તેવી રીતે છૂટકારાનો એક શ્વાસ લઇને કહેવા લાગી કે;—

"અરે બાઈ! હું કેટલી બધી ગભરાઈ ગઈ! મને તો ખરું જ ભાસ્યું કે, ચન્દ્રથી કાંઇપણ અપરાધ થઇ ગયો છે–છતાં પણ મારો ભત્રીજો એવું કામ કોઈ દિવસે પણ કરે નહિ, એવો મારો દૃઢ નિશ્ચય હતો. તથાપિ જ્યારે આપ ઘણી જ ગંભીરતાથી બોલવા લાગ્યા, ત્યારે તો ભયથી મારું શરીર થરથર કંપવા લાગ્યું. મને તો એમ જ થવા માંડ્યું કે, ભત્રીજાને આ:વ–બેસ એટલો પણ આવકાર આપ્યો નથી, એટલામાં આ વળી વિપત્તિ તે પરમેશ્વરે ક્યાંથી મોકલી?"

"પણ જો–હું કહું છું તેમ છે ખરું કે નહિ? મુરે! આ પુરુષ છે, તેથી કાંઈક ફરક તો હોય જ–પણ તું જ્યારે એના વયની હતી અને પ્રથમ જ અહીં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી હતી ત્યારે આબેહૂબ એના જેવી જ દેખાતી હતી. મને તે તારા પૂર્વ રૂપનું સ્મરણ થઈ આવ્યું—તારી અને એની મુખમુદ્રામાં ઘણું જ સામ્ય છે હો! આ ચન્દ્રગુપ્ત આગળ જતાં ઘણો જ ભાગ્યશાળી થશે, એમ એનાં સામુદ્રિક ચિન્હોથી સ્પષ્ટ અનુમાન થઈ શકે છે." રાજાએ સ્વાભાવિક ઉદ્ગાર કાઢ્યા.

"એની ઇડાપીડા ટળો, અને એ મારા જેવો ભાગ્યશાળી ન નીકળો; એટલે થયું ......" સુરાદેવી કાંઇક બીજા જ ભાવથી બોલી.

"કેમ વારુ? તારું ભાગ્ય તે શું ખોટું છે?" રાજાએ વચમાં જ તેને કહ્યું અને તેને જોઇને હસવા લાગ્યો.

"આર્યપુત્ર! જો આપને કોપ ન થાય, તો કહું—આપના આ હાસ્યમાં જ આપના પ્રશ્નનું ઉત્તર સમાયલું છે." સુરાદેવીએ કહ્યું.

એવી રીતે બીજું પણ કેટલુંક વિનોદાત્મક અને ઇતર પ્રકારનું ભાષણ થયું અને રાજાએ ચન્દ્રગુપ્તને તેની ફોઇપાસે રહેવાની આનંદથી આજ્ઞા આપી. રાજા અને ચન્દ્રગુપ્તના પ્રથમ મેળાપનું પરિણામ તો સારું આવ્યું.

એ મેળાપનું પરિણામ પોતાને જોઇતું હતું, તેના કરતાં પણ વધારે અનુકૂલ થવાથી સુરાદેવીના મનમાં ઘણો જ હર્ષ થયો અને તેણે તે દિવસે સાયંકાળે ચન્દ્રગુપ્તનાં ઘણા જ સ્નેહથી ઓવારણાં લીધાં. ચન્દ્રગુપ્તના નિવાસ-માટે તેણે પોતાના જ મહાલયમાં વ્યવસ્થા કરી આપી. તેના ખાનપાનની તે પોતે જ ખાસ તપાસ રાખતી હતી. તેણે ચન્દ્રગુપ્તને ચાંપી ચાંપીને કહી મૂક્યું હતું કે, "જો જરાક પાણી પણ પીવું હોય, તો તે મને દેખાડ્યા વિના પીવું નહિ, અને બીજું કોઈ ક્યાંય કંઈ ખાવાનું આપે તો તે કદાપિ ખાવું નહિ. આ પાટલિપુત્રમાં આજકાલ ઘણી જ ખરાબ સ્થિતિ ચાલે છે. અનિષ્ટ ક્યારે અને કઇ વેળાએ થશે, એનો નિયમ નથી. માટે વિચારીને વર્તવામાં વધારે સારું છે." સુરાદેવીએ ખાવાપીવા વિશેની આટલી તાકીદ શામાટે આપી હશે, એ જો કે પ્રથમતઃ ચન્દ્રગુપ્તના ધ્યાનમાં આવી શક્યું નહિ; પરંતુ ચાણક્યે તેને આજ્ઞાધારકતાથી વર્તવાની ટેવ પાડી દીધેલી હોવાથી તેણે આમ શામાટે કરવું અને તેનું કારણ શું? ઇત્યાદિ પ્રશ્નો ન પૂછતાં આજ્ઞા પ્રમાણે વર્તવાનું સુરાદેવીને વચન આપ્યું. એવી રીતે ચન્દ્રગુપ્તની નંદની રાજધાની પાટલિપુત્રમાં તેની જ પ્રિય મહિષી સુરાદેવીના મંદિરમાં સ્થાપના થઈ.

એ ઘટનાને લગભગ પાંચ દિવસ વીતી ગયા. એક દિવસ રાણી સુરાદેવી મહારાજા ધનાનન્દ પાસે બેઠી હતી—એટલામાં તેની એક દાસી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવીને તેને કહેવા લાગી કે, "દેવિ! પટરાણી સુનંદાદેવીએ પોતાની એક દાસીદ્વારા એક સુવર્ણ કરંડ અને એક પત્રિકા મહારાજાધિરાજમાટે મોકલાવ્યાં છે–તે લઇને તે દ્વારપર ઊભેલી છે. તે વસ્તુઓ અમને આપો તો અમે મહારાજાને પહોંચાડીએ, એમ અમે કહ્યું, પણ એનો એવો જવાબ મળ્યો કે, મને એ વસ્તુઓ પોતે જ જઇને મહારાજાને હાથોહાથ આપવાની દેવીની આજ્ઞા છે અને તેમ ન બન્યું તો હું પાછી જઇશ; એમ તે કહે છે. હવે એવિશે મહારાજાની જેવી આજ્ઞા થાય, તે પ્રમાણે અમલ કરવામાં આવે. મહારાજની આજ્ઞા વિના અમારાથી શું કરી શકાય વારુ?" એમ કહીને રાજાની આજ્ઞાની વાટ જોતી તે દાસી હાથ જોડીને મૂક મુખે એક બાજૂએ ઊભી રહી.

દાસીનું એ ભાષણ સાંભળીને સુરાદેવી તેના શરીરપર ધસી જઇને કાંઇક કોપના ભાવથી કહેવા લાગી કે, "પણ મૂર્ખે! આજ્ઞાવિના તેને અહીં ન આવવા દેવાનું તને કોણે કહ્યું હતું? તમને બધાંને એક નહિ, પણ અનેક વાર મેં કહેલું છે કે, જો બીજી રાણીઓ તરફથી કોઈ દાસી કાંઈ પણ કહેવાને આવે, તો તેને બિલ્કુલ અટકાવશો નહિ. એકદમ તેને અંતઃ-પુરમાં આવવા દેજો. મારા હાથે કોઇને પણ કાંઈ દુઃખ થવું ન જોઇએ, એવી જ મારી ઇચ્છા છે! જેવી હું મહારાજાની પત્ની છું, તેવી તે પણ પત્નીઓ નથી કે શું? જા અને જઇને તેને અહીં સત્વર મોકલી દે. જા જા–મોઢું શાની જોયા કરે છે–જા તેને તું જ લઈ આવ."

એ સાંભળીને રાજા ધનાનન્દે સુરાદેવીને કહ્યું કે, "તે દાસીએ જ અહીં શામાટે આવવું જોઇએ? જે વસ્તુ લાવવાની હોય, તે તારી દાસીને જ કહીને મંગાવી લે, એટલે થયું."

પરંતુ સુરાદેવી પુનઃ રાજાને પ્રાર્થના કરતી કહેવા લાગી કે, "મહા-રાજ, એમ કરવું તે સારું નથી. તે કરંડક અને પત્રિકા આપનાં જ ચર-ણોમાં અર્પવાની રાણીની આજ્ઞા છે, ત્યારે તેનો મનોભંગ શામાટે કરવો? તે જેવી આવશે તેવી બિચારી ચાલતી થશે. જા–જા તે જે કાંઈ લાવી હોય, તે તેને અહીં લાવવાનું કહી દે, મહારાજ વાટ જોતા બેઠા છે." એ છેલ્લું વાકય તે દાસીને ઉદ્દેશીને બોલી.

આજ્ઞા થતાં જ દાસી બહાર ગઈ અને થોડા જ સમયમાં બીજી એક દાસીને લઇને અંદર આવી. એ દાસીના હાથમાં એક સુવર્ણ કરંડક અને એક પત્રિકા હતી. આવતાં જ એ બે વસ્તુઓ રાજાનાં ચરણમાં રાખીને તેણે વિજ્ઞપ્તિ કરી કે, "મહારાજ! મહાદેવી સુનંદાએ અનેક પ્રણતિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વક વિજ્ઞપ્તિ કરીને કહેલું છે કે, મહારાજે આ પત્રિકા વાંચવી અને આ સુવર્ણ કરંડમાંના ઉપાયનનું ગ્રહણ કરવું. જો કાંઈ આપના તરફથી કહેવાનું હોય, તો હું થોભું; નહિ તો જવાની આજ્ઞા ઇચ્છું છું," એમ કહીને તે મૌન્ય ધારી ઊભી રહી.

"પરિચારિકે! આ પત્રિકા અને આ કરંડક બન્ને તું પાછાં લઈ જા–ચાર દિવસ હું એને મળવા ગયો નહિ, એટલે જુઓ તો ખરા કેવા કરંડકો અને કેવી પત્રિકાઓ મોકલે છે તે! તમો દાસીઓને પણ કાંઈ કામ ધંધો હોય, એમ જણાતું નથી. જા–એક ક્ષણ માત્ર પણ અહીં ઊભી રહીશ નહિ. તારી સ્વામિનીને કહેજે કે, હું તને પોતે મળીશ અને તે જ દિવસે આ પત્રિકા અને ઊપાયનનો સ્વીકાર કરીશ. અહાહા! સ્ત્રીઓ કેટલી બધી દ્વેષી અને મત્સરી સ્વાભાવવાળી હોય છે! ઇશ્વર જ બચાવે!!" રાજાએ કંટાળાના ભાવથી કહ્યું.

"મહારાજ!" મુરાદેવી વચમાં જ બોલી ઊઠી. "મહાદેવી સુનંદા આપનાં પટરાણી છે, તેમનું વિનાકારણ આમ અપમાન શામાટે કરો છો? પત્રિકા વાંચવાથી આપની શી હાનિ થવાની છે? કોઇ મનુષ્ય એક વસ્તુ ઘણા જ પ્રેમથી કોઇના પર મોકલે, અને તે તેનો તિરસ્કારપૂર્વક અસ્વીકાર કરે, એટલે તેના મનમાં કેટલો બધો ખેદ થાય, એની આપને કલ્પના પણ છે ખરી કે? માટે મારી એટલી જ નમ્ર પ્રાર્થના છે કે, મહાદેવીની પત્રિકા અને ઉપાયનનો આપે અનાદર કરવો નહિ. હું એ પત્રિકા આપને વાંચી સંભળાવું છું."

"મુરે! માત્ર તું જ કેમ આવી મત્સરહીન અને દ્વેષ રહિત બની ગઈ છે વારુ? અને તેમાં પણ સોકચો વિશે પણ નિર્મત્સરતા? બીજી રાણીઓ તો તારો સદા સર્વદા દ્વેષ જ કર્યા કરે છે, અને આ મહાલયમાં આવ્યા પછી હું જોઉં છું કે, તું તો સામો તેમનો પક્ષ ધરીને મારાથી લડ્યા જ કરે છે. આ પ્રેમને તે શા નામથી ઓળખવો? તેમના વિશે તારા મનમાં સ્વાભાવિક રીતે જ દ્વેષ હોવો જોઇએ, તેનો લેશમાત્ર પણ તારામાં નથી એ તે શું!" રાજા આશ્ચર્યચકિત થઇને કહેવા લાગ્યો.

રાજાના એ શબ્દોથી મુરાદેવીએ કિંચિત્ સ્મિત હાસ્ય કર્યું અને નમ્રતાથી કહ્યું કે, "મહારાજ! અપરાધ વિના જ પતિએ પરિત્યાગી હોય તો એક અબળાના મનમાં કેટલો બધો ખેદ થાય છે, અને તેનો ઉદ્વેગ કેવો હોય છે, એનો મેં સારો અનુભવ કરેલો છે, એથી મારા શત્રુઓને શિરે પણ એવો ભયંકર પ્રસંગ ન આવે, એવી મારી સદોદિત ભાવના રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે હું સુનંદા જેવી એક સાધ્વી સ્ત્રીવિશે દ્વેષ અને મત્સર કેમ કરી શકું વારુ ? મારાથી કોઈ કાળે પણ એમ થવાનું નથી. એ મારો સ્વભાવ જ નથી. વધારે શું કહું, નાથ ?"

સુરાદેવીનું એ ભાષણ સુનંદાની પરિચારિકા ઘણા જ આશ્ચર્યના ભાવથી સાંભળતી ઊભી હતી. રાજા ધનાનન્દ પણ સુરાની મુખમુદ્રાનું કાંઇક આદર અને કાંઇક આશ્ચર્યના મિશ્રભાવથી ધ્યાનપૂર્વક અવલોકન કરી રહ્યો હતો. સુરાદેવીનાં અંતિમ વાક્યોએ ઘણું જ સારું કાર્ય કર્યું. એથી ધનાનન્દના મનમાં દૃઢ નિશ્ચય થઈ ગયો કે, "સુરા જેવી અત્યંત સુશીલ, સારાં ચિરિત્રોવાળી, શુદ્ધ અને નિષ્કપટી સ્ત્રી સંસારમાં કોઇક જ હશે-કિંબહુના, બીજી એના જેવી ન જ હોય, તો તેમાં પણ આશ્ચર્ય જેવું તો નથી જ." મનમાં એવો વિચાર કરીને પછી તે સુનંદાની પરિચારિકાને સંબોધીને બોલ્યો;-"પરિચારિકે! તું જઇને તારી સ્વામિનીને કહે જે કે, તમારી મોકલેલી વસ્તુઓ મહારાજ તો પાછી જ ફેરવતા હતા, પણ જે સુરાદેવીના સર્વસ્વનો તમે નાશ કર્યો છે, તે જ સુરાદેવીએ તમારો પક્ષ કરીને મારા હસ્તે આગ્રહથી એ પદાર્થોનો સ્વીકાર કરાવ્યો છે. જા. આ પત્રિકાનું એટલું જ ઉત્તર છે, બીજું કાંઈ પણ કહેવાનું નથી."

મહારાજાની આજ્ઞા થતાં જ પોતે લાવેલી બન્ને વસ્તુઓ રાજા ધનાનન્દનાં ચરણોમાં મૂકીને તે પરિચારિકા ત્યાંથી ઉતાવળે પગલે રવાના થઇ ગઈ. જતાં જતાં માત્ર એકવાર તેણે સુરાદેવીની ગંભીર મુખમુદ્રાનું ઘણી જ ચમત્કારિક દૃષ્ટિથી અવલોકન કર્યું. કેટલાક વિષયોમાં રાજમહાલયોમાં વસનારી રાજપરિચારિકાઓ અને દાસીઓ પણ કેવી ચતુર અને બુદ્ધિમતી હોય છે, એનું આથી સારું અનુમાન કરી શકાય છે. અસ્તુ.

સુરાદેવી તે પત્રિકાને હાથમાં રાખી મહારાજને સંબોધી કહેવા લાગી "આર્યપુત્ર ! આ પત્રિકા આપ વાંચો છો કે, હું વાંચી સંભળાવું ? મારી પત્રિકા પણ ન વાંચતાં જો આપે પાછી મોકલી દીધી હોત, તો મારા મનમાં કેટલો બધો ખેદ થયો હોત!- એવી જ રીતે તેના મનમાં પણ ખેદ થશે- તેથી જ હું કહું છું કે, એ પત્રિકા વાંચવી તો જોઇએ જ-આપ ન જ વાંચવાના હો'તો હું વાંચું."

એમ કહીને સુરાદેવી તે પત્રિકા ઉઘાડવા જતી હતી, એટલામાં ધનાનંદે તેના હાથમાંથી એકદમ પત્રિકા છીનવી લઇને કહ્યું કે, "ના ના- તું એ પત્રિકા વાંચીશ નહિ. એમાં તારી વિશે આરું મન પાછું કલુષિત કરવાનો જ યત્ન કરેલો હશે. માટે એ પત્ર મને જ વાંચવા દે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જેવી ઇચ્છા. આપ એ પત્રિકા વાંચો ત્યાંસુધી હું આ સુવર્ણ કરંડકને ઉઘાડીને તેમાં શું છે, તે જોઉં છું." એમ કહીને મુરાદેવીએ તે કરંડક ઉઘાડ્યો. તેમાં ઉત્તમ રીતિથી બનાવેલા અપૂપ ( માલપુઆ ) હતા. પત્રમાં થોડો જ વિષય લખેલો હતો—તે એક ક્ષણ માત્રમાં વાંચીને રાજાએ કહ્યું કે, "આમાં વિશેષ બીજું કાંઇપણ નથી. ગઈકાલે મહાદેવીએ કૈલાસનાથના કોઈ વ્રતનું ઉદ્યાપન કર્યું હશે, માટે તેના પ્રસાદના ચાર અપૂપ મોકલેલા છે. એ અપૂપ તેણે પોતાના હાથે કરેલા છે અને તેથી તેણે તેમાંથી વધારે નહિ, તો એક કટકો પણ ખાવાની મને વિજ્ઞપ્તિ કરેલી છે. પ્રિય મુરે! આ કૈલાસનાથનો પ્રસાદ છે, માટે એનો અનાદર કરી શકાય તેમ નથી. આવ–તું અને હું એક એક કટકો ખાઈ લઇએ."

એમ કહી રાજાએ કરંડકમાં હાથ નાંખીને તેમાંથી એક અપૂપ ઉપાડી લીધો અને તેમાંથી એક કટકો તોડીને તેણે મુરાદેવીના હાથમાં આપ્યો તથા બીજો કટકો તે પોતાના મુખમાં મૂકવા જતો હતો, એટલામાં મુરાદેવીએ એકદમ "મહારાજ! દગો–ખરેખર કાંઈપણ દગો છે–માટે આપ એ અપૂપ ખાશો નહિ." એવો ગભરાટથી પોકાર કરીને તેના હાથને મોઢામાંથી પાછો ખેંચી લીધો.

રાજા ચકિત થઇને તેને "મુરે! આ તું શું બોલે છે? દગો શાનો?" એવી રીતે પૂછવા લાગ્યો. એટલે તે વધારે જ ભય અને ગભરાટના ભાવથી બોલી કે, "આ દગો આપના પ્રાણ લેવા માટેનો છે, બીજો શાનો હોય? આ અપૂપમાં અચીત કોઇપણ પ્રકારનું ઝેર મેળવવામાં આવ્યું છે. જરા ધૈર્ય ધરો–મારા એ બોલવાને હું પ્રત્યક્ષ કરી બતાવું છું."

પોતાના પતિને એમ કહીને તેણે પોતાની એક દાસીને તત્કાળ આજ્ઞા આપી કે, "જા–જલદી દોડ અને મારી પેલી શ્વેતાંબરી* માર્જારીને બની શકે તેટલી ઊતાવળે અહીં લઈ આવ."

—※※※—

## પ્રકરણ ૧૪ મું.

### માર્જારીનું મરણ.

દાસી શ્વેતાંબરીને લઇને પાછી આવે ત્યાં સૂધી મુરાદેવીની મુખમુદ્રા જરાક જોવા જેવી હતી. જેવી રીતે કોઈ એક પ્રેમાળ માતા પોતાના બાળકનું ઘણી જ સાવધાનતાથી પાલન કરતી હોય અને

* માર્જારી–બિલાડી, મીંદડી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેવામાં તે બાળકના શિરે અકસ્માત્ આવનારું સંકટ તેના જોવામાં આવે, તે સમયે પોતાના બાળકના સંરક્ષણ માટે હવે શું કરવું અને શું ન કરવું એવા ગભરાટમાં તે પડી જાય છે; તેવી જ એ સમયે મુરાદેવીની અવસ્થા થએલી હતી. રાજા અને અપૂપ કરંડના મધ્યમાં પોતે બેસીને તેણે તે ઢાંકી મૂકયો–એથી જાણે રાજા તેમાંના અપૂપનો સ્વાદ અવશ્ય લેવાને ઇચ્છતો હોય અને પોતે તેને અટકાવતી હોય–એવો ભાવ વ્યક્ત થતો હતો.

મુરાનું આવું સ્વરૂપ જોઇને રાજા ઘણો જ વિસ્મિત થઈ ગયો. "એ દગો દગો એવા શબ્દો શામાટે ઉચ્ચારતી હશે અને એણે દાસીને પોતાની શ્વેતાંબરી નામની માર્જારી લાવવાનું કહ્યું, એનું કારણ શું હશે?" એમાંનું પ્રથમ તો રાજાના ધ્યાનમાં કાંઇપણ આવ્યું નહિ. એથી તેણે "શું છે? શું છે?" એમ કહીને અનેક વાર રાણીને એ વિશે પૂછ્યું, પરંતુ એનું કાંઇપણ ઉત્તર ન આપતાં કોઈ એક ભ્રાંતચિત્ત અને ભ્રમિષ્ટ મનુષ્ય પ્રમાણે મુરાદેવી રાજાને પોતાના હસ્તથી મૌન ધારવાનો નિર્દેશ કરીને એક લક્ષથી તે અપૂપમાં દૃષ્ટિ રાખીને બેસી રહી હતી. એટલામાં મોકલેલી દાસી રાણીની આજ્ઞા પ્રમાણે શ્વેતાંબરી માર્જારીને લઈ આવી હાજર થઈ." અને લઈ આવી તે બહુ જ સારું કર્યું. ચાલ–લાવ એને અહીં." મુરાદેવીએ તેને આવકાર આપીને હાસ્યપૂર્વક કહ્યું. તેણે માર્જારીને પોતા પાસે બેસાડી અને ત્યારપછી ઘણા જ ખિન્નવદનથી કહ્યું કે, "વત્સે શ્વેતાંબરિ! આજસુધી તને દુગ્ધનું પાન કરાવીને મેં મહાપ્રેમથી તારું પાલન કરેલું છે–પણ આજે આ જ હાથે તને વિષનું પાન કરાવીને હું તારા પ્રાણ લેવાને તત્પર થએલી છું–સમજી કે? આવ એમ કીધા વિના આ અપૂપમાં વિષનું મિશ્રણ છે કે નહિ, એનો પૂરો નિશ્ચય થાય તેમ નથી. માટે એ નિશ્ચય થવો જ જોઇએ કે જેથી હવે પછી સાવધ રહેવાનું અમારાથી જાણી શકાય." એ ભાષણ જો કે હતું તો આત્મગત જેવું જ, પરંતુ તે કાંઈ તે ધીમેથી બોલતી ન હોતી–સારી રીતે બીજાને સંભળાય તેમ જ બોલતી હતી. અર્થાત્ રાજાએ તેનું એ બોલવું બરાબર સાંભળ્યું. એટલામાં પોતાના હાથમાંના અપૂપના કટકાને મુરાએ માર્જારીના મુખપાસે ધર્યો. પરંતુ ચમત્કાર કેવો, કે તે અપૂપને માત્ર સુંઘીને જ તે મૂક પ્રાણી દૂર થઈ ગયું! તેણે અપૂપને જિહ્વાથી સ્પર્શ કર્યો નહિ અને તે દૂર જવા લાગી. એટલે વળી પણ મુરાદેવી તેને ઉદ્દેશીને કહેવા લાગી કે, "હં–હં–શું, આમાં ઝેર છે, એ તું પણ સમજી ગઈ કે? ના ના પણ તારા એટલા જ ચાળાથી મારી ખાત્રી થનારી નથી. તારું મોઢું ઉઘાડીને એનો કકડો બળાત્કારે હું તેમાં નાંખીશ–કદાચિત તું તેને કાઢી નાંખવાનો યત્ન કરીશ, તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તારા મોઢાને દાબી રાખીને એનો કિંચિદ્ ભાગ તો હું તને ગળાવીશ જ. એટલે તારી કેવી દશા થાય છે, તે પ્રત્યક્ષ દેખાઈ રહેશે." એમ કહીને તત્કાળ તે માર્જારીના મુખમાં તેણે માલપુઆનો કકડો નાંખ્યો. માર્જારીએ પોતાના નખો બહાર કાઢ્યા અને પીઠને ઊંચી કરીને સંતાપથી પોતાની પૂછડી પછાડવા લાગી. પરંતુ દૃઢ નિશ્ચયવાળી મુરાએ એમાં બિલકુલ ધ્યાન આપ્યું નહિ. તેણે માર્જારીના મુખને સજ્જડ દબાવી રાખ્યું. માર્જારીએ નખપ્રહાર કરવાથી તેના કોમળ કરોમાંથી રક્તનો પ્રવાહ વહેવા લાગ્યો, છતાં મુરાએ તેના દાબેલા મુખને છોડ્યું તો નહિ જ. રાજાએ તેને "આશું? આશું? છોડી દે એને!" એમ ઘણી એ વાર કહ્યું, પરંતુ રાજાની આજ્ઞા પણ તેણે માની નહિ. તેણે તો તેનું મોઢું જેમ દાબ્યું હતું તેમ દાબી જ રાખ્યું. પોતાના આગલા અને પાછલા પગોથી માર્જારીએ પોતાનું નખ-પ્રહારનું કાર્ય ચાલૂ જ રાખ્યું હતું, તેથી કાંડાંથી તે ઠેઠ કોણીના ઉપરના ભાગ પર્યન્ત મુરાના બન્ને હાથો આખા લોહીલોહાણ થઈ ગયા હતા, પણ પોતાના એ દુઃખનું પણ તેને ભાન હતું નહિ. તે માર્જારી જ્યારે તે અપૂપના કકડાથી છૂટેલી લાળના બે ઘૂટડા પેટમાં ઉતારી ગઈ, ત્યારે તત્કાળ મુરાદેવીએ પોતાના હાથમાંથી તેને છોડી દીધી. માર્જારી છૂટતાં જ પોતાના મુખમાંના અપૂપના કકડાને બહાર કાઢીને એકદમ ભાગવા લાગી; પરંતુ હજી તો પંદર વીસેક પગલાં દોડી હશે, એટલામાં તેને અંધારાં આવતાં ચક્કર ખાઇને તે ત્યાંની ત્યાં જ પટકાઇને શાંત થઈ ગઈ. વિષનું પરિણામ તેના શરીરમાં થવા માંડ્યું હોય એમ હવે પ્રત્યક્ષ દેખાયું અને તેથી મુરાદેવી ધનાનન્દને કહેવા લાગી કે, "જુઓ–જુઓ–મહારાજ! એનો શ્વાસ હવે કેવો રુંધાઈ ગયો છે? હવે થોડી જ વારમાં એ પ્રાણ છોડી દેશે, એમાં કાંઈ પણ શંકા જેવું નથી. આપ બેઠાબેઠા એ ચમત્કારને જોયા કરો. અપૂપમાં આવા વિષની મેળવણી કરી તેને સુવર્ણ કરંડમાં ઘાલી તે મહારાજના ભક્ષણ માટે મોકલનારનું કાંતો સાહસ અવર્ણનીય અથવા મૌર્ખ્ય અચિન્ત્ય! નહિ તો તે આવું કાર્ય કરી શકે નહિ. પરંતુ એવી ઘટનાઓનું પૂર્વે જ ભવિષ્ય જાણી રહેલી મુરાદેવી મહારાજના જીવરક્ષણ માટે નેત્રોમાં તૈલ આંજીને દિનરાત જાગૃત બેઠેલી છે, એનું એ સાહસી મંડળને સ્મરણ થયું હોય એમ લાગતું નથી. જો તે આવી રીતે સાવધાન ન હોત, તો તો તેમની ઇચ્છા પ્રમાણે સર્વ કાર્યો ક્યારનાં યે થઈ ગયાં હોત! જુઓ–મહારાજ! આપનાં પટરાણી સુનંદાએ આપના માટે ઘણા જ પ્રેમથી મોકલેલા આ અપૂપના કટકાથી આ મારી શ્વેતાંબરીની શી અવસ્થા થઈ છે, તે જુએ! અરેરે–આ તે કેવું હલાહલ વિષ! એનું આખું શરીર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળું પડી ગયું છે–અને એનાં નેત્રો પણ કેવાં ભયંકર દેખાય છે. આ છેલ્લાં ડચકાં ભરતાં એને કેટલી વેદના થાય છે, તે તો જુઓ. અહાહા! શું ત્યારે આ અપૂપને ભક્ષનારની અંતે આવી જ અવસ્થા થવાની હતી ને? ઠીક–ઠીક રાજ્યલોભ, અધિકારલોભ અને સપત્ની મત્સરથી એ પાપી મંડળ કેવાં કેવાં ઘોરતમ પાપો કરવાને તૈયાર થશે, એની કલ્પના થવી અશક્ય છે!" એમ બોલીને મુરાદેવી અત્યંત ઉદ્વિગ્ન દૃષ્ટિથી મહારાજાના મુખપ્રતિ જોવા લાગી. એટલામાં તે માર્જારીનું મરણ થઈ ગયું. તેની ફાટી ગએલી આંખો ઘણી જ ભયંકર દેખાતી હતી અને તેનું મુખ તથા ઓષ્ઠો કોયલા પ્રમાણે કાળાં અથવા તો કાળાં ઠીકરાં જેવાં થઈ ગયાં હતાં. આવો દેખાવ જોતાં જ ધનાનન્દના હૃદયમાં એકાએક અનિવાર્ય સંતાપનો ઉદ્દભવ થયો અને તે પોકાર કરીને કહેવા લાગ્યો કે, "અરે ચાડાંલિની! તેં મારો જ જીવ લેવાની ધારણા રાખી? પ્રસાદના નિમિત્તે અપૂપ બનાવીને તેમાં આવું ભયંકર વિષ મેળવી મને જ નષ્ટ કરવાની દુષ્ટ ઇચ્છાથી એ અપૂપો મને જ ખાવામાટે મોકલ્યા! અને તે આરોગવા માટે ખાસ વિનતિપત્ર પણ લખ્યું! વાહ–વાહ! હવે જો, કે એક ક્ષણ માત્ર પણ તું તારા વૈભવના આસને રહી શકે છે કે? તને ગર્દભના પૃષ્ઠ ભાગે બેસાડી સમસ્ત અંતઃપુરમાં ફેરવી અને પછી તારો વધ કરાવી, કૂતરાં ને શિયાળવાંને તારા માંસની ઉજાણી આપું, તો જ હું ધનાનન્દ ખરો! તું મારા સુમાલ્યની માતા છે, માટે આવી કઠિન શિક્ષા તને ન આપવાની પણ ધારણા થાય છેઃ પણ ના–જ્યારે તેં મારા જ નાશનો પ્રયત્ન આદર્યો, ત્યારે હવે તારામાટે દયા કરવી, એ વ્યાજબી નથી જ. જેવી રીતે આજે તેં મારી હાનિનો યત્ન કર્યો, તેવી જ રીતે કાલે પોતાનો હેતુ સિદ્ધ કરવાને પોતાના પુત્રના પ્રાણ લેવાને પણ તું તત્પર થઇશ! માટે પળમાત્રનો વિલંબ ન કરતાં તને કઠિનમાં કઠિન અને યોગ્ય શિક્ષા જ આપવી જોઇએ–એમાં જ મારું અને રાજ્યનું શ્રેય સમાયલું છે!!"

"પ્રાણનાથ! એકાએક આમ ક્ષુબ્ધ થવાનું કાંઈ પણ કારણ નથી. એ સઘળું કારસ્થાન મહાદેવીએ જ કર્યું અને આ વિષપ્રયોગ પણ તેણે જ કર્યો, એમ કહેવાનો હાલમાં આપણી પાસે આધાર શો છે?" મુરાદેવીએ વળી એક બીજો જ મુદ્દો ઉઠાવ્યો. મુરાદેવી જે વેળાએ એ વાક્યો ઉચ્ચારતી હતી, તે વેળાએ તેના આવિર્ભાવો ખાસ અવલોકન કરવા જેવા હતા. કોઈ મનુષ્યનું મન પ્રથમથી જ કલુષિત થએલું હોય, તેમાં વધારે કલેશનો ઉમેરો કરવાના હેતુથી કેટલાક દુષ્ટ મનુષ્યો જેવી રીતે બહારથી વિરુદ્ધ ભાષણ જ કરતા હોય છે, તેવો જ મુરાદેવીનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ભાવ હતો; પરંતુ ભોળા રાજાને એની સમજણ પડી નહિ. તે એકદમ કહેવા લાગ્યો, "આધાર શો છે? એ અપૂપના એક કડકાની લાળથી જ માર્જારીને પ્રત્યક્ષ મેં મરી જતી જોઈ છે, તો હવે બીજો તે શો આધાર જોઇએ? શું એનું ભક્ષણ કરીને મારા મરણને જ હું આધાર બનાવું કે?" "મહારાજ! આમ આપ કોપથી લાલ પીળા ન થાઓ" સુરાદેવીએ ઘણી જ શાંતિ અને દઢતાથી કહ્યું." આમ ઊતાવળ કરવાથી કાંઈ પણ કાર્ય થવાનું નથી. મને શિક્ષા કરતી વેળાએ પણ આપે ઉતાવળ કરી હતી, તેનું પરિણામ શું થયું વારુ? એ જ કે, આ યુવરાજની પદવીને દીપાવનારો અને આપના રાજ્ય કાર્યભારમાં સહાયતા કરનારો થઈ પડ્યો હોત, તેવો પુત્ર સદાને માટે ચાલ્યો ગયો! કદાચિત્ એણે જ તમારો જીવ લેવાનો પ્રયત્ન કર્યો હોય, તો પણ તે સફળ તો નથી થયો ને? હું અહીં કાળી નાગણ જેવી બેઠેલી હોવા છતાં એવો કોઈ ભયંકર પ્રસંગ બનવા પામે, એ અશક્ય છે. જ્યારે થયું કાંઈ પણ નથી, ત્યારે અમથા બેબાકળા બનવાથી શો લાભ થવાનો છે? માટે શાંત ચિત્તથી વિચાર કરો, શોધ કરો, અને પૂરેપૂરો નિશ્ચય થઈ જાય, એટલે પછી કે કોને અને શી શી શિક્ષા કરવી, તે વ્યવસ્થા કરવાને તો આપ સમર્થ છો જ."

"દૂધથી દાઝેલું માણસ છાશને પણ ફુંકી ફુંકીને પીએ છે, તેવો જ ભાવ તારા બોલવાનો જણાય છે. ગાંડી રે ગાંડી! કહે છે કે, વિચાર કરો અને શોધ કરો—અરે વિચાર કેવો અને શોધ શાનો? તેની દાસી આ સુવર્ણ કરંડ અને આ પત્રિકા મારા દેખતાં જ લઈ આવી અને મેંજ એ પત્રિકા વાંચી. તેમાં એ અપૂપ ખાસ મારા માટે જ મોકલવાનું લખેલું છે એટલું નહિ પણ એ તો બનાવવામાં પણ ખાસ મારા માટે જ આવ્યા હતા! એ અપૂપનો એક કટકો મેં તને આપ્યો, તે તેં માર્જારીને ખવડાવ્યો અને તે મારા દેખતાં જ બિચારી મરી ગઈ! હવે બીજો વિચાર શાનો કરવો અને શોધ શાનો કરવો? "ધનાનન્દે પોતાના વિચારનું સમર્થન કર્યું.

સુરાદેવી તેનું એ ભાષણ સાંભળીને હસતી હસતી કહેવા લાગી કે, "જે સોકયોએ આજ સૂધી મારો દ્વેષ કરીને મારા સર્વસ્વનો નાશ કર્યો છે, તેમનામાંની મુખ્ય પટરાણીનું કાવત્રું આજે પકડાતાં આપનો તેનાપર રોષ થએલો જોઇને મારા હૃદયમાં આનંદ થતો હશે, એમ કદાચિત્ આપનું ધારવું હશે; પણ મને એથી લેશ માત્ર પણ આનંદ થતો નથી. મારી મનોદેવતા તો વિરુદ્ધ પક્ષે મને એમ જ કહે છે કે, તે બિચારી ખરેખર નિરપરાધિની જ હશે. કદાચિત્ એમ જ હોય, તો તેને એકાએક શિક્ષા આપવાથી કેટલા બધા અન્યાયનો સંભવ છે, એની કલ્પના તો કરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથી જ હું કહું છું કે, પ્રથમ શોધ કરો અને નિશ્ચય થાય, ત્યાર પછી જ કાંઈ કરવાનું હોય તે કરો. આપના મનમાં પાછળથી પશ્ચાત્તાપ ન થાય, એટલો જ મારો હેતુ છે."

"પણ હવે તું જ કહી દે કે શોધ કરવા માટે આમાં શંકા જેવું બીજું શું બાકી રહેલું છે તે?" ધનાનન્દે વળી પણ પોતાનો જ વિચાર જણાવ્યો.

"કેમ, શંકા જેવું બીજું કશું પણ નથી? મહારાજ!" મુરાદેવી પોતાની કપટદૃષ્ટિનો એક પાત કરીને કહેવા લાગી; "હવે જુઓ કે, શંકાઓ કેટલી બધી છે તે પ્રથમ તો એ જાણવાનું છે કે, મહાદેવીએ આજે કોઈ વ્રતનું ઉદ્યાપન કર્યું હતું કે નહિ? કદાચિત્ કર્યું હોય તો વાયનદાન માટે અપૂપ જ બનાવ્યા હતા કે બીજું કાંઈ? અપૂપ જ બનાવ્યા હોય, તો તે તેમણે પોતે જ બનાવ્યા હતા કે બીજા કોઇએ? જો તેમણે જ બનાવ્યા હોય, તોપણ કરંડમાં તેમણે પોતે ભર્યા હતા કે નહિ? અને પત્રિકા પણ તેમના પોતાના જ હસ્તે લખાઈ હતી કે કેમ? ઇત્યાદિ વાતોનો શોધ કરવાનો છે. કદાચિત્ માર્ગમાં સારા અપૂપોને કાઢી નાંખીને કોઈ બીજાએ જ તેને સ્થાને આ વિષવાળા અપૂપો રાખી દીધા હોય તો? દેવીના કોઈ શત્રુએ જ તેમની પાયમાલીનો આ ઉપાય યોજ્યો હોય તો? એવી એવી એક બે નહિ પણ સેંકડો શંકાઓ આવી શકે તેમ છે. બીજું તો રહ્યું, પણ આ માર્જારીને પ્રથમથી જ મેં કોઈ પ્રકારનું વિષ આપી દીધું હોય અને આ અપૂપનું બહાનું બતાવ્યું હોય, એ શંકા પણ કાઢવી જોઇએ અને તેનું નિરાકરણ કરીને ત્યારપછી જ જે કરવાનું હોય તે કરવું જોઇએ. આવી વ્યવસ્થા કીધા વિના જ આપ જો પટ્ટરાણી યુવરાજ માતા મહાદેવીને કાંઇપણ શિક્ષા આપશો, તો એ કાર્ય મેં જ આપને ભમાવીને કરાવ્યું, એવો મારે શિરે જ દોષ આવશે. આપને કોઈ કાંઇપણ કહેવાનું નથી. ચાર દિવસ આપની મારાપર કૃપા છે, ત્યાં સૂધી તો કોઇથી પણ મારું કાંઇએ ભુંડું કરી શકાય તેમ નથી; પરંતુ કાલાંતરે જ્યારે પણ આપની કૃપાદૃષ્ટિમાં ન્યૂનતા થશે, તે વેળાએ મારા પ્રાણની રક્ષા કરવાનું કાર્ય મને અશક્ય થઈ પડવાનું. મારા હૃદયમાં જે ભીતિ છે, તે માત્ર એટલી જ છે. આપ તો પોતાના સંરક્ષણ માટે સર્વથા સમર્થ છો જ."

મુરાદેવીની શંકાઓનો એ વૃત્તાંત સાંભળીને રાજા ધનાનન્દ મોટેથી અટ્ટહાસ કરીને બોલ્યો કે, "પ્રિયે મુરાદેવી! તું આજ કાલ ઘણી જ બીકણ બની ગયેલી દેખાય છે. તારામાંનો મારો પ્રેમ હવે કોઈ બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થળે જશે, એમ તને ભાસે છે કે શું? કદાચિત્ એમ ભાસતું હોય, તો તે ભાસ સર્વથા નિર્મૂલ છે. એમ કાલત્રયે પણ થનાર નથી. તારા નખને પણ કોઈ નુકસાન પહોંચાડવાનો યત્ન કરશે, તો તેને હું ત્યાંને ત્યાં જ ઉભો ચીરાવી નાંખીશ. માટે એવા વિચારોને મનમાંથી કાઢી નાંખ, હું હવે તે દુષ્ટ ચાંડાલિનીને શી શિક્ષા કરવાની છે, તેની આજ્ઞા મોકલી આપું છું. આવા ન્યાયના કાર્યમાં વિલંબ કરવો, એ મારા જેવા રાજાને યોગ્ય નથી. પોતાની રાણી અને તે પણ યુવરાજ માતા જેવી સ્ત્રીને પણ તેના અપરાધની હું ક્ષમા નથી આપતો, એટલો બધો હું ન્યાયપરાયણ છું; એ પ્રજાજનોની જાણમાં આવવું જ જોઇએ. આ વેળાએ હું મૌન્ય ધારીને બેસી રહીશ તે સારું કહેવાશે નહિ."

"મહારાજ!" મુરાદેવીએ ઘણા જ કાલાવાલા કરીને હાથ જોડી કહ્યું "નાથ! એમ કરશો નહિ. આજપર્યન્ત આપ મારી અનેક પ્રાર્થનાઓ ધ્યાનથી સાંભળતા આવ્યા છો, તેવી જ રીતે આ એક પ્રાર્થના હજી પણ સાંભળો. એથી આજની ઘટનામાં સત્યતાનો કેટલો ભાગ રહેલો છે, તે સહજમાં આપ જાણી શકશો. આમાં મહાદેવીનો કશો પણ અપરાધ નથી, એવી મારી ધારણા છે. એ પ્રપંચનાં કરનારાં કોઈ બીજાં જ હોવાં જોઇએ."

"તે કોણ?" ધનાનન્દે તત્કાળ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું.

"કોણ? એ અત્યારે મારાથી પણ કહી શકાય તેમ નથી." મુરાદેવીએ ઉત્તર આપ્યું. "પરંતુ જાણેલી બીનાને હૃદયમાં છૂપાવી રાખીને આપ જો ધૈર્ય ધારી બે ચાર દિવસ સ્વસ્થ બની બેસી રહેશો, તો પોતાની મેળે જ એ બધો ભેદ ખુલ્લો થઈ જવાનો સંભવ છે. મારું જીવવું જેમને ગમતું નથી, તેવા દુર્જનોનો જ આ બધો પ્રપંચ છે. આપ હાલમાં મારા જ મહાલયમાં વસો છો, તેથી જો અજાણપણે આપ આ અપૂપ ખાઈ ગયા હોત અને તેથી જો કાંઇપણ અનિષ્ટ બન્યું હોત તો એ કૃષ્ણ કાર્યનો દોષ મારે શિરે ચઢાવીને તેમને મારું ઊંધું વાળતાં કેટલો વિલંબ લાગ્યો હોત વારુ? જરાપણ નહિ. એ પ્રસંગે મારી નિર્દોષતા દેખાડવાનો મેં ગમે તેવો અને ગમે તેટલો પ્રયત્ન કર્યો હોત, તોપણ કોઇ તે માનત નહિ. અને મારો પક્ષકાર પણ બીજો કોણ રહ્યો હોત, કે તે મારો બચાવ કરે? માટે જેણે આ બધા પ્રપંચોનો વ્યૂહ રચેલો છે, તેઓ પોતાના પ્રયત્નનું શું પરિણામ આવ્યું, તે જાણવા માટે પોતાના ગુપ્ત ચારોદ્વારા શોધો ચલાવશે જ. હવે આપ આજથી ખોટા ખોટા માંદા પડી જાઓ અને અપૂપ ખાધાપછી પેટમાં કોણ જાણે શું થાય છે અને મહારાજાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આખા શરીરમાં લ્હાય બળ્યા કરે છે—એવી હું બહાર ઋકવા ઉડાવું છું. એટલે એ ફિતૂરીઓ વધારે ધીટ બનશે અને ઘણા જ પાસે આવીને તપાસ કરવા માંડશે; એથી આપણા શોધનું કાર્ય વધારે સગવડભરેલું થઈ પડશે. આ મારી શ્વેતાંબરી માર્જારી મને ઘણી જ પ્રિય હતી એ તો આપ જાણો જ છો—એ મરી ગઈ છે અને આપ પ્રકૃતિ બગડવાનું નિમિત્ત કરીને બેસો. હું આ માર્જારીના શબને દાટવાના બહાનાથી બાગમાં જાઉં છું અને મારા અંતઃપુરમાંની છૂપી બાતમીઓ મેળવવા માટે આસપાસ કોણ કોણ ફર્યા કરે છે કે કેમ, એની ખબર કાઢી આવું છું." રાજાએ પહેલાં તો કેટલીક હા ના કરી, પણ અંતે એમ કરવાનું અનુમોદન આપ્યું. રાણીએ એક દાસીને તે માર્જારીનું શબ ઉપાડવાની આજ્ઞા કરી અને સુવર્ણ કરંડ તથા અંપૂપ પોતે ઊપાડી લીધાં. મહાદેવીની પત્રિકા તો તેણે ક્યારનીએ ઉપાડી લીધી હતી. બહાર નીકળ્યા પછી તે પોતાની મૃત માર્જારીને સંબોધીને બોલી કે, "શ્વેતાંબરિ ! તેં આજે મારું કેટલું બધું કાર્ય સાધી આપ્યું છે ! મારાથી તેનું વર્ણન કરી શકાય તેમ નથી."

---

## પ્રકરણ ૧૫ મું.

### ચાણુક્યચક્રચાલન.

ચન્દ્રગુપ્તને સુરાદેવીના મંદિરમાં રાખવા પછી ચાણુકયે પોતાના પ્રથમ કાર્યનો આરંભ કર્યો. એ કાર્ય તે પાટલિપુત્રમાં પરસ્પર વૈરભાવ ધરાવનારા કોણ કોણ છે અને બીજા કોના કોનામાં વૈર થવાનો સંભવ છે, એનો શોધ કરવાનું હતું. રાજા ધનાનન્દ હવે સુરાદેવીના પાશમાં પૂરેપૂરો ફસાઈ ગયો છે અને કોઈ મગરમચ્છે કોઈ મનુષ્યનો પગ પકડ્યો હોય, તો તેને પાણીમાં પૂરેપૂરો ડુબાવીદેવા પહેલાં તે છોડતો નથી, તેમ જ સુરાદેવી પણ રાજાને પોતાના પંજામાંથી વીલો મૂકવાની નથી. એ વિશે ચાણુક્યનો દૃઢ નિશ્ચય થઈ ગયો હતો. જો સુરાદેવીનો પ્રયત્ન કાંઈ પણ નબળો પડે કિંવા કોઈ કાર્ય તેની શક્તિ ઉપરાંતનું હોય, તો તેને સહાયતા આપવા માટેનો અને તેના પ્રયત્નને પુનઃ બળવાન્ બનાવી દેવાનો, એટલે કે તેની મહત્ત્વાકાંક્ષા અને વૈર વાળવાની ઇચ્છાની વૃદ્ધિ કરી આપવાનો ચાણુકય પાસે એક રામબાણ ઉપાય હતો. એ રામબાણ ઉપાયની યોજના કોઈ કટોકટીના પ્રસંગો જ કરવાનો તેનો મનોભાવ હતો. જ્યાંસુધી અમાત્ય રાક્ષસ રાજ્ય કાર્યભારની દેખરેખ રાખે છે, ત્યાં સુધી જ નંદરાજા આમ ને આમ નિદ્રિત અને નિશ્ચિન્ત રહેવાનો; કારણ કે,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમાત્ય રાક્ષસ તે રાજાનો તેવો જ અદ્વિતીય વિશ્વાસપાત્ર હતો અને તે વિશ્વાસને યોગ્ય હતો પણ ખરો. આખા રાજ્યમાં નંદરાજાના હિતમાટે નેત્રોમાં તેલ આંજીને અહોરાત્ર પ્રયત્ન કરનારો કોઈ સ્વામિનિષ્ઠ સેવક હોય, તો તે એકલો અમાત્ય રાક્ષસ જ હતો અને બીજા અધિકારીઓ તથા પ્રજાજનોમાં તેનો પ્રભાવ પણ તેવો જ હતો. પરંતુ રાજાનો પોતાનો એનામાં આટલો બધો વિશ્વાસ છે અને રાક્ષસ કરે તે જ પૂર્વ દિશા, એવી સ્થિતિ છે, બીજા કોઇને પણ રાજા કાંઇ સલ્લાહ પૂછતો નથી. મુરાદેવીના મહાલયમાં નિવાસ કરીને રહ્યા પછી કોઇથી પણ રાજાના દર્શનનો લાભ લઈ શકાતો નથી; એ સઘળું જોઇને ચાણક્યને ઘણો જ આનંદ થયો. કારણ કે, એથી કેટલાકોના મનમાં રાક્ષસ વિશે દ્વેષ ઉત્પન્ન થએલો તેના જોવામાં આવ્યો. રાક્ષસ પોતે સત્ય અને સ્વામિનિષ્ઠ હતો. તે પોતાના હિતમાં લેશ માત્ર પણ લક્ષ આપતો ન હતો–તેનું ચિત્ત સદા સર્વદા રાજ્ય અને રાજાના હિતમાં જ લાગેલું રહેતું હતું, એ તેનું સત્ય વર્ત્તન બધાને માન્ય હતું; પરંતુ જે કાર્યો રાજાએ પોતે કરવાં જોઇએ, તે પણ તે પોતે કરતો હતો અને વાસ્તવિક રીતે જોતાં તે પોતે જ રાજા બની બેઠો હતો. એથી જ તેના માટે કેટલાકોના મનમાં વૈમનસ્ય ઉત્પન્ન થયું હતું. એવી સ્થિતિથી રાક્ષસ વિશે અસૂયા ઉત્પન્ન થઈ અને જો એ એકલો જ સ્વામિનિષ્ઠ છે, તો શું બીજા સ્વામીદ્રોહી છે? એવી ધારણાથી કેટલાકોને રાજાનો એ અન્યાય ભાસવા લાગ્યો. પાટલિપુત્રમાંના અધિકારિવર્ગની અંતઃસ્થિતિને ચાણક્ય ક્યારનોએ જાણી ચૂક્યો હતો. રાજા પોતે રાજ્યની કાંઈ પણ વ્યવસ્થા જોતો ન હોવાથી અને રાજપુત્ર સુમાલ્ય અદ્યાપિ વયમાં ન્હાનો હોવાથી રાક્ષસને શિરે ઇચ્છા ન છતાં પણ કેટલીક વાર ભૂપાલ પ્રમાણે જ આજ્ઞાઓ આપવાનું કાર્ય આવી પડતું હતું. અર્થાત્ રાક્ષસ એવા પ્રકારની આજ્ઞાઓ કરે, તે ભાગુરાયણ આદિ સેનાપતિઓને રુચતું ન હોતું; પરંતુ તેમની એ રુચિ કે અરુચિ કોઇ ધ્યાનમાં લે તેમ હતું નહિ. ખળભળી ખળભળીને તેઓ પાછા શાંત અને સ્વસ્થ બની બેસી રહેતા હતા.

કોઈ પણ રાજ્યમાં જો એવી સ્થિતિ હોય, તો તે પરિણામે ઘણી જ હાનિકારક થઈ પડે છે. અમાત્ય ગમે તેટલો સારો અને સર્વના માન સન્માનને યોગ્ય હોય, તો પણ સર્વ સત્તા તેના જ હાથમાં હોય અને રાજા કાંઈ પણ દેખરેખ રાખતો ન હોય, તો તે બીજા અધિકારીઓથી દેખી નથી શકાતું. તેમના મનમાં એવા વિચારો આવવા માંડે છે કે, "હવે કાંઇ આપણા ગુણોની કીંમત થવાની નથી–હવે તો આપણને આખો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારતા જ બેસી રહેવું પડશે." અને એવા વિચારોનો પ્રભાવ એ થાય છે કે, ધીમેધીમે તેમનામાં અસંતોષનો વધારો થતો જાય છે. પરન્તુ જો રાજા પોતે જ રાજ્યવ્યવસ્થાને જોનારો હોય, તો "આજ નહિ, તો ચાર દિવસ પછી પણ આપણા ગુણો રાજાના જોવામાં આવશે અને તે વેળાએ આપણને તેનો બદલો પણ મળશે." એવી આશાથી અધિકારીઓ બહુધા શાંત અને સંતુષ્ટ રહે છે. પરંતુ એ રીતિનો સર્વથા નાશ થએલો હોવાથી ભાગુરાયણ આદિ વરિષ્ઠ અધિકારી જનોનાં હૃદયો પણ અસંતોષ અને અસૂયાથી છલાછલ ભરાઈ ગયાં હતાં. ચાણક્યે એ બધું જાણી લીધું અને પોતે પ્રદ્યુમ્નદેવના પુત્ર સાથે આવેલા ઉપાધ્યાયના મિષથી તે એક દિવસે સેનાપતિ ભાગુરાયણને ત્યાં ગયો. સેનાપતિ ભાગુરાયણે તેનું સારું આદરાતિથ્ય કર્યું અને ચાણક્યના ચાતુર્યપૂર્ણ ભાષણથી તે ઘણો જ સંતુષ્ટ થયો. તે એટલે સૂધી કે, ચાણક્ય જ્યારે ત્યાંથી જવા નીકળ્યો, ત્યારે ભાગુરાયણ પણ તેની સાથે તેને પર્ણકુટી સૂધી પહોંચાડવાને ગયો. પર્ણકુટીમાં દરિદ્રતાનું દર્શન કરીને તેણે ચાણક્યને કાંઇક દક્ષિણા આપવાની ઇચ્છા દર્શાવી. પરંતુ તેનો અસ્વીકાર કરીને "હું કોઈની પાસેથી એક કપર્દિક પણ દક્ષિણાના નામથી લેવા ઇચ્છતો નથી, તેમ જ બીજા કોઇની કોઈ પણ પ્રકારની સહાયતાની મને આવશ્યકતા નથી." એવું ચાણક્યે સ્પષ્ટ ઉત્તર આપ્યું. એથી ભાગુરાયણના મનમાં ચાણક્ય વિશે વિશેષ આદરબુદ્ધિ ઉત્પન્ન થઈ. અમુક મનુષ્ય ઘણો જ નિઃસ્પૃહી છે, એવો નિશ્ચય થયો, એટલે તેના માટે મનમાં ઘણો જ સારો ભાવ થાય છે અને ભાવ થયો એટલે રહેતે રહેતે ભક્તિ પણ થઈ જાય છે, એવો એક વિશ્વવ્યાપી નિયમ જ છે. એ જ અવસ્થા ભાગુરાયણની પણ થઈ. ચાણક્ય તે એક મહા–વિભૂતિ–પ્રાચીન કાળના વસિષ્ઠ વિશ્વામિત્રના જેવા જ કોઈ મહર્ષિ છે, એવી તેની ભાવના થઇ ગઈ અને ત્યારથી એક દિવસ પણ તેણે ચાણક્યના દર્શનનો લાભ લીધા વિના જવા દીધો નહિ. દરરોજ ઠરવેલે વખતે તે ચાણક્યની પર્ણકુટીમાં આવવા લાગ્યો. એવી રીતે ભાગુરાયણને પોતાનો ભાવિક ભક્ત બની ગએલો જાણીને, પ્રચંડ ચાણક્યના મનમાં અવર્ણનીય આનંદ થવા લાગ્યો. રાજાના મુખ્ય અંગો માત્ર બે જ કહેવાય છે; એક સેનાપતિ અને બીજો અમાત્ય. કેટલીક વાર તો અમાત્ય અથવા તો સચિવ કરતાં પણ સેનાપતિની પ્રબળતાનું માહાત્મ્ય અધિક હોય છે. કારણ કે, રાજ્યની મુખ્ય શક્તિ જે સેના, તે તેના અધિકારમાં હોવાથી માનો કે આખું રાજ્ય તેના જ હાથમાં હોવા જેવું હોય છે. વ્યાધ રાજાપર સ્વારી કરનાર સેનાપતિ એ ભાગુરાયણ જ હતો, અને એણે જ સુરા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવીનું હરણુ કરીને તેને રાજાનાં ચરણોમાં અર્પી હતી. એથી જ્યારે મુરાદેવીએ રાજપુત્રનો જન્મ દીધો, ત્યારે સ્વાભાવિક રીતે એના હૃદયમાં અત્યંત હર્ષ થયો હતો. વ્યાધ રાજા ખરો ક્ષત્રિય વીર છે અને મુરા ક્ષત્રિય કંન્યા જ છે, એમ રાજાને તેણે અનેકવાર કહેલું હતું; પરંતુ તેના એ કહેણને કોઇએ ધ્યાનમાં લીધું નહિ. એથી જો કે તેને ખેદ તો ઘણો જ થયો, પરંતુ તે વેળાએ બીજા અમાત્યોએ રાજાના ચિત્તને ભ્રમિષ્ટ કરી નાંખેલું હોવાથી ભાગુરાયણનો પોકાર સાંભળવામાં આવ્યો નહિ. વિરુદ્ધ પક્ષે, મુરાદેવીને એ જ હરી લાવેલો હોવાથી તેનો પક્ષ કરીને એ લડવા નીકળે તો તેમાં કાંઈ પણ અજાયબી જેવું નથી, એમ બોલીને કેટલાકોએ સ્હામી તેની અવહેલના પણ કરી અને કેટલાકોએ તો, જો મુરાનું પ્રાબલ્ય વધશે, તો પોતાનું પ્રાબલ્ય પણ વધશે, એવી આશાથી જ એણે મુરાનો પક્ષ લીધો છે, એવો સ્વાર્થપરાયણતાનો પણ તેને શિરે આરોપ ચઢાવ્યો. તે સમયથી જ ભાગુરાયણનું અંતઃકરણ અતિશય ખિન્ન થઈ ગયું હતું. મુરાદેવીના પાછા સારા દિવસો આવેલા જોઇને પાછો તેને સંતોષ થયો. "હું જે પ્રમાણે પ્રથમ રાજાને કહેતો હતો, તેનો હવે રાજાને અનુભવ થયો. તે જાગૃત થયો અને નિરપરાધિની મુરાદેવીને પુનઃ તેણે પોતાની કૃપાપાત્ર બનાવી, એ ઘણું જ સારું થયું." એ વિચારો તેના ક્ષુબ્ધ મનમાં પુનઃ શાંતિનો ભાસ કરાવવા લાગ્યા હતા.

એક દિવસ સાયંકાળે ભાગુરાયણ અને ચાણક્ય સંગમતીરે એકાંતમાં રમ્ય અને શીતળ ગંગાકરણવાહી વાયુનો ઉપભોગ લેતા બેઠા હતા—તેવામાં ભાગુરાયણે, પોતે મુરાદેવીને કેવી રીતે હરી લાવ્યો અને રાજાને અર્પણ કરી ઇત્યાદિ વૃત્તાંત ચાણક્યને કહી સંભળાવ્યો અને ત્યારપછી તેણે એક પુત્રને જન્મ આપવાની અને તેની સોકયોએ તેનો અને તેના પુત્રનો દ્વેષ કરી અમાત્યો સાથે મળી કેવાં કાવત્રાં કર્યાં હતાં અને તે વેળાએ મુરાદેવીનો પક્ષ કરવા છતાં પોતાનું કાંઈ પણ ચાલી ન શક્યું ઇત્યાદિની અથેતિ સમસ્ત કથા કહી સંભળાવી. અને તે સહજ સ્વભાવે બોલ્યો કે, "મુરાદેવીના પુત્રને મેં સારી રીતે જોયો હતો—તેની હસ્તરેષામાં ચક્રવર્તી રાજાનાં સર્વ ચિન્હો સ્પષ્ટ હતાં. આજે જો તે જીવ્યો હોત, તો સુમાલ્યના કરતાં પણ કાંઇક મોટો હોત. રાજાએ પ્રપંચીજનોનાં વચનોને સત્ય માનીને તે પુત્રનો પોતે જ ઘાત કરાવ્યો. શો ઉપાય? રાજાના એ અવિચારી કૃત્ય માટે મારા મનમાં જે કોપ થયો હતો, તે આજે પણ જેવો ને તેવો જ કાયમ છે." ભાગુરાયણનું એ ભાષણ સાંભળીને ચાણક્ય થોડીકવાર તો સ્વસ્થ બેસી રહ્યો અને ત્યાર પછી પોતાના કપટજાળને વિસ્તારવાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રસંગ ઉત્તમ છે, એમ ધારીને તે બોલ્યો કે, "સેનાધ્યક્ષ ભાગુરાયણ! સત્યપક્ષને માટે તમારો પક્ષપાત જોઇને મને ઘણો જ આનંદ થાય છે. જો કે રાક્ષસની તેની સ્વામિનિષ્ઠામાટે સર્વત્ર ઘણી જ વિખ્યાતિ છે, પરંતુ તેના હૃદયમાં સત્યની નિષ્ઠા કેટલીક છે, તે તો પરમાત્મા જાણે! તારી સત્યનિષ્ઠાનું ફળ તને સત્વર જ મળશે. ચિન્તા કરીશ નહિ. તું જેવા વિશ્વાસથી મને આ તારી વીતેલી વાર્ત્તા સંભળાવે છે, તેવી જ રીતે મારો પણ એક બે વાતો તને જણાવવાનો મનોભાવ થએલો છે. પણ પ્રથમ હું એક પ્રશ્ન કરું તેનું તું યથાર્થ ઉત્તર આપ. સમજ કે, મુરાદેવીનો એ પુત્ર મરી નથી ગયો પણ હજી જીવતો જ છે, એમ જો તારી કોઈ પક્કી ખાત્રી કરી આપે—એટલું જ નહિ પણ તેને તારા સમક્ષ લાવીને ઊભો રાખે, તો તેના લાભ માટે તું શો પ્રયત્ન કરવાને તૈયાર થઇશ વારુ? એ બાળક ખરેખર જીવતો જ છે અને હું જ તેને લાવી આપીશ, એમ સમજવાનું નથી–હું તો માત્ર તને વિનોદમાં જ પૂછું છું અને તારો શો મનોભાવ છે, તે જાણવા માગું છું."

"બ્રાહ્મણવર્ય! તમે વિનોદમાં જ પૂછો છો, તે હું પણ વિનોદમાં જ જણાવું છું કે, જો મુરાદેવીનો પુત્ર ખરેખર જ મારા જોવામાં આવે તો હું તેને અવશ્ય યૌવરાજ્યપદ અપાવવાનો પ્રયત્ન કરીશ અને તેમ કરતાં પ્રસંગ ગંભીર થશે, તો અંત પર્યન્ત તેના માટે હું લડીશ અને આ આખું રાજ્ય તેને અપાવીશ. મારી એવી ધારણા હતી કે, એ બાળકને જો રાક્ષસ આદિએ ઘાત કરીને મારી નાંખ્યો ન હોત, તો મહારાજાધિરાજ બનીને તેણે કોઈ મોટા સામ્રાજ્યની સ્થાપના કરી હોત. તેના જન્મના ગ્રહો જ એવા હતા અને તેનાં સામુદ્રિક ચિન્હો પણ એ જ ભવિષ્ય દર્શાવતાં હતાં; પરંતુ વિધિની કેવી વિચિત્રતા કે પ્રફુલ્લ થવાના સમયે જ કુસુમ કરમાઈ ગયું."

"તું તેને રાજ્ય અપાવવાની ઇચ્છા રાખે છે, પણ તે પૂરી કેવી રીતે થશે? સઘળું સૈન્ય તારી સત્તાતળે હોય, તોપણ રાજા અને સચિવનાં નાશના કાર્યમાં તે તને અનુકૂળ થશે કે નહિ, એની શંકા જ છે. અર્થાત માત્ર તારા સૈન્યપર જ આધાર રાખવાથી કાંઈ પણ વળવાનું નથી. મને રાજનીતિ ઘણી જ પ્રિય હોવાથી હું પ્રશ્નોત્તર કરીને તારા સંગે માત્ર વિનોદ જ કરું છું. હવે આપણે એવી કલ્પના કરીએ, કે તું પોતાની ઇચ્છાને પૂર્ણ કરવાની સઘળી યોજના કરી ચૂક્યો ને તે રાજા તથા પ્રધાનથી વિરુદ્ધ છે, એમ જાણવા છતાં પણ સૈનિકો તારી આજ્ઞાને માન આપશે ખરા કે? કદાચિત્ તારા સૈનિકો તારી આજ્ઞાને માન્ય ન કરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો તારી કેવી દુર્દશા થાય વારુ? જો એવો પ્રસંગ આવી પડે, તો તે વેળાએ તું કેવી યુક્તિથી પોતાનું કાર્ય સાધે, તે કહી બતાવ." ચાણક્યે કહ્યું.

"બ્રાહ્મણવર્ય ચાણક્ય મુને! આવા શુષ્ક વાદમાં કાંઈ પણ સાર સમાયલો હોય, એમ મારું ધારવું તો નથી જ! મારો એ તો દૃઢ નિશ્ચય છે કે, મારી સેનાના સૈનિકો સર્વથા મારી આજ્ઞામાં જ છે. હું જે કહું, તેનાથી જરાપણ વિરુદ્ધ કાર્ય તેઓ કરવાના નથી. વધારે તો હું અત્યારે કાંઈ પણ બોલતો નથી, પણ જો એવો પ્રસંગ આવી જ પહોંચ્યો-જો કે તેવો સંભવ તો નથી જ-તો આપને જે મેં કહેલું છે, તે અક્ષરે અક્ષર સત્ય છે કે નહિ, તે હું તમને બતાવીશ." ભાગુરાયણે પોતાની સત્તાની દૃઢતાનું પ્રબળતાથી દર્શન કરાવતાં કહ્યું.

"તારા બોલવામાં સત્યતા નથી, એમ મારું માનવું નથી. વિરુદ્ધ પક્ષે મારી તો એવી જ ધારણા છે, કે તું એક મહા સત્યપરાયણ પુરુષ છે. પણ ભાગુરાયણ! સત્યના સંરક્ષણ માટે માત્ર સત્યનિષ્ઠા જ ઉપયોગી થતી નથી. તેમાં થોડોક દંડનીતિનો પણ ઉપયોગ કરવો પડે છે. નીતિશાસ્ત્રના મહાગુરુ કણિકે પણ કહેલું છે કે, શત્રુને પટકી મારવાનો યોગ્ય સંધિ આવે ત્યાં સૂધી તેને ખભે ઉપાડીને લઈ જવાની જરૂર પડે તો તેમ કરવામાં પણ કાંઈ ચિન્તા નથી-તેમ કરવું અને યોગ્ય વેળા આવે એટલે તેને પછાડી મારવામાં પળમાત્રનો પણ વિલંબ કરવો નહિ. એ ન્યાયને અનુસરીને જ હું કહું છું કે, સત્ય હોય તો તેને પણ થોડીકવાર છૂપાવીને બહારથી અસત્યનો જ આશ્રય લેવો. જો તું એમ નહિ કરે, તો તારી સત્યનિષ્ઠા કાંઈ પણ ઉપયોગી થવાની નથી. હું કહું છું, તે વિશે દીર્ઘ વિચાર કર. આ પણ એક નીતિશાસ્ત્રનો પાઠ જ છે."

ચાણક્યનો એ નીતિવાદ સાંભળીને ભાગુરાયણ બોલ્યો, "બ્રહ્મન્! તમારાં વચનો સર્વથા સત્ય છે. જો એવો સમય આવશે, તો હું કપટનીતિનું અવલંબન નહિ કરું, એમ તમારે ધારવું નહિ. પરંતુ આવી કાલ્પનિક વાર્ત્તાઓમાં ધ્યાન પરોવીને વ્યર્થ વાદવિવાદ કરવામાં શો સાર છે? એ બાબતને હવે છોડી જ દઇએ તો સારું છે. મુરાદેવીનો પુત્ર હવે કાંઈ પાછો જીવતો થવાનો નથી અને આપણે કાંઈ કરવાના નથી. એ તો બધી કલ્પના જ છે. કેમ નહિ?"

"હા-છે તો તેમ જ." ચાણક્ય કિંચિત્ વિચાર કરીને બોલ્યો. "પરંતુ તારા જેવા રાજપુરુષનો અને રાજકાર્યધુરંધરનો મેળાપ થયો હોય અને આવા રાજનીતિના વિષયો કાઢીને વાદવિવાદ ન કરીએ, તો બીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોની સાથે આવો પ્રસંગ પાડીએ વારુ? હું તને એક યુકિત બતાવું છું–તે તને રુચે છે કે નહિ? પાટલિપુત્રના નિકટમાં જ પર્વતેશ્વરનું રાજ્ય આવેલું છે. તેની સભામાં રાક્ષસના નામે એક દૂત મોકલીને એમ કહેવડાવવું કે, તું આવીને પાટલિપુત્રને ઘેરો ઘાલી બેસ, હું તને અંદરથી સહાયતા આપીને પાટલિપુત્ર હસ્તગત કરાવી આપીશ. રાક્ષસને પોતાને જ અનુકૂલ થએલો જોતાં જ પર્વતેશ્વરને ઘણો જ હર્ષ થશે; કારણ કે, પાટલિપુત્રપર તેની આજે ઘણા લાંબા વખતથી દૃષ્ટિ છે. રાક્ષસના સંદેશા ખરેખર રાક્ષસ તરફથી નથી આવતા, એ બાબત તેને જાણ ન થવા દેવાની સખત સંભાળ રાખવી જોઇએ. રાક્ષસ તેને જાણે એવો સંદેશો કહેવડાવે કે, 'હું બહારથી તો મારા રાજનિષ્ઠાના વેષને કાયમ રાખી તારાથી વૈરભાવ હોય, તેવું જ દેખાડીશ. એટલે ધનાનન્દના મનમાં મારા વિશે જરા પણ સંશય રહેશે નહિ. અંદરખાનેથી તને પૂર્ણ રીતે સહાયતા આપી તારા હાથે ધનાનન્દનો નાશ થાય, તેમ કરીને રાજ્યની લગામ તારા જ હાથમાં સોંપીશ.' એ યુકિત જો સફળ થાય તો આશાથી પર્વતેશ્વર પોતાનું સૈન્ય લઇને અહીં આવશે, અને તે આવ્યો કે, એ રાક્ષસના આમંત્રણથી જ આવેલો છે, એવી આપણે સર્વત્ર અફવા ઉડાડવી. પર્વતેશ્વર તરફથી પણ આપણા કહેવાનો પૂરાવો મળશે જ. ત્યારપછી નંદનો નાશ થાય ત્યાં સૂધી તારે અને તારી સેનાના સૈનિકોએ સ્વસ્થતાથી બેસી રહેવું. નંદનો નાશ થયો કે મુરાદેવીના પુત્રને આગળ કરીને તેની વતીએ તારે અને તારા સૈન્યે પર્વતેશ્વરથી લડવું. એથી લોકોનું ચિત્ત તારા તરફ આકર્ષાશે અને તું સત્ય સ્વામિનિષ્ઠ ઠરવાથી તેમના મનમાં નંદનો એ એકલો જ વંશજ બાકી રહેવાથી મુરાદેવીના પુત્ર માટે સ્નેહ પણ ઉત્પન્ન થશે. આ સઘળી વાતો હું કલ્પનાથી રચીને જ કહું છું; પણ જેવી રીતે ચોપટ અથવા શતરંજની રમત રમવામાં આવે છે, તેવી રીતે હું તારા સમક્ષ નીતિશાસ્ત્રનો એક પેચદાર દાવ માંડું છું. એથી મારે જોવાનું છે કે, તું એ દાવ જિતવામાં કેટલો અને કેવો ચતુર છે. એમાં મારો બીજો કશો પણ હેતુ સમાયલો નથી. આ તો આપણા ટાઢા પહોરના ગપાટા જ છે બીજું શું!" ચાણક્યે એ ભાષણથી પોતાના બુદ્ધિબળનો ચતુરતાથી વિસ્તાર કરવા માંડ્યો.

"મને તો એમ જ લાગે છે કે, તમે કહો છો, તે દાવ જો સવળો આવે તો તો ઘણું જ સારું. પણ ત્યદાકદાચિત્ જો અવળો થઈ જાય તો આપણા સર્વસ્વ અને અંતે જીવના નાશનો સંભવ પણ ધારી શકાય ખરો. જો આપણી ધારણા સફળ થાય, તો તો રાક્ષસની બધી ખોડ ભૂલાવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકાય. એને પોતાની રાજનીતિવિશારદતાનું ઘણું જ મોટું અભિમાન છે! પરંતુ કોઈ દિવસે તો એ અહંકારનો આગાર ખાલી થવાનો જ!" ભાગુરાયણે પોતાની અનુમતિ દર્શાવી.

"પણ હવે એ દાવને સવળો કરવામાં તને અશક્યતા શી દેખાય છે? રાક્ષસ એવો સ્વામિદ્રોહનો સંદેશો ન જ મોકલે, એમ ધારીને પર્વતેશ્વર દૂતનો વિશ્વાસ નહિ કરે, એમ તને ભાસે છે? જો એમ ભાસતું હોય તો તે ખોટું છે. પર્વતેશ્વર અવસ્ય તે દૂતને વિશ્વાસપાત્ર ગણવાનો જ, એવી મારી દૃઢ ધારણા છે. રાજા ધનાનંદ મુરાદેવીના મોહપાશમાં ફસાઇને ન કરવા જેવાં કૃત્યો કરવા લાગ્યો છે, એથી હવે મને એના દાસત્વનો કંટાળો આવી ગયો છે. એ શૂદ્રાનારીની શીખવણીથી કોઈ વેળાએ કોણ જાણે તે શુંય અનર્થ કરી નાંખશે, એનો ભરોંસો નથી-તેથી જ હું તને બોલાવું છું-ઇત્યાદિ અગડમ્ બગડમ્ કહેવડાવી મોકલ્યું કે, પાટલિપુત્રનું રાજ્ય લેવાના લોભે અંધ થએલો પર્વતેશ્વર ભ્રમિષ્ટ થઇને એકદમ અહીં આવશે અને પાટલિપુત્રને ઘેરો ઘાલશે. રાક્ષસના આમંત્રણથી જ પર્વતેશ્વરની પાટલિપુત્રમાં પધરામણી થવાની અફવા લોકોમાં એકવાર પ્રસરી, એટલે બીજું શું જોઇએ? બધું અનુકૂલ થઈ જશે. માત્ર તારે તારી સેનાને પોતાના સ્થાનેથી ખસવા દેવી નહિ. એટલે તારો દાવ સવળો થએલો જ જાણવો. કેમ હું કહું છું તે ખરું છે કે ખોટું?" ચાણક્યે યુક્તિનું દર્શન કરાવતાં કહ્યું.

"આર્ય ચાણક્ય! રાજપુત્રનું મરણ થયું છે, એ બીના જો હું જાણતો ન હોત, તો તે જીવતો છે અને તેની તમને સારી રીતે ખબર છે-તેથી જ તમે આમ બોલો છો-એમ જ મેં માન્યું હોત. કારણ કે, તમે યુક્તિઓની જે રચના કરવાનું સૂચવો છો, તે એવી રીતે જ સૂચવો છો કે, જાણે તે હમણાં જ કરવાની હોયની! કૃત્રિમતાનો એમાં કિંચિન્માત્ર પણ ભાસ થતો નથી." ભાગુરાયણે કહ્યું.

"સુજ્ઞ સેનાનાયક! બુદ્ધિમાનોએ વિનોદવાર્તા પણ એવી કરવી જોઇએ કે, જેથી જ્ઞાનની પણ કાંઇક વૃદ્ધિ થઈ શકે. મેં તને હમણાં જ જણાવ્યું હતું કે, મને રાજનીતિશાસ્ત્ર અને તેમાં પણ કુટિલ નીતિશાસ્ત્રનો ઘણો જ નાદ છે." તેથી જ આવી નાના પ્રકારની કાલ્પનિક રચનાઓ કરીને હું મારા મનને બે ઘડી આનંદિત કરું છું. સોકયોએ અને અમાત્યોએ મળીને માત્ર દ્વેષભાવથી જ૦ મુરાદેવીના પુત્રનો ઘાત કર્યો, તેને માટે તારા મનમાં આટલો બધો ખેદ થતો જોઇને મારા મનમાં સહજ એવી કલ્પના થઈ આવી કે, જો એ પુત્ર જીવતો હોય અને તેને તારા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમક્ષ લાવીને ઉભો કરવામાં આવે તો તું શું પ્રયત્ન કરી શકે તેમ છે, તે જોવું. તેથી જ આટલા પ્રશ્નો તને મેં પૂછયા. હું જાણી શકયો કે, જો મારા કહેવા પ્રમાણે જ સર્વ રચના કરવામાં આવે તો દાવ અવળો પડે નહિ. અર્થાત્ એથી કાર્યસિદ્ધિનો પૂરેપૂરો સંભવ છે. કેમ નહિ કે? ચાલો–હશે–આપણો સંવાદ પૂરો થયો." ચાણક્યે ભાગુરાયણના મનોભાવને યુક્તિથી જાણી લીધો અને ગંભીર વિષયને વિનોદમાં ઉડાવી દીધો.

ભાગુરાયણ અને ચાણક્યના એ પરસ્પર સંભાષણમાં ઘણો જ સમય વીતી ગયો. એટલે ચાણક્ય પોતાની પર્ણકુટીમાં જવાને અને ભાગુરાયણ પોતાના મંદિરમાં જવાને નીકળ્યો. ભાગુરાયણ માર્ગમાં ચાલ્યો જતો હતો, તે વેળાએ તેના મનમાં એવી શંકા આવી કે, "મારાપર કોઇપણ નજર રાખીને મારી પાછળ પાછળ તે ચાલ્યો આવે છે. કદાચિત્ એ રાક્ષસનો જ કોઇ ગુપ્ત દૂત હશે." એ શંકાથી તેને મનમાં ઘણું જ માઠું લાગ્યું અને ક્રોધ પણ આવ્યો; પરંતુ નીતિશાસ્ત્રની કલ્પનાથી તેણે પોતાના મનનું સમાધાન કરી લીધું. તે ગૃહે જઇને સાયંસંધ્યાદિ કરીને ભોજન માટે બેસતો હતો; એટલામાં અમાત્ય રાક્ષસ તરફથી આમંત્રણ આવ્યું કે, જેવી સ્થિતિમાં હો તેવી જ સ્થિતિમાં આપને પ્રધાનજી બોલાવે છે. એ આમંત્રણ સાંભળતાં જ ભાગુરાયણ મનમાં પાછો વધારે છેડાયો; પણ તે કોપને શમાવી ભોજન લીધા વિના જ રાક્ષસ પાસે જઈ પહોંચ્યો. તેને જોતાં જ રાક્ષસે જે પ્રથમ પ્રશ્ન કર્યો, તે આ હતો.

"આપ જે બ્રાહ્મણ પાસે જઇને આજકાલ રોજ ઘણો જ સમય વીતાડો છો, તે બ્રાહ્મણ કોણ છે એ જણાવશો કે?"

એ પ્રશ્ન સાંભળતાં જ ભાગુરાયણના કપાળમાં વળ પડી ગયા.

## પ્રકરણ ૧૬ મું.
## ભાગુરાયણ સેનાપતિ.

અમાત્ય રાક્ષસનો પ્રશ્ન સાંભળતાં જ ભાગુરાયણનું સમસ્ત શરીર કોપના આવિર્ભાવથી કંપાયમાન થઈ ગયું, અને તેના મનમાં પણ ઘણો જ સંતાપ થયો. અમાત્ય માટે તેના મનમાં અતોનાત આદર હતો અને અમાત્ય જેવો સ્વામિભક્ત બીજો કોઈ પણ નથી, એ તે સારી રીતે જાણતો હતો; અને એ સ્વામિભક્તિને લીધે જ અમાત્ય સર્વ અધિકારીઓને કરડી નજરથી નીહાળે છે, એ પણ તેની જાણ બહાર તો નહોતું જ. તથાપિ "મારા જેવાની હીલચાલોપર પણ નજર રાખવાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાક્ષસ પોતાના ગુપ્ત દૂતો રાખે છે અને તેમના કાંઈ પણ આડા અવળા સમાચાર સાંભળી મને બોલાવીને આવી રીતે પ્રશ્ન કરે છે." એ વાત મનમાં આવતાં જ તે છેડાયલા નાગ પ્રમાણે લાલ પીળો થઈ ગયો. તેના કોપની પ્રબળતા એટલી બધી થઈ ગઈ હતી કે, તેને કોઈ પણ રીતે દાબી દઈ શકાય તેમ હતું નહિ; તોપણ જેટલું બને તેટલું આત્મસંયમન કરીને ભાગુરાયણ અમાત્યને ઉદ્દેશી કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! મને ભોજન પરથી ઉઠાડી આટલો ત્વરાથી બોલાવીને એકાએક આવા પ્રશ્નો પૂછવામાં આપનો હેતુ શો છે, તે કૃપા કરીને જણાવશો કે? આપનો ભાવ કાંઇક ભિન્ન પ્રકારનો હોય, એવું અનુમાન સ્પષ્ટ રીતે કરી શકાય છે."

પોતાના પ્રશ્નથી સૈનાપતિના મનમાં ક્રોધનો આવિર્ભાવ થયો છે, એ રાક્ષસ તત્કાળ જાણી ગયો, તથાપિ જાણે પોતે કાંઈ પણ જાણતો જ ન હોયની! એવા ડોળથી તે શાંતિ ધારીને બોલ્યો કે, "સેનાધ્યક્ષ! મને એ બ્રાહ્મણ વિશે કાંઇક સંશય છે, અને ગુપ્ત ચારોદ્વારા તપાસ કરાવતાં એ મારા સંશયને દૃઢ કરનારાં કેટલાંક કારણો પણ મળી આવ્યાં છે. પરંતુ આપ પણ ત્યાં જાઓ છો, એવા સમાચાર મને મળવાથી એકવાર આપને એ વિશે પૂછવાના વિચારમાં હું હતો. જો કે એક બે વાર આપનો અને મારો મેળાપ થયો હતો, પણ તે વેળાએ મને આ વિષયનું સ્મરણ થયું ન હોતું–આજ સહજ સ્મરણ થયું, એટલે પાછું વિસ્મરણ થશે તો વળી વાત આગળ ઉપર પડશે, એટલા માટે મેં આપને આમંત્રણ મોકલ્યું. બીજો એમાં મારો કાંઈ પણ હેતુ નથી." એટલું બોલીને અમાત્ય રાક્ષસ એક ધ્યાનથી સૈનાપતિ ભાગુરાયણની મુખમુદ્રાનું અવલોકન કરતો બેઠો. "સહજ સ્મરણ થયું." એ રાક્ષસના શબ્દો સર્વથા અસત્ય હતા. ભાગુરાયણ રોજ સંગમતીરે જાય છે, ત્યાં ઘણીવાર સૂધી બેસે છે, નાના પ્રકારનો વાર્તાલાપ કરે છે, એ સંબંધી બીના રાક્ષસના જાણવામાં આવી હતી, અને તેથી જ તેણે સૈનાનાયકને બોલાવ્યો હતો; એ વાત ભાગુરાયણ પોતે પણ સારી રીતે જાણતો હતો. પરંતુ રાક્ષસને તે સ્પષ્ટ રીતે કહી શકાય તેમ ન હોવાથી તે બીજા જ ભાવથી કહેવા લાગ્યો કે, "હું એ બ્રાહ્મણ વિશે, કાંઇ પણ વધારે જાણતો નથી. એક વેળા તે મારે ત્યાં આવ્યો હતો અને એમ કહ્યું હતું કે, હું પરદેશી મનુષ્ય છું અને ચાર દિવસ આ ગંગાતીરે રહેવા માટે આવેલો છું–અહીં આપના જેવા મહાશયોનો મેળાપ થવાની આશાથી જ હું આવેલો છું.' એના બોલવા ચાલવા પરથી એ બ્રાહ્મણ સારો વિદ્વાન્ હોવો જોઇએ, એવો મારો નિશ્ચય થયો અને તેથી જ એનાથી બોલવા ચાલવાનો મેં વધારે પરિચય રાખ્યો. એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણ જેવો વિદ્વાન્ છે તેવો જ નિઃસ્પૃહી પણ છે. કોઈ પણ પ્રકારની ઇચ્છાનો એનામાં વાસ નથી અને એથી એનામાં મારો વિશેષ ભાવ થયો છે અને કોઈ કોઈ વેળાએ ત્યાં જઈ ચઢું છું એટલું જ—બીજું કશું પણ હું જાણતો નથી." ભાગુરાયણે એટલું કહીને અમાત્યની ચર્યાનું નિરીક્ષણ કર્યું. તેના ઉત્તરથી અમાત્યના મનનું સમાધાન થઈ ન શક્યું, એ તેના જોવામાં તત્કાળ આવી ગયું; તથાપિ અમાત્ય શું બોલે છે, એની વાટ જોતો તે સ્તબ્ધ બનીને બેસી રહ્યો. અમાત્ય પણ કેટલીકવાર સૂધી સ્વસ્થ રહીને ત્યાર પછી કહેવા લાગ્યો કે;—

"સેનાધ્યક્ષ! એ બ્રાહ્મણ મુરાદેવીના બંધુને ત્યાંથી તેના પુત્ર સાથે આવેલો છે, એ આપ જાણતા નથી, એમ આપના બોલવાપરથી અનુમાન કરી શકાય છે. નહિ કે?"

અમાત્યનું એ બોલવું સર્વથા છદ્મી હતું. એ તેના શબ્દોના ઉચ્ચરાની રીતિથી ભાગુરાયણ કળી ગયો. પોતે બ્રાહ્મણનો એટલો સંબંધ ન જણાવવાથી અમાત્યે તે કહી બતાવ્યો. એવી સ્થિતિ જોઇને ભાગુરાયણે કહ્યું કે, "હા—એમ મારા સાંભળવામાં પણ આવ્યું છે તો ખરું."

" પરંતુ આપ એ નિશ્ચયપૂર્વક નથી જાણતા, એમજ ને ?" અમાત્ય રાક્ષસે પાછો પ્રશ્ન પૂછ્યો.

" હું નિશ્ચયપૂર્વક કેમ જાણી શકું ભલા? હું કોઇની પાછળ ગુપ્ત રાજદૂતોને ભમાવીને છૂપી બાતમીઓ મેળવવાનો ઉદ્યોગ કરતો નથી. એથી કોઈ પણ બીના હું નિશ્ચયપૂર્વક જાણી શકતો નથી." ભાગુરાયણે ઉત્તર આપ્યું.

એ છદ્મી ઉત્તર જાણે સમજી જ ન શક્યો હોયની! તેવો ભાવ દેખાડીને રાક્ષસ પાછો તેને પૂછવા લાગ્યો કે, "પણ મેં તો ગુપ્ત રાજદૂતદ્વારા એવી ખબર મેળવી છે કે, એ બ્રાહ્મણ પોતાને જેવી રીતે ઓળખાવે છે, તેથી સર્વથા ભિન્ન પ્રકારનો જ છે. આપ કદાચિત્ એ વિશે કાંઈ પણ નહિ જાણતા હો, ને તેથી આપ કદાચિત્ તેના ભાષણમાં વિશ્વાસ રાખીને ભૂલાવો ખાઈ ન જાઓ, તેટલામાટે જ આપને મેં આજે આટલી ઊતાવળથી બોલાવી મંગાવ્યા છે. એ બ્રાહ્મણનું કહેવું એમ છે કે, 'હું મુરાદેવીના પિયરીયાંમાંથી આવેલો છું, પણ મારા મનમાં તો તે વિશે પણ શંકા છે. મુરાના ભત્રીજાના નામથી એ જે બાળકને લઈ આવ્યો છે, તે ખરેખર મુરાનો ભત્રીજો છે કે નહિ, એનો પણ સંશય જ છે. એ સંબંધીનો મારો શોધ ચાલૂ જ છે, અને આપ પણ જો એ શોધમાં મને સહાયતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરશો, તો વધારે સારું થશે; એવી મારી ધારણા છે. મારો તો આજે એવો જ નિશ્ચય થઈ ગયો છે કે, એ બ્રાહ્મણને એક બે દિવસમાં જ આપણા પાટલિપુત્રમાંથી હાંકી કાઢવો, અથવા દેશનિકાલ કરવો. કદાચિત યવનોનો જાસૂસ બ્રાહ્મણરૂપ ધારીને આવ્યો હોય, એવું મારું માનવું છે. કારણ કે, આપણા રાજ્યમાં પ્રવેશ કરવાને સત્રૂક્ષ ટાંપીને બેઠેલો છે, એ મારે આપને નવેસરથી જણાવવું જોઈએ તેમ તો નથી જ. ત્યારે જે મનુષ્યને આપણે ઓળખતા નથી, એવા કોઈ ગુપ્તવેશીને આપણા જ ગૃહમાં રાખવા કરતાં કાઢી મૂકવો અથવા તો પ્રતિબંધમાં રાખવો, એમાં જ અધિક નિર્ભયતા સમાયલી છે એમ મને તો લાગે છે. આપનો શો વિચાર છે? આપનો અને તેનો આજ કાલ વધારે સ્નેહ સંધાયલો છે, તેથી જ આમ પૂછવું પડે છે."

અમાત્યના અંતિમ શબ્દોથી ભાગુરાયણનો ભીષણ કોપાગ્નિ વધારે સળગ્યો. અમાત્ય પોતાને જ માત્ર ચતુર અને સ્વામિહિતપરાયણ સમજીને બીજાઓને મૂર્ખ તથા સ્વામિહિતદ્રોહી જાણે છે, એમ તેના મનમાં લાગ્યું. એથી તે તત્કાળ બોલી ઉઠ્યો કે, "અમાત્ય રાક્ષસરાજ! આપ આ પાટલિપુત્રમાં જે ધારો તે કરવાને સમર્થ છો; પરંતુ વિનાકારણ સંશય લાવીને કોઈ પવિત્ર બ્રાહ્મણની અવહેલના ન કરો તો વધારે સારું. આપ સર્વ પ્રકારનાં નીતિશાસ્ત્રોમાં ઘણા જ નિપુણ હોવાથી મારા ઉપદેશની આપને આવશ્યકતા તો નથી જ; પરંતુ હજી પણ આપના ગુપ્તદૂતોદ્વારા આપ પાકી ખબર મેળવો, આર્ય ચાણક્ય મ્લેચ્છોનો અથવા તો યવનોનો જાસૂસ છે, એનો પૂરો નિશ્ચય કરો અને ત્યારપછી જે કરવાનું હોય તે કરો. મારો તો તેનાથી જે ચાર દિવસનો પરિચય થએલો છે, તેના આધારે હું તો એમ જ કહું છું કે, એ નિઃસ્પૃહી અને ભોળો બ્રાહ્મણ અહીં પાટલિપુત્રમાં સહજ સ્વભાવે જ આવેલો છે. મુરાદેવીએ તેને પોતાના મહાલયની યજ્ઞશાળામાં આવીને રહેવા માટે કેટલોય આગ્રહ કર્યો પરંતુ એ નિઃસ્પૃહી બ્રાહ્મણે તેના આમંત્રણનો સ્વીકાર કર્યો નહિ. એથી પણ સિદ્ધ થાય છે કે, એ કોઈનો જાસૂસ કે ગુપ્ત દૂત તો નથી જ. છતાં, પણ ભલે આપ તપાસ કરો અને એવો જ નિશ્ચય થાય, તો પછી ઇચ્છા પ્રમાણે જે કરવું હોય તે કરો. આપ ઘણા જ શાંત અને દીર્ઘ વિચારી પુરુષ છો, માટે હું આપને વધારે ઉપદેશ આપી શકું એમ નથી. કોઈ ગરીબ બ્રાહ્મણ વિનાકારણ આપત્તિમાં આવી નં પડે, એટલું જ મારું કહેવું છે. એ બ્રાહ્મણ પૂર્ણ બ્રહ્મનિષ્ઠ અને સુજ્ઞ પંડિત છે.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગુરાયણ અને અમાત્ય રાક્ષસનું એ પ્રમાણે સંભાષણ થયા પછી ભાગુરાયણ પોતાના મંદિરે જવાને નીકળ્યો. માત્ર અમાત્ય વિશેની તેની શુદ્ધ ભાવનામાં આજે ભેદ થઈ ગયો. તેના મનમાં આવા વિચારો આવવા માંડ્યા; "અમાત્યની હવે મારા વિશે પણ સંશયબુદ્ધિ થવા માંડી છે અને તેથી પોતાના ગુપ્તચરોદ્વારા તે મારા વર્ત્તનની પણ તપાસ રખાવે છે. આવા અમાત્યના અધિકાર તળે રહેવું, તે હવે પોતાનું અપમાન પોતાને હાથે જ કરવા જેવું છે. અમાત્ય અને સેનાપતિ એ બન્ને સમાન અધિકારી હોવા જોઇએ-અને જો તેમ ન પણ હોય, તો સેનાપતિ વિશે અમાત્યે આવી શંકાશીલ વૃત્તિ રાખવી જોઇએ નહિ. એમ ન વર્તતાં અમાત્ય મારા વિશે પણ શંકા કરવા લાગ્યો છે, તો હવે જ્યાં સૂધી રાક્ષસનો આ રાજ્યમાં અધિકાર છે, ત્યાં સૂધી આપણે અહીં રહેવું નહિ, બીજે કોઈ સ્થળે નીકળી જવું, એ જ સારો માર્ગ છે." એવો તેનો નિશ્ચય થયો. એક વાર આવા વિચારો મનમાં આવવા માંડ્યા કે પછી તે તીડોની વૃદ્ધિ પ્રમાણે કેવા વધતા જાય છે, એનો નિયમ જ રહેતો નથી." હું આટલો બધો સારી રીતે વર્તતો હોવા છતાં પણ મારા વિશે અમાત્યના હૃદયમાં આટલી બધી શંકા થવાનું કારણ શું હોવું જોઇએ;" એના શોધમાં તેનું ચિત્ત લીન બની ગયું;અને "મુરાદેવીને મેં રાજાનાં ચરણોમાં અર્પિત કરી, ત્યારનો મારા વિશેનો દ્વેષ અથવા મત્સર અદ્યાપિ અમાત્યના અંતઃકરણમાં કાયમ હોવો જોઇએ," એવું કારણ તેણે શોધી કાઢ્યું. આજ સૂધીમાં જે જે વાતો તેને સારી દેખાતી હતી, તે હવે બીજા પ્રકારની દેખાવા લાગી. એથી ક્ષણે ક્ષણે એની શંકામાં પણ વધારો જ થતો ગયો. તેને એવો પણ સંશય થયો કે, "અમાત્યના મનમાં મારા વિશે સારા વિચારો તો નથી જ. તેથી જો પ્રસંગ આવશે અને મારા વિરુદ્ધ કોઇ ક્ષુદ્ર કારણ મળી આવશે, તો તત્કાળ અમાત્ય મને આ પાટલિપુત્રમાંથી બહાર હાંકી કાઢવાનો જ."

થોડીકવાર તેનું હૃદય શાંત થઈ ગયું અને પાછું વિચારસાગરમાં ડૂબકીઓ મારવા લાગ્યું. "આવી સ્થિતિમાં મારે અહીં શામાટે રહેવું જોઇએ ? રાજા ધનાનન્દ તો કાંઈ જોતો જ નથી, ને તેથી સર્વ સત્તા એ અમાત્યના હાથમાં આવવાથી એ પોતાને જ ભૂપાલ માનીને સઘળી વ્યવસ્થા કરે છે. એ વ્યવથા કરે છે, તેનું તો કાંઈ નહિ; પરંતુ એ વ્યવસ્થા તેણે પોતાની બરાબરીના બીજા વરિષ્ઠ અધિકારીઓનું માન જાળવીને કરવી જોઇએ કે નહિ ? મારામાટે જે ગુપ્તચારો એણે નીમ્યા હશે, તેમના આગળ મારી હવે શી કીંમત રહી ? પુષ્પપુરમાંનો કોઈ સાધારણ ચોર અને હું સમાન જ થયા કે નહિ ? અને જેના તેના વિષે શંકા-શંકા એટલે ! આર્ય ચાણક્ય

કેવો નમ્ર અને ઉત્તમ બ્રાહ્મણ છે–તેમ જ બ્રહ્મનિષ્ઠ અને વિદ્વાન્ પણ છે–તેને એ દેશનિકાલ કરવાનો છે; તે શામાટે ? તે મુરાદેવીના મોસાળપક્ષનો છે તેટલામાટે જ. ધન્ય–ધન્ય રાક્ષસ અમાત્ય ! જો તું આવી રીતે સંશયથી જ વર્ત્યા કરીશ, તો મારા જેવા માની પુરુષો એક ક્ષણમાત્ર પણ આ પાટલિપુત્રમાં વસવાના નથી. આર્ય ચાણક્યે આજે સાંઝે વાતો કરતાં કરતાં વિનોદમાં જ જે રાજનીતિની વાત કાઢી હતી, તે પ્રમાણે જો તે બાળક ખરેખર જીવતો જ હોય, તો આ અભિમાની અમાત્યની, તેનો પક્ષ લઈને કેવી ખોડ ભુલાવી શકાય ! પણ અફસોસ ! કે તેમ નથી. એ વાત તે શક્ય કયાંથી થઈ શકે ? મારાઓની તલવારથી હિમાલયના અરણ્યમાં કપાઈ ગએલું બાળક આજે જીવતું ક્યાંથી હોઈ શકે વારુ ? પણ જો હોય તો ? વાહ વાહ–તો તો પછી બીજું શું જોઇએ ? જો એમ હોય તો અમાત્યની હું સારી રીતે પૂજેતી કરી શકીશ. રાજા ધનાનન્દને શું છે–તે પોતે તો આજ કાલ રાજ્યકાર્યભારમાં ભાગ લેતો જ નથી–એટલે એને તો પોતાને સ્થાને સુમાલ્ય હોય કે બીજો કોઈ હોય, તો તે સરખું જ છે. જો એ બાળક જીવતો હોય, તો યુવરાજ થવાનો અને રાજ્યાસને વિરાજવાનો ખરો અધિકાર તો તેનો જ છે." એવા પ્રકારના અનેક પરંતુ એક જ પ્રકારના વિચારોનો પ્રવાહ તેના મનમાં વહ્યો જતો હતો અને તે પોતાનો માર્ગ કાપતો જતો હતો. તે પોતાના મંદિરમાં આવી પહોંચ્યો. તેની ક્ષુધા તો મરી જ ગએલી હતી, એટલે તે શય્યામાં આળોટયો. પણ એ વિચારોની ધાંધલથી આખી રાત તેને નિદ્રા આવી નહિ. તેની એવી ધારણા થઈ કે, "અમાત્યના મનમાં ચાણક્યવિષે જે શંકા આવેલી છે, તેથી એ બ્રાહ્મણને જાણીતો કરી દેવો જોઇએ. કોણ જાણે રાક્ષસ કાંઈ પણ ઉંધું ચત્તું કરી નાંખે તો ! બીજો કોઇ દૂત આવીને બીજી કાંઇ વાત કહેશે અને તેથી તેના મનમાં વળી બીજો જ કાંઈ ભાવ થતાં તે વિના કારણ એ બ્રાહ્મણનું અપમાન કરીને તેને આ પાટલિપુત્રમાંથી દેશનિકાલ કરી દેશે. એના કરતાં આપણે જ તે બ્રાહ્મણને સાવધ કરવો, એ વધારે સારું." મનમાં એવો વિચાર આવતાં જ સવાર થવાની તે કાગને ડોળે વાટ જોતો બેઠો અને પાછો દિવસ કયારે આથમે અને ચાણક્યને કયારે મળી શકાય, એની ચિન્તામાં જ તે સર્વથા નિમગ્ન થઈ ગયો.

બીજા દિવસનો સૂર્ય ઉદિત થયો અને પાછો તે અસ્તાચલમાં પણ ચાલ્યો ગયો. સંધ્યાકાળ થતાં જ ભાગુરાયણ ચાણક્ય પાસે ગયો. પોતાની પાછળ જાસૂસો ફર્યા કરે છે, એ તે ગઈ કાલથી જાણીગયો હતો. એટલે આજે તેવા કોઈ જાસૂસો પાછળ છે કે નહિ, તે જોવાને તેણે ચારે તરફ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નજર ફેરવી અને તેની શંકા ખરી પણ ઠરી. એથી તો સામો તેના મનમાં વધારે સંતાપ થયો અને સેનાપતિના પદે છતાં પણ જે નગરીમાં પોતાનું અપમાન થતું હોય, તે નગરીમાં રહેવું જ શાને માટે? બીજા રાજ્યમાં જઈને નોકરી કરી પેટ ભરવાનું સામર્થ્ય નથી કે શું? એવી એવી અનેક ભાવનાઓ એક પછી એક તેના મનમાં આવવા લાગી. જો તેની ઇચ્છા થઈ હોત તો જે દૂતો તેની પાછળ પડેલા હતા, તેમને પકડીને તેઓ કોની આજ્ઞાથી અને શા ભેદના શોધ માટે ફરતા હતા, ઇત્યાદિ તે બળાત્કારે પણ પૂછવાને શક્તિમાન્ હતો. માત્ર એક સિપાહીને હુકમ કરવાનો વિલંબ હતો. પણ એ ઇચ્છાને તેણે મનમાંને મનમાં જ દાબી દીધી અને તે સીધો ચાણક્યના આશ્રમની દિશામાં ચાલતો થયો. જતાં જતાં તેના મનમાં બીજો એક વિચાર આવ્યો અને તત્કાળ તેણે પોતાના સાથે લીધેલા નોકરને પાછો ઘેર મોકલી દીધો. નોકરને ઘેર જવાની આજ્ઞા થતાં જ તે આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયો. પણ જ્યાં સ્વામીની જ ઇચ્છા ન હોય ત્યાં નોકર વધારે શું કરી શકે? તે ચાલ્યો ગયો. ભાગુરાયણ એકલો જ ગંગાકણવાહી શીતલ વાયુથી પોતાના તપ્ત મસ્તકને શાંત કરતો આર્ય ચાણક્યની પર્ણકુટીમાં આવી પહોંચ્યો.

આર્ય ચાણક્ય પણ આજે ખરેખર ઘણી જ ઉત્સુકતાથી ભાગુરાયણની વાટ જોતો બેઠો હતો—છતાં પણ બહારથી બેપરવાઇનો ભાવ દેખાડતો તે કહેવા લાગ્યો કે, "સેનાધ્યક્ષ! આજે તું આવીશ, એવી મારી ધારણા હતી નહિ. કાલે અને પાછું આજે કાંઈ લગોલગ આવવું થાય છે. બાકી આ તારા આગમનથી મને તો ઘણો જ આનંદ થાય છે, એનું મારા મુખથી વિશેષ વર્ણન કરવાની આવશ્યકતા નથી."

"અને આપનાં દર્શન તથા આપની સાથેના સંભાષણથી મને પણ અદ્વિતીય આનંદ થાય છે, એ પણ ખુલ્લું જ છે—માટે તેના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. હું તો હવે આપને મારા ગુરુ જ ધારું છું. પણ આર્ય ચાણક્ય, આજે હું આપને એક વાત કહેવા અને પૂછવાને આવેલો છું. હું જે કહું અને પૂછું, તેથી જો આપ કોપ ન કરવાનું વચન આપો તો પછી હું મારી જીભ ખોલું." ભાગુરાયણે નમ્રતાથી વિનતિ કરી.

"હું કોપ કરું? સેનાનાયક! આ દરિદ્રી બ્રાહ્મણે લો લજ્જા, કોપ અને ખેદનો ક્યારથીએ ત્યાગ કરેલો છે. હવે એ વસ્તુઓ મારી પાસે છે જ ક્યાં, કે જેમનો મારા હૃદયમાં આવિર્ભાવ થઈ શકે? જે કહેવા અને પૂછવાનું હોય, તે સુખેથી કહે અને પૂછ. હું સાંભળવાને અને તેનાં ઉત્તરો દેવાને તૈયાર છું." ચાણક્યે કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાણુકયનું એ ઉત્તર સાંભળીને સેનાપતિ સર્વથા સ્તબ્ધ જ થઈ ગયો. થોડીવાર રહીને તે બોલ્યો, "આપે મને પોતાનો જે વૃત્તાંત કહી સંભળાવ્યો છે, તેથી ખરેખરો વૃત્તાંત કાંઈક ભિન્ન છે કે શું? જો તેમ હોય તો તે ભેદ મને જણાવો, એવી મારી વિનતિ છે. એનું યથાર્થ ઉત્તર મને મળશે, એટલે આગળ મારે જે કહેવાનું છે, તે કહી સંભળાવીશ."

ચાણુકય હસ્યો અને ઉત્તરમાં તેણે જણાવ્યું કે, "સેનાપતે! ગઈ કાલે રાત્રે તારા અહીંથી ગયા પછી તને મારાવિષે કોઈએ કાંઈ પણ કહેલું હોવું જોઇએ. એ વિના તારા મુખમાંથી આવો પ્રશ્ન નીકળે, એ અસંભવિત છે. માટે તને ભંભેરીને તારા મનમાં આવી રીતે પૂછવાની જેણે ઇચ્છા ઉપજાવી છે, તેને જ તેં જો કાંઈ વધારે પૂછી લીધું હોત, તો ખાસ આટલા કાર્યમાટે જ તને મારે ત્યાં આવવાની અગત્ય રહી ન હોત. આ ગરીબ બ્રાહ્મણનો વૃત્તાંત તને સંભળાવ્યો છે, તેથી ભિન્ન તે શો હોઈ શકે વારુ? જે કાંઈ હતું તે તો મેં તને કહી દીધું છે. પરંતુ એથી જૂદો મારો બીજો જ વૃત્તાંત છે, એમ જો તને કોઇએ કહ્યું હોય, તો તે મને કહે–એટલે એમાં સત્ય અને અસત્ય કેટલું છે, તે હું તને બતાવી આપું. બાકી તને કોઇએ સાચી ખોટી વાત કહેલી છે, એનો તર્ક તો મેં કરી જ લીધો છે. સેનાધ્યક્ષ! નીતિશાસ્ત્રનું એ તત્ત્વ જ છે કે, પોતાના રાજ્યમાં જે કોઈ પણ નવો પુરુષ આવે, તેની પૂઠે જાસૂસો લગાડી દેવા અને તે શું કરે છે, કયાં કયાં જાય આવે છે, કોનાથી વાતચિત કરે છે, ઇત્યાદિ બાબતોની તપાસ રાખવી. એ તત્ત્વને અનુસરીને અમાત્ય રાક્ષસે મારી ચર્યા જોવાને ગુપ્તચરોની યોજના કરેલી હશે જ, એ કાંઈ મારી જાણ બહાર નથી. રાજા સર્વદા ચાર ચક્ષુવાળો કહેવાય છે. હાલમાં રાજાનું કાર્ય અમાત્ય રાક્ષસ ચલાવે છે, માટે તે પણ ચારચક્ષુવાળો થયો હોય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. પરંતુ જ્યારે મારા જીવનચરિત્રમાં કાંઇ ભેદ અને રહસ્ય જેવું છે જ નહિ, ત્યારે મારે ડરવાનું શું કારણ છે? પણ સેનાપતે! જે ખરો નીતિશાસ્ત્રનો જાણનારો હોય છે, તે માત્ર પોતાના જાસૂસોનાં વચનોમાં જ વિશ્વાસ નથી રાખતો; કિન્તુ જાસૂસોએ લાવી આપેલી બાતમીઓની પોતે પરીક્ષા કરીને ત્યાર પછી જ તેનો નિશ્ચય કરે છે. માટે આ દરિદ્રી બ્રાહ્મણ વિશે જો તને કોઇએ કાંઇપણ પૂછ્યું હોય, તો તે પૂછનાર અમાત્ય રાક્ષસ જ હોવો જોઇએ. કારણ કે, જેવી રીતે તેના અનુચરો મારી પૂઠે ભમતા હશે, તેવી રીતે તે તારી પૂઠે પણ ભમતા હોવા જોઇએ. એથી જ તારું અહીં જવું આવવું છે, એની તેને ખબર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડવાથી તને કાંઇપણ મારા વિશે તેણે પૂછ્યું હશે. હું કહું છું તે ખરું છે કે ખોટું? મારો તર્ક બરાબર છે કે નહિ?"

આર્ય ચાણક્યની આવી તર્ક શક્તિને જોઈ ભાગુરાયણ ઘણો જ આશ્ચર્યચકિત થઈ ગયો. ચાણક્યનો તર્ક આટલો બધો સત્ય કેવી રીતે થયો હશે, એનું જ તેને રહી રહીને આશ્ચર્ય થવા લાગ્યું. તેનો ક્ષણવાર એવો ભાવ પણ થયો કે, "રાક્ષસ પ્રમાણે આ બ્રાહ્મણે પણ મારી પૂઠે ગુપ્ત દૂતો તો નહિ રાખ્યા હોય?" પણ બીજી જ પળે તેને પોતાની એ ધારણા નિર્મૂળ જણાઈ અને "એ ચતુર તથા નીતિ શાસ્ત્રજ્ઞ હોવાથી જ એનો તર્ક અક્ષરે અક્ષર સત્ય ઊભો રહ્યો છે." એવો તેનો નિશ્ચય થઈ ગયો. ચાણક્ય તેને પાછો હસતો હસતો પુછવા લાગ્યો કે, "તું જે કાંઈ પૂછવાનો હતો તે પુછ્યું-હવે જે વાત કહેવાનો હતો તે શું છે? તે સાંભળવાને હું અત્યંત ઉત્સુક થઈ રહ્યો છું."

એ પ્રશ્ન સાંભળીને ભાગુરાયણ એકાએક શુદ્ધિમાં આવ્યો ને "કહું છું." એવા શબ્દો તેના મુખમાંથી અચાનક નીકળી ગયા. પછી જે કાંઈ બન્યું હતું, તે સર્વ તેણે ચાણક્યને કહી સંભળાવ્યું. એ સાંભળીને ચાણક્યના હૃદયમાં ઘણો જ સંતાપ થયો; પરંતુ તે સંતાપને લેશ માત્ર પણ તેણે વ્યક્ત થવા દીધો નહિ. તે મનસ્વી જ બોલ્યો; "અમાત્ય રાક્ષસ! હવે તારા અને મારા યુદ્ધનો સમય નિકટ જ આવી પહોંચ્યો છે. એ યુદ્ધમાં હવે કોનો વિજય થાય છે અને કોણ દેશપાર જાય છે, તે જોવાનું છે." ત્યાર કેડે તે ભાગુરાયણને સંબોધીને કહેવા લાગ્યો કે, "સેનાધ્યક્ષ! જેવી રીતે તેં મને તારી કથા કહી સંભળાવી, તેવી રીતે મારે પણ તને મારી કથા કહી સંભળાવવી છે. પરંતુ એ કથા ઘણી જ ગુપ્ત હોવાથી અહીં કહેવાય તેવી નથી-ચાલો આપણે નદીના સામા તીરે જઇએ-ત્યાં હું કહીશ."

હવે એ ગુપ્ત કથા શી હતી, તે ચાણક્યને કહેવાનો અને ભાગુરાયણને સાંભળવાનો સમય આપીને તેમને એકાંતમાં જવા દઈ, આપણે આપણી નવલકથાનાં બીજાં પાત્રોની ભાળ લઈએ.

---

## પ્રકરણ ૧૭ મું.

### અમાત્ય રાક્ષસ.

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટના પછી બીજે દિવસે મધ્યાન્હ પછીના શાંત સમયે અમાત્ય રાક્ષસ પોતાના મંદિરના એક અંતર્ગૃહમાં પોતે એકલો જ કાંઈ વિચાર કરતો બેઠો હતો. જ્યારે જ્યારે કોઈ બીજું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવીને પોતાને ત્રાસ ન આપે, એવી તેની ઇચ્છા થતી હતી, ત્યારે તે એ જ અંતર્ગૃહમાં આવીને બેસતો હતો અને પોતાના પ્રતિહારીને એવી કઠિન આજ્ઞા આપતો હતો કે, "મારા સમક્ષ કોઇને પણ આવવા દેવો નહિ અને કોઈ આવ્યું હોય, તેની મને ખબર પણ ન પહોંચાડવી. માત્ર જો અમુક અમુક ગુપ્તદૂતો આવે, તો તેમને જ આવવા દેવા." એ નિયમ પ્રમાણે આજે પણ પ્રતિહારીને આજ્ઞા આપીને રાજપ્રધાન પોતાના ખાનગી ઓરડામાં કાંઇક ઊંડા વિચારમાં નિમગ્ન થઇને બેઠો હતો. આજે તેની મુખમુદ્રાએ કાંઇક વિચિત્ર ગંભીરતાનો ભાવ ધારેલો હતો.

અમાત્ય રાક્ષસ દેખાવમાં ઘણો જ તેજસ્વી અને શરીરે પણ ઊંચો અને ભરેલો પુરુષ હતો. તેનું શરીરબંધન તત્કાળ બીજાના મનમાં પ્રભાવ પાડી શકે એવું હતું. નેત્રો પાણીવાળાં અને સર્વગ્રાહી દેખાતાં હતાં. કપાળ ઉચ્ચ અને વિસ્તીર્ણ તથા છાતી ઘણી પહોળી અને વિશાળ હતી; એ સર્વ કારણોથી અને તેની મુખમુદ્રા ઘણી જ ગંભીર હોવાથી લોકોના મનમાં એનો ઘણો જ સારો પ્રભાવ પડતો હતો. અમુક કાર્ય કરવા માટેનો રાક્ષસનો નિશ્ચય થયો, એટલે તેથી વિરુદ્ધ મત કોઈ પણ આપી શકે તેમ નહોતું. પરંતુ એ પ્રભાવની સર્વના હૃદયમાં એક સરખી અસર થતી હોવાથી તે જેવો જોઇએ તેવો લોકપ્રિય હતો નહિ. જેટલો પ્રભાવ પોતાના દાસપર કે કોઈ કાયસ્થ (કારકૂન) પર તે નાંખતો હોય, તેટલો જ પ્રભાવ પોતાની બરાબરીના અધિકારીપર પણ નાંખવાની તેને ટેવ હોવાથી તેવા સમાન પદધારી અધિકારીઓ તેને અંતઃકરણપૂર્વક માન આપતા નહોતા. તે રાજાનો પ્રતિનિધિ અને સ્વામિહિતદર્શી તેમ જ મહા ન્યાયનિષ્ઠ અને પોતાના હિતની લેશમાત્ર પણ પરવા રાખનારો ન હોવાથી લોકોમાં તેની કીર્ત્તિ પણ વિશેષ હતી અને તે પ્રજાપ્રિય પણ હતો. વળી ગુપ્ત દૂતો દ્વારા ગુપ્ત સમાચારો મેળવવામાટે તે સદા તત્પર રહેતો હોવાથી સાધારણ રીતે પ્રજાજનો કે અધિકારીઓ કોઇપણ પ્રકારનું અયોગ્ય વર્ત્તન કરવામાં ઘણા જ ખંચાતા હતા. પરંતુ તે મોટા મોટા અધિકારીઓની પણ સાધારણ લોકો પ્રમાણે જ તુલના કરતો હોવાથી મંત્રિમંડળમાં તેના માટે જોઇએ તેટલો સંતોષ હતો નહિ. મોટા અધિકારીઓ, આપણામાં પણ રાક્ષસ સર્વદા અવિશ્વાસ જ રાખે છે, એ વિચારથી નિરંતર ઉદાસીન રહેતા હતા. રાક્ષસના ચાતુર્યમાં માત્ર એટલી જ ખામી હતી કે, તેમના મનની સત્ય સ્થિતિનું તે દર્શન કરી શકતો નહોતો. હવે આપણે રાક્ષસના હાલના વિચારોનું અવલોકન કરીએ અને વાર્તાના વળાને આગળ લંબાવીએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપર કહેલું જ છે કે, અમાત્ય રાક્ષસ આ વેળાએ માત્ર પોતે એકલો જ બેઠેલો હતો અને કોઈ ગૂઢ વિચારમાં નિમગ્ન થઈ ગયો હતો. રાજ્યની તાત્કાલિક સ્થિતિ તે એના વિચારનો મુખ્ય વિષય હતો અને તે સાથે મુરાદેવી, તેનો ભત્રીજો અને આર્ય ચાણક્ય એ ત્રયીનો વધારે સંબંધ સંધાયલો હતો. તેનો વિચારપ્રવાહ આ પ્રમાણે વહેતો જતો હતો. "મુરાદેવી બંધનમુક્ત થઈ, તે દિવસથી રાજાના મનમાં તેણે પોતાનો એટલો બધો પ્રભાવ પાડી દીધો છે કે, મને પણ રાજાને મળતાં અડચણ પડવા લાગી છે. એ સર્વ થયું કેમ?" એનું જ એને રહી રહીને આશ્ચર્ય થયા કરતું હતું. એણે પોતાની સઘળી ચતુરતાને એકત્ર કરી ઘણોય વિચાર કર્યો, પરંતુ જેમ જેમ તે વધારે અને વધારે વિચાર કરતો ગયો, તેમ તેમ આશ્ચર્ય પણ વધારે અને વધારે જ થવા લાગ્યું. અર્થાત્ બીજું કાંઇપણ પરિણામ થયું નહિ. "જો રાજા મુરાદેવીના મોહજાળમાંથી મુક્ત નહિ થાય, તો અંતે કોણ જાણે કેવું પરિણામ આવશે, એનો નિયમ નથી." એમ પણ તેને ભાસવા લાગ્યું. પરંતુ મુરાદેવીએ પોતાના પાડેલા પ્રભાવને રાજાના મનમાંથી કાઢી નાંખીને પાછો તેને પૂર્વ સ્થિતિમાં લાવવા માટે શો ઉપાય કરવો, એની તેને સૂઝ પડી નહિ. "મુરાદેવી એક ક્ષણ માત્ર પણ દૂર થતી નથી અને કદાચિત્ દૂર થાય છે તો એવા પ્રસંગે કે જ્યારે રાજા સમક્ષ અન્ય કોઈ પણ મનુષ્ય હોય નહિ. બીજા કોઈના આવવાનો તેના મનમાં જરા પણ સંશય આવ્યો, કે ઝટપટ તે ત્યાં પાછી હાજર થઈ જાય છે. જેવી રીતે બીજાં સ્થાનોમાં મેં મારા ગુપ્ત દૂતો રાખેલા છે, તેવી જ રીતે હવે મુરાદેવીના મંદિરમાં પણ ગુપ્ત વાર્તાઓને જાણી લેવા માટે કોઈ વ્યક્તિને રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ," એવો તેણે મનમાં નિશ્ચય કર્યો. પોતાના અંતઃપુરની કોઈ દાસીદ્વારા ત્યાંની કોઈ દાસીને ખૂટવવાની ધારણા કરી અને તે પ્રમાણે તેણે કાર્યનો ઉપક્રમ પણ કર્યો. મુરાદેવીની ઘણી જ પ્રિયપાત્રા અને વિશ્વાસુ દાસી વૃન્દમાલા છે, એ તેના જાણવામાં હતું. તેથી એને જ મેળવી લીધાથી વધારે લાભનો સંભવ છે, એવા નિશ્ચયથી એક વાર વૃન્દમાલાને બોલાવી તેની સાથે એકાંતમાં વાતચિત કરવાનો પ્રસંગ મળે, એવી તેણે યોજના કરી. "જો વૃન્દમાલા જેવી દાસી મને અનુકૂલ થાય, તો તો ઘણું જ સારું. કારણ કે, મુરાદેવી કેવી રીતે બોલે છે અને કેવી રીતે ચાલે છે, તે સર્વ હું જાણી શકીશ અને એ બધી વાતો જાણવામાં આવી, એટલે પછી રાજાને ઠેકાણે લાવવામાં વધારે શ્રમ પડશે નહિ. જો વૃન્દમાલા એકવાર અહીં આવે અને તેની તથા મારી પરસ્પર વાતચિત થાય, એટલે તે મને અનુકૂલ થઇ જ સમજવી. એ સ્ત્રી કાંઈ સામાન્ય જનો કરતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વધારે બુદ્ધિવાળી તો નહિ જ હોય." એવું તેણે કાવત્રું કરવું ધાર્યું અને એક બે દિવસમાં તે સિદ્ધ થઈ શકે, એવી કેટલીક યોગ્ય વ્યવસ્થા પણ કરી દીધી.

મુરાદેવી વિશેના વિચારને હવે હૃદયમાંથી દૂર કરી તેનું સ્થાન તેણે ચન્દ્રગુપ્ત વિશેના વિચારોને આપ્યું. ચન્દ્રગુપ્તને જોયો, તે દિવસથી રાક્ષસ કાંઈક વિચિત્ર ચિન્તામાં પડી ગયો હતો. કોઈ તેજસ્વી, અત્યંત ચંચળ અને પીળું નાગનું બચ્ચું જોવામાં આવે ત્યારે પ્રથમ આપણા મનમાં કાંઇક આનંદ અને કૌતુકનો ભાવ થાય છે, અને તેની ચપળતાથી મન મોહિત પણ થઈ જાય છે; પણ બીજી જ પળે એનાથી આપણો જીવ જોખમમાં છે, માટે એને પાસે રાખવું ન જોઇએ–વિરુદ્ધ પક્ષે દૂર કરવું કે એને મારી નાંખવું જોઇએ–એવો આપણો ભાવ બદલાઈ જાય છે, અને આપણે તેને મારવાનાં સાધનો શોધવા માંડીએ છીએ. એવી જ ચન્દ્રગુપ્તને જોતાં અમાત્ય રાક્ષસના મનની સ્થિતિ થએલી હતી. ચન્દ્રગુપ્ત, ઘણો જ સુંદર તેજસ્વી, ચતુર, સર્વ કળાઓમાં પ્રવીણ અને સાહસી યુવક છે, એવો તેનો સર્વથા નિશ્ચય થઈ ગયો હતો, અને એ નિશ્ચય પ્રમાણે થોડા દિવસમાં અનુભવ પણ થયો. પરંતુ તેની મુખમુદ્રામાં કાંઇક એવી વિચિત્રતા હતી કે, જેથી એ બાળક મુરાદેવીના સંબંધથી પાટલિપુત્રમાં આવ્યો છે, એ સારું નથી, એને અહીં લાંબો સમય ટકવા દેવો ન જોઇએ અને જો ટકવા દીધો તો કોણ જાણે શું સંકટ આવશે ને શું નહિ, એનો નિયમ નથી. એવી તેના વિશે અમાત્યની ભયંકર ધારણા થઈ. "મુરાદેવી આજ કાલ રાજાની જીવ કે પ્રાણ જ બની રહેલી છે. તેથી તેના ભત્રીજાના સંબંધમાં હું કાંઈ પણ ખટપટ કરું છું, એની જો રાજાને ખબર પડશે, તો રાજાની મારા પર ઇતરાજી થવાનો પણ સંભવ છે; માટે એ બાળકના વિષયમાં જે કાંઈપણ ઊંધું ચત્તું કરવું હોય, તે ગુપ્ત રીતે જ કરવું જોઇએ." એવો તેણે નિશ્ચય કર્યો. પ્રથમ તો ચન્દ્રગુપ્ત તે ખરેખર મુરાદેવીના બંધુનો પુત્ર છે કે નહિ, એના શોધનો વિચાર કરીને તે પ્રમાણે હિમાલયમાંના પ્રદ્યુમ્નદેવના રાજ્યમાં તેને પુત્ર છે કે નહિ, એની ખબર મેળવવાના હેતુથી એક ગુપ્ત દૂતને મોકલવાને તે તૈયાર થયો. તેણે પોતાના પ્રતિહારીને બોલાવીને "હિરણ્યગુપ્તને બોલાવી લાવ." એવી આજ્ઞા કરી. પ્રતિહારી જેવી આપની આજ્ઞા" એમ કહીને ઉભો રહ્યો. એટલે અમાત્યે કહ્યું કે, "કહેલું કાર્ય તત્કાળ કરી આવવાને બદલે તું ઊભો કેમ રહ્યો?" એવો પ્રશ્ન પૂછાતાં જ તે પ્રતિહારીએ હાથ જોડીને જવાબ આપ્યો કે, "અમાત્યરાજ! હિમાલયમાંથી કોઈ ભિલ્લ દૂત પોતાના રાજાની પત્રિકા લઇને આવેલો છે અને તે આપને આપવાની ઇચ્છા કરતો બેઠો છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ સાંભળતાં જ રાક્ષસ આશ્ચર્યચકિત થયો અને પોતાના મનમાં જ કહેવા લાગ્યો કે, "ભિલ્લ અને તે પોતાના રાજાની પત્રિકા લઈને આવેલો છે? એ શું હશે વારુ? હિમાલયનો રાજા તો પ્રદ્યુમ્નદેવ જ! પરંતુ જે વાર્ત્તા પ્રત્યક્ષ છે, તે વિશે લાંબા લાંબા વિચારો કરવામાં શો સાર છે? તેને બોલાવીને પત્રિકા વાંચી, એટલે બધો ખુલાસો થઈ જવાનો." એમ વિચારીને તેણે પ્રતિહારીને આજ્ઞા કરતાં કહ્યું કે, "ઠીક છે—ત્યારે તે ભિલ્લને અહીં લઈ આવ."

પ્રતિહારી બહાર ગયો અને તે ભિલ્લને સાથે લઈને પાછો અંદર આવ્યો. ભિલ્લ જો કે શરીરે તો ઘણો જ કાળો—અમાવાસ્યાની રાત્રી જેવો હતો, પણ ઘણો જ દૂરથી ચાલતો આવેલો હોવાથી અત્યારે તેનું શરીર માર્ગમાં ઉડેલી ધૂળથી છવાયલું હતું. તેથી જાણે કૃષ્ણવર્ણ મેઘમંડળમાં, મહાસાગરમાં નિમગ્ન થએલા અસ્તાચલગત સૂર્યની ધૂસર કાંતિની છટા પ્રસરેલી હોયની! તેવો ભાસ થતો હતો. અંદર આવતાં જ તે ભિલ્લે રાક્ષસને દંડવત્ પ્રણામ કર્યો અને એક થેલી તેના ચરણોમાં રાખીને વિનતિ કરી કે, "મહારાજ! અમારા મહારાજે કુશલપ્રશ્નપૂર્વક આ પત્રિકા આપના નામે મોકલી છે. જો એનું કાંઇપણ ઉત્તર આપવાનું હોય, તો તે લઈ જવાને દાસ તૈયાર છે." ભિલ્લ એ પ્રમાણે બોલતો હતો, તેટલા સમયમાં રાક્ષસે પ્રથમ તે કોથળીને ધારી ધારીને જોઈ અને ત્યાર પછી તેમાંની ભૂર્જપત્રપર લખેલી પત્રિકા કાઢીને વાંચવા માંડી. તે નીચે પ્રમાણે;—

"સ્વસ્તિશ્રીમત્સકલ સામન્ત મુકુટમણિ રંજિત ચરણ નખર મહારાજ ધનાનન્દના અમાત્યવર રાક્ષસવર્માની સેવામાં—હિમાલય અંતર્ગત નિષાદ ખાસ પ્રાગ્યાધિપતિ મહારાજ પ્રદ્યુમ્નદેવની અનેક કુશલ પ્રશ્નો પશ્ચાત્ પ્રાર્થના કે, હાલમાં મહારાજ પ્રદ્યુમ્નદેવની ભગિની શ્રી મન્મહાદેવી મુરાનો ઘણો જ આગ્રહ થવાથી મહારાજે પોતાના પુત્ર યુવરાજ ચન્દ્રગુપ્તને ચાર દિવસ પાટલિપુત્રમાં રહેવા માટે અને ત્યાંની રાજ્યવ્યવસ્થા સમજી લેવા માટે મોકલેલા છે. યુવરાજ ત્યાંથી નીકળ્યા, તે વેળાએ આ પત્રિકા પણ તેમની સાથે જ આપને મોકલવાનો વિચાર હતો; પરંતુ લખેલી પત્રિકા કાંઇક દષ્ટિદોષથી ત્યાંની ત્યાં જ પડી રહી અને તેથી આજે તે શીઘ્રગામી દૂતદ્વારા મોકલવાની જરૂર પડી છે. અમારી ભગિની મુરાદેવી પર મહારાજની પુનઃ પૂર્ણ કૃપા થએલી છે, એ સાંભળીને માતુશ્રીને અને મને પણ ઘણો જ આનંદ થયો છે અને આપને પણ હવે તેના વિશે કાંઈ સંશય અથવા તો રોષ નથી, એ જાણીને તો હર્ષની પરિસીમા જ થઇ છે. તેથી જ મુરાદેવીના આમંત્રણને માન આપી, યુવરાજને અહીંના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક ઋષિ સમાન પંડિત સાથે ત્યાં મોકલવામાં આવ્યા છે. યુવરાજને ભિન્ન ભિન્ન દેશો જોવાનો લાભ મળે અને આપના જેવા ચતુર તથા નીતિજ્ઞ અમાત્યશ્રેષ્ઠોનાં દર્શનનો પણ લાભ મળે, તેમજ આપની રાજ્યવ્યવસ્થા પણ તેના જોવામાં આવે, એટલા જ હેતુથી અમે યુવરાજને પાઠવ્યો છે. તે જ્યાં સુધી પાટલિપુત્રમાં રહે, ત્યાં સુધી આપના છત્ર તળે છે, તેથી જ હું નિશ્ચિત થયો છું. આપના જેવા અમાત્યો કાંઈ બધા રાજાઓને મળી નથી શકતા, તેમ જ આપના જેવાનાં દર્શનનો અને આપ પાસેથી શિક્ષણનો લાભ પણ ઘણા જ થોડાને મળી શકે છે. પરંતુ એ દુર્લભ લાભ ચંદ્રગુપ્તને મળે, એવી ધારણાથી જ તેને ત્યાં મોકલવામાં આવ્યો છે. આર્ય ચાણક્ય ઘણો જ નિરપેક્ષ અને નિઃસ્પૃહી બ્રાહ્મણ છે—અર્થાત્ તેથી તે કોઈ મહાન્ પદવીધરને ઘેર ચાલી ચલાવીને જાય તેવો નથી. તેથી જ આ પત્રિકા મોકલવી પડી છે. ચન્દ્રગુપ્ત પોતાનો જ છે, એમ માનીને તેનાપર કૃપાદૃષ્ટિ રાખવી. ઇતિશમ્. લેખન મર્યાદા."

એ પત્રિકા વાંચીને અમાત્ય રાક્ષસ ઘણો જ ચકિત થઈ ગયો. પ્રદ્યુમ્નદેવ આવા માન સન્માનથી પોતાપર પત્ર મોકલશે, એની તેને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ. અને તેથી જ થોડી વાર પહેલાં તેણે પ્રદ્યુમ્નદેવના રાજ્યમાં ગુપ્ત દૂત મોકલવાનો અને ત્યાંની ગુપ્ત માહિતી મેળવવાનો વિચાર કર્યો હતો. પણ હવે જાસુસને મોકલવાની શી જરૂર હોય? એ ધૂલીધૂસર ભિલ્લ તેની પત્રિકા લઇને આવ્યો, ત્યારે હવે શંકા શી રહી? ચન્દ્રગુપ્ત અને મુરાદેવીના રૂપમાં સામ્ય દેખાયું હતું, તે યોગ્ય જ હતું—હવે તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ હતું નહિ. એવા એવા વિચારોથી અંતે તેણે નિશ્ચય કર્યો કે, "પ્રદ્યુમ્નદેવે આવી નમ્રતાથી પત્રિકા લખી છે અને હું તેનો અનાદર કરું તે ઠીક ન કહેવાય. ગમે તેવો હોય તોય તે પણ એક રાજા તો છે જ—જ્યારે એણે પોતે જ આવી નમ્રતા દેખાડી છે, ત્યારે હું પણ એ નમ્રતાને માન આપી તેના પુત્રમાં પ્રેમ રાખું, એ મારું કર્ત્તવ્ય છે. મારા મનમાં જે શંકા હતી, તે નીકળી ગઈ છે. માટે હવે એ વિશે વિચાર કરવો વ્યર્થ છે." એ નિશ્ચય પછી તેણે એ પત્રના ઉત્તરમાં એક ઘણું જ નમ્રતા અને વિનયથી ભરેલું પત્ર લખ્યું અને તે ભિલ્લને આપી તેને સારી રીતે જમાડીને રવાના કરવાનો તેણે પ્રતિહારીને હુકમ આપ્યો. ભિલ્લ ત્યાંથી ચાલતો થયો. ધારવા કરતાં પરિણામ વિચિત્ર જ આવ્યું.

થોડી જ વારમાં હિરણ્યગુપ્ત આવી પહોંચ્યો. હિરણ્યગુપ્ત તે અમાત્ય રાક્ષસના અત્યંત વિશ્વાસુ સેવકોમાંનો એક હતો. જેટલા દૂતો રાક્ષસની આજ્ઞાથી કાર્યો કરતા હતા, તે સર્વ કોણ છે અને કેવા છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એની માહિતી માત્ર હિરણ્યગુપ્તને જ હતી. હિરણ્યગુપ્ત અંદર આવતાં જ દ્વાર બંધ કરીને રાક્ષસ તેને કહેવા લાગ્યો કે, "હિરણ્યગુપ્ત! જે ખાસ કારણમાટે તને બોલાવ્યો હતો, તે કામ થઈ ગયું; માટે તે વિશે હવે કાંઈ પણ વાતચિત કરવાની નથી. પરંતુ તેં વૃન્દમાલા વિશે શી વ્યવસ્થા કરી, તે કહે જોઇએ."

"સ્વામિન્!" હિરણ્યગુપ્ત ઉત્તર આપતો બોલ્યો." વૃન્દમાલાને મેં પોતે મળીને અમાત્યે તને એકવાર પોતાને મળવાનું કહેલું છે એમ કહ્યું. પણ એ સાંભળતાં જ તે ઘણી જ ગભરાટમાં પડી ગઈ અને અધૂરામાં પૂરું જ્યારે મેં એમ કહ્યું કે, અમાત્ય તને એકાંતમાં મળવા માગે છે, ત્યારે તો તેના ગભરાટનો પાર જ રહ્યો નહિ. પરંતુ મેં તેને, તારી સ્વામિનીના કલ્યાણના હેતુથી તને બોલાવવામાં આવી છે-માટે તને બીવાનું કાંઈ પણ કારણ નથી, ઇત્યાદિ વાક્યો કહીને પ્રહર પર્યન્ત સમજાવી, ત્યારે તેણે આજે આવવાની કબૂલાત આપેલી છે." હિરણ્યગુપ્તનું એ ભાષણ સાંભળીને રાક્ષસે અસંતોષનો ભાવ દેખાડીને કહ્યું કે, "હિરણ્યગુપ્ત! તું આટલાં વર્ષોથી મારે ત્યાં છે, પણ હજી તને કાંઈ પણ આવડતું નથી, એમ જ દેખાય છે. અરે ગાંડા! તેને અહીં આવવા માટેનો સંદેશો તારે પ્રથમ તારી પત્નીદ્વારા કહેવડાવવો જોઇતો હતો, તેને બદલે આ તેં કાચું શું કાપ્યું? હિરણ્યગુપ્ત વૃન્દમાલાને મળ્યો હતો, એટલી જ જો મુરાદેવીને ખબર પડી, તો તેને અવશ્ય સંશય આવવાનો જ અને વૃન્દમાલામાંનો તેનો વિશ્વાસ પણ ઊઠી જવાનો. અને જો વૃન્દમાલામાંનો તેનો વિશ્વાસ જતો રહે, તો પછી તે આપણને શા ઉપયોગની? હશે-જે થયું તે થયું. જો વૃન્દમાલા આજે જ આવી પહોંચશે, તો ઉપાય નથી, પણ કદાચિત્ ન આવે, તો તારી પત્ની તેને જઇને મારી પત્નીને મળવામાટે લઈ આવે, એવી વ્યવસ્થા કરજે. એકવાર એ નિમિત્તે તે અહીં આવી, એટલે ગમે તે ઉપાયે પણ હું તેને મળીશ. એથી તે અહીં શામાટે આવી અને કેમ આવી, એની વધારે તપાસ થવાનો સંભવ રહેશે નહિ. હિરણ્યગુપ્ત! આવા વિષયોમાં ઘણી જ સંભાળથી કામ લેવું પડે છે, તાત!" રાક્ષસનું એ ભાષણ આટલીવાર હિરણ્યગુપ્ત શાંતિથી સાંભળતો બેઠો હતો. રાક્ષસનું બોલવું પૂર્ણ થતાં જ તે બોલ્યો કે, "મને પહેલાંથી જ એ સુઝયું નહિ. ઘણું કરીને તો આજે તે અહીં આવશે જ. પરંતુ જો ન આવી, તો હવેપછીની વ્યવસ્થા આપની આજ્ઞા પ્રમાણે જ કરીશ." પરંતુ હિરણ્યગુપ્તનાં એ વાક્યો પૂરાં થયાં, ન થયાં, એટલામાં તો પ્રતિહારીએ આવીને જણાવ્યું કે, "સ્વામિન્! કોઇ દાસી, અમાત્યે મને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલાવવાથી આવેલી છું, એમ કહે છે અને તે બહાર ઊભી છે. મેં તેને તું કોણ અને કોની દાસી છે, ઇત્યાદિ પૂછતાં તેણે એટલું જ ઉત્તર આપ્યું કે, અમાત્ય બધું જાણે છે. વધારે તે કાંઈ બોલતી નથી. મહાસ્વામીની શી આજ્ઞા છે?"

એ સાંભળીને રાક્ષસે કહ્યું કે, "હિરણ્યગુપ્ત! જોયું કે? બહુધા એ તે જ હોવી જોઇએ. પરંતુ એ કાંઇક શાણી હોય એમ દેખાય છે. નહિ તો પ્રતિહારીએ પૂછતાં જ તેણે હું ફલાણી અને ફલાણીની દાસી એમ તત્કાળ જણાવી દીધું હોત. ઠીક છે–તેને અહીં મોકલ. તેને તું અંદર પહોંચાડી જા અને ત્યારપછી તે ચાલી ન જાય ત્યાં સૂધી તું પાછો અહીં ફરકીશ નહિ."

પ્રતિહારી "જેવી સ્વામીની આજ્ઞા" એમ કહીને ત્યાંથી ચાલ્યો ગયો, થોડી જ વારમાં તે દાસી અંદર આવી પહોંચી. અમાત્ય રાક્ષસે અર્ધ ઉત્થાનથી તેનો આદર કર્યો અને કહ્યું કે, "આવો–વૃન્દમાલાબાઈ! આપની પ્રકૃતિ તો ઠીક છે ને ?" દાસી કિંચિત્ હસી અને કહેવા લાગી કે," અમાત્યરાજ! મારા જેવી એક શુદ્ર દાસીનો આટલો આદર સત્કાર શાનો કરો છો ? જે કાંઈ પણ આજ્ઞા કરવાની હોય તે કરો એટલે થયું."

"વૃન્દમાલાબાઈ! તમે દાસી થયાં તેથી શું થયું ? દાસી છતાં પણ જ્યારે તમને મેં મારા કોઈ ખાસ કાર્ય માટે બોલાવેલાં છે, તો મારે તમારો આદર સત્કાર પણ તેવો જ કરવો જોઇએ. તમારાં સ્વામિની તો કુશળ છે ને! તમે શું કે અમે શું, આપણા સ્વામી અને સ્વામિનીનું કુશળ હોય, તેમાં જ પોતાનું કુશળ માનવાનાં–નહિ તો આપણું ક્ષેમકુશળ તો હોય કે ન હોય, એ બધું બરાબર જ છે. કેમ મારું બોલવું સત્ય છે કે નહિ?" એમ કહીને અમાત્યે હસીને દાસીપ્રતિ દૃષ્ટિપાત કર્યો.

દાસી સ્મિત હાસ્ય કરતી કરતી કહેવા લાગી કે, "બાઈ! આ તે શું કહેવાય? આપની અને મારા જેવી એક કપર્દિકાના મૂલ્યની દાસીની સમાનતા કેમ કરીને થઈ શકે? જો અમાત્યની આજ્ઞા થાય, તો તત્કાલ ........."

"વૃન્દમાલાબાઈ! આજ્ઞા તે શાની ? મહારાજ પોતે આજકાલ બહુ કરીને તમારી સ્વામિનીના મંદિરમાં જ રહે છે, તેથી તેમની કુશળ વાર્તા પૂરેપૂરી અમારા જાણવામાં આવી નથી શકતી. તેથી જ કાંઈ નવાજૂની થઇ હોય, તો આપના મુખથી જાણી લેવાના હેતુથી જ તમને અહીં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવવાનો શ્રમ આપવો પડ્યો છે. વળી તમારી, સ્વામિનીમાં વિલક્ષણ નિષ્ઠા છે, એમ સાંભળીને તે તમારા અદ્વિતીય ગુણમાટે તમને કાંઇક પારિતોષિક આપવાની પણ મારી ભાવના થએલી છે. તમે તો જાણતા જ હશો કે, સ્વામિનિષ્ઠ મનુષ્યો મને ઘણાં જ પ્રિય હોય છે." અમાત્ય રાક્ષસે પોતાની ચતુરતાની જાળનો વિસ્તાર કરવા માંડ્યો.

"શાની સ્વામિનિષ્ઠા? પહેરાવેલાં વસ્ત્રોની અને ખવડાવેલા અન્નની અમે ચાકરડીઓ—અમારામાં વળી સ્વામિનિષ્ઠા તે કયાંથી આવી? અને મારાજેવી એક ગરીબ દાસીએ પારિતોષિકને પણ શું કરવાનું છે?" વૃન્દમાલાએ પોતાની નિરભિમાનતા દેખાડનારાં વચનો ઉચ્ચાર્યાં.

"પારિતોષિક અમે પોતે જ આપતા હોઇએ તો તમને તે લેવામાં શી હરકત છે? લ્યો." એમ કહીને અમાત્યે પોતે બેઠો હતો, તે આસન તળેથી બે સુવર્ણકંકણો કાઢ્યાં અને વૃન્દમાલાના હાથમાં આપ્યાં. તેણે પણ પ્રથમ થોડી હાના કરીને પછી તેનો તત્કાળ સ્વીકાર કર્યો.

ત્યાર પછી અમાત્ય રાક્ષસ તેને કહેવા લાગ્યો, "તમે મારા સમક્ષ જરા પણ સંકોચાશો નહિ. મારી તમને એટલી જ વિનતિ છે કે, તમારા મહાલયની સઘળી ખબર મને મળવી જોઇએ. પરંતુ ખબર પહોંચાડવાને તમારે પોતે અહીં આવવાની કાંઈ પણ અગત્ય નથી—આ હિરણ્યગુપ્ત તમારે ત્યાં આવતો રહેશે, એટલે કાંઈ નવા જૂની બને તેની એને ખબર આપશો, તો ચાલી શકશે. જ્યારે ખાસ તમારા આવવા જેવું જ હશે, ત્યારે હું, તમને કહેવડાવી મોકલીશ, અથવા તમે જ સંદેશો મોકલજો કે, હું અમુક વેળાએ આવીશ—એટલે તમે આવો કે ત્વરિત અંતઃ પ્રવેશ કરી શકો, એવી વ્યવસ્થા હું આગળથી કરી રાખું. તમારે મારુ કાર્ય માત્ર એટલું જ કરવાનું છે કે, મુરાદેવીના અંતઃપુરમાં નિત્ય શું શું બને છે, તે મને જણાવવું. બીજું કાંઈ પણ નહિ. એમાં કાંઈ મહત્વનુ હોય કિંવા ન હોય.........."

"ભલે—હું કહીશ. એમાં મારી શી હાનિ છે? હું અમારા અંતઃપુરની સર્વ કથા એને કહી સંભળાવીશ અને આપને મળવાની અગત્ય પડશે, ત્યારે પાછી અહીં આવીશ. હું તો જેવી મહારાજાની દાસી, તેવી આપની પણ દાસી, માટે જેવી આપની આજ્ઞા થાય, તેવી રીતે મારે વર્તવું જ જોઇએ." વૃન્દમાલાએ વચમાં જ કહ્યું.

"પણ વૃન્દમાલા! હું તને એ ખબર પૂછું છું અથવા તો મારો દૂત એ કાર્ય માટે તારે ત્યાં આવે છે, એની કોઇને જાણ થવી ન જોઇએ. સાંભળ્યું?". અમાત્યે પોતાના રહસ્યને ગુપ્ત રાખવાની સૂચના કરી.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" વારુ–કોઈને પણ જાણ થવા પામશે નહિ. પણ હું ક્યારની એક વાત કહેવાની હતી, તે વાતોમાંને વાતોમાં ભૂલી જ ગઈ. આપ મને વૃન્દમાલાના નામે બોલાવો છો તો ખરા, પણ હું કાંઈ વૃન્દમાલા નથી. કિન્તુ વૃન્દમાલાની સાથે જ રહી પોતાની સ્વામિનીની સેવા કરનારી વૃન્દમાલાની પરમ પ્રિય સખી છું. વૃન્દમાલા તો મુરાદેવી પાસેથી ક્ષણ પણ માત્ર દૂર થઇ નથી શકતી. તેથી જ તેણે મને કહ્યું કે, "સખિ સુમતિકે! અમાત્યરાજનો મને આવો સંદેશો મળેલો છે, અને મારાથી તો નીકળી શકાય તેમ છે નહિ. પરંતુ તું અને હું કાંઈ જૂદાં તો નથી જ. માટે મારા બદલે તું જ ત્યાં જઇ આવ. અમાત્યરાજને જણાવજે કે, આવાં આવાં કારણોને લીધે વૃન્દમાલાથી આવી શકાયું નથી અને તેથી જ તેણે મને અહીં મોકલી છે. હું અને તે એક જ છીએ. તેથી વૃન્દમાલાને જે આજ્ઞા કરવાની હોય તે મને કરો, એટલે હું તેને કહી સંભળાવીશ. આ હું ક્યારનુંય કહેવાની હતી, પણ પીટચો અવસર જ મળ્યો નહિ–તે ઠેઠ અત્યારે કહેવાયું." સુમતિકાએ પોતાનો ભેદ હતો, તે ખોલી નાંખ્યો.

અમાત્યને એ ભેદ જાણતાં મહાન્ આશ્ચર્ય થયું. તેણે કાંઇક ચમત્કારિક દૃષ્ટિથી હિરણ્યગુપ્ત તરફ જોયું; પરંતુ વિશેષ કાંઇ પણ ન બોલતાં તે, તે દાસીને કહેવા લાગ્યો કે, "ચિન્તા નહિ. તું હોય કે તે હોય, તે સાથે અમારે શું કરવાનું છે? તે તારી સખી છે, અને તેથી પોતાને બદલે તેણે તને મોકલી છે તો એમાં અયોગ્ય કર્યું નથી. તમારામાંથી કોઈ પણ મારું કાર્ય કરી આપે એટલે થયું."

"કાર્યમાટે નિશ્ચિન્ત રહેવું. વારુ–ત્યારે છે હવે જવાની આજ્ઞા?" દાસીએ કાર્ય કરી આપવાનું વચન આપીને જવાની રજા માગતાં પૂછ્યું.

અમાત્યે તેને આજ્ઞા આપી. દાસી ત્યાંથી નીકળી તે મુરાદેવીના મંદિરમાં ન જતાં ગંગાના તીર પ્રાન્તમાં જઈ પહોંચી.

## પ્રકરણ ૧૮ મું.

### અપરાધી કોણ?

અમાત્ય રાક્ષસ પોતાનાં બન્ને કાર્યોમાં જોઇએ તેવા યોગો આવી મળવાથી મનમાં ઘણો જ સંતુષ્ટ થયો. ચન્દ્રગુપ્ત ખરેખર કોણ હશે, એ વિશે તેના મનમાં જે સંશય હતો, તે પણ દૂર થયો અને મુરાદેવીના અંતઃપુરમાં પોતાનો કોઈ પણ ગુપ્ત દૂત હતો નહિ–તેથી ત્યાંની કાંઈ પણ બીના જાણવામાં આવતી નહોતી–તે હવે અક્ષરે અક્ષર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણવાનો માર્ગ ખુલ્લો થયો. મુરાદેવીના સંનિધમાં રહેનારી દાસી જ એ કાર્યમાટે, પૂર્ણપણે અનુકૂલા થઈ; ત્યારે હવે બીજું શું જોઇએ? ઉપરાંત ચન્દ્રગુપ્તના પિતાએ પણ આટલી બધી નમ્રતાથી પત્ર લખી વિનતિ કરેલી છે, ત્યારે એ નિમિત્તે તેનાપર નજર રાખવાથી પત્ર પ્રમાણે કર્યું પણ કહેવાશે અને બીજી યોજના પણ યોજાશે–એવા પ્રકારના વિચારો રાક્ષસના મનમાં ચાલૂ હતા. એટલામાં તેનો પ્રતિહારી આવીને પુનઃ તેને પ્રાર્થના કરવા લાગ્યો કે, "સ્વામિન્! બહાર કોઈ રાજપુત્ર પધારેલા છે અને તેમના પ્રતિહારીના કહેવા પ્રમાણે તે કિરાતરાજા પ્રદ્યુમ્નદેવના કુમાર ચન્દ્રગુપ્ત છે અને તે ખાસ આપને મળવામાટે જ પધાર્યા છે. જેવી આજ્ઞા." એ સમાચાર સાંભળતાં જ અમાત્ય ઊતાવળો ઊતાવળો ઊઠ્યો અને દ્વારપર સામો જઇને ચન્દ્રગુપ્તને સત્કાર સહિત અંદર લઈ આવ્યો. એક ઉચ્ચસ્થાને ચન્દ્રગુપ્તને બેસાડ્યા પછી તેણે બોલવાનો આરંભ કરતાં કહ્યું કે, "પાટલિપુત્રમાં આવ્યાને ઘણા દિવસ થયા છતાં આ દાસના ગૃહને તો આજે જ પવિત્ર કર્યું. ચાલો એ પણ લાભ જ થયો."

"અમાત્યરાજ, મારાપિતા પ્રદ્યુમ્નદેવની ગઇ કાલે જ મને એક પત્રિકા મળી છે. એમાં તેમણે મને એવી આજ્ઞા કરેલી છે કે, તમને ખાસ મળીને હવે પછી મારે પાટલિપુત્રમાં તમારી અનુમતિથી જ વર્ત્તવું. પિતાની આજ્ઞાને માન આપીને જ આજે હું અહીં આવેલો છું." ચન્દ્રગુપ્તે પોતાના અચિન્ત્ય આગમનનું કારણ સ્પષ્ટતાથી વ્યક્ત કર્યું.

"કુમાર! મારાપર પણ આપના પિતાશ્રી પ્રદ્યુમ્નદેવનું આજ્ઞાપત્ર આવેલું છે. આપ અહીં રહો ત્યાં સુધી મારાથી થવા જેવી હોય તેવી કાર્ય સેવા નિઃશંકતાથી મને બતાવવી–તેવી સેવા કરવાને હું તૈયાર છું. આપના પિતાના પત્રની વાટ જોઇને આટલા દિવસ આપ બોલ્યા ચાલ્યા વિના છાનામાના બેસી કેમ રહ્યા, હશો, એ જ હું સમજી શકતો નથી. આપે અમથી પણ આજ્ઞા કરી હોત, તો તેને માન આપવું, એ મારું કર્તવ્ય હતું. આપને ત્યાં છે તો સર્વ કુશળને?" અમાત્ય પણ કિંચિત્ સંતુષ્ટ થઇને કહેવા લાગ્યો.

"હા–પત્રમાં તો સર્વ કુશળ હોવાનું લખેલું છે." કુમાર ચન્દ્રગુપ્તે ટૂંકો જવાબ આપ્યો અને થોડી વાર પછી તે રાક્ષસની આજ્ઞા લઇને ચાલ્યો ગયો. રાક્ષસ પોતાના મનમાં વિશેષ સંતુષ્ટ થયો.

પરંતુ ચન્દ્રગુપ્તને જોતાં પુનઃ તેના મનમાં કાંઇક ચમત્કારિક પરિણામ થયું. મુરાદેવી અને એ કુમારની મુખમુદ્રામાં રહેલું સામ્ય તેના હૃદયમાં આવી ઉભું રહ્યું અને વારંવાર તે મનસ્વી જ પ્રશ્ન કરવા લાગ્યો કે, "આવું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિલક્ષણ સામ્ય બંધુના પુત્રમાં કેવી રીતે હોઈ શકે ?" પુનઃ તેણે પોતાના મનનું સમાધાન કર્યું કે, "પ્રદ્યુમ્નદેવ મુરાદેવીનો સહોદર ભ્રાતા છે, માટે મુરાની અને તેના બંધુની ચર્યામાં સામ્ય હોય, એ સ્વાભાવિક છે–અને પુત્રનું મુખ પિતા જેવું થયું હશે."

એવી રીતે મનમાંથી જ ઉપજાવી કાઢેલાં ઉત્તરોવડે રાક્ષસના કેટલાક સંશયો તો તે દિવસે દૂર થયા અને તે સર્વથા નિશ્ચિંત થયો. હવે તેના મનમાં એક જ ચિંતા બાકી રહી–તે એ કે, "રાજા ધનાનન્દ રાજ્ય કાર્યભારમાં કાંઈ પણ ભાગ લેતો નથી. મુરાદેવીમાંથી એનો મોહ ઓછો કરીને પાછો એને રાજ્યકાર્યમાં કેવી રીતે નાંખવો ? રાજાને ગમે તે ઉપાયે પણ ઠેકાણે તો લાવવો જોઈએ જ અને આપણો મુરાના મંદિરમાં તો પ્રવેશ પણ થઈ શકે તેમ નથી. પણ હવે જ્યારે મુરાની દાસી જ આપણાથી મળેલી છે અને તે જ આપણી ગુપ્ત દૂતી થએલી છે, તો કોઈ ને કોઈ યુક્તિથી પણ રાજાનું મન કોઈ દિવસે પણ ફેરવી શકાશે ખરું. એક વાર રાજાનો અને મારો મેળાપ થયો, એટલે મારું કાર્ય સહજમાં જ થઈ જશે. માટે એ વિશે હવે વધારે કાળજી રાખવાની કાંઈ પણ અગત્ય નથી." એવો વિચાર કરી ત્યાંથી ઊઠીને તે પોતાના અન્ય કાર્યની વ્યવસ્થા કરવા માટે ઉદ્યુક્ત થયો.

અમાત્યની આજ્ઞા અનુસાર હિરણ્યગુપ્ત પ્રતિદિને ગુપ્ત રીતે સુમતિકાને મળવા માટે મુરાના મંદિરમાં જતો હતો. સુમતિકા પણ તે પૂછે તેનાં યોગ્ય ઉત્તરો આપતી હતી અને જો કાંઈ વધારે બીના બની હોય તો તે વિના પૂછે પણ કહી દેતી હતી. હિરણ્યગુપ્ત એ સર્વ વૃત્તાંત રાક્ષસને કહી સંભળાવતો હતો. એ વૃત્તાંતોમાં મુરાદેવી વિરુદ્ધની વાતોની સંખ્યા વધારે રહેતી હતી. એક દિવસે તો સુમતિકાએ પોતે અમાત્યરાજને મળવાની ઇચ્છા દર્શાવી અને તે પ્રમાણે અમાત્યને ત્યાં આવીને એકાંતમાં રાક્ષસને સૂચવ્યું કે, "મુરાદેવીનો કોઈ કૃષ્ણ કારસ્થાન કરવાનો મનોભાવ છે. પણ તે શું છે, એ હું હજી સંપૂર્ણ રીતે જાણી શકી નથી. હવે એમાં વધારે ધ્યાન રાખીને જો કાંઈ પણ જાણવા જેવું બનશે તો હું તમને તત્કાળ જણાવીશ. આ ભેદ પૂરેપૂરો ખુલી ન જાય, ત્યાં સુધી આજની આ વાતને છૂપી જ રાખજો."

"પણ એ ભયંકર કારસ્થાન શું છે?" અમાત્ય રાક્ષસે પૂછ્યું.

"કારસ્થાન શું છે, તે અદ્યાપિ મારા જાણવામાં આવ્યું નથી. માત્ર મને સંશય આવ્યો, તેટલી જ બીના આપને જણાવી છે." સુમતિકાએ ઉત્તર આપ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાક્ષસે તેને ખોદી ખોદીને સવાલો પૂછ્યા, પણ તે સઘળાનો જવાબ એટલો જ મળ્યો કે, "આવો જ બનાવ બનવાનો છે, એમ હું કાંઈ જાણતી નથી; પરંતુ જરા પણ નવાજૂની બની કે હું તત્કાળ ખબર પહોંચાડીશ." અંતે રાક્ષસે તેની ઇચ્છા પ્રમાણે જ વર્ત્તવાનો વિચાર કરીને તેને જવા દીધી. રાક્ષસના કોઈ બીજા દૂતે પોતાના સંશયનાં કારણો ન જણાવતાં આવી રીતે મોઘમમાં જ કાંઈ કહ્યું હોત, તો રાક્ષસે તેને તે જ ક્ષણે કાંઈ દંડ દીધો હોત; પરંતુ સુમતિકા પાસેથી તો હજી ઘણું કામ લેવાનું હતું, તેમ જ તેને શિક્ષા કરવી, એ પણ પોતાની શક્તિથી બહાર હતું. એવી સ્થિતિ હોવાથી તેને શિક્ષા કરવી તો દૂર રહી, પણ તિરસ્કારથી બોલાવવી, એ પણ ઇષ્ટ નહોતું. અર્થાત્ એથી જ રાક્ષસે શાંતિથી તેને પાછી જવા દીધી. માત્ર હિરણ્યગુપ્તને તેણે તાકીદ કરી મૂકી કે, "એના પર પૂરેપૂરી નજર રાખવી ને દરરોજ એને નિત્ય નિયમથી મળીને એ જે કાંઈ પણ કહે તે આવીને મને કહી સંભળાવવું." સુમતિકાના ગયા પછી રાક્ષસના મનમાં વિશેષ ચિંતા ઉત્પન્ન થઈ, એ સ્પષ્ટ હોવાથી પુનઃ કહેવાની આવશ્યકતા નથી.

"મુરાદેવી ભયંકર કૃત્ય કરશે એટલે શું? શું કોઇના પર તે વિષપ્રયોગ કરવાની છે? વિષપ્રયોગ કરવાનો હોય તો તે રાજા ધનાનન્દ વિના બીજા કોના પર કરે એમ છે?" એવી શંકા અમાત્યના મનમાં આવી. એ શંકા આવતાં જ તેનું મન અત્યંત ઉદ્વિગ્ન અને ચિંતામય બની ગયું. જો એ સંશય ખરો હોય-મુરાદેવી એ વિના બીજું કાંઈ પણ કરશે; એ રાક્ષસને શકય દેખાયું નહિ-તો તેને ટાળવા માટે શી યોજના કરવી, એની તેને સૂઝ પડી નહિ. પોતે રાજાને મળી તેને પ્રમાદની નિદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરવો, એ જ-માત્ર એ જ ઉપાય રાક્ષસને શકય દેખાયો અને મળવાના બહાનામાં કોઇ પણ મહત્ત્વના, ઘણા જ મહત્ત્વના રાજકારણનું દર્શન કરાવવું, એવો તેણે નિશ્ચય કર્યો. "એમ થશે, તો જ કદાચિત્ પોકાર રાજાના કર્ણ પર્યન્ત પહોંચી શકશે, નહિ તો તેમ થવું અશકય છે. રાજાપર કોણ જાણે કેવો પ્રસંગ આવવાનો હશે? હવે આ વેળાએ એવું મહત્ત્વનું કયું રાજકારણ બતાવીએ કે જેથી રાજાનો અને આપણો મેળાપ થાય? જ્યારે તેના નાશના પ્રયત્નની આપણને માહિતી મળી ચૂકી છે, ત્યારે તેને સાવધ કરવો અને સાવધ કરવા છતાં પણ સાવધ ન થાય, તો બીજા કોઈ ઉપાયે પણ તેના જીવનું રક્ષણ કરવું, એ મારું કર્ત્તવ્ય છે." એવો વિચાર કરીને તેણે મનમાં નાના પ્રકારની યુક્તિઓ યોજવા માંડી; પરંતુ તેમાંની એક પણ યુક્તિ તેને રામબાણ હોય એવી જણાઈ નહિ. કોઈ પણ મહત્ત્વનું કાર્ય કરવાનું હોય, તો તે તમે કરો-તમને એ વિશેની કુલ મુખત્યારી સોંપ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવી છે, એવા મહારાજના તેને આજસુધીમાં એક બે નહિ, પણ અનેક સંદેશાઓ આવી ગયા હતા. માટે હવે રાજાને મોઢેમોઢ મળવાની અચૂક થાય, એવી એક જ યુક્તિ તેના જોવામાં આવી. "જાસૂસો કોઈ શત્રુના ચઢી આવવાની બાતમી લઈ આવ્યા છે, તે રુબરુમાં આપને જણાવીને તે વિશે શી વ્યવસ્થા કરવી, તેની આજ્ઞા લેવાની છે. એમ જણાવીએ, તો જ કાંઈક રાજાના મેળાપનો સંભવ માની શકાય-નહિ તો બીજો ઉપાય નથી. હવે એ જ યુક્તિ કરવી જોઇએ. પણ એની યોજના કરવી કેવી રીતે? એ વિશેનો સંદેશો અથવા પત્રિકા મોકલવી કોની મારફતે? આપણી નવીન દૂતિકા વિના બીજા કોઇથી એ કાર્ય સાધી શકાય તેમ છે નહિ." એમ ધારીને તેણે હિરણ્યગુપ્તદ્વારા સુમતિકાને બોલાવવાની વ્યવસ્થા કરી. સુમતિકા યોગ્ય વેળાએ આવી–એટલે રાક્ષસે તેને કહ્યું કે, "અત્યારે તારે મારું એક અત્યંત મહત્ત્વનું કાર્ય કરવાનું છે. જો એ કાર્ય તું કરી આપીશ, તો હું તને ઘણું જ મૂલ્યવાન્ પારિતોષિક આપીશ."

આપ જે કાર્યમાટે આજ્ઞા કરશો, તે કાર્ય ઉભે પગે કરી આવવાને હું તૈયાર છું. મને પારિતોષિકની અથવા તો બીજી કોઈ વસ્તુની કાંઈ પણ અપેક્ષા નથી. આપના જેવા સ્વામિનિષ્ઠ અમાત્યરાજની આજ્ઞાને શિરસાવંદ્ય કરીને કાર્ય સફળ કરી આપતાં મારા મનમાં જે સમાધાન થશે, તે જ મને મળેલું પારિતોષિક છે, એમ હું માનીશ." સુમતિકાએ મહા યુક્તિ અને ચતુરતાથી એ ઉત્તર આપ્યું. રાક્ષસ એ ઉત્તર સાંભળીને ઠંડો ગાર થઈ ગયો–છતાં પણ પાછો પારિતોષિકની આશા આપતો કહેવા લાગ્યો કે, "કાર્ય કાંઈ વિશેષ નથી. માત્ર આ પત્ર ઘણી જ છૂપી રીતે–ત્રીજા કાનને જાણ ન થાય તેવી રીતે ને મુરાદેવીના જાણવામાં પણ ન આવે તેવી રીતે ચોરી છૂપીથી મહારાજાના હાથમાં પહોંચાડીશ? જો એ પત્ર નિર્વિઘ્ને પહોંચી જાય અને મહારાજ મને મળવાને બોલાવે, તો તત્કાળ તારું પારિતોષિક તારે ત્યાં ચાલ્યું આવશે. એમાં તારે રંચ માત્ર પણ સંશય રાખવો નહિ. કાર્ય તો જો તું ધારે તો સહજમાં કરી શકાય તેવું જ છે.:........."

"અમાત્યરાજ! આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે, એમ હું હેમણાં જ બોલી ચૂકી છું–માટે આપના કાર્યની સફળતા થતી હશે, તો હું મારા પ્રાણ પણ ત્યાં પાથરીશ. પરંતુ આ કાર્ય માત્ર આપ કહો છો, તેટલું સહજમાં સિદ્ધ કરી શકાય તેવું નથી, એ આપે ધ્યાનમાં લેવું જોઇએ. એક પ્રહર કે અર્ધ પ્રહરની વાત તો દૂર રહી, પણ એક ક્ષણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપીપુરા સુરત

માત્ર પણ મુરાદેવી મહારાજથી દૂર થતી નથી. વળી તેનાથી છાની રાજા સાથે વાત કરી શકાય, એ તો સ્વપ્ને પણ આશા રાખવી નહિ. એક તે રાજા પાસે ન હોય, એવો સમય જ નથી આવતો, અને યદા કદાચિત્ તેવો સમય આવે, તો દેવીની બીજી દાસીઓમાંની કોઈ એક પણ મહારાજ પાસે હોવાની જ. એ અડચણોને ખસેડીને પણ કોઈ મહારાજાથી કાંઈ વાતચિત કરે, તો મહારાજા પોતે જ તે તત્કાળ દેવીને કહી સંભળાવે છે. આપને હું આ બધું એટલામાટે કહી સંભળાવું છું કે, આપને આ કાર્ય જેટલું સહેલું દેખાય છે, તેવું તે સહેલું નથી. પ્રયત્ન કરવાને હું તૈયાર છું–પણ તેમાં સિદ્ધિ મળે કે ન મળે, તે કૈલાસનાથને આધીન છે." સુમતિકાએ વિઘ્નોનું દર્શન કરાવતાં કહ્યું.

એટલું બોલીને સુમતિકા સ્વસ્થ થઇને બેઠી. અમાત્ય રાક્ષસે પુનઃ તેને આગ્રહપૂર્વક કહ્યું કે, "ગમે તેમ કરીને પણ આટલી આ પત્રિકા મહારાજના હાથમાં પહોંચતી કર. પછી જે થશે, તેની વ્યવસ્થા હું કરી લઇશ. તારે તેની ચિન્તા કરવી નહિ." એમ કહીને તેને રવાની કરી દીધી.

એ પત્રિકા લઇને સુમતિકા રાક્ષસના મંદિરમાંથી નીકળી. તે સીધી મુરાદેવીના મહાલયમાં ગઈ નહિ–તે તો એક બીજે જ સ્થાને ગઈ અને ત્યાં થોડીકવાર બેસીને પછી મુરાદેવીના અંતઃપુરમાં જઈ પહોંચી. માર્ગમાં તેને હિરણ્યગુપ્ત મળ્યો. તેણે તેને સહજ પૂછી જોયું કે, "અમાત્યની પત્રિકા લઈ પોતાની સ્વામિનીના મંદિરમાં જવાને બદલે વળી બીજે કયાં ગઈ હતી?" એનું સુમતિકાએ હસીને ઉત્તર આપ્યું કે, "હિરણ્યગુપ્ત! તું અમાત્યનો મુખ્ય ગુપ્ત દૂત કહેવાય છે, અને મને આવો પ્રશ્ન પૂછે છે એ તો મને આશ્ચર્યકારક જણાય છે. અરે–અમાત્યને ત્યાંથી ત્વરિત પાછી મુરાદેવીના મંદિરમાં જાઉં, તો અમાત્યને ત્યાં જ મારું કાંઈ ખાસ કામ હતું અને તે ગુપ્ત કામ કરીને હું પાછી છૂપાઇને પોતાના ઘર તરફ જાઉં છું, એવો કોઇના મનમાં સંશય આવવાનો સંભવ છે ખરો કે નહિ? તેથી ધીમેથી અમાત્યના ગૃહમાંથી નીકળી હુ બીજાં બે સ્થળે ગઈ હતી અને કૈલાસનાથના મંદિરમાં જવાથી બિચારી આવી હશે દેવદર્શન કરવા, એવી જ લોકોની માનીનતા થઈ જાય છે, અને તેથી વિશેષ શંકા આવતી નથી. હું કયાં જાઉં છું અને શું કરું છું, એની તું છૂપી દેખરેખ રાખે છે કેમ? જો એમ જ છે, તો આજ પછી હું તમારે ત્યાં આવવાની નથી. અમાત્ય માટે મારા મનમાં ઘણી જ ભક્તિ અને અતિશય આદર હોવાથી જ અને તે જે કરતા હશે તે મહારાજા અને યુવરાજના હિતમાટે જ હશે, એવી ધારણાથી જ મેં તેમનું કાર્ય કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપવાનું માથે લીધું છે. નહિ તો આ કાર્ય વિના મારું શું અટકી પડ્યું છે? કોઈ પણ કાર્ય હોય તો તે વિશ્વાસથી જ થાય છે—આમ જો તારો અને અમાત્યનો મારામાં વિશ્વાસ ન હોય, તો લે આ પત્રિકા પાછી લઈ જઇને અમાત્યરાજને આપજે." એમ કહીને અમાત્યે તેને આપેલું પત્ર બહાર કાઢીને તેણે હિરણ્યગુપ્તના મુખ આગળ ધર્યું. એ વખતે તેણે કોપનો એવો તો આવિર્ભાવ કર્યો કે, હિરણ્યગુપ્ત એકદમ તેના દમમાં લેવાઈ ગયો અને ઘણી જ આર્જવતાથી તેને સમજાવીને ત્યાંથી રવાની કરી દીધી. સુમતિકા તેની દૃષ્ટિથી દૂર ગઈ ત્યાંસુધી તેવી જ કોપમાં હતી; પરંતુ જરાક દૂર જતાં જ તે મનમાં હસી અને વારંવાર પાછળ જોતી જોતી મુરાદેવીના મંદિરમાં જવા માટે આગળ વધી. તેણે શી યુક્તિ કરી, તે તો તે કે પરમાત્મા જાણે, પણ બીજે દિવસે રાજા ધનાનન્દનો અમુક સમયે મળવા આવવા માટેનો અમાત્ય રાક્ષસને સંદેશો મળ્યો. આમંત્રણ પહોંચતાં જ "સુમતિકા ઘણી જ ચતુર સ્ત્રી દેખાય છે. એણે મારા કહેવા પ્રમાણે તત્કાળ રાજાને પત્ર પહોંચાડીને મારું તેડું કરાવ્યું અર્થાત્ મુરાદેવીના મંદિરમાં જો કાંઈ કામ પડશે, તો સુમતિકા ઘણી જ કામની થઈ પડશે." એવા વિચારોથી રાક્ષસના મનમાં ઘણો જ આનંદ થયો અને બીજે દિવસે મહારાજનો મેળાપ થાય, તે વેળાએ શું બોલવું અને તેના પ્રાણપર સંકટ આવવાનું છે, તેમાંથી બચવા માટે શો ઉપાય બતાવવો, ઇત્યાદિનો તે ઊહાપોહ કરતો બેઠો.

બીજે દિવસે યોગ્ય સમયે મહારાજે અમાત્યની મુલાકાત લીધી. એ વેળાએ પ્રથમ મહારાજે અમાત્યને આ પ્રશ્ન કર્યો કે, "તમે જે બીજા કોઈ શત્રુના ચઢી આવવા વિશે પત્રમાં લખ્યું, તે ચઢી આવનાર કોણ છે? કોનો અન્તકાળ એટલો બધો નિકટમાં આવી પહોંચ્યો છે કે, જેથી તેને મગધદેશપર દૃષ્ટિ નાંખવાની દુર્બુદ્ધિ ઉત્પન્ન થઈ છે?"

"મહારાજાથી મેળાપ કરવા માટે જે યુક્તિ લડાવી છે, તે વિશે મહારાજ અવશ્ય પુછશે જ, ત્યારે શું ઉત્તર આપવું? આપની મુલાકાત થતી નહોતી, તે કરવા માટે આ યુક્તિ રચી છે, એમ તો કહેવાય નહિ. માટે હવે કોઇ ઉડાવનારો જવાબ જ આપવો જોઇએ." એવો મનમાં વિચાર કરીને અમાત્યે તત્કાળ ઉત્તર આપ્યું કે, "મહારાજ! આપણા આ મગધદેશને વક્રદૃષ્ટિથી જોનારો કોઈ પુરુષ સમસ્ત ભરતખંડમાં તો નથી. પણ મ્લેચ્છાધિપતિ પર્વતેશ્વર હમેશ આ પુષ્પપુરીને ઘેરો ઘાલવા માટે બડબડ્યા કરે છે—હમણાં હમણાં તો તેનું એ બડબડવું ઘણું જ વધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયું છે. વળી તેમ કરવા માટેની થોડી ઘણી તયારીઓ પણ તેણે કરવા માંડી છે, એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે. મારા જાસૂસોએ મને એ ખબર આપી, એટલે તત્કાળ તે મહારાજાને જણાવી દેવાનું મેં યોગ્ય વિચાર્યું. મહારાજ! પર્વતેશ્વરનો મદ ઉતારવાનો પ્રસંગ એકવાર તો નક્કી આવવાનો જ–તે દિવસે દિવસે વધારે અને વધારે ઉચ્છૃંખલ થતો જાય છે અને તેથી આ વર્ષનો કર ચૂકવતી વેળાએ કાંઈ પણ ગડબડ કરવાનો જ, એમ સ્પષ્ટ દેખાય છે. પરંતુ મહારાજ! હું અહીં આવ્યો છું તે ખાસ એ પર્વતેશ્વર વિશે જ વાતચિત કરવાને નથી આવ્યો, કિન્તુ મારે કોઈ અંતઃશત્રુ વિશે પણ કાંઈ બોલવાનું છે, પણ જો આજ્ઞા મળે, તો."

"અંતઃશત્રુ? આપણો અંતઃશત્રુ? તે વળી કોણ જાગ્યો છે?" ધનાનન્દે હસતાં હસતાં કહ્યું."

"તે કોણ છે, એ મારાથી અત્યારે જ કહી શકાય તેમ નથી. પરન્તુ આપે ઘણી જ સાવધાનતાથી રહેવું–એટલી મારી પ્રાર્થના છે." અમાત્યે કહ્યું.

"હા–ખરું છે–હું પણ એવું કાંઇક જાણી ચૂકયો છું અને ત્યારથી બહુધા સાવધ જ રહું છું." રાજાએ ઉત્તર આપ્યું.

"મહારાજ સાવધ રહેતા હોય તો પછી બીજું શું જોઇએ? એમ જ હોય, તો પછી બીવાનું કાંઈપણ કારણ નથી." અમાત્ય બોલ્યો.

"હું ઘણો જ સાવધ છું, એટલું જ નહિ, પણ મારા સંરક્ષણ માટે બીજી પણ બે ત્રણ વ્યક્તિઓ સાવધ થઈ રહેલી છે. એ ભયનો મને પ્રત્યક્ષ અનુભવ મળી ચૂકયો છે, એટલે હવે શંકા લેવાનું કાંઇપણ કારણ રહ્યું નથી." મહારાજા ધનાનન્દે પોતાપર વીતેલી વાતનો મર્મમાં ઉલ્લેખ કરતાં કહ્યું.

"શું–મહારાજાને અનુભવ પણ મળી ચૂકયો છે? અને મહારાજાએ અપરાધીને ક્ષમા આપી છે?" રાક્ષસે આશ્ચર્યથી પૂછ્યું.

"હા–ક્ષમા હાલમાં તો અપાયલી છે–પણ તે ચોરને માલ મુદ્દા સાથે પકડવા માટે જ. એ રાજનીતિ છે." ધનાનન્દે વળી પણ માર્મિક ઉત્તર આપ્યું.

"પણ મહારાજ! શત્રુ નિકટમાં વસતો હોવા છતાં તેને દૂર ન કરતાં ક્ષમા આપીને આંખ મીચામણી કરવાથી કોઈ દિવસે અચાનક ઘાત થવાનો સંભવ છે. માટે જ મારી એવી સલ્લાહ છે કે, તેને ક્ષમા

P. P. Ac. Gunratnasuri M.S.　　　　　　　　Jin Gun Aaradhak Trust

કરવી ન જોઇએ." રાક્ષસ પોતાની જ ઘડ કરે ગયો. એમાં પણ તેનો એક હેતુ હતો.

"જો આંખ મીચામણી કરીએ, તો જ ઘાત થાય ને? પણ જો બેને બદલે ચાર આંખો જાગૃત હોય, તો ઘાત કેવી રીતે થઈ શકે વારુ?" રાજા બોલ્યો.

"ત્યારે તો શત્રુ કોણ છે, એ પણ મહારાજ જાણતા જ હોવા જોઇએ, કેમ નહિ?" રાક્ષસે ભેદ જાણી લેવાના હેતુથી એ પ્રશ્ન પૂછયો.

"હા–હા–હું તેને સારી રીતે જાણું છું–અને તું પણ તેને થોડા જ દિવસમાં જાણી શકીશ." રાજાએ તેનું તેવું જ ઉત્તર આપ્યું.

"ત્યારે આપ વ્યર્થ વાટ શાની જોતા બેઠા છો? જો સંશય આવતો હોય, તો સંશયથી પણ તેને દૂર કરી શકાય તેમ છે." રાક્ષસે પોતાનો વિચાર દર્શાવ્યો.

"માત્ર સંશયને લીધે જ કોઇને શિક્ષા કરવાથી પરિણામ સારું આવતું નથી. એવો પણ મેં અનુભવ કરી લીધો છે. તેથી એકવાર જે ભૂલ થઈ ગઈ હોય, તેવી ભૂલ બીજી વાર મારા જ હાથે થવા ન પામે, એવી મારી ઇચ્છા છે. વળી જેણે અપરાધીને શિક્ષા કરવામાટે ઊતાવળ કરવી જોઇએ, તે જ વ્યક્તિ ઉતાવળ ન કરવાવિશે વારંવાર આગ્રહ કર્યા કરે છે અને તેથી જ હું નિરુપાય થઈ ગયો છું." રાજાએ કહ્યું.

"જો મહારાજની આજ્ઞા હોય, તો આ સેવક, અપરાધીને અત્યારે જ દૂર કરી શકે તેમ છે." રાક્ષસે પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

"તે અપરાધી તમારાથી દૂર કરી શકાય, તેવો નથી. અસ્તુ; હવે એ વિષયને રહેવા દ્યો. અમાત્યરાજ! સુરાથી વિયુક્ત થવાને મને ઘણો સમય થયો, માટે જો હવે વિશેષ અગત્યનું કાંઈ કાર્ય ન હોય, તો સુખેથી પધારો. મારા નિકટના મનુષ્યો જ મારા ઘાટ માટે ઉદ્યુક્ત થએલા છે, એ વાત તમારે કાને પણ આવેલી છે, એ જાણીને પ્રિયા સુરાના મનમાં પણ સમાધાન થશે. એવા મોટા અને નિકટના અપરાધીને તેના અપરાધનો સર્વને નિશ્ચય થયા વિના કાંઈ પણ દંડ આપવો નહિ, એવો મુરાદેવીનો ઘણો જ આગ્રહ છે અને તેથી જ હું ઉતાવળ કરી નથી શકતો. અમાત્યરાજ! એક વ્યર્થ અને નિર્મૂળ સંશયને વશ થઈ તમે નવરત્નની માળાને કાચના મણકાની માળા ધારી ખાડામાં નાંખી દીધી હતી. પણ તેનું ખરું મૂલ્ય હવે મારા જાણવામાં આવી ગયું છે. શિવ! શિવ! તમારા હાથે પણ કોઈ કોઈ વાર કેવા કેવા અનર્થો થઈ જાય છે! મારા હસ્તે થએલા પ્રમાદને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધારી લેવાનો મને પ્રસંગ મળ્યો, તે માટે હું પરમેશ્વરનો નિરંતર આભાર માનું છું! જો કે મારા એ અન્યાયનું મને સારું પ્રાયશ્ચિત્ત આપવું જોઇતું હતું, તે ન આપતાં તેણે મને અંતે પુનઃ સ્વર્ગીય સુખ આપ્યું, એ શું થોડો ચમત્કાર? વળી જેમને આપણે આજ સૂધી નવરત્નોની માળા સમજતા આવ્યા હતા, તે જ હવે કાચના મણકાની માળાઓ સિદ્ધ થઇ ચૂકી છે! તેમણે મારા હાથે બાલહત્યા કરાવી–પોતાના પુત્રનો જ ઘાત કરાવ્યો અને સ્ત્રી હત્યા–સતી હત્યા કરાવવાનો પ્રસંગ પણ લાવી મૂકયો હતો એ કરેલા કુકર્મનો પશ્ચાત્તાપ કરીને હું હજીતો થોડો ઘણો શાંત થતો હતો, એટલામાં તો તેમણે મારી હત્યા કરવાનો પ્રયત્ન પણ આદર્યો–સમજ્યા કે?" રાજાએ પોતાની કર્મકથા વર્ણવી.

એ સાંભળીને અમાત્ય રાક્ષસ ચકિત થઈ ગયો અને આશ્ચર્યથી કોઈ ઉન્મત્ત–ગાંડા મનુષ્ય પ્રમાણે રાજાના કોપયુક્ત મુખમંડળને જોઈ રહ્યો.

---

## પ્રકરણ ૧૯ મું.

### પ્રસ્તાવ.

સેનાપતિ ભાગુરાયણ અને ચાણકયનું પરસ્પર શું ભાષણ થયું અને ચાણકય પાસેથી સેનાપતિને શી નવીન માહિતી મળી, તે કાંઈ આપણાથી અત્યારે કહી શકાય તેમ નથી; પરંતુ સંગમના સામા તીરે જઇને ગુપ્ત ભાષણ કીધા પછી ભાગુરાયણની વૃત્તિ એકાએક ચમત્કારિક થઈ ગઈ અને તેના મનમાં ચાણકય વિશેના આદરનો પહેલાંના કરતાં દશ ગણો વધારો થયો. ચાણકયે એકવાર વાત કરતાં કરતાં સહજ સ્વભાવે ભાગુરાયણને કહ્યું હતું કે, "રાક્ષસ પોતે ખરેખરો સ્વામિનિષ્ઠ છે, એમાં તો જરા પણ શંકા નથી; પરંતુ તે સત્યનિષ્ઠ છે કિંવા નહિ, એની શંકા છે." ચાણકયના એ વાકયોનું હાલમાં તેને વારંવાર સ્મરણ થતું હોય, એમ દેખાતું હતું. કારણ કે, તે અનેકવાર ચાણકય સમક્ષ એવા ઉદ્‌ગારો કાઢી ચૂકયો હતો કે, "આપનું કહેવું મને અક્ષરેઅક્ષર સત્ય ભાસે છે. અમાત્ય રાક્ષસ સ્વામિનિષ્ઠ છે ખરો, પણ તે સત્યનિષ્ઠ તો નથીજ. અને જે સત્યનિષ્ઠા નથી, તે સ્વામિનિષ્ટ પણ નથી, એમ જ માની શકાય અર્થાત્ જો સત્યના સમર્થન અને સંરક્ષણ માટે આપણે એનાથી કપટ વર્તન કરીએ, તો તેમાં અનાચાર અને પાપ જેવું કાંઈ પણ નથી."

ભાગુરાયણ જ્યારે જ્યારે એ વાકયો ઉચ્ચારતો હતો, ત્યારે ત્યારે ચાણકયના હૃદયમાં એક પ્રકારના અવર્ણનીય આનંદનો ભાવ થતો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગુરાયણુ આપણા હાથમાં આવ્યો, એ કાંઈ જેવો તેવો આધાર મળ્યો નથી! જે પાયાપર સઘળી ઇમારત ચણવાની છે, તે પાયો જ સ્વાભાવિક રીતે મજબૂત થઈ ગયો છે, તો હવે બીજું શું જોઇએ?" એવી તેના મનમાં ભાવનાઓ થતી હતી, પણ હવે પછીના કાર્યનો પ્રસ્તાવ જેટલો ઊતાવળે થવો જોઇએ, તેટલો ભાગુરાયણુ ઉદ્યોગમાં લાગતો નથી, એમ જોઇને તેને જરાક ખેદ પણ થતો હતો. રાજનીતિનું એવું તત્ત્વ છે કે, જે કાર્ય ધીટતાથી અને કુઠારપ્રહારથી કરવાનું હોય, તે કાર્યમાં વધારે દિવસોનો વિલંબ હાનિકારક થઈ પડે છે. આપણાં કારસ્થાન કેટલાક દિવસ ગુપ્ત રહેશે અને તેમનો ક્યારે પ્રકાશ થઈ જશે, એનો નિયમ હોતો નથી—માટે જ્યાં સુધી તેમનો સ્ફોટ થયો ન હોય, ત્યાં સુધીમાં તે કાર્યની સફળતાનો વિશેષ સંભવ હોય છે. ગુપ્ત ભેદનો પ્રકાશ થતાં શત્રુ એકવાર સાવધ થયો—એટલે પછી સિદ્ધિનો સંભવ જ શો રહ્યો? અર્થાત્ એથી સિદ્ધિ મેળવવા માટેની અર્ધી આશાનો લોપ થઈ જાય છે. એ સર્વ વિચારો ચાણક્યે ભાગુરાયણુને સ્પષ્ટ કહી પણ સંભળાવ્યા; પરંતુ કપટરચનાથી પરશત્રુને પોતાના રાજ્યમાં બોલાવવા સંબંધીની ભાગુરાયણુના મનમાં અદ્યાપિ મોટી શંકા હતી. "પરશત્રુની શક્તિનો લાભ લીધા પછી તેનો અહીં પગ પેસારો ન થવા દેવાના આપણા પ્રયત્નો કદાચિત્ વ્યર્થ જાય, તો પછી લાભ શો રહ્યો? બધાં કારસ્થાનો બીજી જ દિશામાં જવાનાં. ઉપરાંત ચંદ્રગુપ્તને રાજ્ય મળતું હોય, તો ધનાનન્દને દૂર કરવા માટે હું તૈયાર છું–એમ જો કે મેં ચાણક્યને કહેલું છે–તો પણ મારા જ હાથે એ કાર્ય બને તે સારું નહિ." એવી રીતે પોતે ભુંડા પણ ન થવું અને યથેચ્છ કાર્ય પણ કરવું, એવા બે પરસ્પર વિરુદ્ધ વિચારોમાં અથડાતો હોવાથી ભાગુરાયણુ એક ધાને બે કટકા જેવું વર્તન કરી શકતો નહોતો. પણ ચાણક્યને એ સારું લાગતું નહોતું. પરંતુ જે મનુષ્ય એક કાર્ય કરવાને તત્પર થયો હોય, તેને વધારે સંતાપવાથી કંટાળીને કદાચિત્ તે એ કાર્ય કરવાથી ફરી બેસવાનો સંભવ હોય છે. એટલામાટે તેને પોતાની ઇચ્છા પ્રમાણે જ વર્તવા દેવો, એવી ધારણાથી ચાણક્ય પોતાનો કાળ વીતાડતો હતો અને સાથે સાથે પોતાનાં કારસ્થાનો પણ ચલાવતો જતો હતો. ધનાનન્દને રાજ્યાસનપરથી દૂર કરવાનું તો ઠીક, પણ જેના મનમાં તેના અને તેના સર્વ પુત્રોના નાશની ઉત્કટ ઇચ્છા અને સર્વ નંદોનો ઉચ્છેદ કરીને ચન્દ્રગુપ્તને મગધદેશના સિંહાસને બેસાડવાની પ્રબળ પ્રતિજ્ઞા થએલી હતી, તે ચાણક્યને કોઈ પણ ઉપાય કે કોઈ પણ કૃત્ય અયોગ્ય છે, એમ દેખાતું જ નહોતું. યોગ્ય સંધિ અને યોગ્ય સાધન એ ઉભયનો મેળાપ થયો કે, કાર્ય સિદ્ધ થયું જ, એવો ચાણક્યનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિપ્રાય હતો. ભાગુરાયણ ગમે તેટલો વિરુદ્ધ થાય, તો પણ આજ સૂધી જેને તે પોતાનો રાજા અને પોતાનો સ્વામી માનતો આવ્યો હતો, તે ધનાનન્દને એકાએક પદભ્રષ્ટ કરીને ચન્દ્રગુપ્તને સિંહાસનારૂઢ કરવામાટે તેના મનમાં અનેક પ્રકારના વિચારો આવે તો તે સ્વાભાવિક જ હતું–એમાં તેનો દોષ માની શકાય નહિ.

એક દિવસે તો તેના મનમાં એક નવીન જ વિચાર આવ્યો અને તે વિચાર ચાણક્યને ગમશે જ, એવો તેનો નિશ્ચય થવાથી ચાણક્ય પાસે આવીને તે તેને કહેવા લાગ્યો કે, "મુને ચાણક્ય! મને આજે એક વિચાર સૂઝ્યો છે–જો આપને તે પસંદ આવશે તો આપનું ઇષ્ટ કાર્ય એક પળમાં જ થએલું સમજી લેવું. અને મારો તો પૂરેપૂરો નિશ્ચય છે કે, આપ એ વિચારને સર્વથા માન્ય કરશો જ. કારણ કે, મારી ધારણા પ્રમાણે તો એ વિચારને અનુસરીને વર્ત્તવાથી સર્વ કાર્ય સિદ્ધ થવાનો સંભવ છે,"

"સેનાધ્યક્ષ!" ચાણક્ય સ્મિત કરીને બોલ્યો. "તારા મનમાં આવનારા વિચારો કાંઈક વિચિત્ર જ હશે, એ હું કયાં નથી જાણતો? શો નવો વિચાર થયો છે, તે સત્વર કહી સંભળાવ–હું તે જાણવાને ઘણો જ ઉત્સુક થએલો છું."

"નવો વિચાર એટલો જ કે, આપે જે ગુપ્ત ભેદ મને કહી સંભળાવ્યો છે, તે વાત મહારાજને કાને નાંખવી. મહારાજનો આજ કાલ મુરાદેવીમાં ઘણો જ પ્રેમ છે, એ તો સર્વ કોઈ જાણે છે. તેથી ચન્દ્રગુપ્તની એ પૂર્વપીઠિકાને જાણતાં જ તેમને અતિશય આનંદ થશે અને સુમાલ્યને દૂર કરીને ચન્દ્રગુપ્તને નવીનતાથી યૌવરાજ્યાભિષેક કરશે. એમ થતું હોય, તો પરકીય લોકોને આપણા કાર્યમાં વચ્ચે નાખવાની અગત્ય ન પડે અને ભવિષ્યમાં તેમનાથી આપણને જે ભય દેખાય છે, તે પણ ટળી જાય." ભાગુરાયણે પોતાના અમૂલ્ય અને અપૂર્વ વિચારોનું દર્શન કરાવ્યું.

ભાગુરાયણ જેમ જેમ બોલતો ગયો, તેમ તેમ ચાણક્યના કપાળમાં ખાડા પડતા ગયા અને ભ્રકુટી સંકોચાવા લાગી અને નેત્રોને ઝીણાં કરી તે એક બીજી જ દિશામાં જોવા લાગ્યો. પરંતુ એ સર્વ એટલા તો અલ્પ અવકાશમાં બની ગયું કે પોતાના કહેવાના પ્રવાહમાં તણાતા અને પોતાના વિચારને અદ્વિતીય જાણીને ફૂલાઈ ગએલા ભાગુરાયણને તેની જરાપણ ખબર પડી નહિ. ચાણક્ય પણ તેનું ભાષણ પૂરું થાય, તે પહેલાં જ હસતું મોઢું કરીને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને આનંદદર્શક ભાવ બતાવીને બોલ્યો કે, "વાહ-સેનાધ્યક્ષ! વાહ-તું પણ મહા નીતિવિશારદ દેખાય છે ને શું? રાક્ષસના સ્થાને તારી યોજના થવી જોઇતી હતી, એમ જે વારંવાર મારા મનમાં આવ્યા કરે છે, તે કાંઈ અમથું નથી આવતું. તારો વિચાર જો કે ઘણો જ સારો છે, પણ તેને પાર પાડવામાં ઘણી જ સાવચેતી રાખવાની અગત્ય છે; એ તને કહેવું પડે તેમ તો નથી જ. જો એમાં સાવધતા ન રહી, તો પરિણામ કાંઈ બીજું જ આવવાનું. પણ સેનાનાયક! રાક્ષસ આપણા આ કાર્યમાં કાંઈ પણ વિઘ્ન નહિ લાવે, એમ તને ભાસે છે ખરું કે? સુમાલ્યમાં રાક્ષસનો ઘણો જ સારો ભાવ છે, તેને પદભ્રષ્ટ કરીને રાજા, ચંદ્રગુપ્તને-રાક્ષસના અભિપ્રાય પ્રમાણે વૃષલને-સિંહાસને બેસાડે, તો રાક્ષસ શાંતિ અને સંતોષથી તેની સેવા કરશે કે શું? એમ થવું જો શક્ય હોત, તો પ્રથમથી જ તેણે ચન્દ્રગુપ્તને મારી નાંખવાનો પ્રયત્ન શામાટે કર્યો હોત વારુ? રાક્ષસને ચન્દ્રગુપ્તના પક્ષમાં ન રહેવાનું બીજું પણ એક કારણ છે. તે એ કે, ચન્દ્રગુપ્ત સુમાલ્ય જેવો નિર્માલ્ય અને મૂર્ખ નથી. તે પોતાના વિચાર પ્રમાણે કાર્યભાર ચલાવે એવો છે અને રાજાનો તેનામાં પ્રેમ હોવાથી રાજા તેનો જ પક્ષ કરીને મારી અવહેલના કરશે, એવી ભીતિ રાક્ષસના મનમાં થવી જ જોઇએ. રાક્ષસ જો કે સ્વામિનિષ્ઠ છે ખરો, પણ જ્યારે પોતાનું કાંઈ પણ ચાલતું નથી, એમ તેના જોવામાં આવશે, તે વેળાએ તેની સ્વામિનિષ્ઠા છે તે સ્થાને રહેશે કે નહિ, એ અત્યારે કહી શકાય તેમ નથી. આપણે જે મુખ્યતઃ કાર્ય સાધવાનું છે તે એ કે, રાક્ષસનો પ્રભાવ ઓછો થાય અને તેનાપરની મહારાજાની અને બની શકે તો પ્રજાની પણ પ્રીતિ ઘટી જાય એવો પ્રયત્ન કરવો-અને જ્યાં સુધી એ પ્રયત્ન સિદ્ધ ન થાય, ત્યાં સુધી આપણા બીજા બધા પ્રયત્નો વ્યર્થ છે. અંતે તો રાક્ષસને પણ આપણે આપણા પક્ષમાં લાવીશું તો ખરા જ; પણ સેનાપતિ ભાગુરાયણ પણ મારા જેવો જ નીતિશાસ્ત્રનાં તત્ત્વોને જાણનારો છે, એવો રાક્ષસનો નિશ્ચય થશે નહિ, ત્યાં સુધી તે કોઈ કાળે પણ આપણા વશમાં આવનાર નથી. આપણા નીતિચાતુર્યનો પણ તેને નમૂનો તો જોવા દે."

ચાણક્યનું એ ભાષણ સાંભળીને ભાગુરાયણ ભ્રમિષ્ટ જેવો બની ગયો. "રાક્ષસ આપણા પ્રયત્નમાં અવશ્ય આડો આવવાનો જ. અમે આ કારસ્થાનો કરીએ છીએ, એની તેને જાણ થતાં જ તે છાનોમાનો કોઇકાળે પણ બેસશે નહિ. માટે તે સ્વસ્થ અને શાંત છે ત્યાં સુધીમાં આપણા યત્નને સફળ કરીને તેને આશ્ચર્યચકિત કરવો જોઇએ. તેની આંખો હજી સુધી ઉઘડી નથી, એટલામાં તેના આંધળાપણાનો લાભ લઈ લેવો જોઇએ. એવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થનો ચાણુક્યે ભાગુરાયણને અનેક વેળા ઉપદેશ આપ્યો હતો અને એવું તેના મનમાં પરિણામ પણ સારું થયું હતું; એમ કરવાથી કાંઈ પણ રાજદ્રોહ જેવું તો નહિ થાય, એવો તે વારંવાર વિચાર કર્યાં કરતો હતો અને તેને અનુસરતો જ તેનો આજનો વિચાર હતો. પોતાનું બોલવું સાંભળીને ભાગુરાયણ સ્વસ્થ અને ચિન્તાતુર થઈ ગયો છે, એમ જોઇને ચાણુકયે બીજી પણ કેટલીક વાતો તેને કહી અને તેના મનનો નિશ્ચય કરાવી દીધો કે, લોકોના અને મહારાજાના મનમાં રાક્ષસવિશે અપ્રીતિ અથવા તેમ ન થાય તો નિદાન સંશય ઉત્પન્ન કીધાવિના આપણું કોઈ પણ કાર્ય નિર્વિઘ્ને પાર પડી શકવાનું નથી. એકવાર આપણું કાર્ય સફળ થયું, એટલે પછી રાક્ષસને આપણા પક્ષમાં ખેંચી લેતાં વાર લાગવાની નથી. ચાણુકયમાં બોલવાની ચતુરતા એવી હતી કે, એ વિચારો ચાણુકય નથી સૂચવતો; કિન્તુ મનમાંથી જ ઉત્પન્ન થાય છે, એવો ભાગુરાયણને ભાસ થતો હતો અને તે દિવસના ચાણુકયના ભાષણથી ભાગુરાયણનો એવો દૃઢ નિશ્ચય થઈ ગયો કે, "આપણા કાર્યની સિદ્ધિ માટે રાક્ષસને ગોથું ખવરાવવું અને રાજાના તથા પ્રજાના મનમાં તેને વિષે સંશય ઉપજાવવો, એ ઘણું જ અગત્યનું છે." ચાણુકયનો નિશ્ચય એવો થયો કે, "હવે ભાગુરાયણના હાથે કોઇ પણ કાર્ય સત્વર કરાવી લીધા વિના બેસી રહેવું એમાં લાભ નથી. એને સ્વસ્થ બેસી રહેવા દીધો, કે કાલે વળી બીજો કોઈ વિચાર એના મનમાં આવતાં એનું ચિત્ત ડૂલી જશે. માટે જો એકવાર કોઈ કાર્યનો એના હાથે પ્રસ્તાવ થયો કે, પછી એનાથી ફરી શકાશે નહિ. અર્થાત્ હવે એના હાથે સત્વર જ કાર્યનો આરંભ કરાવી દેવો જોઇએ." એવા નિશ્ચયથી તેણે ભાગુરાયણને કહ્યું કે;—

"જે દિવસ જાય છે તે માત્ર એકજ જાય છે; પરંતુ એક એક કરતાં કેટલા દિવસો નકામા ગયા, એનો વિચાર કરવામાં આવતો હોય તો ઝટ આપણાં નેત્રો ઉઘડી જાય એમ છે. વિલંબ કરવાથી આપણા હસ્તમાં આવેલો સંધિ પણ નીકળી જવાનો સંભવ રહે છે. આવા પ્રસંગે તારા જેવા એક બુદ્ધિમાન્ પુરુષના મસ્તિષ્કમાં વિચારો તો પળે ને પળે આવવાના જ અને વિચારોમાં વળી બીજી પણ નાના પ્રકારની ધારણાઓ થવાની; પરંતુ કાર્યકર્ત્તા પુરુષે પોતાના વિચારોની અમુક મર્યાદા કરીને કાર્યનું મંગળાચરણ કરવું જ જોઇએ. જો તારી અનુમતિ હોય, તો કાર્યના આરંભનું હું આજે જ મુહૂર્ત્ત કરી શકું એમ છે. અમાત્ય રાક્ષસનો વિશ્વાસુમાં પણ વિશ્વાસુ સેવક–ગુપ્તદૂતોનો અધિકારી જે હિરણ્યગુપ્ત, તેને પણ મેં ફોડેલો છે. ..............."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"શું-હિરણ્યગુપ્ત ફૂટ્યો ?" ભાગુરાયણે ઘણા જ આશ્ચર્યથી વચમાં જ પ્રશ્ન કર્યો." હિરણ્યગુપ્ત આપણા પક્ષમાં આવ્યો, એ તો એક અદ્ભુત વિલક્ષણ ઘટના બની, એમ જ કહી શકાય. એ તો અમાત્યનો બધા કરતા વધારે વિશ્વાસુ દૂત છે. શું તે ફૂટ્યો ? તેને આપે ફોડ્યો ? હું માની શકતો નથી. શું આપ એ ખરું કહો છો વારુ?"

"સેનાધ્યક્ષ! એવા હલકા માણસને ફોડવામાં જેવાં હથિઆરોની જરૂર હોય, તેવાં હથિયારોની યોજના કરી કે તેઓ તે જ પળે આપણાં થઈ જાય છે. મુરાદેવીના મંદિરમાંની છૂપી બાતમીઓ મેળવવા માટે અમાત્યે સુમતિકાને ફોડવાનો યત્ન કર્યો, પરંતુ પોતે અમાત્યના પક્ષમાં જવાને બદલે સુમતિકાએ સામો હિરણ્યગુપ્તને જ પોતાનો કરી લીધો. તે હવે સુમતિકાનો અને સુમતિકાને લીધે મારો એવો તો ભક્ત બની ગયો છે કે, તેની ભક્તિનું મારાથી વર્ણન પણ થઈ શકે તેમ નથી ! હું જે કહું તે સુમતિકા તેની માર્ફતે તત્કાળ કરાવી શકશે. કનક અને કાન્તાના લોભથી મનુષ્ય કેવાં કેવાં કાર્યો કરવાને ઉદ્યુક્ત થાય છે, એની કલ્પના કરી શકાય તેમ નથી. હિરણ્યગુપ્તને સુમતિકાએ પોતામાં એટલો બધો લુબ્ધ કરી રાખ્યો છે કે, તે તેની પાછળ એક કૂતરા પ્રમાણે ભટકયા કરે છે! રાક્ષસનાં સર્વ પત્રો એ જ લખે છે અને રાક્ષસની મુદ્રા પણ તેના જ સ્વાધીનમાં રહે છે. પર્વતેશ્વરના સરનામાંનું-જાણે કે રાક્ષસ તેને લખતો હોય તેવું-પત્ર હું તેની માર્ફતે લખાવીશ અને તે પત્રમાં રાક્ષસની મુદ્રા તે છાપી દેશે. એ કાર્ય મારા શિરે આવ્યું. વળી એ પત્ર ગુપ્ત રીતે પર્વતેશ્વરના હાથમાં પહોંચાડી દેવાની વ્યવસ્થા પણ હું કરી લઇશ. માત્ર અવકાશ તારી અનુમતિનો જ છે. સેનાધ્યક્ષ! જ્યાં સૂધી હિરણ્યગુપ્ત જેવા દૂતો આપણા હાથમાં છે, ત્યાં સૂધી જ એમ થવું શકય છે; પરંતુ તેઓ સદા સર્વદા એવી જ રીતે અનુકૂલ રહેશે કે નહિ, એની શંકા જ છે. માટે જે કાંઈ પણ કરવાનું હોય, તે ઉતાવળે કરી નાંખવું એ જ વધારે સારુ છે. સુમતિકાની સહાયતાથી મેં જે એક બીજા વ્યૂહની રચના કરી છે, તેથી તો રાક્ષસ સર્વથા અંધ જ બની ગયો છે. તેને મહારાજના પ્રાણ પર આવનારા કાલ્પનિક સંકટ વિના અને તેના નિવારણનો શો ઉપાય કરવો, એના વિચાર વિના બીજું કાંઈ પણ સૂઝતું નથી. આપણા આ કારસ્થાનની તેને જો જરા જેટલી પણ ખબર પડશે, તો આપણા બધા પ્રયત્નો માટીમાં જ મળી જવાના. એટલા માટે એની આંખો જ્યાં સૂધી બંધ છે, ત્યાં સૂધી જ આપણો દાવ ફાવશે. હિરણ્યગુપ્ત આજ સૂધી તો આપણને એટલો બધો અનુકૂલ છે કે, આપણે કહીશું તેવું પત્ર લખીને તેના પર તે રાક્ષસની મુદ્રાનું ચિન્હ કરી આપશે. એ મુદ્રાવાળી પત્રિકા પર્વતેશ્વરના હાથમાં જતાં જ તે હર્ષથી આનંદ તાંડવ કરવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંડી જશે! બોલ-આજે આ બધી વ્યવસ્થા કરું કે? જો તારી અનુમતિ હોય અને તારામાં જો સત્ય પક્ષનું અભિમાન જાગૃત હોય, તો હું આજે કાર્યનો આરંભ કરું. નહિ તો હું નિઃસ્પૃહી બ્રાહ્મણ છું-મારા આશ્રમમાં શાંત થઈને બેસી રહીશ અને એકાંતમાં તે સર્વ વિઘ્નહારક કૈલાસનાથ શંકરનું ધ્યાન ધર્યા કરીશ! મારો મનોભાવ માત્ર એટલો જ છે કે, પોતાની નીતિશાસ્ત્રતાના ઘમંડમાં મરી રહેલા અમાત્ય રાક્ષસને થાપ આપી, પોતાની સ્વામિનિષ્ઠા, સત્યનિષ્ઠા અને સત્યના પક્ષપાતનું લોકોને દર્શન કરાવવાનો આ પ્રસંગ તારે પોતાના હસ્તમાંથી વ્યર્થ જવા દેવો ન જોઇએ." ચાણક્યે ભાગુરાયણનો ઉત્સાહ વધારવાનો પ્રયત્ન કર્યો.

"આર્ય ચાણક્ય! શું આપનો મનોભાવ છે અને મારો નથી? હું આપનો શિષ્ય છું, માટે આજથી આપ જેવી આજ્ઞા કરશો, તે પ્રમાણે કરવાને હું તૈયાર છું. એમ હું અનેકવાર આપને કહી ચૂક્યો છું અને વળી આજે પણ પાછો કહું છું. મારા મનમાં વારંવાર જે નાના પ્રકારના વિચાર આવ્યા કરે છે, તે આપને કહી દેવાથી મનમાં એક પ્રકારનું સમાધાન થાય છે. તેથી જ મેં મારો આજનો વિચાર પણ આપને કહી સંભળાવ્યો; પરંતુ આપ કહો છો, તે પ્રમાણે એ ધારણા પાર પાડવા જતાં અનેક અડચણો આવી પડવાની ભીતિ છે ખરી. હવે એ વિચારને આપણે છોડી જ દઇએ. હું હવે આપના વિચારથી રંચ માત્ર પણ વિરુદ્ધ થવાનો નથી." ભાગુરાયણે કહ્યું.

ભાગુરાયણ એ બધું આતુરતાથી અને મનઃપૂર્વક બોલ્યો હતો. એ ભાષણ સાંભળીને આર્ય ચાણક્યને ઘણો જ સંતોષ થયો અને તેણે નિશ્ચય કર્યો કે, ભાગુરાયણની એ અનુમતિનો અત્યારે જ લાભ લઇ લેવો જોઇએ. એકવાર જાળમાં જો એનો પગ ફસાયો, તો પાછો એ નીકળી શકનાર નથી. એવા નિશ્ચયથી તે જ દિવસે તેણે હિરણ્યગુપ્તને બોલાવીને ભાગુરાયણના દેખતાં જ જાણે રાક્ષસ પર્વતેશ્વરને લખતો હોય, તેવું પર્વતેશ્વરના નામનું એક પત્ર લખાવ્યું, અને તે પોતાના એક ઘણા જ વિશ્વાસુ મિત્રદ્વારા-સિદ્ધાર્થકદ્વારા-પર્વતેશ્વરને પહોંચાડવામાટે રવાનું કરી દીધું.

એ પત્ર મોકલ્યા પછી હવે શું પરિણામ આવે છે, પર્વતેશ્વર રાક્ષસને શું ઉત્તર મોકલે છે અને સરવાળે શો સાર નીકળે છે, એમાં જ ચાણક્ય અને ભાગુરાયણનું સર્વ લક્ષ લાગી રહ્યું. પત્રમાં એમ સ્પષ્ટ લખવામાં આવ્યું હતું કે, "જો આ પત્રનું ઉત્તર મોકલવાની ઇચ્છા હોય તો તે આ પત્ર લાવનાર સાથે જ મોકલવું, પોતાના કોઈ દૂતદ્વારા મોકલવું નહિ. કારણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે, આપના દૂતો મારે ત્યાં આવે અને મારામાટે લોકોના મનમાં શંકા ઉદ્ભવે, એ સારું નહિ. આવાં રાજકારસ્થાનો કેટલાં બધાં નાજુક હોય છે, એ તો આપ જાણો જ છો. હું આ પત્ર એક શ્રમણદ્વારા મોકલું છું–એનું કારણ એ જ કે, એ બૌધભિક્ષુઓ જ્યાં ગમે ત્યાં જાય આવે છે, એમનો કોઈપણ રાજકારસ્થાનસાથે સંબંધ હશે અથવા તો એ દૂતપણું પણ કરતા હશે, એવી કોઇના મનમાં શંકા પણ આવવાની નથી. આ સિદ્ધાર્થક વિના બીજા કોઇદ્વારા પત્ર આવશે, તો તે ઉપયોગી થશે નહિ. સિદ્ધાર્થક અમારો ઘણો જ વિશ્વાસુ મિત્ર છે–માટે એના વિશે આપે બિલ્કુલ સંશય કરવો નહિ...."

મોકલેલા દૂતવિશે અને તે દ્વારા પત્રનું ઉત્તર ઇત્યાદિ મોકલવા વિશે પ્રથમ સ્પષ્ટતાથી લખીને ત્યારપછી બીજું જે કાંઈ લખવાનું હતું, તે લખેલું હતું. એટલે હવે ભાગુરાયણ દરરોજ ચાણક્ય પાસે આવીને "આપણી પત્રિકા પહોંચી હશે કે? પહોંચી હોય, તો પર્વતેશ્વરનો એ વિશે શો અભિપ્રાય થયો હશે? અને એ સર્વ બીના સત્ય જાણતાં એ આપણી ઇચ્છા પ્રમાણે યુદ્ધ કરવાને આવશે કે નહિ? અને આપણી ધારણા પ્રમાણે કદાચિત્ આવ્યો, તો આપણાથી રાક્ષસના નામની જ્યાં ત્યાં અફવા ઉડાડી શકાશે કે નહિ?" ઇત્યાદિ અનેક પ્રશ્નો તે ચાણક્યને પૂછ્યા કરતો હતો. સમુદ્રમાં નૌકાને ધકેલી તો ખરી, માટે હવે તેને તીરે પહોંચાડવી જ જોઇએ અને તેમાં પોતે ન ડૂબતાં પાર ઊતરી જવું જોઇએ, એવું ભાગુરાયણના મનમાં સાહજિક અભિમાન ઉત્પન્ન થયું. ભાગુરાયણ એકદૃષ્ટિથી ચાણક્યનો અંકિત થયો.

પરંતુ ચાણક્યને માત્ર એ એક જ હેતુ સાધવાનો નહોતો. સુરાદેવીદ્વારા સુરાએ નન્દ રાજાને મારવાની લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરાવવાનો પણ તેનો અંતરસ્થ હેતુ હતો, તેમ જ રાક્ષસને પણ સદૈવ કોઈ ને કોઈ ચિંતામાં નિમગ્ન રાખવાનો પણ તેનો મનોભાવ હતો. પોતાને કોઇ જાળમાં ફસાવે છે, એવો જો રાક્ષસને સંશય માત્ર પણ આવશે, તો આપણી આ ઊભી કરેલી ઇમારત એકદમ તૂટી પડશે; એટલા માટે તેના મનને બની શકે ત્યાંસુધી વિચારમગ્ન અને વિશ્વસ્ત રાખવાની ઘણી જ આવશ્યકતા હતી. સુરાદેવીની પ્રતિજ્ઞા વિશે ચાણક્યે અદ્યાપિ ભાગુરાયણને કાંઈ પણ કહ્યું નહોતું, તેમ જ પોતે કોણ અને શા માટે અહીં આવ્યો છે, તે પણ તેને જણાવ્યું નહોતું. ચન્દ્રગુપ્ત વસ્તુતઃ કોણ છે અને તેને તે શા હેતુથી પાટલિપુત્રમાં લઇ આવ્યો છે, એનાથી વધારે બીજું કાંઈ પણ તેણે ભાગુરાયણને કહેલું નહોતું અને એ વૃત્તાંત કહ્યાવિના ભાગુરાયણ વશ થઈ શકે તેમ નહોતું. મગધરાજાના સેનાપતિને કે અમાત્યને પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પક્ષમાં લાવ્યાવિના ધારેલું કાર્ય પાર પડી શકે તેમ નથી, એ તે સારી રીતે જાણતો હતો. અમાત્ય તો પોતે અપૂર્વ સ્વામિનિષ્ઠ હોવાથી નન્દના નાશમાટે કોઈ કાળે પણ ઉદ્યુક્ત થવાનો નથી, તેથી તેને પોતાના પક્ષમાં લાવવાની આશા રાખવી અને મૃગજળથી તૃષા મટાડવાનો પ્રયત્ન કરવો એ સમાન જ છે–એથી ચાણક્યે અમાત્ય વિશેના વિચારને મનમાંથી કાઢી નાંખ્યો હતો. બે સમાન અધિકારીઓમાં સ્પર્ધાનો પ્રાદુર્ભાવ કરીને એકને બીજાથી વિરુદ્ધ કરવો, એ જ એક સહજ અને અમોઘ સાધન હતું. એટલે એ સાધનને મેળવવાની દીર્ઘ દૃષ્ટિથી અને મુરાદેવીના પુત્રનો પક્ષ કરવાને સેનાપતિ સત્વર તૈયાર થશે, એ તે જાણતો હોવાથી તેણે ભાગુરાયણને જ વશ કરી લેવાનો યત્ન આદર્યો અને તેનો તે યત્ન કેટલે સુધી સિદ્ધ થયો, તે વાંચકો જાણી ચૂકેલા હોવાથી વધારે વિવેચનની કાંઈ પણ આવશ્યકતા નથી.

—※—

## પ્રકરણ ૨૦ મું.

### ઈન્દ્રજાળ વિદ્યા.

પોતાના પરાજય માટે પાટલિપુત્રમાં કેવા કેવા પ્રપંચોની રચના થતી હતી, તે અમાત્ય બિચારો જરાપણ જાણતો નહોતો. અમાત્ય જો કે ઘણો જ ચતુર અને સર્વદા સાવધ રહેનારો પુરુષ હતો, છતાં પણ ઘણા લાંબા સમયથી જેના શિરે કાંઈ પણ સંકટ આવેલું ન હોય, તેમાં સ્વાભાવિક રીતે કાંઇક અસાવધતા આવીને નિવાસ કરે છે જ. એવી જ રીતે રાક્ષસમાં પણ સાહજિકતાથી તે પોતે ન જાણી શકે તેવી રીતે અસાવધતાએ પોતાનું પ્રબળ પ્રવર્ત્તાવ્યું હતું. માત્ર તેના મનમાં ધનાનન્દના વર્ત્તન માટેની જ ચિન્તા હતી. ધનાનન્દ રાજ્યવ્યવસ્થામાં ધ્યાન નહોતો રાખતો, એમાટે પણ તેને બહુ માઠું લાગતું નહોતું–પણ તે આઠે પહોર મુરાદેવીના મંદિરમાં વિલાસનો ઉપભોગ લેતો પડી રહે છે, એ વિચારથી તેને ઘણો જ ખેદ થતો હતો, કોઈ બીજા રાજા તરફથી સંકટ આવવાની તેને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ.

"જ્યાં સુધી પુષ્પપુરીમાં રાક્ષસ અમાત્ય જીવતો છે, ત્યાં સુધી કોઈ પરકીય રાજા આ નગરપ્રતિ વક્ર દૃષ્ટિ કરીને જોઈ શકે, એ સર્વથા અશક્ય છે." એવો તેનો પૂર્ણ નિશ્ચય હતો. તેમ જ પોતે જાગૃત હોવા છતાં નગરમાં ને નગરમાં અથવા તો પોતાના જ રાજ્યમાં કોઈ માથું ઉંચકશે અથવા તો ઘરમાં જ કોઈ કલેશ જાગશે, એવી પણ તેની ધારણા હતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ. એવી સ્થિતિમાં સર્વથા ગુપ્તરીતે જ્યારે સુમતિકાએ તેને જણાવ્યું કે, "મુરાદેવી રાજાના પ્રાણનાશના પ્રયત્નમાં લાગેલી છે," તે વેળાએ એની ચિત્તવૃત્તિમાં કેવો વિક્ષોભ જાગ્યો હશે, એની કલ્પના વાચકોએ જ કરી લેવી. એવામાં વળી તે રાજાને મળવા માટે ગયો અને તે વેળાએ રાજાએ જે વાતો કહી, તેથી તો એના સારી રીતે કાન ખુલી ગયા. પોતે રાજાને મુરાદેવીના કપટતંત્રવિશે જાગૃત કરવાને ગયો હતો, ત્યાં રાજાએ તો પોતાના સંશય બીજા વિશે જ જણાવ્યો, એવી દશા જોઇને તો તેને ઘણું જ આશ્ચર્ય થવા લાગ્યું; પરંતુ એ આશ્ચર્ય લાંબો વખત ટકી શક્યું નહિ. એના મનમાં બીજા જ વિચારો આવવા લાગ્યા. "પોતાના કપટને રાજા જાણી ન શકે, એ હેતુથી મુરાદેવી તો રાજાને ભમાવતી નહિ હોય ને? અને પોતા વિશેનો સંશય બીજામાં જવાથી તેના વિશે રાજાના મનમાં તિરસ્કાર ઉત્પન્ન થાય અને પોતાનું ધાર્યું નિર્વિઘ્ને પાર પડે, એટલા માટે તો તે આવા પ્રયત્નો નહિ કરતી હોય? જો એમ જ હોય તો તેના પ્રયત્નો ઘણે અંશે સફળ થઈ ચૂક્યા છે, એમ કહેવામાં કાંઇપણ હરકત જેવું નથી." એવી ધારણાથી હવે એ કાર્યમાં તેણે વિશેષ ધ્યાન રાખવાની યોજના કરી. બીજી કોઈ બાબતમાં અત્યારે ધ્યાન આપવાની એટલી બધી આવશ્યકતા હતી નહિ. ચન્દ્રગુપ્ત કોણ અને કયાંથી આવ્યો છે, એ વિશે જે તેના મનમાં શંકા હતી, તેનું નિરાકરણ તો થઇ ગયું હતું. તેથી "જો ચન્દ્રગુપ્ત આપણા રાજ્યમાં હશે, તો સુમાલ્યનો તે સારો સહાધ્યાયી થઈ પડશે. કિરાતરાજાએ આટલી બધી નમ્રતાથી જ્યારે મને લખેલું છે ત્યારે હવે એને દૂર કરવાનું કાંઇ પણ પ્રયોજન નથી. એ ભલે રહ્યો. એની તપાસ કરવાનું કે એના પર નજર રાખવાનું પણ કશું કારણ નથી." રાક્ષસે તેના વિશે એવો વિચાર કર્યો અને એ તરફ વધારે ધ્યાન રાખ્યું નહિ. વિરુદ્ધ પક્ષે "સુમાલ્ય અને ચન્દ્રગુપ્તનો મૈત્રી સંબંધ સંધાશે, તો ભવિષ્યમાં મ્લેચ્છ લોકોને દંડ દેવામાં એ ઘણો જ ઉપયોગી થઈ પડશે." એવો નિશ્ચય થવાથી ચન્દ્રગુપ્તને છેડવાનું તો તેણે સર્વથા માંડી જ વાળ્યું. પરકીય શત્રુની તો તેને સ્વપ્નમાં પણ ભીતિ હતી નહિ. આસપાસનો કોઇ પણ રાજા કુસુમપુરને બુભુક્ષિત નેત્રોથી નિહાળી શકે, એટલું પણ તેના માટે શકય હતું નહિ. અર્થાત્ રાક્ષસને જે કરવાનું હતું તે એટલું જ કે, રાજાને મુરાના મોહપાશમાંથી મુક્ત કરવો—એ કાર્ય માટે મથવાનો તેણે નિશ્ચય કર્યો.

અમુક એક નુકસાન થાય છે, એમ જણાતાં જ તેને અટકાવવા માટે કાંઇ પણ ઉપાય યોજવો જોઈએ, એવી ધારણા કરવી જેટલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરળ છે, તેટલું એ ઉપાય શો યોજવો અને તેને અમલમાં કેવી રીતે લાવવો, એનું નિરાકરણ સરળ નથી. રાજાને સ્થાને જો પ્રજામાંનો બીજો કોઈ પુરુષ હોત, તો એટલી બધી વિડંબનાનું કારણ રહેત નહિ—તે પુરુષને તો એકદમ પકડી મગાવીને સારી રીતે ધમકાવ્યો અથવા તો ચાર દિવસ વગર ભાડાની કોટડીમાં મોકલી દીધો, એટલે પંચાતનો અંત આવી જાત; પરંતુ પ્રસ્તુત પ્રસંગે તેવા કોઈ ઉપાયની યોજના કરી શકાય તેમ હતું જ નહિ. એથી રાક્ષસ ઘણો જ ચિન્તામાં આવી પડ્યો હતો. મુરાદેવીમાં રાજા કેટલો બધો મોહી ગયો છે, એ તેણે સારી રીતે જોયું હતું. એથી તેણે રાજાપર મોહિની મંત્રનો પ્રયોગ કરેલો છે, તો તેને કાઢનાર પણ કોઈ તેવો જ જાદૂગર હોવો જોઇએ, એવા વિચારમાં રાક્ષસ બેઠો હતો. એટલામાં સુમતિકાના આગમનની ખબર આવી. તેને તેણે તત્કાળ અંદર બોલાવી. એ કાંઇ પણ નવી ખબર લઈ આવી હશે, એમ તેનું ધારવું હતું. સુમતિકા અંદર આવી અને રીતિ પ્રમાણે રાક્ષસને વંદન ઇત્યાદિ કાંઇ પણ ન કરતાં એકદમ ગભરાયલા અવાજથી કહેવા લાગી કે, "આર્યશ્રેષ્ઠ! મારું સંરક્ષણ કરો. મારો હવે કોઈ પણ આધાર નથી."

સુમતિકાના ગભરાટનો અને તેની કાવરી બાવરી દૃષ્ટિનો રાક્ષસ કાંઈ પણ ભાવાર્થ સમજી શકયો નહિ. પાછળ પડેલી વાઘણના નખપ્રહારથી પોતાનું રક્ષણ કરવા માટે વેલીના જાળમાં ફસાયલી હરિણી જેવી રીતે ઘણી જ ચકિત દૃષ્ટિથી અહીં તહીં જોતી રહે છે અને તેનો શ્વાસોચ્છવાસ ઉતાવળો ચાલે છે, તે પ્રમાણે જ સુમતિકાની આ વેળાએ દશા થએલી હતી. રાક્ષસ તેને આશ્વાસન આપતો કહેવા લાગ્યો કે, "સુમતિકાબાઈ! આટલાં ગભરાઓ છો શા માટે? શું થયું તે મને કહો તો ખરાં? રાક્ષસના ગૃહમાં તમારો એક વાળ પણ કોઇ વાંકો કરી શકે તેમ નથી." તોપણ સુમતિકાના શરીરમાંનો કંપ બંધ થયો નહિ. ઘણોક વખત વીતી ગયો, પણ તેના મુખમાંથી એક પણ શબ્દ બહાર નીકળ્યો નહિ. એને સ્વસ્થતાથી બેસાડ્યા વિના એ ઉત્તર આપવાની નથી. એવા વિચારથી રાક્ષસે વધારે આગ્રહ ન કરતાં તેને જેમની તેમ બેસવા દીધી. પરંતુ તેના મનમાં "આટલા બધા ગભરાટનું કારણ શું હશે? અને રક્ષણ કરો, એવો પોકાર એણે શા હેતુથી કર્યો હશે." એવા પ્રશ્નો ઉદ્ભવ્યા કરતા હતા. પણ તેનો નિર્ણય એનાથી કરી ન શકાયો. થોડીવાર પછી શાંત થતાં સુમતિકા બોલી કે, "આર્યશ્રેષ્ઠ! હવે મારા જીવવાની મને આશા નથી. મુરાદેવીના મંદિરની ગુપ્ત ખબરો તમને પહોંચાડવાનું કાર્ય મેં સ્વીકારેલું છે, એની મુરાદેવીને જાણ થઈ ગઈ છે. એ ખબર તેને કોણે પહોંચાડી, તે તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરમેશ્વર જાણે. માત્ર હિરણ્યગુપ્ત વિના આપના બીજા કોઈ પણ અનુચરથી મેં વાત સુદ્ધાં પણ કરી નથી અને હિરણ્યગુપ્ત એ ખબર ત્યાં પહોંચાડે, એ સંભવતું પણ નથી. વળી મુરાદેવીનો અને એનો કોઈ વેળાએ મેળાપ પણ થએલો નથી, ત્યારે દેવીના કાને એ વાત ગઇ કેમ? અને તે પણ આવા કટાકટીના પ્રસંગે? દેવીએ મહારાજાને મારી નાંખવાની જે યોજના કરેલી છે, તે યોજના બધી મારા જાણવામાં આવી શકે એમ હતું–અને તેવામાં આ ન ધારેલું વિઘ્ન આવી પડ્યું. હું અહીં આવીને તેના મંદિરમાં બનતી બધી બીનાના તમને સમાચાર પહોંચાડું છું, એ મુરાદેવી જાણી ચૂકી છે અને તેણે મને યોગ્ય શિક્ષા કરવાનો નિશ્ચય પણ કરેલો તે. વળી એ શિક્ષા તે આજે જ મને આપવાની છે, એમ પણ સંભળાય છે, અને તેણે મને પોતાના જાળમાં સપડાવવા માટે શી યોજના કરેલી છે, તે પણ હું જાણું છું, તેથી જ મારો જીવ બચાવીને હું અહીં ન્હાસી આવી છું. હવે શું કરવું? જે કોઇ પણ પોતાના એક સ્વામીનો દ્રોહ કરીને બીજા પાસેથી લાભ મેળવવાની આશા રાખે છે, તેની આવી જ અવદશા થાય છે! જો આપના આમંત્રણને માન આપી અહીં આવી નહોત અને પોતાની સ્વામિનીનાં ગુપ્ત રહસ્યો આપને જણાવવાનું નીચ કાર્ય સ્વીકાર્યું ન હોત, તો આજે આવો ભયંકર પ્રસંગ મારા શિરે આવવા પામત નહિ. હવે તો તે પણ મુરાદેવી છે. હું જો સાતમા પાતાળમાં પણ છૂપાઈ રહીશ, તો ત્યાંથી શોધીને પણ એ મારા પ્રાણ લીધા વિના રહેવાની નથી; તથાપિ તેનાથી વિરુદ્ધ થઇને આપની સેવાનો સ્વીકાર કરેલો હોવાથી સહજ જ એવી કલ્પના થઇ કે, હવે આપનાં ચરણો વિના મારો બીજો કોઇ આશ્રય નથી જ."

"તારે હવે તારા જીવની જરા પણ ભીતિ કરવી નહિ, અને સર્વથા નિશ્ચિન્ત રહેવું. પણ સુમતિકે! મહારાજના ઘાતના ઉપાય વિશે જે કાંઈ થોડું ઘણું પણ તારા જાણવામાં આવ્યું હોય, તે સત્વર મને કહી સંભળાવ. કારણ કે તે જાણીને મહારાજના પ્રાણ સંરક્ષણનો કોઇ ઉપાય કરવો જ જોઈએ." અમાત્ય રાક્ષસે તેનું સાંત્વન કરીને પોતાના સ્વાર્થનો પ્રશ્ન પૂછ્યો.

"અમાત્યરાજ! શું મહારાજના જીવની રક્ષા કરવા માટે હું મારા જીવને જોખમમાં નાંખું? એમ કહેવામાં મારો એવો હેતુ નથી કે, મહારાજના જીવ કરતાં મને મારો જીવ વધારે વ્હાલો છે. મહારાજના જીવનના આધારે તો અમારું જીવન ટકી રહ્યું છે. પણ મારા મનમાં હજી એવી આશા છે કે; હું પુનઃ મારી સ્વામિનીના કોપને શમાવીને પુનઃ તેની કૃપા મેળવી શકીશ; પરંતુ તેમાં આવાં વિઘ્નો આવવા માંડે, તો મારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશા કેવી રીતે સિદ્ધ થઇ શકે વારુ? મારી એવી ધારણા છે–અરે ધારણા નહિ, પણ મારો નિશ્ચય છે કે, માત્ર એક કે બે દિવસમાં જ બહુધાઃ–' એટલું બોલીને તે અર્ધ વાક્યમાં જ વિરામી ગઈ અને બીજો મનુષ્ય સ્પષ્ટતાથી જોઇ શકે તેવી રીતે તેણે જાણે પોતાના સુકોમલ શરીરપર રોમાંચ ઊભાં થયા હોયની તેવો પૂરેપૂરો આવિર્ભાવ કરી બતાવ્યો–સ્ત્રી ચરિત્રની એક સંપૂર્ણ ભૂમિકા ભજવી બતાવી.

રાક્ષસે એ આવિર્ભાવને જોઇને તેને ઘણી જ ઉત્સુકતા અને ચિંતાના ભાવથી કહ્યું કે, " શું શું ? માત્ર એક કે બે દિવસમાં જ બહુધા શું થવાનું છે?"

"શું કહું, આર્યશ્રેષ્ઠ ! મારા ધારવા પ્રમાણે તો મુરાદેવી પોતાને વિધવા નામથી ઓળખાવવા માટે ઘણી જ ઉત્સુક થએલી છે. કોઈ ઉપવર કુમારિકા વિવાહ માટે પણ જેટલી ઉત્સુક નહિ હોય, તેટલી એ વૈધવ્ય માટે આતુર થએલી દેખાય છે." સુમતિકાએ આલંકારિક શબ્દોમાં પોતાનો મનોભાવ જણાવ્યો.

"તારા કહેવાનો ભાવાર્થ શો છે? સુમતિકે! આવા માર્મિક શબ્દોનો પ્રયોગ કરવાને બદલે જે હોય, તે ખુલ્લે ખુલ્લું જ જણાવી દેને." અમાત્યે કહ્યું.

" ખુલ્લે ખુલ્લું શું જણાવું ? સ્પષ્ટ બોલાવાનો સમય આવતાં પહેલાં તો વિઘ્ન આવી પડયું, એટલે સ્પષ્ટ બોલું કેવી રીતે ?" સુમતિકાએ પાછી વાતને ઉડાવી.

" સુમતિકે! જો મહારાજ માટે તારા હૃદયમાં કાંઈ પણ પ્રેમ હોય, તો પોતાના શિરે આવનારા સંકટની પરવા ન કર. તું પાછી મુરાના મંદિરમાં જા અને તેના કોપને શમાવ. એવી રીતે પાછો તેનો વિશ્વાસ મેળવીને શો ભયંકર પ્રકાર છે, તે મને આવીને જણાવ." અમાત્ય રાક્ષસે પુનઃ તેને સાહસ કરવાની આજ્ઞા કરી.

સુમતિકા પાછી જાણે ગભરાઈ ગઈ હોયની! તેવા ભાવથી કહેવા લાગી, " આર્ય! આપની આજ્ઞાને અનુસરીને હું પાછી ત્યાં જઈશ ખરી; પણ હવે એ રહસ્ય જાણવા માટેનો અવકાશ ક્યાં છે? જે કાંઈ પણ ભયંકર કૃત્ય થવાનું છે, તે તો માત્ર એક કે બે દિવસમાં જ થઈ જશે. હું ત્યાં જઇશ, એટલે પાછી હું બહાર જઇને ચાડી ચુગલી કરીશ, એવી શંકાથી મને તો મુરાદેવી તે કારાગૃહમાં જ નાંખવાની–કોઈ કાળે પણ છૂટી છોડશે નહિ. આપને જો કાંઈ પણ ઉપાય કરવાનો હોય, તો તે બને તેટલી ઉતાવળથી જ કરવો જોઈએ. એ હેતુથી જ હું આપ પાસે આવેલી છું,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઈ પણ ભયંકર ઘટના થવાની છે, એ તો મેં આપને જણાવ્યું જ હતું અને આજે એ જણાવું છું કે, તે ઘટના આજકાલમાં જ બનવાની છે. મારાં એટલાં જ સારાં ભાગ્ય કે, હું એ ખબર આપને પહોંચાડી શકી."

રાક્ષસ, સુમતિકાના એ ગોળગોળ ભાષણનો ભાવાર્થ પૂર્ણતાથી સમજી શક્યો નહિ. સુમતિકા આવી, ત્યારે "રક્ષા કરો–રક્ષા કરો." એવો પોકાર કરતી આવી અને પાછળથી આ બધો ભેદ ફૂટી જવામાં તેણે હિરણ્યગુપ્તને હેતુ રૂપ બતાવ્યો. ત્યાર પછી તેણે પુનઃ મુરાના મંદિરમાં જઇને પોતાના જીવને જોખમમાં નાંખવાનું પણ જણાવ્યું અને હવે જવાની આજ્ઞા આપી, ત્યારે તે જેમ કોઈ ઉન્મત્ત મનુષ્ય હોય તેમ જવામાં આનાકાની કરે છે. ઇત્યાદિ બનાવોનો વિચાર કરીને એમાં સત્ય વાર્ત્તા શી છે? તે શોધી કાઢવાનો રાક્ષસે અતોનાત પ્રયત્ન કર્યો. પણ અંતે તેમાં નિષ્ફળ થવાથી મહાન્ ગંભીર વિચારસાગરના અનેક કલ્પનાતરંગોમાં તે તરવા લાગ્યો. તેના મનની સ્થિતિ ચલિત અને ભ્રમિષ્ટ બની ગઈ.

—:o:—

## પ્રકરણ ૨૧ મું.

### અમાત્યે શું કર્યું?

"સુમતિકે! ગમેતેમ થાય, તો પણ આ વેળાએ પોતાના રાજાના જીવના સંરક્ષણમાટે તારા જીવને તું જોખમમાં નાંખીશ, તો તેમાં તારું આલોક અને પરલોક ઉભયલોકમાં ભલું થશે. ગમે તેમ કર, પણ મુરાદેવીના મંદિરમાં શી શી ગુપ્ત વાર્ત્તાઓ ચાલે છે, તે તું જાણીને મને જણાવ. મારી આજ્ઞાને અનુસરવામાં જરા પણ આનાકાની કરીશ નહિ. તારા પ્રાણની રક્ષામાટે હું સર્વ વ્યવસ્થા કરીશ; પરંતુ આ ખીના અર્ધદગ્ધ ન રાખ–જા સત્વર અહીંથી જા." પોતે આવો દુરદર્શી ચતુર પ્રધાન, અને સમસ્ત ત્રિભુવનનાં ગુપ્ત રહસ્યો જાણનારો તથા તે પ્રમાણે વ્યવસ્થા કરનારો હોવા છતાં આજે પોતાના રાજાના પ્રાણપર જ સંકટ આવે અને તેમાંથી તેને બચાવી ન શકાય, તેમ જ તે વિશેની માહિતી પણ મળી ન શકે, એ કેટલા ખેદનો વિષય કહેવાય? એવા વિએવા ચારોથી વિષાદ પામીને અંતે અમાત્ય રાક્ષસે સુમતિકાને ઊપર કહ્યા પ્રમાણેની આજ્ઞા આપી. એના ઉત્તરમાં સુમતિકા કહેવા લાગી કેઃ—

"અમાત્યરાજ! આપનો જ્યારે આટલો બધો આગ્રહ છે, ત્યારે ત્યાં ગયા વિના મારો છૂટકો નથી. પણ મને ત્યાંથી જે બાતમી મળશે, તે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેવા માટે અહીં હું પાછી આવી શકીશ કે નહિ, એનો મને ભરોંસો નથી. મુરાદેવીના મનમાં મારા વિશે પૂરેપૂરો સંશય આવી ગયો છે–પણ એ સંશય તે મોઢેથી બોલીને જાહેર કરવાની નથી; કિન્તુ મારા પર તેની દૃષ્ટિ પડતાં જ તે મને જીવતી દટાવી દેશે કે કોઈ અંધારી કોટડીમાં પૂરીને ગુંગળાવી મારી નાંખશે, એ તો નક્કી જ છે. માટે મારી એક નમ્ર પ્રાર્થના આપ સાંભળશો? મારા જેવી એક દીન દાસી આપને ઉપદેશ તો કયાંથી આપી શકે? આ તો નાનું મોઢું ને મોટી વાત કર્યાં જેવું જ થાય છે; પરંતુ હવે બીજો કોઈ ઉપાય ન હોવાથી હું સૂચવું છું કે, આપ પુનઃ કોઈ નિમિત્ત કાઢીને મહારાજાને મળવા જાઓ અને તેમને આ ભેદ ખુલ્લે ખુલ્લો જણાવીને અથવા તો બીજી કોઈ યુક્તિથી તેમને મુરાદેવીના મંદિરમાંથી બીજે સ્થળે લઈ જાઓ. એ ઉપાય પણ જો આજે જ અથવા તો આવતી કાલે સંધ્યાકાળ સૂધીમાં થાય, તો જ વધારે સારું–તો જ મહારાજનો જીવ બચી શકશે. જો આવતી કાલની સંધ્યા વેળા વીતી ગઈ, તો પછી આપણા હાથમાં કશું પણ રહેવાનું નથી, એ ધ્યાનમાં રાખવું. મહારાજ જો મુરાદેવીના રંગમહાલયમાંથી નીકળી ગયા, તો જ તેમના પ્રાણ બચવાનો સંભવ છે; નહિ તો આપણા આ પાટલિપુત્ર નગરને સત્વર જ અનાથ થવાની વેળા આવેલી જાણવી. હવે હું બીજી તે શી સૂચના કરું? આપની આજ્ઞા છે, તો હવે હું જઈને જો બીજા કાંઈ પણ સમાચાર મળે, તો તે મેળવવાની કોશીશ કરું છું. પણ હવે પાછી આવીને તે સમાચાર હું આપને જણાવી શકીશ, એવી મને તો આશા નથી. પછી તો જેવી પરમાત્માની ઇચ્છા અને જેવાં મારાં ભાગ્ય !!" સુમતિકાએ પૂર્ણ ચતુરતા અને પૂર્ણ સ્ત્રીચરિત્રથી એ વાકયો ઉચ્ચાર્યાં.

સુમતિકાના બોલવામાં રાક્ષસનું પૂરેપૂરું ધ્યાન હતું નહિ. તે એ પ્રમાણે બોલીને તત્કાળ ત્યાંથી ચાલતી જ થઈ ગઈ. જવામાટે તેણે અમાત્યની આજ્ઞા પણ લીધી નહિ. રાક્ષસનું મન અર્ધ પોતાના વિચારમાં અને અર્ધ સુમતિકાના ભાષણને સાંભળવામાં રોકાયલું હતું. એથી તે પોતાનું ભાષણ પૂરું કરીને ત્યાંથી ચાલતી થઈ, એનું પણ તેને થોડીવાર પછી જ જ્ઞાન થયું. પરંતુ જ્યારે તેણે જાણ્યું કે, સુમતિકા ગઈ ત્યારે તેણે આજ્ઞા ન લીધી તે માટે અમાત્યને ઘણું જ આશ્ચર્ય થયું. તેણે તત્કાળ દ્વારપાળને બોલાવીને પૂછ્યું, "સુમતિકા ગઈ કે શું?" એનું "હા" માં ઉત્તર મળતાં તેણે વધારે કાંઈ પણ પૂછયું નહિ અને પાછો પોતાના વિચારમાં તે નિમગ્ન થઈ ગયો. તેના વિચારોની પરંપરા નીચે પ્રમાણેની હતી;—



P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

"નિષ્કંટક રાજ્યના નામથી પ્રસિદ્ધ થએલા આ મગધરાજ્યપર હવે અવશ્ય કાંઈ પણ આપત્તિ આવવાનાં ચિન્હો જણાય છે. નંદવંશ શુદ્ધ જ રહે, તેટલા માટે મેં શૂદ્રી-વૃષલીને પટરાણી થવા દીધી નહિ-તેના ઉદરમાંથી એક પુત્ર પણ જન્મ્યો-તેનો પણ એ વેલોમોડો સિંહાસને બેસશે, એ સારું નહિ થાય, એવી ધારણાથી વધ કરાવી નાંખ્યો. તે જ બાળકની માતા-તે જ વૃષલી આજે રાજાનો જીવ કે પ્રાણ થઇને બેઠેલી છે અને હું પણ તેને નમાવવામાં અશક્ત થઈ પડ્યો છું. રાજાનું અને મારું પરસ્પર લાંબો સમય ભાષણ થવું તો દૂર રહ્યું, પણ રાજાનાં દર્શનનો લાભ પણ તે બીજાને થવા દેતી નથી. આટલું બધું થઈ ગએલું હોવા છતાં પણ અદ્યાપિ એને માટે મારાથી કોઈ ઉપાયની યોજના કરી નથી શકાતી; એ તો વળી વિલક્ષણ જ છે. પણ કરવું શું? એક વાર જેમ તેમ કરીને મહારાજાને મળ્યો તો ખરો, પણ તે શ્રમનું ફળ કાંઈ પણ થયું નહિ. પણ હવે બીજી વાર મેળાપ થવા માટે શો ઉપાય કરવો? મેળાપ થાય તો તો એ બધું ખુલ્લે ખુલ્લું જણાવીને તેમને સાવધ રહેવાની પ્રાર્થના કરીશ. પણ પ્રથમ મેળાપ તો થવો જોઇએ ને? મુખ્ય અમાત્યને પણ જ્યાં રાજાના મેળાપનાં સાંસાં પડવા લાગ્યાં, ત્યાં હવે રાજાના નાશના દિવસો જ પાસે આવી પહોંચ્યા છે, એમ જ કહી શકાય. પરંતુ આપણે તો આપણું કર્ત્તવ્ય બજાવવું જ જોઇએ." એમ વિચાર કરીને અમાત્ય રાક્ષસ ત્યાંથી ઉઠ્યો અને તત્કાળ એક પત્ર લખી તે પોતાના એક અત્યન્ત વિશ્વાસુ મનુષ્યદ્વારા મુરાદેવીના મંદિરમાં રાજાને આપવા માટે તેણે મોકલી દીધો.

ચમત્કાર ગમે તેવો હોય; પણ રાક્ષસનું એ પત્ર આવતાં જ જાણે તેને મહારાજાના હાથમાં પહોંચાડવાની પૂર્વ વ્યવસ્થા જ કરી રાખી હોયની! તેમ જ બન્યું. એ પત્ર તત્કાળ મહારાજાના હાથમાં ગયું. મુરાદેવી તો ત્યાં બેઠેલી જ હતી. મહારાજે એ પત્રને ઉખેડીને વાંચવાનો આરંભ કરતાં જ તેણે રાજાને કહ્યું કે, "એટલું બધું અગત્યનું એ પત્ર તે કોનું છે વારુ?"

"અમાત્ય રાક્ષસનું." રાજાએ ઉત્તર આપ્યું.

"અમાત્ય રાક્ષસનાં તો આજ કાલ ઉપરા ઉપરી પત્રો આવવા લાગ્યાં છે ને શું? તેમને પોતાને અહીં આવવાનો કંટાળો થવા માંડ્યો છે, એમ જ આથી તો અનુમાન થાય છે. આપનો મારાપર પાછો સ્નેહ થયો, તોપણ એનો દ્વેષ ઓછો થતો નથી. મારા અન્તઃપુરમાં ન આવવું પડે, તેટલા માટે જ આ યુક્તિ રચેલી હોય, એમ જણાય છે." મુરાદેવીએ પોતાના કપટતંત્રનો ઉપક્રમ કરતાં કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પ્રત્યક્ષ આવવાથી મેળાપ થઈ નથી શકતો અને કોઈ પોકાર નથી સાંભળતું, એમ તેનું કહેવું છે." રાજાએ પત્ર વાંચીને કહ્યું.

"અમાત્યનો પોકાર અને તે અહીં કોઈ સાંભળતું નથી? મનમાં અમુક એક કાર્ય કરવાની ધારણા ન હોય, એટલે પછી તેનાં અનેક કારણો બતાવી શકાય છે. ઠીક; પણ પત્રમાં એણે શું લખ્યું છે?" મુરાદેવીએ પૂછ્યું.

"પુનઃ એકવાર તેણે અહીં આવીને મને મળી જવાની આજ્ઞા માગી છે અને તે પ્રસંગે એક મોટા રાજકારણ વિશે વાતચિત કરવાની તેની ઇચ્છા છે, એમ આમાં લખેલું છે." રાજાએ ઉત્તર દીધું.

"હશે એ પણ પહેલાંના જેવું જ કોઈ રાજકારણ. હવે પરચક્રનું કારણ તે ક્યાંથી બતાવી શકે? અમાત્ય મહાન્ સ્વામિભક્ત હોવાથી મને લાગે છે કે, આપની ક્ષેમકુશળતા માટે તેના મનમાં સદા સર્વદા સંશયો જ આવ્યા કરતા હશે. હું આપના જીવને કાંઇપણ જોખમમાં નાંખવાની છું, એવો સંશય તો એને નહિ આવ્યો હોયને? મને તો આજકાલ–જો કે કહી નથી શકાતું તોપણ–એમ ભાસવા લાગ્યું છે કે, એના મનમાં અવશ્ય મારા માટે જ કોઈ ખોટો સંશય આવેલો છે. પણ હું હવે એ ભાંજગડમાં પડવા નથી માગતી. મારી પાસે તો હવે માત્ર આપનાં ચરણની સેવા વિના બીજા વિષયમાં ધ્યાન આપવાની વેળા જ નથી અને મારી તેવી ઇચ્છા પણ નથી. નહિ તો એના મનમાં શું છે અને શું નહિ, તે મેં બધુંએ બહાર કઢાવ્યું હોત; પરંતુ જ્યાં સુધી આપનો મારામાં નિર્મળ સ્નેહ છે, ત્યાં સુધી હું સર્વથા નિઃશંક છું. બીજાઓના મનમાં મારા વિશે ગમે તેટલા સંશયો હોય અને તેઓ મારા માટે ગમે તેમ બોલતા હોય, તેની દરકાર કરવાનો કે તેમની તપાસ કરવાનો વિચાર સુદ્ધાં પણ હવે મારા મનમાં રહ્યો નથી. આપનાં ચરણોને આધારે હું સર્વથા નિઃશંક નિર્ભય અને નિશ્ચિત થઈ ગએલી છું. પણ અમાત્યે આટલું બધું શું લખ્યું છે વારુ?" મુરાદેવીએ સ્ત્રીચરિત્રના ભાવથી ધીમે ધીમે વાત કઢાવવાનો પ્રયત્ન કર્યો.

"અમુક એક ઘણું જ મહત્ત્વનું રાજકારણ છે; માટે કૃપા કરીને જેટલી ઊતાવળે બની શકે, તેટલી ઊતાવળે એક વાર દર્શનનો લાભ આપવો અને હું આવું તે વેળાએ મારી પ્રાર્થના લક્ષપૂર્વક સાંભળી લેવી; એટલું જ લખેલું છે, બીજું તે શું હોય? મને તો હવે તારાવિના એક ક્ષણ માત્ર પણ ચાલી નથી શકતું અને અમાત્ય રોજ નવાં નવાં રાજકારણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાઢયા કરે છે. સુમાત્ય છે, તેના નામથી તમને યોગ્ય લાગે તે વ્યવસ્થા કરો. હું મારા પિતા પ્રમાણે રાજ્યભારને શિરપર ઉતારીને અરણ્યમાં વાસ કરવાને ગએલો છું, એમ સમજો! એમ અનેક વાર કહેવા છતાં પણ એ માનતો નથી, તેનો શો ઉપાય કરવો?" રાજાએ પોતાનો કંટાળો જાહેર કર્યો.

"આર્યપુત્ર! માત્ર મારા જ માટે આપનાં રાજ્યકાર્યો બગડે અથવા તો મારામાં લુબ્ધ થવાથી આપ રાજ્યનાં કાર્યોમાં જોઇએ તેવું ધ્યાન આપતા નથી, એવી પ્રજાજનોની માનીનતા થાય, એ મને તો સારું લાગતું નથી. જો એમની એ માનીનતા એવી જ રીતે વધતી જશે, તો પછી પ્રજા પણ મારો દ્વેષ કરવા માંડશે. હાલમાં તો અમાત્ય જેવા થોડા જ પુરુષો મારો દ્વેષ કરનારા હશે; પરંતુ મોટાં મોટાં રાજકારણો ઉપસ્થિત થાય અને અમાત્ય મળવાની માગણી કરે–તેનો પણ આપ અસ્વીકાર કરો, એટલે પછી બધાના મનમાં ખોટા વિચારો બંધાય જ તો. માટે મારી એટલી જ વિનંતિ છે કે, અમાત્યને એક વાર અહીં અવશ્ય બોલાવીને તેની શી પ્રાર્થના છે, તે આપે સાંભળી લેવી." સુરાદેવીએ કહ્યું.

"વાતમાં માલ જેવું તો કાંઈ પણ હશે નહિ અને જો મહત્ત્વની વાત હોત, તો શું પત્રદ્વારા તે વાત તે મને જણાવી ન શકત? રહેવા દેને હું તેને લખું છું કે,........"

રાજા કાંઇક વધારે બોલવા જતો હતો, એટલામાં તેને વચમાં જ અટકાવીને સુરાદેવી બોલી કે, "ના–ના–આર્યપુત્ર! આપ એમ કરશો જ નહિ. આપની અમાત્યને મળવાની ઇચ્છા ન હોય, તો પણ હું વિનવું છું કે, આપ તેને મળવા માટે બોલાવો અને શાંતિથી તેનું જે કહેવું હોય તે સાંભળી લ્યો. જો કોઈ મહત્ત્વનું કાર્ય હોય તો તેમાં અવશ્ય આપે લક્ષ આપવું જ જોઇએ. આપ રાજ્યકાર્યમાં બિલ્કુલ ભાગ નથી લેતા, એવી જો કોઈ પરકીય રાજાને જાણ થાય, તો ખરેખર જ કોઈ અજ્ઞેય સંકટ આવી પડે. એમાં અસંભવિત હોય એવું કાંઈ પણ નથી. અર્થાત્ ભલે અહીં રહીને પણ આપે અમાત્યને વારંવાર બોલાવીને રાજ્યકાર્યમાં ભાગ તો લેવો જ જોઇએ. મારી આગ્રહપૂર્વક એટલી જ વિનતિ છે કે, માત્ર આપે અહીંથી કયાંય બીજે સ્થળે જવું નહિ;–કારણ કે, મને આપના જીવનની ઘણી જ ચિન્તા થયા કરે છે. આપના અને મારા બહાર ઘણા શત્રુ છે–અપૂપ આવ્યા તે વેળાએ શું થયું હતું, તે તો આપે પ્રત્યક્ષ જોએલું જ છે, માટે જ આ વિનતિ કરવાનું હું સાહસ કરું છું. હું ઘણી જ સાવધ અને કોઇના કાવત્રામાં ન આવું એવી હોવાથી, આપને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજે સ્થળે લઈ જવાના પ્રયત્નો અવશ્ય તેઓ કરવાના જ, એ ખુલ્લું છે. માટે આપ એટલી જ સંભાળ રાખવાની કૃપા કરજો અને આપને રક્ષવાના પ્રયત્નમાં મારા પ્રાણ જશે, તો તેની પણ હું પરવા કરવાની નથી. આર્યપુત્ર! આપ સુરક્ષિત છો, ત્યાં સૂધી જ મારા વૈભવો પણ રક્ષાયલા છે. ન કરે નારાયણ ને આપના જીવને કાંઈ પણ જોખમ લાગે તો મારી કેવી દુર્દશા થાય, તેની હું કલ્પના પણ કરી શકતી નથી. મને મારા શત્રુઓ જીવતી જ બાળી નાંખશે કે મારા માંસની ગીધો અને શૃંગાલોને ઉજાણી આપશે, એ અત્યારે કાંઈ પણ કહી શકાય નહિ." મુરાદેવીએ કપટજાળનો વિસ્તાર કર્યો.

"મુરાદેવી! આ તેં તું શું બોલે છે? આવો વિલક્ષણ અનુભવ પ્રત્યક્ષ મળેલો છતાં પણ હું અસાવધતાથી બીજે સ્થળે જાઉં, એમ બને ખરું કે? હું કયાંય પણ જનાર નથી. જેનામાં મારો સંશય છે, તેને અહીં બોલાવીને હું કયારનુંય દેહાંતશાસન આપી ચૂકયો હોત; પણ તારા કોમલ હૃદયે જ તેમાં વિલંબ કરાવ્યો છે. પણ હવે તારું શું કહેવું છે? એમ જ કે નહિ કે, અમાત્યને અહીં બોલાવીને તેની પ્રાર્થના સાંભળી લેવી? ઠીક છે—અરે કોણ છે રે? અમાત્યનું માણસ આવેલું છે તેને કહો કે, અમાત્યને અહીં મોકલી આપે—હું અત્યારે મળી શકીશ." રાજાએ મુરાદેવીની ઇચ્છા પ્રમાણે વર્ત્તન કર્યું.

અમાત્યનો પત્ર લઇને આવેલો દૂત રાજાનો સંદેશો લઇને ચાલતો થયો. થોડા જ સમયમાં અમાત્યરાજની મુરાના મંદિરમાં પધરામણી થઈ. મહારાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો અને ત્યારપછી તેને વ્યવસ્થાના કુશળ સમાચાર પૂછયા. એટલે રાક્ષસે તેનાં ઉચિત ઉત્તરો આપ્યાં અને ત્યારપછી કહ્યું કે, "મહારાજ! આજ મારે એક વિજ્ઞપ્તિ કરવાની છે; પણ જો આપ તે કૃપા કરીને સાંભળો તો ?"

"હા હું સાંભળીશ. વ્યર્થ પ્રસ્તાવ કરવાની કાંઈ પણ આવશ્યકતા નથી. જે બોલવાનું હોય તે સંકોચ વગર બોલી નાંખો. જે કાર્યમાં મારી પોતાની જ આવશ્યકતા હશે, તે સાંભળવામાં હું રંચમાત્ર પણ વિલંબ કરનાર નથી. પરંતુ જે કાર્ય મારા વિના જ થઈ શકતું હોય, તેને માટે મને વૃથા શ્રમ આપશો નહિ. બોલો—જે બોલવાનું હોય તે." રાજાએ તેને બોલવાની તત્કાળ આજ્ઞા આપી.

"મહારાજ!" આજ્ઞા મળતાં જ રાક્ષસે પોતાની પ્રાર્થનાનો પ્રારંભ કર્યો. "મારી એટલી જ વિનતિ છે કે, આપ હાલમાં રાજસભામાં બિલકુલ પધારતા નથી, રાજ્યકાર્યમાં લક્ષ આપતા નથી અને એવાં બીજાં કર્ત્તવ્યો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ કરતા નથી એટલે મગધદેશના શત્રુઓને એમ ભાસવા માંડ્યું છે કે, આ રાજ્યમાં હવે અંધાધુંધીની શરૂઆત થઈ ચૂકી છે. આપણી પ્રજાનો પણ એવો જ અભિપ્રાય થએલો છે. માટે દરરોજ એક વાર તો પ્રજાજનોને દર્શન આપીને તેમનાં સુખદુઃખની વાતો આપે સાંભળવી જ જોઇએ. આજ અને કાલનાં મુહૂર્તો ઘણાં જ ઉત્તમ છે–તેથી આજે કે કાલે જ્યારે આપની ઇચ્છા થાય ત્યારે આપ રાજસભામાં અથવા તેમ નહિ તો તે સભાગૃહમાંના પોતાના સિંહાસને બે ઘડી આવીને બેસવાની કૃપા કરશો, તો બધી વ્યવસ્થા પાછી જેમ હતી તેમ થઈ જશે."

રાક્ષસનો અંતરસ્થ હેતુ એવો હતો કે, મહારાજ ધનાનન્દને કોઈ પણ ઉપાયે થોડા સમયને માટે એક બે દિવસમાં મુરાદેવીના મંદિરમાંથી બહાર કાઢવો, એટલે પછીની બધી વ્યવસ્થા પોતાની મેળે જ ઠીક થઈ રહેશે. એ હેતુથી જ તેણે આ નિમિત્ત કાઢ્યું હતું. એ સાધ્ય થયું તો તો સારું, નહિ તો બીજી યુક્તિ કરવાનો તેનો મનોભાવ હતો. પણ રાજાને એક વાર રાજસભામાં લાવ્યા, એટલે તેને જે કહેવાનું હશે, તે સારી રીતે કહી શકાશે એમ પણ તેને ભાસ્યું. રાજાએ તેનું ભાષણ સાંભળતાં જ હાસ્ય કર્યું અને કહ્યું કે, "હું મારા રાજ્યકાર્યનો સઘળો ભાર તમારા અને સુમાલ્યના શિરે નાંખીને અહીં વિશ્રાંતિ લેવાને રહેલો છું, એ તમે જાણોછો, છતાં આવી નજીવી બાબતો માટે મને નકામો ત્રાસ આપવાને નીકળ્યા છો, એને તે શું કહેવું? મેં તમને હજાર વાર કહેલું છે કે, જો એવું કોઇ મહત્ત્વનું કાર્ય હોય તો જ મને કહેજો, નહિ તો તમે પોતે જ સાધારણ કાર્યોની વ્યવસ્થા કરી લેજો. આપની ઇચ્છા પ્રમાણે દરરોજ આવીને રાજસભામાં બેસવાનું મારાથી બની શકે તેમ નથી. હું તો હાલમાં શાંતિનો જ ઉપભોગ લેવાની ઇચ્છા રાખું છું.

"મહારાજ! આપ શાંતિનો ઉપભોગ લેવાની ઇચ્છા રાખો છો, તે આ આપનો સેવક સારી રીતે જાણે છે. શાંતિનો ઉપભોગ ભલે લ્યો; પરંતુ દિવસમાં એક વાર કૃપા કરીને માત્ર બે ઘટિકા જ રાજસભામાં પધારો, તો બહુ જ સારું. હું ખાસ વિજ્ઞપ્તિ કરવાને આવ્યો છું, તે કાંઈ કારણ વિના તો નહિ જ હોય. જો રોજ આવવાનું ન જ બની શકે, તો કેવળ કાલનો દિવસ તો પધારો." અમાત્યે કહ્યું.

"અમાત્યશ્રેષ્ઠ! જ્યારે તમારો ઘણો જ આગ્રહ છે, તો હું આવતી કાલે રાજસભામાં આવવાનો વિચાર કરીશ; પરંતુ દરરોજ અને વારંવાર મારાથી આવવાનું બની શકશે નહિ. હું મુરાદેવીને પૂછીને મારો વિચાર તમને કહી મોકલીશ." રાજાએ પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારીપુરા

એટલામાં પડદાપાછળ બેઠેલી સુરાદેવી મોટેથી કહેવા લાગી કે, "રાજ્યકાર્યમાં મારાથી વચમાં આવી શકાય તેમ નથી. દરરોજ આપને રાજસભામાં જવામાટે મેં કેટલીવાર આગ્રહ કર્યો છે-પણ આપ માનતા નથી, તેને હું શું કરું-મારો શો ઉપાય?"

એટલે રાજા હસીને કહેવા લાગ્યો કે, "અમાત્ય! અનુમોદન તો મળી ચૂક્યું. હવે હું અવશ્ય આવતી કાલે રાજસભામાં આવીશ."

રાજાના એ ઉત્તરથી અમાત્યના અંતઃકરણમાં ઘણો જ આનન્દ થયો; પરંતુ બીજે દિવસે રાક્ષસનો એ આનંદ કાયમ રહ્યો કે તેનું સ્થાન શોકે લીધું, એ હવે પછી જાણવામાં આવશે.

## પ્રકરણ ૨૨ મું.

### સુરાદેવીનું કારસ્થાન.

પોતાની પ્રાર્થનાને માન આપીને રાજાએ આવતીકાલે રાજસભામાં આવવાનું કબૂલ કર્યું; એથી અમાત્ય રાક્ષસના મનમાં ઘણો જ આનન્દ થયો. રાજા ધનાનન્દ એકવાર સુરાદેવીના અંતઃપુરમાંથી બહાર નીકળે અને ક્ષણમાત્ર પણ તેનાથી એકાંતમાં વાતચિત થાય, તો તેને પોતાની વકતૃત્વ શક્તિનો પ્રભાવ બતાવીને તથા તેના સમક્ષ અનેક મહત્ત્વનાં કાર્યો રજૂ કરીને ઘણોક સમય તેને પાછો સુરાદેવીના મંદિરમાં જવા દેવો નહિ અને જ્યાં સૂધી તે દૂર રહે ત્યાં સૂધીમાં સુરાદેવીના કાવત્રાંની વાતો તેને કાને નાંખી તે ત્યાં જાય જ નહિ, એવી વ્યવસ્થા કરવાનો રાક્ષસનો મનોભાવ હતો. રાજાએ રાજસભામાં આવવાનું કબૂલ કર્યું, એ જાણે પોતાનું અર્ધો અર્ધ કાર્ય થયું, એવી માનીનતાથી તેને ઘણો જ ઉલ્લાસ થયો. તેને પોતે જાણે એક મહાભારત કાર્ય કરી નાંખ્યું હોય, એમ ભાસવા લાગ્યું.

રાક્ષસના ઊઠી ગયા પછી સુરાદેવી હસતી હસતી અને કટાક્ષપાત કરતી રાજા પાસે આવી અને કહેવા લાગી કે, "જોયો આ ચમત્કાર. આપના બોલવાથી કોઈ એવું જ અનુમાન કરે કે, હું જ તમને અહીંથી બહાર જવા નથી દેતી. રાજ્યકાર્યની વ્યવસ્થા માટે પણ આપે બહાર ન જવું, એમ મેં કયારે કહ્યું છે? છતાં પણ લોકોનો એવો અભિપ્રાય બંધાયો છે અને તેઓ તેમ ખુલ્લી રીતે બોલે છે પણ ખરા, એમ મારે કાને આવેલું છે."

"લોકો અસત્ય અભિપ્રાય બાંધીને અસત્ય શા માટે બોલતા હશે!" રાજાએ ઘણા જ પ્રેમથી સુરાદેવીના સુંદર અને કેતકીવર્ણ કપોલને અંગુલી પ્રહાર કરવા સાથે હાસ્ય કરીને કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજાના એ પ્રેમપ્રહારથી મનમાં આનંદ પામી, પરંતુ બહારથી કોપ બતાવી નેત્રકટાક્ષ ફેંકતી ભ્રૂને આકુંચિત કરીને મુરાદેવી કહેવા લાગી કે, "આપનો પણ કહેવાનો એ જ ભાવાર્થ છે ને? ત્યારે બાઈ! પારકા લોકો એમ કહે તેમાં તે શી નવાઈ? શું હું આપને રાજસભામાં જવાની ના પાડું છું કે? તેમજ રાજકાર્યની વ્યવસ્થા આપે ન રાખવી, એમ પણ મેં ક્યારે કહ્યું છે? કહો તો ખરા?"

"એકવાર નહિ પણ દશવાર કહેલું છે. જો એક જ વાર કહ્યું હોત તો તે તેં અમુક સમયે અને અમુક દિવસે કહ્યું હતું, તે હું બતાવી શકત. પણ દશવાર કરતાં પણ વધારે વાર જ્યાં એવું ભાષણ થએલું, ત્યાં વેળા તે ક્યાંથી કહી શકાય વારુ? "રાજાએ પાછું મોઢું ઠેકાણે રાખીને ભડકાવ્યું.

મુરાદેવીએ એ સાંભળી અધિક ક્રોધનો આવિર્ભાવ કરીને કહ્યું કે 'ખરું કહોછો! આપના બહાર જવામાં મને ભયનો ભાસ થયા કરે છે, તેથી જ મેં એમ કહ્યું હતું; અને જ્યાં સુધી મારી શ્વેતાંબરીનું મરણ શાથી થયું, એ પૂર્ણતાથી મારા જાણવામાં નહિ આવે, ત્યાં સુધી એ ભયનો આભાસ રહેવાનો જ. અમાત્યરાજના મનમાં તો કાંઈ પણ હશે નહિ, પણ બીજાં કેટલાંક મનુષ્યો અવશ્ય આપના ઘાતની યોજનામાં છે જ, એવો મારા મનમાં પૂર્ણ સંશય છે. એવી સ્થિતિમાં આપને............"

પરંતુ મુરાદેવીનો કંઠ એટલો બધો રુંધાઈ ગયો અને નેત્રો અશ્રુથી ભરાઈ આવ્યાં કે, તેનાથી વધારે કાંઇ પણ બોલી શકાયું નહિ. સુમતિકા પેલી બાજુ પાસે જ ઊભી હતી. તે મુરાની આવી દશા જોઇને કહેવા લાગી કે, "બાઈ સાહેબ! આ શું? ગઈ કાલે જ આપને ધાત્રેયિકાએ કહ્યું નહોતું કે, આપ અત્યારે જે સ્થિતિમાં છો, તે સ્થિતિમાં હવે કોઈ દિવસે રડવું નહિ, ગુસ્સે ન થવું અને હમેશાં આનંદમાં જ રહેવું? અને આજ જ આપ પેલા આનંદના સમાચાર મહારાજને સંભળાવવાનાં હતાં ને? એ સાંભળવાથી મહારાજને કેટલો બધો આનંદ થશે?"

"સુમતિકે! તને તે વળી વચમાં બોલવાનું કોણે કહ્યું? રહેતાં રહેતાં બાઇ! તું પણ બટકબોલી થતી જાય છે ને શું!" મુરાએ છણકો કર્યો.

"બાઈ સાહેબ! કોઇ આનંદનો પ્રકાર થયો અને તે મહારાજાને સંભળાવવાનું સ્મરણ કરાવી આપ્યું, એમાં બટકબોલાપણું શું થયું વારુ? અને કદાચિત્ એ બટકબોલાપણું હોય, તોય સત્ય હોવાથી મહારાજા એને માટે કોપ કરવાને બદલે મને સારું ઇનામ જ આપશે; એવો મારો નિશ્ચય છે." સુમતિકાએ ઉત્તર આપ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હવે મૂંગી મરને! હજી કેટલુંક બોલીશ?" સુરાદેવી ગુપ્તરીતે રાજાપ્રતિ નેત્રકટાક્ષ ફેંકીને અને તર્જનીને નાસિકાપર રાખી, દાસીને કહેવા લાગી. એટલે તે બહુબોલી દાસી પાછી કહેવા લાગી; "હું તો મૂંગી મરીશ; પણ આપના આ ક્ષણે ક્ષણે પીળા પડતા જતા ગાલો અને શરીરમાં આવતું આલસ્ય, અને વધારે કહીએ તો.........એ સર્વ ચિન્હો મહારાજાને એ વાત કહી નહિ દે કે ?"

"ઊભી રહે–રાંડ! ચામડી! હું તારી જીભ જ તાળવેથી ચૂંટી કાઢું છું."

એમ કહીને સુરાદેવી કૃત્રિમ કોપથી સુમતિકાને મારવાને દોડી. એટલે મહારાજાએ તેને અટકાવીને કહ્યું કે, "સુમતિકે! આ તમારી વાત શી છે? મારાથી સુરાદેવી શું છૂપાવવા માગે છે?"

"મહારાજ!" સુમતિકા ઘણા જ આનંદ અને પ્રેમના આવિર્ભાવથી કહેવા લાગી કે, "અમે ગમે તેટલું પણ છૂપાવીએ, તો પણ દેવી અન્તે વીરપ્રસૂ થનારાં છે, એ વાત કેટલા દિવસ છૂપી રહેશે વારુ?"

દાસીનું એ ભાષણ સાંભળતાં જ મહારાજને ઘણો જ વિસ્મય અને આનંદ થયો. તે એકાએક બોલી ઊઠ્યો કે, "સુમતિકા શું તું કહે છે તે ખરું છે? દેવી ખરેખર વીરપ્રસૂ–વીરપુત્રને જન્મ આપનારી થવાની છે? આજે તો તેં મને ઘણા જ સારા સમાચાર સંભળાવ્યા! આ સમાચાર–વધાઈનું તને ઇનામ શું આપું?" એમ કહીને તેણે સુરાદેવી પ્રતિ દૃષ્ટિ કરીને જોયું. સુરાદેવીનાં નેત્રોમાંથી અશ્રુનું–વહન થતું તેને દેખાયું, તેથી રાજા તેને પૂછવા લાગ્યો કે, "પ્રિયા સુરે! તું વીરપ્રસૂ થનારી છે, એ સાંભળીને મને આનંદ થાય છે, ત્યારે તને આટલો બધો ખેદ શા માટે થાય છે વારુ? આ પ્રસંગ ઉત્સવ કરવાનો છે કે શોક કરવાનો?"

પરંતુ સુરાદેવીએ એનું કાંઇ પણ ઉત્તર આપ્યું નહિ. તેનાં નેત્રોમાંથી એકસમાન અશ્રુ પ્રવાહ ચાલ્યો જ જતો હતો, અને તેને તે પોતાની સાડીના પલ્લવથી લૂછતી જતી હતી. જેમ જેમ અશ્રુનો પ્રવાહ વધારે અને વધારે વધતો ગયો, તેમ તેમ રાજાનું મન પણ વધારે અને વધારે ખિન્ન થવા લાગ્યું અને સુરાના શોકને શમાવવા માટે તે અનેક પ્રયત્નો કરવા લાગ્યો. "પ્રિયે! પોતાના વીરપ્રસૂ થવાના સમાચાર બીજાના મુખે સાંભળતાં જ તું આમ રડવા કેમ લાગી? તારા હૃદયમાં એવી તે શી દુઃખદ ભાવના થઈ આવી? મને તે જણાવ–મનમાં જરા પણ સંકોચ ન રાખતાં જે હોય તે કહી દે. જ્યાં સૂધી તું એનું કારણ નહિ જણાવે, ત્યાં સૂધી કોઈ પ્રકારે મારા મનનું સમાધાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવાનું નથી. તું વીરપ્રસૂ થઇશ અને તેથી આપણા આ દઢ થએલા પ્રેમમાં વધારે દઢતા થાય, તેટલા માટે આ અપત્યરૂપ ગ્રંથિ બંધાશે, એ સાંભળીને મને તો ઘણો જ હર્ષ થયો, પણ તને તો મેં શોકમાં જ જોઈ. આનંદ-અશ્રુને સ્થાને શોકનાં અશ્રુ શામાટે વર્ષાવે છે? વળી હું વિનતિ કરી કરીને થાક્યો, છતાં કાંઈ ઉત્તર પણ આપતી નથી. એમ આજે કેમ થઈ ગયું? તને આમ શોકમાં ઘેરાયલી જોવાથી મારું મન પણ ઉદ્વિગ્ન થઈ જાય છે. બોલ-માત્ર બે શબ્દો બોલીને પણ તારા શોકનું કારણ તો કહી બતાવ. કેમ સુમતિકે! તારી સ્વામિનીના રોદનનું કારણ શું છે, તે તું કાંઇ જાણે છે કે?"

"મહારાજ! બીજું કારણ તે શું હોઈ શકે વારુ? દેવીને એમ લાગે છે કે, જેવી રીતે........." પરંતુ મુરાદેવીએ સુમતિકાને વચમાં જ બોલતી અટકાવીને કહ્યું કે, "ચુપ રહે. સુમતિકે! ગમે તેવું સારું માઠું બકીને પોતાની વાચાળતાને વ્યક્ત ન કર."

એ આજ્ઞા સાંભળતાં જ સુમતિકા એકદમ બોલતી બંધ થઈ ગઈ. પરંતુ રાજા ધનાનન્દ મુરાદેવીને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "વાહ! પોતે કહેવું નહિ, અને બીજું કોઈ કહેતું હોય, તો તેને કહેવા દેવું નહિ. એનું શું પ્રયોજન? એ સુમતિકા બિચારી મને બધું કહી સંભળાવતી હતી, તેને વચમાં જ તેં શામાટે અટકાવી, કોણ જાણે? સુમતિકે! તું જે હોય તે સંકોચવિના કહી સંભળાવ. તારે કાંઇ પણ શંકા કરવી નહિ, તને મારી આજ્ઞા છે,"

"અરે ભગવાન્! હવે તો મારી દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી. અહીં મહારાજની આજ્ઞા અને અહીં મહારાણીની આજ્ઞા. હવે કોની આજ્ઞાનું પાલન કરું અને કોની આજ્ઞાનું ઉલ્લંઘન કરું? તથાપિ મહારાજ! હું આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને સર્વથા અસમર્થ છું. મહારાણીનું ધારવું એમ છે કે, પોતે વીરપ્રસૂ થશે તો ખરાં, પણ તેથી લાભ શો? અંતે તો અવતરેલા બાળકનો અરણ્યમાં મારાઓની તલવારની ઘાત જ થવાનો 'ને?" સુમતિકાએ સંશયને તોડી નાંખ્યો.

સુમતિકાનો હજી પણ વધારે બોલવાનો વિચાર હતો, છતાં પણ તેને પોતાની ઇચ્છા વિરુદ્ધ વચમાં જ અટકી જવું પડ્યું; કારણ કે, એ વેળાએ રાણી મુરાદેવીનો શોક ઘણો જ વધી જવાથી તેણે મોટે મોટેથી રડવા માંડ્યું હતું અને એ રોદનને સાંભળી રાજાનું ચિત્ત પણ સર્વથા શોકથી ભરાઈ ગયું હતું-તેણે એકાએક પોતાની છાતી સાથે ચાંપીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાણીને આશ્વાસન આપતાં કહ્યું કે, "પ્રિયતમે ! મુરે ! આ શું કહેવાય? જે વાત બની ગઈ છે, તે વિસરી જવાનો તારો અને મારો ઠરાવ હતો કે નહિ? ત્યારે હવે વ્યર્થ આ શોકનો આરંભ શા માટે કર્યો છે? ખરું પુછે, તો હવે એવા શોકનું કાંઇ પણ કારણ નથી."

"આર્ય પુત્ર! કારણ નથી, એમ કેમ કહો છો વારુ? જેવી રીતે પૂર્વ પ્રસંગ આવ્યો હતો, તેવો જ પ્રસંગ આજે પણ આવી પહોંચ્યો છે. આપ આવતી કાલે તો અહીંથી પધારવાના. અમાત્ય રાક્ષસનાં કપટતંત્રો કાંઇ મારાથી અજાણ્યાં નથી. આપને ગમે તે કારણ બતાવીને ચાર ઘડી મારાથી દૂર કરવા અને ત્યાં એકાંતમાં આપને આડું અવળું સમઝાવીને મારા મંદિરમાં પાછા આવવા દેવા નહિ, એવો જ એનો નિશ્ચય હોય એમ દેખાય છે. આપ અહીં જ વસો છો અને જ્યારે એ આવે છે, ત્યારે હું માત્ર ચાર પગલાં જ દૂર રહું છું, એટલે એનાથી મન મોકળું કરીને કાંઈ પણ ગુપ્ત વાર્ત્તા કરી નથી શકાતી; પરંતુ એકવાર આપ મારાથી દૂર થયા, એટલે પછી થઈ રહ્યું! આપને ગમે તેમ સમજાવીને મારાવિશે આપનું મન કલુષિત કરવાનો જોઇએ તેટલો સમય મળશે. એટલે હવે કહો કે, હું રડું નહિ, તો બીજું શું કરું? આપ મારાથી દૂર ગયા, એટલે પછી મારી કેવી દુર્દશા થશે, તે તો પરમાત્મા જાણે! સોળ સત્તર વર્ષ પહેલાંનો બનાવ આજે પાછો આવીને મારાં નેત્રો સમક્ષ ચિત્રરૂપે ઊભો રહ્યો છે! હે જગદીશ્વર! મને તેં આ જગતમાં જન્મ જ શામાટે દીધો! અને જન્મ આપ્યો તો મારી કુક્ષાથી બીજાં બાળકોને શામાટે ઉપજાવે છે? અરે રે નિર્દોષ અર્ભકોનો ઘાત થાય છે અને આ અભાગિની માતા બાલઘાતીની ગણાય છે-ઓ દયાળુ પરમાત્મન! મને હવે જલ્દી બોલાવી લે!!"

એવા દુઃખોદ્‌ગાર કાઢીને મુરાદેવી અપરંપાર શોક કરવા લાગી. હવે એનું સમાધાન કેવી રીતે કરવું, એ રાજાને સૂઝ્યું નહિ. અંતે વળી પણ તે કહેવા લાગ્યો કે, "ત્યારે હું રાજસભામાં જઇશ જ નહિ, પછી તો કાંઇ નથીને? જો કાંઇ અગત્યનું કાર્ય હશે, તો તેનો નિર્ણય અહીં જ સભા ભરીને કરીશું. બસ એ જ નિશ્ચય!"

"ના-ના-ના." મુરાદેવી શોકને શમાવી નેત્રો લૂછીને કહેવા લાગી, "એમ કરવું ઉચિત નથી. ઠરાવ પ્રમાણે આપ રાજસભામાં ભલે પધારો પણ પાછા અહીં આવવાનું સ્મરણ રાખજો. પણ એ પીટ્યો રાક્ષસ આપને કારાગૃહમાં તો નહિ નાંખે, એવા સંશયથી મારું તો આખું શરીર કંપાયમાન થઇ જાય છે." મુરાએ પાછી ચિણગારી મૂકી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મને કારાગૃહમાં નાંખશે? તું આજે ગાંડી તો નથી થઈને?" ધનાનન્દ હસીને બોલ્યો.

"કદાચિત્ એમ પણ બને! એમાં આશ્ચર્ય જેવું શું છે? આપના પ્રાણનાશનો પ્રયત્ન પણ જ્યારે થઇ ચૂકયો છે, તો આપ એકવાર અહીંથી છૂટીને તેમના તાબામાં ગયા, એટલે આપને અહીં પાછા ફરતા અટકાવવા, એ સર્વથા અશકય છે અથવા તો તે એમ કરવામાં તે આગળ પાછળનો જરાપણ વિચાર કરશે, એવી મારી ધારણા તો નથી જ. આપને હું કાંઇ ન જવાનો આગ્રહ કરતી નથી-પણ જો જશો અને કાંઇ પણ વિપરીત થશે તો! એની જ ક્ષણે ક્ષણે ભીતિ થયા કરે છે. પ્રથમ મારા પુત્રનો ઘાત કરાવીને મને કારાગૃહવાસિની બનાવી હતી, તેવો જ પ્રસંગ જો હવે પાછો આવવાનો હોય, તો મને પણ મારી નાંખવી, એટલી જ મારી આપનાં ચરણોમાં વિનંતિ છે." એમ કહી રાજાનાં ચરણોમાં પડી મુરાદેવી મહાન્ આક્રંદ કરવા લાગી. રાજા ગભરાઇ ગયો અને બોલ્યો, "પણ મારે જવું જ નથી તેનું કેમ?"

"ના-ના." મુરાદેવી એકાએક મસ્તક ઊંચું કરીને કહેવા લાગી. "એમ કરવાથી કાંઇ પણ લાભ થવાનો નથી. અમાત્યને જેવી રીતે વચન આપેલું છે, તેવી રીતે જો આપ વર્ત્તન નહિ કરો, તો એનો દોષ તેઓ મારે માથે જ ચઢાવવાના. તેનાં દેખતાં જ મેં આપને સભામાં જવાની ભલામણ કરી અને હવે આપ નહિ જાઓ, એટલે તેઓ એમ જ કહેવાના કે, મુરાદેવી અસત્યભાષિણી છે-એણે જ રાજાનું મન ફેરવી નાંખ્યું હશે, આમ મારો દોષ દેખાય એ સારું નહિ. આવતી કાલે તો અવશ્ય આપે એકવાર સભાગૃહમાં પધારવું જ જોઇએ. મારા વિશેના આપના હૃદયમાંના પ્રેમને જાગૃત રાખવાનું વચન આપો, એટલે પછી મારું બીજું કાંઈ પણ કહેવું નથી. મને મારા પોતાના વિશે જરા પણ દરકાર નથી. મને મારા જીવની...."

મુરાદેવી, એ બધું ભાષણ એટલા બધા શોકના અવિર્ભાવથી બોલી કે, તેથી રાજાના મનમાં તેના માટે પ્રેમનો ઘણો જ સારો ઉમળકો આવવાથી તેણે તેને દૃઢ આલિંગન આપ્યું. ત્યાર પછી તે દૃઢતાથી કહેવા લાગ્યો કે, "તારે લેશ માત્ર પણ ચિંતા કરવી નહિ. તારી આજ્ઞા છે, તેથી જ આવતી કાલે હું સભામાં જઇશ, અને ઘડી બે ઘડી બેસીને તત્કાળ અહીં પાછો આવી પહોંચીશ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરાદેવીને પોતાના સંયોગથી પુનઃ પુત્ર થવાના સમાચાર સાંભળી રાજાને ઘણો જ આનંદ થયો અને તેથી મુરા વિશેના તેના પ્રેમમાં એકાએક વૃદ્ધિ થઈ ગઈ. રાજા વારંવાર મુરાને એ વિશે ભિન્ન ભિન્ન પ્રશ્નો પૂછ્યા કરતો હતો. જ્યારે મુરાદેવીને પોતાની ઇચ્છા જણાવવા માટે ઘણો જ આગ્રહ કર્યો, ત્યારે મુરાદેવી તેને ઉદ્દેશીને ઘણી જ નમ્રતાથી કહેવા લાગી કે, "આપનો પ્રેમ મારામાં અખંડિત રહે અને મારો પુત્ર આપના અંકમાં રમતો હોય, તે જોવાનો મને પ્રસંગ મળે, એટલે મારી બધી ઇચ્છાઓ તૃપ્ત થઈ, એમ ધારવું." એથી રાજા ઘણો જ પ્રસન્ન થયો. એવી રીતે વાતચિત કરતાં કરતાં રાજાનાં નેત્રો લાગી ગયાં–તે નિદ્રાવશ થયો–એ નિદ્રા તેને સહજ સ્વભાવે આવેલી હતી કે કેમ, તે અત્યારે કહેવું જરાક કઠિન છે.

રાજા નિદ્રાવશ થતાં જ મુરાદેવી અને સુમતિકા ઉભય હાસ્ય કરીને એક ધ્યાનથી પરસ્પર એક બીજાના મુખને જોવા લાગી. કોઈ મનુષ્યને પોતાના કપટજાળમાં ફસાવવાનો કોઈ બે જણે મળીને પ્રયત્ન કર્યો હોય અને તે સફળ થયો હોય, તો તે સફળતાના આનંદ અને અભિમાનથી તે બન્ને એક બીજાને જોઈ રહેવાનો ધર્મ સ્વાભાવિક છે–એ નિયમને અનુસરીને જ એમણે પણ એક બીજાના મુખને જોઇ રહેવાનો વ્યાપાર ચલાવ્યો હતો. થોડીક વાર રહીને મુરાદેવી સુમતિકાને સંબોધીને કહેવા લાગી કે, "સુમતિકે! તું જો મને આવી રીતે સહાયતા ન આપત, તો મારો સર્વ વ્યૂહ ક્યારનોય નષ્ટપ્રાય થઈ ગયો હોત! વૃન્દમાલા તો બિચારી ગાંડી અને ભોળી ભટાક છે, એને આ મારાં કારસ્થાનો જરા પણ ગમતાં નથી. છતાં પણ મારા માટે તેના મનમાં પ્રેમ તો જેવો ને તેવો જ છે, તેથી મારા રહસ્યનો તે ક્યાંય સ્ફોટ કરે તેમ તો નથી જ. આઠ પંદર દિવસમાં તે બુદ્ધધર્મની દીક્ષા લઈને યોગિની બનવાની છે. એનો સઘળો આધાર પેલા બુદ્ધભિક્ષુ અને યતિ ઉપર જ છે. એ તો ઠીક, પણ આર્ય ચાણક્ય ક્યારે આવશે વારુ? હવે તે આવવા તો જોઇએ."

એ શબ્દો તેના મુખમાંથી નીકળ્યા ન નીકળ્યા કે દાસીએ આવીને તેને આર્ય ચાણક્યના આગમનના સમાચાર કહી સંભળાવ્યા. એથી મુરાદેવીના હૃદયમાં આનંદનો પાર રહ્યો નહિ.

આર્ય ચાણક્ય હવે મુરાદેવીનો મુખ્ય ઉપદેષ્ટા–ગુરુશ્રેષ્ઠ થયો હતો. સુમતિકા એ બન્નેના પરસ્પર સંદેશા એક બીજાને જણાવવાનું કાર્ય કરતી હતી. અર્થાત્ સુમતિકા પણ આર્ય ચાણક્યની અત્યંત એકનિષ્ઠ ભક્તા થએલી હતી. આર્ય ચાણક્યે આજ્ઞા કરી, એટલે પછી તે સારી હોય કે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નઠારી, પણ સુમતિકાને તો શિરસાવંદ્ય જ થવાની! એ આજ્ઞાનું પાલન કરવું કે ન કરવું, એવો પ્રશ્ન જ કોઇકાળે તેના મનમાં થતો નહોતો. એટલે ચાણક્યને જોતાં જ બન્નેને સ્વાભાવિક આનંદ થયો. ચાણક્યને જ્યાં બેસવાનું કહેલું હતું, ત્યાં જઈને સુરાદેવી તેને કહેવા લાગી કે, "આર્ય-શ્રેષ્ઠ! અમે આપની જ વાટ જોતાં બેઠાં હતાં–આપ આવ્યા તે ઠીક જ થયું. સુમતિકા રાક્ષસને આડું અવળું સમજાવીને બીજીવાર પણ અહીં લઈ આવી હતી. તેણે મહારાજને કોઇપણ પ્રયત્ને અહીંથી બહાર કાઢવાના હેતુથી આવતી કાલે સભામાં પધારીને પ્રજાને દર્શન આપવાનો આગ્રહ કરેલો છે. મહારાજ પ્રથમ તો હા–હા–ને ના ના કરતા હતા–મને છોડીને જવું તેમને સારું લાગતું નહોતું, પરંતુ મેં જ જ્યારે વચમાં બોલીને તેમના ત્યાં પધારવાનું રાક્ષસને અભિવચન અપાવ્યું, ત્યારે જ રાજાએ હા પાડી. એ કાર્ય કરીને મેં આપને સંદેશો કહાવ્યો હતો. કેમ હવે પછી કરવા ધારેલા કાર્યની બધી તૈયારી તો આપે કરી રાખી છે ને?"

"હા–સર્વ તૈયાર છે. કરી રાખી છે એટલે શું? રાક્ષસના મિત્ર ચન્દનદાસનું ગૃહ રાજમહાલયના નિકટમાં જ છે. તેના ગૃહમાંથી રાજ-મંદિરના દ્વાર પર્યન્ત એક ભોયરું ખોદીને દ્વારમાં કૃત્રિમ તોરણ બાંધેલું છે. દારુકર્મા નામના એક કુશળ શિલ્પશાસ્ત્રીની એ કાર્ય માટે યોજના કરેલી છે. ત્યાં શું કરવાનું છે, તે બધું મેં દારુકર્માને કહી રાખ્યું છે. ઉપરાંત એ તોરણના નીચેના ભાગમાં પણ સર્વ યથાસ્થિત તૈયારી કરી રાખેલી છે. હવે એમાં કાંઇ પણ કરવાનું બાકી રહ્યું નથી. સર્વ કાર્ય જેવી રીતે થવું જોઇએ તેવી રીતે થશે અને આપણા કાર્યની નિર્વિઘ્ને સિદ્ધિ થશે. એની ચિન્તા રાખીશ નહિ." ચાણક્યે કહ્યું.

"ગુરુશ્રેષ્ઠ! આપ જે કાંઈ પણ કરશો, તેમાં કદાપિ ન્યૂનતા આવવાની નથી, એ શું હું નથી જાણતી? મારે એની ચિન્તા શામાટે રાખવી જોઇએ વારુ? પણ જે કાર્યનો આપણે આરંભ કરેલો છે, તે નિર્વિઘ્ને પાર પડે તો તો ઠીક, નહિ તો પરિણામ સારું નહિ આવે–જો એમાં કાંઈ પણ વિઘ્ન આવ્યું અને આપણાં કારસ્થાનો ઉઘાડાં પડી ગયાં, તો પછી આપણા પ્રાણ બચવા અશક્ય છે." સુરાદેવીએ પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો.

"વત્સે સુરાદેવી! આ ચાણક્યે જે વ્યૂહની રચના કરેલી હોય, તેમાં કોઈ કાળે પણ વિઘ્ન આવવાનું નથી, એ તારે નિશ્ચિત માની લેવું, અર્થાત્ એ વ્યૂહને તારે સિદ્ધ થએલો જ સમજવો. દારુકર્મા ઘણો જ કુશળ શિલ્પ-શાસ્ત્રી હોવાથી તેને આ કાર્યમાં યોજવા માટે મેં ચન્દનદાસના મિત્ર ભૂરિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસુની સહાયતા લીધી છે. ભૂરિવસુ સર્વથા મારા વશમાં છે અને તેને લીધે ચન્દનદાસ પણ મારે આધીન થઈ ગયો છે. ચન્દનદાસ રાક્ષસનો મોટો સ્નેહી છે; તેથી દારુકર્માના હસ્તે રાજદ્વાર પાસે શું દારુણ કર્મ કરાવવાનું છે, એની મેં ચન્દનદાસને જરા જેટલી પણ ખબર પડવા દીધી નથી: અર્થાત્ આપણા ભેદોનો ઘડો ફૂટી જવાનો બિલ્કુલ સંભવ નથી. દારુ પૂરતી રીતે ભરી રાખેલો છે અને તેના બે ધડાકા થાય, તેવી વ્યવસ્થા કરેલી છે. જો બન્ને બાર સફળતાથી છૂટયા, તો સમસ્ત નંદવંશનો નાશ થયો જ જાણી લેવો. પછી બીજાઓ માટે પાછળથી જે યોજના કરવાની હશે, તે આપણે કરીશું. આવતી કાલે ધનાનન્દ પોતાના પુત્રસહિત અથવા તો એકલો અવશ્ય નષ્ટ થવાનો જ, એમાં રંચમાત્ર પણ શંકા જેવું નથી." એમ કહીને આર્ય ચાણક્ય સ્વસ્થ બેઠો. મુરાદેવી એ સાંભળીને કિંચિત્ ચિંતાતુર થઈ ગઈ અને ધીમેથી કહેવા લાગી કે, "ઠીક, પણ ગુરુવર્ય! મહારાજાનો ઘાત ન થતાં બીજા બધાનો નાશ થઈ જાય, એવી યોજના કરી શકાય તેમ નથી કે? જો કાળમુખા સુમાલ્યનો નાશ નહિ થાય અને મહારાજનો જ ઘાત થશે, તો સુમાલ્યના નામે રાક્ષસ રાજ્યકાર્યભાર ચલાવવા માંડશે અને મહારાજાના મૃત્યુનું કારણ શોધી કાઢશે. જો એમ થયું તો આપણી દુર્દશા કેવી થશે, એની હું કલ્પના પણ કરી નથી શકતી!" મુરાદેવીના એ વિચારો સાંભળીને ચાણક્ય ખડખડ હસવા લાગ્યો અને શાંત મુદ્રાથી તેને સમજાવતો કહેવા લાગ્યો કે;—

"મુરાદેવિ! હું તને અત્યારસૂધી મોટી કાર્યદક્ષ અને નીતિશાસ્ત્રને જાણવાવાળી ધારતો હતો; પરંતુ હવે તો મને તારી બુદ્ધિ પણ બીજી સાધારણ સ્ત્રીઓ પ્રમાણે જ કટાયલી દેખાય છે. પુત્રિ! ધનાનન્દનો નાશ રાક્ષસે જ કરાવ્યો, તેણે જ દારુકર્માને ઉશ્કેરીને બધી યુક્તિ રચી, એવા પ્રકારની અફવા લોકોમાં ફેલાવવાની તજવીજ કીધા વિના હું રહીશ ખરો કે? એની કેટલીક વ્યવસ્થા તો હું કરી પણ ચૂક્યો છું. જો રાજા ધનાનન્દ મરશે, તો જે કાંઈ પણ કારસ્થાન થયું, તે રાક્ષસે જ કરાવ્યું અને રાજ્યકાર્યભારના લોભથી એ અમાત્યે જ રાજાનો નાશ કર્યો, એવો અપવાદ સર્વત્ર પ્રસરી જશે. એને માટે જવાબદાર હું છું. પ્રત્યેક મનુષ્ય એમ જ કહેતો સાંભળવામાં આવશે, કે આગ્રહ કરીને રાક્ષસે જ રાજાને રાજસભામાં બોલાવ્યો અને પોતાના મિત્ર ચન્દનદાસના ગૃહમાં ભોંયરું ખોદીને રાજદ્વાર પાસે તોરણ બંધાવ્યું—એમાં રાક્ષસનો રાજાને મારવાનો જ હેતુ હતો. એ સર્વ નિર્વિઘ્ને પાર પાડયું, એટલે તારા ભત્રીજા ચંદ્રગુપ્તને આગળ કરી તેને સિંહાસને બેસાડીને તારી પ્રતિજ્ઞાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું પૂર્તિ કરીશ. તું અત્યારે જે બીજી જ શંકામાં ઘેરાયલી છે, તે શંકા છોડી દે." એ ભાષણ સાંભળીને મુરાદેવીના સંતપ્ત મનનું અર્ધું સમાધાન તો થયું. હવે પોતાની ઇચ્છાની સિદ્ધિ થવામાં માત્ર એક રાત્રિનો જ અવકાશ છે, એ વિચારથી તેને સંતોષ થયો અને તેણે ચાણક્યને જવાની આજ્ઞા આપી.

પરંતુ રાત પડી ન પડી, એટલામાં તો તેના મનની સ્થિતિ પાછી બદલાઈ ગઈ. ગમે તેટલી શક્તિશાલિની અને કપટી હોય, તો પણ અંતે સ્ત્રી જાતિ. મુરાદેવીની નૈસર્ગિક કોમળતા તેની ઇચ્છાને આડી આવીને ઊભી રહી.

## પ્રકરણ ૨૩ મું.

### ચિત્તની ચંચળતા.

ચાણક્યના જવા પછી મુરાદેવીના મનમાં પ્રથમ તો થોડીકવાર શાંતિ રહી. "ઘણા દિવસની, મહત્ત્વાકાંક્ષા નહિ, કિન્તુ વૈર વાળવાની ઇચ્છા હવે તૃપ્ત થશે અને મારા પુત્રનો સર્વથા અન્યાયથી નાશ કરીને મને કારાગૃહમાં નાંખનાર અન્યાયી રાજાને પોતાના દુષ્કર કર્મનું પ્રાયશ્ચિત્ત મળશે. તેમજ મારી પ્રતિજ્ઞા પ્રમાણે પાટલિપુત્રનું રાજ્ય મારા ભત્રીજાને મળશે–અહા કેવો સુખનો સમય!" એવા એવા વિચારોથી તેને સ્વાભાવિક આનંદ થવા લાગ્યો. આર્ય ચાણક્યે પાટલિપુત્રમાં રહીને ધીમે ધીમે પોતાની નાના પ્રકારની યુક્તિઓથી જેવી રીતે એક એક મનુષ્યોને વશ કરી લીધા હતા, તેવી જ રીતે તેણે મુરાદેવીને પણ વશ કરીને પોતાની શિષ્યા બનાવી લીધી હતી. પ્રથમ તે શા નિમિત્તે તેની પાસે ગયો અને ધીમે ધીમે તેને પોતાના કહ્યામાં કેવી રીતે લાવી શક્યો, એનું વિવેચન કરવાની કાંઈ પણ આવશ્યકતા નથી. "જે ઇચ્છા મારા મનમાં છે, તે જ ઇચ્છાએ એ રાજમહર્ષિના મનમાં પણ વાસ કરેલો છે." એની ખબર પડવા પછી અને બીજું તે શું જોઇએ તેમ હતું? ચાણક્યના ભાષણમાં જ એક પ્રકારનો એવો આકર્ષક ગુણ સમાયલો હતો, કે તે ગુણના પ્રભાવથી જે કોઈ પણ એકવાર તેના વાક્પાશમાં સપડાયું, તે કોઈ કાળે પણ તેમાંથી પાછું છૂટવા પામે, એ સર્વથા અશકય હતું. તે સામું તેમાં વધારે અને વધારે જ ફસાવાનું, એટલું જ નહિ, પણ તેને તેમાંથી છૂટવાની ઇચ્છા પણ થવાની નહિ. મુરાદેવીના મનમાં વૈર વાળવાની પ્રબળ ઇચ્છા હતી અને તે ઇચ્છાને પૂર્ણ કરવા માટે ચાણક્ય એક ઉત્તમ સાધન મળો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યું છે, એવી તેની ધારણા થએલી હતી. અર્થાત્ એથી જ ચાણક્યનું વર્ચસ્વ મુરાના મનમાં વિશેષ અને વિશેષ થવા લાગ્યું. એવામાં વળી અત્યારે તેની ઇચ્છાને પાર પાડવાનો પ્રસંગ તેણે ઘણો જ પાસે આવેલો દેખાયો, એટલે તો મુરાને હવે સ્વર્ગ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થવા લાગ્યું. ચાણક્યના ગયા પછી થોડીકવાર અહીં તહીં ફરીને તે શયનગૃહમાં ચાલી ગઈ. રાજા ધનાનન્દ અદ્યાપિ કોણ જાણે શાથી, પણ ઘોર નિદ્રામાં પડેલો હતો. મુરાદેવી પણ તેની બાજૂમાં પેલી તરફ સૂઈ ગઈ; પરંતુ તેના મનમાંની સ્વસ્થતા આ ક્ષણે જતી રહી હતી. આર્ય ચાણક્યે રાજાના વધની કરેલી સઘળી તૈયારીઓનું તે અખંડ ચિંતન કરવા લાગી, અને તેવામાં તેના મનમાં "જો આજે મારો પુત્ર જીવતો હોત,–જો રાજાએ બીજાંની વાતો સાંભળી મારામાં અવિશ્વાસ લાવીને મારા ચિરંજીવીનો ઘાત કરાવ્યો ન હોત, તો આજે રાજાનો પોતાનો નાશ થવાનો પ્રસંગ શાને આવ્યો હોત? આજે સુમાલ્યને સ્થાને મારો સુત જ સિંહાસને વિરાજેલો હોત!" એવા પણ કેટલાક વિચારો તેના મનના માર્ગમાંથી વાયુવેગે પસાર થઇ જતા હતા.

એટલામાં રાજા ધનાનન્દ કાંઈક બોલે છે, એવો તેને ભાસ થયો; તેથી તે ધ્યાનપૂર્વક સાંભળવા લાગી. જે શબ્દો તેને સંભળાયા, તે આ પ્રમાણે હતાઃ– "પ્રિયે–મુરે! હું તને કેટલીવાર કહું? હવે કૃપા કરીને મારા હસ્તે થએલા કુકૃત્યનું મને સ્મરણ ન કરાવ. જો એકવાર મને એવી ખબર મળે કે, તે તારો પુત્ર જીવતો છે અને અમુક સ્થાને વસે છે, તો તેને ત્યાંથી બોલાવીને હું તત્કાળ તેનો યૌવરાજ્યાભિષેક કરીશ. પણ તેનું સ્મરણ કરીને હવે તું મારાપર કોપ ન કર. હવે હું તારી આજ્ઞાથી તિલમાત્ર પણ બહાર જવાનો નથી. ક્ષમા કર........................" એ શબ્દો સ્પષ્ટતાથી તેના સાંભળવામાં આવ્યા. એનાથી વધારે તે કાંઈ પણ સાંભળી શકી નહિ. એ શબ્દ રાજાએ આજે પહેલી જ વાર ઉચ્ચાર્યાં હતા અને તે મુરાદેવીના સાંભળવામાં આવ્યા હતા, એમ નહોતું. તેણે રાજાના મુખમાંથી નીકળેલા એવા શબ્દો અનેકવાર સાંભળ્યા હતા. પરંતુ આજે ચમત્કાર એ થયો, કે આજના એ શબ્દોનું મુરાના મનમાં કાંઇક વિચિત્ર અને અકલ્પ્ય પરિણામ થયું." રાજાનાં ધ્યાન, મન અને સ્વપ્નમાં પણ નિરંતર મારો જ નિવાસ છે. જે બની ગયું છે, તેને ન સંભારવાનો એણે અનેકવાર આગ્રહ કરેલો છે; પરંતુ આજે ગાઢ નિદ્રામાં સ્વપ્નમાં પણ એ મારી ક્ષમા યાચે છે;–ત્યારે એનો મારામાં કેટલો બધો નિષ્કપટ પ્રેમ હોવો જોઇએ!" એવા વિચારથી મુરાના મનની સર્વથા ચમત્કારિક સ્થિતિ થઈ ગઈ. "મેં

કારાગૃહમાંથી બંધનમુક્ત થતાં જ શી શી યુક્તિઓ કરી અને રાજાનું મન પાછું મારા તરફ વાળી લીધું–એને સર્વથા મારા વિશ્વાસમાં લઈ લીધો–એ તો જાણે ઠીક. પણ હવે જે હું કરું છું, તે સારું છે કે શું? સ્વપ્નમાં પણ મારા વિષે એના મનમાં કપટભાવના નથી–સ્વપ્નમાં પણ મને એ ભવિષ્યમાં ત્રાસ ન આપવાનું આશ્વાસન આપે છે! ત્યારે હું એનો ઘાત કરવાને તૈયાર થએલી છું! એ નિત્ય એકવાર તો અવશ્ય મારી ક્ષમા માગે છે જ, એવા પતિને મારા હાથે જ હું કાળના મુખમાં હડસેલું, એ શું યોગ્ય છે?" એવા પ્રકારના પ્રશ્નો તેના મનમાં ઉદ્‌ભવતાં તેનું ચિત્ત ચંચળ થવા લાગ્યું. ગત પ્રકરણના અંતમાં જણાવ્યા પ્રમાણે તેના મનની નૈસર્ગિક કોમળતા જાગૃત થઈ અને તે એકાએક શય્યામાં બેઠી થઇને કાવરી બાવરી મુખમુદ્રાથી આસપાસ નજર કરીને જોવા લાગી. આવતી કાલે જે ભયંકર કાવત્રું થવાનું હતું, તે તેના નેત્રોસમક્ષ આવીને ઉભું રહ્યું. એથી તેને ઘણો જ ગભરાટ થયો. થોડીક વાર પહેલાં આવતી કાલે બનનારા એ બનાવ માટે તેને આનંદ થતો હતો, તેજ પ્રસંગનું ચિત્ર તેની આંખો સામે ખડું થતાં તેને અત્યંત ખેદ થવા લાગ્યો. સુરાદેવી અત્યારે જ્યાં બેઠી હતી, તે મંદિરમાં બીજું કોઈ હતું નહિ–ત્યાં દીપક પણ એક જ હતો અને તે મંદ મંદ બળ્યા કરતો હતો. વળી એના પ્રકાશથી રાજાને ત્રાસ ન થાય અને મહારાજાની નિદ્રાનો ભંગ ન થાય, તેટલા માટે તે દીપકને આડો એક પડદો પણ નાંખી દીધો હતો. એથી એ સ્થળે અંધકારની ચમત્કારિક છાયાઓ પડેલી જોવામાં આવતી હતી. એ છાયા પણ તેને ભયંકર દેખાવા લાગી. મનુષ્યના મનની સ્થિતિ ઘણી જ ચમત્કારિક હોય છે–તેમાં પણ સ્ત્રીઓના મનની સ્થિતિ તો એટલી બધી ચમત્કારિક હોય છે કે, જેનું વર્ણન થવું પણ અશક્ય છે. આજસૂધીમાં જેટલી ઉગ્રતાથી રાજા ધનાનન્દનો નાશ કરવાની તેની ઇચ્છા થઈ હતી, તેટલી જ ઉગ્રતાથી તેની હવે એવી ભાવના થવા માંડી કે, "મારી ઇચ્છા પાપ કરવાની છે–એમાં મારી દુષ્ટતા અને અધમતા વિના બીજું કાંઈ પણ નથી. વૈર વાળવાનું છે, તે રાજા ઊપર શાને વાળવું? જેણે મારા વિશે ખોટી ખોટી વાતો કહીને એને ભંભેર્યો હતો, તેમના પાસેથી જ એનો બદલો લેવો જોઇએ! તેમને જતાં મૂકીને મહારાજાના નાશનો જ મેં ઉપાય કર્યો, એ મારો અક્ષમ્ય અપરાધ છે! મહારાજાનો એમાં શો દોષ? મહારાજાએ તો મારું પાણિગ્રહણ કર્યું અને તેથી એક પુત્ર પણ મને થયો. તે સહન ન થઈ શકવાથી બીજાંએ મહારાજનું મન મારા વિશે કલુષિત કર્યું, એમાં રાજાનો જો કાંઈ પણ અપરાધ હોય તો તે એટલો જ કે, એવાં જનોના વચનોમાં પૂર્ણ વિશ્વાસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખી સારાસારનો વિચાર ન કરતાં એણે મને કારાગૃહમાં નાંખી! ત્યારે મારે એના કંઠપર શસ્ત્રનો પ્રહાર શામાટે કરવો જોઇએ વારુ? આ વિચાર મારે પ્રથમથી જ કરવાનો હતો, તે ન કર્યો; એમાં મારી મોટી ભૂલ થઈ છે. જો એવો વિચાર મેં આગળથી જ કર્યો હોત, તો આવતી કાલે જે આપત્તિ રાજાના શિરપર આવવાની છે, તે આવવા પામત નહિ, અને એને ટાળવાની જે વિડંબના આજે મને થઈ પડી છે, તે પણ થાત નહિ." એવા વિચારો તેના મનમાં આવતાં તેનું મન એકાએક ફરવા લાગ્યું. "શું? મારા જ હાથે અને મારી જ અનુમતિથી મારા પોતાના પતિનો નાશ થશે? શું મારા પોતાના જ પ્રયત્નથી મારા સૌભાગ્યનો સર્વથા સંહાર થશે? એ અત્યંત ક્રૂરતા અને અધમતાનો વિચાર મારા હૃદયમાં આવ્યો જ કેવી રીતે? મને હવે એનું આશ્ચર્ય થાય છે. પોતાના જ શરીરપર આવો ભયંકર પ્રસંગ લાવવાથી અંતે લાભ શો થવાનો છે? એ જ કે ભત્રીજાને રાજ્ય મળશે! ભત્રીજાને રાજ્ય મળ્યું તોય શું અને ન મળ્યું તોય શું! એને રાજ્ય મળવાથી મને શો લાભ? પ્રત્યક્ષ પતિના પ્રાણની હાનિ કરીને ત્રિભુવન પતિઘાતિનીના અપકીર્ત્તિયુક્ત નામથી ઓળખાવાથી વિશેષ બીજા કોઈ પણ લાભની મને પ્રાપ્તિ થવાની નથી જ. ત્યારે હવે આ અશુભ પ્રયત્નથી થનારા અશુભ પ્રસંગને ટાળવામાટે ઉપાય શો કરવો?" એ પ્રમાણે વિચારોપર વિચારો અને કલ્પનાઓપર કલ્પનાઓ તેના મનમાં ઉદ્ભવતાં તે કોમલાંગી ઘણી જ ગભરાઈ ગઈ–આવતી કાલે બનનારા અનિષ્ટ પ્રસંગને ટાળવાનો તો તેનો દૃઢતમ નિશ્ચય થઈ ગયો હતો. "વૈધવ્ય આવ્યું તો ચિન્તા નથી, પણ મને છળીને મારા પુત્રનો ઘાત કર્યો છે, તે વૈરનો બદલો તો હું લેવાની જ." એ પોતાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાનો તેનો જે આજ સૂધીનો મનોભાવ હતો, તે એકાએક મનમાંથી નીકળી જતાં તેને સ્થાને તેને એવી ભાવના થવા માંડી કે, "મારા જ ઉત્પન્ન કરેલા સંકટમાંથી હવે હું કેવી રીતે મુક્ત થાઉં! મહારાજાના પ્રાણ કેવી રીતે બચાવું? મારા જ હાથે થનારા આ રાજહત્યા અને પતિહત્યાના પ્રસંગને કયા ઉપાયથી ટાળું?" એવા અનેકવિધ પ્રશ્નો તેના મનમાં આવીને ઊભા રહ્યા અને તેના મનમાં ઘણી જ ચિન્તા થવા લાગી. સ્ત્રીઓને સર્વથા અનુચિત એવા વિચારો પોતાના મનમાં આવ્યા જ કેમ? એનું જ રહી રહીને તેને આશ્ચર્ય થવા લાગ્યું. જ્યાં સૂધી અમુક દુષ્કૃત્ય આપણાથી દૂર હોય છે, ત્યાં સૂધી તે કરવાની જેટલી ઉત્સુકતા રહે છે, તેટલી ઉત્સુકતા તે દુષ્કૃત્ય પાસે આવીને ઉભું રહે છે, એટલે રહેવા નથી પામતી. સુરાદેવીના મનની પણ અંશેઅંશ એવી જ સ્થિતિ થએલી હતી. જ્યાં સૂધી પોતાના પતિનો વધ કરવાની અથવા કરાવવાની તેની ભાવના હતી, ત્યાં સૂધી તેમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને કશીપણ અયોગ્યતા દેખાઈ નહોતી, પણ હવે તે કૃત્ય થવાનું છે, એમ જોતાં જ તેની ભાવના બદલાઈ ગઈ અને સામે તેને ટાળવાનો ઉપાય તે શોધવા લાગી. પ્રથમતઃ સહજ જ તેના મનમાં એમ આવ્યું કે, "રાજાને જાગૃત કરીને આ બધો ભેદ જણાવી દેવા જોઇએ." પણ એ વિચાર વધારે વાર તેના મનમાં ટકી શકયો નહિ. તત્કાળ તેને એવી ભીતિ થવા માંડી કે, "જો હું એ બધો વૃત્તાંત રાજાને જણાવી દઇશ અને તે તત્કાળ મને સૂળીએ ચઢાવવાનો અથવા તો પુનઃ કારાગૃહમાં નાંખવાનો હુકમ કરશે તો? માટે એમ તો ન જ કરવું. ત્યારે બીજો ઉપાય એ જ કે, આવતી કાલે રાજાને અહીંથી સભામાં જવા જ દેવા નહિ." પોતાવિશે રાજાના મનમાં ઘણો જ પ્રેમ હોવાથી તે અવશ્ય એ પ્રમાણે વર્ત્તશે, એવી ધારણાથી એ ઉપાય તેને ઘણો જ સારો ભાસ્યો. તેને જતો અટકાવવાની તેણે આવી યુક્તિ કરી;–"રાજા જવા નીકળે, એટલે અણીને સમયે એકાએક કાંઈપણ રોગ થવાનું અથવા તો કોઈ ભયંકર સ્વપ્ન આવવાનું નિમિત્ત કાઢવું અને તેને રોકી રાખવો." એ જ એક ઉપાય તેને યોગ્ય દેખાયો. તથાપિ પુનઃ તેના હૃદયમાં એવો વિચાર આવ્યો કે, "રાજા ત્યાં ન જાય અને ભૂલમાં બીજો જ કોઈ તે તોરણ તળેથી નીકળે અને એકાએક ધડાકો થાય, તો એ બધો ભેદ ફૂટી જવાનો સંભવ છે. માટે ચાણકયેને બોલાવીને એ સઘળી વ્યવસ્થાનો જ નાશ કરી નાખવો, એ જ સારો માર્ગ છે. અને રાજાને ખુશીથી ત્યાં જવા દેવા. દારુકર્માદ્વારા ચાણકયે જે ઘાતક યુક્તિ કરાવેલી છે, તેનું નરાકરણ થયું, એટલે બધી બીનાનો સારીરીતે નિવેડો આવી જશે. સર્વ વિઘ્નો પોતાની મેળે જ ટળી જશે. રાજાને જતો અટકાવવા કરતાં આ વ્યૂહને જ બદલી નાંખવો, એ વધારે સારું છે. પરંતુ ચાણકય મારી વિનતિ સાંભળશે ખરો કે? તેણે કરેલી બધી વ્યવસ્થા તે ધૂળમાં મેળવી દેશે ખરો કે? તે આ કુટિલ નીતિથી વેગળો રહેશે કે?" એવા પ્રશ્નો પણ તેના હૃદયમાં ઉદ્ભવવા લાગ્યા. તે કોઇપણ એક જ પ્રકારના નિશ્ચયપર આવી શકી નહિ. તેનું ચિત્ત ચંચળ થઈ ગયું. તેનો જીવ સંશયોથી તળવળવા લાગ્યો. એટલામાં રાત્રિનો એક પ્રહર વ્યતીત થયો, અને ત્યાર પછી થોડીક વારે ધનાનન્દ નિદ્રામાંથી જાગૃત થયો. તેણે જોયું તો મુરાદેવી અદ્યાપિ તેને જાગતી બેઠેલી દેખાઈ. તેથી તેને તેણે પોતાપાસે બોલાવી. મુરાદેવીએ આવીને તેનાં ચરણ ચાંપવા માંડ્યાં. "તું આજે હજી સૂધી જાગતી કેમ બેઠી છે વારુ?" રાજાએ પૂછ્યું. એ પ્રશ્ન સાંભળતાં જ બધો ગુપ્ત ભેદ તેને જણાવી દેવાની મુરાની ઇચ્છા થઈ; પરંતુ પાછું તેનું મન હટી ગયું. કારણ કે, પોતે રાજાનો જીવ બચાવવાથી રાજા પણ તેનો જીવ બચાવશે

અને તેના અપરાધની ક્ષમા આપશે, એ તેને સંભવનીય જણાયું નહિ. તેથી તેણે ઉત્તર આપ્યું કે, "શું કરું ? આજે ચિત્તમાં અસ્વસ્થતા હોવાથી કેમે કરતી ઊંઘ મુઈ આવતી જ નથી. કોણ જાણે મનમાં શુંય થયા કરે છે!"

"કેમ? વળી શું થયું ? હું આવતી કાલે ક્ષણ બે ક્ષણને માટે રાજસભામાં જવાનો છું, તેથી જ તારા મનમાં અસ્વસ્થતા થએલી હોય એમ જણાય છે." રાજાએ સર્વથા ભોળાઇના ભાવથી કહ્યું.

"હા–કેટલેક અંશે એથી જ અસ્વસ્થતા થએલી છે, એમ પણ કહી શકાય ખરું. આપ કાલે સભામાં પધારવાના છો, તેથી મારું મન ફરી ગયું છે. ગમે તેટલા યત્નો કરવા છતાં પણ નિદ્રા આવતી નથી. ત્યારે અવશ્ય આપને જવું જ પડશે કે?" મુરાદેવીએ દ્વિઅર્થી ભાષણ કર્યું.

"જવું જ જોઇએ, એવું કશું પણ નથી. પણ આપણે જ્યારે કબૂલાત આપી ચૂકયાં છીએ, ત્યારે જઇએ તો જરા ઠીક લાગે." રાજાએ ઉત્તર આપ્યું.

"મારો જીવ બહુ જ મૂંઝાય છે. મનમાં એવું જ થયા કરે છે કે, આજે કાંઈ પણ અનિષ્ટ થવાનું છે !" મુરાએ પોતાના મનોભાવને કિંચિદ્ અંશે વ્યક્ત કર્યો.

"તારા મનની સ્થિતિ માટે તો હવે મને આશ્ચર્ય જ થાય છે! તારું મન મહા પવિત્ર છે. તારા મનમાં સ્વાભાવિક ચિન્તા ઉદ્ભવી છે અને મેં એવું જ એક સ્વપ્ન આજે જોયું છે. કેવી સમાનતા?" રાજાએ પોતાનો મનોભાવ જણાવ્યો.

"તે સ્વપ્ન શું હતું વારુ? આપ નિદ્રામાં કાંઇક બબડતા તો હતા. જો કે હું એ બોલવાનો ભાવાર્થ બરાબર સમજી શકી નહોતી, પણ આપ કાંઇક બોલતા હતા, એટલું મારા ધ્યાનમાં છે ખરું." મુરાદેવીએ પુષ્ટિ આપી.

"એ મારો બડબડાટ સ્વપ્નમાં જે વિચિત્ર આદર્શ મારા જોવામાં આવ્યો હતો, તે વિશેનો જ હશે. બીજું શું હોય? પણ સ્વપ્ન ઘણું જ વિચિત્ર હો!" રાજાએ કિંચિત્ હસીને પરંતુ ગંભીર ભાવથી એ વાકયો ઉચ્ચાર્યાં.

"એટલું બધું વિચિત્ર અને વિલક્ષણ તે શું સ્વપ્ન હતું? મને તે કહેવા જેવું નથી કે શું?" મુરાદેવીએ અત્યંત ઉત્સુક્તાથી પૂછ્યું.

"તને એ કહેવું કે ન કહેવું, એનો જ હું કયારનો વિચાર કર્યાં કરું છું. ઘડીકમાં કહેવું એવો વિચાર થાય છે અને ઘડીકમાં ન કહેવું એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ સારું છે, એવી ભાવના થઈ જાય છે. ત્યારે હવે કયો માર્ગ લેવો?" રાજાએ પોતાની ડામાડોળ સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું.

"કહી દેવું એટલે થયું. બીજું તે શું કરવાનું હોય! જે કાંઈ હોય તે બોલી નાંખોને વહેલા વહેલા–એટલે મારા જીવને શાંતિ થાય." મુરાદેવી બોલી.

"પણ મારું કથન સાંભળીને કદાચિત્ તને માઠું લાગશે અને તું મારાપર કોપ કરીશ, એવી મને ભીતિ થયા કરે છે." રાજાએ કહ્યું.

"હું આપનાપર કોપ કરું? આ તે આપની કેવી વિચિત્ર કલ્પના?" મુરાદેવીએ તેની ભીતિના કારણને કાઢી નાંખ્યું.

"કલ્પના ખરી છે–મારો નિશ્ચય છે કે, તે સાંભળવાની સાથે જ તું કોપ કરી ઊઠીશ." રાજા પાછો પોતાનો કક્કો ખરો કરતો બોલ્યો.

"એ કથન ગમે તેવું હશે, તો પણ હું કોપ ન કરવાનું વચન આપું છું, પછી તો થયુંને?" મુરાદેવીએ પોતાનો હઠ આગળ ચલાવ્યો.

"ત્યારે હું કહું છું–સાંભળ–આજે મેં એક ઘણું જ વિચિત્ર સ્વપ્ન જોયું છે.' રાજાએ કહ્યું.

"એ તો તમે પહેલાં પણ કહ્યું હતું, પણ એ વિચિત્ર સ્વપ્ન શું હતું, તે હું જાણવા માગું છું." મુરાદેવી પોતાના પ્રયત્નમાં દઢ રહીને બોલી.

"પણ જો હું એ ન કહું અને તું ન સાંભળે, તો તેથી હાનિ શી થવાની છે?" રાજાએ પાછો ન બોલવાનો ભાવ દર્શાવ્યો.

"હાનિ તો બીજી શી થાય, પણ મારા મનમાં વસવસો થયા કરશે, એ જ!" મુરાદેવીએ સાંભળવાનું કારણ બતાવ્યું.

"ત્યારે સાંભળ–મને એવું સ્વપ્ન આવ્યું હતું કે, આપણ બન્ને જાણે એક ઘોર અરણ્યમાં ગએલાં છીએ અને ત્યાં ઘોરતમ અંધકાર છવાયલો છે........."

"ઘોર અરણ્યમાં? અને આપણ બન્ને?" રાજાને બોલતો અટકાવીને મુરાદેવી વચમાં જ બોલી ઊઠી.

"હા–આપણ બન્ને–માત્ર બે જ–ત્રીજું ત્યાં કોઈ પણ હતું નહિ. કોઈ પક્ષી પણ જોવામાં આવતું નહોતું." રાજાએ ભાર મૂકીને જણાવ્યું.

"ખરેખર સ્વપ્ન વિચિત્ર અને ચમત્કારિક તો ખરું! હં–પછી–પછી શું થયું?" મુરાદેવીએ પુનઃ ઉત્સુકતાથી કહ્યું,

"પછી?...... શું કહું? પણ તું આગ્રહ કરે છે, માટે કહું છું, પણ...."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પણ બણુ કરવાની હવે અગત્ય નથી–હવે તો જે બન્યું છે તે કહેવું જ પડશે–સત્વર કહો–મને તલપાવો નહિ." સુરાએ પાછો આગ્રહ કર્યો.

"ઠીક ત્યારે સાંભળ–તે અંધકારાવૃત અરણ્યમાં જાણે આપણે ઊભાં છીએ. એટલામાં ચમત્કાર એવો થયો કે, તેં સહજ હાસ્ય વિનોદમાં મારા ધનુષ્યબાણુ અને ખડ્ગ મારા હાથમાંથી લઇ લીધાં અને તેવામાં એક ભયંકર વ્યાઘ્ર પોતાની પૂછડી હલાવતો હલાવતો અને મોટેથી અવાજ કરતો મારા શરીરપર ધસી આવ્યો–અરે રે તેનું કેવું ભયંકર સ્વરૂપ હતું!" રાજા પાછો અટકી ગયો.

સુરાદેવી એ સાંભળીને ગભરાઇ અને તે મહારાજાની પાસે આવી બેઠી. ત્યારપછી કહેવા લાગી કે, "મહારાજ! મારું રક્ષણ કરો! એ વ્યાઘ્રનું નામ સાંભળતાં જ મારા શરીરમાં કંપનો આવિર્ભાવ થયો છે. જાણે કે તે વ્યાઘ્ર અત્યારે મારાં નેત્રો સમક્ષ આવીને ઉભો હોયને! એવો મને ભાસ થાય છે. હં–પછી શું થયું વારુ? ભય પણ થાય છે અને સાંભળવાની ઇચ્છા પણ થાય છે–એ કેવી મનુષ્યસ્વભાવની વિચિત્રતા?"

"જો તને ભીતિ લાગતી હોય, તો હું એ વાત આગળ કહીશ નહિ." રાજાએ કહ્યું. એનું સુરાદેવીએ ઉત્તર આપ્યું કે, "મેં તો કહ્યું કે, ભય પણ થાય છે અને સાંભળવાની ઇચ્છા પણ થાય છે; માટે કહેવામાં કાંઈ પણ અડચણ નથી."

"હું તો જો કે કહું છું, પણ જો તું હવે વધારે સાંભળવાનો આગ્રહ ન કરે, તો વધારે સારું." રાજાએ પાછો પોતાનો વિચાર દર્શાવ્યો.

"તે શામાટે? હવે તો મારા મનમાં ઘણી જ ઉત્કંઠા થાય છે. આપનો આશ્રય હોય, તો મારી ભીતિ કેટલીવાર ટકી શકે તેમ છે? આપનો સ્પર્શ થતાં જ ભય અને ભીતિ તો કયાંય ચાલ્યાં જવાનાં! કહો કે આગળ શું થયું?" સુરાદેવીએ પોતાનો આગ્રહ પાછો ચાલુ રાખ્યો.

"પછી એમ થયું કે, તે વ્યાઘ્ર મારા શરીરપર આક્રમણ કરીને મને ..........."

"અરે ભગવન્! મહારાજ! આ શબ્દો સાંભળવાથી તો મને મૂર્ચ્છા આવવા જેવું જ થાય છે." સુરાદેવીએ વચમાં જ કહ્યું.

"ગભરાવાનું કશું કારણ નથી. એ સર્વ સત્ય નથી–એ તો સ્વપ્નની ઘટના છે." રાજાએ તેને આશ્વાસન આપતાં કહ્યું.

"હા–હા–હું તો એ ભૂલી જ ગઈ. હં, પછી શું થયું, મહારાજ?" સુરા બોલી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"પછી જે થયું તે કહેવાને જીભ ઉપડતી નથી. એ સાંભળતાં તું કોણુ જાણે શું કહીશ, એવા ભયથી હું તે બોલતાં અચકાઉં છું." રાજાએ કહ્યું.

"એવું તે શું છે, મહારાજ ? કહી દોને સત્વર. હું તો કાંઇ બોલતી પણ નથી ને ચાલતી પણ નથી." સુરાદેવીએ પુનઃ આગ્રહપૂર્વક ઇચ્છા દર્શાવી.

"તે વ્યાઘ્રે મારા અંગપર આક્રમણ કર્યું, એટલે મેં તારી પાસેથી મારું ખડ્ગ માગ્યું. પણ તેં તે આપ્યું નહિ અને સામી તું દૂર દૂર ન્હાસવા લાગી."

"આ તો ધારવા કરતાં વિપરીત જ ! હું આપના પ્રાણ બચાવવાને દોડું કે દૂર ન્હાસું ? બાઇ ! આ તે કેવું સ્વપ્ન ? આપના હૃદયની જેવી ભાવના છે, તેને અનુસરતું તો આ સ્વપ્ન નથી આવ્યું ને?" સુરાદેવીએ પૂછ્યું.

"અરે ગાંડી ! આ તે તું શું બોલે છે ? હજી તો આ કાંઇ પણ નથી; જો આગળ સાંભળીશ, તો તું શું કહીશ ?" રાજાએ પાછી શંકા કાઢી.

"કહું શું ? હવે વાર ન કરો–મારી ઉત્કંઠાને ન વધારો. તે શીઘ્ર કહી નાંખો. ત્યાર પછી શું થયું ?" સુરાદેવીએ પાછો આગ્રહ કર્યો.

"તું ન્હાસવા લાગી, એટલે હું તને વિનવવા લાગ્યો અને કહ્યું કે, જો તું આ વેળાએ ખડ્ગ નહિ આપે, તો આ વ્યાઘ્ર અત્યારે મને મારી નાંખશે. પણ તેં એ મારી વિનતિ લક્ષમાં ન લેતાં ઉલટું એમ કહ્યું કે, ભલે ને મારી નાંખે ! તમને એ વ્યાઘ્ર ખાશે, એટલે મારા પુત્રને વ્યાઘ્રે જેવી રીતે ખાધો હશે, એની તમને સારી કલ્પના થશે ! મારી ખાસ એવી જ ઇચ્છા છે કે, એ વ્યાઘ્ર તમને ભક્ષી જાય તો બહુ જ સારું થાય ! તારું આ ભાષણ સાંભળીને હું ઘણો જ આશ્ચર્યચકિત થઇ ગયો."

રાજાના એ સ્વપ્નનો વૃત્તાંત સાંભળીને સુરાદેવી માત્ર આશ્ચર્યચકિત થઇ ગઇ, એટલું જ નહિ, પણ તેની મુખમુદ્રા એકાએક કાળી ઠીકરા જેવી બની ગઇ–તેના તેજનો સર્વથા લોપ થઇ ગયો.

## પ્રકરણ ૨૪ મું.

### નિશ્ચય ચળી ગયો.

રાજા ધનાનન્દના સ્વપ્નનો સાર જાણતાં જ સુરાદેવીના શરીરમાં એકાએક કંપનો આવિર્ભાવ થતાં તેનું સમસ્ત શરીર તત્કાળ સ્વેદથી ભીંજાઇ ગયું. "રાજાને મારાં બધાં કાવત્રાંની જાણ થઇ ગઇ છે, અને તેથી તે મારી પરીક્ષા કરવા માટે તો સ્વપ્નનું નિમિત્ત નથી કાઢતો ને ?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવો સંશય પણ તેના મનમાં આવ્યો. તેનું હૃદય 'થરથર કંપવા' લાગ્યું. તેની દૃષ્ટિ ભ્રમિષ્ટ થઈ ગઈ, તેનો શ્વાસ જાણે એકદમ રુંધાઈ ગયો હોયની! એવો તેને ભાસ થયો અને જાણે હમણાં જ મરી જશે એવો તેનો દેખાવ થઈ ગયો. તે રાજાને આલિંગીને જે બેઠેલી હતી, તેથી તેના હૃદયના કંપથી થતો ધ્વનિ રાજાના સાંભળવામાં આવ્યો અને તેની ચેષ્ટાને પણ તે તત્કાળ ઓળખી ગયો; પરંતુ રાણીના ગભરાટનું કારણ તેને જૂદુ જ જણાયું અને તેથી તે તેને ઉદ્દેશીને બોલ્યો કે, "પ્રિયતમે! કેવળ સ્વપ્નની કથા સાંભળવાથી તું આટલી બધી ગભરાઈ ગઈ, ત્યારે જો પ્રત્યક્ષ તારા દેખતાં વ્યાઘ્રે મારા શરીરપર ધસારો કર્યો હોય, તો તે વેળાએ તારી શી દશા થાય વારુ! મારા ધારવા પ્રમાણે તો માત્ર મરણ જ!"

રાજાના એ ભાષણથી મુરાદેવીના મનમાં કિંચિત્ ધૈર્ય આવવા જેવું થયું અને તેથી જિહ્વા ખોલીને તેણે કહ્યું કે, "ખરેખર જો તેવો પ્રસંગ મારાં નેત્રો સમક્ષ બને તો ત્યાં જ મારા પ્રાણ પ્રયાણ કરી જાય! પણ આર્યપુત્ર! એવા ભયંકર પ્રસંગે આપે ખડ્ગ માગ્યું અને મેં તે ન આપ્યું, એવો પ્રકાર સ્વપ્નમાં જોવાથી પુનઃ આપ મને ત્યાગશો તો નહિ ને? આપે સ્વપ્નનો વૃત્તાંત કહી સંભળાવ્યો, ત્યારથી મારા મનમાં એ જ ભય થયા કરે છે."

એટલું બોલી રાજાને ગળે બાઝીને તેણે હૃદયભેદક રોદન કરવા માંડ્યું. રાજા તેના કપોલભાગમાં ચુંબન કરતો તેને આશ્વાસન આપતો કહેવા લાગ્યો કે, "અરે ગાંડી! માત્ર સ્વપ્નમાં જોએલી વાતોને ખરી માનીને હું તારો ત્યાગ કરું, એટલો બધો તું મને મૂર્ખ ધારે છે કે શું? સ્વપ્નની વાત તો અસત્ય જ છે, પણ તારામાં હવે મારો એટલો બધો વિશ્વાસ બંધાઈ ગયો છે કે, મારી જાગૃત અવસ્થામાં પણ જો એવો પ્રકાર મારા જોવામાં આવે, તો પણ એકવાર મને તે સાચો ન જ ભાસે. એવો સત્ય પ્રકાર પણ મને સ્વપ્ન સમાન દેખાય. બીજું તે વધારે શું કહું? માટે હવે શોકને ત્યાગી દે અને શાંત થા."

"આર્યપુત્ર! ત્યારે શું ખરેખર આપનો મારામાં આટલો બધો ભાવ છે કે? ત્યારે આપ હવે મારા વિશે કંઈ પણ શંકા તો કરવાના નથી ને? એકવાર મને કડવો અનુભવ મળી ચૂક્યો છે, તેથી જ આટલી બધી બીતિ વારંવાર થયા કર છે, બીજું એનું કોઈ કારણ નથી. હું સર્વથા નિરાધાર અને નિરાશ્રિત છું; આ વિશ્વમાં આપના વિના મારો બીજો કોઈ આધાર નથી. હે પરમાત્મન્! તેં મહારાજાને આવા પ્રસંગે આવું સ્વપ્ન તે શાને દેખાડ્યું!" મુરાએ મોહજાળનો હાવભાવથી વિસ્તાર કર્યો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"વ્હાલી! આમ હવે વિનાકારણ ક્યાંસૂધી રડ્યા કરીશ? તને હું ફરી ફરીને કહું છું કે, માત્ર તારા ગાઢ પ્રેમ વિના બીજા કોઈ પણ વિષયમાટે હવે મારા આ અંતઃકરણમાં સ્થાન જ નથી. માટે તારે કોઈ પણ કારણથી શોક કરવો જ નહિ. મારાં આ વચનોની સત્યતા તને કેવી રીતે ભાસે, તેનો કોઈ ઉપાય બતાવતી હોય, તો તે કરવાને પણ હું તૈયાર છું." રાજાએ કહ્યું.

એના પ્રત્યુતરમાં મુરાએ તત્કાળ કહ્યું કે, "હવે મને એ વિશે રંચ માત્ર પણ શંકા નથી. પણ આર્યપુત્ર! આવતી કાલે આપ મારા મંદિરમાંથી રાજસભામાં જવાના તો ખરા જ ને?"

"અમાત્ય રાક્ષસના દેખતાં તેં જ મને સભામાં જવાની ભલામણ કરી–તારી અનુમતિવિના હું તેને હા કહેવાનો જ નહોતો. પરંતુ તેં જ જ્યારે અનુમોદન આપ્યું ત્યારે હું નિરુપાય થઈ ગયો. એમાં મારો શો દોષ?" રાજાએ પોતાની નિર્દોષતા વ્યક્ત કરી.

"હા–મેં અનુમોદન આપ્યું તો ખરું, પણ હવે આપ જો ન જાઓ તો શું ચાલે તેમ નથી?" મુરાએ કોઈ બીજા જ હેતુથી પ્રશ્ન કર્યો.

"ચાલે શામાટે નહિ? પણ ન જવાનું કારણ?" રાજાએ પૂછ્યું.

"કારણ?" મુરા વધારે બોલતાં અચકાઈ. તેના મનમાં જે બોલવાની ઇચ્છા હતી, તે બોલવું કે ન બોલવું, એનો તેને વિચાર થઈ પડ્યો. અંતે તેનો ન બોલવાનો જ નિશ્ચય થયો ને તે કહેવા લાગી, "કારણ એટલું જ કે, કાલે તો આપે ન જ જવું, એમ મારા મનમાં થયા કરે છે. તે વેળાએ તો મેં અનુમોદન આપ્યું, પણ હવે મને એમ લાગે છે કે........"

"સમજ્યો! સમજ્યો!" રાજા ધનાનન્દ હસતો હસતો તેને કહેવા લાગ્યો." તને એમ લાગે છે કે, હું જો અહીંથી જઇશ, તો પાછો આવીશ કે નહિ, કોણ જાણે! ખરેખર તમારાં સ્ત્રીઓનાં મનો ઘણાં જ સંશયી હોય છે! શું તારું એમ ધારવું છે કે, હું આટલા દિવસ અહીં રહ્યો, તેથી મારો તારામાં પ્રેમ બંધાયો છે, અને હવે હું બહાર જઇશ ને મને કોઈ કાંઈ તારા વિરુદ્ધ કહેશે અથવા તો તારા કરતાં કોઈ અધિક સ્વરૂપવતી સ્ત્રી મારા જોવામાં આવશે, એટલે તારાપ્રતિ મારો અભાવ થઈ જશે? એમ જો તારું ધારવું હોય, તો તે સર્વથા નિર્મૂલ છે." રાજા બોલ્યો.

"માત્ર એ–મ–જ–ન–થી." મુરાદેવીએ અચકાતાં અચકાતાં ઉત્તર આપ્યું. અત્યારસૂધી મનમાં દુષ્ટ હેતુ રાખીને પોતે જે ઉદ્યોગ કર્યો હતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેમાં જેની સહાયતા હતી, તે સર્વનાં નામ જણાવીને રાજાનાં ચરણોમાં પડી તેની ક્ષમા માગવી અને બીજે દિવસે તેને રાજસભામાં જવા ન દેવો, એવી તેની ઇચ્છા થઈ; પરંતુ ત્વરિત જ એવો વિચાર પણ તેના મનમાં આવીને ઉભો રહ્યો કે, રાજા ક્ષમા કરશે કે નહિ, એનો શો નિશ્ચય? કદાચિત્ તે ભયંકર શિક્ષા જ આપે તો? એમ ધારીને તે કહેવાનું તેણે માંડી વાળ્યું અને હવે રાજાને જતો અટકાવવા માટે શી યુક્તિ યોજવી, એનો જ તે વિચાર કરવા લાગી. તે "માત્ર એમ જ નથી." એટલા જ શબ્દો ઉચ્ચારીને સ્તબ્ધ થઈ ગઈ. તેની આવી સ્થિતિ જોઇને રાજાએ કહ્યું કે;—"માત્ર એમ જ નથી, તો બીજું શું છે? વધારે કેમ બોલતી નથી? અટકી કેમ ગઈ–વચમાં જ વાકયને તોડી કેમ નાંખ્યું?"

"અમથું. મારાથી તે કારણ બતાવી શકાતું નથી, છતાં પણ એમ થયા કરે છે–કાલે–અરે હવે કાલ પણ શાનું? ઉષ:કાળ તો થવા આવ્યો–માટે આજે જ આપ ત્યાં ન જાઓ, તો વધારે સારું." મુરાદેવી પૂર્વ પ્રમાણે જ બોલી.

"કારણ બતાવી શકાતું નથી એટલે? બતાવી શકાતું નથી કે બતાવવાની તારી ઇચ્છા નથી? જો તારી ઇચ્છા હોય તો તે બતાવી શકાય તેમ છે. જોકે હું તો થોડે ઘણે અંશે એ કારણને જાણી પણ ચૂકયો છું.. તું કહેતી હોય, તો કહી સંભળાવું?" રાજાએ વિનોદથી કહ્યું.

મુરાએ કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ–એટલે રાજા આગળ બોલ્યો;–

"હું અહીંથી ગયો એટલે સદાને માટે ગયો–અર્થાત્ હું પાછો આવીશ નહિ, એવી તારા મનમાં ભીતિ થયા કરે છે, એ જ કારણ. તારી એ ભીતિને ભાંગી નાંખવા માટે જ હવે હું ખાસ જઇશ અને વેળાસર પાછો આવીશ. આવી શંકા તને ઘણા દિવસથી થયા કરે છે, એટલે આજના પ્રસંગનો લાભ લઇને મારે તારી એ શંકાનું નિરસન કરી નાંખવું જોઇએ. મારો હવે જવા માટેનો નિશ્ચય થઈ ચૂકયો છે–હવે તું ગમે તેટલો પ્રયત્ન કરીશ, પણ હું તો જવા વિના રહેવાનો નથી જ. બસ–હવે વધારે કાંઈ પણ બોલીશ નહિ. ઉષાની મિષ્ટ નિદ્રાના સુખનો લાભ મને લેવા દે અને તું પણ સૂઈ જા. વિશેષ વિવાદથી કાંઈ પણ લાભ થવાનો નથી." રાજાએ પોતાના અનુમાન સાથે નિશ્ચય પણ વ્યક્ત કરી દેતાં કહ્યું.

એમ બોલીને રાજાએ તે જ ક્ષણે પાસું બદલ્યું અને તેવો જ તે ગાઢ નિદ્રામાં પડી ગયો. પ્રભાત થવામાં માત્ર અર્ધ પ્રહર બાકી હતો. મુરાદેવીને કેમે કરતાં ઊંઘ આવી નહિ. તેણે સ્વસ્થતા મેળવવા માટે અનેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપાયો કર્યા; પણ નેત્રો ન લાગ્યાં તે ન જ લાગ્યાં. રાજાને જતો અટકાવવા માટે શી યુક્તિ યોજવી; એ વિશેનો વિચાર તેના મસ્તિષ્કમાં એક સરખો ભ્રમણ કરતો રહ્યો. તેને પોતાને કાંઈ પણ સૂઝયું નહિ, તેથી બીજા કોઇની સલાહ લેવાની હતી; આ બાબતમાં કોઈ પણ સલાહ આપી શકે એવા બીજા કોને શોધવો? એની પ્રાણપ્રિય દાસી અને સખીઓ માત્ર બે જ હતી–એક વૃન્દમાલા અને બીજી સુમતિકા. વૃન્દમાલા તેનાં સર્વ કાર્યોમાં અને કારસ્થાનોમાં સહાયકારિણી થતી નહોતી. આવાં કપટનાટકો તેને બિલ્કુલ ગમતાં નહોતાં અને સુરાદેવીનાં બધાં કર્ત્તવ્યોનો તો કપટનાટકમાં જ સમાવેશ થતો હતો. એથી તેને આ કાર્યમાં યોજવાથી કશો પણ લાભ થઈ શકે તેમ હતું નહિ. તેના સંમેલનથી કાર્યસિદ્ધિને સ્થળે કાર્યની હાનિ થવાનો જ વિશેષ સંભવ હતો. એ બધું જાણીને તેણે પહેલાંથી જ વૃન્દમાલાને પોતાના એ કાર્યમાંથી દૂર દૂર સરકાવવાનો જ નહિ, પણ સાથે સાથે તેને ઠગવાનો પ્રયત્ન પણ આદરેલો હતો. સુરાદેવી તેને એવો જ ભાવ બતાવતી હતી કે, પોતે રાજા સાથે ઘણા જ પ્રેમથી વર્તે છે અને પોતે પ્રથમ કરેલી પ્રતિજ્ઞાને તેણે વિસારી દીધી છે. સુમતિકા તેને ઘણી જ ઉપયોગી થઈ પડે તેવી હતી; કપટનાટકના પ્રયોગમાં તો તે એટલી બધી ચતુર હતી કે, નાંદીથી તે ઠેઠ ભરતવાકય પર્યંત વિઘ્ન વિના તે નાટકના પ્રયોગને પાર પાડી શકતી હતી. એના એ સ્વભાવને સુરાદેવી સારી રીતે કળી ગઈ હતી અને તેથી જ તેને તેણે પોતાની વિશ્વાસુ બનાવી હતી. ચાણક્યને ત્યાં જવા આવવામાં અને તેને સંદેશા પહોંચાડવામાં એ જ મુખ્ય સાધનરૂપ થઈ પડી હતી. આજ સુધીનાં સમસ્ત કપટવર્ત્તનોથી તે પૂર્ણપણે જાણીતી હતી; તેથી એ કપટનાટકના નાશ માટે પણ એની જ સહાયતા વધારે ઉપયોગની થશે, એમ ધારીને સુરાદેવી ધીમેથી ઊઠી અને મંદિરમાંથી બહાર ચાલી ગઈ. આ વેળાએ રાજા ગાઢ નિદ્રામાં પડેલો હતો, એ તેને ઘણું જ અનુકૂલ થઈ પડયું. સુમતિકા જ્યાં સૂતી હતી, ત્યાં જતાં જતાં તેને એમ ભાસવા લાગ્યું કે, "કોઈના દોડવાથી પગલાંનો અવાજ થયો." તેથી તેણે દ્વારમાંથી બહાર નીકળતાં જ અહીં તહીં નજર ફેરવી, પણ કોઈ તેની દૃષ્ટિએ પડયું નહિ. તે સુમતિકાનાં સૂવાના ઓરડામાં જઈ પહોંચી; ત્યાં પોતાના શરીરપર એક રંગીન ચાદર ઓઢીને સુમતિકા ગાઢ અને ઘોર નિદ્રામાં પડેલી તેના જોવામાં આવી. સુરાદેવીએ ધણીએ હાકો મારી, પણ તે જાગૃત થઈ નહિ. તેની બાજૂમાં જ એક બીજી દાસી પણ સૂતેલી હતી, તે એકાએક જાગીને બેઠી થઈ અને રાણીને જોતાં જ ઉભી થઈ હાથ જોડીને બોલી કે, "શી આજ્ઞા છે?" સુમતિકાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગમે તેમ કરીને જગાડ-આ તે મનુષ્યનિદ્રા કે કુંભકર્ણની નિદ્રા!" સુરાદેવીએ આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ એ સ્વર્ણલતા નામની દાસીએ સુમતિકાના શરીરને હલાવીને તેને જાગૃત કરી. કોઈ માણસ ગભરાટથી બીને ઉઠે, તેવી રીતે સુમતિકા ઊઠી અને સુરાદેવીને જોતાં જ નમ્રતાથી કહેવા લાગી કે, "આ શું? મહારાણી સાહેબ! મારા અપરાધની ક્ષમા કરશો. હું એક આનંદદાયક અને સુખકારક સ્વપ્નમાં નિમગ્ન થએલી હતી અને એ અર્ધ સ્વપ્નમાં જ આપે મને જાગૃત કરી. પણ જવા દ્યો એ વાતને, અને મહાદેવિ! પ્રથમ જણાવો કે, આપની શી આજ્ઞા છે તે."

"તને કાંઇક ગુપ્ત રીતે કહેવાનું છે. સ્વર્ણલતે! તું જરાક બહાર જઇને બેસ. આ ઓરડાનાં બારણાં બહારથી બંધ કરી દેજે. બારણાંથી છેટી બેસજે-અમારું ભાષણ સાંભળીશ નહિ. જા-જો કે આ વખતે બીજું કોઈ અહીં આવે તેમ તો નથી, પણ કદાચિત્ કોઇ આવે, તો તેને ત્યાં જ થોભાવજે. મને કાંઈ કહેવાને પણ આવતી નહિ. અમારું કાર્ય પૂરું થશે, એટલે હું પોતે જ તને બોલાવીશ, જા." સુરાદેવીએ સ્વર્ણલતાને બહાર જવાની આજ્ઞા કરી.

સુરાદેવીની એ આજ્ઞા થતાં જ સ્વર્ણલતા ત્યાંથી ચાલી ગઈ અને સુરાદેવી પોતાનો મનોભાવ સુમતિકાને જણાવવા જતી હતી, એટલામાં પાછું તેના હૃદયનું ચક્ર ફરી ગયું-તે મનમાં જ વિચાર કરવા લાગી કે, "સુમતિકા પ્રથમથી જ મારા કપટનાટક અનુકૂલ છે, તેથી આ અણીની વેળાએ મારો બદલાયલો ભાવ એને જણાવવાથી એ મને યોગ્ય ઉપદેશ આપશે કે નહિ, એની શી ખાત્રી? કદાચિત્ એને એ વિચાર ન રુચતાં સામી મારા ક્રૂર નિશ્ચયને કાયમ રાખવાનો જ એ આગ્રહ કરશે તો? કારણ કે, એનામાં કપટનાટક કરવાનો સ્વભાવ નૈસર્ગિક છે. માટે હવે જ્યારે મારે આ કપટનાટકની પૂર્ણાહુતિ જ કરવાની છે અને આજ સુધીનાં કારસ્થાનોની મહારાજને જાણ ન થવા દેતાં તેના પ્રાણ બચાવવાના છે, તો એ કાર્યમાં હવે સુમતિકાની સહાયતા લેવાની કાંઈ પણ આવશ્યકતા નથી. એને અત્યારે કોઈ બીજી જ વાત કહીને ઉડાવવી જોઈએ. જો મારો અભિપ્રાય એને ન ગમે અને સામી એ જ મારા વિરુદ્ધ વર્ત્તન કરવાને તત્પર થાય તો?" એવા વિચારો તેના મનમાં આવતાં તેણે એ કાર્યમાં સુમતિકાને નામની સુમતિકા, પણ કાર્યમાં કુમતિકા ધારીને તેની સલાહ ન લેવાનો દૃઢ નિશ્ચય કર્યો. વૃન્દમાલા જ એ કાર્ય માટે વધારે ઉપયોગી છે, એવો તેનો ભાવ થયો અને તેથી તેની સલાહ લેવાનો તેણે નિર્ધાર કર્યો. બનાવટથી તે સુમતિકાને કહેવા લાગી, "સુમતિકે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજે મને આખી રાત ઊંઘ આવી નથી. આપણું આ કાર્ય સિદ્ધ થશે જ, એમ તને ભાસે છે કે? જો આપણી ધારણા પ્રમાણે એ કાર્ય સિદ્ધ ન થાય, તો તારી અને મારી શી દશા થશે, એની તને કાંઈ પણ કલ્પના છે કે?" સુમતિકા ખરેખર એક ઘણી જ ચતુર સ્ત્રી હતી. રાણી આ વખતે પોતાને જગાડવાને આવી છે, તે કાંઈ આટલા જ કાર્ય માટે આવેલી તો ન જ હોય, એ તે તત્કાળ જાણી ગઈ, તેથી નમ્રતાથી કહેવા લાગી કે, "દેવિ! તમારે એ વિશે જરા પણ શંકા રાખવી નહિ. આર્ય ચાણક્ય કાંઈ જેવો તેવો કે સાધારણ પુરુષ નથી. એણે જે વ્યૂહની રચના કરેલી છે, તે કોઈ કાળે પણ વિફળ થવાની નથી. એ જ વિચારથી તમને આજે નિદ્રા નથી આવી કે? હું તો જાણું કે, બાઈ, આખી રાત ઉંઘ ન આવવાનું એવું તે શું કારણ થયું હશે? ચાણક્ય ગુરુનો પ્રપંચ સર્વથા નિર્વિઘ્ને સિદ્ધ થશે અને તમારી ઇચ્છા પ્રમાણે તમારો ભત્રીજો આ પાટલિપુત્રના સિંહાસનનો અને રાજ્યનો સ્વતંત્ર સ્વામી થશે જ."

"હં-હં-જરા ધીમે ધીમે, સુમતિકે! આ શું કરે છે?" મુરાદેવી તેના મુખને પોતાના હાથથી દાબીને કહેવા લાગી. "આવી વાતો આવે મોટે સાદે કરી શકાય ખરી કે? ભીંતોને પણ કાન હોય છે, એ કહેવત શું તેં નથી સાંભળી? છેક અણીને અવસરે ક્યાંક બધી વાત ફોડી નાખીશ-સંભાળ રાખ."

એટલું બોલીને મુરાદેવી પાછી સ્તબ્ધ થઈ ગઈ. વળી તેને એમ ભાસવા લાગ્યું કે, "આજ સુધીના રચેલા વ્યૂહમાંથી મને અને મહારાજાને સહીસલામત બચાવી લેવાની યુક્તિ દેખાડનાર કોઈ હોય, તો તે સુમતિકા જ છે. માટે એને બધી વાત કહી દેવી જોઇએ. વૃન્દમાલા આ બધી બીના વિશે કાંઈ પણ જાણતી નથી, એટલે પ્રથમ તો તેને આ બધી કથા વિસ્તારથી કહેવી પડશે અને ત્યાર પછી જ તેની સલાહ માગી શકાશે. આવી સ્થિતિમાં તે સલ્લાહ પણ શી આપી શકવાની હતી?" પુનઃ મનની સ્થિતિ બદલાઈ ગઈ, પણ હવે વિચાર કરવાનો અવકાશ ન હોવાથી તે મુખમાં જે આવે, તે કહી દેવાના હેતુથી સુમતિકાને સંબોધીને કહેવા લાગી કે;—

"સુમતિકે! મારા ભત્રીજાને રાજ્ય અપાવવાથી મને શો લાભ થવાનો છે? એના કરતાં તો મહારાજ પોતે જ ચિરાયુ થઇને રાજ્ય કરે અને તેના પ્રેમછત્ર તળે રહીને હું સુખ ભોગવું, તો તેમાં શું ખોટું છે? મને આટલા વર્ષ કારાગૃહમાં રાખી અને મારા પુત્રનો વધ કરાવ્યો, તેના કોપના આવેશથી મેં ભયંકર પ્રતિજ્ઞા કરી અને તેને અનુસરતા વ્યૂહો પણ રચાવ્યા; પણ હવે મહારાજાનો ઘાત ન કરવો, એવી મારી ભાવના થએલી છે. માટે તું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જા અને ગુરુરાજ ચાણુકયને કહે કે, આપણે રચેલા સઘળા કપટવ્યૂહની સમાપ્તિ કરીને ચન્દ્રગુપ્તને અત્યારે ને અત્યારે અહીંથી લઈ જાઓ. મહારાજ, આજે અહીંથી બહાર ન નીકળે, તેટલા માટે હું બહુ જ પ્રયત્નો કરવાની છું; પણ અંતે જો તે મારું નહિ જ સાંભળે, તો નિરુપાયે આ બધી વાત મહારાજને જણાવીને તેની ક્ષમા માગવાનો પણ મેં નિર્ધાર કરેલો છે. તેમણે ક્ષમા કરી, તો તો સારું, નહિ તો તે જે શાસન મને આપશે, તે સહન કરવાને પણ હું તૈયાર છું; પરંતુ સર્વથા વિનાકારણ રાજાનો ઘાત તો હું થવા દેવાની નથી જ. સુમતિકે! આપણાં આ કાવત્રાંની કોઇને ખબર ન પડે અને મહારાજના પ્રાણ પણ બચે, એવી યુક્તિ જો તને કોઈ સૂઝતી હોય, તો મને બતાવ. નહિ તો મેં તને કહ્યું, તે પ્રમાણે તો હું કરવાની છું જ. સમજી કે?"

એ બધું મુરાદેવીએ જોશમાં ને જોશમાં ઓકી તો નાંખ્યું, પણ પાછળથી તરત જ તેને એનો વિચાર થઈ પડ્યો. મુરાદેવીનું એ ભાષણ સાંભળીને સુમતિકા તો દિગ્મૂઢ જેવી જ બની ગઈ. "આ મુરાદેવી જ બોલે છે કે શું? હું જાગતી છું કે સૂતી? હું સ્વપ્નામાં તો નથી ને?" એવો તેને ભ્રમ થઈ ગયો. તે તત્કાળ પોતાની સ્વામિનીને કહેવા લાગી કે, "દેવિ, તમારા વિચારો આમ એકાએક બદલાઈ જવાનું કારણ શું થયું? તે જણાવશો, અમારે શું, અમે તો ચિઠ્ઠીનાં ચાકર—અત્યારે જ ઇચ્છા હોય, તો અત્યારે જ જઇને ચાણુકયને બોલાવી લાવું. અમે તો આજ્ઞાને આધીન."

"જ્યારે તારું એમ જ કહેવું છે, ત્યારે અવશ્ય જા–દોડ. મારો એવો જ નિશ્ચય છે. જો હું એ બધો ભેદ મહારાજાને કહી દઇશ, તો એ બિચારા ગરીબ બ્રાહ્મણના જીવનો વિના કારણ ઘાત થશે. માટે એને પ્રથમથી જ ખબર આપીને નસાડી દેવો, એ વધારે સારું છે. જા–જા એક ક્ષણ માત્ર પણ ખોટી ન થા. જો આ સમય હાથમાંથી જતો રહ્યો, તો પછી શું થશે, તે કહી શકાય તેમ નથી જ. મારું મન ઘડી ઘડીમાં ધ્રૂજ્યાં કરે છે–જા." મુરાદેવીએ તેના શબ્દને પકડી લીધા અને કહ્યું.

સુમતિકાને પણ એમ જ લાગ્યું કે, "જો આ ક્ષણે આર્ય ચાણુકય આવશે, તો જ બગડેલું કાર્ય પાછું બની શકશે–તે વિના બનવું અશકય છે." એવા વિચારથી તે તત્કાળ ત્યાંથી ચાલી ગઈ અને થોડી જ વારમાં પાછી આવી પહોંચી.

આર્ય ચાણુકય અને મુરાદેવી વચ્ચે થએલો એ વેળાનો પરસ્પર સંવાદ ઘણો જ વિચિત્ર હતો. તે વાંચકોને હવે પછીના પ્રકરણમાં જણાશે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૫ મું.

### ભત્રીજો કે પુત્ર?

આ ત્યારે ચાણક્યને શામાટે બોલાવવામાં આવ્યો છે અને નવીન બનાવ શો બન્યો છે, એ સઘળું સુમતિકાએ ચાણક્યને કહી સંભળાવ્યું હતું. મુરાદેવીના આજસૂધીના વર્ત્તનને જોતાં તેનું મન ખરી અણીની વેળાએ એકાએક બદલાઈ જશે અને તે કારણથી કદાચિત્ ભયંકર પ્રસંગ પણ આવશે, એ ચાણક્ય પ્રથમથી જ જાણતો હતો. અર્થાત્ તે અસાવધ હતો નહિ. "ગમે તેટલી કારસ્થાની છતાં પણ મુરાદેવી એક અબળા છે. તેના મનની સ્થિતિ કયારે બદલાઇ જશે, એનો નિયમ નથી. પોતાના દાયાદોથી યુદ્ધ કરવાને તૈયાર થએલા અર્જુનનો પણ નિશ્ચય ડગી ગયો હતો, ત્યારે મુરાદેવી તે શી ગણનામાં!" એવો વિચાર કરીને કદાચિત્ મુરાદેવીની પણ એવી જ દશા થાય, તો તે વેળાએ કેવા પ્રકારનું વર્ત્તન કરવું, એનો નિશ્ચય તે દૂરદર્શી ચાણક્યે પ્રથમથી જ કરી રાખ્યો હતો. જે કાર્યનો આરંભ કર્યો હોય, તેનો અંત કરવો જ જોઇએ, એવા સ્વભાવના મનુષ્યોમાં સર્વથી અગ્રસ્થાને શોભે એવો ચાણક્ય હતો, એ નવેસરથી કહેવું જોઇએ તેમ નથી. તેણે પ્રથમથી જ એવી બધી બાબતોનો વિચાર કરી રાખ્યો હતો. સુમતિકાએ નવીન બનેલા બનાવના સમાચાર આપતાં જ હવે પછી શા શા ઉપાયોની યોજના કરવી, એનો તેણે મનમાં જ નિર્ણય કરી નાંખ્યો. સુમતિકાએ તેને લઈ જઇને યજ્ઞશાળામાં બેસાડ્યો. તેના આગમનના સમાચાર સાંભળતાં જ મુરાદેવી પણ તત્કાળ ત્યાં આવી પહોંચી. ચાણક્ય તેની સામો ઊભો રહ્યો અને તત્કાળ તેને સંબોધીને બોલ્યો કે, "મુરાદેવી! મને તેં આટલો બધો ઉતાવળો કાં બોલાવ્યો? શું આપણા કાર્યની સિદ્ધિમાં કાંઈ પણ વિઘ્ન આવવાનો સંભવ છે? જો તેવું કાંઈ હોય, તો જલ્દી બોલી દે, કે જેથી તેને ટાળવાનો હું યોગ્ય ઉપાય કરી શકું."

"વિપ્રશ્રેષ્ઠ!" મુરાદેવીએ તે જ ક્ષણે ઉત્તર આપવા માંડયું. "આપણા આરંભેલા કાર્યમાં કોઇપણ પ્રકારનું વિઘ્ન તો નથી આવ્યું; કિન્તુ આવું રાજાની હત્યા કરવાનું કાર્ય ન કરાય તો વધારે સારું, એવો મારો પોતાનો જ મનોભાવ થએલો છે; અને એ જ કારણથી આટલી ઉતાવળથી મેં આપને બોલાવ્યા છે. આપણા વ્યૂહનો નાશ કરો, અને જો તેમ થવું શક્ય ન હોય, તો મહારાજ આજે રાજસભામાં ન જાય, એવી વ્યવસ્થા હું કરીશ. છતાં પણ જો તે જવાનો આગ્રહ જ કરશે, તો આ બધાં પાપો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હું તેમના સમક્ષ કબૂલ કરીશ અને તેમની ક્ષમા માગીશ. માટે ચંદ્રગુપ્તને લઈને આપ અહીંથી અત્યારેને અત્યારે ચાલ્યા જાઓ. નહિ તો કદાચિત્ આપના પ્રાણ પણ જોખમમાં આવી પડવાનો સંભવ થશે."

એ સાંભળીને ચાણક્ય હસ્યો અને કહેવા લાગ્યો કે, "મુરાદેવી! આપણા વ્યૂહને તોડી પાડવો એ તો ઠીક, પણ તે તોડવાની વેળા તેં ઘણી સારી બતાવી હો! મારા જેવા એક યજન યાજન અને પઠન પાઠન કરનારા બ્રાહ્મણને તેં વ્યર્થ આ જાળમાં ફસાવ્યો! તારી પ્રતિજ્ઞા પૂરી થાય, તેટલા માટે તો હું ચન્દ્રગુપ્તને અહીં લઈ આવ્યો, અને એને રાજ્ય મળવાની જ્યારે સઘળી તૈયારી થઈ ચૂકી, ત્યારે છેક છેલ્લે તું આમ બોલી; ઉઠી? આને તે શું કહેવું? ગાંડી! તું હવે પોતાના નિશ્ચયને ડગાવીને લાભ મેળવવાની આશા રાખે છે કે? ના ના........"

એ વાક્યો ઉચ્ચારતાં ચાણક્યનો અવાજ એટલો બધો મોટો થઈ ગયો કે મુરાદેવીને ખાસ તેને બોલતો અટકાવવાની ફરજ પડી. તે બોલી "વિપ્રવર્ય! જો આપ આમ સિંહ સમાન ગર્જના કરવા માંડશો, તો કાલે આવનારું સંકટ આજ જ આવીને ઊભું રહેશે. જો આપ અત્યારે મૌન્ય ધારી પાટલિપુત્ર છોડીને ચાલ્યા જશો, તો આપના પ્રાણ ઊગરશે; નહિ તો તેમ થવું સર્વથા અશક્ય છે. તમારા આ ભીષણ ધ્વનિથી મહારાજા જાગી ઉઠે અથવા તો તે બીજા કોઇના સાંભળવામાં આવે, તો આપની શી દશા થાય વારુ? હવે જો આપ વ્યર્થ વધારે ન બોલતાં ચંદ્રગુપ્તના અને પોતાના પ્રાણ બચાવવાનો પ્રયત્ન કરો તો વધારે સારું. મારો તો હવે દૃઢતમ નિશ્ચય થઈ ચૂકયો છે. ગમે તેમ કરીને મહારાજને રોકવાનો પ્રયત્ન કરીશ, અને નહિ તો આપણો બધો ભેદ—આ સઘળાં કારસ્થાનનો વૃત્તાંત સંભળાવીને તેમને સાવધ કરીશ—કોઇપણ પ્રકારે હું તેમનો ઘાત થવા દઈશ નહિ."

"તું તેનો ઘાત થવા દેવાની નથી અને પોતાના પેટના પુત્રનો તો ઘાત થવા દેવાની છે ને?" ચાણક્યે જરાક વધારે ઉગ્રતાથી કહ્યું.

"મારા પેટના પુત્રનો ઘાત? અને તે હું કરનારી? મારે પુત્ર જ કયાં છે? આપ શું બોલો છો?" મુરાદેવીએ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું. ચાણક્યના બોલવાના અર્થને તે સમજી શકી નહિ. એટલે ચાણક્ય પુનઃ તેને કહેવા લાગ્યો કે "મારા પુત્રનો ઘાત કર્યો છે, તેને હું શાસન કરીશ અને મને વૃષલી કહી છે, માટે મારા પિયરિયાંમાંથી જ કોઇને આ પાટલીપુત્રના સિંહાસન પર બેસાડીશ, એવી તેં પ્રતિજ્ઞા કરી હતી અને અત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોઉં છું તો તે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરીને તું પોતાના પુત્રનો ઘાત કરવાને તત્પર થએલી છે. એનો ભાવાર્થ શો હશે, તે તો પ્રભુ જાણે!"

"આર્ય ચાણુક્ય! આપના ચિત્તમાં ભ્રમ તો થયો નથી ને? મારા પુત્રની હત્યા કરવાને હું તત્પર થએલી છું, એમ આપ વારંવાર કહો છો, એનો અર્થ શો છે? હું ગર્ભવતી છું, એવી મેં ખોટી અફવા ઉડાવી છે, તેને આધારે તો આપ આમ નથી બોલતા ને? એટલે કે, રાજા સમક્ષ મારા અપરાધો હું કબૂલ કરીશ અને તેથી તે મને દેહાંતદંડની શિક્ષા આપશે—એ શિક્ષા થતાં જ મારા પેટમાંના પુત્રનો નાશ થશે, એવી તો આપની ધારણા નથી ને? પણ હું ગર્ભવતી જ નથી. જો એવો આપને ભ્રમ હોય, તો તેને દૂર કરી નાંખો." મુરાદેવીએ પોતાની કલ્પના લડાવી.

"દેવિ! મારા ચિત્તમાં તો ભ્રમ નથી થયો, પણ તું આજસૂધી ખરેખર ભ્રમમાં જ રહેલી છે. રાજાએ જો કે તારા પુત્રને મારી નાંખવાનો યત્ન કર્યો હતો, પણ તે સિદ્ધ થયો નથી. હવે તું પોતે જ તેના ઘાતની સર્વ તૈયારીઓ કરે છે, સમજી કે?"

ચાણુક્યનાં એ માર્મિક વચનો સાંભળીને મુરાદેવી આશ્ચર્યપૂર્ણ અને જાણે કે કાંઇક પૂછવા ઇચ્છતી હોયની! તેવી મુદ્રાથી તેને જોવા લાગી. પરંતુ તેના મુખમાંથી એક પણ શબ્દનો ઉચ્ચાર થઈ શક્યો નહિ. શું બોલવું, એની તેને સૂઝ ન પડી. ચાણુક્યને પણ એટલું જ જોઇતું હતું. તે તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો; "દેવિ! હવે હું તને વધારે વાર ભ્રમમાં રાખવા ઇચ્છતો નથી. તું જ એની જનની છે. તને તારા પુત્રની તે જ વેળાએ ઓળખ થવી જોઇતી હતી, પણ તે થઈ ન શકી, એ તારા વાત્સલ્યની કેટલી ન્યૂનતા? પણ હવે હું તેને લંબાવતો નથી. જો કે થોડા વખતપછી તો અમથો પણ હું એની ઓળખાણ આપવાનો જ હતો—પણ તેં આજે જ તેની આવશ્યકતા કરી આપી. દેવિ! તારો પુત્ર જીવતો છે........"

"મારો પુત્ર જીવતો છે?" મુરાદેવીએ એકાએક ઉત્કંઠાથી પૂછ્યું. તે પોતે ક્યાં છે અને શું કરે છે, એનું તેને ભાન રહ્યું નહિ. તે પોતાને સર્વથા ભૂલી ગઈ.

"હા—તારો પુત્ર જીવતો છે." ચાણુક્યે કિંચિત્ હસીને કહ્યું.

"આર્ય! આપ મારાથી વિનોદ તો કરતા નથી ને?" મુરાએ શંકા કરી.

"આ વેળા વિનોદની નથી, અને અત્યારસૂધીમાં મેં કોઈ જોડે વિનોદની વાર્ત્તા કરી નથી." ચાણુક્યે ગંભીર ભાવથી જણાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે શું મારા પુત્રનો તે વેળાએ ઘાત નથી થયો?" સુરાએ પૂછ્યું.

"ના; તે જીવતો છે, એમ સિદ્ધ કરી બતાવવા હું તૈયાર છું." ચાણુક્યે કહ્યું.

સુરાદેવી આશ્ચર્યથી સ્તબ્ધ બની ગઈ. જાણે ચાણુક્યનાં વચનોનું તેને જ્ઞાન જ થતું ન હોય, તેવો તેના મુખમંડળમાં ભાસ થવા લાગ્યો. તેણે એકાએક ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો કે, "વારુ ત્યારે તે અત્યારે ક્યાં છે?"

"પ્રસ્તુત પળે પાટલિપુત્રમાં છે અને તારા સાંનિધ્યમાં જ છે–તે જ તારો......"

"શું કહો છો? મારો પુત્ર મુઓ નથી? તે પાટલિપુત્રમાં છે? આર્ય ચાણુક્ય, મને આમ સંદેહમાં ન રાખો. જે કહેવાનું હોય તે સ્પષ્ટ કહી દ્યો." સુરાદેવી વચમાં જ બોલી ઊઠી.

"દેવિ! હવે વધારે સ્પષ્ટ તે શું કહું? તને હજી તર્ક નથી થતો?"

"જોકે મારા હૃદયમાં તર્ક તો થયો છે, પણ તે સત્ય હશે, અંની ખાતરી શી રીતે થાય?" સુરાએ ચાણુક્યને ઉત્તર આપ્યું.

"આપણો તર્ક ખરો કે ખોટો હોય તો તેની મનજ સાક્ષી આપેછે."

"અદ્યાપિ મારા મને તો એવી પ્રતીતિ આપી નથી." સુરાએ કહ્યું.

"યત્ન કર્યા વિના પ્રતીતિ કેવી રીતે થઇ શકે?" ચાણુક્ય બોલ્યો.

"ત્યારે શું ચન્દ્રગુપ્ત મારો પુત્ર છે? જેનો જન્મ થતાં જ મારો કારાગૃહમાં વાસ થયો હતો અને જેનો નાશ કરવાની મહારાજે આજ્ઞા આપી હતી, તે મારો પુત્ર અદ્યાપિ જીવતો છે? તે એ જ ચંદ્રગુપ્ત કે? આર્ય ચાણુક્ય! મને આપ બનાવતા તો નથી ને? હું તમારાં કારસ્થાનોમાં અનુકૂલ રહું, એવા હેતુથી તો આ કલ્પના કરવામાં નથી આવીને? એ ચન્દ્રગુપ્ત મારો પુત્ર? આશ્ચર્ય!" સુરાદેવીએ અત્યંત આશ્ચર્યથી કહ્યું.

"હા–હા–જો એને ધનાનન્દે મારાઓના હાથમાં સોંપ્યો ન હોત, તો આજે જે યૌવરાજ્ય સુખનો અનુભવ લેતો હોત, તે જ તારો પુત્ર એ ચન્દ્રગુપ્ત! સુરાદેવિ! તારા અને એના સ્વરૂપમાં રહેલા સામ્યને તું જોઈ નથી શકતી કે શું? એને જોતાં કોઈ દિવસે તારા હૃદયમાં પુત્રવાત્સલ્યનો ભાવ થાય છે ખરો કે નહિ? તેં પોતે જ એ વિષે મને પૂછ્યું હોત, પણ તને તેવો પ્રશ્ન પૂછવાનો પ્રસંગ ન આપવા માટે જ એને મેં તારા ભત્રીજા તરીકે ઓળખાવ્યો હતો. કારણ કે ભત્રીજો કહેવાથી તારા અને એના રૂપમાં આટલું બધું સામ્ય છે, તે વિષે કોઇને આશ્ચર્ય થવાનો સંભવ નહોતો; પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

મારા એ કથનથી તું પણ ભુલાવામાં પડી જઇશ, એવી મારી ધારણા હતી નહિ. તથાપિ જે દિવસે તું શંકા કરે, તે જ દિવસે એ સઘળો ભેદ તને જણાવવાનો મેં વિચાર કરી રાખ્યો હતો. પણ આજ સૂધી તેવો અવસર જ આવ્યો નહિ." ચાણક્યે ચાતુર્ય બતાવ્યું.

સુરાદેવી ચાણક્યનું એ ભાષણ ધ્યાનપૂર્વક સાંભળતી હતી કે નહિ, એની શંકા જ હતી. કારણકે, તેનું ચિત્ત ચાણક્યના બોલવામાં હોય, એમ દેખાતું નહોતું. "ચાણક્ય કહે છે, તે વાત ખરી હશે કે? ચન્દ્રગુપ્ત મારો પુત્ર હશે કે? કે આ વેળાએ હું ચાણક્યથી વિરુદ્ધ ન થાઉં, તેટલા માટે એણે આ યુક્તિ શોધી કાઢી હશે?" એવી એવી અનેક શંકાઓ તેના મનમાં આવવા લાગી. તેથી તેણે એકાએક ચાણક્યને કહ્યું કે, "આપ એને મારો પુત્ર કહોછો, પણ તેની સત્યતા માટે આપ પાસે આધાર શો છે?"

"આધાર? તારા અને એના સ્વરૂપમાં રહેલું સામ્ય!" ઉત્તર મળ્યું.

"એ આધાર તે દૃઢ આધાર કહેવાય નહિ. એથી પણ વધારે પ્રબળ જો બીજો કોઈ આધાર હોય તો બતાવો." સુરાદેવીએ પુનઃ શંકા કાઢી.

"સુરાદેવી! એવા આધારો જાણવાની આ વેળા છે કે?"

"વેળા ગમે તેવી હોય, પણ મારા મનની સ્થિતિ અત્યારે ચમત્કારિક થઈ ગઈ છે; એટલે આધાર જાણવા ન માગું તો શું કરું?" સુરાદેવીએ પોતાનો મનોભાવ જણાવ્યો.

"તને આધાર જોઇતો જ હોય, તો આ શું છે તે જો. એ વસ્તુ એ નવા જન્મેલા બાળકના મણિબંધમાં હતી. એ બાળકને હિમાલયના એક અરણ્યમાં નાંખી દેવામાં આવ્યો હતો અને ત્યાંના ગોવાળીઆઓને એ એક દિવસે ચાંદરણી રાત્રે ત્યાંથી મળી આવ્યો હતો. ભગવાન્ ચંદ્રમાએ જ પોતાનાં શીત કિરણોવડે એનું સંરક્ષણ કર્યું હતું. એ કારણથી તે ગોવાળિયાઓએ એનું ચન્દ્રગુપ્ત એવું નામ પાડ્યું."

એમ કહીને આર્ય ચાણક્યે તે રક્ષાબંધન સુરાદેવીને આપ્યું. તેને જોતાં જ અંધકારમાં સબડતા પડેલા મનુષ્યને એકાએક દીપકનો પ્રકાશ દેખાતાં જ તેની આંખે અંધારાં આવવા માંડે છે, તેવી જ સુરાદેવીની પણ દશા થઈ ગઈ. સંશય-અંધકારમાં ઘેરાયલી સુરાદેવીને એ રક્ષાબંધન એક ઉજ્જવલ દીપક સમાન દેખાવા લાગ્યું. આશ્ચર્ય, હર્ષ અને કિંચિત ઉદ્વેગ એ ત્રણ વિકારોની પ્રબળતાથી તે નિઃસ્તબ્ધ બની ગઈ. એવી રીતે કેટલોક સમય નીકળી ગયો. એને થોડીકવાર શાંતિમાં જ બેસી રહેવા દેવાનું શ્રેયસ્કર જાણીને ચાણક્ય પણ ચુપ બેસી રહ્યો. થોડીવાર- પછી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરાદેવી કહેવા લાગી કે, "આર્ય, ચન્દ્રગુપ્ત મારો પુત્ર છે, એમ આપે કહ્યું છે, ત્યારથી........"

"એમાં આપે કહ્યું, એમ હવે શા માટે બોલે છે? હવે તો તારી ખાત્રી થઈ ને?" ચાણક્યે તેને વચમાં જ બોલતી અટકાવીને કહ્યું.

"આપ કહો છો તેમ જ સહી. પણ એ બીના જાણતાં જ મારા મનની કાંઇક વિચિત્ર સ્થિતિ થઈ ગઈ છે. હવે હું શું કરું? મહારાજને જવા દઉં? તેનો ઘાત થવા દઉં? શું–હવે હું કરું શું? બાઈ! મને તો કાંઈ પણ સૂઝતું નથી." મુરાદેવીએ એ શબ્દો ઉચ્ચારીને સ્ત્રીજાતિની સ્વાભાવિક નિર્બળતાનું દર્શન કરાવ્યું.

"એમાં સૂઝવું તે શું હતું? જો તારા મનમાં તારા પુત્રને રાજ્ય અપાવવાની ઇચ્છા હોય, તો ગુપચુપ બેસી રહે અને તારા પુત્રનો તે વેળાએ ઘાત ન થયો તે અત્યારે કરાવવો હોય, તો ભલે આ બધી વાત જઇને રાજાને કહી દે. તું મને એને લઇને ન્હાસી જવાનું કહે છે તો ખરી, પણ હું કાંઈ એમ જવાનો નથી. એને હું નંદના સિંહાસનપર બેસાડીશ, અથવા તો મારા પ્રાણનું બલિદાન આપીશ, એવી મારી પ્રતિજ્ઞા છે. મારો વ્યૂહ સિદ્ધ થાય, તો જ મારી પ્રતિજ્ઞા સિદ્ધ થવાનો સંભવ છે. જો તારી આ ભયભીતતાથી મારો વ્યૂહ ધસી પડશે, તો રાજા અવશ્ય મારો જીવ લેશે, તેમ જ ચન્દ્રગુપ્તનો પણ ઘાત કરશે. મારે મન તો બન્ને વાતો સરખી જ છે. પ્રતિજ્ઞા સિદ્ધ ન થાય તો પ્રાણ આપવાનો મારો નિશ્ચય છે–અર્થાત્ રાજા મારા પ્રાણ લેશે, એટલે એ નિશ્ચય પૂરો થશે. સંભાળ માત્ર તારે તારા પુત્રના પ્રાણરક્ષણ માટે રાખવાની છે. હવે તને જે માર્ગ યોગ્ય લાગે, તેમાં વિચર. ગમે તો પુત્રનો ઘાત કરાવ ને ગમે તો તેને રાજ્યાસન અપાવ. જો તું મૌન્ય ધારી બેસી રહીશ તો એને રાજ્ય મળ્યું જ સમજવું અને વાત ફૂટી તો એના પ્રાણ ગયા જ સમજવા. હવે તારે જે કાંઈ પણ કરવું હોય તે શાંતિથી કર. હું હવે અહીં વધારેવાર રોકાઈ શકું તેમ નથી. મારી વેળા નકામી જાય છે." એમ કહીને ચાણક્ય ખરેખર ચાલ્યો ગયો.

"હવે મારાં વચનોનું એના હૃદયમાં સારું પરિણામ થવાનું જ. હવે રાજ્યલોભથી નહિ, તો પુત્રના પ્રાણલોભથી તો એ અવસ્ય સ્વસ્થ રહેવાની જ." એવો ચાણક્યનો દૃઢ નિશ્ચય થઈ ગયો હતો અને તેથી જ તે તત્કાળ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ચાણક્ય નિશ્ચિંત થયો અને મુરાદેવીના મનમાં પ્રબળ ચિન્તાએ વાસ કર્યો. "ચંદ્રગુપ્ત મારો પુત્ર છે અને તેને તત્કાળ રાજ્યલાભ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થશે, પણ પતિના પ્રાણ જશે. જો પતિના પ્રાણ બચાવવાનો પ્રયત્ન કરવો હોય, તો તેને આ બધું સાફ સાફ કહીને તેની દયા પર જ આધાર રાખવો જોઇએ. હવે એ વિના બીજો કોઈ પણ માર્ગ નથી. જો રાજાને અહીંથી ન જવા દેવાનો મારો યત્ન સફળ થાય, તો તો ઘણું જ સારું; પણ જો નિષ્ફળ થાય તો પછી શું કરવું?" એવા એવા અનેક વિચારો તેના મનમાં આવવા લાગ્યા–તે ઉન્માદિની બની ગઈ. તેનું મન ત્રિવિધ થઈ ગયું. એક એક પ્રકારનો ઉપદેશ કરે, બીજું બીજા જ પ્રકારનો ઉપદેશ આપે અને ત્રીજું મન ત્રીજી જ જાતનો માર્ગ બતાવે, એવી સ્થિતિ થઈ. હવે શો ઉપાય કરવો, એના વિચારમાં જ તે હતી, એટલામાં રાજા ધનાનન્દ જાગૃત થયો અને તેણે સુરાદેવીને સાદ કર્યો.

રાજા ધનાનન્દ ઘણો વખત–એક પ્રહર દિવસ વીતી જતાં સુધી સૂતેલો હતો. રાત્રે મોડે સુધી જાગરણ કરેલું હોવા છતાં પણ સુરાદેવી વહેલી વહેલી ઊઠી ગઈ, એ જોઇને રાજાને ઘણું જ આશ્ચર્ય થયું. આશ્ચર્યથી તે તેને કહેવા લાગ્યો કે, "હું આજે સભામાં જવાનો છું, તેથી તને નિદ્રા આવી નથી, એમ જ લાગે છે. તારી હજી એવી જ ધારણા છે કે હું અહીંથી એકવાર ગયો એટલે પાછો આવીશ નહિ? તું તો ગાંડી જ રહી ગઈ! પણ હું પાછો આવીને તારી એ ગાંડાઇને ભૂલાવી દઇશ."

"ના–ના મહારાજ! આપ આજે જશો નહિ–જવું હોય તો આવતી કાલે ભલે પધારજો." સુરાદેવીએ ન જવાનો આગ્રહ કર્યો.

"આવતી કાલે જવાથી શું વધારે થવાનું છે? અને આજે શું ઓછું છે? તારા સંશયો વ્યર્થ છે. તું હવે મારા ગમનની તૈયારી કરવા માંડ. હું તો આજે જવાનો જ. રાક્ષસે સઘળી તૈયારી કરી રાખી હશે અને તે હમણાં જ મને બોલાવવાને આવી પહોંચશે." રાજા ધનાનન્દે પોતાનો હઠ પકડી રાખ્યો.

"પણ પ્રાણનાથ! આજે મારું ડાબું નેત્ર ઘણું જ ફરકયા કરે છે–તેથી મારા મનમાં ભીતિ થયા કરે છે." સુરાએ પાછી યુક્તિ કાઢી.

"તારી ભીતિ સંધ્યાકાળે જતી રહેશે. હું પાછો આવ્યો, એટલે તારી એ ભીતિ ગઈ જ જાણવી." રાજા વિનોદમાં જ બોલ્યો.

સુરાદેવીની મુખમુદ્રા એકાએક મ્લાન થઈ ગઈ. તેના મુખમાંથી એક પણ શબ્દ નીકળી શકયો નહિ. ભય અને આશ્ચર્યના મિશ્રિત ભાવથી તે એક ધ્યાનથી રાજાના શરીરનું સૂક્ષ્મ અવલોકન કરવા લાગી. રાજા પણ હસતો હસતો તેના ચંદ્રસમાન મુખને વિનોદથી જોતો બેસી રહ્યો.

—※※※—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૬ મું.
## પતિ કે પુત્ર?

રાજાને નિશ્ચય ફેરવવા અને તેને આજે રાજસભામાં જતો અટકાવવા માટેના સુરાદેવીના બધા પ્રયત્નો નિષ્ફળ થયા. રાજા ધનાનન્દે તેનું કાંઈ પણ સાંભળ્યું નહિ. તેણે તો પોતાનો હઠ પકડી જ રાખ્યો તેણે કહ્યું, "આજે તારું કાંઈ પણ ન માનવાનો મેં નિશ્ચય કરેલો છે. હાલ તો તને પ્રહર દોઢ પ્રહર જરાક માઠું લાગશે; કારણ કે, મને પાછો આવવામાં એટલો સમય તો થવાનો જ. પણ જ્યારે હું પાછો આવી પહોંચીશ, એટલે તારી આવી શંકાઓનો સદાને માટે ઉચ્છેદ થઈ જશે. ખાસ એ જ હેતુથી આજે મેં જવાનો પાકો વિચાર કર્યો છે. આજે તારી વિનતિ કે આજંવતાને હું લક્ષમાં લેવાનો નથી જ. તારી આજ્ઞાનો હું ભંગ કરીશ જ—માટે હવે તારે કાંઈ પણ વધારે બોલવું નહિ. મારા જવાની તૈયારી કર. જો તને અહીં ન જ ગમે, તો તું પણ ચાલ મારી સાથે–તું પણ એક હાથીપર બેસી જા—ચાલ. એથી જો મને ભમાવવાનો કોઈ પ્રયત્ન કરશે, તો તું પાસે હોવાથી મને પાછો તારે ત્યાં લઈ આવી શકીશ. કેમ, છે કે આવવાની ઇચ્છા? જો આવવું હોય, તો તારા માટેની હું વ્યવસ્થા કરાવું." રાજા ધનાનંદ એવી રીતે કાંઇક વિનોદ અને કાંઇક સત્યતાના મિશ્રભાવથી બોલતો હતો; પરંતુ એ સઘળા ભાષણથી સુરાદેવી માત્ર એક વિષયનો દઢતાથી નિર્ણય કરી શકી કે, "રાજા કોઈ પણ રીતે મારા કહેવા પ્રમાણે અત્યારે ચાલે તેમ નથી. પોતાનો રાજસભામાં જવાનો નિશ્ચય એ ફેરવશે નહિ જ." રાજા જો કે કાંઇક વિનોદથી બોલતો હતો, પણ તેનું તેવા જ વિનોદથી પ્રત્યુત્તર આપી શકે, તેવી સુરાદેવીના મનની સ્થિતિ હતી નહિ. તેનું મન સર્વથા ગભરાઈ અકળાઈ ગયું હતું; એ નવેસરથી કહેવાની કાંઈ પણ અગત્ય નથી. "હું જો આ વેળાએ સ્વસ્થતા ધારી બેસી રહીશ, તો મારા પુત્રને રાજ્ય પણ મળશે અને મારી પ્રતિજ્ઞા પણ ખરી થશે. પરંતુ પતિની હત્યાનું મહાપાતક લાગવાથી મારો ચિરકાલ રૌરવ નરકમાં નિવાસ થશે. અર્થાત્ પુત્રને રાજ્યાસને વિરાજેલો જોઇને જે આનંદ થાય, તેને બદલે પ્રત્યેક પળે પતિનું સ્વરૂપ નેત્રો સમક્ષ આવીને ઉભું રહેવાથી શોકનો જ વિશેષ આવિર્ભાવ થશે. પતિહત્યાના પાતકથી મન સર્વદા ઉદ્વિગ્ન જ રહ્યા કરશે. માટે એમ તો ન જ કરવું–સ્વસ્થતાથી બેસી ન જ રહેવું. જે જે કારસ્થાનો મ આજ સુધીમાં કર્યાં છે અને જે જે વ્યૂહોની રચના કરી છે, તેમનો બધો ભેદ પતિને જણાવી દેવો. પછી મારું જે થવાનું હશે તે થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી પણ તે જો કાંઈ શિક્ષા કરશે તો હું આનંદથી સહન કરીશ. વધારેમાં વધારે એ શું કરશે? વળી પણ મને કારાગૃહમાં નાંખશે, એટલું જ કે નહિ? કારાગૃહમાં રહેવાની તો હવે મને ટેવ જ પડી ગએલી છે. એથી વધારે કરશે, તો મારો વધ કરાવશે! પણ ના—મને કારાગૃહમાં નાંખવાથી કે મારી નખાવવાથી જ એ વિષયની સમાપ્તિ થશે નહિ—એ ખરેખરો વિચારવા જેવો વિષય છે. જેનો જન્મતાં જ ઘાત કરવામાં આવ્યો હતો, એવી ધારણાથી મેં જેનું વૈર વાળવા પ્રતિજ્ઞા કરી હતી, તે મારો પુત્ર આજે આટઆટલાં વર્ષ પછી મારી દૃષ્ટિએ પડ્યો છે અને તેને રાજ્ય મળવાની પણ સર્વ તૈયારીઓ થઈ ચૂકી છે, તે મારા બાળકનું શું થશે? આજ સૂધી નાના પ્રકારનાં કાવત્રાં રચીને અંતે અણીના અવસરે હું તેના પ્રયત્નને માટીમાં મેળવું છું, એમ જોઇને આર્ય ચાણક્ય બધી બીના જાહેર કરી નાંખશે, અને એમ થયું એટલે રાજા અવશ્ય ચન્દ્રગુપ્તને પણ ઠાર કરશે જ. આ પુત્ર આપનો નથી, એમ કહીને જેને મારી નાંખવા માટે મારાઓના હાથમાં આપ્યો હતો, તે તે વેળાએ બચી ગયો હતો—એથી જુઓ કે આપનાપર આજે કેવું સંકટ આવ્યું તે? એ જ પુત્ર રાજ્ય લેવા માટે આપના પ્રાણહરણનો પ્રયત્ન આદરી બેઠો છે, ઇત્યાદિ વાતો કરીને મારાં પ્રતિપક્ષી જનો રાજાને ઉશ્કેર્યા વિના રહેવાના નથી જ અને એવાં ભાષણોથી એકવાર રાજા ચીડાયા, એટલે કોપના આવેશમાં તે શું કરશે અને શું નહિ, એનો નિયમ નથી. ચન્દ્રગુપ્ત પોતાનો પુત્ર છે, એવો વિચાર માત્ર પણ તેના મનમાં આવશે નહિ. કદાચિત્ તેને ઊભો ને ઊભો બાળી પણ નાંખે! ત્યારે હવે અનિષ્ટના નિવારણનો શો ઉપાય કરવો? શું મારે જ મારા પુત્રનો ઘાત કરવો? અને તેને રીબાઇ રીબાઇને મરતો આ નેત્રોથી જોવો? ના—ના-એમ તો બને જ નહિ. ત્યારે બચાવવો કોને? પતિને કે પુત્રને? બન્ને બચી જાય તો કેવું સારું થાય? મારો પુત્ર જીવતો છે, એ મારા જાણવામાં આવી ગયું છે, એટલે હવે પછી સુમાલ્યને બદલે એને જ સિંહાસન અપાવવા માટે પાછળથી જોઇએ તેટલી ખટપટો કરી શકાશે. જો આજનો પતિહત્યાનો પ્રસંગ પણ ટળી જાય અને પુત્રના જીવની પણ હાનિ ન થાય, તો આગળ ઉપર મહારાજાનું મન તો ગમે તેમ કરીને પણ વાળી શકાય તેમ છે. કોઈ પણ રીતે ચન્દ્રગુપ્તને પાટલિપુત્રનો રાજા બનાવી શકાશે. પરંતુ ખાસ એટલા માટે જ રાજાનો ઘાત કરવાની કશી પણ આવશ્યકતા નથી. અરે રે! હું કેવી ગાંડી કે એ કારસ્થાની બ્રાહ્મણના કપટ-જાળમાં ફસી પડી! પોતાનું દુષ્ટ કાર્ય સાધી લેવા માટે એણે મને પોતાના હાથમાં લીધી અને હું પણ તેની સાથે કપટસમુદ્રમાં વહેતી ચાલી! હવે જો હું સ્વસ્થ નહિ બેસું અને તેના સઘળા પ્રયત્નો હું નષ્ટ કરવા બેઠી છું, એવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને શંકા પણ આવશે, તો તે પોતે પોતાના જીવપર ઉદાર થઇને મારા જીવપર પણ તરાપ મારશે અને સાથે વળી મારા આટલાં વર્ષો પછી મળેલા બાળકના પ્રાણની પણ હાનિ કરી નાંખશે. એ બ્રાહ્મણ છે, માટે ધનાનંદ કદાચિત્ એની હત્યા કરશે નહિ; પરંતુ પોતાના પિતા પાસેથી રાજ્ય છીનવી લેવાના હેતુથી પિતાની હત્યા કરવાને તત્પર થએલા પુત્રને કદાપિ કોઇએ ક્ષમા આપવાનું નથી. ત્યારે હવે ? પુત્રનો શિરચ્છેદ થવા દેવો ? ના–નાત્યારે કરવું કેમ ? પતિની હત્યા થવાનું મનમાં આવતાં જ મારા મનમાં કોણ જાણે શુંય થઈ જાય છે ! જો પતિને મરતો બચાવું છું તો પુત્ર મરે છે. એ પણ કેમ જોઇ શકાય ? હવે એ બન્ને ઉગરે અને ભેદ સંતાયલો જ રહી જાય, એવો તે શો ઉપાય યોજવો ? ઉપાય કોઈ નથી. સ્વસ્થ બેસી રહેવું. પણ સ્વસ્થ પણ કેમ બેસી શકાય ? સ્વસ્થ બેઠી કે પતિ મુઓ જ ! તે ન મરે તેટલા માટે તો હું તલપી રહેલી છું, ત્યારે તેમ ન થાય તો લાભ શો ?" એવા વિચારો તેના મનમાં એક પછી એક આવતા જતા હતા. એ વિચારો ચાલતા હતા અને સાથે તે મહારાજાની સેવા પણ કરતી જતી હતી. પરંતુ તે સેવા ભ્રાંત ચિત્તથી થતી હતી. રાજા તેના ચિત્તભ્રમને તત્કાળ ઓળખી ગયો; પરંતુ " એની ના છતાં આપણે જવાનો નિશ્ચય કર્યો છે, તેથી જ એના મનની આવી સ્થિતિ થએલી છે. હું એક વાર જઇને પાછો આવીશ, એટલે એનો આ બધો ભ્રમ ચાલ્યો જશે અને એને દ્વિગુણિત ઉલ્લાસ થશે. માટે પાછા આવવા સૂધી મારે એક પણ શબ્દ બોલવો ન જોઇએ." એવી ધારણાથી રાજા એ સંબંધી કાંઈ પણ બોલ્યો નહિ. તેણે તો પોતાના ગમનની તૈયારીઓ કરવા માંડી સ્નાન સંધ્યા આદિ કર્મોની સમાપ્તિ થઈ અને ઉપાહાર પણ લેવાયો. એટલા સમયમાં વળી પણ મુરાદેવીએ વિચાર કર્યો કે" મારે એકવાર હજી પણ અંતની વિનતિ કરવી જોઇએ અને રાજાને જતો અટકાવવો જોઇએ. નહિ તો પછી જે થાય તે ખરું. પણ એને બધો ભેદ તો કહી સંભળાવવો, મારનાર કે તારનાર પરમેશ્વર છે, તેનાપર આધાર રાખીને સ્વસ્થ બેસવું, એ જ સારું છે. હું મને મારા પુત્રને અને આર્ય ચાણક્યને પણ ક્ષમા આપવાની પ્રાર્થના કરીશ. પછી તે ક્ષમા આપે તોપણ ઠીક અને ન આપે તોપણ ઠીક." એવો નિશ્ચય કરી નેત્રોમાં અશ્રુ લાવીને તેણે હાથ જોડ્યા અને અત્યંત નમાણું મોઢું કરીને મહારાજને પુનઃ એકવાર અંતિમ વિનતિ કરતાં કહ્યું કે, "ગમે તેમ થાય તો પણ આજે આપ જશો નહિ." પરંતુ રાજાએ પણ પોતાની દઢતામાં કાયમ રહીને જણાવ્યું કે, "એ વિશે હવે તારો ઉપદેશ હું સાંભળવાનો નથી." એમ કહીને રાજા પોતાનાં વસ્ત્રાલં-

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

કારો ધારણ કરવાના કાર્યમાં રોકાયો. એ સર્વ કાર્ય થઈ રહ્યું, તે વેળાએ એક પ્રહર દિવસ ચઢી ગયો હતો. મુરાદેવી સર્વથા હતાશ-નિરાશ થઈ ગઈ, તેથી પોતાના દ્વિતીય નિશ્ચયને પાર પાડવાનો-કારસ્થાનનો બધો ભેદ મહારાજને જણાવી દેવાનો વિચાર કરીને ધનાનન્દના ચરણોમાં દંડ પ્રમાણે પડી ગઈ અને કહેવા લાગી કે, "મહારાજ! આપ મારું કાંઈ પણ સાંભળતા નથી, ત્યારે હવે એકવાર મને મારા પા..............."

પરંતુ તેનો એ નિશ્ચય સિદ્ધ થાય, એમ નિર્માયલું જ નહોતું. એટલે કે તે એ પ્રમાણે વાક્યો ઉચ્ચારતી હતી, એટલામાં તો "મહારાજાનો જયજયકાર હો!" એવો એકાએક દશ મનુષ્યોએ ઉચ્ચારેલો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. એકદમ આવી રીતે દશ મનુષ્યોનો ધ્વનિ ક્યાંથી આવ્યો, એમ ધારીને તે જેવી ઊંચું મુખ કરીને જોવા લાગી, કે ત્વરિત જ એકથી એક નાના એવા નવ કુમારો અને અમાત્ય રાક્ષસ એવી રીતે દશ માનવીઓ રાજાનો જયજયકાર કરતા ઉભા રહેલા તેના જોવામાં આવ્યા. એ નવ કુમારોમાં સુમાલ્ય તથા પોતાના પુત્ર ચંદ્રગુપ્તને પણ તેણે ઉભેલા જોયા. ચન્દ્રગુપ્તને પોતાના પુત્ર તરીકે જાણવા પછીની તેની સાથેની આ પહેલી જ મુલાકાત હતી અર્થાત્ તેને જોતાં જ તેના મનમાં પાછો મોહ ઉત્પન્ન થયો. તેનું તેજસ્વી સ્વરૂપ જોતાં જ મુરાદેવીનું ચિત્ત તત્કાલ તેના પ્રતિ આકર્ષાયું. તેના અને પોતાના સ્વરૂપમાંના સામ્યનું મનમાં પ્રતિબિમ્બ પડતાં જ "એ ખરેખર મારો જ પુત્ર છે." એવો તેનો નિશ્ચય થઈ ગયો. અને તેથી "એને મરી ગએલો જાણવા છતાં પણ આટલા દિવસ એના માટે પ્રેમ થતો હતો; ત્યારે એને જીવતો જોયા પછી એને રાજ્ય મળવાના કાર્યમાં હું આડી આવું છું, એ મારી કેટલી બધી મૂર્ખતા!" એવો પણ તેનો વિચાર થયો. સુમાલ્યને જોતાં જ તેના વિશેનો દ્વેષ તેના હૃદયમાં નવીનતાથી જાગૃત થયો. "જેવી રીતે આનું પાલન પોષણ કર્યું; તેવી જ રીતે જો મારા પુત્રનું પણ પાલન પોષણ કરવામાં આવ્યું હોત અને આ અમાત્ય રાક્ષસની ભંભેરણીને અસત્ય માનીએને મારી નાંખવા માટે આ ધનાનન્દ રાજા ઉદ્યુક્ત થયો ન હોત, તો આજે આવો અશુભ પ્રસંગ આવ્યો જ ન હોત!! પરંતુ હવે જ્યારે એ પ્રસંગ આવ્યો જ છે-અરે પરમેશ્વરે જ એ પ્રસંગ આણ્યો છે; તો તેથી આ મૂર્ખ રાજાનો નાશ થાય અને મારા પુત્ર ચન્દ્રગુપ્તને રાજ્ય મળે, એવી જ પરમેશ્વરની ધારણા હોય, એમ દેખાય છે. એટલે મારે હવે એ કાર્યમાં વચ્ચે આવવું ન જોઇએ." એવી રીતે તેનો નિશ્ચય ડગી ગયો. સુમાલ્ય અને અમાત્ય રાક્ષસ જો એક ક્ષણ માત્ર મોડા આવ્યા હોત, તો મુરાદેવીએ પોતાનાં બધાં પાપો રાજાને જણાવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીધાં હોત; પરંતુ તેમને જોતાં જ તે બન્ને વિશેનો દ્વેષ તેના મનમાં પાછો જાગૃત થયો અને ચક્ર એકાએક ફરી ગયું. પોતે મહારાજનાં ચરણમાં પડેલી હતી અને એ સર્વ આવી પહોંચ્યા, એ માટે પણ હવે તેને સંતાપ થવા માંડ્યો. તે એકદમ ઊઠીને દૂર જઈ ઊભી રહી અને રાજાને ઉદ્દેશીને કહેવા લાગી કે, "આર્યપુત્ર! આ મંડળ આપને બોલાવવા માટે આવેલું છે, માટે હવે હું જાઉં છું. આપ સુખેથી જાઓ, રાજકાર્ય કરો અને પાછા આવો." એમ કહીને તે ત્યાંથી ચાલી ગઈ, જતાં જતાં તેણે એકવાર પોતાના પુત્રના મુખનું પ્રેમદૃષ્ટિથી અવલોકન કર્યું.

રાજાના ગમનની સઘળી તૈયારી થઈ ચૂકી. સવારી નીકળવાનો સર્વ સમારંભ નીચે મુરાદેવીના મંદિર સામો જ કરવામાં આવ્યો હતો. રાજાનો બેસવાનો હાથી અંબાડી સુદ્ધાં તૈયાર હતો. રાજા નીચે જઈ તે હાથીપરની અંબાડીમાં બેઠો. તેના આગળના ભાગમાં ઢોલ, તાસાં આદિ અનેક રણવાદ્યો અને ભેરી શૃંગ આદિ સમારંભવાદ્યો એકદમ વાગવા લાગ્યાં. ધ્વજાઓ હવામાં ફર ફર ધ્વનિ કરતી ઉડતી હતી. રાજાના હાથીની જમણી બાજૂએ તેનો યુવરાજ એક હાથીપર બેઠેલો હતો અને ડાબી બાજૂએ અમાત્યરાજ હસ્તીના પૃષ્ઠભાગે આરૂઢ થઇને ચાલતો જોવામાં આવતો હતો. રાજાના બીજા સાત પુત્રો અશ્વારૂઢ થઇને ચાલતા હતા. માત્ર ચન્દ્રગુપ્ત એકલો જ વાદ્ય વગાડનારાઓની પાછળ અને રાજાના હાથીની આગળ ચાલ્યો જતો હતો. એવા ઠાઠમાઠથી સ્વારી ચાલતી હતી. અમાત્ય રાક્ષસના મનમાં ઘણો જ આનંદ થતો હોય, એમ તેની પ્રફુલ્લ મુખમુદ્રાથી અનુમાન કરી શકાતું હતું. નાગરિકોની ભીડ ન થાય, તેટલા માટે સૈન્યમાંના કેટલાક લોકો રાજા અને રાજપુત્રોના હાથીઓની આગળ પાછળ રહી તેમને બીજા લોકોથી કેટલાક અંતરપર રાખતા હતા.

મુરાદેવીનું મંદિર રાજમહાલયથી દૂર હતું. તેને કારાગૃહમાં નાંખવામાં આવી, ત્યારથી તે એ જ મંદિરમાં રહેતી હતી અને બંધનમુક્ત થયા પછી પણ આગ્રહ કરીને તેણે એ જ મંદિરમાં રહેવાનું પસંદ કર્યું હતું. ઉપર લખ્યા પ્રમાણે મોટા ઠાઠમાઠથી એ સમારંભ રાજગૃહ પ્રતિ ચાલ્યો જતો હતો. માર્ગમાં સ્થળે સ્થળે પ્રજાજનોએ તોરણો–મંડપો–ઉભાં કર્યાં હતાં અને તે તોરણો તળેથી રાજાની સવારી ચાલી જતી હતી. માર્ગમાં બન્ને બાજૂએ આવેલાં ગૃહોની બારીઓમાંથી રાજા અને રાજપુત્રોપર એક સરખી પુષ્પવૃષ્ટિ થતી હતી. જાણે કે ઘણાં વર્ષો પછી જ રાજાની સવારી નવેસરથી જ પાટલિપુત્રમાં નીકળી હોય અને તેથી જ લોકો આવો ઉત્સવ કરતા હોયની એવો સર્વત્ર આદર્શ થઈ રહ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવા સમારંભની સવારી ચાલી જતી હતી, એટલામાં સામેથી એક ઘોડેસ્વાર ઘણા જ વેગથી પોતાના ઘોડાને દોડાવતો ત્યાં આવી લાગ્યો. એ કોણ છે અને આટલા બધા વેગથી શામાટે આવ્યો છે, એની હજી લોકો ચોકસી કરતા હતા, એટલામાં તે ઘોડેસ્વાર રાક્ષસના હાથી પાસે જઇને પોતાના હાથમાંના ભાલાની અણીપર એક પત્રિકા ટાંચીને તે અમાત્યને આપી. એમાં શું હશે, તે જાણવા માટે રાક્ષસે તે પત્રિકા લીધી અને વાંચી જોઈ. વાંચતાંજ તેનું મોઢું એકદમ ઊતરી ગયું. એટલું સારું થયું કે, રાજાનું ધ્યાન એ વેળાએ તેની તરફ હતું નહિ. તેણે પોતાના હાથીને રાજાના હાથીની જોડમાં લઇને ધામેથી રાજાને કહ્યું કે, "મહારાજ! આટલી વાર હું આપ સાથે ચાલ્યો, માટે હવે જૂદા જ માર્ગથી મને આગળ રાજસભામાં જવાની આજ્ઞા મળવી જોઇએ; એટલે ત્યાં જઇને આદર માટેની જે તૈયારી કરવી હોય, તે મારાથી કરી શકાય."

એટલું કહી રાજાની અનુમતિ મળી કે નહિ, તેની વાટ ન જોતાં તેણે પોતાના હાથીને બીજા માર્ગમાં વાળ્યો. રાજાએ પણ તે તરફ વિશેષ લક્ષ આપ્યું નહિ-કિંવા તેનું લક્ષ તે તરફ દોરાયું જ નહિ, એમ કહીએ તોપણ ચાલે. તેનું સર્વસ્વ ધ્યાન પોતાપર પુષ્પવૃષ્ટિ કરનારી યુવતીઓમાં જ પરોવાયલું હતું. ધીમેધીમે આખી સવારી ચાણક્યે રાજગૃહના દ્વાર પાસે જે વિવક્ષિત સ્થાન તળે પોચી જમીન કરી રાખી હતી, ત્યાં આવી પહોંચી. ચન્દ્રગુપ્ત થોડીક વાર આણી બાજૂ ઊભો રહ્યો. જે સ્થાનેથી જવામાં કાંઈ ભય જેવું નહોતું ત્યાંથી નીકળી જવાને તેણે પૂર્વ સંકેત પ્રમાણે પોતાના અશ્વને જરાક વાંકો વાળ્યો.

રાજાની સવારી પોતાના મંદિરમાંથી નીકળી જવા પછી પાછો મુરાદેવીની ચિત્તવૃત્તિમાં ફેરફાર થઈ ગયો. પુનઃ "પતિ કે પુત્ર?" એ પ્રશ્ન તેના હૃદયને દુઃખ દેવા લાગ્યો. "મારા પુત્રને રાજ્યપ્રાપ્તિ થાય તેટલા માટે હું પતિની હત્યા થવા દઉં છું, એ મારી અત્યંત નીચતા છે. પોતાના સૌભાગ્યને પોતાના હસ્તે જ નષ્ટ કરીને પુત્રના મસ્તકે રાજમુકુટ જોવાની હું ઇચ્છા રાખું છું, તે યોગ્ય નથી. આ અત્યંત નિંદ્ય કાર્ય છે. આર્યાવર્ત્તમાં અતઃ પૂર્વ મારાજેવી દુષ્ટા બીજી કોઈ પણ સ્ત્રી જન્મી નહિ હોય અને હવે પછી જન્મશે પણ નહિ! હજી-હજી પણ હું શિબિકા (પાલખી) માં બેસી એ સવારીમાં પહોંચીને રાજાને જાગૃત કરી શકું તેમ છે. હજી પણ રાજાના પ્રાણનું હું રક્ષણ કરી શકીશ. આ વાત સુમતિકાને કહીશ, તો તે કદાચિત્ માનશે નહિ,' માટે વૃન્દમાલાને જ બોલાવું." એવો વિચાર કરીને તેણે વૃન્દમાલાને બોલાવી અને તેને પોતામાટે એક શિબિકા તૈયાર કરાવવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ્ઞા આપી. "મુરાદેવી અત્યારે ક્યાં જવાની હશે!" એવા વિચારથી વૃન્દમાલા ક્ષણમાત્ર ત્યાંની ત્યાં જ તટસ્થ બની ઊભી રહી; એટલે મુરાદેવી ઝટ તેના શરીરપર ધસી આવીને કહેવા લાગી કે, "શું મારા હાથે પતિ-હત્યા કરાવવાનો તમારો બધાનો જ નિશ્ચય થએલો છે કે શું? જા-જા-જો એક ક્ષણનો પણ વિલંબ કરીશ, તો મહારાજ મુઆ જ જાણજે. હા-થોડી જ વારમાં સર્વત્ર અંધકાર છવાઈ જશે, જા-દોડ-વાયુવેગે ધા-"

રાણીનાં એ વચનોથી બિચારી વૃન્દમાલા તો કાવરી બાવરી જ બની ગઈ, અને ગાંડા માણસ પ્રમાણે એકદમ દોડી, તેણે બની શકી તેટલી ઉતાવળ કરી અને શિબિકા લાવી આપી; પરંતુ એ અલ્પ સમય પણ મુરાદેવીને યુગ સમાન ભાસવાથી તે લણી જ કોપાઈ ગઈ. છેવટે શિબિકામાં બેસીને તેના વાહકો (ભોઇઓ) ને "મહારાજાની સવારીમાં જલદી મને લઇ ચાલો." એવી તેણે આજ્ઞા આપી. ભોઇઓ પોતાના પગોમાં જેટલી શકિત હતી, તેટલી શીઘ્રતાથી ચાલવા લાગ્યા; છતાં પણ અંદરથી મુરાદેવીના "જલ્દી ચાલો-પગ ઉપાડો." એવા પોકારો ચાલુ જ હતા. સવારી પાસે આવતાં જ અત્યંત વિલક્ષણ હાહાકારનો ગગનભેદક ધ્વનિ મુરાદેવીના સાંભળવામાં આવ્યો. તે મૂર્છિત થઈ ગઈ!

## પ્રકરણ ૨૭ મું.

### આત્મબલિદાન.

આ હાહાકાર એ વેળાએ મુરાદેવીને કલ્પાંતના હાહાકાર સમાન ભાસ્યો. તેના મનમાં એવી પૂરેપૂરી આશા હતી કે, "બરાબર અણીના અવસરે પહોંચીને હું મારા પતિના જીવનનું અને મારા સૌભાગ્યનું રક્ષણ કરી શકીશ." પરંતુ એ હાહાકાર સાંભળતાં જ તેની એ આશા નષ્ટ થઈ ગઈ. "મારા હાથે જ મેં મારું સૌભાગ્ય ફોડી નાંખ્યું. જે વેળાએ ખરેખર સર્વનું રક્ષણ થઈ શકયું હોત, અને જે કાંઈ કરવું તે મારા હાથમાં હતું, તે વેળાએ મેં કાંઈ પણ કર્યું નહિ, અને વેળા વીતી ગયા પછી દોડી આવી, એટલે શું થાય? જે થવાનું હતું તે થઈ ગયું. જો અનિષ્ટ થવા ન પામ્યું હોત, તો આવો હાહાકાર થયો હોત નહિ-થઈ ચૂકયું-મારા સર્વસ્વનો નાશ થયો!" આવા વિચારોથી તે ગાંડી બની ગઈ અને હવે આગળ વધવું, પાછાં ફરવું કે પોતે પણ આત્મહત્યા કરીને મરી જવું, એ વિશે તેના મનનો નિશ્ચય થયો નહિ. એટલામાં તે શિબિકા જરા વધારે આગળ વધી અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકાએક " અમાત્ય રાક્ષસનો જયકાર ! અમાત્ય રાક્ષસનો જયકાર!!" એવા શબ્દો મુરાદેવીના સાંભળવામાં આવ્યા. એ શબ્દો સાંભળીને મુરાદેવીને ઘણું જ આશ્ચર્ય થયું, તેથી તે હવે વિશેષ ધ્યાનથી એ શબ્દો સાંભળવા લાગી. પુનઃ એ જ "અમાત્ય રાક્ષસનો જયજયકાર હો!" નો ધ્વનિ સાભળતાં જ મુરાના મનમાં આશ્ચર્યને સ્થાને આનંદની છટા દેખાવા લાગી. એ આનંદના ઉભરામાં જ તે પોતાના મનને કહેવા લાગી કે, "ત્યારે એ દુષ્ટ ચાણક્યની સઘળી યુક્તિઓ અને કપટવ્યૂહોને જાણી લઈને અમાત્ય રાક્ષસે પોતાનો જયજયકાર થાય, એવું વર્ત્તન કર્યું ખરું! એણે મહારાજાનો જીવ બચાવ્યો! ધન્ય, અમાત્ય રાક્ષસ! તને ધન્ય!! તારું જીવન આજે સફળ થયું; હું કેવી પાપિની? જેણે પ્રત્યક્ષ મારું પાણિગ્રહણ કર્યું, તે પતિનો દ્વેષ કરીને હું તેનો જીવ લેવાને તત્પર થઈ! અરેરે! આ સમસ્ત આર્યાવર્ત્તમાં જે દુષ્કૃત્ય કોઇએ પણ કર્યું નહિ હોય, તે મેં કરી બતાવ્યું! પરંતુ તેમાંથી પણ તેં મહારાજાને બચાવી લીધા ને ચાણક્યના કપટને તોડી નાંખ્યું, તે માટે તને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો જ છે. હવે મારા કુકર્મ માટે હું પોતે જ પ્રાયશ્ચિત્ત લઉંછું—અર્થાત દેહત્યાગ વિના હવે બીજું પ્રાયશ્ચિત્ત મારા માટે નથી! ત્યારે હવે મારે આગળ શા માટે વધવું જોઇએ? અહીં જ મારા પાપી પ્રાણનું વિસર્જન કરું, એટલે પોતાની મેળે જ મારો ન્યાય થઈ જશે! રાક્ષસે મહારાજાના અને બીજા જનોના પ્રાણનું અવસ્ય રક્ષણ કર્યું હશે, તેથી જ તેના નામનો આટલો બધો જયજયકાર વર્ત્તી રહ્યો છે. નહિ તો તેનો આવો જયજયકાર શા કારણથી થાય વારુ? દુષ્ટ ચાણક્યના કપટનાટકનો ભેદ પ્રકટ થઈ ગયો હશે, અને એ ચાંડાલ હવે સારી રીતે સકંજામાં સપડાયો હશે. એને જો શિક્ષા થાય--મહારાજ જો એને વધ કરાવે, તો તેથી બ્રહ્મહત્યાનું પાતક લાગવાને બદલે એક અત્યંત કષ્ટ બ્રાહ્મણરૂપધારી દૈત્યનો નાશ કરવાનું પુણ્ય ફળ જ મળે. એ કદાચિત્ મારું નામ લેશે, છોને લેતો—મારે પણ કયાં જીવવું છે! એ પાપીના મોહકારક ભાષણથી મોહાઇને હું મારા પતિના નાશમાટે પ્રયત્ન કરવાને તૈયાર થઈ અને તે જ પળે મહા પાતકી તો થઈ ચૂકી—અર્થાત્ તે જ વેળાએ મારે આત્મબલિદાન આપવું જોઇતું હતું. પરંતુ મારાં પાપોનો ઘડો તે સમયે પૂરો ભરાયો નહોતો—તે હવે ભરાઈ ચૂકયો છે. હવે એનું પ્રાયશ્ચિત્ત મળી જાય, એટલે એના સર્વાંશનો નાશ થઈ જાય." એવા નાના પ્રકારના વિચારો તેના મનમાં ઘણા જ થોડા સમયમાં આવી ગયા. એ વિચારોના વર્ણનમાં અહીં જેટલો અવકાશ લાગ્યો છે, તેના સોમા ભાગ જેટલો પણ અવકાશ એ વિચારો આવવામાં લાગ્યો નહોતો. મુરાદેવીના ઉતાવળના પોકારો બંધ થવાથી શિબિકાને ઉપાડીને ચાલનારા ભોઇઓ પણ ધીમા ધીમા ચાલતા હતા. પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કિંચિત્ આગળ વધતાં જ મહાન્ કોલાહલ અને અમાત્ય રાક્ષસનો જયજયકાર એ શબ્દો સાંભળતાં જ એ હાહાકાર શાનો હશે ? અને અત્યારે અમાત્ય રાક્ષસનો જયજયકાર શા માટે ? એ જાણવાની તેમના મનમાં સ્વાભાવિક જિજ્ઞાસા ઉત્પન્ન થતાં તેઓ પોતાનો ભાર ઉપાડીને વાયુવેગે ચપળતાથી પ્રયાણ કરવા લાગ્યા.

જરાક આગળ ચાલતાં મહાન્ હાહાકાર કરતા અને સામેથી ન્હાસી છૂટેલા લોકો તેમના જોવામાં આવ્યા અને તેઓ આવી આવીને તેમનાપર પડવા લાગ્યા. એથી પાલખી પણ જમીનપર પટકાઈ પડી હોત, પણ એ ભોઇયે ઘણા જ હુશિયાર હોવાથી તેમણે તેમ થવા દીધું નહિ. તેમણે પાલખી નીચે મૂકી દીધી અને તેની ચારે બાજૂએ ઊભા રહીને તેઓ રક્ષા કરવા લાગ્યા. કારણકે, હવે કોઇપણ રીતે તેમનાથી આગળ વધી શકાય તેમ હતું નહિ. મનુષ્યોનાં ટોળે ટોળાં તેમના અંગપર ધસી આવતાં હતાં. એ મનુષ્યસમૂહના કોલાહલથી સુરાદેવી પોતાના વિચારભ્રમણમાંથી એકાએક શુદ્ધિમાં આવી અને ભોઇઓને પાલખી નીચે શામાટે રાખી, એમ તે પૂછવાના વિચારમાં હતી, એટલામાં એક ભોઈ તેની પાસે આવીને તેને કહેવા લાગ્યો કે, "દેવી! હવે શિબિકાને અહીંથી આગળ લઈ જવી, એ સર્વથા અશક્ય છે. ભયંકર મહાસાગર પ્રમાણે ક્ષુબ્ધ થએલો આ જનસમુદાય મહાસાગરનાં મોજાં પ્રમાણે આપણા અંગપર ધસી આવે છે. આ કોલાહલનું કારણ પૂછતાં કોઇપણ સંતોષકારક ઉત્તર આપતું નથી. કોઈ રાક્ષસને શાપ આપે છે, તો કોઈ "આ કેવો ભયંકર સંહાર?" શબ્દો ઉચ્ચારે છે. એનું સત્ય તત્ત્વ શું છે, તે સમજી શકાતું નથી. શિબિકા સહિત આગળ વધવાની સગવડ નથી. જો આપની આજ્ઞા હોય, તો હું આગળ જઇને આ કોલાહલની ખબર કાઢી આવું?" "રાક્ષસને શાપ આપે છે." અને "આ કેવો ભયંકર સંહાર!" એ બે ઉદ્ગારો સાંભળતાં સુરાદેવી પાછી ભયભીત થઈ ગઈ. "લોકો ભયંકર સંહારના ઉદ્ગાર કાઢે છે, તેથી ચાણક્યના કાવત્રા પ્રમાણે સંહાર થએલો હોવો જ જોઇએ. ત્યારે રાક્ષસનો જયજયકાર સંભળાયો, તેનો હેતુ શો હશે? હું કાંઈ પણ સમજી શકતી નથી." એમ વિચારીને તેણે તે ભોઇને આજ્ઞા આપી કે, "જા ને જઇને જોઈ આવ કે શું થયું છે તે? આ શિબિકોને અહીં જ રહેવા દે-તારા સોબતીઓ મારું રક્ષણ કરશે. જા દોડતો." ભોઇ તો ત્યાંથી ચાલતો થયો, પણ સુરાદેવીના ઉદ્વિગ્ન મનમાં શાંતિનો વાસ થયો નહિ. તે ઘણી જ અધીરી બની ગઈ હતી. તે ભોઈ ત્યાંથી આસરે પચાસેક પગલાં અથવા વધારે તો સો પગલાં જેટલો દૂર ગયો હશે, એટલામાં તો તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જલ્દી પાછો કેમ ન આવ્યો, એવી ચિન્તાથી તેણે બીજા ભોઇને "એ હજી કેમ આવ્યો નહિ? તું જઇને તેની તપાસ કર અને ત્યાં શી ગડબડ છે તે પણ જોઈ આવ." એમ કહીને પહેલા ભોઇની પાછળ જવાની આજ્ઞા કરી. એના ઉત્તરમાં તેણે જણાવ્યું કે, "દેવી! તે ઘણો જ ઉતાવળે ચાલનારો માણસ છે. હમણાં જ આવી પહોંચશે. માટે આપે તેની ચિન્તા કરવી નહિ." પરંતુ એ વાત કાંઈ મુરાદેવીના ધ્યાનમાં ઉતરી નહિ. તેથી તે વળી પણ કહેવા લાગી, "ભલે–તે આવતો હોય, તો પણ તું જા. મારું કહ્યું માન." એટલે તે નિરુપાય થયો અને બાકીના બે ભોઇયોને "હવે તમે બે જણ જ છો, માટે દેવીની સંભાળ રાખજો. જુઓ જરા પણ અસાવધ થશો નહિ." એવી ભલામણ આપીને પોતાના પ્રથમ સાથીની પાછળ કોલાહલનું કારણ જાણવાને ત્યાંથી ચાલ્યો ગયો.

મુરાદેવીના મનની ચંચળતા અને અધીરતા આ વેળાએ એટલી બધી વધી ગઈ હતી કે, તેને પોતાના કરવાનું કે બોલવાનું પણ ભાન રહ્યું નહોતું, થોડીક વાર પછી પાછી તે પોતાના સંરક્ષક બે ભોઇઓને કહેવા લાગી કે, "કોઈ આવ્યું કે? હવે જો એમાંથી એક પણ ઉતાવળે આવશે નહિ, તો હું પોતે જ ત્યાં જઇશ. તમે બન્ને મારી બન્ને બાજૂએ રહી મને આ ભીડમાંથી લઈ ચાલો એટલે થયું. જો કોઈ આવતું હોય, તો જુઓ, નહિ તો હું ઉતરું છું, ચાલો." એમ કહેતી કે ખરેખર જ તે પોતાની શિબિકામાંથી નીચે ઊતરી અને ભોઈઓને પોતાને આગળ લઈ જવાનો આગ્રહ કરવા લાગી.

"મહારાણી! આપ વ્યર્થ આવી પીડામાં ન પડો. રાજમહાલયમાં કેવળ મૃદુ પુષ્પોની શય્યામાંથી ઊઠીને સ્ફટિકની પૃથ્વીપર ચાલનારાં આપ ક્યાં અને આ ભયંકર ઝંઝાવાતથી ક્ષુબ્ધ થએલા મહાસાગરનાં મોજાંના વેગે આવનારો જનસમુદાય ક્યાં? આપ આ સમુદાયમાં અને કઠિન ભૂમિપર કેવી રીતે ચાલી શકશો વારુ? ત્યાં શું થયું છે, તે જાણવા તો દ્યો–પછી જે કરવાનું હોય તે કરજો." તે ભોઇએ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી.

પરંતુ મુરાદેવીએ એમાંનું કશું પણ ધ્યાનમાં લીધું નહિ. "હું એથી પણ વિશેષ ભયંકર જનસમુદાયમાંથી નીકળી જવાને શક્તિમતી છું." એમ કહીને તે બહાર નીકળી પડી. તેના મનમાં જે જે ભયંકર વિચારોનું વહન થતું હતું, તેનું વર્ણન કરવામાં હવે વધારે વેળા ખોવાની કાંઈ પણ આવશ્યકતા નથી. સૂર્યાસ્ત સમયે ક્ષિતિજ સમક્ષ રહેલાં વાદળાંપર અસ્તમાન થનારા સૂર્યનાં કિરણોનું પતન થતાં જેવી રીતે તે આકાશ ભાગના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રંગો ક્ષણે ક્ષણે બદલાતા જાય છે; તેવી જ રીતે આ વેળાએ અનેક વિધ વિકારોથી તેના મનના રંગો બદલાતા જતા હતા અને તે મહા ઉત્સુકતાથી માર્ગને કાપતી જતી હતી. ભોઇઓ તેને સંભાળવાનો પોતાથી બનતો પ્રયત્ન કરતા હતા, તોપણ વચવચમાંથી લોકોનો વધારે ધસારો થતાં તેને ત્રાસ તો થતો જ હતો. જો બીજી કોઈ વેળાએ સુરાદેવી નગરના કોઈ માર્ગમાંથી આવી રીતે ચાલી હોત, તો લોકોએ પોતાની મેળે જ દૂર ખસી ખસીને તેને ચાલવાનો માર્ગ આપ્યો હોત; પરંતુ અત્યારે પ્રસંગ એવો બન્યો હતો કે, તેથી સમસ્ત પ્રજાજનો સર્વથા અંધ જ બની ગયા હતા. તેમના મુખમાંથી દુઃખ, ઉદ્વેગ અને નિરાશાના અનેક ઉદ્‌ગારો નીકળતા સાંભળવામાં આવતા હતા. જાણે તેઓ ભયંકર આદર્શવાળી ભૂમિથી જેટલી ઉતાવળે અને જેટલું દૂર જઈ શકાય તેટલું સારું, એવી જ ભાવનાથી ભાગતા હોયની! એવો તેમના ગભરાટનો ભાવ હતો. એવા ભયના સમયે બીજાના માન અને મહત્ત્વનું ભાન તે કયાંથી રહી શકે વારુ? તેમ જ સુરાદેવી આ વેળાએ મોટા ઠાઠ-માઠથી કે નોકર ચાકરોના સાથને સાથે લઇને પણ નીકળી નહોતી, એટલે એ રાણી છે, એમ જાણવું પણ અશક્ય હતું. એ જ તેના ત્રાસનું એક મોટું કારણ હતું.

ચાલતાં ચાલતાં તે એક એવા સ્થાને આવી પહોંચી કે જ્યાં લોકોની ઘણી જ ભીડ જામેલી હતી. એટલે તેના બન્ને પરિચારકોએ તેને વિનતિ કરી કે, " મહારાજ્ઞિ! હવે અહીંથી એક ડગલું પણ આગળ વધી શકાય તેમ નથી. માટે આપ પાછાં ચાલો. એ વિના હવે બીજો ઉપાય જ નથી." પરંતુ ચાલતાં ચાલતાં માર્ગમાં તેણે લોકોના જે ઉદ્‌ગારો સાંભળ્યા હતા, તેના આધારે ત્યાં શું થએલું હોવું જોઇએ, એનું તે અનુમાન કરી શકી હતી. તે તર્ક પ્રમાણે જ જો બધું બની ગયું હોય તો પોતે પણ ત્યાં જ પ્રાણ અર્પવાનો તેણે નિશ્ચય કર્યો. એ હેતુથી તે બન્ને પરિચારકોને ઇનામો આપવાની મોટી લાલચ દેખાડીને તેણે પ્રાર્થના કરી કે, "મને આ જન-સમુદાયને પેલે છેડે લઈ ચાલો-જ્યાં એ ભયંકર ઘટના બનેલી છે, તે સ્થાનપર્યન્ત મને કોઈ પણ જોખમે પહોંચાડો. હું તમને ઘણું જ સારું ઇનામ આપીશ. મારા કામમાં જરા પણ ખામી કરશો નહિ." રાણીના એવા આગ્રહથી અને તેમની પોતાની જિજ્ઞાસા પણ જાગૃત થએલી હતી, તેથી સુરાદેવીને તે સ્થળે પહોંચાડવાની તેમણે હિંમત કરી. બન્ને જણ રાણીની બન્ને બાજૂએ ચાલવા લાગ્યા અને પોતાના હાથની કોણીઓથી લોકોને હટાવી હટાવીને નિર્વિઘ્ને રાણીને ઠેઠ રાજમહાલયના દ્વાર પાસે લાવીને તેમણે ઊભી રાખી. ત્યાં જે ભયંકર દેખાવ તેના જોવામાં આવ્યો,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનું યથાર્થ રીતે વર્ણન થવું સર્વથા અશકય છે. એક મોટો ખાડો હતો અને તેમાં કેટલાંક મડદાં પડેલાં હતાં. તે ખાડામાં લોહીની નદી વહી ચાલી હતી. ખાડાની આસપાસ સૈન્યમાંના કેટલાક સૈનિકોનો પહેરો ઉભો હતો અને તેઓ ત્યાં એકઠા થએલા લોકોને મારી મારીને દૂર હટાવવાનો પ્રયત્ન કરતા જોવામાં આવતા હતા. એ ખાડામાં મનુષ્યોનાં શબો પડેલાં જોઇને મુરાદેવીનું અંતઃકરણ ખેદથી ફાટફાટ થવા લાગ્યું અને તેના સર્વાંગમાં કંપનો આવિર્ભાવ થઈ ગયો. પોતે દઢતાથી ત્યાં ઉભી રહી શકશે કે નહિ, એની તેને શંકા થવા લાગી–તેનું મસ્તક એકાએક ફરવા લાગ્યું. એટલામાં તેની પાસે કોક આવ્યું અને તેણે કાનમાં એટલું જ કહ્યું કે, " આવા ભયંકર આદર્શોના અવલોકનમાટે અબળાઓએ આવવું જોઈએ નહિ. દેવિ ! તું ઘણી જ દુષ્ટ અને પાષાણહૃદયની સ્ત્રી હોય એમ દેખાય છે ! આવા સંહાર કરવાના વ્યૂહ રચવાથી તારા મનનું સમાધાન થયું નહિ, કે વળી પોતાના વ્યૂહની સિદ્ધતા જોવા માટે ખાસ અહીં આવી? ચિન્તા નહિ. સુખેથી જો અને તારાં નેત્રોને સંતોષ આપ. જો–તારી ઇચ્છા અનુસાર બધું થઈ ચૂકયું છે! એમાં વળી ખૂબી તો એ છે કે, આ બધો પ્રપંચ અમાત્ય રાક્ષસનો જ છે, એવું જ બધાનું માનવું થઈ ગયું છે. આ બનાવટી જમીનપર મહારાજાનો હાથી પગ મૂકવાની તૈયારીમાં હતો, એટલામાં રાક્ષસે જે અહીંથી સટકી જવાનો પ્રયત્ન કર્યો, તે ઘણો જ ઉપયોગી થઈ પડ્યો એથી લોકોનો તેનામાં પૂરેપૂરો સંશય થયો. હવે તું અહીં ક્ષણ માત્ર પણ ઊભી રહીશ નહિ. હું પણ ચાલ્યો જાઉંછું."

મુરાદેવી જો કે અવગુંઠનવતી (બુર્ખાથી ઢાંકેલી) હતી, તોપણ ચાણકયે તેને તત્કાળ ઓળખી લીધી. એ ત્યાં આવશે જ, એવો તેણે તો પ્રથમથી જ તર્ક કર્યો હતો અને તેથી જ તેણે તત્કાળ તેને ઓળખી હતી. તેને ઓળખતાં જ ત્યાં એકઠા થએલા લોકોને દૂર હટાવવાનો પહેરેગીરોને હુકમ કરીને તે તેની પાસે ગયો અને ઉપર કહ્યા પ્રમાણેના વચનો તેણે તેના કાનમાં કહ્યાં. ચાણકયનો સાદ મુરાદેવીએ ઓળખ્યો અને તેથી તેને ઘણો જ સંતાપ થયો. તે કોપથી લાલચોળ બની ગઈ. એ કોપને બિલ્કુલ શમાવી ન શકવાથી તેના અંગપર ધસી જઇને તે તેને કહેવા લાગી કે, "દુષ્ટ! આજ સુધીમાં કોઈ પણ આર્ય અબળાએ જે પાતકનો વિચાર માત્ર પણ કર્યો નથી, તે પાતક તેં આજે મારા હાથે કરાવ્યું. હવે મારું અને મારા પુત્રનું ગમે તે થાય, તેની મને દરકાર નથી; પણ ખરી વાત શું છે, તે હું મોટેથી આ બધા મનુષ્યોને કહી સંભળાવું છું અને હું પોતે પણ આ ખાડામાં પડીને મારા આત્માનું બલિદાન આપું છું. એ જ મારી શિક્ષા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને એ જ મારું પ્રાયશ્ચિત્ત. લોકોને ખરી બીનાની ખબર પડી, એટલે તને અને તેં જેને પોતાના આશ્રયમાં લીધો છે તે મારા પુત્રને, પણ યોગ્ય શાસન તેઓ આપશે જ. એ શાસન મળ્યું એટલે મારા જેવી એક ચાંડાલિનીના ઉદરમાંથી જન્મ લેવાના તેના પાતકનું ક્ષાલન થઈ જશે."

એટલું કહીને તેણે પોતાના મુખપરથી બુર્ખાને કાઢી નાંખ્યો. એ ક્ષણે તેની મુખમુદ્રા કોઇ ક્રૂર દેવતા સમાન દેખાતી હતી. તે એકાએક કર્કશ સ્વર કાઢીને કહેવા લાગી કે, "લોકો! સાંભળો! આ અત્યંત ભયંકર સંહાર અમાત્ય રાક્ષસના પ્રપંચથી થએલો............"

પરંતુ આર્ય ચાણક્યે સંકેત સૂચન કરવાથી કહો કે પહેરેગીરોને જ એથી કાંઇક ભય થયું હોય તેથી કહો, એક પહેરેગીર તેને પાછળ હટાવવા માટે તેના શરીરપર ધસી ગયો. તે પાછળ પણ હટી નહિ અને તેનું કાંઈ તેણે સાંભળ્યું પણ નહિ. એટલામાં તેણે એમ જોયું કે, "ચાણક્યે ઇશારત કરવાથી બે ચાર ભિલ્લો મને અહીંથી ઉપાડી જવામાટે ભીડમાંથી મારા અંગપર ધસી આવે છે. જો એ લોકો મને પકડીને ક્યાંક લઈ જશે, તો પાછી હું મોહમાં ફસાઈ પડીશ. ચાણક્ય સમક્ષ મારી ચતુરતા કશી પણ ચાલવાની નથી. એના કરતાં મારા પાતકનું ક્ષાલન કરવા માટે આ ખાડામાં ઝોકાવી પ્રાણ અર્પણ કરવા, એ જ વધારે સારું છે. એ જ ખરું પ્રાયશ્ચિત્ત." એવો વિચાર કરીને તે ઠેઠ ખાડાના મોઢાપર જઇને ઉભી રહી અને "દુષ્ટ ચાણક્ય! આ પાતકના પ્રભાવથી તું જન્મો જન્મ દૈત્ય થઇશ. હું તો પ્રાણ આપીને સતી થાઉં છું–પ્રણામ." એમ કહીને તેણે તે જ ક્ષણે તે ઊંડા ખાડામાં ભૂસ્કો માર્યો–તે અદૃશ્ય થઈ ગઈ.

ખાડો ઘણો જ ઊંડો હતો અને તેમાં ઉપરથી જે કોઈ પણ પડે, તેને યમધામમાં મોકલી આપવા માટે ચાણક્યે ભિલ્લોને તૈયાર રાખ્યા હતા. પરંતુ મુરાદેવીને મારી નાંખવાનો કોઇને પણ શ્રમ લેવો પડ્યો નહિ. તેના દેહાંત પ્રાયશ્ચિત્તના નિશ્ચયને પરમેશ્વરે જ પાર પાડી દીધો–પડતાં જ તેના પ્રાણ પ્રયાણ કરી ગયા.

એ હાહાકાર થવાના થોડો વખત પહેલાં જ અમાત્ય રાક્ષસ એકાએક બીજે સ્થળે ચાલ્યો ગયો હતો, એ તો વાચકો જાણી ચૂક્યા છે. તેને જે ચિઠ્ઠી આપવામાં આવી હતી, તેમાં માત્ર એટલું જ લખેલું હતું કે, "આપ તો આ સમારંભમાં ગુંથાયા છો, પણ પાટલિપુત્રને પર્વતેશ્વરે ઘેરો ઘાલ્યો છે તેનો શો ઉપાય કરવો?" એ પત્રિકા વાંચતાં જ "આ શો ગોટાળો છે, તે જોવો જ જોઇએ. મહારાજાની સવારી નીકળી છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે તો સભાગૃહમાં પહોંચવાની જ." એવો સાહજિક વિચાર કરીને તે ત્યાંથી "પર્વતેશ્વર ક્યારે આવ્યો અને કેમ આવ્યો ?" એ વિષયના શોધમાટે ત્યાંથી ચાલતો થયો. રાક્ષસના ગમનને પા કે અર્ધ ઘટિકા થઈ હશે, એટલામાં રાજગૃહના દ્વાર પાસે બાંધેલા તોરણના તળીયાના ભાગમાં અને ચંદનદાસના ઘરમાંથી ખોદવાની શરુઆત કરીને તૈયાર કરેલા ખાડાના મુખપાસે સવારી આવી પહોંચી. બે હાથીઓ સહિત સઘળા નંદો તે ખાડામાં ગર્ક થઈ ગયા. ત્યાં ચાણક્યે પહેલાંથી જ તૈયાર રાખેલા ભિલ્લે તે નવે નંદોને પોતાની તલવારોથી કાપી નાંખ્યા; અને ત્યાર પછી ચાણક્યે શીખવી રાખ્યું હતું તે પ્રમાણે "અમાત્ય રાક્ષસનો જયજયકાર હો !" એવા પોકારો કર્યા. ખાડાના મુખપર પણ બીજા ભિલ્લો ઊભા હતા, તેમણે પણ તે જયજયકારનો પ્રતિધ્વનિ કર્યો. અર્થાત્ આ સઘળું કાવત્રું અમાત્ય રાક્ષસનું જ કરેલું હોવું જોઇએ અને પોતે કશું જાણતો જ નથી, એમ દેખાડવાને જ તે અહીંથી છટકી ગયો, એવો લોકોનો એથી નિશ્ચય બંધાઈ ગયો. જે લોકો એમ જાણતા હતા કે, અમાત્ય રાક્ષસે જ રાજાને સુરાદેવીના મંદિરમાંથી બહાર કાઢ્યો હતો, તેમને તો એવો દૃઢતમ નિશ્ચય થઈ ગયો કે, રાજાના ઘાતનું અને રાજકુલના ઘાતનું આ કાળું કાવત્રું રાક્ષસે જ રચેલું હોવું જોઇએ. એવો લોકોનો વિચાર બંધાય, એટલા માટે જ અણીને સમયે પત્રિકા પાઠવીને ચાણક્યે રાક્ષસને દૂર કરવાની યુક્તિ રચી હતી અને નંદવંશનો ઉચ્છેદ કરનારા ભિલ્લોને રાક્ષસનો જયજયકાર કરવાની સૂચના આપી દીધી હતી. પરંતુ રાક્ષસને શિરે એ વૃથા દોષનો આરોપ કરવાથી ચાણક્યનું બધું કામ પારપડે તેમ હતું નહિ; જે જરૂરનું કાર્ય સાધવાનું હતું, તે તો હજી બાકી જ હતું. તે એ કે, રાક્ષસે પર્વતેશ્વરને પાટલિપુત્રનું રાજ્ય આપવા માટે નંદવંશનો ઘાત કરાવ્યો અને પવતેશ્વરદ્વારા પાટલિપુત્રને તે જ સમયે ઘેરો નખાવ્યો; પરંતુ એ અરિષ્ટને ટાળવા માટે ચંદ્રગુપ્તે જીવ જતાં સુધી યત્ન કર્યો. નન્દવંશના ઇતર પુરુષો–નવેનવ નન્દો મરણ શરણ થયા, તોપણ તેણે નન્દવંશની પ્રતિષ્ઠા જાળવી રાખી. તેણે પર્વતેશ્વરને પરાજિત કર્યો અને પાટલિપુત્રનું રક્ષણ કર્યું; એવો લોકોનો ભાવ થઈ જાય, એવા હેતુથી ચાણક્યે પોતાના ભિલ્લોની એક બીજી ટોળીને શસ્ત્રાસ્ત્રથી સજાડી તૈયાર રાખી હતી. તેમને તેણે એમ કહી રાખ્યું હતું કે, "ખાડામાં પડેલાં મનુષ્યોનો સંહાર થઈ રહે, એટલે પછી 'કુમાર ચન્દ્રગુપ્તનો જયજયકાર હો !' એવો પોકાર કરીને તમારે ખાડામાં કૂદી પડવું અને અંદરના બેચાર ભિલ્લોને જખ્મી કરી નાંખવા. તેમ કેટલાકોને નસાડી પણ દેવા." એથી લોકોમાં એવી અફવા ફેલાવવાનો તેનો મનોભાવ હતો કે, આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેળાએ ચન્દ્રગુપ્તે લજ્જા રાખી, નહિ તો રાક્ષસના કાવત્રાંથી આખા પાટલિપુત્રનો સંહાર થઈ ગયો હોત. અને એવી અફ્વા ફેલાઈ એટલે કાર્યસિદ્ધિમાં શું બાકી રહ્યું? કાંઈપણ નહિ.

ચાણક્યનો એ હેતુ કેવી રીતે સિદ્ધ થયો. તે હવે પછી જણાશે.

## પ્રકરણ ૨૮ મું.

### પર્વતેશ્વર પકડાયો.

પર્વતેશ્વરને રાક્ષસનું–એટલે રાક્ષસની મુદ્રાવાળું પત્ર મળ્યું, ત્યારથી તે સર્વથા આનન્દમાં લીન થઈ ગયો હતો. ગ્રીક યવનોના બાદશાહ સિકંદરે હિંદુસ્તાનપર ચઢાઇઓ કરીને જે રાજાને પાદાક્રાન્ત કર્યો હતો અને ત્યારપછી પોતાના એક માંડલિક તરીકે તેના જૂના રાજ્યની સત્તા તેને પાછી આપી હતી, તે જ એ પર્વતેશ્વર હતો. એવા બીજા પણ પદભ્રષ્ટ રાજાઓ હતા, પણ સર્વમાં મુખ્ય પર્વતેશ્વર જ હતો. એ કારણથી પાટલિપુત્રના નન્દ રાજાઓ એનો ઘણો જ દ્વેષ કરતા હતા. મ્લેચ્છોનો–યવનોનો એ માંડલિક હતો, તેમજ વળી તેની સેનામાં મ્લેચ્છ અને યવન ઇત્યાદિ જાતિના લોકો પણ હતા, એથી પર્વતેશ્વરને પણ નન્દરાજા મ્લેચ્છ જ માનતા હતા. એ સર્વ રાજાઓ મ્લેચ્છોના માંડલિક થયા, પરંતુ પોતે અદ્યાપિ સ્વતંત્ર રહીને આર્યોનું આર્યત્વ અને શ્રેષ્ઠત્વ રાખી શકયા હતા, તેથી તેમને ઘણું જ અભિમાન હતું. નન્દરાજાના એ અભિમાનનું પરિણામ એવું થયું કે, પર્વતેશ્વર જેવા રાજાઓ તેમનો દ્વેષ કરવા લાગ્યા. તેમને એમની ઘણી જ અદેખાઈ આવવા માંડી. કોઈ પણ પ્રસંગ મળે, એટલે એ નન્દોનાં પોતાના આર્યત્વ માટેના અહંકારને ઉતારી નાંખવો જોઇએ, એવી તેમના હૃદયમાં આકાંક્ષા ઉત્પન્ન થઈ. એવી દશા હોય અને તેવામાં અમાત્ય રાક્ષસ જેવો મનુષ્ય રાજદ્રોહી અને સ્વામિદ્રોહી થાય તો શત્રુઓને પછી બીજું શું જોઇએ વારુ? પર્વતેશ્વરનો આનંદ ગગનમાં પણ માતો નહોતો. તેણે રાક્ષસને કાંઇક ઉત્તર મોકલ્યું, પુનઃ તેનું ઉત્તર આવ્યું અને અંતે પાછું એક પત્ર આવ્યું, તેમાં તો સ્પષ્ટ લખેલું હતું કે, “ અમુક દિવસે અને અમુક વેળાએ જો આપ પોતાના થોડા સૈન્ય સાથે પધારીને પાટલિપુત્રને ઘેરો નાંખશો, એટલે થઇ ચૂકેયું. વધારે સૈન્ય લાવવાની કાંઈ પણ આવશ્યકતા નથી. આપ મગધની સીમામાં આવશો, એટલે લોકો ગભરાશે, માટે તેમને એમ કહેવું કે, અમે રાજા ધનાનંદના આમંત્રણથી ચાર દિવસ પાટલિપુત્રમાં અતિથિ થવાને જઇએ છીએ. જો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમારી સાથે સૈન્ય થોડું હશે ને માગધી પ્રજાને કાંઈ પણ ઉપદ્રવ નહિ કરે, તો લોકો મૌન્ય ધારી બેસી રહેશે. અર્થાત્ એથી હોહા થવા નહિ પામે ને કાર્ય સિદ્ધ થઈ જશે. અહીં તો મારી સર્વ સેના તૈયાર જ છે; સેનાપતિ ભાગુરાયણ પૂર્ણ રીતે આપણા પક્ષમાં છે–તેથી આવતાં જ આપ પાટલિપુત્રના રાજ્યાસનને પોતાના કબ્જામાં લઈ શકો, એવી સર્વ વ્યવસ્થા કરી રાખી છે. નન્દોનો વંશવૃક્ષ સમૂળ, સશાખ અને સાંકુર ઉખડી જાય–નષ્ટ થાય–એક ક્ષણમાં જ નષ્ટ થાય, એવી ઉત્કૃષ્ટ યોજના કરવામાં આવી છે. વધારે લખવાનો અત્યારે સમય નથી. આ સમય ઘણો જ મૂલ્યવાન્ છે. માટે જો આ વેળા આપ જવા દેશો, તો મારો અવશ્ય નાશ થશે ને આપનો લાભ જશે. જો આ વેળાએ આપણો વિજય થશે, તો આપના જેવા ગુણગ્રાહક ચક્રવર્તી રાજાના પ્રધાનપદે રહેવાને હું તૈયાર છું અને મગધદેશના પ્રજાજનોને ધનાનન્દના ત્રાસમાંથી છોડવવાનું શ્રેય મેળવીને આપ ચક્રવર્તી પણ થવા પામશો. એ જ લેખનમર્યાદા. ઇતિ શમ્."

નંદની માનહાનિ કરીને મગધદેશનું ચક્રવર્તિત્વ મેળવવાની ઇચ્છા રાખનારો પર્વતેશ્વર એથી ઘણો જ હર્ષાયો. તેના મનમાં એ બીજા પત્ર વિશે શંકા માત્ર પણ આવી નહિ અને તેણે તત્કાલ રાક્ષસની આજ્ઞા પ્રમાણે વર્ત્તવાનો નિશ્ચય કર્યો. વળી પત્ર પણ તેને એવી અણીની વેળાએ પહોંચાડવામાં આવ્યું હતું કે, એમાં શંકા વિશંકા કાઢીને વ્યર્થ વેળા વ્યતીત કરવાનો અવસર જ રહ્યો નહોતો. "જો આ વેળાએ પ્રયાણ નહિ કરીએ, તો આવો અમૂલ્ય પ્રસંગ હાથમાંથી જતો રહેશે, માટે આ ક્ષણે ત્વરા કરવા વિના બીજો ઉપાય જ નથી. રાક્ષસ લખે છે કે, સેનાધિપતિ ભાગુરાયણ આપણને પૂર્ણરીતે અનુકૂલ છે, તેથી વધારે સૈન્ય સાથે રાખવાની કાંઇપણ આવશ્યકતા નથી. પાટલિપુત્રના લોકોના મનમાં ધાક બેસી જાય, એટલું સૈન્ય હોય, તો તે બસ છે. ભાગુરાયણની સહાયતાથી આપણું કાર્ય સહજમાં જ સિદ્ધ થઈ શકશે. પ્રજા તો સર્વદા ગાય પ્રમાણે જ હોય છે–એટલે કે એક ધણીએ છોડી દીધા પછી બીજા ધણીના હાથમાં જતાં સૂધી જે ધાંધલ કરે, તેટલું જ–એકવાર બંધાઈ એટલે થઈ ચૂક્યું." એવો દૃઢ વિચાર કરીને પર્વતેશ્વરે પોતા સાથે સૈનિકો વધારે સંખ્યામાં લીધા નહિ. પાટલિપુત્રમાં પહોંચે, ત્યાં સૂધી માર્ગમાં માગધી પ્રજાને તે એમ જ કહેતો રહ્યો કે, "કાંઇક મૈત્રિનો સંબંધ જોડવામાટે ધનાનન્દ મહારાજે બોલાવવાથી અમે થોડા સૈન્ય સાથે પાટલિપુત્ર જઇએ છીએ." માર્ગમાં લોકોને જરા જેટલો પણ ત્રાસ થયો નહિ. એથી લોકોને શંકા પણ આવી નહિ. પર્વતેશ્વર ત્વરિત અને નિર્વિઘ્ન પાટલિપુત્રમાં પહોંચી શક્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે પત્રના પરિણામે મૂઢ પર્વતેશ્વર આટલી બધી ઊતાવળથી આવી પાટલિપુત્રને ઘેરો નાંખી બેઠો હતો, તે પત્ર પણ આર્ય ચાણક્યે જ રાક્ષસના નામે તૈયાર કરીને મોકલ્યું હતું, એ રહસ્ય ચતુર વાચકો જાણી જ ગયા હશે. એ પત્રપર પણ પૂર્વ પ્રમાણે રાક્ષસની મુદ્રા ઇત્યાદિ સર્વ ચિન્હો હતાં અને તે પર્વતેશ્વરના હાથમાં એવા અણીના સમયે આવ્યું હતું કે, નકામી શંકાઓ કાઢીને વેળા વીતાડવાનો તેને અવકાશ જ હતો નહિ. બે માર્ગ હતા, કાં તો પત્ર પ્રમાણે વર્ત્તવું ને કાં તો પોતાની મેળે આવેલો અવસર વ્યર્થ જવા દેવો. પરંતુ ઘણા દિવસની ઇચ્છા તૃપ્ત થવાની વેળા આવી લાગી હોય, તેને વ્યર્થ કોણ જવાદે વારુ? અર્થાત્ ઊપર કહ્યા પ્રમાણે પર્વતેશ્વરે સૈન્યસહિત આવીને પાટલિપુત્રને ઘેરી લીધું અને ભાગુરાયણ પોતાનું સૈન્ય લાવીને આપણને પાટલિપુત્રમાં લઈ જશે તથા રાક્ષસ અને તે આપણો જયજયકાર ધ્વનિકરીને આપણને સિંહાસને બેસાડશે, એની વાટ જોતો તે બેઠો. એના મનમાં ઘણી જ મોટી આશા વસી રહેલી હતી; પરંતુ એ આશા નિરાશાના રૂપમાં ફેરવાઈ ગઈ. પાટલિપુત્રના દુર્ગપરથી તેના સૈન્યપર એકાએક મારો શરુ થયો. પોતાની સહાયતા માટે સૈન્ય આવવાનું એક બાજૂએ રહીને વિરુદ્ધ પક્ષે દુર્ગપરથી પોતાપર બાણ, શતઘ્ની, ભુશુંડી અને યંત્રો તથા મહાયંત્રોમાંથી વિમુક્ત થએલી પાષાણવૃષ્ટિનો એકસરખો મારો શરુ થએલો જોઇને પર્વતેશ્વર અને તેના સૈનિકો ઘણા જ ગભરાઈ ગયા. "અમાત્ય રાક્ષસે વિશ્વાસઘાત તો નથી કર્યો? હું તેના રાજાનો દ્વેષ કરું છું અને મગધદેશનું રાજ્ય લેવાની ઇચ્છા રાખું છું એથી આવી રીતે મારાપર તેણે પોતાનું વૈર તો નહિ વાળ્યું હોય?" એવી શંકા આવી, તેથી પર્વતેશ્વરને પોતાની ભોળાઇમાટે ઘણું જ માઠું લાગવા માંડ્યું. "અમાત્ય રાક્ષસ ઘણો જ સ્વામિભક્ત કહેવાય છે. તે પોતે એકાએક સ્વામિદ્રોહ કરવાને તત્પર થયો અને તેણે આવીરીતે મને બોલાવ્યો. એમાં કાંઈ પણ ભેદ હોવો જોઇએ, એવી શંકા મારે પ્રથમ જ કરવાની હતી. અને તે શંકાને દૂર કરવામાટે ગમે તે પ્રયત્ન કરીને મારા ગુપ્ત રાજદૂતોને મોકલીને ખરી બીના શી છે, તે મારે જાણવી જોઇતી હતી. પરંતુ એ જાણવાનો મેં જરા જેટલો પણ યત્ન કર્યો નહિ, એ મારી કેટલી બધી મૂર્ખતા? રાક્ષસ જેવો સ્વામિભક્ત અમાત્ય એવું પત્ર લખે જ કેમ? અને કદાચિત્ લખ્યું હોય, તો તે તેણે જ લખ્યું છે કે નહિ, એની ખાત્રી કરવી જોઇતી હતી. પરંતુ મારા મનમાં એની શંકા માત્રપણ આવી નહિ ને જે થોડી ઘણી આવી, તેને તત્કાલ મેં દૂર કરી દીધી. અર્થાત્ આ ઘણું જ અવિચારનું કાર્ય કરીને મારે હાથે જ મેં મારા શિરે સંકટની વર્ષા વર્ષાવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આને શું કહેવું? "એવા પશ્ચાત્તાપના અનેક વિચારો મનમાં આવતાં પર્વતેશ્વર મનમાંને મનમાં ઘણો જ શોકાતુર થઈ ગયો. તેમાં પણ તેના વિશેષ શોકનું કારણ તો એ હતું કે, તે ઘણા જ થોડા સૈન્યસાથે આવ્યો હતો. કારણ કે, પાટલિપુત્રમાંથી સહાયતા મળવાની તેના મનમાં પૂરેપૂરી આશા હતી. તે પોતે જો યુદ્ધની તૈયારી કરીને મગધરાજાના સૈન્યસમક્ષ ઝુંઝવાને જ આવ્યો હોત, તો તો તે બીજી જ વ્યવસ્થાથી આવ્યો હોત. પરંતુ એ તો એવા જ વિશ્વાસથી આવેલો હતો કે, "પાટલિપુત્રને ઘેરો ઘાલવાનો તો માત્ર વેશ ભજવવાનો છે–ત્વરિત જ આપણો જયજયકાર થશે–પાટલિપુત્ર–મગધદેશ–ના સિંહાસને આપણી સ્થાપના થશે અને આપણે મગધદેશના મહારાજાધિરાજ કહેવાઇશું?" એ સર્વ આશાઓ આકાશમાં ઊડી ગઈ અને તેને સ્થાને ઉપર જણાવ્યા પ્રમાણે ન ધારેલો એવો શાસ્ત્રાસ્ત્રોનો માર સહન કરવાનો અને ચોર પ્રમાણે ન્હાસી છૂટવાનો ઘણો જ લજ્જાસ્પદ પ્રસંગ આવી પહોંચ્યો. પ્રથમ તો થોડીકવાર "એ તેમની ભૂલ થઈ હશે–એટલે હમણાં જ એ મારો બંધ થશે" એમ કહીને તેણે પોતાના સૈનિકોને ધૈર્ય આપ્યું; પરંતુ એવું ખોટું ધૈર્ય ક્યાંસૂધી ટકી શકે? તત્કાલ પીઠ બતાવીને સૈન્યે પોતાના પ્રાણ બચાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. જ્યાંસૂધી કોઇપણ પક્ષના સૈન્યે પલાયનનો પ્રયત્ન કરેલો હોતો નથી, ત્યાંસૂધી તેનો કાંઇક પણ મોભો જળવાયલો રહે છે; પરંતુ એકવાર પોતાના પ્રતિપક્ષીને પીઠ બતાવી, એટલે પછી તે પલાયનં કરતા સૈન્યની કૂતરા જેટલી પણ આબરુ રહેતી નથી. તેવી જ દશા પર્વતેશ્વરના સૈન્યની અને તેની પોતાની પણ થઈ. પર્વતેશ્વરના સૈન્યે જેવો પલાયનનો પ્રયત્ન કર્યો કે, તે જ ક્ષણે પાટલિપુત્રના દુર્ગનાં દ્વારો એકાએક ઊઘાડી નાંખવામાં આવ્યાં. અને તેમાંથી ભાગુરાયણના સૈનિકોએ બહાર પડીને પર્વતેશ્વરના સૈનિકોનો પીછો પકડ્યો. એ સૈન્યના અગ્રભાગે ચન્દ્રગુપ્ત હતો અને તે મહાન્ વીરતાના ભાવથી પોતાના શૂર સૈનિકોને શત્રુઓને પકડી પાડવાની આજ્ઞાઓ આપતો જતો હતો. ચન્દ્રગુપ્તનો આદર્શ એ વેળાએ ઘણો જ વિલક્ષણ દેખાતો હતો. તેનાં સર્વાંગ–રોમરોમાંચ–વીરશ્રીની પ્રતિમાથી સ્ફુરણ પામતાં દેખાતાં હતાં. તેની દૃષ્ટિ એટલીબધી ચંચલ થયેલી હતી કે, સર્વવ્યાપી થવાનો પ્રયત્ન કરતી હોયની, એવો ભાસ થતો હતો. શત્રુઓ કઇ દિશામાં ન્હાસે છે અને આપણે તેમને કઈ બાજૂએથી અટકાવવાનો યત્ન કરવો જોઇએ, એનો પોતાનાં વિશાળ અને તેજસ્વી નેત્રોને ફેરવીને તેણે ક્ષણના અર્ધ ભાગમાંજ નિશ્ચય કરી નાંખ્યો, અને તેને અનુસરતી પોતાના સૈનિકોને આજ્ઞા આપી દીધી. તેની આજ્ઞાને અનુસરીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૈનિકોએ શત્રુઓની પીઠ પકડી. અંતે શત્રુઓ હતાશ થઇને ચાલવામાં ધીમા પડ્યા, એટલે ચન્દ્રગુપ્તના સૈનિકોએ તેમને એકપછી એક કેદી કરવા માંડ્યા. થોડા જ વખતમાં ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણે મળીને પર્વતેશ્વરના સૈનિકોની મોટી સંખ્યાને પોતાના તાબામાં કરી લીધી. પરંતુ જ્યાંસૂધી પર્વતેશ્વર પોતે પકડાય નહિ, ત્યાંસૂધી ચન્દ્રગુપ્તને સંતોષ થાય નહિ, એ સ્વાભાવિક હતું. એ કારણથી બાકીના સૈન્યના પ્રતિબંધનું કાર્ય ભાગુરાયણને સોંપીને ચન્દ્રગુપ્ત પોતે પર્વતેશ્વરને પકડવામાટે ધસ્યો. "એ રાજાને તું પકડી પાડીશ, તો પાટલિપુત્રના સિંહાસનપર તારી સ્થાપના થએલી જ તારે સમજવી. અને પર્વતેશ્વરને પકડી લાવે, તો જ મને મોઢું બતાવજે, નહિ તો આવીશ નહિ." એવી રીતે ચાણક્યે ચન્દ્રગુપ્તને ભાર મૂકીને કહ્યું હતું. અર્થાત્ એથી ચન્દ્રગુપ્તના હૃદયમાં વિચિત્ર શૌર્ય ઉદ્ભવ્યું હતું.

અકસ્માત્ નન્દોનો સર્વથા નાશ થયો, તેમના વંશવૃક્ષનો એકપણ અંકુર રહ્યો નહિ, એવી સ્થિતિ જોઇને એકદમ ખળભળી ગએલા લોકો રાક્ષસવિશેના સંશયથી ગમે તેટલા સંતપ્ત થયા હોય, તોપણ ચન્દ્રગુપ્ત જેવા એક અજ્ઞાત રાજકુમારને તેઓ એકાએક સિંહાસને આરૂઢ થવા દેશે નહિ. માટે આ વેળાએ એના હસ્તે કોઈ અલૌકિક કૃત્ય કરાવીને ત્યારપછી જ એને નગરમાં લાવવો જોઇએ. મગધદેશનો પૂર્ણવૈરી અને જે મગધદેશને જિતી લેવામાટે આવ્યો હતો, તે પર્વતેશ્વરને બંદીવાન્ કરીને પકડી લાવવો, એના જેવું તે અલૌકિક કૃત્ય બીજું શું હોઈ શકે ? એ જ કૃત્ય ચન્દ્રગુપ્તના હસ્તે કરાવવાના હેતુથી આટલા મોટા પર્વતેશ્વર જેવા રાજાને રાક્ષસના નામનાં ખોટાં પત્રો મોકલીને પાટલિપુત્રમાં લાવવાનો ચાણક્યે પ્રપંચ રચ્યો હતો અને તેથી ચન્દ્રગુપ્તને તેને પકડવા માટેની એવી કઠિનતમ આજ્ઞા આપી હતી. અંદરખાનેથી ભાગુરાયણની તો તેને સહાયતા હતી જ અને ચન્દ્રગુપ્તની મહત્ત્વાકાંક્ષા પણ પૂર્ણ ઉદીપ્ત થએલી હતી. એટલે તેણે પણ પોતાના શત્રુને પકડવામાટે પરાકાષ્ઠાનો શ્રમ લીધો. અંતે મગધદેશની અને પર્વતેશ્વરના રાજ્યની સીમાના સંમેલનના સ્થાનથી થોડીક આણીબાજૂ ચન્દ્રગુપ્તે પર્વતેશ્વરને પકડ્યો અને બન્ને સૈન્યનું થોડીકવાર સારું યુદ્ધ થયું. એ ઝપાઝપીમાં ચન્દ્રગુપ્તે અત્યંત વિલક્ષણ શૌર્ય તથા ચાતુર્ય બતાવીને પોતાના શત્રુનો પરાજય કર્યો અને તેને કેદ કરી લીધો. પર્વતેશ્વરે પુષ્કળ ખંડણી આપવાનું કબૂલ કર્યું, સંધિની માગણી કરી, પરંતુ વ્યર્થ ! તેને છોડી દેવો, એ ચન્દ્રગુપ્તને બિલકુલ ઇષ્ટ નહોતું. પોતાના ગુરુના ચરણ સમક્ષ પર્વતેશ્વરને પ્રથમ ગુરુદક્ષિણારૂપે લઈ જઇને ઊભો કરવાનો હતો. તેમ જ રાક્ષસને એમ દેખાડવાનું હતું કે, "પ્રપંચ કરીને જેણે નંદવંશનો સંહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યો, તે આ મ્લેચ્છ રાજાને પકડીને હું તમારા આખા નગરમાં તમારા સમક્ષ ફેરવું છું." એમ કરવામાં મગધના લોકોની પ્રીતિ મેળવવાનો આ રાક્ષસપ્રતિ તેમના મનમાં ધિક્કાર ઉત્પન્ન કરવાનો હેતુ સમાયલો હતો. વસ્તુસ્થિતિ આવી હોવાથી ખંડણી કે સંધિમાટેની પર્વતેશ્વરની માગણીનો તે કેમ સ્વીકાર કરી શકે વારુ? અર્થાત્ તેનું કાંઈપણ ન સાંભળતાં ચન્દ્રગુપ્ત તેને પાટલિપુત્રની દિશામાં લઈ ચાલ્યો.

પર્વતેશ્વર સર્વથા નિરુપાય થઈ ગયો. ચન્દ્રગુપ્તના કેટલાક સૈનિકોના ચોકી પહેરામાં તે મૌન્યમુખે ચાલવા લાગ્યો. એ વેળાએ તેના મનમાં એટલો બધો પશ્ચાત્તાપ થવા લાગ્યો કે, જેનું વર્ણન થવું અશક્ય છે. "કાંઈ પણ વિચાર ન કરતાં માત્ર વિશ્વાસથી જ—અંધ વિશ્વાસથી રાક્ષસનાં વચનોને ખરાં માનીને હું પાટલિપુત્રપર ચઢી આવ્યો, એમાં મેં કેટલી મોટી ભૂલ કરી હતી, તે હવે જણાયું. રાક્ષસે વિશ્વાસઘાત કરવામાટે જ તો એ પત્રો નહિ લખ્યાં હોયને? એવો પ્રશ્ન જ મારા મનમાં થયો નહિ. દુષ્ટ રાક્ષસ! તારા માટે મારા મનમાં ઘણું જ માન અને ઘણો જ પૂજ્યભાવ હતો, તેથી જ હું ફસાયો. પણ એ માન શાથી હતું? તું ઘણો જ સ્વામિનિષ્ઠ છે, એથી અને જ્યારે એ સ્વામિનિષ્ઠ હોવાથી જ મારા મનમાં એનામાટે માન હતું, ત્યારે એને સ્વામિદ્રોહી થએલો જોઇને મને એનાપર ધિક્કાર કેમ ન આવ્યો? એ મારા લોભનું પરિણામ; બીજું કાંઈ પણ નહિ. મારા હૃદયમાં જો આ રાજ્યનો લોભ હોત નહિ, તો આજે હું આવી રીતે ફસાયો પણ ન હોત. પણ હવે એની ચિન્તા કરવી વૃથા છે." એવી રીતે તે પોતે જ પોતાને પ્રશ્નો પૂછતો અને તેનાં પોતે જ ઉત્તરો આપતો ચાલ્યો જતો હતો. એટલામાં તેની વળી એવી ઇચ્છા થઈ કે, એકવાર ચન્દ્રગુપ્તને પ્રશ્ન કરવો અને આવી રીતે પોતાને ફસાવવામાં રાક્ષસનો શો હેતુ હોવો જોઇએ, તે જાણી લેવું. એ ઇચ્છા પ્રમાણે તેણે પ્રશ્ન કર્યો, પરંતુ ચન્દ્રગુપ્તે એનું ઉતાવળમાં એટલું જ ઉત્તર આપ્યું કે, "રાક્ષસ ઘણો જ ચતુર અને સ્વામિભક્ત અમાત્ય છે; એટલે એના વિચારોને જાણવાની શક્તિ અમારામાં નથી." એ ઉત્તર આપવામાં પણ તેનો એવો ભાવ સમાયલો હતો કે, હવે પછી પર્વતેશ્વર બીજો પ્રશ્ન કરે જ નહિ. આવું ઉત્તર આપવાનું બીજું એ પણ કારણ હતું કે, ચન્દ્રગુપ્તે ખરું બોલવાનું નહોતું. જો તે ખરું બોલે, તો તો "તમને અહીં બોલાવવાની બાબતમાં રાક્ષસ કશું જાણતો જ નથી—તમને ફસાવનાર તો બીજો જ કોઈ પુરુષ છે." એવું જ ઉત્તર આપવું જોઇએ. પરંતુ એ રહસ્ય તેને જણાવવું અને પોતે જ પોતાની હાનિ કરવી એ સમાન હતું. તેમ જ "આ બધું રાક્ષસે જ કર્યું." એમ કહીને તેને વધારે ગુંચવાડામાં નાખવાનું કાર્ય પણ ચન્દ્રગુપ્તથી બની શકે તેમ હતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ. કારણ કે, ચાણુક્ય તેનો ગુરુ હતો, તેણે જ તેને પિતા પ્રમાણે પ્રેમથી પાળીને મોટો કર્યો હતો અને તેને રાજ્યાસને બેસાડવાના હેતુથી તે જે જે કારસ્થાનો કરતો હતો, તે ચન્દ્રગુપ્ત સર્વ સારી રીતે જાણતો હતો; છતાં પણ તેનાં તે કારસ્થાનોમાં રહેલું અત્યંત કાળાપણું તેને તિલભાર પણ ગમતું હતું નહિ. જેવીરીતે કોઇ પિતાનાં કૃત્યો તેના પુત્રને ન ગમતાં હોવા છતાં પણ તેનાથી તે વિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારી શકાતો નથી અને તે ઉચ્ચારવામાં પિતૃદ્રોહની શંકા થાય છે, તેવી જ આ વેળાએ ચન્દ્રગુપ્તની સ્થિતિ થએલી હતી. સારું શું અને નઠારું શું, એ જોવાનું કાર્ય ચન્દ્રગુપ્તનું નહોતું. ચાણક્યની આજ્ઞાનુસાર વર્ત્તવું, એ જ તેનું કર્ત્તવ્ય હતું. ચાણક્ય પણ એ જ રીતે તેને વર્ત્તાવતો હતો અને ચન્દ્રગુપ્ત પણ એ જ રીતે વર્ત્તતો હતો. પર્વતેશ્વર જો કાંઈપણ પૂછે, તો તેને ઉડાવનારા જવાબો જ આપવાનું ચાણક્યે એને કહી મૂકયું હતું, તેથી ચન્દ્રગુપ્ત તે જ પ્રમાણે વર્ત્યો, એ આપણે જોયું.

ચન્દ્રગુપ્ત પર્વતેશ્વરને પકડી લાવે છે કે નહિ? એ જ ચિન્તામાં ચાણક્ય નિમગ્ન થઈ ગયો હતો. એટલામાં દૂતોએ આવીને પર્વતેશ્વરના પકડાવાના સમાચાર સંભળાવતાં જ તેના હર્ષનો પાર રહ્યો નહિ. તેને હવે પોતાના જન્મની સફળતા ભાસવા લાગી. તે એકદમ ઊઠયો અને હવે ચન્દ્રગુપ્તને મહાન્ જયઘોષથી પાટલિપુત્રમાં લાવવામાટેની અને તેના નામની દોહાઈ ફેરવવામાટેની શી શી યોજનાઓ કરવી, એના વિચારમાં લીન થયો.

## પ્રકરણ ૨૯ મું.

## રાક્ષસની વિસ્મયતા.

ચન્દ્રગુપ્તે પર્વતેશ્વરને પકડ્યો અને તેને કેદ કરીને લઈ આવ્યો, એથી પોતાના સમસ્ત હેતુઓને સિદ્ધ થએલા જોઇને ચાણક્ય પોતાને કૃત કૃત્ય માનવા લાગ્યો, અને હવે પછી શી વ્યવસ્થા કરવી, તેનો વિચાર કરવા લાગ્યો. એ ગત પ્રકરણના અંતમાં આપણે જાણી આવ્યા છીએ. ચન્દ્રગુપ્તને મોટા ઠાઠમાઠથી કુસુમપુરમાં લઈ આવવો અને તેની આગળ પર્વતેશ્વરને ચલાવવો, એ નિશ્ચય તો તેણે કરી જ રાખ્યો હતો. તે પ્રમાણે સમસ્ત નગરમાં, તેણે ચન્દ્રગુપ્તના નામનો જયજયકાર પ્રવર્ત્તાવીને ઉદ્‌ઘોષક (જાહેરનામું આપનાર) દ્વારા તેણે એવો વૃત્તાંત પ્રજાજનોને જણાવ્યો કે, "મહારાજા ધનાનન્દ અને તેના પુત્રોનો કોઈ દુષ્ટે ઘાત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરાવ્યો અને એ સંધિને સાધીને પર્વતેશ્વર પોતાના સૈન્ય સહિત આવી પાટલિપુત્રને ઘેરો ઘાલી નગરપર હલ્લો કરવાની તૈયારીમાં હતો. એટલામાં ચન્દ્રગુપ્તે પોતાના પિતા અને બંધુઓના મરણનું વૈર લેવાની પ્રતિજ્ઞા કરીને સેનાપતિ ભાગુરાયણની સહાયતાવિના જ પર્વતેશ્વરપર આક્રમણ કર્યું અને તે આક્રમણના પ્રભાવથી ગભરાયલો પર્વતેશ્વર પોતાના સૈન્યસહિત પલાયન કરી જતો હતો, તેને પકડી કેદ કરીને ચન્દ્રગુપ્ત આજે કુસુમપુરમાં આવનાર છે. પર્વતેશ્વર ગ્રીક યવનોનો માંડલિક છે-એ મૂળ આર્ય હોઇને એણે યવનોની ગુલામગીરી કબૂલ કરી છે, એટલું જ નહિ પણ નન્દોએ તેની ગુલામગીરી કબૂલ કરવી, એટલે કે મ્લેછોના ગુલામના પણ ગુલામ થવું. એવી દુષ્ટ બુદ્ધિથી જ તેણે કુસુમપુરમાં પ્રપંચજાળ પાથરીને નંદોનો એકાએક નાશ કરવાનો અને આપણા આ દિવ્ય નગરપર ઘેરો ઘાલવાનો પ્રયત્ન કર્યો. એ તેના પ્રપંચ માટે તેને શી શિક્ષા કરવી, એનો મહારાજાધિરાજ ચન્દ્રગુપ્ત મહારાજ તો વિચાર કરશે જ; પરંતુ આ નગરમાંથી તેને કોણે સહાયતા કરી એનો પણ શોધ કરી તે દેશદ્રોહીને પકડીને તેને પણ દેહાંત દંડ આપવાની, મહારાજાની ઇચ્છા છે. એટલા માટે આટલું બધું શૌર્ય ગજાવી અને નંદવંશના અકાલ ઉચ્છેદનું વૈર વાળીને પાછા ફરેલા રાજકુમાર-હવે થએલા મહારાજાને સર્વેએ મહાન્ જયઘોષથી આદર સન્માન આપવું-એ પ્રજાનો ધર્મ છે." ઉદ્‌ઘોષકદ્વારા એવો ઉદ્‌ઘોષ કરાવીને સારા સારા કારીગરોને હાથે સ્થાને સ્થાને તેણે તોરણ બંધાવ્યાં. ઉપરાંત બીજી તૈયારીઓ પણ કરવામાં આવી. गतानुगतिको लोकः એ ન્યાય પ્રમાણે સમારંભનું કાર્ય આખા નગરમાં ચાલૂ થઈ ગયું. પરંતુ એ સમારંભની તૈયારી થવામાં અને ચન્દ્રગુપ્તના નગરપ્રવેશમાં હજી અવકાશ હોવાથી આપણે અમાત્ય રાક્ષસની શી સ્થિતિ છે, તેનું કિંચિત્ અવલોકન કરીશું.

અમાત્ય રાક્ષસ ધનાનંદની સવારી સાથે હાથીપર બેસીને ચાલ્યો જતો હતો, એટલામાં તેને કોઇએ એક ચીઠ્ઠી લાવી આપી. એ ચીઠ્ઠી વાંચતાં જ રાક્ષસ ત્યાંથી ચાલતો થયો, એની વાંચકોને સ્મૃતિ હશે જ. "પર્વતેશ્વર પાટલિપુત્રને એકદમ ઘેરો ઘાલે છે, એટલે શું? તેના શરીરમાં આટલું બળ અને આટલું શૌર્ય એકાએક કયાંથી આવી ગયું? મહારાજાની સવારીની વ્યવસ્થામાં અને મહારાજાને સુરાના મંદિરમાંથી બહાર લાવવાના આનંદના અવસરે એકાએક આ ભયંકર પ્રસંગ આવ્યો, એનું કારણ શું હશે? ત્રિભુવનમાં મારો બરોબરિયો ગુપ્ત વાતો જાણનાર નથી મળવાનો, એવો અહંકાર મારા હૃદયમાં હોવા છતાં આ વાતની મને જરા જેટલી બાતમી પણ ન મળી, એ શું કહેવાય?" એવા વિચારથી તે વિસ્મિત થઇ ગયો અને તેથી એ

બાબતનો જેટલી ઉતાવળે ચાલી શકાય તેટલી ઉતાવળે ચાલીને શોધ કરવા લાગ્યો. એ શોધાંતે તેને એમ જણાયું કે, પોતાની સર્વ સેના પર્વતેશ્વરના શિબિરપર ટૂટી પડવા માટે સજ્જ થઇને બેઠેલી છે. એ સાંભળીને રાક્ષસના મનમાં કાંઇક સંતોષ થયો. "હું તો જો કે સર્વથા અસાવધ થઈ ગયો હતો, પણ ભાગુરાયણે પોતાની સેના સજ્જ કરી રાખી છે, એ ઘણું જ સારું થયું." એમ તેને ભાસ્યું. ભાગુરાયણ સેનાના રહેવાના સ્થાનમાં નહોતો, તેથી રાક્ષસે એક નીચી પંક્તિના અધિકારીને તેને બોલાવવા માટે મોકલ્યો. ભાગુરાયણ નહોતો, પણ તેના હાથ નીચેનો દ્વિતીય સેનાપતિ હતો, તેણે "ભાગુરાયણ તરફથી કોણ જાણે કઈ વેળાએ આમંત્રણ આવશે એનો નિયમ નથી, માટે મારાથી આવી શકાય તેમ નથી." એમ કહીને આવવાની સાફ ના પાડી. એ ના સાંભળી રાક્ષસ તો આશ્ચર્યથી સ્તબ્ધ જ થઈ ગયો. પાછો તેના મનમાં વિચાર આવ્યો કે, "કદાચિત્ સરત ચૂકથી તેણે આવો જવાબ આપ્યો હશે, અમાત્યે બોલાવ્યો છે, એમ ન સમજવાથી જ તેણે આવું ઉત્તર દીધું હશે," એમ સમજીને તેણે તે અધિકારીને પાછો બોલાવવામાટે સંદેશો કહાવ્યો. પરંતુ એ આજ્ઞાનો પણ કશો ઉપયોગ થયો નહિ. એથી રાક્ષસને ઘણો જ સન્તાપ થયો. પાટલિપુત્રમાં કોઈપણ આવા બેપરવાઇના જવાબો આપશે અને આવી અવજ્ઞા કરશે, એવો વિચાર તેને કોઈ દિવસે સ્વપ્નમાં પણ આવ્યો નહોતો. પરંતુ આજે તેનો પ્રત્યક્ષ અનુભવ થયો, એટલે તેના શોકની સીમા જ થઈ ચૂકી! રાક્ષસ પોતે જ એકદમ તે અધિકારીના સ્થાનમાં જઈ પહોંચ્યો અને કોપથી કહેવા લાગ્યો કે, "જો કે તેં મારી અવજ્ઞા કરેલી છે, તોપણ આ વેળાએ હું તને કાંઈ કહેતો નથી. પાટલિપુત્રને પર્વતેશ્વરે ઘેરો ઘાલ્યો છે, તેને હાંકી કાઢવામાટે અત્યારે ને અત્યારે તું પોતાના સૈન્ય સહિત ચાલતો થા." પરંતુ તે અધિકારીએ એનું ઘણી જ શાન્તિથી એવું ઉત્તર આપ્યું કે, "ભાગુરાયણ સેનાપતિની અમને એવી આજ્ઞા છે કે, મારા વિના તમારે બીજા કોઇની પણ આજ્ઞા સાંભળવી નહિ; માટે તેની આજ્ઞા ન મળે, ત્યાં સુધી એક પણ સૈનિક અહીંથી ત્યાં જવાનો નથી. નહિ તો સૈન્ય તો શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇ તૈયાર જ ઊભેલું છે." આ ઉત્તર સાંભળી રાક્ષસ ચકિત થઈ ગયો. તેનાં નેત્રો ફાટી ગયાં-તેના મનમાં ઘણો જ ખેદ થયો અને તે બોલ્યો કે, "પણ હું ભાગુરાયણ કરતાં વધારે ઉચ્ચ પદવીનો અધિકારી છું, માટે મારી આજ્ઞા તમારે માનવી જ જોઇએ. તે તમે કેમ માનતા નથી?"

અધિકારીએ એનું કશું પણ ઉત્તર ન આપતાં માત્ર સ્મિત કર્યું. એથી તો રાક્ષસના હૃદયનો સંતાપ વધારે જ વધતો ગયો. એ સંતાપના આવેશમાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે કાંઇક વધારે બોલવા જતો હતો, એટલામાં દૂરથી તેને એક મોટા કોલાહલનો અવાજ સંભળાયો. પાટલિપુત્રમાં પર્વતેશ્વરના સૈન્યનો પ્રવેશ થવાથી જ આ કોલાહલ થયો હશે, એવી ધારણાથી તેણે વળી અધિકારીને પણ કહ્યું કે, "પર્વતેશ્વરે નગરમાં પ્રવેશ કરી પ્રજાને પીડવા માંડી છે, તોપણ તું પોતાનાં સૈન્ય સહિત ત્યાં જતો નથી?" એમ કહી તેને તે પોતાનાં કોપથી આરક્ત થએલાં નેત્રોવડે જોવા લાગ્યો, "હવે શું કરું અને શું ન કરું?" એમ તેના મનમાં થઈ ગયું–એટલામાં તે અધિકારીએ શાંત થઇ ઉત્તર આપ્યું કે, "સૈનાપતિ ભાગુરાયણની આજ્ઞા નહિ થાય, ત્યાં સુધી કોઈપણ પોતાના ધનુષ્યની દોરી ચઢાવનાર નથી કે કોષમાંથી ખડ્ગ પણ બહાર કાઢનાર નથી. યુદ્ધમાટે ખાસ સૈનાપતિની જ આજ્ઞા જોઇએ."

"ત્યારે તો ભાગુરાયણ પર્વતેશ્વર સાથે મળી જવાથી જ આ પ્રપંચ થયો છે, એમ જ માની શકાય. ભાગુરાયણ સૈનાધ્યક્ષ! અંતે તું જ આ રાજહત્યા અને પાટલિપુત્રના નાશનો હેતુ થયો ને?" અમાત્ય રાક્ષસે નિરાશાથી એ ઉદ્ગાર કાઢ્યો.

વાસ્તવિક રીતે જોતાં રાક્ષસે એ મોટેથી ઉચ્ચારેલા, પરંતુ પોતાને જ ઉદ્દેશીને કહેલા ઉદ્ગારનું ઉત્તર મળવાની કાંઇપણ આવશ્યકતા હતી નહિ. તેમ જ તેણે ઉત્તરની અપેક્ષા પણ રાખી નહોતી. પરંતુ અનેક વેળા સર્વથા ન ધારેલી વાતો બની આવે છે, તે જ પ્રમાણે અત્યારે પણ થયું.

"ભાગુરાયણ સૈનાધ્યક્ષ! અંતે તું જ આ રાજહત્યા અને પાટલિપુત્રના નાશનો હેતુ થયો ને?' એ વાક્યો રાક્ષસના મુખમાંથી બહાર પડ્યાં ન પડ્યાં, એટલામાં તો તેનું તેને નીચે પ્રમાણે ઉત્તર મળ્યું:–

"અમાત્ય!–પણ હવે તમને અમાત્ય પણ કેમ કહી શકાય? રાજહત્યા અને પાટલિપુત્રના નાશનો હેતુ કોણ થયો છે, એ હવે સર્વે જાણી ગયા છે. તેં જ કરેલા રાજઘાતનો પ્રતિકાર થવો હવે અશક્ય છે; પરંતુ પાટલિપુત્રનો નાશ હવે હું થવા દઇશ નહિ. તારા કૃષ્ણ કૃત્યમાટે રાજહિતૈષિજનો તારું યોગ્ય વેળાએ પારિપત્ય કરશે જ." એવા ધીર અને ગંભીર વાણીથી ઉચ્ચારેલા શબ્દો રાક્ષસના કાને પડ્યા. એ શબ્દો કોણે ઉચ્ચાર્યા, એ જોવાને રાક્ષસે મુખ ઊંચું કર્યું, એટલે ભાગુરાયણ સૈનાપતિ તેની દૃષ્ટિએ પડ્યો. પરંતુ એ શબ્દો ભાગુરાયણે જ ઉચ્ચાર્યા હશે, એવો તેનો નિશ્ચય થઈ શકયો નહિ. ભાગુરાયણે એટલું બોલીને તેના સામું જોયું સુદ્ધાં પણ નહિ. તેણે તત્કાળ પોતાના હાથ તળેના અધિકારીને આજ્ઞા આપતાં કહ્યું કે, "પર્વતેશ્વરે નગરને ઘેરો ઘાલ્યો છે, માટે કિલ્લાપરથી તેના સૈન્યપર મારો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચલાવો." જાણે રાક્ષસને તેણે જોયો જ ન હોય ને, તેવી રીતે તે પોતાનું કાર્ય ચલાવવા લાગ્યો.

રાક્ષસ તેના એ ભાષણ અને વર્તનના રહસ્યને લેશ માત્રપણ સમજી શક્યો નહિ. એટલામાં વળી એક બીજા કોલાહલનો ધ્વનિ તેના કાને પડ્યો, એટલે હવે અહીં વધારે વાર ખોટી થવામાં કશો સાર નથી, એમ લાગવાથી આ બધો શો કોલાહલ છે, તે વિશે વિચાર કરતો કરતો તે ત્યાંથી ચાલ્યો ગયો. "ભાગુરાયણ શત્રુના પરાભવમાટે ઉદ્યુક્ત થએલો છે, એટલે વૃથા એનાથી ન ઝગડતાં હવે પછી શું કરવું એની વ્યવસ્થા કરવી જોઇએ. હાલ તો મહારાજાની શી દશા છે, તે જાણવું વધારે અગત્યનું છે. તે બહુધા હવે સભામંદિરમાં પહોંચી ગયા હશે. પર્વતેશ્વરની દુષ્ટતાની વાત સાંભળીને જો તેઓ પોતે શત્રુપર ધસી ગયા હોય, તો ત્યાં જવું." એવી મનમાં યોજના કરીને, પરંતુ ભાગુરાયણના ભાષણ અને વર્તનથી અત્યંત વિષણ્ણ થતો અમાત્ય રાક્ષસ સેનાપતિના સ્થાનમાંથી બહાર નીકળ્યો. બહાર નીકળતાં જ જ્યાં ત્યાં હાહાકાર કરતા લોકોના સમૂહો જીવ લઇને દોડતા તેની દૃષ્ટિએ પડ્યા. તેમના પરસ્પર બોલવાનો એટલો બધો ઘોંઘાટ થએલો હતો કે, કોણ શું બોલે છે, એ બિલકુલ સમજી શકાતું નહોતું. વચવચમાંથી માત્ર રાક્ષસ નામનો ઉચ્ચાર થતો તેના સાંભળવામાં આવ્યો. એટલામાં કોઇએ પાછળથી આવીને તેની કોણીને સ્પર્શ કર્યો. પાછું વાળીને જોતાં તેનો પ્રતિહારી તેની દૃષ્ટિએ પડ્યો. તેણે તત્કાળ વિનતિ કરીને કહ્યું કે," અમાત્યરાજ! આ વેળાએ આપ જો કયાંક છુપાઈ બેસો તો ઘણું સારું. મહારાજાના પ્રયાણસમારંભને જોવા માટે એકઠો થએલો જનસમૂહ આ થએલી ઘટનાથી ઘણો જ સંતપ્ત થઈ ગયો છે અને આપનું નામ લઇને જનો જે આવે તે યદ્વા તદ્વા બકયા કરે છે. જ્યાં સુધી આપ કોઇના જોવામાં આવ્યા નથી, ત્યાં સુધી જીવ બચાવીને ચાલ્યા જવાનું શકય છે. નહિ તો એ છેડાયલા પ્રજાજનો શું કરશે અને શું નહિ, એનો નિયમ નથી. માટે સત્વર ચાલો,"

"મહારાજાની સવારી કયાંસુધી આવી છે? સભામંદિર પર્યંત પહોંચી નથી કે શું?" રાક્ષસે પૂછ્યું. તેના એ પ્રશ્નો સાંભળીને પ્રતિહારી તો સ્તબ્ધ જ થઈ ગયો. પુનઃ રાક્ષસે તેને એજ પ્રશ્નો પૂછ્યા. એટલે તે ધીમેથી કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! મહારાજાને આપે જ્યાં મોકલવાની વ્યવસ્થા કરી હતી, ત્યાં તેઓ પોતાના પુત્રો સહિત જઈ પહોંચ્યા છે, અને તેથી જ આપ મારા જેવા એક દીનના..."

"પ્રતિહારિન્! તું શું બકે છે? તારો બોલવાનો ભાવાર્થ હું જરા પણ સમજી શકતો નથી. સંતપ્ત થએલા પ્રજાજનો મારા નામનો ઉચ્ચાર કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યદ્વા તદ્વા બકે છે, તે શા માટે? અને બનેલી ઘટનાને જોઇને, એટલે શું?' રાક્ષસે પૂછ્યું.

"મહારાજાના............આપનાપર સર્વ જનોનો ક્રોધ....."

"શું? તે કપટી સુરાદેવીના મોહપાશમાંથી મુક્ત કરીને મહારાજાને પુનઃ રાજ્યકાર્યભારમાં લગાડ્યા, તે માટે સર્વ જનોનો મારાપર ક્રોધ થએલો છે? અરે! તું આ શું બોલે છે? આ સમારંભના આનંદોત્સવમાં તેં મદિરાપાન હદથી ઉપરાંત તો કર્યું નથી ને? બોલ બોલ–સત્વર બોલ–નહિ તો......" રાક્ષસે વચમાં જ તેને બોલતો અટકાવીને આ ઉદ્ગારો કાઢ્યા.

"અમાત્યરાજ! હું આપના પ્રાણ બચાવવામાટે બોલું છું. કૃપા કરી પ્રથમ અહીંથી નીકળી ચાલો. પછી હું આપને બધો વૃત્તાંત કહી સંભળાવીશ, આપેજ જો એ કાવત્રું કર્યું હોય, તોપણ મારો આપનામાં સારો ભાવ હોવાથી જ હું મારા ઉપદેશને ધ્યાનમાં લેવાની આપને હાથ જોડીને વિનતિ કરું છું. માટે સત્વર કોઈ પણ ગુપ્ત સ્થાને છુપાઈ રહેવા માટે ચાલો; નહિતો મહારાજાના આકસ્મિક થએલા ઘાતથી ખળભળેલા લોકો અવશ્ય આપના પ્રાણની હાનિ કરી નાખશે." પ્રતિહારીએ પ્રાર્થના કરીને કહ્યું.

"શું? મહારાજાનો આકસ્મિક ઘાત! કેવો ઘાત? કોનો ઘાત? આ તું શું બોલે છે? કાં તો તું ને કાં તો હું બન્નેમાંથી એકતો ભ્રમિષ્ટ થયો જ છે!" રાક્ષસે કહ્યું.

"ગમે તે ભ્રમિષ્ટ થયો હોય, પરંતુ આપ આપના પોતાના મંદિરમાં ન જતાં મારીસાથે આવી કોઇપણ બીજે સ્થળે છુપાઇ બેસો. ત્યાં હું આપને જે કાંઈ બન્યું છે, તે બધું કહી સંભળાવીશ." પ્રતિહારીએ પાછી પોતાની જ વાત કરી.

"પણ તું આ બધું કહે છે શું? હું મારા પોતાના મંદિરમાં ન જતાં બીજે સ્થળે છુપાઈ બેસું? શું હું ચોર છું? કે મને ગાંડો બનાવી દેવાની તું યોજના કરે છે? પ્રતિહારિન્, તું મારો ઘણો જ જૂનો અને વિશ્વાસુ સેવક છે, માટે જ હું તને અત્યારે તરછોડી નથી નાખતો. છતાં પણ તારાપર અત્યારે મને ઘણો જ ગુસ્સો આવ્યો છે." રાક્ષસે તેના બોલવાને તુચ્છકારીને કાઢ્યું.

"અમાત્યરાજ! અત્યારે આવા ભયંકર સમયે માર્ગ વચ્ચે હું આપને શું કહું? જે ક્ષણ જાય છે, તે મૂલ્યવાન્ છે. અદ્યાપિ કોઈ આ બાજૂએ આવ્યું નથી. અમાત્યરાજ! જે ખાડામાં મહારાજા અને તેમના રાજપુત્રો પડ્યા તે ખાડો ખાસ આપે જ ખોદાવ્યો હતો અને તેમ કરવામાં આપનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહારાજાના નાશનો હેતુ સમાયલો હતો, એવો જનસમૂહનો પોકાર છે. માટે આપના શિરે કોઈ સંકટ ન આવે અને આપ સુરક્ષિત રહો, તેથી જ આપ બ્હાનું કાઢીને અણીના સમયે મહારાજાથી દૂર થઈ ગયા હતા, એમ પણ તેઓ બોલે છે. અને......"

"અરે ખાડો કેવો અને આ પોકાર શો? હું તારા બોલવાનો ભાવાર્થ જરા પણ સમજી શકતો નથી. બધું સમજાવીને કહે..." વચમાં રાક્ષસ બોલ્યો.

"આ સ્થાન એ વૃત્તાંત કહેવામાટે યોગ્ય નથી. આપ જો મારી સાથે એકાન્તમાં આવો, તો કહી સંભળાવું." પ્રતિહારીએ ઉત્તર આપ્યું.

પ્રતિહારીના એ છૂટા છવાયા શબ્દોથી રાક્ષસ જાણી ગયો કે, "કોઈ પણ ભયંકર બનાવ બનેલો છે અને તેમાટે લોકોની શંકા મારામાં છે." ભાગુરાયણ પણ સૈન્યશિબિરમાં થોડા વખત પહેલાં જે કાંઈ બોલ્યો હતો, તેનું પણ હવે તેને સ્મરણ થયું અને આ સર્વ બનાવો બહુ જ વિચિત્ર ભાસવાથી તે ઘણો જ આશ્ચર્યચકિત થઇ ગયો. પણ શું થયું અને શું નહિ, તે સારીરીતે જાણ્યાવિના બેસી રહેવું એ ઠીક નથી, એવો વિચાર થવાથી તેણે તત્કાળ પ્રતિહારીસંગે જવાનું કબૂલ કર્યું. પ્રતિહારીએ તેને પુષ્પપુરીમાં એક ખૂણે રહેનારા પોતાના એક મિત્રને ઘેર લઈ જઇને રાખ્યો, અને બધી હકીકત કહી સંભળાવી. તે સાંભળીને રાક્ષસ ઘણો જ દુ:ખી થયો. "આટલાં વર્ષ જેની કાયા, વાચા અને મનથી સેવા કરી, તે મહારાજાના ઘાત માટે રચાતા વ્યૂહની મને બિલ્કુલ ખબર ન પડી શકી? અને તે દુષ્ટબુદ્ધિને હું પકડી ન શક્યો? આજસુધી મારી ચતુરતામાટે હું અભિમાન ધરાવતો હતો, તે મારી સઘળી ચતુરતા કયાં ચાલી ગઈ! બીજી કોઈ જેવી તેવી બીના હોત, તો તો ઠીક; પણ મહારાજાનો પોતાનો નાશ થવાનો હતો અને તે હું જાણી ન શક્યો, એ મારી કેટલી બધી અસાવધતા? આજસુધી હું મારા ચારચક્ષુત્વ માટે જે અહંકાર ધરાવતો હતો, તે વ્યર્થ જ?" એવા વિચારોથી તેના મનમાં આશ્ચર્ય, ખેદ અને ઉદ્વેગનો એકસાથે આવિર્ભાવ થયો; અને તેમાં પણ જ્યારે તેણે એમ સાંભળ્યું કે, "લોકોનો એવો જ નિશ્ચય થયો છે કે, એ કારસ્થાનનો કરનાર રાક્ષસ જ છે." ત્યારે તો તેના ખેદની સીમા જ રહી નહિ. "મારી ચતુરતા, દીર્ઘદૃષ્ટિ, નીતિવિશારદતા અને રાજકાર્યદક્ષતાનો કયાં લોપ થઈ ગયો? મારાં નેત્રો કયાં ગયાં? હું અંધ કેમ બની ગયો? કોઇપણ પ્રચંડ શત્રુએ એ વ્યૂહ ઘણી જ દક્ષતાથી રચેલો હોવો જોઇએ, એ સ્પષ્ટ છે. ત્યારે એ શત્રુ સેનાપતિ ભાગુરાયણ તો નહિ હોય? એણે જ આ સઘળી ભયંકર ઘટનાનો પાયો નાખ્યો નહિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય, એમ કેમ માની શકાય? એ જ તો પર્વતેશ્વર સાથે મળી ગયો નહિ હોય? અમુક દિવસે અને અમુક વેળાએ મહારાજાનો તેના સર્વપુત્રો સહિત હું નાશ કરવાનો છું, માટે તે દિવસે તું આવીને પાટલિપુત્રપર ચઢાઈ કરજે, એટલે મારા સૈન્યની હું તને સહાયતા આપીશ ને રાજ્ય તારે સ્વાધીન કરીશ, એમ લખીને એણે જ તો પર્વતેશ્વરને બોલાવ્યો નહિ હોયને? કાંઈપણ એવું જ કાવતું હોવું જોઈએ. એ વિના, આજે જ આવીને પર્વતેશ્વરે નગરને ઘેરો ઘાલ્યો, તેમ બનત નહિ. શું ત્યારે સેનાપતિ ભાગુરાયણે આટલી બધી નીચતા કરી હશે? ધિક્કાર–ધિક્કાર ભાગુરાયણ! તને સર્વથા ધિક્કાર હો! તારે આવું કપટતંત્ર કરવાની શી અગત્ય હતી? જો પાટલિપુત્રના સચિવ પદની તને અપેક્ષા હોત, તો હું આનંદથી તેતને આપત· માટે આમ કરીને માત્ર તેં તારી નીચતા જ દેખાડી આપી છે. પરંતુ ચિન્તા નહિ! આ સંકટમાંથી પાર પડીને પણ હું નન્દવંશની સેવા કરીશ અને પછી તારી કેવી દુર્દશા થાય છે, તે જોજે. એ જ મારી પ્રતિજ્ઞા–એજ મારો નિશ્ચય અને હવે એ જ મારું વ્રત!"

રાક્ષસની આ પ્રતિજ્ઞા કેવી રીતે પૂરી થઇ, તે આગળ જતાં જણાશી.

## પ્રકરણ ૩૦ મું.

## ચન્દ્રગુપ્તની સવારી.

નગરમાં મોટા ઠાઠથી ચન્દ્રગુપ્તને લાવવો અને રાજકેદી પર્વતેશ્વરને તેની આગળ ચલાવવો, એજ આર્ય ચાણક્યની મુખ્ય મહત્ત્વાકાંક્ષા હતી. તે તૃપ્ત કરવા માટે જેટલી યોજનાની આવશ્યકતા હતી, તેટલી સર્વ યોજનાઓ તેણે કરી રાખી હતી, અને ત્યારપછી તે ચન્દ્રગુપ્તને નગરમાં લઈ આવ્યો. લોકોનાં ખળભળેલાં મનો શાંત થાય, તેટલા માટે પ્રથમ ચન્દ્રગુપ્તે પર્વતેશ્વરને પરાજિત કરીને કેદ કરેલો છે, એ સમાચાર ચાણક્યે આખા નગરમાં ફેલાવી દીધા. અને ચન્દ્રગુપ્તે આજે પુષ્પપુરને યવનોના હાથમાં જતું અટકાવ્યું, એ કારણથી સ્થાને સ્થાને તેના નામનો જયજયકાર પ્રવર્તાવ્યો. તેવી જ રીતે ભાગુરાયણ સેનાપતિ પણ મહારણધીર છે, તેણે જો પોતાનાં સૈન્યને શસ્ત્રાસ્ત્રથી સજ્જ કરી તૈયાર ન રાખ્યું હોત, તો આ વેળાએ આપણા નગરમાં કોણ જાણે કેવોએ કહેર વર્તી ગયો હોત–માટે તેની રાજનિષ્ઠા અને ચતુરતાની જેટલી પ્રશંસા કરીએ, તેટલી થોડી છે, એવાં ભાષણો પણ સ્થળે સ્થળે થતાં રહે, તેની પણ સર્વ વ્યવસ્થા તેણે કરી નાખી. સમસ્ત રાજકુળ, રાજા ધનાનન્દ અને બીજા નંદવંશીય અંકુરોના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાશથી, સર્વથા શોકાકુલ થઈ ગએલું હોવાથી ચંદ્રગુપ્તમાટે વિશેષ સમારંભ કરવો યોગ્ય નથી, એમ ધારી તેણે વધારે ધામધૂમ કરવાનું માંડી વાળ્યું હતું. એવી ધામધૂમ કરવામાં કાંઈ પણ વિશેષ લાભ સમાયલો હતો નહિ, માત્ર લોકોના મનમાં ચન્દ્રગુપ્ત વિશે સારો ભાવ થઈ જાય, અને તે વ્યર્થ રાજ્ય મેળવવા માટે જ આવેલો છે, એમ કોઈને ન ભાસે, એટલો જ તેનો અંતઃસ્થ હેતુ હતો; અને તે સિદ્ધ થઈ જાય, તો પછી બીજા કશાની અગત્ય હતી નહિ.

એ યોજના પ્રમાણે ચન્દ્રગુપ્તે સમારંભપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. પર્વતેશ્વરનું તો માત્ર પ્રદર્શન જ કરાવવાનું હતું, તેથી તેના હાથ જોડાવીને તેના ઘોડાને ચન્દ્રગુપ્તના અશ્વથી કિંચિત્ આગળ ચલાવવામાં આવ્યો હતો. ચન્દ્રગુપ્તે અદ્યાપિ યુદ્ધનો પોશાક જ પહેરેલો હતો. લોકોની વૃત્તિ અને દાવાનળ એ બન્ને સમાન જ હોય છે-એકવાર તેમાં જ્વાળા પ્રકટી કે, પછી તે સર્વત્ર ફેલાતી જાય છે-ચાણક્યને જે જોઇતું હતું તે બરાબર આવી મળ્યું. ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણના જયજયકારનો ધ્વનિ સર્વત્ર કર્ણગોચર થવા લાગ્યો. લોકો જાણે નંદના નાશનો ખેદ સર્વથા ભૂલી જ ગયા હોયની! તેવો ભાસ થતો હતો.

લોકમતની ક્ષણભંગુરતાને ચાણક્ય સારીરીતે જાણતો હતો. ચન્દ્રગુપ્તનો પૂરેપૂરો પ્રભાવ ન પડે, ત્યાં સુધી તેને પ્રજાની દષ્ટિ સમક્ષ રાખવામાં સાર નથી-સર્વ નંદોનો નાશ થએલો છે, માટે હજી લોકોના મનમાં કેવી કેવી શંકાઓ થશે, એનો ભરોંસો નથી-માટે એકદમ તેને રાજમંદિરમાં લઈ જઈ સિંહાસને બેસાડી રાજતિલક કરીને તેના નામની આણ ફેરવી દેવાનો ચાણકયે નિશ્ચય કર્યો. "આવા કટાકટીના સમયે એક ક્ષણ પણ વ્યર્થ ન જાય, એની પૂરતી સંભાળ રાખવી જોઇએ, કારણ કે, એવા પ્રસંગે પ્રજામત સ્થાયી હોતું નથી, તેથી સંકટ આવવાની પળે પળે ભીતિ થયાં કરે છે. વેળા સાધી લેવી, એમાં જ ખરું ચાતુર્ય અને ખરું દૂરદર્શિત્વ સમાયલું છે. એમ ન કરવાથી બહુધા હાનિનું જ દર્શન થાય છે. માટે હવે જેટલી ઊતાવળે આ સમારંભની સમાપ્તિ થાય તેટલું સારું." એવો વિચાર કરી સવારી રાજગૃહમાં આવતાં જ તેણે પર્વતેશ્વરને નજર કેદમાં રાખવાની વ્યવસ્થા કરીને ભાગુરાયણ તથા ચન્દ્રગુપ્તને ખાનગીમાં બોલાવીને રાજ્ય સંબંધી કેટલાક વિચારો કર્યા. "રાક્ષસ કયાં છે અને શું કરે છે; એ વિશે બરાબર તપાસ રાખવી જોઇએ." ભાગુરાયણે સૂચના આપી, એટલે ચાણક્ય હસીને કહેવા લાગ્યો કે, "શું તમને એમ ભાસે છે કે, આવી વેળાએ એક ક્ષણ માત્ર પણ હું તેને મારી દૃષ્ટિથી દૂર થવા દઇશ ? ધનાનન્દની સવારીમાંથી તે નીકળ્યો ત્યારનો એક ગુપ્ત દૂત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેની દેખરેખમાટે તેની પાછળ ફર્યા કરે છે. રાક્ષસ કાંઈ કાર્ય સાધારણ પુરુષ નથી, અને જે થયું છે, તેથી નિરાશ થઈને બેસી રહેનારો પણ એ નથી. માટે આ વેળાએ એની પૂરતી રીતે સંભાળ રાખવી જોઇએ. એને પાટલિપુત્રમાંથી બહાર જવા દેવો જોઇએ નહિ. એ જો એકવાર આપણા હાથમાંથી છટકી ગયો, તો પછી શી શી ઉથલપાથલો કરશે એની કલ્પના પણ થવી અશક્ય છે. માટે હવે એ પાછો પોતાના પ્રધાનપદનો સ્વીકાર કરે, એ પ્રયત્નમાં જ આપણે આપણા સર્વ ચાતુર્યનો ઉપયોગ કરવો જોઇએ. પરંતુ પ્રધાન નીમાય તે પહેલાં રાજાને સિંહાસનારૂઢ કરવો જોઇએ અને તે સઘળું કરવાનું હવે તમારા હાથમાં છે. આ સમયે એક ક્ષણ માત્ર પણ વ્યર્થ ખોવી, એ ઘણું જ હાનિકારક છે. આ પળે જ દુઆહી ફેરવી દ્યો. ચાર શેઠો, ચાર મહાજન અને સર્વ ક્ષત્રિયવીરોની સભા ભરીને તેમને કહો કે, નન્દવંશનો આ ઘાત કેવી રીતે થયો, તેની તપાસ કરીને તે ઘાતકોને અને પાટલિપુત્રપર ચઢાઇ કરીને અહીં યાવની અધિકાર જમાવવામાટે ઉદ્યુક્ત થએલા પર્વતેશ્વરને શિક્ષા કરવાનો કોઇને પણ અધિકાર હોવો જોઇએ. એ પછી યોગ્ય ભાસે તેટલો ચન્દ્રગુપ્તનો વૃત્તાંત તેમને જણાવીને પોતાનું કાર્ય સાધી લેજો. રાક્ષસના સંબંધમાં હવે પછી શું કરવું અને શું નહિ એનો વિચાર હું પોતે જ કરીશ."

ચાણક્યની સૂચના પ્રમાણે ભાગુરાયણે સર્વ કાર્ય કરવાનો નિશ્ચય કર્યો. તત્કાળ મોટા ગણાતા પુરુષોમાંના ઘણાકને બોલાવી અને બનેલી બીનાથી તેમને જાણીતા કરી તેમના સમક્ષ તેણે ચન્દ્રગુપ્તના શૌર્ય અને વીર્યની ઘણી જ પ્રશંસા કરી અને તેને સિંહાસનારૂઢ કરવામાટે તેમનું અનુમોદન મેળવ્યું. એક બે જણે રાક્ષસના નામનો ઉચ્ચાર કરતાં ચન્દ્રગુપ્તે કહ્યું કે, "હવે પાટલિપુત્રમાં જો એના નામનો ઉચ્ચાર ન થાય, તો વધારે સારું. હું આમ કહું છું તેનાં અનેક કારણો છે અને તે સત્વર જ એની મેળે આપના જાણવામાં આવશે." એમ કહી પોતે હવે પછી શું કરવાનો છે, તેનું તે વિવેચન કરવા લાગ્યો. માત્ર ચન્દ્રગુપ્તના રાજ્યારોહણની જ દુઆહી ફેરવવા કરતાં નન્દના નાશનાં કોણ કોણ અને તેઓ કેવી રીતે કારણો થયા, એનો ચન્દ્રગુપ્તે ઘણી જ દક્ષતાથી શોધ કરેલો છે અને તેથી ખરા અપરાધીઓ સત્વર જ લોકોના જોવામાં આવશે, એવી ખબર પણ લોકોને આપી દેવાનો ચાણક્યે ઠરાવ કર્યો હતો. એ પ્રમાણે સર્વત્ર દુઆહી ફરી ગયા પછી ત્વરિત જ શુભ મુહૂર્ત અને શુભલગ્ન જોઇને ચન્દ્રગુપ્તના રાજ્યારોહણનું કાર્ય આટોપી લેવાનો પણ નિશ્ચય થઈ ચૂક્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચન્દ્રગુપ્તે પર્વતેશ્વરને પોતાની સભામાં બોલાવીને ચાણક્ય અને ભાગુરાયણ સમક્ષ કેટલાક પ્રશ્નો પૂછવા માંડ્યા. પ્રથમ તો તેણે એનાં કાંઈ પણ ઉત્તર આપ્યાં નહિ. પણ છેવટે કેટલોક ઊહાપોહ થતાં તેણે જણાવ્યું કે, "મારાપર રાક્ષસનાં કેટલાંક પત્રો આવ્યાં, તેથી જ હું પાટલિપુત્રપર ચઢી આવ્યો." પરંતુ એટલા જ ઉત્તરથી ચાણક્યના મનનું સમાધાન થયું નહિ. "રાક્ષસનાં તે પત્રો ક્યાં છે?" એવી ચાણક્યે માગણી કરી. એવિશે ઘણીક હા ના થતાં પર્વતેશ્વરે અન્તે તે પત્રો કાઢીને ચાણક્યને હવાલે કર્યાં. એ પત્રમાં નન્દવંશના નાશમાટે યોજેલી યુક્તિનો જો કે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો, તોપણ અમુક એક યુક્તિ કરેલી છે, એમ સ્પષ્ટ લખેલું હતું. પર્વતેશ્વરે જે જે ઉત્તરો આપ્યાં, તે સઘળાં ચાણક્યે કારકૂનદ્વારા સવિસ્તર દફતરમાં ઉતરાવી લીધાં. ત્યારપછી પોતાનાં કારસ્થાનોની આવી રીતે સફળતા થએલી જોઇને તેના મનમાં ઘણો જ આનન્દ થયો. એ સર્વ થઈ રહ્યા પછી ભાગુરાયણને એકબાજૂએ લઈ જઇને તે કહેવા લાગ્યો કે, "સેનાધ્યક્ષ! હવે તમારે એક વાત કરવાની છે. અમાત્ય રાક્ષસને આપણા હાથમાંથી જવા દેવો એ સારું નથી. માટે તમે યુક્તિથી તેને મળો અને તેને આપણી સાથે મળી જવામાટે પ્રાર્થના કરો. એ પ્રાર્થનાનો તે શો જવાબ આપે છે, તે સત્વર મને જણાવો. પર્વતેશ્વરે જે કાંઈ કહેલું છે અને પત્રો આપણને આપેલાં છે, તેવિશે જરા જેટલો ઇશારો પણ તેના સમક્ષ કરશો નહિ. તેને તો તમારે એમ જ કહેવું કે, જે થવાનું હતું તે થઈ ગયું છે, માટે હવે જે નન્દવંશનો ઘાત કરનારા હોય, તેમને આપણે બધાએ મળીને શોધી કાઢવા જોઇએ, અને તેમનું યોગ્ય રીતિથી પારિપત્ય કરવું જોઇએ. સારાંશ કે, જે રીતે તેનું મન આપણા પક્ષપ્રતિ આકર્ષાય તે જ રીતિનું તમારે અવલંબન કરવું." ભાગુરાયણે એ સર્વ ધ્યાનપૂર્વક સાંભળી લીધું, પરંતુ ચાણક્યે કહેલું કાર્ય પોતાને હાથે થઈ શકવાનું નથી જ, એવો તેનો દૃઢ નિશ્ચય હતો. તેમ જ એનાથી એ કાર્ય થશે અને રાક્ષસ એની પ્રાર્થનાને સ્વીકારશે, એવી ચાણક્યની પણ ધારણા હતી નહિ. તો પણ બીજી કોઈ યોજના કરી શકાય તે પહેલાં રાક્ષસના મનમાં હાલમાં શા વિચારો ચાલેલા છે, તે કાઢીને જાણી લેવા, એટલો જ એમ કરવામાં તેનો હેતુ હતો. સેનાસ્થાનમાં જઇને રાક્ષસ શું શું બોલી આવ્યો હતો અને ભાગુરાયણ સાથે તેનું શું શું સંભાષણ થયું હતું તેમ જ ભાગુરાયણ વિશે તેણે કેવા ઉદ્ગારો કાઢ્યા હતા, એ બધું ચાણક્યના જાણવામાં આવી ચૂક્યું હતું. એટલે હવે ભાગુરાયણ કાંઈ પણ પ્રશ્ન કરશે કે રાક્ષસ છેડાઇ જ જવાનો અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અવસ્ય યદ્દા તદ્દા બકવાનો–કોપમાં પોતે શું કરવાનો છે એ પણ તે જણાવી દેવાનો, એવો ચાણક્યનો સોળે સોળ આના તર્ક હતો. એ તેની આત્મશ્લાધાની વાતો પોતાને કાને આવે તો તે વિશે વિચાર કરવાનું કાર્ય સુલભ થાય, એવી ધારણાથી જ ચાણક્યે ભાગુરાયણને રાક્ષસ પાસે જવાની આજ્ઞા કરી હતી.

પોતા વિશે રાક્ષસના મનમાં શું આવ્યું છે અને તેણે શા ઉદ્દગારો કાઢ્યા હતા, એમાંનું ભાગુરાયણને અદ્યાપિ કાંઇ પણ જણાયું નહોતું. જો તેને એ વિશેની કાંઈ પણ ખબર હોત, તો તેણે રાક્ષસ પાસે જવાનું કબૂલ કર્યું હોત કે નહિ, એની શંકા જ છે. પરંતુ હાલ તો ચાણક્યની આજ્ઞાને માન આપી ભાગુરાયણ રાક્ષસ ક્યાં મળશે, એનો શોધ કરતો ચાલ્યો.

બીજી તરફ રાક્ષસ હવે શું કરવું, એના વિચારમાં નિમગ્ન થયો હતો. પોતાના પક્ષનો કોઈ પણ મનુષ્ય રહ્યો હોય, એમ તેને દેખાયું નહિ. કારણ કે, રાજ્યમાં કોઇ પણ જંગી ફિતૂર થવાથી જ આ સર્વ પ્રચંડ કારસ્થાન થએલું હોવું જોઇએ, એ તે સ્પષ્ટતાથી જાણી ગયો હતો. અદ્યાપિ તે સઘળું કારસ્થાન શું હતું, તે એના જાણવામાં આવ્યું નહોતું; તથાપિ જ્યાં કાંઈ પણ કારસ્થાનની શંકા થાય છે, ત્યાં સર્વત્ર અસત્યતા અને કપટનું જ સામ્રાજ્ય જોવામાં આવે છે, એવી શંકા આવવાથી રાક્ષસનું મન સર્વથા મૂંઝાઈ ગયું હતું. લોકોને પોતા વિશે શંકા કરતા જોઈને તો તેનો નિશ્ચય જ થઈ ગયો કે, કોઈએ આ કારસ્થાન ઘણી જ વિલક્ષણ રીતિથી અને ઘણા જ ચાતુર્યથી રચેલું હોવું જોઇએ, નહિ તો લોકોના મનમાં એકાએક આવો ભ્રમ આવી શકે નહિ. હવે તો એને પૂર્ણરીતે શોધી કાઢયા વિના બીજો ઉપાય જ નથી. પણ હવે એનું કારણ જાણવું કેવી રીતે? એની કોઈ યુક્તિ તેના ધ્યાનમાં આવી શકી નહિ. પ્રતિહારીએ રાક્ષસને કહેલો વૃત્તાંત લોકદૃષ્ટિથી જેટલો બહાર સંભળાયો હતો તેટલો જ હતો. અંતસ્થ કારસ્થાનો શાં હતાં, તેની તે બિચારાને ક્યાંથી ખબર હોઈ શકે વારુ? રાક્ષસ વિશે લોકોના મનમાં જે સંશય છે, તે વ્યર્થ છે, એવી તે પ્રતિહારીની ધારણા હતી. અમાત્ય પોતાના સ્વામીનો નાશ કરવાને આવી રીતે કોઈ કાળે પણ પ્રવૃત્ત થાય નહિ; એવો તેનો સોળેસોળ આના નિશ્ચય હતો. કારણ કે રાક્ષસની સ્વામિનિષ્ઠા વિશે તેના મનમાં લેશ માત્ર પણ શંકા હતી નહિ એ પ્રતિહારી વિના પોતાના વિશ્વાસમાં લેવા જેવો પુરુષ રાક્ષસને બીજો કોઇ પણ દેખાયો નહિ, અને એ વેળાએ કોઈપણ વિશ્વાસપાત્ર મનુષ્યની આવશ્યકતા તો ઘણી જ હતી. અહીં ભાગુરાયણે તેની પાસે જવાની તૈયારી કરીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનો શોધ કરવા માંડ્યો હતો. શોધ કરતાં કરતાં અમાત્યની પાછળ ફરતા ચાણક્યના ચારની સહાયતાથી તેણે રાક્ષસને પકડી પાડ્યો.

---

## પ્રકરણ ૩૧ મું.

## રાક્ષસની પ્રતિજ્ઞા.

રાક્ષસ ઘણો જ મૂંઝાઈ ગયો હતો, હવે શો ઉપાય કરવો, એની તેને કાંઈ પણ સૂઝ પડી નહિ. પ્રતિહારી પોતાના જે મિત્રને ઘેર તેને લઈ ગયો હતો, તે ઘરમાંથી હવે બહાર કેમ નીકળવું અને નીકળવાથી કદાચિત્ પ્રાણહાનિ તો નહિ થાય, એવી તેના મનમાં શંકા આવવા લાગી, અથવા તો ભીતિ થવા લાગી, એમ કહીશું તોપણ ચાલશે. પ્રતિહારીના મુખે તે એમ સાંભળી ચૂકયો હતો કે, "રાક્ષસે જ રાજકુળનો નાશ કરાવ્યો, એવી બધાની માનીનતા છે." જો એવી તેમની માનીનતા હોય, તો લોકોનું મન અવશ્ય મારા વિશે કલુષિત અને શંકાશીલ થએલું હોવું જોઇએ, અને મેં જ રાજકુલનો નાશ કરાવ્યો છે, એવી જ શંકાથી જો તેઓ મને જોતા રહેશે, તો મને તેઓ ઊભાને ઊભો જ બાળી નાખશે-એમાં કાંઇ પણ સંશય નથી. એવી તેના મનમાં ભીતિ થઈ. રાક્ષસ જો કે સ્વભાવે બીકણ તો નહોતો, વિરુદ્ધ પક્ષે તે શૂરવીર હતો; પણ હાલનો પ્રસંગ જ એવો વિલક્ષણ હતો કે, માત્ર શૌર્યનો કાંઈ પણ ઉપયોગ થઈ શકે તેમ હતું નહિ. અરણ્યમાંની અગ્નિજ્વાળા પ્રમાણે જ્યાં એકવાર અસત્ય અને નઠારા મતનો પ્રસાર થઈ ગયો, ત્યાં તેને સુધારવાનો એકલા હાથે તે કેટલોક પ્રયત્ન થઇ શકે? "આજસુધી હું આટલી બધી રાજનિષ્ઠાથી વર્ત્યો, અને નન્દના રાજ્યનો યશોદુંદુભિ સમસ્ત પૃથ્વી તલપર ગર્જતો રહે, એવી વ્યવસ્થા કરી, એ સર્વ પરિશ્રમોનું મને આવું જ ફળ મળ્યું ને? નાનાથી મોટા સુધીના સર્વ અધિકારીઓ મારા તાબામાં છે, એમ જાણીને વિશ્વાસ રાખીને હું બેસી રહ્યો તેનું પરિણામ આવું આવ્યું ને? સમસ્ત ભારત વર્ષમાં કયા દેશમાં શો પ્રકાર ચાલેલો છે, કયા રાજાનો શો વિચાર છે અને પાટલિપુત્રમાં કોની દૃષ્ટિ છે, એ સર્વનો શોધ કરી તેમનાં રહસ્યોને જાણનારો હું અમાત્ય રાક્ષસ મારા પોતાના જ નગરમાં રચાતાં કારસ્થાનોને જાણી ન શક્યો, એ મારો કેટલો બધો પ્રમાદ!!!" એવા એવા અનેક પ્રકારના વિચાર કરતો તે બિચારો પોતાના સ્થાને સ્વસ્થ અને દિગ્મૂઢ થઇને બેઠેલો હતો, એટલામાં સેનાપતિ ભાગુરાયણ અચાનક ત્યાં આવી પહોંચ્યો. જેના ઘરમાં અમાત્ય બેઠેલો હતો, તે પ્રથમ તો બારણાં ઉઘાડવામાં જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનાકાની કરવા લાગ્યો. કારણ કે, અમાત્ય રાક્ષસ પોતાના ઘરમાં છે, એ કોઇને માલૂમ થવું ન જોઇએ, એવી તેની ઇચ્છા હતી, અને તેના મિત્ર પ્રતિહારીએ પણ તેને એવો જ ઉપદેશ આપેલો હતો. પરંતુ ભાગુરાયણ સેનાપતિ પધારેલા છે અને અમાત્ય રાક્ષસ આ જ ગૃહમાં છે, એ તેઓ સારીરીતે જાણે છે–સેનાપતિ અમાત્યને જ મળવાના છે–માટે દ્વાર ઉઘાડો–જો દ્વાર ઉઘાડવામાં નહિ આવે, તો તેને તોડીને અંતઃપ્રવેશ કરવામાં આવશે. એવું ભાગુરાયણના અનુચરે જ્યારે થોડુંક ધમકીનું ભાષણ કર્યું; ત્યારે તે ઘરધણી ગભરાયો અને રાક્ષસપાસે જઈને, પોતાના શિરે આવેલા સંકટનું દુઃખિત મુદ્રાથી વિવેચન કરવા લાગ્યો. એ સાંભળીને રાક્ષસ કોપાયમાન થઈ ગયો અને કહેવા લાગ્યો, "બેધડક દરવાજા ખોલી નાંખો. પોતે જ પ્રપંચ રચીને બીજાને શિરે દોષારોપણ કરી તેનો ઘાત કરવા ઇચ્છતા નીચ ભાગુરાયણની મને જરા પણ ભીતિ નથી. આ સઘળાં કાળાં કૃત્યો એ નીચ ભાગુરાયણનાં જ કરેલાં છે. આ નન્દવંશની પ્રધાનપદવી પોતાને મળે, એ જ તેની મહત્વાકાંક્ષા છે, અને તેને તૃપ્ત કરવામાટે એ દુષ્ટે રાજકુળનો નાશ કર્યો છે. એને અંદર બોલાવો–જાઓ બોલાવો–મારું જે કાંઈ થવાનું હશે તે થશે–એનો વિચાર અત્યારે કરવાનો નથી."

રાક્ષસની એવી આજ્ઞા થતાં જ તે ઘરધણીએ આવીને દરવાજો ઉઘાડી નાખ્યો. દ્વાર ઊઘડતાં જ ભાગુરાયણ સેનાપતિએ ઘરમાં પ્રવેશ કર્યો અને તે દ્વાર ઊઘાડનારને શાંતિથી પરંતુ ભલતા ભલતા જવાબો આપવાથી કાંઈ પણ વળવાનું નથી, એવી ધમકી આપી પૂછ્યું કે, "અમાત્ય રાક્ષસ પાસે મને લઈ ચાલો." હા ના કરવાનો એ પ્રસંગ જ નહોતો, તેમ જ રાક્ષસની તેને લઈ આવવાની આજ્ઞા મળેલી હોવાથી હા ના કરવાની આવશ્યકતા પણ હતી નહિ, તેથી તત્કાલ સેનાપતિની ઇચ્છા પ્રમાણે તેને રાક્ષસ સમક્ષ લઈ જવામાં આવ્યો.

ભાગુરાયણ જો કે સેનાપતિ અને શૂરવીર પુરુષ હતો, પરંતુ તેણે ચાતુર્યયુક્ત અને કપટપૂર્ણ ભાષણો કરવાનો અભ્યાસ કરેલો નહોતો. અમાત્ય રાક્ષસ સન્મુખ આવ્યા પહેલાં, હું આમ બોલીશ, ને હું તેમ બોલીશ, એવી તેણે પોતાના મનમાં અનેક યોજનાઓ કરીરાખી હતી, પરંતુ અમાત્ય સમક્ષ જઇને ઊભા રહેતાં જ તેની અર્ધ આશાનો તો તત્કાળ નાશ થઈગયો.

ભાગુરાયણને જોતાં જ અમાત્ય રાક્ષસના શરીરમાં જાણે અગ્નિએ પ્રવેશ કર્યો હોયની, એવો તેને ભાસ થવા લાગ્યો! પોતાના કોપના અનિવાર્ય આવેશમાં જ તે ભાગુરાયણ ઉદ્દેશીને ધિક્કારના શબ્દો બોલ્યો કે, 'કેમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સેનાધ્યક્ષ! મહારાજાને તો સુરક્ષિતપણે પહોંચાડી દીધાને રાજસભામાં?" એ વાકય દ્વિઅર્થી હતું—એનો ભાગુરાયણુ કાંઈ પણ જવાબ આપે, એટલામાં તો તે પાછો બોલવા લાગ્યો, "ભાગુરાયણુ! રાજકુળનો ઘાત કરીને આ તારું કાળું મોઢું બતાવવાને શા માટે આવ્યો છે? મારા અંધત્વને લીધે લોકદષ્ટિથી જો કે તું મગધદેશનો સંરક્ષક બન્યો હોઇશ, છતાં પણુ મારી અને તારી પોતાની દૃષ્ટિથી તો તું રાજકુળનો ઘાતક જ છે. માટે તું અત્યારે પોતાના એ દુષ્ટ કૃત્યની બડાઈ મારવાને મારી પાસે આવેલો છે કે શું? નીચ! તું બધાંનાં નેત્રોમાં ધૂળ નાખીને તેમને આંધળા બનાવીશ?"

ભાગુરાયણુ તત્કાળ તેના બોલવાનો ભાવાર્થ સમજી ગયો. પરન્તુ તેણે એનું સમર્પક ઉત્તર જેટલી શીઘ્રતાથી આપવું જોઇતું હતું, તેટલી શીઘ્રતાથી આપ્યું નહિ. જો એને સ્થાને બીજો કોઈ હોત, તો તેણે "આપની જેવી ઇચ્છા હતી, તે પ્રમાણે બધું થઈ ચૂકયું છે," એવું જ ઉત્તર આપ્યું હોત. પરન્તુ સમયસૂચકતાનો ગુણુ ભાગુરાયણમાં જોઇએ તેવો હતો નહિ. એ તો ઉપર કહેલું જ છે. અર્થાત્ ક્ષણુ બે ક્ષણુ તેનાથી કાંઈ પણ બોલી શકાયું નહિ. ત્યાર પછી વિચાર કરીને તે રાક્ષસને કહેવા લાગ્યો કે," અમાત્યરાજ! મેં અને ચન્દ્રગુપ્તે મળીને પર્વતેશ્વરને કેદ કરી લીધો છે, માટે હવે પછી રાજ્યની શી વ્યવસ્થા કરવી, એટલો જ પ્રશ્ન બાકી રહેલો છે, અને આપની મંત્રણા વિના એ પ્રશ્નનો નિકાલ થઈ શકે તેમ નથી. તેથી આપને શોધતો શોધતો હું અહીં આવી લાગ્યો છું. આપણામાંથી કોઇને કાંઈ પણ છૂપા સમાચાર ન મળવાથી પર્વતેશ્વરનો દાવ ફાવી ગયો અને જે કાંઈ કરવાનું હતું તે તેણે કરી નાંખ્યું છે. હવે જે ઘાત થઈ ગયો છે, તેને ન થયો કરી શકાય તેમ નથી. એટલા માટે હવે જે કાંઈ પણ વ્યવસ્થા કરવાની હોય તેનો વિચાર થવો જોઇએ. આપ કૃપા કરીને ચાલો—સૈન્યે જે કર્તવ્ય બજાવવાનું હતું તે બજાવ્યું છે. હવે આપનું કર્તવ્ય બાકી રહેલું છે મને ચાણુ-ચન્દ્રગુપ્ત મહારાજે ખાસ આપને બોલાવી લાવવા માટે જ મોકલેલો છે."

સેનાપતિ ભાગુરાયણુ એ ભાષણુ કરતો હતો, તે ક્ષણે રાક્ષસના હૃદયમાંની કોપની જ્વાળાઓ તેના સમસ્ત શરીરને પ્રજાળી નાંખતી હતી. એમાં પણુ ચન્દ્રગુપ્તને મહારાજની પદવી મળ્યાનું સાંભળતાં તો તે પોતાનું ભાન પણુ ભૂલી ગયો. ભાગુરાયણે "ચાણુ" એવો અર્ધ શબ્દ ઉચ્ચારી જીભ કચરીને ચન્દ્રગુપ્ત મહારાજનું નામ લીધું, એ બીના રાક્ષસના ધ્યાનમાં આવી નહિ. ને તત્કાળ કાંઇક સંતાપ, કાંઇક ઉદ્વેગ અને કાંઇક કપટના સંમિશ્રિત ભાવથી બોલ્યો કે, "ચન્દ્રગુપ્ત મહારાજ? ચન્દ્રગુપ્ત મહારાજનું

૨૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો મેં કોઈ વાર નામ માત્ર પણ સાંભળેલું નથી. ઠીક ઠીક–તેં પેલી વૃષલીના ભત્રીજાને રાજ્યાસને બેસાડવામાટે જ આ નીચ કૃત્ય કરેલું છે, એ હવે સમજાયું. હવે એ બનાવનાં સઘળાં કારણો મારા ધ્યાનમાં આવી ચૂકયાં. તે વૃષલીએ જ અન્તે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે મહારાજાનો ઘાત કરાવીને પોતાના ભત્રીજાને આ મગધદેશના સિંહાસને બેસાડવાનો પ્રસંગ આણ્યો ખરો! શાબાશ–શાબાશ! अनृतं साहसं माया ઇત્યાદિ ગુણોથી વિભૂષિત એવું એ સ્ત્રીરૂપી યંત્ર ત્રિભુવનના નાશ માટે જ ઉત્પન્ન થએલું છે, એમ જે કહેવામાં આવે છે, તે કાંઈ ખોટું નથી. ઓ ચાંડાલિનિ! જે વેળાએ તારા દુર્ભાગી પુત્રનો વધ કરાવ્યો, તે વેળાએ સાથે મહારાજાએ તારો પણ વધ કરાવી નાંખ્યો હોત, તો આજે આ ભયંકર પ્રસંગ જોવાનો અવસર અમને પ્રાપ્ત થાત જ નહિ. અને સેનાધ્યક્ષ! તારા જેવા પુરુષે તેના વાક્‌પાશમાં ફસાઇને આવું કાળું કાવત્રું કરવું યોગ્ય હતું કે? તને અમાત્ય પદવીની લાલસા હતી, તો તે વાત મને જણાવવી હતી, એટલે તે પદવી મેં તને મહા આનંદથી આપી હોત. હું સ્વસ્થ ઘેર બેસી રહ્યો હોત અને......પરંતુ તને હવે એ બધું કહી સંભળાવવાથી શો લાભ થવાનો છે? સર્વસ્વનો નાશ તો તું કરી ચૂકયો. પરન્તુ ભાગુરાયણ! જે સ્વામીનો ઘાત કરે છે, તેનું કોઈ કાળે પણ ભલું થતું નથી, માટે તારું પણ ભલું તો નહિ જ થાય." ભાગુરાયણે તેના એ વાગ્બાણોને શાંતિથી સહન કરી લીધો, અને થોડીવાર પછી તે તેને કહેવા લાગ્યો કે, "જે સ્વામિઘાતક હોય છે, તેનું ભલું થવાની કોઈ ઇચ્છા પણ કરતું નથી. પરંતુ સ્વામિનો ઘાત આપણામાંથી કોઇએ પણ કર્યો હોય; એવો સંભવ તો દેખાતો નથી. આપણે મગધદેશને સર્વથા નિર્ભય થયેલો માનીને બેપરવાઇમાં બેસી રહ્યા, તેથી જ પર્વતેશ્વરનો દાવ ફાવી જતાં તેણે મહારાજાનો ઘાત કરી નાંખ્યો. કુમાર ચન્દ્રગુપ્તે તેનો પરાજય કરીને તેને પકડી લીધો, એ કાર્ય માટે આપે તેની સ્તુતિ કરવી જોઇએ, તેને બદલે આપ તેના શિરે જ દોષનો આરોપ કરો છો, એ તે શું કહેવાય? વળી મને પણ આપ દૂષિત ઠરાવો છો; એ આપની મતિ કેવા પ્રકારની? હવે આપ આ અજ્ઞાત વાસમાં કેટલાક દિવસ પડી રહેવાના? મહારાજાનો ઘાત થયો ત્યારથી આપ અહીં જ વસો છો, એ વાતની મને ખબર મળવાથી આપને શોધતો શોધતો હું આજે અહીં આવી પહોંચ્યો છું. આપની બેપરવાઇને લીધે જ આટલો બધો અનર્થ થયો, તોપણ આર્ય ચાણ–નહિ–મહારાજ ચન્દ્રગુપ્તની એવી ઇચ્છા છે કે, હવે પછીની રાજ્યની વ્યવસ્થા પણ આપની અનુમતિથી જ થવી જોઇએ......"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સેનાધ્યક્ષ!" રાક્ષસ એકાએક મોટેથી પોકારી ઊઠ્યો "આ તમારું કેવું કપટ નાટક? તમારી દૃષ્ટિથી તે વૃષલીનો ભત્રીજો મહારાજ હશે, પરંતુ મારા વિચાર પ્રમાણે તેમ નથી. મારા આ દેહમાં જ્યાં સૂધી પ્રાણ છે, ત્યાં સૂધી મારાથી બનતા હું બધા પ્રયત્નો કરીશ અને તેને આ મગધદેશની સીમાથી બહાર કાઢી મૂકીશ. નન્દના રક્તથી રંગાયલા હસ્તે મારા ગળાને બાઝીને મને પણ તું પોતાના પક્ષમાં લેવાની ઇચ્છા રાખે છે, એમાં તારી ભૂલ છે–તું ઠગાય છે. હું નન્દવંશનો ઋણી છું–તેથી હું મરતાં સૂધી પણ તેની સેવા કરીશ. તારા ચન્દ્રગુપ્ત જેવા દ્રોહીજનોની સેવા કરીને હું મારી કાયા અને બુદ્ધિને કદાપિ કલંકિત કરનાર નથી. જા અને હવે બીજી વાર મારાથી આ વિષય સંબંધી ભાષણ કરવાને આવીશ નહિ. મારા અંગમાં જો હજી પણ કાંઈ કર્તૃત્વશક્તિ હશે, તો શીઘ્ર જ તેનું તમને દર્શન થશે. નહિ તો હું આ મગધદેશમાંથી મારું કાળું મોઢું કરીને સદાને માટે ચાલ્યો જઇશ. જા–હવે તારું અને મારું પુનઃ સંભાષણ કોઈ કાળે પણ થવાનું નથી. તેં તારા માટે નવો માર્ગ અને નવો સ્વામી શોધી કાઢ્યો છે, પણ હું તો મારા જૂના માર્ગમાં જ પ્રયાણ કરીશ. તારા બોલવા ઉપરથી સાફ જણાય છે કે, તમારી પૂઠે બીજો પણ કોઈ સહાયક છે. તારા બોલવામાં હમણાં જ આર્ય ચાણક્યનું નામ આવ્યું હતું; પરંતુ તેને અર્ધું દબાવીને તેં ચન્દ્રગુપ્તના નામનો ઉચ્ચાર કર્યો. એ બ્રાહ્મણે તને સર્વથા મોહપાશમાં ફસાવીને પોતાનો દાસ બનાવી લીધો હોય, એમ સ્પષ્ટ અનુમાન થઈ શકે છે. એ બ્રાહ્મણનો તો આ બધો પ્રપંચ નહિ હોય? એ ચન્દ્રગુપ્તસાથે જ અહીં આવ્યો હતો, માટે આ બધાં કૃત્યો કદાચિત્ એનાં જ હશે. કદાચિત્ તે વ્યાધરાજાએ જ એને મગધનું રાજ્ય લેવામાટે અહીં મોકલ્યો હોય, એમ કેમ માની ન શકાય? હું ઘણો જ મૂર્ખ કે નેત્રો બંધ કરીને બેસી રહ્યો. મારા મનમાં કિંચિદ્ માત્ર પણ શંકા આવી નહિ, કે આવો ભયંકર પ્રસંગ આવવાનો છે! નીતિમાં એમ કહેલું છે કે, રાજમંત્રીએ સર્વદા જાણે શત્રુઓ ચઢી આવ્યા હોય, એવી શંકાથી જ રહેવું જોઇએ અને તે સત્ય છે. પણ હવે હું વિનાકારણ લાંબાં લાંબાં ભાષણો આપતો બેસી રહ્યો છું, એથી શો લાભ થવાનો છે? ભાગુરાયણ! તમે ત્રણ ચાર જણે મળીને જે કાર્ય કર્યું, તે સર્વથા અનુચિત હતું. અને વળી એ પ્રપંચ રાક્ષસે કર્યો એવો લોકોના મનમાં ભ્રમ ઉપજાવ્યો છે, એ તો વળી તેના કરતાં પણ વધારે અયોગ્ય છે. હું એ પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રસંગ તમારે શિરે અવશ્ય લાવીશ, લાવીશ ને લાવીશ–ત્યારે જ મારા જીવનની સાર્થકતા થશે. તમારા કપટ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાટકના રહસ્યને હજી હું બરાબર જાણી શક્યો નથી. પરંતુ એકવાર એ બધું મારા સમજવામાં આવ્યું, એટલે હું તમારા કરતાં સહસ્ર વાર સરસ કહી શકાય તેવાં કપટનાટકો ભજવી શકીશ, અને તેમ કરીને તમારો બધાનો વિધ્વંસ કરીશ. હવે પાછો આ રાક્ષસને ભેટીશ નહિ. આ રાક્ષસ નન્દનો સેવક છે—જ્યાં સૂધી પૃથ્વીમાં નન્દ એ નામ માત્ર પણ કાયમ છે, ત્યાં સૂધી બીજા કોઇની પણ હું સેવા કરવાનો નથી."

એટલું બોલીને રાક્ષસ ભાગુરાયણને પીઠ દેખાડી મોઢું ફેરવીને મૌન્ય ધારી બેસી રહ્યો—એક શબ્દ પણ તેણે પાછો ઉચ્ચાર્યો નહિ. ભાગુરાયણને પણ હવે શો જવાબ આપવો, એની સૂઝ પડી નહિ, અને ત્યાં વધારે વાર બેસવામાં પણ લાભ નથી એમ પણ તેને જણાયું. તેથી તેણે "આપની જેવી ઇચ્છા હોય તેમ કરવાને આપ સમર્થ છો." એટલું જ વાક્ય ઉચ્ચારીને ત્યાંથી પ્રયાણ કર્યું. જે કાંઈ બન્યું હતું, તે બધા કાર્યનો કર્ત્તા બીજો જ છે, એમ જાણવા છતાં પણ તેનો સઘળો આરોપ રાક્ષસના શિરે ઢોળી પાડવા જેટલી શક્તિ ભાગુરાયણમાં હતી નહિ. ગમે તેટલો તે દક્ષ હોય, તોપણ ઘણાંક વર્ષ સૂધી તેણે અમાત્ય રાક્ષસના હાથ નીચે કામ કર્યું હતું. એથી એકદમ તેનાપર આટલો બધો દોષારોપ કરતાં તે અચકાયો હોય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈપણ નથી. ભાગુરાયણ ત્યાંથી બહાર નીકળ્યો, તે વેળાએ પોતે જાણે કોઈ મોટા સંકટમાંથી મુક્ત થયો હોય, એમ તેને ભાસ્યું. ભાગુરાયણ એક સિપાહી ભાઈ હોવાથી કપટભાષણ કરીને બીજાના મનની વાત કાઢી લેવાની કળામાં તે કાચો હોય, એ સ્વાભાવિક હતું. ત્યાંથી નીકળી સીધો ચાણક્ય પાસે આવીને તેણે બનેલી સર્વ બીના ચાણક્યને અથેતિ કહી સંભળાવી. રાક્ષસ સુલભતાથી તો આપણા પંજામાં આવવાનો નથી જ, એ તો ચાણક્ય સારીરીતે જાણતો હતો; પરંતુ જો તેણે પોતા વિરુદ્ધ કાંઇપણ કપટવ્યૂહની રચના કરી હોય, તો તેની કાંઇક ખબર મેળવવાના હેતુથી જ ચાણક્યે ભાગુરાયણને તેની પાસે મોકલ્યો હતો. ભાગુરાયણે ત્યાં જઇને જેટલી વેળા વીતાડી, તેટલી વેળામાં બીજી જે કાંઈ યોજનાઓ કરવાની હતી, તે ચાણક્યે યથાસ્થિત કરી રાખી, અને ચન્દ્રગુપ્તના હાથે રાક્ષસપર પત્ર લખાવ્યું કે, "પર્વતેશ્વરને અમે પકડી લાવ્યા છીએ, એ સમાચાર આપે સેનાપતિના મુખથી સાંભળ્યા જ હશે. હવે પર્વતેશ્વરે જે આ ભયંકર અપરાધ કરેલો છે, એનો તેની પાસેથી જવાબ માંગીને તેને શિક્ષા કરવી કે તેના પુત્ર પાસેથી યોગ્ય ખંડણી લઇને તેને છોડી દેવો, એ વિશેના વિચાર માટે અધિકરણિકાની યોજના કરવાની છે. આપ નન્દકુળના સ્વામિનિષ્ઠ સેવક છો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેથી નન્દોનો જે આ ઘાત થયો છે, તેને માટે અપરાધીઓને યોગ્ય શિક્ષા આપવાનો અધિકાર આપને જ છે. માટે આપે જ અધિકરણિકત્વનો સ્વીકાર કરીને ન્યાય આપવો જોઇએ, એવી અમારી ઇચ્છા છે. એમ થવાથી લોકોનાં કલુષિત થએલાં મનો પણ શુદ્ધ થશે અને ખરા અપરાધીઓ તથા પ્રપંચ કરનારા કોણ છે, એનો પણ ઊહાપોહ થઈ જવાથી સર્વ કાર્ય ઉત્તમ પ્રકારે પાર પડી જશે. સારાંશ કે, આ મહત્ત્વના કાર્યમાં આપે વિલંબ ન કરવો, એ જ અમારી પ્રાર્થના છે. આ વિનતિનો અનાદર કરશો તો તે સ્વામીના કાર્યનો અનાદર કરવા બરાબર ગણાશે. ઇતિ."

એ પત્ર ત્વરિત રાક્ષસને પહોંચી જાય, એની પણ વ્યવસ્થા કરવામાં આવી. એ પત્ર ચન્દ્રગુપ્તે મોકલેલું છે, એમ જણાતાં જ પ્રથમ તો રાક્ષસે તેને ફાડી નાંખવાનો વિચાર કર્યો; પરંતુ પછીથી તેને વાંચતાં જ તે આશ્ચર્યચકિત થઈ ગયો. પર્વતેશ્વરને શિક્ષા કરવામાટે અને ખરા પ્રપંચીઓને શોધી કાઢી તેમનો પણ પરાજય કરવામાટે આપણને અધિકરણિકત્વ આપીને તે આવવાનું કહે છે, એવી વિગત વાંચવાથી તેના મનમાં આશ્ચર્ય થાય, એ સાહજિક હતું. તેને માત્ર આશ્ચર્ય થયું; એટલું જ નહિ, પણ તેની બુદ્ધિ જડભરત જેવી થઈ ગઈ. "જો આ અધિકરણિકત્વનો હું અત્યારે સ્વીકાર કરું છું, તો ચન્દ્રગુપ્તની સેવા કરવા જેવું અને તેને નન્દના સિંહાસને બેસાડવામાં અનુમતિ આપવા જેવું થાય છે; અને જો એનો અસ્વીકાર કરું છું, તો આ કાવત્રામાં મારો કાંઈ પણ હાથ હતો, તેથી જ અપરાધીઓને શિક્ષા આપવાના પ્રમુખત્વનો મેં અસ્વીકાર કર્યો, એવી ખોટી અફવા ઉડાવવાનો એમને ધારેલો અવસર હસ્તગત થશે. માટે જો હું એ અધિકારનો સ્વીકાર કરીશ, તો પર્વતેશ્વરને આડાઅવળા પ્રશ્નો પૂછીને એ ત્રણ જણનો આ પ્રપંચમાં કેટલોક હાથ હતો, તે હું જાણી શકીશ અને પછીથી તે જગતને દેખાડી શકીશ. સારાંશ કે, હાલ તો એ પ્રમુખપદે વિરાજવું અને એમના ખોદેલા ખાડામાં એમને જ હોમી દેવા–એટલે કે મને આ અધિકાર આપવામાં જો તેમની કાંઈ પણ કુત્સિત બુદ્ધિ હશે, તો તે ઝટ દઇને જણાઈ રહેશે. એ વિના અત્યારે આપણાથી સ્વતંત્ર રીતે કાંઈ પણ થઈ શકે તેમ નથી. હવે આપણા પક્ષમાં રહ્યું છે કોણ, એ જ નથી સમજાતું. જો હું કોઇને મારો વિશ્વાસપાત્ર ધારીને મારું ગુપ્ત કાર્ય કરવાનું કહું, અને તે જઇને શત્રુને કહી દે, એટલે પછી રહ્યું શું? એના કરતાં તેમણે મને અધિકાર આપવાની યોજના કરેલી છે, તે અધિકારને સ્વીકારીને તેમના ટાંટિયા તેમના જ ગળામાં નાંખવા, એ વધારે સારું છે." એવો પૂર્ણ વિચાર કરીને રાક્ષસે પોતાના પ્રતિહારીદ્વારા નિમ્ન-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લિખિત ઉત્તર મોકલ્યું;-"વ્યાધપતિ પ્રદ્યુમ્નદેવના ચિરંજીવી કુમાર ચન્દ્રગુપ્તને અમાત્ય રાક્ષસના અનેક આશીર્વાદ હો ! વિશેષ, આપનું પત્ર મળ્યું, તેમાં લખ્યા પ્રમાણે પર્વતેશ્વરનાં કૃષ્ણ કારસ્થાનોની તપાસ કરવાનું મહત્ કાર્ય બજાવવાને હું તૈયાર છું. માત્ર તે તપાસમાં જે જે વ્યક્તિઓ અપરાધી સિદ્ધ થાય, તેમને હું કહું તે પ્રમાણે શિક્ષા થવી જોઇએ, એવી વ્યવસ્થા કરવાની કૃપા કરશો. મારું એ વચન માન્ય રખાય, તો બીજો કોઈ પણ જાતનો વાંધો મને નથી. નંદવંશનો ઘાત કરનારાઓને શિક્ષા કરવારૂપ એ નષ્ટ વંશની આ છેલ્લી સેવા જ મારા હાથે થવાની છે. ઇતિ." એ પત્ર વાંચતાં જ ચાણક્ય હર્ષઘેલો થઈ ગયો અને પોતાના નીતિનૈપુણ્યની હવે સીમા થઈ, એમ માનવા લાગ્યો. હર્ષના ઉભરામાં તે આત્મગત કહેવા લાગ્યો કે, "અમાત્ય રાક્ષસ! હવે તું મારા જાળમાં પૂરેપૂરો સપડાયો!" એ વાક્યો ઉચ્ચારીને પોતાના વિજયના ચિન્હ તરીકે તેણે તાળી વગાડી.

## પ્રકરણ ૩૨ મું.

### ન્યાય શો થયો?

રાક્ષસને પ્રમુખ નીમવાની યુક્તિમાં ચાણક્યના મનનો હેતુ એટલો જ હતો કે, તેને એકવાર ગમે તેમ કરીને પણ તેના અજ્ઞાતવાસમાંથી બહાર કાઢવો અને ખુલ્લા મેદાનમાં લાવવો, ત્યારપછી તેની સારીરીતે પૂજેતી કરીને ચન્દ્રગુપ્તને સિંહાસને બેસાડવાના કાર્યમાં પણ તેને જ અગ્રણી બનાવવો. ચાણક્ય મહાન્ નીતિચતુર, કુટિલ, પોતાના વૈરીનો સર્વથા નાશ કરવામાં સર્વદા તત્પર અને મહાકોપિષ્ટ ઇત્યાદિ સર્વ વિષયોમાં પૂરો દુર્ગુણી હતો, પરંતુ એક મહાન્ અવગુણ તેનામાં સર્વથા હતો નહિ–અર્થાત્ તેના હૃદયમાં લોભનો છાંટો પણ નહોતો. તેને અધિકારની દરકાર નહોતી, તેમ જ દ્રવ્યની અભિલાષા નહોતી. માત્ર પોતાને અપાયલું અપમાન સહન ન થઈ શકવાથી જ તેણે નન્દકુળના નાશની ઘોરતમા પ્રતિજ્ઞા કરી હતી અને કોઈ પણ પ્રયત્ને તે પાર પાડવાની તેની પૂર્ણ અભિલાષા હતી. તે પાર પાડવામાટે જે જે પ્રયત્નો કરવાના હતા, તે સર્વ તે કરી ચૂકયો હતો. પોતે ઔષધિઓનું સારું જ્ઞાન ધરાવતો હોવાથી વૈદ્ય બની અનેકોના રોગો ટાળી તેણે હિમાલયમાં વસતા વ્યાધ આદિ લોકોની કૃપા મેળવી હતી. ધનુર્વેદ જેવાં શાસ્ત્ર અને તેના પ્રયોગોમાં પોતે ઘણો જ પ્રવીણ હોવાથી એ જ્ઞાનનો પણ તેમના બાળકોને લાભ આપીને તેણે તેમને બધાને પોતાના બનાવી લીધા હતા. સારાંશ કે, સર્વથા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાધનહીન અને દરિદ્રી હોવા છતાં પણ ચાણક્યે માત્ર પોતાના વિદ્યારૂપી ધનના પ્રભાવથી હિમાલયમાંના કેટલાક વ્યાધ અને ભિલ્લ આદિ જાતિનાં લોકોના રાજાઓ ઉપર તથા ગોપાલ અને અજાપાલ (ગોવાળીઆ અને ભરવાડ) ઇત્યાદિ બીજા લોકોપર પોતાની પ્રતિભા પ્રસરાવી દીધી હતી. પ્રાચીન કાળના ઋષિઓ જેવી રીતે વર્તતા હતા, તેવી જ રીતિનું પોતાનું વર્તન રાખીને તેણે બધાને વશ કરી લીધા હતા. તેમના બાળકોની તો એનામાં એટલી બધી ભક્તિ બંધાઈ ગઈ હતી કે, તેનું વર્ણન પણ થઈ શકે નહિ. કોઈ પણ મનુષ્ય અત્યંત વિદ્વાન્ અને સાથે નિઃસ્પૃહી હોય તો તેનો પ્રભાવ સર્વત્ર પડી શકે છે, એ સર્વમાન્ય સિદ્ધાંત છે. હિમાલયમાં પોતાના જે ગુણો તેને ઉપયોગી થઈ પડ્યા હતા, તે જ ગુણોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી તે પાટલિપુત્રમાં પણ તેને તેવા જ કિંતુ તેથી પણ વધારે ઉપયોગી થઈ પડ્યા. તેમ જ તેના મંત્ર, તંત્ર અને ઔષધિજ્ઞાનના યોગે તથા બુદ્ધભિક્ષુ વસુભૂતિએ આશ્રય આપવાથી પાટલિપુત્રમાંના કેટલાક શ્રીમંત શેઠિયાઓ સાથે પણ તેનો સંબંધ જોડાયો હતો અને દિવસો જતાં તે ઘણો જ દૃઢ થઈ ગયો હતો. ચંદનદાસ જેવા રાક્ષસના મિત્રો પણ ચાણક્યને ઘણી જ માનની દૃષ્ટિથી જોવા લાગ્યા હતા. એટલાં બધાં અનુકૂલ સાધનો હોવા છતાં પણ એ બ્રાહ્મણ તેમનાથી સર્વદા નિઃસ્પૃહતાથી જ વર્ત્તતો હતો. કોઈ પાસેથી તેણે કોઈ દિવસે એક કોડીની પણ યાચના કરી નહોતી. કોઇવાર કોઈ કાંઈ દાન આપતું, તો "હું પ્રતિગ્રહનું ગ્રહણ કરતો નથી." એમ કહીને તેને તે પાછું જ ફેરવતો હતો. પોતાનું ખરું સ્વરૂપ તેણે કોઇના પણ જાણવામાં આવવા દીધું નહિ.

જેની સહાયતાથી સમસ્ત પાટલિપુત્રમાં તેની ઓળખાણ થઈ હતી, તે વસુભૂતિને પણ તેણે છોડ્યો નહિ. તેની સાથે તેણે પોતાનું વર્તન પ્રથમ પ્રમાણે જ રાખ્યું હતું. માત્ર સિદ્ધાર્થકને સર્વથા પોતાનો ભક્ત બનાવી દીધો હતો. સિદ્ધાર્થક પણ કાંઈ ઓછો ખટપટી નહોતો; તેણે ચાણક્યને અનેક પ્રકારની સહાયતાઓ આપી હતી. પરંતુ તે સર્વનું અહીં વિવેચન કરવાની કશી પણ આવશ્યકતા નથી. એક નિરપેક્ષ અને અત્યંત તેજસ્વી વિદ્વાન્ બ્રાહ્મણ કેવળ પોતાના ચાતુર્યના બળે અનેક પ્રકારના વ્યૂહો રચીને કેવાં કેવાં પરિવર્તનો કરી શકે છે, એની કલ્પના પણ થવી અશક્ય છે. બાળકોએ યવનો પાસેથી લૂટેલું દ્રવ્ય તેના કોષમાં હોવાથી તેને દ્રવ્યના અભાવથી પડતી વિડંબનાનો જરા જેટલો પણ અનુભવ થયો નહિ. અર્થાત્ તે સર્વથા નિઃસ્પૃહ રહેવાથી જે કોઈ આવ્યું, તે સહજ સ્વભાવે તેના જાળમાં સપડાતું ગયું અને હવે સર્વ પ્રપંચોનો અવધિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવાની વેળા આવી પહોંચી. રાક્ષસ સર્વથા સરળ અને એક માર્ગી પુરુષ હતો, તેથી "મારા પ્રપંચોના રહસ્યને તે કોઈ કાળે પણ જાણી શકશે નહિ." એવો ચાણક્યનો મૂળથી જ નિશ્ચય બંધાઈ ગયો હતો. ચાણક્ય આટલાં બધાં ગુપ્ત કારસ્થાનો કરતો હતો, તેનો રાક્ષસના મનમાં બિલ્કુલ સંશય ન આવ્યો. એ કોઈ બુભુક્ષિત બ્રાહ્મણ વ્યાધ રાજાના પુત્ર સાથે આવેલો છે, એટલી જ કલ્પના કરીને તે બેસી રહ્યો અને ભાગુરાયણ સેનાપતિ તેને ત્યાં આવતો જતો હોવાથી પોતે તેને બોલાવવાનું અનુચિત ધાર્યું, એ બધી વાતો ચાણક્યને માટે ઘણી જ શ્રેયસ્કર થઈ પડી. એથી તેને પરસ્પર ગમે તેવી વાતો કરવાનો નિર્વિઘ્ન પ્રસંગ મળતો ગયો. સારાંશ કે, જે કાંઈ પણ અનુકૂલ સાધનો હતાં, તે સર્વ ચાણક્યને સરળતાથી મળી શકયાં. હવે જે કાંઈ પણ કરવાનું હતું તે એટલું જ કે, રાક્ષસના અનુમોદનથી ચન્દ્રગુપ્તને સિંહાસને બેસાડીને રાક્ષસને તેનો અમાત્ય બનાવવો. અને ત્યાર પછી તેના જ હાથે એકવાર ગ્રીક યવનોનો સારો પરાભવ કરાવીને તે યવનોને આ પવિત્ર આર્યાવર્ત્તની ભૂમિમાંથી પાછા હાંકી કાઢવા. એટલું થયું એટલે તેની સર્વ ઇચ્છાઓ પૂરી થવા જેવું જ હતું. જો એ કાર્ય થઈ રહે, તો પછી તેનો પુનઃ હિમાલયમાં જઇને પોતાના આશ્રમમાં તપશ્ચર્યા કરવાનો વિચાર જ નહિ, પણ નિશ્ચય થએલો હતો. રાક્ષસને હવે પોતાના પક્ષમાં લાવવામાટે દ્રવ્ય કિંવા અધિકારનો લોભ ઉપયોગી થઈ શકે, તેમ હતું નહિ. પોતાના સ્વામીના કુળનો જેણે વિધ્વંસ કર્યો છે, તેનાં કારસ્થાનોને ઊઘાડાં પાડીને લોકોમાં તેની ફજેતી કરવી અને તેને પોતાને હાથે જ દેહાંત દંડની શિક્ષા કરવી, એટલી જ રાક્ષસની ધારણા હતી. માટે એવો પ્રસંગ તેને આપવાનો લોભ બતાવવામાં આવે, તો જ તે વશ થઈ શકે એમ હતું. જો એમ ન થાય, તો બહાર પડવાને બદલે કોઈ પારકા રાજ્ય સાથે મળીને તે ચન્દ્રગુપ્તને ત્રાસ આપવાનો પ્રયત્ન કરે, એવો બહુધા સંભવ હતો. એટલામાટે કોઈ પણ પ્રયત્ને રાક્ષસને તો પોતાના પક્ષમાં લાવવો જ જોઇએ. એ સઘળા વિચારો કરીને પછી જ ચન્દ્રગુપ્તને હાથે તેણે રાક્ષસના નામનું પત્ર લખાવ્યું હતું અને તેની ધારણા પ્રમાણે રાક્ષસે તેની માગણીનો સ્વીકાર પણ કર્યો. પોતાની તપાસમાં પોતે જ અપરાધી તરીકે આગળ આવવાનું રાક્ષસને સ્વપ્ન પણ આવ્યું નહોતું. તેણે પોતે ન્યાયાધીશ બનીને ન્યાય કરવાનું કાર્ય માથે લીધા પછી બીજે જ દિવસે ન્યાયાસન સમક્ષ ન્યાય આપવાનું નક્કી કરવામાં આવ્યું અને રાક્ષસ ન્યાયાસને વિરાજવામાટે આવી પહોંચ્યો, ચન્દ્રગુપ્ત અને તેનો પરસ્પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેળાપ થતાં જ ચન્દ્રગુપ્તે તેને કહ્યું કે, "અમાત્યરાજ! પ્રથમ તો તપાસ ગુપ્તરીતે કરવી તે વધારે સારું છે; કારણ કે, આપણે તપાસ કરીએ છીએ, એ વાત જો પ્રપંચીઓના જાણવામાં આવી જશે તો તેઓ ન્હાસી જશે, અને પાછા તેમને પકડી લાવવામાં આપણને ઘણો જ ત્રાસ વેઠવો પડશે. અથવા તો આપણા શત્રુ યવનો એવા પ્રપંચીઓને સહાયતા આપવામાટે આતુર થઈ રહેલા છે, તેમને તેઓ જઈ મળશે, એટલામાટે આપણે પર્વતેશ્વરને એકાંતમાં બોલાવીને જે પ્રશ્નો કરવાના છે તે કરીએ અને તેના મુખેથી જેમનાં નામો નીકળે, તેમને એકદમ પકડીને યોગ્ય શિક્ષા આપીએ. પછી તે ગમે તે હોય–કોઈ મહા વિદ્વાન્ શ્રોત્રિય બ્રાહ્મણ હોય કે કોઈ ચાંડાલ હોય–તેની આપણને દરકાર નથી."

ચન્દ્રગુપ્તનું એ ભાષણ રાક્ષસને ઘણું જ ગમ્યું અને તેથી તેના મતને તેણે તત્કાલ અનુમોદન આપ્યું. રાક્ષસનો એ નિશ્ચય હતો કે, ચન્દ્રગુપ્ત, ચાણક્ય અને ભાગુરાયણએ ત્રિપુટીએ જ આ બધાં કારસ્થાનો રચેલાં છે અને પર્વતેશ્વર બિચારો ભૂલથી જ એમાં ઝોકાઈ પડ્યો છે; અથવા તો તેને એમણે ફસાવી માર્યો છે. પરંતુ ખરી રીતે શું થયું હતું અને પર્વતેશ્વર એ પ્રપંચમાં કેવી રીતે ફસાયો હતો, એ શોધી કાઢવું ઘણું જ કઠિન હતું, તોપણ "હું ગમે તેમ કરીને સત્ય વાર્તા શી છે તે શોધી કાઢીશ અને એ કારસ્થાનીઓની પૂરી રેવડી કરીશ. એમણે મને ફસાવીને જાળમાં સપડાવવામાટે ન્યાયાધીશ નીમીને બોલાવેલો છે, પણ હું તેમનાં સઘળાં કારસ્થાનોને ઊઘાડાં પાડી તેમના જાળમાં તેમને જ સપડાવીશ અને તેમની ખાત્રી કરી આપીશ, કે રાજકારસ્થાનો આવાં હોય છે." એવો વિચાર કરીને રાક્ષસ ન્યાયાસનના સ્થાનમાં ગયો. ત્યાં ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણ એ બે જણ જ બેઠેલા હતા. તે બન્નેએ તેને ઉઠી ઊભા થઈને માન આપ્યું અને તેને મધ્યસ્થાને આદર સહિત બેસાડ્યો. "ભાગુરાયણ અને ચન્દ્રગુપ્ત બન્ને લુચ્ચા છે. પણ હું તેમની લુચ્ચાઈ અને ઢોંગને હમણાં જ તોડી પાડીશ." એવી રાક્ષસે મનમાં જ યોજના કરી. પરંતુ એ વિચાર મનમાં આવ્યો ન આવ્યો તેટલામાં પાછું તેને એમ ભાસ્યું કે, "આજે સર્વ અધિકાર એમણે પોતાના હાથમાં કરી લીધો છે, તો મારાથી એમનો પરાભવ કેવી રીતે કરી શકાશે? હું કદાચિત્ એમ જાણી પણ શકું કે, પર્વતેશ્વર દ્વારા એમણે જ નન્દકુળનો નાશ કરાવ્યો છે, તોપણ અત્યારે શું થઈ શકે એમ છે? શું એ લુચ્ચાઓ પોતાનો અપરાધ કબૂલ કરશે? એ તો સામો એ અપરાધ મારા શિરે જ ઢોળી પાડવાનો પ્રયત્ન કરશે." પરંતુ હવે એના એ વિચારો સર્વથા નિરર્થક હતા. હવે એ વિચારોનું કાંઈ પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિણામ થઈ શકે, તેમ નહોતું. અત્યારસૂધી તેમની સર્વ માગણીઓ કબૂલ રાખીને હવે ત્યાંથી નીકળીને ચાલ્યા જવું કે ન્યાયાધીશત્વનો અસ્વીકાર કરવો, એ ઉભય કાર્ય અશક્ય હતાં—એથી તો સામો લોકોને સંશય વધવાનો સંભવ હતો. માટે હવે તો જે કાર્યમાટે અહીં આગમન થયું હતું, તે કાર્ય કરવા વિના બીજો માર્ગ જ રહ્યો નહોતો. હવે તો ભવિષ્યનો વિચાર ભવિષ્યમાં જ થવાનો હતો. એ સઘળા વિચારો એકપછી એક મનમાં આવવાથી રાક્ષસે ચન્દ્રગુપ્તને કહ્યું કે, "કિરાતરાજ કુમાર ચન્દ્રગુપ્ત! નન્દવંશનો નાશ થતાં તું જ માત્ર આ સિંહાસનની વ્યવસ્થા કરનારો રહ્યોને? આ કેવો ઘાત અને કેટલો મોટો ઘાત! એ ઘાત કરનાર નીચ પુરુષનું હૃદય કેટલું બધું કઠિન હશે! ઠીક—પણ હવે તારા હાથે પણ શું શું થાય છે, તે જોવાનું છે. ન્યાય કરવાને હું તૈયાર છું. જો પ્રથમ એ દુષ્ટ પર્વતેશ્વરનું જ ભાષણ સાંભળવાનું હોય, તો સત્વર તેને અહીં લાવવાની વ્યવસ્થા કરો."

રાક્ષસનું એ ભાષણ સાંભળીને ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણ એકબીજાને તાકી તાકીને જોવા લાગ્યા.

તત્કાળ ચન્દ્રગુપ્તે પર્વતેશ્વરને બોલાવી લાવવાને એક દૂતને રવાના કર્યો. પર્વતેશ્વર તો કેદી એટલે પરતંત્ર જ હતો. એટલે તે તો તેને જ્યાં બોલાવવામાં આવે ત્યાં જવાને બંધાયલો જ. તે તત્કાળ ઊઠ્યો અને સેવક સંગે આવીને ન્યાયાસન સમક્ષ ઊભો રહ્યો. દ્વારમાં પગ મૂકતાં જ તેની દૃષ્ટિ રાક્ષસ પર પડી કે તે જ ક્ષણે તેનો કોપાગ્નિ પ્રજળી ઊઠ્યો-તેના હૃદયમાં એકાએક ઉમંગ થઈ આવ્યો. એ વેળાએ જો તે સ્વતંત્ર અને છૂટો હોત, તો તેણે પોતાની તલવારથી રાક્ષસને ત્યાંનો ત્યાં ઠાર જ કરી નાંખ્યો હોત; એટલો બધો એ સમયે તે કોપને વશ થઈ ગયો હતો. તે રાક્ષસને એકદમ ધિક્કારસૂચક શબ્દોથી કહેવા લાગ્યો કે, "અમાત્ય રાક્ષસ! તું માત્ર નામનો જ નહિ, પણ કર્મવડે પણ રાક્ષસ જ છે! નીચ! તારે જ્યારે પોતાના સ્વામીનો અને તેના કુળનો નાશ જ કરવો હતો, તો તેમાં વચ્ચે નકામો મને શામાટે ફસાવ્યો? મેં પણ રાજનીતિનાં ઘણાં ઉદાહરણો જોયાં છે, પણ આવી વિશ્વાસઘાતમયી રાજનીતિનું દર્શન મેં આજ સૂધીમાં કર્યું નથી. જો તારી મુદ્રાવાળાં પત્રો ન આવ્યાં હોત, તો એવાં પત્રોપર કોઈ કાળે પણ મેં વિશ્વાસ રાખ્યો ન હોત. પરંતુ મારી દુર્દશા જ સરજાયલી હતી, ત્યાં મારો શો ઉપાય ચાલી શકે? પણ તું ઘણો જ અધમ અને પિશાચતુલ્ય પ્રાણી છે, એમાં તો જરા પણ શંકા જેવું નથી. મને ફસાવી પાછો મને વધારે વિડંબનામાં નાંખવા માટે જ તેં મને બોલાવ્યો છે ને? ધિક્કાર! ધિક્કાર!!......"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પર્વતેશ્વરનો હજી તો બહુ જ વધારે બોલવાનો વિચાર હતો, પરંતુ તેના મનમાંનો તાપ એટલો બધો વધી ગયો કે, તેના મુખમાંથી શબ્દ જ નીકળી શકયો નહિ.

રાક્ષસ તો પર્વતેશ્વરનું એ બોલવું સાંભળીને આશ્ચર્યચકિત જ થઈ ગયો. "તમારી મુદ્રાવાળાં પત્રો આવ્યાં, તેથી હું પાટલિપુત્રમાં આવ્યો;" એમ એ કહે છે, એનો ભાવાર્થ શો હશે?" એની તેને કાંઈ પણ સમજ પડી નહિ, અને હવે શું ઉત્તર આપવું, એ વિશેના મહા તે વિચારમાં પડી ગયો.

ચન્દ્રગુપ્ત, રાક્ષસના મનની સ્થિતિને સારી રીતે જાણી ગયો. કિંબહુના એમ થવાનું જ, એવો તર્ક તેણે પ્રથમથી જ કરી લીધો હતો તેથી ઘણી શાંતિથી તે પર્વતેશ્વરને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "પર્વતેશ્વર! વ્યર્થ કોઇના નામનો ઉલ્લેખ કરીને તેના શિરે દોષારોપ કરવાથી કાંઈપણ લાભ થવાનો નથી. અમાત્ય રાક્ષસ અત્યારે ન્યાયાધીશના સ્થાને વિરાજેલા છે, માટે રાજકુળનો વધ કેવી રીતે અને શા કારણથી કરવામાં આવ્યો અને તમારે મગધદેશપર કેમ ચઢી આવવું પડયું; એની જે હકીકત તમે જાણતા હો તે કહી સંભળાવો. કારણ કે, એનો ન્યાય કરીને અપરાધીને શિક્ષા કરવાનું કાર્ય અમાત્યને જ સોંપવામાં આવ્યું છે. તમારું આ યદ્વાતદ્વા ભાષણ કોઈ પણ સાંભળવાનું નથી. તમે મોટા રાજા છો, માટે તમારી પાસેથી ખંડણી લઇને તમને પાછા તમારા દેશમાં વિદાય કરવા, એ જ જો કે યોગ્ય છે; પરંતુ તેમ કરવું કે તમને હમેશનેમાટે અહીં જ કારાગૃહમાં રાખવા, એનો નિર્ણય તમારા પોતાના ભાષણથી જ થવાનો છે. તમે બધો સત્ય વૃત્તાંત જણાવી ખરા અપરાધીઓને પકડાવી આપશો અથવા માત્ર તેમનાં નામો પણ જણાવશો, તો અમે થોડો દંડ લઇને તમને છૂટા કરીશું. નહિ તો આ ન્યાયાધીશ અમાત્ય રાક્ષસ......"

"વાહવા! અમાત્ય રાક્ષસ ન્યાયાધીશ!" પર્વતેશ્વર વિકટતાથી હસીને કહેવા લાગ્યો. "ત્યારે તો આપના આ પાટલિપુત્રમાં અપરાધીઓને જ ન્યાયાધીશનું સ્થાન આપવાની રીતિ હોય, એમ જ જણાય છે. અરે! એ દુષ્ટે પોતે જ મારાપર પત્રો મોકલ્યાં હતાં કે, અમુક દિવસે આવી રીતે હું રાજકુળનો નાશ કરવાનો છું, માટે તે સંધિ સાધીને થોડાક સૈન્ય સાથે આવીને તમારે એકદમ પાટલિપુત્રને ઘેરી લેવું. વધારે સૈન્ય લાવશો, તો લોકોના મનમાં વિનાકારણે શંકા ઉત્પન્ન થશે. મારી પૂર્ણ રીતે અનુકૂલતા છે, તો આપે બીજા કોઈની ભીતિ રાખવાની નથી; એમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એણે મને લખ્યું હતું. હું કદાચિત્ મારું માણસ મોકલીને કાંઈ તપાસ કરાવીશ, એની પ્રથમથી જ કલ્પના કરીને એણે વધારામાં જણાવ્યું હતું, કે, મારાં પત્રનાં ઉત્તરો મારા મનુષ્યદ્વારા જ મને મોકલવાં. તમારા દૂતદ્વારા મોકલશો નહિ. કારણ કે, જો તે કોઈ બીજાના હાથમાં જશે, તો ઘણો જ અનર્થ થશે. અમાત્ય રાક્ષસ ઘણો જ પ્રામાણિક ગણાતો હતો, તેથી તે આટલો બધો વિશ્વાસઘાત કરશે, એવી મને સ્વપ્ને પણ શંકા આવી નહોતી. શંકા આવી નહિ એ તો ખરું, પણ હું ગધેડો હતો, માટે જ મારા મનમાં શંકા આવવા ન પામી. પરંતુ જ્યાં મારું દુર્દૈવ જ આવીને મારું વાટવાને ઉભું રહ્યું હોય, ત્યાં શંકા આવે શી રીતે ? ચન્દ્રગુપ્ત ! હવે તું રાજા થવાનો છે; પણ સંભાળજે–આ દુષ્ટ રાક્ષસ તારો પણ આવી જ નીચતાથી કોક દિવસે ધનાનંદ પ્રમાણે જ ઘાત કરી નાંખશે. ”

ભાગુરાયણ અને ચન્દ્રગુપ્ત જાણે સર્વથા આશ્ચર્યચકિત થઈ ગયા હોયની! તેવી રીતે રાક્ષસના મુખમંડળનું અવલોકન કરવા લાગ્યા. જાણે એ સઘળો વૃત્તાંત તેમણે નવો જ સાંભળ્યો હોય અને તે ખોટો જ ભાસતો હોય, એવો તેમણે ડોળ કર્યો. ચન્દ્રગુપ્ત તો સર્વથા સ્તબ્ધ જ બની ગયો હતો. રાક્ષસ કેટલીકવાર સૂધી શાંત થઇને બેસી રહ્યો. એટલામાં મનમાં કાંઈક જુસ્સો આવવાથી તે એકદમ ઊઠીને ઊભો થયો અને બોલવા લાગ્યો, “ પર્વતેશ્વર ! તારું ભાન ઠેકાણે છે કે નહિ ? શત્રુના હાથમાં સપડાયા પછી તારી બુદ્ધિ ભ્રમિષ્ટ તો નથી થઈ ગઈ ને ? ક્યાં છે તે પત્રો, દેખાડ જોઇએ ?”

“લે જો આ રહ્યા. અધમ, નીચ, જો એ પત્રો મેં સંભાળી ન રાખ્યાં હોત, તો અત્યારે તું સાચો અને હું ખોટો ઠરત ! જુઓ–આ બધાં પત્રો ! અને એ પત્રોપર છાપેલી એ નીચની મુદ્રા પણ ધ્યાનપૂર્વક જુઓ. એમાંના એક પત્રમાં એણે સ્વામિઘાત માટે કરવા ધારેલા કારસ્થાનનો અથેતિ વૃત્તાંત લખેલો છે, તે પણ વાંચો. એપરની એની પોતાની મોહોર જુઓ. રાક્ષસ ! હજી પણ ખોટું બોલીને આ ન્યાયાસનને ભ્રષ્ટ શા માટે કરે છે? નીચે ઉતર. અરે નીચ ! તારામાં ન્યાયાસને બેસવાની યોગ્યતા નથી! હવે જો મને કોઈ તારી યોગ્યતા કે તારું નામ પૂછશે, તો તેનું હું એટલું જ ઉત્તર આપીશ કે, રાક્ષસ તે સ્મશાનમાંનો વધસ્તંભ અથવા તો શૂલ છે!”

રાક્ષસ મનમાં ઘણો જ સંતપ્ત થઈ ગયો: આ વિલક્ષણ ગોટાળાને તે જરાપણ જાણી શકયો નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૩૩ મું.

### ન્યાયાધીશ કે અપરાધી?

પર્વતેશ્વરનું એ ભાષણ સાંભળીને રાક્ષસ તો ક્રોધથી લાલ હીંગળા જેવો થઈ ગયો અને એકધ્યાનથી તેના મુખને તાકી રહ્યો. તેનો સંતાપ એટલો બધો વધી ગયો કે, બોલવાની પણ તેનામાં શક્તિ રહી નહિ. ભાગુરાયણ અને ચન્દ્રગુપ્ત ઉભય અર્થપૂર્ણ દૃષ્ટિથી પરસ્પર જોઈ રહ્યા હતા. થોડોક સમય વીત્યા પછી અમાત્ય રાક્ષસની અત્યાર સુધી બંધ થઈ ગએલી વાચા પુનઃ ચાલતી થઈ—તે બોલ્યો, "અસત્ય—અસત્ય !!" પરંતુ એટલામાં તેને એમ ભાસ્યું કે, આવા પ્રસંગે પોતાનો સંતાપ બીજાને દેખાડવો, એ યોગ્ય નથી. સંતાપને સંતાડીને શાંતિથી બોલી સર્વ રહસ્ય બહાર કાઢવું, એ જ વધારે સારો માર્ગ છે. એવા વિચારથી મહા મહેનતે તે પોતાના સંતાપને શમાવીને કહેવા લાગ્યો કે, "પર્વતેશ્વર! મેં એવું એક પણ પત્ર તને લખ્યું નથી. માટે તું આવાં તર્કટી પત્રોનો ભાર મારાપર નાંખીશ, તેથી તારું શું વળવાનું છે? પર્વતેશ્વર! તું પોતાની નિર્બળતાથી શત્રુઓનો શિકાર થઈ ગયો, તેથી તારી બુદ્ધિમાં ભ્રમ થઈ ગયો છે અથવા તો મારા નામનાં પત્રો લખીને તને કોઇએ ભમાવ્યો છે. એટલા માટે પોતાના અવિચારનો ખેદ કર અને મારાપર દોષારોપ કરવાથી દૂર રહે. જે નીચ લોકોએ તને પ્રપંચથી ફસાવ્યો હોય, તે સઘળાંનાં નામો આપીને તું આ આપત્તિમાંથી છૂટી જા, એટલે ખંડણી લઇને તને તારા દેશમાં જવા દેવામાં આવશે. પછી તે પ્રપંચીઓની જે વ્યવસ્થા કરવાની હશે, તે અમે પોતાની મેળે જ કરીશું. જો એમ નહિ કરે, તો આ પાટલિપુત્રમાંથી તારે જીવતા પાછા જવાની આશા રાખવી નહિ. જે વાત જેવી રીતે બની હોય, તેને તેવા જ રૂપમાં વર્ણવીને તું નિરપરાધી ઠરી જા."

રાક્ષસનાં એ વચનોથી તો પર્વતેશ્વર વધારે ચીડાયો. "આ નીચે મને ફસાવીને અહીં બોલાવ્યો અને હવે પોતે જ ન્યાયાસનપર ચઢીને મને મેણું મારે છે. માટે હવે એના પ્રશ્નોનાં ઉત્તરો આપવાને બદલે ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણને જ જે કાંઈ કહેવાનું છે તે કહી દેવું અને પછી મૌન્ય ધારી બેસી રહેવું," એવો તેણે નિર્ધાર કર્યો અને તે પ્રમાણે તે બન્નેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "અહો! જે અપરાધી હોય તેને જ ન્યાયાસને બેસાડીને મહત્તા આપવી અને જે તેના કારસ્થાનનો ભોગ થઇ પડ્યો હોય, તેનો પાછો તેના જ હાથે ઉપમર્દ અને છળ કરાવવો, એવો જ આ નન્દના રાજ્યનો પ્રઘાત છે કે શું? અમાત્ય રાક્ષસ એટલે નન્દનો અત્યંત સ્વામિનિષ્ઠ સેવક, એવી આખ્યા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રિભુવનમાં વ્યાપ્યા વ્યાપેલી છે. પોતાની એકવાર એવી કીર્તિ ફેલાઈ ગઈ એટલે પોતાને ગમે તેમ વર્ત્તવાનો જાણે પરવાનો જ મળ્યો, એમ ધારવાનો આવા નીચોનો પરંપરાનો ધર્મ જ હોય છે. કાંઈ પણ કારણ ન હોવા છતાં મને પત્રો લખીને મગધદેશ પર ચઢી આવવાનું એણે જ આમંત્રણ આપ્યું હતું. 'રાજા ધનાનંદ ઘણો જ મૂર્ખ છે, અને તેથી રાજ્યમાં તેનું બિલ્કુલ ધ્યાન નથી. ઉપરાંત તે એક વૃષલીના મોહપાશમાં ફસાયો છે. જો તેને એવી જ રીતે વર્ત્તવા દઇશું, તો મગધદેશનું ભવિષ્ય ઘણું જ ખરાબ દેખાય છે. જો આપનો ચઢાઈ કરવાનો મનોભાવ હોય, તો આ પ્રસંગ ઘણો જ સારો છે. મેં અંદરખાનેથી એટલી વ્યવસ્થા તો કરી રાખી છે કે, અમુક દિવસે અમુક વેળાએ તેનો તેના પુત્રો સહિત સર્વથા સંહાર થઈ જશે. એટલે એ પ્રસંગે જો તમે આવીને ઉભા રહેશો, તો તમારી ઇચ્છા અવશ્ય સિદ્ધ થશે. રાજા નઠારો હોય તેના કરતાં દેશમાં રાજા ન હોય તે વધારે સારું છે; પરંતુ આપના જેવા સારા રાજા સમક્ષ હોવા છતાં રાજ્યને રાજા વિનાનું શા માટે રહેવા દેવું જોઇએ?" એવા પ્રકારનાં પત્રો એણે જ મને એક પછી એક મોકલવા માંડ્યાં અને પોતાની ઇચ્છા પ્રમાણે એણે નંદનો તો નાશ કર્યો જ, પણ તે સાથે મારો પણ નાશ કરીને એ અધમને રાજ્ય પોતાના હાથમાં કરી લેવાની ઇચ્છા થઈ હોય, એમ પણ જણાય છે. ચન્દ્રગુપ્ત! તેં મહા પરાક્રમ કરીને મને પકડયો, માટે ખરી રીતે તો તું જ આ રાજ્યનો સ્વામી થઈ ચૂકયો. પણ તારું એ સ્વામિત્વ કાયમ રાખવાની જો તને આશા હોય, તો આ અધમને તું અત્યારે જ યમલોકમાં રવાના કરી દે. નહિ તો કોઈક દિવસે એ તારા પ્રાણનો પણ શત્રુ થશે, એ મારાં વચનો જોઇએ તો લખી રાખ. જે નીચે આટલાં વર્ષ સ્વામિનિષ્ઠાનો વિચિત્ર વેશ દેખાડીને અંતે પોતાના સ્વામિનું જ નિકંદન કાઢવાનો ભયંકર ભાર માથે ઉઠાવ્યો, તે બીજાની સેવા ખરી નિષ્ઠાથી કરશે, એની ખાત્રી શી? હું હાલ તમારા સ્વાધીનમાં છું–તમારો કેદી છું, તેથી મારા બોલવાને જોઇએ તેટલું વજન આપવામાં નહિ આવે, એ સ્વાભાવિક છેઃ તો પણ આ નીચના વચનમાં વિશ્વાસ રાખવામાં મેં જેવી ભૂલ કરી છે, તેવી ભૂલ તમે ન કરશો, એટલી જ મારી નમ્ર પ્રાર્થના છે. હવે વધારે હું કશું પણ બોલવાનો નથી જ. ન્યાય કરીને 'મને વધસ્તંભપર લઈ જઇને મારો વધ કરાવો કે શૂળે ચઢાવો અથવા તો બીજી કોઈ ક્રૂર રીતિ શોધી કાઢીને તેની સહાયતાથી મારા પ્રાણનો નાશ કરો; પણ હવે આ નીચના શબ્દો સાંભળવામાટે મને અહીં ઉભો ન રાખો! હવે હું મારા મુખમાંથી એક શબ્દ પણ બહાર કાઢવાનો નથી. હું જેકાંઈપણ બોલ્યો છું, તે ઘણું છે. હવે મને ન્યાય આપો કે અન્યાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એનો આધાર તમારી ઇચ્છાપર રહેલો છે. જ્યાં ન્યાયાધીશ ચોર, લુંટાક અને ઘાતકી હોય, ત્યાં ન્યાય મળવાની આશા તો ક્યાંથી જ રાખી શકાય?"

એમ કહીને પર્વતેશ્વરે પોતાપાસેનાં સર્વ પત્રો ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણને આપી દીધાં. તે લઇને તેમણે અત્યંત આશ્ચર્યયુક્ત મુદ્રાથી સમગ્ર વાંચ્યાં, અને ત્યારપછી ઘડીકમાં રાક્ષસના મુખનું તો ઘડીકમાં પર્વતેશ્વરના મુખનું તેઓ અવલોકન કરવા લાગ્યા. જાણે હવે શું કરવું? એનો ઉપાય જ તેમને સૂઝતો ન હોય, એવો તેમનો ભાવ દેખાતો હતો. વાસ્તવિક રીતે તો હવે રાક્ષસ શું કરે છે, એ જ તેમને જોવાનું હતું. કિંબહુના, એ જોવા માટે જ તેમણે આવી રીતે એકાંતમાં ન્યાય આપવાની વ્યવસ્થા કરેલી હતી. "આપણે જો વચમાં કાંઇપણ બોલીશું, તો વિનાકારણ રાક્ષસના મનમાં સંશય આવશે અને એ સંશયથી જો તેને લાભ નહિ થાય, તો આપણે જે કાર્ય સાધવાનું ધાર્યું છે, તેની સિદ્ધિનો સંભવ કાંઇક ન્યૂન થશે." એવી ધારણાથી તેઓ મૌન્ય ધારી રહ્યા.

રાક્ષસ તો બુદ્ધિહીન જ બની ગયો. પોતાપર પર્વતેશ્વર વિનાકારણ દોષારોપ કરે છે, એ રાક્ષસ સારી રીતે જાણી શક્યો, પરંતુ તે પત્રોપરની મુદ્રા જોતાં તે પોતાની જ જણાઈ, એટલે તે વિચારરૂપી મહાસાગરમાં આધાર વિના જ તણાવા લાગ્યો. "પર્વતેશ્વર અસત્ય આરોપ મૂકે છે, એમ કહીએ, તો આ મુદ્રા એને ક્યાંથી મળી? શું મારી મુદ્રાનો સાચવનાર પર્વતેશ્વરસાથે મળી તો નહિ ગયો હોય? ના–ના–એ તો સર્વથા અસંભવનીય છે. હું જેવી રીતે પર્વતેશ્વરના રાજ્યમાં ગુપ્ત રાજદૂતોને ફેરવીને ત્યાંના સમાચાર મગાવું છું, તેવી જ રીતે એણે પણ મગધદેશમાં પોતાના દૂતો રાખીને અહીંના સમાચાર મેળવવાનો ધંધો તો નહિ આદર્યો હોય? જો એમ હોય તો તો મારી પૂરી ફજેતી થએલી માનવાની છે. કારણ કે, હું મને પોતાને એક મોટા રાજનીતિજ્ઞ તરીકે જાહેર કરતો આવ્યો છું, સમસ્ત પુષ્પપુરીમાં શું શું થાય છે, તે જાણી શકવાનો મને અહંકાર હતો, અને પ્રત્યક્ષ મારા સ્વામીનો કુળ સહિત નાશ થાય અને પર્વતેશ્વર નગરને ઘેરો ઘાલે, ત્યાં સૂધી મને એની ખબર ન પડે, એ શું કહેવાય? હું આવો આંધળો કેમ બન્યો? એ માટે લોકોના મનમાં અવશ્ય અનેક શંકાઓ થવી જ જોઇએ. વળી એ શત્રુને પકડ્યો પણ બીજાએ; અને જ્યારે એ પકડાયો ત્યારે મારા શિરે દોષારોપ કરવા લાગ્યો છે; એટલું જ નહિ પણ પૂરાવા તરીકે મારી મુદ્રાવાળાં પત્રો પણ દેખાડે છે. આ ઇંદ્રજાળનો શો ભેદ હશે?" અંધકાર–રાક્ષસનાં નેત્રો સમક્ષ સર્વથા અંધકાર છવાયલો દેખાયો. પોતાના બચાવનો તેને કોઈ પણ ઉપાય સૂજ્યો નહિ. પોતાની મુદ્રાથી અંકિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

थएलां पत्रो अणे देखाड्यां, छतां तेमनो अस्वीकार करे, तो लोको केम माने? कारण के, ए पत्रो पोतानां लखेलां नथी, एम सिद्ध करवा माटे तेनी पासे बीजो कोई पूरावो हतो नहि. आ सकंजामांथी छूटवानो कोई पण मार्ग तेनी दृष्टिए पड्यो नहि." पर्वतेश्वरनां आ वचनो लोकोना सांभळवामां आवशे, त्यारे तेओ मारा माटे केवो अभिप्राय बांधशे! मारी आज सुधीनी कमावेली कीर्त्ति सदाने माटे कलंकित थई जवानी? स्वामिनिष्ठ तरीके मेळवेलुं नाम एक क्षणमां स्वामिद्रोहीना रूपमां फेरवाई जशे!" एवा एवा एक बे नहि, पण हजारो विचारो तेना मनमां आववा लाग्या. अंते ए बधा विचारोने दूर करीने अने आवुं चमत्कारिक संकट आवेलुं छतां पण मनने शांत करीने ते चन्द्रगुप्त तथा भागुरायणने संबोधीने बोल्यो के, "कुमार! आ पर्वतेश्वर ज्यारे मने पण ए प्रपंचमां भाग लेनार जणावे छे, अने में ज एने आ पुष्पपुरीपर चढी आववामाटेनां पत्र लखीने विनति करवानुं सिद्ध करी बतावे छे, तो मने पण आरोपी गणीने तमारे मारो पण न्याय करवो जोइए. पर्वतेश्वर कहे छे ते खरुं छे—हवे मारे न्यायासनपर बेसवुं जोइए नहि; कारण के, एम करवाथी न्यायासन अपवित्र ज थवानुं. तमे आ पुष्पपुरीनुं आ शत्रुना प्रहारथी संरक्षण कर्युं छे, ते कारणथी सर्वना त्राता मानीने लोको तमने ज मान आपवाना. कुमार! जो तमे हवे आ मगधना सिंहासनपर पण बेसशो, तोपण लोको तमने राजा तरीके स्वीकारवामां कशो पण वांधो लेवाना नथी. ए बधुं तो ठीक, पण हवे पर्वतेश्वर साथे मारो न्याय पण तमारे करवो जोइए. अर्थात् कोई चतुर मनुष्यने न्यायाधीश नीमीने मारापर राजद्रोहनो आरोप मूको अने न्याय करावो. न्याय प्रमाणे मने जे कांइ पण शिक्षा करवामां आवशे, ते भोगववाने हुं तैयार छुं. आज सुधीमां में हजारो मनुष्योनो न्याय करीने केटलाकोने देहांत दंड सुधीनी शिक्षाओ पण आपेली छे, तेने आधारे हुं कहुं छुं के, मारापर स्वामिघात, स्वामिना कुलनो घात अने म्लेच्छोनो आश्रय लइने पोताना स्वामिनुं राज्य पर्वतेश्वरने सोंपी देवानो एवी रीते त्रण आरोपो मूको. जो मारुं दैव मने अनुकूल हशे, तो हुं आ लांच्छनमांथी बची जइश, नहि तो पोताने जीववामाटे अयोग्य धारीने मारा अपवित्र शरीरना बंधनमांथी मारा आत्माने मुक्ति आपी दइश. चालो—मने आ क्षणे ज कारागृहमां लई चालो."

एम कहीने राक्षस न्यायासनपरथी नीचे ऊतर्यो अने पर्वतेश्वरथी थोडोक छेटो जइने ऊभो रह्यो. अत्यार सुधीनी तेनी क्षुब्ध वृत्ति सर्वथा

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાંત થઈ ગઈ–હવે તે જાણે ધૈર્યની સાક્ષાત્ મૂર્તિ હોયની, તેવા દેખાવા લાગ્યો. ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણની તો એવી જ ધારણા હતી કે, પર્વતેશ્વરે એના નામનો ઉચ્ચાર કરતાં જ એ ગભરાઈ જશે અને પર્વતેશ્વર કહે છે તે બધું ખોટું છે માટે આપ મને આ સંકટમાંથી બચાવો, એવી એવી અનેક વિનતિઓ કરશે; અથવા તો કાંઈ યદ્વા તદ્વા બોલવા માંડશે." પણ તે તો "મને પણ ન્યાયાસન સમક્ષ ઊભો રાખીને મારો પણ ન્યાય કરો," એમ કહેવા લાગ્યો અને શાંતિની છટા ધારીને નીચે ઉતરી ઉભો રહ્યો. એ જોઇને તે ઉભય આશ્ચર્યમાં લીન થઈ ગયા. "નન્દનો નાશ થયો, તે વેળાએ ક્ષુબ્ધ થએલો જનસમાજ ગમે તેટલો રાક્ષસથી વિરુદ્ધ થયો હોય, તોપણ થોડીક સ્થિરતા થતાં જ રાક્ષસનું મિત્રમંડળ તેનાપરના આ વૃથા આરોપને દૂર કરીને આપણી વિરુદ્ધ થઈ જવામાં જરા જેટલો પણ વિલંબ કરશે નહિ. તેમ જ વળી જનસમાજનો અભિપ્રાય પણ પાછો બદલાઈ જવાનો સંભવ છે." એ બધું ચાણક્ય સારી રીતે જાણતો હતો. ક્ષુબ્ધ જનસમાજ અને ક્ષુબ્ધ મહાસાગર એ ઉભય સમાન હોય છે. શાંત સ્થિતિમાં તેઓ જેમને પોતાના શિરપર ધારે છે, તેમને જ તેઓ ક્ષુબ્ધ સ્થિતિમાં રસાતળમાં પહોંચાવી દે છે, કિંવા યમપુરીનો માર્ગ પણ બતાવી દે છે. એવાં કેટલાંક કારણોથી રાક્ષસના શિરે રાજદ્રોહના અપરાધનો આરોપ મૂકીને પ્રસિદ્ધ રીતે તેનો ન્યાય કરવો, એ કામ ઘણું જ જોખમભરેલું હતું. ચાણક્યની ઇચ્છા પ્રમાણે માત્ર એક જ કાર્ય હવે કરવાનું બાકી રહ્યું હતું. તે એ કે, અમાત્ય રાક્ષસને ચન્દ્રગુપ્તના પ્રધાનનું સ્થાન આપીને તેના હસ્તે ગ્રીક યવનોનો સર્વથા સંહાર કરાવી નાંખવો. જ્યારે તે પોતે તક્ષશિલા નગરીમાં વસતો હતો, તે વેળાએ ગ્રીક લોકોનો આર્યોપર કેટલો બધો જુલમ થાય છે, એનો આપણા વિષ્ણુશર્મા ઉર્ફે ચાણક્યને ઘણો જ સારો અનુભવ હતો. ત્યારપછી તે પાટલિપુત્રમાં આવ્યો અને ત્યાં તેનું અપમાન થવાથી તેણે વૈર વાળવાની પ્રતિજ્ઞા કરી અને રાક્ષસ જેવા ધુરંધર અમાત્યને પણ થાપ ખવડાવીને પોતાની તે પ્રતિજ્ઞા પૂરી કરી. "પરંતુ એ સર્વ ગુપ્ત કેટલા દિવસ રાખી શકાશે? રાક્ષસના કહેવા પ્રમાણે જો કોઇને ન્યાયધીશ નીમીને સર્વ લોકો સમક્ષ તેનો ન્યાય કરાવવામાં આવે, તો કોઇને કોઈ ભેદનો જાણનાર નીકળી આવતાં સર્વ કારસ્થાનો ખુલ્લાં થઈ જવાનો સંભવ છે. એટલામાટે ન્યાયનો એવો પ્રસંગ ન લાવવો, એ જ ચાણક્યને અને તેના પક્ષવાળાઓને માટે ઇષ્ટ હતું. લોકોનાં મન ક્ષુબ્ધ હોય છે, ત્યાંસૂધી જ રાક્ષસને કાંઇ પણ શિક્ષા કરવાનું કે તેને દેશપાર કરવાનું શક્ય હતું, પરંતુ એમ કરવું પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાણુક્યને બે કારણોને લીધે યોગ્ય ભાસતું નહોતું. એક તો રાક્ષસ જો મગધદેશથી બહાર નીકળ્યો તો તત્કાળ ચન્દ્રગુપ્તનો દ્વેષ કરવા માંડશે અને કોઈ પણ રાજાને તેની વિરુદ્ધ જગાવીને મગધપર ચઢાઈ કરાવવાનો અવશ્ય પ્રયત્ન કરશે. કારણ કે, નન્દના વંશમાં તેની દૃઢ ભક્તિ છે, અને તે નન્દવંશનો સર્વથા નાશ થએલો છે, માટે તે નન્દવંશના સંહારકોનો દ્વેષ કરીને તેમનો નાશ કરવો, એ જ પોતાની ઇતિકર્તવ્યતા છે; એમ તે સમજવાનો. તેમ જ એ કાર્ય પૂર્ણ કરવામાં જ તે પોતાની બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવાનો. એ કારણોથી રાક્ષસને દેશનિકાલ કરવામાં કશો પણ લાભ હતો નહિ. વિરુદ્ધ પક્ષે કાંઇક હાનિનો જ સંભવ હતો. રાક્ષસને શિક્ષા ન કરતાં પોતાના પક્ષનો કરી લેવાનું બીજું કારણ એ હતું કે, ચન્દ્રગુપ્તને એના જેવા સચિવની એ વેળાએ ઘણી જ આવશ્યકતા હતી. ભાગુરાયણ સચિવ પદવીને યોગ્ય મનુષ્ય નહોતો-તે સારો શૂરવીર નર હતો-દીર્ઘ વિચારવાન્ અમાત્ય નહોતો. પોતે સચિવપદે રહીને ચન્દ્રગુપ્તને સહાયતા કરવાની ચાણુક્યની ઇચ્છા હતી નહિ. તેના મનમાં તો હવે પુનઃ પોતાના આશ્રમમાં જઇને તપશ્ચર્યા કરવાની જ લાલસા હતી; પરંતુ જેવી રીતે ચન્દ્રગુપ્તને પ્રથમથી આશ્રય આપેલો છે, તેવી જ રીતે તેના રાજ્યશકટને સુયંત્રિત ચાલુ કરીને તેના હાથે ગ્રીક યવનોનો પરાજય કરાવવા માટેની એક જ આશા અદ્યાપિ તેના મનમાં બાકી હતી. રાક્ષસ જો એક વાર ચન્દ્રગુપ્તને નન્દનું રૂપ માનીને તેની પ્રમાણિકપણે સેવા કરવાનું કબૂલ કરે અને પ્રતિજ્ઞા લે, તો સર્વ કાર્ય સિદ્ધ થઈ જ ચૂક્યાં, એવી ચાણુક્યની ધારણા હતી. નન્દનો કોઈ શત્રુ જ સૃષ્ટિમાં રહ્યો નથી, એવા ભ્રમથી એ જેવી રીતે નિશ્ચિંત અને બેપરવા રહ્યો હતો અને તેથી જ એને ઠગીને આ બધાં કારસ્થાનો પાર પાડી શકાયાં, એવી ગફલતી હવે એનાથી થવાની નથી. કારણ કે, પોતાની અસાવધતાનું એને અત્યારે જોઇએ તેવું શિક્ષણ મળી ચૂક્યું છે. અર્થાત્ ચન્દ્રગુપ્તના રાજ્યમાં રાક્ષસ જેવો સચિવ જ હોવો જોઇએ. એ જો ચન્દ્રગુપ્તને નન્દવંશનો અંકુર અને મગધદેશનો રાજા માનીને હું એનો સચિવ છું, એ વાક્યનો પોતાના મુખથી એકવાર ઉચ્ચાર કરે, તો પછી સર્વ ચિંતાનો નાશ જ થએલો સમજવાનો છે. એકવાર એ વાક્ય તેના મુખમાંથી ઉચ્ચરાવી શકાય, તો જ કાર્ય નિર્વિઘ્ને સિદ્ધ થાય. એમ થાય તો પછી ચન્દ્રગુપ્તના રાજ્યશકટના ચાલવામાં કશું પણ વિઘ્ન રહે નહિ. એવા ચાણુક્યના વિચારો હતા. પરંતુ રાક્ષસને ચન્દ્રગુપ્તના પક્ષમાં લાવવો, એ કાર્ય ઘણું જ કઠિન હતું. અત્યાર સૂધી જે કાંઇ પણ થયું હતું, તે તો બધું બહુ જ સરળ હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ રાક્ષસના શબ્દને ફેરવવો અને પૃથ્વીની ગતિને બીજી દિશામાં વાળવાનો પ્રયત્ન કરવો, એ બન્ને કાર્યો સમાન હતાં–અર્થાત્ પૃથ્વીની ગતિ ફેરવવી, એ જેમ સર્વથા અશક્ય છે, તેવી જ રીતે રાક્ષસનો શબ્દ ફેરવવો, એ પણ સર્વથા અશક્ય હતું. પરંતુ ચાણક્યનો તો સર્વદા એ સિદ્ધાન્ત જ હતો કે, અશક્ય જેવું આ સૃષ્ટિમાં કાંઈ છે જ નહિ. કિંબહુના, જે કાર્યો એવાં અશક્ય જેવાં જણાતાં હોય, તેમને શક્ય કરી દેખાડવાં, એનું નામ જ નીતિનૈપુણ્ય. એવા પ્રકારની ધારણાથી તેણે પોતાના મનમાં એ કાર્ય કરવામાટેની કાંઇક રચના કરી રાખી હતી. બીજા કોઈ પણ ઉપાયે રાક્ષસને નમાવી શકાશે નહિ, એ ચાણક્ય સારીરીતે જાણતો હોવાથી જ તેણે, રાક્ષસપર પોતે પર્વતેશ્વર સાથે મળી જઇને નન્દકુળનો નાશ કરાવ્યો એવો અપરાધ મૂક્યો અને તેમાંથી છૂટવાનો કોઈ પણ માર્ગ નથી, એવો તેને ભાસ કરાવ્યો. એ જો કે એક સાધન હતું ખરું, પણ બહુ જ નિર્બળ સાધન હતું. એ સાધનથી કાર્ય પૂરેપૂરું પાર પડવાનું નથી જ, એ પણ ચાણક્યની જાણ બહાર હતું નહિ. અર્થાત્ રાક્ષસનું મન જિતવામાટે કોઈ બીજાં જ સાધનો સાધવાની આવશ્યકતા હતી. અને ચાણક્ય એ સાધનને સાધવાના પ્રયત્નમાં જ હતો. એણે જ રાક્ષસને ન્યાયાસને બેસાડીને તેનાપર આવનારા સંકટનું તેને પ્રત્યક્ષ દર્શન કરાવવાનું કાર્ય–ચન્દ્રગુપ્તદ્વારા કરાવ્યું હતું. તે વેળાએ ચન્દ્રગુપ્ત અને રાક્ષસનું જે પરસ્પર ભાષણ થયું, તે આ પ્રમાણે હતું; ચન્દ્રગુપ્તને ચાણક્યે કેટલાક પ્રશ્નો સૂચવેલા હતા અને તેના ઉત્તરો ચાણક્યને શીઘ્ર જ જોઇતા હતા. ચાણક્યનો હેતુ જાળવીને ચન્દ્રગુપ્તે રાક્ષસને કહ્યું કે;—

"અમાત્ય રાક્ષસ! પર્વતેશ્વર શું બડબડ કરે છે, તે તો આપ સાંભળો છો જ અને અમે પણ સાંભળીએ છીએ. પરંતુ આપના જેવા સ્વામિનિષ્ઠ અને નન્દના પક્ષપાતી પુરુષશ્રેષ્ઠના સંબંધમાં એનું જે બોલવું છે, તે ખરું હશે કે નહિ; એ વિશે અમારા મનમાં શંકા જ છે. માટે એ જે આડું અવળું બોલે તેનો કાંઇપણ વિષાદ માનીને અમે એ બધું ખરું સમજતા હોઇશું, એવી આપે શંકા કરવી નહિ. પર્વતેશ્વર તો સદા સર્વદા પાટલિપુત્રને સ્વાહા કરવા માટે જ તૈયાર છે. આજનું એનું કૃત્ય કાંઈ નવું નથી, માટે આપ પોતે જ જઇને એને મળ્યા હશો, એ વાત જાગૃત અવસ્થામાં તો શું, પણ સ્વપ્નમાં પણ અમને સત્ય ભાસે તેમ નથી. ત્યારે ખરો પ્રપંચી કોણ છે અને આપની મુદ્રાવાળાં પત્રો બનાવટી કોણે બનાવ્યાં, એનો આપે અવશ્ય શોધ કરવો જ જોઇએ; નહિ તો ભવિષ્યની ઘણી જ ભીતિ રહે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"કુમાર ! તમારા મનમાં ગમેતેમ હોય, પણ બહારથી પણ તમે મને આ વિષયમાં નિરપરાધી માનો છો, એ પણ એક ઉદારતાનું ઉદાહરણ છે. પરંતુ આત્ર તમારા સારા મતથી જ મને કાંઈપણ લાભ થઈ શકે તેમ નથી. મારી મુદ્રાવાળાં પત્રો એની પાસેથી મળી આવ્યાં, એ જ લોકોના અપવાદ માટે પૂરતું સાધન છે. એ લોકાપવાદ મારા શિરેથી સર્વથા ટળી જવો જોઇએ. માટે એને ટાળી નાંખવાનો જો તમે પ્રસિદ્ધ રીતે ન્યાય-સભામાં પ્રયત્ન કરશો તો તમારો મારામાં અને મારી સ્વામિનિષ્ઠામાં પૂરેપૂરો વિશ્વાસ છે, એમ હું માનીશ. અન્યથા નહિ." રાક્ષસે કહ્યું.

"અમાત્યરાજ ! આ વિષયના ઉહાપોહમાટે જો પ્રસિદ્ધતાથી ન્યાયસભા ભરવામાં આવશે તો બધી બાજી બગડી જશે. એના કરતાં તો આ ભેદભરેલા વિષયને અંદરનો અંદર દબાવી દઇને પર્વતેશ્વરને ખંડણી લઇને તેના રાજ્યમાં પાછો મોકલી દેવો અને આ ચન્દ્રગુપ્તને સિંહાસનારૂઢ કરીને મગધદેશનું રાજ્ય પૂર્વ પ્રમાણે ચલાવવાની ચેષ્ટા કરવી એ જ સારું છે. તમે સચિવ અને હું સેનાપતિ......"સેનાપતિ ભાગુરાયણ વચમાં જ બોલી ઉઠ્યો.

"ના ના" રાક્ષસે એકદમ પોકાર કરીને કહ્યું. "ભાગુરાયણ ! આ નન્દવંશના પક્ષપાતી રાક્ષસ સમક્ષ તારે કોઈ કાળે પણ આવી વાત કાઢવી નહિ. નન્દનો ઘાત કરાવીને તેના સિંહાસને બેસવા ઇચ્છતા વૃષલનું સાચિવ્ય કરાવીને મને કલંકિત કરવાની તું ઇચ્છા રાખે છે કે ? એ શબ્દો ઉચ્ચારવા પહેલાં તારી જિહ્વાના શતશઃ ટુકડા કેમ થઈ નથી જતા ? નીચો ! શું તમારા બધાના કપટનાટકને હું નથી જાણતો કે ? અરેરે ! જાણું છું ખરો, પણ તે ઘણું જ મોડું જાણ્યું. એટલે જ તમને આવા રાજદ્રોહાત્મક ભાષણો કરવાનો પ્રસંગ મળ્યો. નહિ તો......પણ હવે એ વિચારો પ્રદર્શિત કરવાથી લાભ શો થવાનો છે ? કાંઇ પણ નહિ. માટે મૌન્ય જ વધારે સારું છે."

## પ્રકરણ ૩૪ મું.

### નવીન યુક્તિ.

રાક્ષસનું એ ભાષણ સાંભળીને ભાગુરાયણ થોડીક વાર ચુપ થઇને બેસી રહ્યો. એને શું ઉત્તર આપવું. તે તેને સૂઝ્યું નહિ. પરંતુ "જો મૌન્ય ધારી બેસી રહીશ, તો એ બધો અપરાધ મારે શિરે જ ઢોળી પાડશે, માટે એને કાંઇપણ ઉત્તર તો આપવું જ જોઇએ." એમ ધારીને તેણે રાક્ષસને કહ્યું કે, "કેમ? વિચારો જણાવવાથી લાભ કેમ નથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવાનો? આપના મનમાં જે કાંઈપણ હોય, તે સાફ સાફ બોલી નાંખો. મનમાં રાખશો નહિ. મનમાં રાખવાથી પણ શો લાભ થવાનો છે?"

"ભાગુરાયણ! તું નન્દની સેનાનો અધિપતિ છે, અને તું જ જ્યારે કોઈ વૃષલને સિંહાસનારૂઢ કરવાની યોજનામાં પ્રવૃત્ત થયો છે, તો તને હવે કયા નામથી ઓળખવો, એ જ હું સમજી શકતો નથી. હું જ અંધ થયો. મગધદેશનો હવે બાહ્યશત્રુ કોઈપણ નથી–માત્ર મહારાજને કાર્યમાં પ્રવૃત્ત કરવાના કાર્યવિના હવે બીજું કોઈ પણ કાર્ય અવશેષ રહ્યું નથી, એવી ધારણાથી હું શાંત થઈને બેસી રહ્યો. એ મારા પ્રમાદની મને જે શિક્ષા મળી છે, તે યોગ્ય જ છે. તું રાજઘાતક, વિશ્વાસઘાતક અને દેશદ્રોહી છે. તારા સમક્ષ ઉભું રહેવું અને તારા મુખનું અવલોકન કરવું, એ પણ મહા પાતક સમાન છે. એટલે તારી સાથે ભાષણ કરવામાં પાતક હોય, તેમાં તો સંશય જ ક્યાં રહ્યો? જો તમે બધા બુદ્ધિમાન્ હો, તો મારો સર્વ જનસમાજ સમક્ષ ન્યાય કરો. તે ન્યાયથી જો અપરાધી ઠરું અને ન્યાયકર્ત્તા તમે છો, માટે હું અપરાધી ઠરવાનો જ–તો તમારી ઇચ્છા હોય તેવી મને શિક્ષા ફરમાવો. જો એમ નહિ કરો, તો હું જ હમણાંને હમણાં ચૌટામાં જઇને આ બધી બાબતનો મોટેથી પોકાર કરીશ." રાક્ષસ બોલ્યો.

"અમાત્યરાજ!" ભાગુરાયણ તત્કાળ તેને સંબોધીને કહેવા લાગ્યો. "તમારો ન્યાય કરવાનો શો અધિકાર છે? સર્વનો ન્યાય તો આપ જ કરતા આવ્યા છો, અને કરશો પણ ખરા. મારી માત્ર એટલી જ પ્રાર્થના છે કે, એવા પ્રકારના ન્યાયની આપે ઇચ્છા ન રાખવી, એ જ વધારે નિર્ભયતાનો માર્ગ છે. કારણ કે, જનસમાજનો સ્વભાવ ઘણો જ વિચિત્ર હોય છે; ક્યારે અને કેવી રીતે તેમનો અભિપ્રાય બદલાઈ જશે, એનો નિયમ હોતો નથી. તેથી વિપરીત પરિણામની શંકા થયા કરે છે."

"ભાગુરાયણ! ઘડી ઘડી એનું એ જ પિષ્ટપેષણ કરવાથી શું વળવાનું છે વારુ? જનસમાજના સ્વભાવથી જેટલો તું જાણીતો છે, તેટલો જ હું પણ જાણીતો છું. હાલ તું અધિકારી છે, માટે તને જે કરવાનું હોય તે કર; પણ મારા પોતાના સંબંધમાં મારી જે કાંઈ પણ કરી નાંખવાની ઇચ્છા છે, તેમાં તું વચ્ચે ન આવ. મારી એવી ઇચ્છા છે કે, મારાશિરે આ પર્વતેશ્વરે કરેલા દોષારોપણનું નિરસન થઈ જાય અથવા તો તે સત્ય ઠરે અને મને શિક્ષા મળી જાય. સારાંશ એ કે, હું તમારા ઉપકારના ભારતળે આવવા નથી માગતો. મારી લજ્જા અને પ્રતિષ્ઠાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાળવવા માટે તમારે મારા અપરાધોને છૂપાવવાનો કશો પણ યત્ન કરવો નહિ. હવે હું વધારે કાંઈ પણ બોલવાનો નથી. નન્દનો હું એકનિષ્ઠ સેવક છું. એ પર્વતેશ્વરને બોલાવીને રાજ્યનાં સૂત્રો એના હસ્તમાં સોંપવાનું તો દૂર રહ્યું, પણ એવી ઇચ્છા માત્ર પણ મારા મનમાં થવી અશક્ય છે. વધારે શું કહું? પણ તમારું રચેલું આ કપટકુભાંડ જેમને સત્ય ભાસશે, તેઓ તો અવસ્ય મને જે શાસન કરવાનું હશે, તે કરશે જ. પરંતુ આ બાબતને અંદરને અંદર દબાવીને તારા કહેવા પ્રમાણે આ ચન્દ્રગુપ્તના પ્રધાનપદનો સ્વીકાર કરીશ, એમ તમારે સ્વપ્નાંતરે પણ ધારવું નહિ. મારો નિશ્ચય હજી તમે કેટલીકવાર જાણવા માગો છો?" રાક્ષસ પોતાના નિશ્ચયમાં દઢ રહીને બોલ્યો.

એ વાક્યો રાક્ષસે બહુ જ ઉદ્વેગના ભાવથી ઉચ્ચાર્યાં હતાં અને ભાગુરાયણ તથા ચન્દ્રગુપ્ત એ સઘળું મૂકમુખે સાંભળતા બેસી રહ્યા હતા. એટલામાં એક દૂતે આવીને ભાગુરાયણના કાનમાં કાંઇક કહ્યું-એટલે ભાગુરાયણ એકદમ તે દૂતને કહેવા લાગ્યો કે, "આ તું શું બોલે છે? રાજગૃહના મુખપાસે ખાડો ખોદવાના હેતુથી પોતાના ગૃહમાંથી માર્ગ આપીને રાજદ્રોહમાં સહાયતા કરનાર અપરાધી પકડાયો છે? અને તે ચન્દનદાસ છે? વાહ! ચન્દનદાસ તો અમાત્યનો પરમ પ્રિય મિત્ર હોવાથી તે આવા કાર્યમાં સહાયતા આપે એ બને જ કેમ? સર્વથા અશક્ય! ચન્દનદાસ રાજઘાતનું કારણ થાય, એ કોઈકાળે પણ સંભવનીય નથી."

"પણ તેણે પોતે જ પોતાના અપરાધનો સ્વીકાર કરેલો છે અને તેમ કરતાં સ્પષ્ટ જણાવ્યું છે કે, અમાત્યનાં પત્રોના આધારે જ મેં આ સઘળું કાવત્રું રચ્યું હતું. અમાત્ય મારો મિત્ર હોવાથી મારાથી ના પાડી શકાઈ નહિ." એ સંભાષણ અમાત્યના દેખતાં જ થયું અને તે સર્વ સાંભળી શકે તેવી રીતે થયું, એ કહેવાની કાંઇ પણ અગત્ય નથી. દૂતનાં અંતિમ વચનો સાંભળતાં જ અમાત્યના મનમાં જે સંતાપ થયો, તેનું યથાસ્થિત વર્ણન મોટા મોટા કવિઓથી પણ થવું અશક્ય હતું. ચન્દનદાસ પોતાનો મિત્ર હોવાથી તે આવા કાર્યમાં કોઈ કાળે પણ ભાગ લે નહિ, એવી તેની પૂરે પૂરી ખાત્રી હતી; પરંતુ અત્યારે તેના મનની એવી સ્થિતિ થઈ ગઈ હતી કે, ગમે તે મનુષ્ય ગમે તે આવીને કહે તો તેને તે ખરું જ માનતો હતો. તેથી જ એ વાત સાંભળતાં જ "જેવી રીતે બીજા અનેક લોકો આ નીચો સાથે મળી ગયા, તેવી જ રીતે એ પણ મળી ગયો હશે? પરંતુ જો ચન્દનદાસ પણ એ કારસ્થાની બ્રાહ્મણને અનુકૂલ થયો હોય, તો તો પછી સમસ્ત જગત જ એને અનુકૂલ થએલું છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નન્દનો વિનાશકાળ આવી પહોંચ્યો છે, એમ જ નિર્વિવાદ માની શકાય.'' એવા એવા અનેક વિચારો તેના મનમાં આવવા લાગ્યા. છતાં પણ ભાગુરાયણનાં વચનો વિરુદ્ધ તેણે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ-તેણે મૌન્ય જ પકડી રાખ્યું. બોલવાથી કાંઈ પણ લાભ થવાનો નથી, એ તે સારીરીતે જાણતો હતો.

તે દૂત અને ભાગુરાયણનું બીજું કેટલુંક ભાષણ તો ચાલતું જ હતું. એવી રીતે કેટલોક વખત વીતી ગયો. પર્વતેશ્વરના ન્યાયની વાત તો રહી જ ગઈ અને તેને પાછો નિયત સ્થાને લઈ જઇને રાખવાની આજ્ઞા કરવામાં આવી. આજ્ઞા પ્રમાણે પરિચારકો પર્વતેશ્વરને ત્યાંથી લઈ ગયા. ત્યાર પછી ભાગુરાયણ અમાત્યને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! આપની ચિત્તવૃત્તિ આ વેળાએ ક્ષુબ્ધ થએલી છે. માટે અત્યારે હું આપને કાંઈ પણ કહેતો નથી. સાધારણ રીતે જનસમાજની હાલમાં કેવી સ્થિતિ છે, એ વિશે તો આપને મેં કહેલું જ છે. હવે આપની ઇચ્છા હોય, ત્યાં આપ ભલે જાઓ, અને મારી કહેલી વાતોનો વિચાર કરો. મેં આપને જે વિનતિ કરેલી છે, તે કાંઈ અમથી કરી નથી; પરંતુ તે આપને ગમે કે ન ગમે, એનો આધાર આપની ઇચ્છાપર રહેલો છે.

રાક્ષસે ભાગુરાયણનું એ ભાષણ સાંભળી લઇને એકવાર ઘણી જ તિરસ્કારસૂચક દૃષ્ટિથી તેની તરફ જોયું. મોઢેથી તે કશું પણ બોલ્યો નહિ. એ મનુષ્ય સાથે બોલવામાં પણ મહા પાતક છે, એવી તેની માનીનતા હતી. "મારી અસાવધતાનો લાભ લઇને આણે આવું ભયંકર કારસ્થાન રચ્યું અને હું એના પ્રપંચમાં ફસાઈ ગયો!" એ વિચારથી તેના મનમાં ઘણો જ ખેદ થતો હતો. પણ તેનો કશો પણ ઉપાય હતો નહિ.-ત્યાંથી ન્યાયગૃહમાંથી નીકળીને ક્યાં જવું, એની કલ્પના તે કરી શક્યો નહિ. જ્યારે તે પોતાના પ્રતિહારીના મિત્રના ઘરમાં હતો, ત્યારે તેણે પોતાનાં સ્ત્રી પુત્રોના સમાચાર મેળવવામાટે અને તેમને પોતાને ત્યાં લાવીને રાખવામાટેનું કહેણ ચન્દનદાસને કહાવ્યું હતું અને ચન્દનદાસે તે પ્રમાણે વર્તવાનું ઉત્તર પણ મોકલ્યું હતું. પરંતુ ચન્દનદાસ પોતે તેને મળવાને ન આવ્યો, એનું તેને ઘણું જ આશ્ચર્ય થતું હતું. "ચન્દનદાસે જો રાજદ્રોહના કાર્યમાં સહાયતા આપી હશે, તો તે કયા મોઢે મને મળવાને આવે? ચન્દનદાસ જેવો અહિંસાધર્મી ગૃહસ્થ જ જ્યારે રાજકુળનો આવી રીતે સર્વથા નાશ કરાવવામાટે ઉદ્યુક્ત થાય, ત્યારે વિશ્વમાં વિશ્વાસ કેવી રીતે રાખી શકાય? પણ હવે મારે જવું ક્યાં? એ રાજદ્રોહી ચન્દનદાસનું તો હવે મુખ પણ જોવું નથી. ત્યારે મારું કુટુંબ અને ઘેર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તેને બોલાવીને આ પુષ્પપુરીનો સદાનેમાટે ત્યાગ કરીને ચાલ્યા જવું. નન્દરાજા સર્વાર્થસિદ્ધિ અદ્યાપિ તપોવનમાં તપશ્ચર્યા કરતા હશે, માટે તેમને મળી અને તેમને બીજા રાજાની સહાયતા અપાવીને સૈન્ય સહિત પુનઃ મારે આ પુષ્પપુરીમાં આવવું અને ચંદ્રગુપ્ત તથા તેના સહાયકર્તા ચાણક્ય અને ભાગુરાયણનો પરાજય કરીને સર્વાર્થસિદ્ધિને રાજ્યાસને બેસાડું, તો જ મારું નામ અમાત્ય રાક્ષસ ખરું." એવો તેણે નિશ્ચય કર્યો. "મને પકડીને કારાગૃહમાં રાખવાનું અથવા તો લોકો સમક્ષ મારો ન્યાય કરવાનું સાહસ એ દુષ્ટો કરી શકવાના નથી. એમનો હેતુ એટલો જ છે કે, મારા વિશે લોકોનાં મન કલુષિત કરીને મારી દુષ્કીર્તિ ફેલાવવી અને મને લોકોના દ્વેષને પાત્ર કરવો. પોતાના એ હેતુને સાધવામાટે એ ગમે તેવા નીચ પ્રયત્નો પણ કરશે. માટે હવે આપણે અહીં વધારે વાર બેસી રહેવું, તે લાભકારક નથી. પરંતુ હું ચાલ્યો જાઉં, તે પહેલાં પુત્ર કલત્રની મારે શી વ્યવસ્થા કરવી? ચન્દનદાસ જેવા નીચ મનુષ્યના ઘરમાં તેમને રાખવાં, એ હવે સારું નથી. એ કદાચિત્ મારાં આ પુત્રોને પણ શત્રુઓના હાથમાં સોંપી દઇને તેમનો પણ નાશ કરાવે તો તેમાં પણ કાંઈ આશ્ચર્ય જેવું તો નથી જ. અને એમ ન કરે, ને હું તેમની વિરુદ્ધ ન થાઉં, એટલામાટે તેમને જામીન તરીકે કેદ રાખે એટલે પછી શું કરવું!" એવા વિચારોને મનમાં જન્મ આપતો બિચારો રાક્ષસ રાજમાર્ગને મૂકીને બીજા એક છૂપા માર્ગેથી ચાલ્યો જતો હતો. અંતે પુષ્પપુરની નદીના તીરે આવેલા એક નિર્જન અરણ્યમાં તેણે પ્રવેશ કર્યો. પ્રતિહારીના મિત્રને ઘેર જવામાટેનો એ અરણ્યમાંથી પણ એક માર્ગ હતો. એ જ માર્ગે ચાલવાનું એ વેળાએ તેને વધારે સારું લાગ્યું. તે થોડોક આગળ વધ્યો, એટલામાં એક મહાન્ અને વિશાળ વૃક્ષતળે કોઈ "કેમ મિત્ર ચન્દનદાસ! રાક્ષસની આજ્ઞા પાળવામાટે તેં જે કૃત્ય કર્યું, તે અંતે તારા જ વધનું કારણ થઈ પડ્યું ને? અને એ તારા જાણવામાં આવેલું છતાં તેમ જ તારામાટે છૂટવાનો માર્ગ હોવા છતાં પણ તું ન્હાસી નથી જતો અને પોતાના નાશ માટે તૈયાર થઈને ઉભો છે, ત્યારે હવે મારું પણ આ જગતમાં જીવિત રહેવું વ્યર્થ છે! તારા જેવો એક ઉત્તમમાં ઉત્તમ મિત્ર સ્વર્ગમાં પ્રયાણ કરી જાય, ત્યારે મારા જેવાથી આ ખાલી વિશ્વમાં શી રીતે જીવી શકાય? જો ગળે ફાંસો ખાઈ હું આ ક્ષણે જ તારી પાછળ આવું છું........" રાક્ષસના કાને એ શબ્દો પડ્યા અને તે અચકાઇને ઉભો રહ્યો. "આ વેળાએ આ નિર્જન, અરણ્યમાં આવીને ચન્દનદાસના વધ માટે શોક કરનાર અને તેના માટે પોતાના પ્રાણનું બળિદાન આપનાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવો તે કયો મિત્ર હશે? અને ચન્દનદાસે જે કાંઈ કર્યું, તે રાક્ષસની આજ્ઞાથી કર્યું, એ કારણથી તેનો વધ કરવામાં આવે છે; એનો શો ભેદ હશે? મારાથી કાંઈપણ સમજી શકાતું નથી. આ વિલક્ષણ ભેદનું જ્ઞાન કેમ અને કેવી રીતે થઈ શકે? આ આત્મહત્યા કરનાર મનુષ્યને એકાંતમાં બોલાવીને પૂછવાથી કાંઇક જાણી શકાશે ખરું અને પછી એના મનને શાંત કરીને આગળ ઉપર જે કરવાનું હશે તે કરી શકાશે." એવો વિચાર કરીને તે તે ગૃહસ્થ પાસે ગયો અને નમ્રતાથી પૂછવા લાગ્યો કે "ભાઈ! પોતાના મિત્રના વધમાટે આત્મહત્યા કરવાને તત્પર થએલો તું પોતે કોણ છે, તે મને જણાવીશ?"

"મહારાજ! આપ મારી પૂછપરછ શામાટે કરો છો? જો મને આત્મહત્યા કરતો અટકાવવાનો આપનો મનોભાવ હોય, તો કૃપા કરીને તેવો પ્રયત્ન બિલ્કુલ કરશો નહિ. મારા મિત્રના સ્વર્ગવાસ પછી એક ક્ષણ માત્ર પણ આ સંસારમાં જીવિત ન રહેવાનો મેં દઢતમ નિશ્ચય કરેલો છે. માટે મને મારી ઇચ્છા પ્રમાણે કરવા દ્યો." તે આત્મહત્યા કરનાર અજ્ઞાત મનુષ્યે પોતાની ઉદારીનતાનું દર્શન કરાવીને તેવી જ નમ્રતાથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"ભાઈ! હું તારા માર્ગમાં આડો આવતો નથી. પણ તું જેના નામનો ઉચ્ચાર કરે છે, તે મારો પણ મિત્ર થાય છે. તેના વધની વાર્તા સાંભળીને મને પણ ઘણો જ ખેદ થાય છે. પણ એનો વધ કોની આજ્ઞાથી અને શામાટે કરવામાં આવે છે, એ તું મને જણાવીશ, તો તેને છોડવવાનો હું મારાથી બનતો ઉપાય કરીશ. નહિ તો હું પણ તારા જ માર્ગનું અવલંબન કરીને મિત્રને મળવાનો પ્રયત્ન કરીશ." રાક્ષસે કહ્યું.

"શું, ચન્દનદાસ તમારો પણ મિત્ર થાય છે? જો તેમ જ હોય, તો તો હવે તમારે તેને પોતાથી સદાને માટે વિયુક્ત થએલો માની લેવો. એનો દુષ્ટોએ વધ કર્યો છે. રાજદ્રોહના કાર્યમાં અમાત્ય રાક્ષસને જેણે જેણે સહાયતા આપેલી છે, તે સઘળાનો એવી જ રીતે વધ થવાનો છે. તે ત્રિપુટી-ચાણક્ય, ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણ. હવે એ કારસ્થાનમાં ભાગ લેનારા સર્વને યોગ્ય શાસન કરનાર છે........."

"અરે ભાઈ! એ તો બધું ખરું, પણ ચન્દનદાસને એમણે કયા દોષથી અપરાધી ઠરાવ્યો છે? રાક્ષસે તેને વચમાં જ બોલતો અટકાવીને પ્રશ્ન કર્યો.

"આપ આરોપ વિશે પૂછો છો ને? આરોપ બીજો શો હોય? રાજા ધનાનંદની સવારી રાજગૃહના તોરણ નીચે આવી લાગતાં જ તેની નીચે ખોદી



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખેલા ખાડામાં પડવી જોઇએ, એ હેતુથી તેણે પોતાના ઘરમાંથી ગુપ્ત રીતે ભોંયરું ખોદવાનો માર્ગ આપ્યો અને એ ખાઈ ખોદવામાં સહાયતા કરી, એ જ આરોપ. એ વ્યવસ્થા તેણે રાક્ષસના પત્રના આધારે કરી હતી. રાક્ષસે તેને લખ્યું હતું કે, "તારે મારી આજ્ઞાને અનુસરવું. મારાં માણસો ખાડો ખોદવાનો તારા ઘરમાંથી આરંભ કરશે; માટે તેમને તારાથી બનતી સઘળી મદદ આપજે." રાક્ષસ વિશે તેના મનમાં અપાર ભક્તિભાવ હોવાથી તેની એ માગણીનો તેણે અસ્વીકાર કર્યો નહિ, અને તેથી જ આજે તેને મૃત્યુના મુખમાં પડવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે." અજ્ઞાત ગૃહસ્થે વૃત્તાંત સંભળાવ્યો.

"આ તું શું બોલે છે? શું એ ખાડો ખોદવા માટે રાક્ષસે તેને પત્ર લખ્યું હતું? અરે એ ચાંડાલોએ આવાં ખોટાં ખોટાં પત્રો લખીને કેટલા મનુષ્યોને પોતાના પ્રપંચજાળમાં ફસાવ્યાં છે! અરેરે! ચન્દનદાસ! તારે આ રાક્ષસને પૂછવા માટે તો આવવું હતું! આવી કોઈ કારસ્થાનની ઘટના કરવી હોય, તોપણ રાક્ષસ કોઈ દિને તે પત્રદ્વારા કરે ખરો કે? આ કેટલી બધી અંધતા અને કેવો ભીષણ અંધકાર! જ્યારે, આ વાત બીજી રીતે મારા સાંભળવામાં આવી, ત્યારે મારા મનમાં ચન્દનદાસ વિશે ક્રોધ ઉત્પન્ન થયો હતો. પરંતુ હવે તે ફસાયો છે, એમ જાણીને સાચી તેની દયા આવે છે! હં પછી શું થયું?" રાક્ષસે એ ઉદ્દગાર કાઢીને પાછો સવાલ કર્યો.

"થાય શું? રાજાનો ઘાત થયો અને જ્યારે સર્વત્ર હાહાકાર વર્તી ગયો ત્યારે ચન્દનદાસ એકાએક ગભરાયો અને તેણે રાક્ષસને શોધવા માંડ્યો. પરંતુ રાક્ષસનો તેને કયાંય મેળાપ થયો નહિ. બે ત્રણ દિવસ પછી તેને રાક્ષસનો એવો સંદેશો મળ્યો કે, 'મારી સ્ત્રી અને મારાં બાળકોને લઈ જઇને તમારે ઘેર રાખો.' એ પ્રમાણે તેણે તેનાં સ્ત્રીપુત્રોને પોતાને ત્યાં રાખ્યાં. એટલે ત્વરિત જ ચન્દ્રગુપ્તનો ત્રાસ તેનાપર વર્ષવા માંડ્યો. તેની એવી માગણી હતી કે, 'રાક્ષસનાં સ્રી બાળકોને અમારે સ્વાધીન કરી દે, એટલે તારાપર કાંઈપણ આરોપ રાખવામાં નહિ આવે અને તને છોડી મૂકવવામાં આવશે. નહિ તો અવશ્ય તારો વધ થશે.' પરંતુ ચન્દનદાસે તેમની એ માગણીનો સ્વીકાર કર્યો નહિ. સામું તેણે તો એવું જ ઉત્તર આપ્યું કે, 'અમાત્યનાં સ્રી અને બાળકોને મેં જ સંતાડી રાખ્યાં છે અને મારો વધ કરશો, તો પણ હું તમને તેમનો પત્તો આપીશ નહિ.' આવું સ્પષ્ટ ઉત્તર મળે, એટલે ચન્દ્રગુપ્ત જેવો દુષ્ટ નર ક્ષમા કેમ જ કરી શકે? તેણે તત્કાલ તેના વધ માટેની આજ્ઞા આપી દીધી, ને તે પ્રમાણે અત્યારે તેને વધ સ્થાનમાં લઈ જવામાં આવ્યો છે. બહુધા તેનો વધ થઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયો હશે અથવા તો જે ક્ષણ જાય છે તેમાં થશે. મહારાજ ! હવે મને મારા મિત્રના માર્ગમાં તેની પાછળ વિચરવાની આજ્ઞા આપો." એવી રીતે એ ગૃહસ્થનાં દઢતાથી ઉચ્ચારેલાં વચનો સાંભળીને રાક્ષસ સ્તબ્ધતાથી ઉભો રહી ગયો. માત્ર એ વેળાએ તેણે એ આત્મહત્યા કરનાર મનુષ્યનો હાથ મજબૂતાઇથી પકડી રાખ્યો હતો. તેની બુદ્ધિ બહેર મારી ગઈ હતી. તેણે તે મનુષ્યને પૂછ્યું કે, "તારું નામ શું ?"

"શકટદાસ" તેણે ઉત્તર આપ્યું. એટલે રાક્ષસે વળી પૂછ્યું કે, "શકટદાસ ! ચન્દનદાસે રાક્ષસનાં સ્ત્રી અને બાળકોને ક્યાં રાખેલાં છે, એ વિશે તને કાંઈ ખબર છે કે ? તું તેનો મિત્ર છે, માટે જ હું તને પૂછું છું."

"ના; હું તેનો મિત્ર ખરો; પરંતુ આવી ગુપ્ત વાતો ઝટ દઇને એકના મોઢેથી બીજાને મોઢે જાય છે, તેથી મને પણ તેણે એ વિશે કાંઈ કહ્યું નથી અને ખરેખર જો હું એ વાત જાણતો હોત, તો ક્યારનોએ ચન્દ્રગુપ્તને તે જણાવીને મારા મિત્ર ચન્દનદાસનો છૂટકો કરાવી નાંખ્યો હોત. રાક્ષસ તેને આવા સંકટમાં નાંખીને પોતે કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો છે, તેનો પત્તો નથી. જે મનુષ્ય પોતાના જીવના રક્ષણ માટે પોતાના મિત્રનો આવી રીતે વધ થવા દે છે, એવા મિત્ર માટે પ્રેમ પણ શામાટે રાખવો જોઇએ ? પણ ચન્દનદાસ મહાપુરુષ છે." શકટદાસે કહ્યું.

એ મર્મભેદક વચનો સાંભળીને રાક્ષસને ઘણું જ માઠું લાગ્યું. તે થોડીક વાર સ્તબ્ધ રહીને બોલ્યો કે, "મિત્ર ! તું વ્યર્થ આત્મહત્યા ન કર, અને મને વધસ્થાને લઈ ચાલ. હું તારા મિત્રને છોડવીશ-અમાત્ય રાક્ષસ જેવા દુર્દૈવી પુરુષનાં સ્ત્રી પુત્રો માટે ચન્દનદાસ પ્રાણ આપવાને તત્પર થયો છે, તે રાક્ષસ હું જ છું." રાક્ષસનું નામ સાંભળતાં જ શકટદાસ આશ્ચર્યચકિત થઈ ગયો.

## પ્રકરણ ૩૫ મું.

## પ્રતિજ્ઞાનો ભંગ કે મિત્રનો વધ!

શકટદાસે માત્ર અત્યંત આશ્ચર્ય જ નહિ, કિન્તુ અવિશ્વાસ પણ દેખાડ્યો અને તે કહેવા લાગ્યો કે, "મહારાજાના અને તેના કુળનો વિધ્વંસ કરવાનો તેણે જે યત્ન કર્યો હતો તે તો સફળ થયો, પણ પછીનો સર્વ પ્રકાર પોતાની ઇચ્છાથી વિરુદ્ધ અને હાનિકારક થએલો હોવાથી રાક્ષસ એક ક્ષણ માત્ર પણ આ પુષ્પપુરમાં રહે, એ સર્વથા અશક્ય છે. માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપનાં વચનોને હું સત્ય તરીકે માન્ય રાખી શકતો નથી." એટલે પોતે જ રાક્ષસ છે, એવી તેની ખાત્રી કરી આપવામાટે રાક્ષસને ઘણો જ શ્રમ વેઠવો પડ્યો. અન્તે "આપ જ જો ખરેખર રાક્ષસ હો, તો હું આવું છું અને આપને ચન્દનદાસ પાસે લઈ ચાલું છું. જો તે અદ્યાપિ જીવતો હશે, તો તો ઠીક; નહિ તો આપનો હાથ ચન્દ્રગુપ્તના હાથમાં સોંપીને હું તો આત્મહત્યા કરવાનો જ. જો તે જીવતો હોય, તો તેને છોડવવાનો પ્રયત્ન કરશો; કારણ કે, મારા મિત્રને હું વિટંબનામાં પડેલો જોઈ શકતો નથી. ભગવાન્ અરિહંતા મને અને તેને ઉભયને નિર્વાણપ્રાપ્તિ કરાવશે, એમાં તો કિંચિન્માત્ર પણ શંકા નથી."

એમ કહીને શકટદાસે ચાલવા માંડ્યું અને તેની પાછળ પાછળ રાક્ષસ પણ ચાલતો થયો. ગંગા નદીના તીરે સ્મશાનમાં ખરેખર ચન્દનદાસને વધનાં સર્વ ચિન્હોથી વિભૂષિત કરીને ઊભો રાખવામાં આવ્યો હતો. ત્યાં એ બન્ને આવી પહોંચ્યા. ચન્દનદાસને લાલરંગનાં વસ્ત્રોથી આચ્છાદિત કરેલો હતો, રક્ત પુષ્પોની માળા તેના સમસ્ત શરીરપર નાંખવામાં આવી હતી અને તેનું સર્વાંગ કુંકુમ આદિ રક્ત ચૂર્ણવડે લિપ્ત કરવામાં આવ્યું હતું. તેની પત્ની અને તેનો એક દશ વર્ષના વયનો પુત્ર પણ ત્યાં આવેલાં હતાં. તેની પત્ની પોતાના પતિસાથે સતી થવા માટે આવી હતી અને પુત્ર પોતાનાં માતા પિતાને "તમે આજે આવો વેશ શામાટે લીધેલો છે–તમે ક્યાં જાઓ છો?" એવા નિર્દોષ પ્રશ્નો દીનવાણીથી પૂછતો ઉભો હતો. અનેક પ્રયત્નો કરવા છતાં પણ તેના રોદનનો અટકાવ થઈ શક્યો નહિ. એ કરુણોત્પાદક આદર્શને જોઇને રાક્ષસનાં નેત્રોમાં પણ પાણી ભરાઈ આવ્યું. "મારો મિત્ર મારામાટે વિના કારણ માર્યો જાય છે, એટલું જ નહિ પણ તેની સ્ત્રી પણ પતિસાથે સતી થાય છે, અને માત્ર એક જ શબ્દથી મુક્તિ મળવાનો સંભવ છતાં પણ મિત્રધર્મના પાલનમાટે તેમ કરતાં એ અચકાય છે–એ એનું કેવું ધૈર્ય અને કેટલું સાહસ!!" એવો વિચાર કરી આગળ વધી તે વધ કરનાર ચાંડાલને કાંઇક કહેવા જતો હતો, એટલામાં તે ચાંડાલ ચન્દનદાસને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–

"શેઠ! આપ વ્યર્થ પોતાના પ્રાણ પોતાને હાથે જ શામાટે ગુમાવો છો? રાક્ષસનાં બાલ બચ્ચાં ક્યાં છે, તે જણાવી દ્યો ને? મહારાજ ચન્દ્રગુપ્ત ઘણા જ દયાળુ છે. તે કાંઈ રાક્ષસના વંશનો નાશ કરવાનો નથી. માત્ર રાક્ષસને પોતાના તાબામાં રાખવા માટે જ આ બધી કોશિશો કરવામાં આવે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ચાંડાલ!" ચન્દનદાસ કહેવા લાગ્યો. "રાક્ષસે પોતાનું કુટુંબ મને સોંપેલું છે, માટે હું જીવતો છું ત્યાં સૂધી તો તેમને કોઇના હાથમાં સોંપવાનો નથી. જો આટલી મિત્રનિષ્ઠા અને વચનનિષ્ઠા પણ મનુષ્યમાં ન હોય, તો પછી મનુષ્યનું જીવન જ શા ઉપયોગનું છે? જેવો વાયુ વાય તેને તેવી પીઠ આપીને પોતાનું પાપી પેટ ભરનારા તો જગત્માં ઘણાય છે—ત્યારે સારા ને નઠારામાં ફેર શો?" ચન્દનદાસે ઉત્તર આપ્યું.

ચન્દનદાસનાં એ વચનો રાક્ષસે સ્પષ્ટતાથી સાંભળ્યાં, અને તેથી તેને ઘણો જ ખેદ થવા લાગ્યો. "મારા મિત્રની મારામાં આટલી બધી નિષ્ઠા હોવા છતાં હું આજે વિનાકારણ એના નાશનો હેતુ થાઉં છું. એનો મિત્ર આ શકટદાસ અચાનક મારી દૃષ્ટિએ પડ્યો અને એણે મને આ બધી બીનાની ખબર આપી, એ ઘણું જ સારું થયું." એમ ધારીને તેણે એક નિઃશ્વાસ નાંખ્યો અને એકદમ આગળ વધીને ચાંડાલને કહ્યું કે, "અરે ચાંડાલ! જેનાં સ્ત્રી પુત્રોના શોધમાટે તું આ નિર્દોષ મનુષ્યનો વધ કરવા માટે તૈયાર થએલો છે, તે રાક્ષસ હું પોતે તારા સમક્ષ ઉભો છું, માટે એને એકદમ છોડી મૂકો અને તેને બદલે તમારી ઇચ્છા હોય તો મારો વધ કરો. દુષ્ટ ચાણક્ય અને ચન્દ્રગુપ્તના કપટજાળમાં જેવી રીતે આખું જગત્ ફસાયું છે, તેવી જ રીતે આ બિચારો પણ ફસાયો છે—માટે એને જવા દ્યો. એનો જરા જેટલો પણ અપરાધ હોય, એમ મારું ધારવું નથી."

એ ભાષણ સાંભળીને બધા ચાંડાલો રાક્ષસના મુખને જોવા લાગ્યા. ચન્દનદાસની પત્ની પણ આશ્ચર્યચકિત, પરંતુ આશાપૂર્ણ દૃષ્ટિથી તેની મુખમુદ્રાનું અવલોકન કરવા લાગી, અને ચન્દનદાસ પોતે પણ "એ આવી અણીની વેળાએ ક્યાંથી આવી પહોંચ્યો?" એવા ભાવથી તેને તાકી રહ્યો. એ આશ્ચર્યની ઘડી વીતી ગયા પછી ચાંડાલ રાક્ષસને સંબોધીને બોલ્યો કે, "આર્યશ્રેષ્ઠ! અમને ચન્દ્રગુપ્ત મહારાજની એટલી જ આજ્ઞા છે કે, જો આ શેઠ અમાત્ય રાક્ષસનાં સ્ત્રી પુત્રોનો પત્તો આપે અને તેમને તમારા હાથમાં સોંપે, તો એને જીવતો છોડી દેવો. માટે જ્યાં સૂધી એ એમ ન કરે, ત્યાં સૂધી અમારાથી એને છોડી શકાય તેમ નથી. અમાત્ય રાક્ષસ આવે અને તે તમારે સ્વાધીન થાય, તો ચન્દનદાસને છોડી દેજો, એવી કાંઈ અમને આજ્ઞા મળેલી નથી. માટે અમારાથી શું થઈ શકે? શેઠ! જો તમે જીવવાથી કંટાળી ગયા હો, તો અમારો ઉપાય નથી; પણ હજી પણ જો આર્યશ્રેષ્ઠ રાક્ષસનાં સ્ત્રી પુત્રોનો પત્તો આપતા હો, તો જીવતા છૂટીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના કુટુંબ સહિત સુખેથી રહી શકશો. માટે તેમ કરી નાંખવામાં શી અડચણ છે?"

ચન્દનદાસે ચાંડાલની એ પ્રાર્થનામાં કાંઈ પણ ધ્યાન રાખ્યું નહિ. તે એકદમ રાક્ષસને કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! આપ મારા મિત્ર છો, માટે આપની આજ્ઞા ભૂલભરેલી તો નહિ જ હોય, એવા ભાવથી મેં આપનું પત્ર વાંચતાં જ મારા ઘરમાંથી ભોંયરું ખોદવાના કાર્ય માટે અનુમોદન આપ્યું. એનું કારણ સુદ્ધાં પણ મેં આપને પૂછ્યું નહિ. જો કે ખરીરીતે તો તે મારે જાણવું જ જોઇતું હતું. એ અંધત્વનું પ્રાયશ્ચિત્ત હું અત્યારે ભોગવતો ઊભો છું. માટે આપ હવે મને છોડવવાનો પ્રયત્ન કરશો નહિ. આપ અહીં મારી પાસે આવો, એટલે આપનાં સ્ત્રીપુત્ર ક્યાં છે, તે વિશે આપને હું ગુપ્ત માહિતી આપી દઉં. તે સાંભળો અને તેમને બચાવવાનો પ્રયત્ન કરો. આપ જો વધારે વાર અહીં ખોટી થશો, તો આપના શિરપર પણ કોણ જાણે શું સંકટ આવશે, એનો નિયમ નથી. આપણો સર્વથા અને જડમૂળથી નાશ કરવામાટે જ આ બધો પ્રપંચ રચાયો છે. મેં જો આપને ત્યાં આવીને કાંઈ પણ પૃચ્છા કરી હોત, તો આપ પણ જાગૃત થઈ શક્યા હોત. પરંતુ હું અંધ અને બુદ્ધિશૂન્ય બની ગએલો હોવાથી બીજા જ વિચારોના પ્રવાહમાં તણાઈ ગયો અને આપને કાંઈ પણ ન પૂછતાં નિઃશંક તેમને આજ્ઞા આપીને તેમના કપટજાળમાં ફસાઈ રાજવંશના ઘાતનો હેતુ થયો. એ મારા દુષ્કૃત્યની શિક્ષા મને મળવી જ જોઈએ. માટે અમાત્યરાજ! કૃપા કરીને મને આ પ્રાયશ્ચિત્ત–દેહાંત પ્રાયશ્ચિત્ત ભોગવવા દ્યો."

એ ભાષણ સાંભળીને અમાત્યના મનમાં ઘણું જ આશ્ચર્ય થયું. પરંતુ એવી રીતે આશ્ચર્યમાં પડી ચૂપ થઈ બેસી રહેવાનો એ સમય હતો નહિ. એટલે તેણે ચન્દનદાસને કહ્યું કે, "ચન્દનદાસ! ગમે તેમ થયું હોય, પણ હવે તારે જીવપર ઉદાર થવાનું કાંઈપણ કારણ નથી. હું તને જેમ કહું છું તેમ તું કર. મારી પત્ની ક્યાં છે, તે તું મને જણાવ, એટલે હું તને આ જવાબદારીમાંથી મોકળો કરી દઇશ. હું પ્રત્યક્ષ અહીં આવી પહોંચ્યો છું અને ચન્દ્રગુપ્ત જ્યારે મને પોતાને પણ કાંઈ શિક્ષા કરતો નથી, તો મારાં સ્ત્રી પુત્રોને તે શું કરનાર છે? ચાંડાલો! એને છોડી–છોડી મૂકો–મારાં સ્ત્રી પુત્રો ક્યાં છે, તે હું તમને જણાવું છું."

"અમાત્યરાજ!" ચાંડાલે ઉત્તર આપ્યું. "અમે તો આજ્ઞાના દાસ. જો એને છોડવા માટે ચન્દ્રગુપ્ત મહારાજની આજ્ઞા મળે, તો પછી અમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમ કરવામાં કશો પણ વાંધો નથી. આજ્ઞા વિના અમારાથી કશું પણ કરી શકાય તેમ નથી."

"ચન્દ્રગુપ્ત ક્યાં છે? મને કહો એટલે હું જઇને તેને વિનતિ કરું ને આને છોડી મૂકવાની આજ્ઞા લઈ આવું. પછી તો આપનો વાંધો નહિ રહેને?" રાક્ષસે પૂછ્યું.

"અમાત્યરાજ! પછી અમારો શો વાંધો હોય?" ચાંડાલે કહ્યું.

"અરે હું અમાત્યરાજ શાનો? મારા અંધત્વથી હવે તો હું તમારા કરતાં પણ વધારે નીચતાને પાત્ર થએલો છું. કૈલાસનાથ! આ મારાપર કેવું સંકટ!" રાક્ષસે ઉદ્દગાર કાઢ્યો.

હવે પછી શું કરવું, એનો ઉપાય રાક્ષસને સૂઝ્યો નહિ. તેને જાણે તે પોતે ચારેતરફથી ઘેરાઈ ગયો હોયને, એમ ભાસ્યું. "મિત્રને બચાવવા માટે જે કાંઈ પણ કરવું હોય, તે અત્યારે જ કરવું જોઇએ. અર્થાત ચન્દ્રગુપ્ત પાસે જઇને "હું તમારી સામો ઊભો છું, માટે મને જે શિક્ષા કરવાની હોય તે કરો, એમ કહેવું ને ચન્દનદાસને છોડી દેવા માટે વિનતિ કરવી. એના વિના હવે બીજો ઉપાય નથી જ." એ તેને સ્પષ્ટતાથી ભાસ્યું, તેથી તે પુનઃ ચાંડાલોને કહેવા લાગ્યો કે, "ભલા ભાઈઓ! હું અને આ શકટદાસ બન્ને ચન્દ્રગુપ્તપાસે જઇને પાછા આવીએ, ત્યાં સૂધી આના પ્રાણનો નાશ કરશો નહિ. હું એક બે ઘટિકામાં જ ચન્દનદાસની મુક્તિ માટેની આજ્ઞાપત્રિકા લઇને આવી પહોંચીશ." એમ કહીને તેણે શકટદાસને સંબોધીને કહ્યું કે, "ચાલો–આપને વચન આપ્યા પ્રમાણે આપણા આ મિત્ર અને તેની પત્નીના પ્રાણ બચાવવા માટે આપણે ચન્દ્રગુપ્ત પાસે જઈએ."

"અમાત્યરાજ! 'ચન્દ્રગુપ્ત મહારાજ પાસે જઇએ' એમ કેમ નથી બોલતા? તેમને મહારાજ કહ્યા વિના તે આપણી વિનતિને માન આપશે કે?" શકટદાસે કહ્યું.

શકટદાસના એ શબ્દો સાંભળતાં જ રાક્ષસ ખિન્ન થઈ ગયો અને લાલ ચોળ નેત્રો કરીને તેને કહેવા લાગ્યો કે, "શું? ચન્દ્રગુપ્તને–એ રાજઘાતક નરપશુને હું મારા મુખથી મહારાજની પદવી આપું? તું શું બોલે છે?"

"હું શું બોલું છું કે આપ શું બોલો છો? ચન્દ્રગુપ્ત સિંહાસનારૂઢ થઈ ચૂક્યા છે, તેથી જો કે આપના મનમાં ખેદ તો થતો જ હશે; પણ તે બોલી બતાવવાથી શો લાભ થવાનો છે? આપને એટલો પણ વિચાર નથી થતો કે, એમ બોલવાથી આપણું કાર્ય બનશે કે બગડશે?" શકટદાસે કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"બગડે કે સુધરે તેની મને દરકાર નથી. હું તો મારા મુખથી એ નીચને કોઈ કાળે મહારાજ કહેવાનો નથી." રાક્ષસે પોતાના મનની દઢતા દેખાડી.

"એટલે કે ચન્દનદાસને અવશ્ય શૂળીએ ચડાવી દેવાના છો, એમ જ કહોને?" શકટદાસે જરાક ઉપાલંભ આપીને કહ્યું.

"એટલે? એમ સમજવાનું કાંઈ કારણ? શું હું પોતે તેના સમક્ષ જઈને ઉભો રહીશ, અને તે ચન્દનદાસને શૂળિએ ચઢાવી શકશે કે? ત્યારે તો અહીં હવે પછી એવા જ ન્યાયો અપાશે કેમ?" રાક્ષસ એ શબ્દો ઉચ્ચારતી વેળાએ ઘણો જ સંતપ્ત દેખાયો.

એટલે શકટદાસ તેને ધીમેથી કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! આપનો આ સંતાપ વ્યર્થ છે. આવા સંતાપના આવેશમાં આપ ચન્દ્રગુપ્ત મહારાજ પાસે જશો, તો કદાચિત્ વધારે હાનિનો જ સંભવ થવાનો. એના કરતાં તો ચન્દનદાસનું જે થવાનું હોય તે થવા દ્યો અને મને પણ મારા મિત્ર પાછળ મરવા દ્યો-પછી તમે જાણો ને ચન્દ્રગુપ્ત જાણે."

ચન્દનદાસના વધની વાર્તા આવી કે, રાક્ષસનો બધો સંતાપ શમાઈ જતો હતો. "તે મારામાટે મરે છે અને મહા ઔત્સુકયથી મરણને કબૂલ કરે છે." એ વાતનું સ્મરણ થતાં જ તેનું અંતઃકરણ પીગળી જતું હતું. માટે અંતે ગમેતેમ થાય, પણ ચન્દ્રગુપ્તને વિનતિ તો કરવી જ, એવો નિશ્ચય કરીને જેવો તે ચાલવા જતો હતો, તેવો જ "ચન્દ્રગુપ્ત મહારાજનો જયજયકાર હો!" એવો પ્રતિહારીઓનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. ચન્દ્રગુપ્તને જોતાં જ રાક્ષસના કપાળમાં કરચલિઓ ચઢવા માંડી અને તેણે પોતાનું મોઢું ફેરવી નાંખ્યું. ચન્દ્રગુપ્તે જાણે પોતે કાંઈપણ જોયું જ ન હોયને, તેવી રીતે તે ચાંડાલને આજ્ઞા આપતાં કહ્યું કે, "કેમ અદ્યાપિ આ રાજઘાતકને તમે શૂળિએ નથી ચઢાવ્યો? આ અપરાધમાટે તમને હવે શું કહેવું? ચાલો મારા દેખતાં જ એનું કામ તમામ કરી નાંખો. આવા ભયંકર અપરાધીને આવી ભયંકર શિક્ષા જ થવી જોઇએ." ચન્દ્રગુપ્તની એ આજ્ઞા સાંભળતાં જ ચાંડાલોનો પ્રમુખ બોલ્યો કે, "મહારાજ! અમે અમારું કર્ત્તવ્ય બજાવવાના વિચારમાં જ હતા, એટલામાં આ અમાત્યરાજ અહીં પધાર્યા અને તેમણે ચન્દનદાસને છોડી દેવામાટે મહારાજનું આજ્ઞાપત્ર લઈ આવું છું, માટે ત્યાંસુધી એનો વધ કરશો નહિ." એવી અમને આજ્ઞા કરી, તેથી જ આ વિલંબ થવા પામ્યો છે."

"કોણે? અમાત્ય રાક્ષસે? ઠીક સારું. તે અહીં જ છે કે શું?" ચન્દ્રગુપ્તે કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"હા–ચન્દ્રગુપ્ત! હું અહીં જ છું." રાક્ષસ તેના સમક્ષ આવીને બોલ્યો "મારી પત્ની અને મારાં બાળકોને કારાગૃહમાં નાંખવાની તારી ઇચ્છા હોય, તો હું તેમને તારે સ્વાધીન કરું છું, અને હું પોતે પણ તારે સ્વાધીન થાઉં છું. એથી વધારે તારી શી ઇચ્છા છે?"

"અમાત્યરાજ! રાજશત્રુને અનુકૂલ થઇને રાજઘાતમાં અગ્રભાગે રહી સહાયતા કરનારને છોડી દેવાની સલ્લાહ આપો છો કે? આ વ્યાપાર કરનારો વણિક અનેકવેળા પોતાના વ્યાપાર માટે મ્લેચ્છોને ત્યાં જાય આવે છે. અર્થાત્ એ પર્વતેશ્વર સાથે મળી ગયો અને તેથી જ એણે તેની સહાયતા કરવામાટે પોતાના ઘરમાંથી ભોંયરું ખોદાવીને રાજગૃહના દ્વાર પાસે ખાડો તૈયાર કરાવ્યો હતો. એટલું બધું કારસ્થાન કરવા છતાં પણ એ તો વળી એમ કહે છે કે, 'આ બધું મેં અમાત્ય રાક્ષસના કહેવાથી જ કર્યું;' અર્થાત્ જેવી રીતે પર્વતેશ્વર આપનું નામ લે છે, તેવી જ રીતે આ પણ આપના નામનો જ ઉચ્ચાર કરે છે. એથી સ્પષ્ટ જણાય છે કે, એ પર્વતેશ્વરનો જ પઢાવેલો હોવો જોઇએ; એમાં રંચ માત્રપણ શંકા જેવું નથી. આપ એ કારસ્થાનમાં શામેલ હશો, એવી કલ્પના મારા મનમાં તો આવી નથી શકતી, એ તો હું પ્રથમથી જ આપને કહી ચૂકયો છું. વસ્તુસ્થિતિ આવી છે, એટલે એને હવે જીવતો કેમ છોડી શકાય, તે આપ જ જણાવો? વળી કદાચિત્ આપનાં સ્ત્રી અને બાળકોની પણ એણે હાનિ કરી હશે. તેઓ એના તાબામાં હતાં, એટલે આપ મ્લેચ્છોને અનુકૂલ હતા, એમ દેખાડવા માટે તેમને એણે મ્લેચ્છોના હાથમાં સોંપી દીધાં હશે, એવો અમારા મનમાં સંશય આવવાથી જ તેમને અમારે સ્વાધીન કર, એવી માગણી અમે કરીએ છીએ," ચન્દ્રગુપ્તે બધો ખુલાસો કર્યો.

"ચન્દ્રગુપ્ત! ચન્દનદાસથી આમાંનો એક પણ અપરાધ બની શકે તેમ નથી. એના માટે તું કહે તેવી જામીનગીરી આપવાને હું તૈયાર છું. જેવી રીતે મારી મુદ્રાવાળાં પત્રો મોકલીને કોઇએ પર્વતેશ્વરને ફસાવ્યો છે, તેવી જ રીતે આ બિચારા ચન્દનદાસને પણ ફસાવવામાં આવ્યો છે, એમાં જરા પણ શંકા નથી. માટે તારે એને છોડી દેવો, એવી મારી વિનતિ છે." રાક્ષસે પોતાના મિત્રની વકીલાત કરીને કહ્યું.

"અમાત્યરાજ! વિનતિ કરવાનું શું કારણ છે? હું એને આપની આજ્ઞા જ સમજીશ. પણ..." ચન્દ્રગુપ્ત એટલું જ બોલીને અટકી ગયો. એટલે ભાગુરાયણ આગળ બોલવા લાગ્યો. "પણ આપે હવે પોતાના પક્ષાભિમાનને છોડી દેવો અને આ રાજ્યશકટને પૂર્વ પ્રમાણે ચલાવવું, એવી અમારી ઇચ્છા છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"ભાગુરાયણ! જે કંઈ બોલવાનું હતું, તે હું એકવાર બોલી ચૂકયો છું, માટે હવે બીજીવાર શું બોલું? શું તારું એમ ધારવું છે કે, અમાત્ય રાક્ષસ તમારા જેવા રાજઘાતકીઓના પક્ષનો સ્વીકાર કરશે? મારી શી પ્રતિજ્ઞા છે, તે શું તું નથી જાણતો? એ મારી પ્રતિજ્ઞાનો કોઈ કાળે પણ ભંગ થવાનો નથી." રાક્ષસે પુનઃ પોતાનો નિશ્ચય કહ્યો.

એ સાંભળીને પુનઃ ભાગુરાયણ બોલ્યો કે, "ત્યારે ચન્દનદાસને મારવા વિશેની ચન્દ્રગુપ્ત મહારાજની આજ્ઞાનો ભંગ કેવી રીતે થઈ શકશે?"

"અને જો તેમ નહિ થાય, તો મારા મિત્રના પ્રાણનું રક્ષણ કેવી રીતે થઈ શકશે? અને તેની પત્ની પણ પોતાના પતિના શબ સંગે સતી થશે. એથી હું પણ પાછો તે વટવૃક્ષ તળે જઈને ફાંસો ખાઈ આત્મહત્યા કરીશ. અરે જ્યારે આમ જ કરવું હતું, ત્યારે મને અને ચન્દનદાસની સાધ્વી પત્નીને આટલી વાર આશામાં શા માટે રાખ્યાં?" શકટદાસે વચમાં જ પોતાની કર્મકથા કાઢી.

એ વચનો સાંભળતાં જ રાક્ષસ એકાએક સ્તબ્ધ થઈ ગયો. એનું શું ઉત્તર આપવું? એનો તેને માર્ગ સૂઝયો નહિ.

## પ્રકરણ ૩૬ મું.

### રાક્ષસનો નિશ્ચય.

શકટદાસના શબ્દોનો રાક્ષસના હૃદયમાં વજ્રાઘાત સમાન આઘાત થયો. ચન્દનદાસને છોડવી લાવવાનું વચન આપીને તેને તે વધસ્થાનમાં લઈ ગયો હતો. "મારાં સ્ત્રી અને બાળકો માટે વ્યર્થ તું તારો જીવ ન આપ." એમ ચન્દનદાસને કહીને "હું પોતે જ મારાં સ્ત્રીપુત્રોને તેમને સ્વાધીન કરીશ, એટલે ચન્દ્રગુપ્ત ચન્દનદાસને અવશ્ય છોડી દેશે." એવી આશાથી શકટદાસને લઈ ચાલવાને તૈયાર થયો હતો, એટલામાં તો ચન્દ્રગુપ્ત જ ત્યાં આવી પહોંચ્યો. પરંતુ ભાગુરાયણ અને ચન્દ્રગુપ્તનો તો કાંઈ જૂદો જ અભિપ્રાય હોય એમ દેખાયું. એથી રાક્ષસ મહાભારત ધર્મ સંકટમાં આવી પડ્યો. સ્થિતિ વિપરીત થવાથી કોઈપણ ઉપાય તેની બુદ્ધિમાં આવી શકયો નહિ. "જો આ વેળાએ ચન્દ્રગુપ્તને સિંહાસને બેસાડીને હું તેના સાચિવ્યનો સ્વીકાર કરું, તો જ એ ચન્દનદાસને છોડે; નહિ તો આ મારા એકનિષ્ઠ મિત્ર—અરે ભક્તને અવશ્ય શૂળીએ ચઢાવીને મારી નાંખવામાં આવશે, અને એ મરશે એટલે એની પત્ની પણ સતી થવાની જ. આ બધો સંહાર કોનામાટે? લોકો તો એમ જ કહેવાના કે, રાક્ષસનાં સ્ત્રીપુત્રોના પ્રાણના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રક્ષણમાટે જ એ બધો સંહાર થયો! ત્યારે આવો વધ મારે થવા દેવો જોઇએ ખરો કે? ના–ના–એમ તો કોઈ કાળે પણ થાય નહિ." એવી તેની ભાવના થઈ, પરંતુ એ વધ ટાળી દેવા માટે ભાગુરાયણ અને ચન્દ્રગુપ્તે જે એક ઉપાય સૂચવ્યો હતો, તે પણ રાક્ષસને માન્ય નહોતો. એટલે પછી કેમ બને? "મારી પ્રતિજ્ઞાનો ભંગ કરીને આ નન્દવંશના ઘાતકોની સેવાનો હું સ્વીકાર કરું, તો જ શાંતિ થશે કે શું? મિત્રવધ ન થવા દેવામાટે હું મારો અને મારાં સ્ત્રીપુત્રોનો વધ કરવાની વિનતિ કરું છું, તોપણ એમના આત્માને શાંતિ થતી નથી. એમણે તો મને પોતાનો સેવક બનાવવાની ધારણા જ નિશ્ચિત કરી રાખી છે. પરંતુ મને હવે સચિવ બનાવવાથી એમને શો લાભ થવાનો છે? મારાં નેત્રો સમક્ષ જ આવા ભયંકર કારસ્થાનની સિદ્ધિ થઈ ગઈ, એટલે હું તો અંધ જ બની ગયો છું. હું જન્માંધ પ્રમાણે સર્વથા અંધકારમાં જ રહી ગયો, એટલે હવે મારી પ્રધાનપદવીનું મહત્ત્વ શું? હવે લોકો મને માનની દૃષ્ટિથી જુએ, એ સર્વથા અસંભવિત છે. મારાવડે જ આવી રીતે નન્દવંશનો સમૂલ અને સશાખ ઉત્પાત થએલો છે, એવો જનસમાજનો દૃઢ નિશ્ચય જ થઈ ગયો છે. વળી એ રાજવંશના ઉચ્છેદનું કાવત્રું રાક્ષસે જ રચેલું છે, એવી કોઈના મનમાં શંકા ન આવે અથવા તો પોતે આદરેલા નરયજ્ઞમાં હોમાતા મનુષ્યોનો ચીત્કાર સાંભળી શકાશે નહિ, એવી ધારણાથી જ તે અણીના અવસરે ત્યાંથી છટકી ગયો હતો, એવી બહુધા બધાની ધારણા થએલી છે. એટલે હવે મારી અપકીર્તિમાં અવશિષ્ટ તે શું રહ્યું? મારા નામને જે કલંક લાગવાનું હતું, તે તો લાગી ચૂક્યું છે. માટે હવે તો જે પ્રયત્ન કરવાનો છે, તે માત્ર મારા પ્રાણની રક્ષા માટેજ છે. મારા મિત્રના વધ ન થાય તેટલા માટે આ નીચોની સેવાનો સ્વીકાર કરવો અને મારા નન્દવંશના પક્ષપાતને છોડી દેવો, એ કાર્ય મારાથી કાલત્રયે પણ બની શકશે કે? જ્યારે નન્દવંશનો આવી ક્રૂરતાથી સંહાર કરવામાં આવ્યો, અને જેમ કોઈ કસાઇ બકરાંનાં માથાં ધડથી જૂદાં કરી નાંખે છે, તેવીરીતે સર્વ નંદોને એમણે કાપી નાંખ્યા, ત્યારે એ નિર્દયોને આ બિચારા ચન્દનદાસની દયા તો ક્યાંથી જ આવે? અવશ્ય એ આનો વધ કરવા વિના રહેવાના નથી જ. પરંતુ એને ઉગારવાનો હવે બીજો ઉપાય જ રહ્યો નથી. અર્થાત્ જો ભાગુરાયણ આદિનું વચન હું માનું, તો જ આ અનિષ્ટ પ્રસંગ ટળે. પરંતુ નંદવંશનો નાશ કરનારા અધમોની સેવા ન કરવાની મેં પ્રતિજ્ઞા કરેલી છે, તેનો આ ચન્દનદાસના વધના નિવારણ માટે ભંગ કરવો કે શું? એક બાજૂએ મિત્રનો વધ અને બીજી બાજૂએ પ્રતિજ્ઞાનો ભંગ, એ બેમાંથી કઈ વસ્તુનો સ્વીકાર કરવો અને કઇનો તિરસ્કાર કરવો? પ્રતિજ્ઞાનો ભંગ કરીને આ નન્દવંશઘાતક ચાંડા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોથી મિત્રતા કરવી કે? ના-ના-એના કરતાં તો મિત્રનો વધ થાય, તે શું ખોટું? ભલે તેમ થાય, પણ આ ચાંડાલોના મંડળમાં તો શામેલ ન જ થવું." એવા અનેક પ્રકારના વિચારો કરતાં કરતાં અંતે રાક્ષસે એવો નિશ્ચય કર્યો કે, "મારી પ્રતિજ્ઞાના પાલનમાટે ચન્દનદાસ અને તેની પત્નીનું બલિદાન અપાય તો તે માટે ચિન્તા નથી; પરંતુ કોઈ પણ રીતે પ્રતિજ્ઞાનો ભંગ તો ન જ કરવો. ચન્દનદાસને છોડવવાથી જો સંકટ ટળી જતું હોય, તોપણ તે આવી રીતે ટાળવું ઇષ્ટ નથી." એવો નિશ્ચય કરીને રાક્ષસ ચન્દનદાસ પ્રતિ વળ્યો અને તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "તારા મૃત્યુના પ્રસંગને ટાળવા માટે ગમેતેવું સંકટ હું મારા શિરે વ્હોરી લેવાને તૈયાર છું, પરંતુ રાજદ્રોહી, રાજઘાતક અને વિશ્વાસઘાતક પુરુષોની સેવા સ્વીકાર્યા વિના તારું સંકટ ટળે તેમ નથી, અને તે સ્વીકારવાની મારી ઇચ્છા નથી. માટે હવે ભગવાન્ કૈલાસનાથનું સ્મરણ કરીને આવેલા મૃત્યુને માન આપવાની તૈયારી કર. હવે બીજું હું તને કશું પણ કહી શકતો નથી. હવે મારો કોઈપણ ઉપાય નથી. ગમે તો અજાણપણે, પણ તું આ રાજઘાતક લોકોના કપટપાશમાં સપડાયો, પોતાના ઘરમાંથી ભોંયરું કાઢવા માટે અનુમોદન આપ્યું અને અપરાધ કર્યો, તો તેનું આ શાસન મળે છે, એમ જ ધારીને તારે મનમાં સંતોષ માનવો. અત્યારે હવે એ જ કર્ત્તવ્ય છે."

રાક્ષસનો એ નિશ્ચય જાણીને ચન્દ્રગુપ્ત તથા ભાગુરાયણ બન્ને આશ્ચર્યચકિત થઈ ગયા. પોતાનાં સ્ત્રીપુત્રોના રક્ષણમાટે એક ખરા મિત્રનો વધ થાય છે, એ જોઇને અવશ્ય રાક્ષસનું હૃદય પીગળી જશે અને તેથી આપણી બધી માગણીઓ એ કબૂલ રાખશે, એવી તેમની ધારણા હતી. પરંતુ તે ધારણા તેમને નિષ્ફળ થતી દેખાઈ. હવે કોઈ પણ પ્રકારે રાક્ષસ આપણા પક્ષમાં આવે, એ શક્ય નથી, એમ હવે સ્પષ્ટતાથી તેમને ભાસવા લાગ્યું. આર્ય ચાણક્યે અત્યારસૂધીમાં રાક્ષસને પોતાના પક્ષમાં તાણવા માટે અનેક પ્રયત્નો કર્યા, પણ તે સઘળા નિરર્થક નિવડ્યા. હવે એ જો પોતાના પક્ષમાં ન જ આવે, તો બહાર જઇને અનેક ઉપદ્રવો જગાડશે, માટે એને કોઇપણ રીતે પુષ્પપુરીમાં જ અટકાવી રાખવો, એ જ ઉપાય હવે તેમની પાસે અવશિષ્ટ રહ્યો હતો. રાક્ષસ જો બહાર નીકળી જાય, તો મગધદેશના શત્રુઓને મળીને ચઢાઇ કરે, એ નિશ્ચિત જ હતું. માટે જો એ સંકટને ટાળવું હોય, તો તેને પુષ્પપુરીમાંથી બહાર નીકળતો અટકાવવો જ જોઇએ. પર્વતેશ્વર સાથે મળી જઇને એણે જ નન્દવંશનો નાશ કરાવ્યો, એ અફવા ઉડાવવાનું કામ જેટલું સહેલું હતું, તેટલું લોકો સમક્ષ તેનો ન્યાય કરીને તેને શિક્ષા કરવાનું કાર્ય સરળ હતું નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન્યાયાધીશ સમક્ષ કોણ જાણે કેવા પૂરાવા નીકળે, એનો નિયમ નહોતો. એ સઘળું ચન્દ્રગુપ્ત, ચાણક્ય અને ભાગુરાયણ સારી રીતે જાણતા હતા. ચાણક્ય તો રાક્ષસની યોગ્યતાને વળી બધા કરતાં વધારે પિછાનતો હતો. જો બનેલી બધી ઘટનાને ભૂલી જઇને રાક્ષસ ચન્દ્રગુપ્તને મગધેશ્વર માનવાનું એકવાર કબૂલ કરે, તો પછી પોતાના વચનથી તે કોઈ કાળે પણ ફરવાનો નથી અને ભવિષ્યમાં તે આવી રીતે અસાવધ પણ રહેવાનો નથી, એવો ચાણક્યનો દઢ નિશ્ચય હતો. ચાણક્યની હવે પછી વધારે દિવસ મગધદેશમાં રહેવાની ઇચ્છા નહોતી. ચન્દ્રગુપ્તને સિંહાસનારૂઢ કરીને પ્રધાનપદે વિરાજવાની તેની મહત્વાકાંક્ષા હતી નહિ. તેની માત્ર બે જ ઇચ્છાઓ હતી:—એક તો પાટલિપુત્રમાં આવવા પહેલાં જ્યારે તે તક્ષશિલા નગરીમાં હતો, ત્યારનો આર્યોપર યવનોના હાથે થતો જુલમ તેના મનમાં ખૂંચ્યા કરતો હતો, તે જુલમનો નાશ કરવા માટે તક્ષશિલા પર્યન્ત આર્યોના રાજ્યનો વિસ્તાર વધારવો અને તે કાર્ય નન્દરાજા દ્વારા જ પાર પાડવું, એવી ધારણાથી તે પાટલિપુત્રમાં આવ્યો હતો. ત્યાં નન્દરાજાએ અપમાન કરવાથી તેનું વૈર વાળવાની ઇચ્છા હતી. તે ઇચ્છા તો સર્વથા સિદ્ધ થઈ ચૂકી; અને બીજી ઇચ્છા જો રાક્ષસ સહાયભૂત હોય, તો સત્વર જ પાર પડી શકે તેમ હતું. રાજ્યના મુખ્ય મંત્રીમાં જોઇતા સર્વ ગુણો રાક્ષસમાં છે, એનો ચાણક્યને પૂર્ણ વિશ્વાસ હતો. તેથી જ તેણે રાક્ષસને ચન્દ્રગુપ્તના પક્ષમાં લાવવાનો આટલો બધો પ્રયત્ન આદર્યો હતો. ચાણક્ય મહા કૃતનિશ્ચયી હતો, એ તો હવે વાચકોને નવેસરથી કહેવું પડે તેમ નથી જ. એથી જ તેણે રાક્ષસના નિશ્ચયને ફેરવવામાટેના ઉપાયો દૂર રહીને જ ચલાવવા માંડ્યા હતા. એકવાર તેણે ભાગુરાયણને મોકલીને દાણો દાબી જોયો અને પછી ચન્દનદાસનો વધ પોતાના હેતુથી જ થાય છે, એવો રાક્ષસને ભાસ કરાવીને પરિણામ શું આવે છે, તે પણ જોયું. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે તેનો એ પ્રયત્ન પણ ફળીભૂત થયો નહિ.

રાક્ષસ ચન્દનદાસને મરવા દેવાને પણ તૈયાર થયો, એ જોઇને ચન્દ્રગુપ્ત તથા ભાગુરાયણ હવે પછી શું કરવું, એવા ભાવની મુદ્રાથી એકમેકને જોવા લાગ્યા. તેમના એ પરસ્પર દૃષ્ટિપાતનો ભાવાર્થ રાક્ષસ સમજી શક્યો નહિ. થોડીવાર રહીને ચન્દ્રગુપ્તે ચાંડાલોને સબૂર કરવાની નિશાની કરીને કહ્યું કે, "ચાંડાલો, તમે આ મનુષ્યહત્યાનું કાર્ય કરશો નહિ. જ્યારે અમાત્યરાજ પોતે જ અહીં હાજર છે, ત્યારે તેમનાં સ્ત્રી પુત્રોમાટે આ બિચારા શેઠનો જીવ લેવો, એ અમને યોગ્ય નથી લાગતું. હાલ તો એને લઈ જઇને કારાગૃહમાં રાખો; કિંબહુના, છોડી જ દ્યો તો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વધારે સારું." એમ કહીને પાછો તે ચન્દનદાસને કહેવા લાગ્યો કે "ચન્દનદાસ! તમે આનંદથી તમારે ઘેર જાઓ. પરંતુ પાટલિપુત્ર છોડીને બીજે ક્યાંય જશો નહિ. તમારી ક્યારે આવશ્યકતા પડશે, એનો નિયમ નથી. માટે અમે જ્યારે તમને બોલાવીએ, ત્યારે અમારે ત્યાં આવવાની કૃપા કરજો."

એટલું કહી રાક્ષસ પ્રતિ જરા પણ ન જોતાં ભાગુરાયણને લઇને ચન્દ્રગુપ્ત ત્યાંથી ચાલ્યો ગયો. રાક્ષસપર નજર રાખનારા બીજા મનુષ્યો તો હતા જ. ચન્દ્રગુપ્તના જવા પછી ચાંડાલોએ ચન્દનદાસને છોડી મૂક્યો. છૂટતાં જ તે રાક્ષસ પાસે આવી તેનાં ચરણોમાં પડીને તેને કહેવા લાગ્યો કે, "આજે આપ અહીં પધાર્યા, તેથી જ મારો જીવ ઉગર્યો. નહિ તો આજે હું ખરેખર જ નિર્વાણપદે પહોંચી ગયો હોત. પાછળથી શો હાહાકાર થવાનો છે, એવિશે હું સર્વથા અજાણ હતો, અને હું એવો મૂર્ખ કે, આપે મારા ઘરમાંથી ભોંયરું કાઢવાની વ્યવસ્થા શામાટે કરેલી છે અને મને બોલાવીને આજ્ઞા આપવાને બદલે માત્ર પત્રથી જ કાર્ય શામાટે ચલાવ્યું છે? ઇત્યાદિ પ્રશ્નો પૂછવાને પણ આપ પાસે આવ્યો નહિ. હવે કૃપા કરીને આપ મારે ઘેર ચાલો. આપનાં પત્ની આપના માટે ઘણી જ ચિંતા કર્યા કરે છે, તેમને પણ હું ત્યાં તેડી લાવીશ." રાક્ષસે ચન્દનદાસનું એ ભાષણ ધ્યાનથી સાંભળી લીધું. એથી રાક્ષસનું હૃદય ઘણું જ દ્રવી ગયું; છતાં પણ એના બોલવામાં કાંઈ પણ બનાવટ હોય, એમ સ્પષ્ટ દેખાયું. પરંતુ ચન્દનદાસ અને રાક્ષસનો પરસ્પર એટલો બધો ગાઢ સ્નેહસંબંધ હતો, કે ચન્દનદાસ પણ ચાણક્ય સાથે મળી ગયો હશે અને એ પણ પોતાને ફસાવવાનો પ્રયત્ન કરતો હશે, એવી શંકા માત્ર પણ રાક્ષસના મનમાં આવી નહિ. "હમણા જ એને કાંઈ પણ પૂછીશ, તો કદાચિત્ એ જાગૃત થશે; માટે એની સાથે એને ઘેર જઇને સાધારણ વાતચિત કરતાં કરતાં જે રહસ્ય હશે, તે જાણી લેવાશે." એવો તેણે વિચાર કર્યો અને તેની સાથે તે ચાલતો થયો.

રાક્ષસના મનનો એવો હવે સોળેસોળ આના નિશ્ચય થઈ ગયો કે, "આ દુષ્ટોએ જો કે આટલો બધો અત્યાચાર કર્યો છે, તોપણ મને કારાગૃહમાં નાંખવાની કે ન્યાયના નિયમથી શિક્ષા કરવાની એઓ હિંમત કરી શકતા નથી. ત્યારે હવે ખરેખરી બીના કેવી રીતે બની અને કયા કયા મનુષ્યોને પોતાના પ્રપંચજાળમાં ફસાવીને, એમણે પોતાનો દાવ સાધ્યો છે, એની બને તેટલી માહિતી મેળવવી જોઇએ. લોકોના મનમાં હાલ મારા વિશે ઘણા જ ખરાબ વિચારો બંધાયલા છે, માટે અત્યારે લોકોને ત્યાં મારું વિશેષ જવું આવવું સારું નથી અને વળી મારી સઘળી હીલ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલોપર ચાણક્યની દૃષ્ટિ તો હોવાની જ. છતાં પણ મારી અસાવધતાનો લાભ લઇને એમણે આટલાં બધાં કાવત્રાં નિર્વિઘ્ને પાર પાડ્યાં, તેનો ભેદ તો ગમે તેમ કરીને પણ જાણવો જ જોઇએ. હા–ચન્દનદાસના ઘરમાં બેઠાં બેઠાં એ કાર્ય કદાચિત્ સાધી શકાશે." એ ધારણાથી તે પોતાના મિત્ર ચન્દનદાસને ત્યાં ગયો અને જતાં જ પોતાની ઇચ્છા પ્રમાણે કાર્યના આરંભની મનમાં યોજના કરવા લાગ્યો.

પ્રથમ જ તેના મનમાં જે વિચારવા જેવો પ્રશ્ન આવ્યો, તે એ હતો કે, "આ આટલું મોટું કરસ્થાન કોઇના પણ જાણવામાં ન આવતાં સિદ્ધ કેમ થયું? જો એમ જ માનીએ કે, અંદરના માણસો ફૂટવાથી એમ થઈ શક્યું; તો એ ફૂટનારા કોને કોને ધારવા? પર્વતેશ્વરે દેખાડેલાં પત્રોપર મારી મુદ્રા તો ખરેખરી જ હતી. અર્થાત્ મારી મુદ્રા સાચવનાર હિરણ્યગુપ્ત–કે જેને હું ઘણો જ વિશ્વાસનીય ધારતો હતો, તે જ બહુધા ફૂટેલો હોવો જોઇએ; નહિ તો બીજા કોઇના હાથમાં મારી મુદ્રા જાય, એ શક્ય જ નથી. કદાચિત્ હિરણ્યગુપ્ત પોતે ફૂટ્યો નહિ હોય, તો તેની અસાવધતાથી મુદ્રા ક્યાંક આડી અવળી થઈ ગઈ હશે અને તે બીજા કોઇને હાથ ચડી ગઈ હશે. છતાં પણ આ કારસ્થાન રચનારે એ મુદ્રા મેળવવા માટે પ્રયત્ન તો કરેલો હોવો જ જોઇએ; કારણ કે, ખોટાં પત્રો લખવા માટેનું મુખ્ય સાધન તો મુદ્રા જ છે અને એવાં ખોટાં પત્રોદ્વારા તો પર્વતેશ્વરને અહીં બોલાવવાનું પોતાનું કાર્ય તેણે સાધેલું છે. માટે હિરણ્યગુપ્તની અસાવધતાથી એ મુદ્રા ક્યાંક પડી ગઈ હોય અને તે બીજાને હાથ ચડી ગઈ હોય, એમ બનવું પણ અશક્ય છે. બનાવટી પત્રો કરવાનો વિચાર થતાં જ મુદ્રા મેળવવા માટે એ દુષ્ટોએ ખાસ પ્રયત્ન કરેલો હોવો જોઇએ; અને તે પ્રયત્ન એ કે, હિરણ્યગુપ્તને ફોડ્યો હોય અથવા તો બીજા કોઇની મારફતે એ મુદ્રાની ચોરી કરાવી હોય, એ જ હોવો જોઇએ. પરંતુ મુદ્રા ચોરાયલી પણ હોવી જોઇએ નહિ. કારણ કે, મને જ્યારે જ્યારે તેની અગત્ય પડી હતી, ત્યારે ત્યારે તે હિરણ્યગુપ્ત પાસે જ હતી. બસ એ દુષ્ટોના કાર્ય માટે જ માત્ર ચોરીથી એનો ઉપયોગ પણ થએલો હોવો જોઇએ અને એ ઉપયોગ હિરણ્યગુપ્તદ્વારા જ થએલો હોવો જોઇએ. હિરણ્યગુપ્તને એમણે પોતાનું શસ્ત્ર બનાવ્યું હોય, તો તેમાં કાંઈ પણ આશ્ચર્ય જેવું નથી જ અને હિરણ્યગુપ્તને ફોડ્યો, એટલે મારી એક આંખ જ ફોડી નાંખી, એમ કહી શકાય–એટલે હું આંધળો થયો, તેમાં પણ કાંઈ આશ્ચર્ય જેવું નથી. પણ હિરણ્યગુપ્ત કેવી રીતે ફૂટ્યો હશે? દ્રવ્યની આશાથી? એ તો શક્ય નથી લાગતું. ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજી શી વસ્તુની આશાથી તે કૃતઘ્ન થયો હશે? સ્ત્રીના મોહમાં તો નહિ સપડાયો હોય? પણ સ્ત્રીનો મોહ કયાંથી હોય?"

સ્ત્રીનો પ્રશ્ન આવતાં જ રાક્ષસ કિંચિત્ સ્તબ્ધ થઈ ગયો અને થોડીક વાર પછી એકદમ દીર્ઘ નિઃશ્વાસ નાંખીને આત્મગત બોલવા લાગ્યો કે, "શાબાશ! શત્રુઓ, શાબાશ!! જો મારા ધારવા પ્રમાણે થયું હોય, તો ખરેખર તમને ધન્યવાદ જ ઘટે છે! જેને દુષ્ટ મુરાના મંદિરમાં મેં મારી દૂતિકા તરીકે રાખી હતી, તે દુષ્ટ દાસીદ્વારા જ તમે હિરણ્યગુપ્તને ફોડ્યો હશે–જો એમ જ હોય, તો મારું શસ્ત્ર તમે મારી છાતીમાં જ ભોકયું, એમાં અણુમાત્ર પણ શંકા નથી. પત્રો વિશે તો આ ભેદ જણાયો, પણ રાજઘાતનો ભેદ શો હશે?"

રાક્ષસને એ વિચારસાગરમાં તણાતો છોડીને આપણે હવે આર્ય ચાણકયના દર્શનનો લાભ લઇશું.

## પ્રકરણ ૩૭ મું.

### ચાણકયનો વિચાર.

"મિત્રનો મરણસંકટમાંથી છૂટકો કરવા માટે રાક્ષસ મારી આજ્ઞાનો સ્વીકાર કરશે જ અને ચન્દ્રગુપ્તને મગધનો રાજા માનીને તેના મંત્રિપદને પણ વિભૂષિત કરશે." એવી ચાણકયને પુરેપૂરી આશા હતી. પણ તે આશા સમૂલ નષ્ટ થઈ ગઈ. "એની સત્ય નિષ્ઠા સમક્ષ અને નન્દનિષ્ઠા સમક્ષ આપણા કપટકૌશલ્યનું જરા પણ બળ ચાલનાર નથી," એ તેને સારી રીતે દેખાઈ આવ્યું અને તેથી હવે પછી શો ઉપાય કરવો, એ વિશેના તે મહા ગંભીર વિચારમાં પડી ગયો. "રાક્ષસને છૂટો તો ન જ મૂકવો જોઇએ. કારણ કે, જો તે છૂટો રહેશે, તો અવશ્ય કોઈ બીજા રાજ્ય સાથે મળીને ચન્દ્રગુપ્તના નાશનો ઉપાય યોજવાનો જ. નવ નન્દોનો મેં નાશ કર્યો, તેથી કાંઈ પૃથ્વી નન્દહીન થઈ નથી ગઈ. ચન્દ્રગુપ્તનું ઉચ્ચાટન કરીને જો એ પુનઃ નન્દનું અધિષ્ઠાન કરવાનો વિચાર કરશે, તો અવશ્ય એને કોઈ પણ નન્દ નામધારી કુમાર અથવા તો વૃદ્ધ પુરુષ મળી આવશે. અત્યાર સૂધીના પરાજયથી ક્રોધિષ્ટ થએલો રાક્ષસ એ સર્વ ઉપાયોની યોજના કરવામાં કદાપિ પાછી પાની કરવાનો નથી જ. ત્યારે એને પાછો પોતાને સ્થાને લાવવા માટે શી યુક્તિ યોજવી? અત્યાર સૂધીના બધા પ્રયત્નો તો વ્યર્થ ગયા. પર્વતેશ્વર તારી મુદ્રાવાળાં પત્રો દેખાડે છે અને હમણા સૂધીનો જે બનાવ બન્યો છે, તે જોતાં આ લોકોનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહજિક એવો જ નિશ્ચય થઈ ગયો છે કે, નન્દના નાશનું મૂળ રાક્ષસ જ છે. પરંતુ લોકોનો એ નિશ્ચય ફેરવી નાંખવો, એ ઘણું જ સરળ કાર્ય છે. પર્વતેશ્વરને લુચ્ચો ઠરાવીને તેણે આ બધી વ્યવસ્થા પોતાના દૂતો દ્વારા જ કરેલી હતી અને હવે પોતાના ખરા સાથી પ્રપંચીઓનાં નામો છૂપાવીને વ્યર્થ રાક્ષસ જેવા એક પાપભીરુ અને સ્વામિનિષ્ઠ મનુષ્યનું તે નામ લે છે; એમાં સત્યતાનો લેશ માત્ર પણ અંશ નથી. તપાસ કરતાં ખરા અપરાધીઓ પકડાઈ આવ્યા છે અને તેમને યથાન્યાય શિક્ષા પણ સત્વર જ કરવામાં આવશે. આવો ઉદ્દઘોષ જો સર્વ નાગરિકોને સંભળાવી દેવામાં આવશે, તો તારાપરનો સમસ્ત લોકાપવાદ ક્ષણના અર્ધ ભાગમાં દૂર થઈ જશે. પરંતુ એ બધી વ્યવસ્થા જો તું અમને અનુકૂલ થાય, તો જ કરવામાં આવે, નહિ તો અમે તારાપરના એ લોકાપવાદને વધારવાની જ યોજના કરીશું-એવી ધમકીઓ પણ રાક્ષસને આપી. પણ તે બીતો જ નથી. તે તો પોતાના હઠને પકડીને જ બેસી રહેલો છે. તેના મિત્રના વધની પણ તેને ભીતિ દેખાડવામાં આવી, પણ તેનું ફળ કાંઇએ થયું નહિ. મિત્રનો વધ થયો તો ચિન્તા નહિ, પરંતુ નન્દવંશનો ઘાત કરનારા એ નીચોની સેવા તો ન જ કરવી અને ચન્દ્રગુપ્તને મગધનો રાજા ન માનવો, એવી તે તો પ્રતિજ્ઞા કરીને બેઠો છે. શાબાશ! રાક્ષસ! શાબાશ!! તું જો કે મહાન્ નીતિનિપુણ તો નથી જ, પરંતુ સત્યનિષ્ઠા અને સન્નિષ્ઠા એ બન્નેનો તારા હૃદયમાં પૂર્ણતાથી નિવાસ હોય, એમ જોવામાં આવે છે. તારા દેખતાં જ તારો મિત્ર મરતો હોય અને તેની સ્ત્રી સતી થતી હોય, એવી સ્થિતિ હોવા છતાં પણ તું પોતાની સ્વામિનિષ્ઠાનો ત્યાગ ન કરે અને સ્વામિદ્રોહીની સેવાનો સ્વીકાર ન કરે, એ કાંઈ જેવી તેવી દૃઢતાનું ઉદાહરણ નથી. તારા સ્થાને જો કોઇ બીજો પુરુષ હોત, તો તે ક્યારનોએ પોતાના પક્ષને ત્યાગીને સામા પક્ષમાં મળી ગયો હોત. પરંતુ તારો એ ધર્મ નથી અને તે જાણીને જ મેં તને આ ચન્દ્રગુપ્તનો સચિવ બનાવવાની ઇચ્છા કરી છે. ભાગુરાયણને તારા વિરુદ્ધ ઉઠાડવા માટે તેની મહત્ત્વાકાંક્ષા જાગૃત કરી-તું અને રાક્ષસ સમાન પદવીના હોવા છતાં રાક્ષસને નન્દ શ્રેષ્ઠ માને ને તને તેની આગળ તુચ્છ ગણે, એનું શું કારણ? એમ વારંવાર ઉશ્કેરીને અને એક સેનાપતિનું કેટલું બધું મહત્ત્વ હોય છે, એનું તેને ભાન કરાવીને ભાગુરાયણને તો ફોડ્યો-તેના મનમાં મત્સરની ઉત્પત્તિ થવાથી તે તત્કાલ ફૂટ્યો. એટલે તેના જેવા અલ્પનિશ્ચયી મનુષ્યને પ્રધાનપદ આપવાથી લાભની શી આશા રાખી શકાય? તેનું મૂલ્ય એટલું જ. સચિવ તરીકેની સત્તા તો રાક્ષસના હાથમાં જ રહેવી જોઇએ. પરંતુ એ કાર્ય સિદ્ધ કેવી રીતે થાય? અત્યાર સુધીની બધી યુક્તિઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો વ્યર્થ જ નીવડી છે. રાક્ષસનો નિશ્ચય ફરી શકે, તેમ દેખાતું નથી, તેનો અભિપ્રાય પ્રમાણે ચન્દ્રગુપ્ત બહુ જ નીચ કુળનો પુરુષ છે, અને, તે વળી નન્દનો ઘાત કરીને આવી રીતે સિંહાસનારૂઢ થયો, એટલે તેની સેવાને સ્વીકારી, તેને પોતાનો સ્વામી માનવાનું કાર્ય એનાથી કેમ થઈ શકે? તેમ જ રાક્ષસને ગમે તેમ કરવા દેવાની અને તેને છૂટો છોડી દેવાની ઉદારતા આપણાથી દેખાડી શકાય તેમ નથી. કારણ કે, છૂટો છોડવાથી તે કદાપિ શાંત થઇને તો બેસવાનો નથી જ. બહુધા તે મલયકેતુને જઈ મળશે. મલયકેતુ એકલો જ મગધપર ચઢી આવે, તેટલો શક્તિમાન્ નથી, અર્થાત્ તેને બીજા કોઈ મોટા રાજાની સહાયતા અવસ્ય લેવી જ જોઇએ, તો જ કાર્ય થાય અને તેવી સહાયતા આપનાર રાજા આજે માત્ર એક જ છે, અને તે યવનોનો ક્ષત્રપ સલૂક્ષસ નિકત્તર જ, બીજો નહિ. સલૂક્ષસ નિકત્તર અને મલયકેતુનો મેળાપ થયો, તો તેથી કાંઈ આપણને એટલું બધું બીવાનું કારણ નથી. પણ જો રાક્ષસ જેવો મંત્રી તેમના મંડળમાં જઈ મળ્યો હોય, તો સર્વ પ્રજાજનો નહિ, તોપણ કેટલાક લોકો તેને અનુસરનારા થવાનો સંભવ ધારી શકાય ખરો. માટે એ બીનાને પણ બનતી અટકાવવી જ જોઇએ. પોતાના જ દેશમાં અને નગરમાં કોઈ પણ પ્રકારનો અંતઃકલહ હોય, તો તેનો બને તેટલી ઉતાવળે નાશ થવો જ જોઇએ. ઉપરાંત જ્યાં સૂધી હું અહીં છું, ત્યાં સૂધી તો ગમે તેમ કરીને પણ વિજય મળવાનો સંભવ છે; પરંતુ મારાથી હવે અહીં કેટલાક દિવસ રહી શકાશે? ચન્દ્રગુપ્તના રાજ્યની સારી વ્યવસ્થા રાખવા માટે રાક્ષસની ઘણી જ આવશ્યકતા છે. પણ તેને આપણા પક્ષમાં લેવા માટે હવે કોઈ પણ યુક્તિ ઉપયોગી થવાની નથી જ—હવે એ કારસ્થાનો નિષ્ફળ જ નીવડવાનાં. હવે તો હું પોતે જ તેને એકાંતમાં મળું અને બધી ખરે ખરી હકીકત જણાવી દઉં, એથી જો કાંઈ વળે તો વળે એવી આશા છે. હવે પછી બીજી યુક્તિઓ કરવામાં અને દિવસો વીતાડવામાં કાંઈ પણ સાર નથી. તેના માણસોને ફોડવાનું કામ તો ઘણું જ સહેલું હતું. કોઈ પોતાની મહત્ત્વાકાંક્ષા અને મત્સરને લીધે ફૂટ્યા, કોઈ દ્રવ્યલોભથી તો કોઇ સ્ત્રીમોહથી ફૂટ્યા અને કેટલાક પોતાના ભોળાપણાથી ફસાયા. સારાંશ કે, બીજી સર્વ યુક્તિઓ કરીને તે તે પદવીના અને સ્વભાવના મનુષ્યોના માનસિક વ્યંગોનો શોધ કરીને તેમનાપર યોગ્ય ઔષધિપ્રયોગ કર્યો અને કાર્ય સાધી લીધું. પરંતુ રાક્ષસ તેવા કોઈ પણ પ્રકારના માનસિક વ્યંગથી રહિત છે. રાક્ષસના મનુષ્યોને ફોડવાનું કામ જૂદું હતું અને વ્યર્થ આત્મવિશ્વાસમાં સર્વથા નિમગ્ન થએલા અંધ રાક્ષસને ફસાવવાનું કામ જૂદા પ્રકારનું છે. મારા અંધત્વથી હું ફસાયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તેથી જ આ હાહાકાર તથા આવી વિલક્ષણ રાજ્યક્રાંતિ થવાનો સમય આવ્યો, એવા વિચારવાળા અને જાગૃત થઈ આંખો ફાડીફાડીને જોનારા રાક્ષસને દાવમાં લાવવો, એ કાંઈ જેવું તેવું કાર્ય નથી. સામ, દામ, દંડ અને ભેદ! એમાંથી દામ, દંડ અને ભેદ એ ત્રણ પ્રકારના પ્રયોગો એનાપર કરવાથી નિરાશા જ મળવાની છે–કદાચિત્ સામ પ્રયોગથી જ એ વશ થાય તો થાય. એ સામનો પ્રયોગ મારા પોતા વિના બીજા કોઈથી પણ કરી શકાય તેમ નથી. એ કાર્ય માટે મારે જ અગ્રણી થવું જોઇએ. તેની સત્ય નીતિ સમક્ષ આપણી વક્રનીતિ સર્વથા નિરુપયોગી છે, અને તેની સરળતા સમક્ષ મારી કુટિલતા સર્વથા નિર્બળ જ છે. કુટિલતા નિર્બળ શા માટે ? કારણ કે, જ્યાં કૌટિલ્યનો ઉપયોગ થતો હોય ત્યાં કૌટિલ્યનો અને જ્યાં સરળતાનો પ્રયોગ થવો જોઇએ ત્યાં સરળતાનો જ પ્રયોગ કરવો, એ વધારે ઉચિત છે. અર્થાત્ સાધ્ય કાર્યમાં દૃષ્ટિ રાખીને પછી જ જે કરવાનું હોય તે કરવું. સાધનમાં વધારે ધ્યાન રાખવાની કશી આવશ્યકતા નથી. કારણ કે, આજે એક સાધન છે, તો કાલે બીજું થવાનું અને પરમ દિવસે ત્રીજું. જે વેળાએ જે સાધન યોગ્ય લાગે, તે વેળાએ તેની યોજના કરીને પોતાનો હેતુ સાધી લેવો. રાક્ષસને મારે મળવું અને તેને બધો સરળતાનો જ ભાવ દેખાડવો. તેના મનમાં નન્દવંશ માટેનું જે અભિમાન છે, તેને વિશેષ જાગૃત કરીને તેના જ યોગે કાર્ય સાધી લેવું. મગધદેશપર બીજા રાજાઓ સંકટ લાવવાના છે અને વેળાસર જો તેનું નિવારણ કરવામાં નહિ આવે, તો મગધદેશ રસાતળમાં પહોંચી જશે, યવનો એને પાદાક્રાન્ત કરી નાંખશે. એવાં એવાં ભાષણો કરીને તેના મનમાંની સ્વદેશભક્તિને ઉદ્દીપ્ત કરીને અવશ્ય હું મારું કાર્ય સાધીશ, નહિ તો પ્રાણ ત્યાગીશ. ચાણુકય જે પ્રતિજ્ઞા કરે, તેને સિદ્ધ કરી બતાવ્યા વિના તે કદાપિ જંપીને બેસનાર નથી જ. ચાણુકયની દૃષ્ટિ સાધ્યમાં છે, સાધનમાં નથી. રાક્ષસ પાસેથી ભિક્ષા માગવાની, અને તેની આગળ પલ્લવ પાથરવાની વેળા આવશે, તો પણ કાંઈ ચિન્તા જેવું નથી. આપણે તો આપણા કાર્યની સિદ્ધિમાં જ દૃષ્ટિ રાખવાની છે. ચન્દ્રગુપ્તને જો સારી વ્યવસ્થાથી મગધદેશના સિંહાસનપર બેસાડવો હોય, તો રાક્ષસની સહાયતા અને અનુકૂલતાની ઘણી જ આવશ્યકતા છે. એકવાર એ અનુકૂલ થયો–જો એણે પ્રધાન પદવીનો સ્વીકાર કર્યો, તો પછી કાર્ય સિદ્ધિમાં કાંઈ પણ પ્રત્યવાય રહેશે નહિ. એકવાર એ હા પાડશે, તો પછી કોઈ કાળે પણ ના પાડવાનો નથી......"

ચાણુકયના મનના વિચારો આટલી દૂરની સીમા સૂધી પહોંચી ગયા, એટલામાં પાછો એક નવો વિચાર તેના મનમાં આવ્યો. એ વિચાર આવતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ પ્રથમ તેની મુખમુદ્રામાં કાંઇક સંતોષનો ભાવ દૃષ્ટિગોચર થવા લાગ્યો. એ વિચાર ઘણો જ સારો છે, એમ તેને ભાસવા લાગ્યું. તે વિચાર આ પ્રમાણે હતો;–"હું રાક્ષસ સાથે ભાષણ કરું, તેના કરતાં ચન્દ્રગુપ્ત જ તેને વિનતિ કરે તો વધારે સારું. પણ તેણે વિનતિ કરવી કેવી રીતે? મારે અને ચન્દ્રગુપ્તે પરસ્પર લડાઈ કરવી અને તે લડાઈ પણ સારી રીતે કરવી. એ બનાવટી નાટકી લડાઇની વાત જરૂર રાક્ષસને કાને તો જવાની જ. એમ થયું, એટલે ચન્દ્રગુપ્ત મારા પ્રતિ તિરસ્કાર બતાવીને રાક્ષસને પોતાના પક્ષમાં આવવાનું આમંત્રણ કરે: 'નન્દોને મારવાની કલ્પના મારી કે ભાગુરાયણની નથી; કિન્તુ ચાણક્યની છે, અને તે ચાણક્યે અંતપર્યન્ત અમને જણાવી ન હોતી. આ બધો ભયંકર પ્રસંગ થયો ત્યાં સૂધી તો નન્દને માત્ર પ્રતિબંધમાં રાખવાની જ બધાની ધારણા હતી; પણ છેક છેલ્લી ઘડીએ બધો ગોટાળો કરી અમને કાંઈ પણ ન જણાવતાં દુષ્ટ ચાણક્યે આ બધો રાજઘાત કરાવ્યો. માટે અમને એ માટે દોષ ન આપતાં બનેલી વાતોને વિસરી જશો, એવી આશા છે, એવું જો ચન્દ્રગુપ્ત ભાષણ કરે, તો રાક્ષસ ફસાશે કે? કદાચિત્ ફસાય, પણ ખરો. પણ જો ન ફસાય, તો કામ માર્યું જાય. 'જો તને હવે આટલો બધો પશ્ચાત્તાપ થતો હોય, અને રાજઘાતનો વિચાર તારા મનમાં હતો જ નહિ, એ તારાં વચનો જો સત્ય હોય, તો હવે પણ આ રાજ્યલોભને–રાજાનો ઘાત થવાથી ખાલી પડેલા સિંહાસનના લોભને– તું છોડી શકે તેમ છે. અમે ગમે તે નન્દને અહીં લઈ આવીશું–તપશ્ચર્યા માટે વનમાં પધારેલા સર્વાર્થસિદ્ધિ નામક નન્દ રાજાને વનમાંથી પાછા લાવીને સિંહાસને બેસાડી નન્દવંશનો વિસ્તાર પાછો વધારીશું.' એવું જો રાક્ષસ ઉત્તર આપશે તો? પછી એનું ચન્દ્રગુપ્ત ખંડન કેવી રીતે કરી શકશે વારુ? એ યુક્તિ પણ નિરર્થક છે. કોઈ પણ કૌટિલ્યના પ્રભાવે રાક્ષસ હવે જાળમાં સપડાવાનો નથી. અત્યંત સ્વામિનિષ્ઠા અને અપૂર્વ સ્વદેશાભિમાન એ જ તેના અંગમાંના વ્યંગો છે; માટે એ બે વ્યંગોનો લાભ લઇને જે કાંઈ પણ કરવાનું હોય, તે આપણે કરવું જોઇએ. તે કેવી રીતે કરવું? હવે ખોટાં પત્રો કે ખોટા સમાચારો મોકલવાની યુક્તિ તો નિષ્ફળ જ થવાની. હવે તો કોઈ નવીન યુક્તિ જ શોધવી જોઇએ." એમ ધારીને ચાણક્ય વિચારમાં નિમગ્ન થઇને શાંત થઈ બેસી રહ્યો.

પરંતુ એવી રીતે વિચારમાંને વિચારમાં વધારે વાર બેસી રહેવાની ચાણક્યને આવશ્યકતા રહી નહિ. જેના વિશે થશે કે નહિ થાય, એવી તેના મનમાં શંકા હતી, તે કાર્ય પોતાની મેળે જ થઈ ગયું. પર્વતેશ્વરને પકડીને કારાગૃહમાં નાંખવાના સમાચાર તેના પુત્ર મલયકેતુને મળતાં જ તે અત્યંત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રોપાયમાન થઈ ગયો અને તેણે એકાએક મગધદેશપર ચઢાઈ કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ આમ એકલે હાથે જ ચઢાઈ કરવાથી યુદ્ધમાં જય મળશે કે નહિ, એ વિશેની તત્કાળ તેના મનમાં શંકા થવા લાગી. એટલે બીજા કોઇની સહાયતા લઇને મગધપર ચઢાઈ કરીને વેર વાળવાનો તેને વિચાર થયો. આપણે પ્રથમથી જ જાણી ચૂકયા છીએ કે, પર્વતેશ્વર ગ્રીક યવનોનો એક માંડલિક રાજા હતો, એટલે એ વેળાએ પોતાના સામ્રાજ્યાધિપતિની સહાયતા માગવામાં મલયકેતુને કશોય પ્રત્યવાય હતો નહિ. એ સારી રીતે જાણતો હોવાથી મલયકેતુએ અલક્ષ્યેંદ્ર (એલેક્ઝાંડર) બાદશાહના પ્રતિનિધિ સલૂક્ષસ નિકત્તરના નામે એક પત્ર પાઠવ્યું અને તે પત્રમાં નન્દના ઘાતનો અને તે ઘાતના સમયે પોતાના પિતા પર્વતેશ્વરને કપટથી પકડીને કેદ કરવા વિશેનો સઘળો વૃત્તાંત તેણે લખી જણાવ્યો. અંતે એ પત્રમાં તેણે એવી માગણી કરી હતી કે, "આવા પ્રસંગે આપે પોતાના સૈન્ય સહિત પધારીને અમને સહાયતા આપવી જોઇએ. એટલે અમે એ વિશ્વાસઘાતકો પાસેથી વૈરનો સારો બદલો લઈ શકીએ." ઇત્યાદિ.

સલૂક્ષસ નિકત્તરને આવા પ્રસંગો જેટલા બને તેટલા લાભકારક જ હતા. પોતાના યાવની રાજ્યનો વિસ્તાર જેટલો વધારી શકાય તેટલો વધારવો, એ તો તેની મુખ્ય ઇચ્છા હતી. પરંતુ મગધદેશમાં જ્યાંસૂધી રાક્ષસ જાગૃત છે, ત્યાંસૂધી ત્યાં પ્રવેશ થવો અશકય છે, એમ ધારીને જ તે સ્વસ્થ થઈ બેસી રહ્યો હતો. નહિ તો કયારનું એ તેણે માથું ઉંચકયું હોત.

જેવી રીતે અલક્ષ્યેંદ્રની એવી મહત્ત્વાકાંક્ષા હતી કે, દૃષ્ટિથી દેખાય છે, તેટલું સર્વ જગત્ પોતાના તાબામાં આવવું જ જોઇએ, તેવી રીતે સલૂક્ષસ નિકત્તરની એવી મહત્વાકાંક્ષા હતી કે, "મારે આર્યાવર્ત્તનાં અને ગંગા નદીની પેલી બાજૂના મગધ આદિ દેશોનાં રાજ્યો જિતીને ગ્રીક યવનોની સત્તાનો સર્વત્ર પ્રસાર કરવો અને સર્વ આર્ય જનોને મારા સામંત બનાવવા." એલેક્ઝાંડરે જે જે દેશોને નમાવ્યા હતા, તે તે દેશોમાં એણે પણ પોતાનો પ્રભાવ બતાવવાનો પ્રયત્ન કરીને તેમાં સારી સિદ્ધિ મેળવી હતી. માત્ર નન્દના રાજ્યપર હલ્લો કરતાં જ તે અચકાતો હતો. એ રાજ્યપર આક્રમણ કરવાનો પણ એલેક્ઝાંડરે પ્રયત્ન કરી જોયો હતો, પરંતુ અનેક કારણોથી તેમાં તેને યશ મળી શકયું નહોતું. એ બાબતમાં સલૂક્ષસ નિકન્તરનો એલેકઝાંડરથી પણ આગળ વધવાનો વિચાર હતો. મગધના રાજ્યને ઊંધું વાળીને પાટલિપુત્રને પોતાની ગ્રીક-યવનોની-રાજધાની બનાવવાનો તેનો વિચાર હતો. એ પોતાની મહત્ત્વાકાંક્ષાને તૃપ્ત કરી લેવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટેનો આ સંધિ ઘણો જ સારો છે. પર્વશ્વરને કેદ કરવાથી મલયકેતુ ઘણો જ ઉશ્કેરાઈ ગયો છે અને તેથી તે પોતાના સમગ્ર સૈન્ય સહિત આપણને સહાયતા આપવાને તૈયાર છે; માટે આપણાં ગ્રીક, ગાંધાર, કાંબોજ અને પંજાબ ઇત્યાદિ દેશોમાંના સૈન્યો અને હાથીઓને એકત્ર કરીને અવશ્ય આપણે મગધદેશપતિનો પરાજય કરી શકીશું, એવો તેના મનમાં ભાસ થયો અને એવા વિશ્વાસથી તે કમર કસીને લડવાને તૈયાર પણ થઈ ગયો. પ્રથમ તો મલયકેતુ અને સલૂક્ષસે એકાંતમાં બેસીને યુદ્ધવિશે કેટલાક વિચારો કર્યાં. તેમાં પ્રથમ વિચાર એવો નીકળ્યો કે, "આપણે એકદમ યુદ્ધનો આરંભ કરવો, કે એકવાર ચન્દ્રગુપ્તને પત્ર લખીને પર્વતેશ્વરને મિત્રતાથી છોડી દેવાની માગણી કરવી? અને જો તે માગણીનો અસ્વીકાર કરતા હો, તો અમે તમારું રાજ્ય નષ્ટ કરવા માટે આવી પહોંચીએ છીએ, એમ જણાવું?" સલૂક્ષસ નિકત્તરનો એવો વિચાર હતો કે, "આપણે એકદમ જઇને હલ્લો કરવો, એટલે હાલના ધામધૂમના અને લોકોમાં અસંતોષ ફેલાયલો છે, તેના પ્રસંગે વિજય મળવાનો ઘણો જ સંભવ છે." મલયકેતુની એવી ધારણા હતી કે, "આપણે એકાએક આક્રમણ કરીશું. તો કદાચિત્ કોપીને તેઓ એકદમ પર્વતેશ્વર–મારા પિતાના પ્રાણને કાંઈ પણ જોખમ પહોંચાડશે. એ હાનિ ન થાય અને પિતા ક્ષેમ કુશળતાથી પાછા આવે, એટલે પછી ધારીશું ત્યારે આપણે હલ્લો કરી શકીશું."

નિકત્તરે કહ્યું, "મલયકેતુ! તમે કહો છો, તે જો કે ખરું છે; પરંતુ હમણાંનો પ્રસંગ એવો છે કે, તેને વ્યર્થ જવા દેવો જોઇએ નહિ. આપણે જો પત્ર ઇત્યાદિ મોકલીશું, તો એક રીતે તેમને જાગૃત કરવા જેવું જ થશે અને તેઓ બરાબર તૈયારી કરીને આપણી સાથે લડવાને રણભૂમિમાં આવશે."

"આપની ધારણા પણ ખરી છે." મલયકેતુએ ઉત્તર આપ્યું. "પરંતુ આપણે એકદમ હલ્લો કરીશું, તો મારા પ્રિયપિતાનો કદાચિત્ તેઓ ઘાત કરી નાંખશે! એટલે પછી આપના અને મારા શ્રમનું સાર્થક્ય શું? સામ ઉપચારથી જો તેઓ મારા તાતને આપણી પાસે મોકલી આપે, તો પાછળથી વિશ્વાસઘાત કરીને મગધદેશપર ચઢાઈ કરવામાં આપણને શી અડચણ પડવાની છે? પોતાનું કાર્ય સાધવા માટે ગમે તે યુક્તિઓ કરવી, એવો નીતિશાસ્ત્રનો સિદ્ધાન્ત જ છે."

એ પ્રમાણે નિકત્તર અને મલયકેતુનો પરસ્પર સંવાદ થયો અને અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે, "મલયકેતુએ પોતા તરફથી એક

પ્રતિનિધિને મગધરાજ પાસે મોકલવો. તેણે ત્યાં પર્વતેશ્વરને છોડી દેવાની માગણી કરવી, અને માગણીનો જો અસ્વીકાર કરવામાં આવે, તો પછી મગધદેશપર ચઢાઈ કરવી." એવો ઠરાવ કરી કેટલાક યવન વીરોને સાથે આપી મલયકેતુએ શાકલાયન નામના એક બ્રાહ્મણને મગધેશ્વરની સભામાં મોકલ્યો. જતી વેળાએ "મગધરાજની સભામાં દૂતનું કાર્ય કરવા ઉપરાંત ત્યાંના લોકોના મનની કેવી સ્થિતિ છે અને આપણને અનુકૂલ થાય, એવાં માણસો ત્યાં કોણ કોણ છે, એનું પણ ધ્યાન રાખવું." એવો ઉપદેશ પણ શાકલાયનને આપવામાં આવ્યો હતો.

શાકલાયન, સાગલપુરમાંથી નીકળ્યો. તે કયાંય વાજબી કરતાં વધારે વખત ન વીતાડતાં શીઘ્રતાથી પુષ્પપુરીનાં દ્વારપાસે આવી પહોંચ્યો, પરંતુ શીઘ્રતાથી તે નગરમાં પ્રવેશ કરી શકયો નહિ; કારણ કે, "કોઈ પણ નવીન મનુષ્ય પુષ્પપુરીમાં આવે અથવા તો પુષ્પપુરીમાંથી જાય, તો તેને અટકાવવો —અને તેના ગમન કે આગમનના કારણના સમાચાર ચન્દ્રગુપ્ત મહારાજ પર્યન્ત પહોંચાડવા. ત્યાર પછી અંદર આવવાની કે બહાર જવાની પરવાનગી મળે, ત્યારે જ તેને જવા કે આવવા દેવો." એવી કઠિન રાજાજ્ઞા હતી. શાકલાયનને તો મગધરાજને પોતાને જ મળવાનું હતું, એટલે પોતાનું શું કામ છે અને પોતે કયાંથી આવ્યો છે, તે સાફ સાફ કહી દેવામાં તેને કશો પણ વાંધો હતો નહિ. તેણે સર્વ યથાસ્થિત કહી સંભળાવ્યું—એટલે એ સમાચાર ચન્દ્રગુપ્તને પહોંચાડવામાં આવ્યા અને તત્કાળ તેને નગરમાં આવવાની આજ્ઞા મળી.

શાકલાયને અંદર જઇને પોતાના દૂત તરીકેના કર્ત્તવ્યને કેવી રીતે પાર પાડ્યું અને તેને લીધે બીજા શા શા બનાવો બન્યા, એ સઘળું હવે પછીના પ્રકરણમાં વાંચવામાં આવશે.

## પ્રકરણ ૩૮ મું.

### સંવાહક.

શાકલાયન પોતે કાંઈ ચતુરતામાં ન્યૂન હોય, તેવો બ્રાહ્મણ હતો નહિ. તે પોતે સલૂક્ષસ અને મલયકેતુના દૂતનું કર્મ કરવા માટે તો ખાસ આવેલો જ હતો. પરંતુ એટલું જ કાર્ય કરીને ચાલ્યા જવાનો તેનો વિચાર હતો નહિ. ધનાનન્દ જેવા રાજાનો અને તેના કુળનો નાશ કરીને સિંહાસનપર આરૂઢ થનાર ચન્દ્રગુપ્તવિશે લોકોનો શો અભિપ્રાય છે, એ પણ જાણી લેવું અને તે જાણી લેવામાટે પોતાને સમય મળી શકે, એટ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લામાટે પોતાના દૂતકર્મને કેટલાક દિવસ લંબાવવાનો તેણે નિશ્ચય કર્યો. "જે કાર્ય કરવાને હું આવેલો છું, તેટલું જ કાર્ય કરીને જો હું પાછો ચાલ્યો જઇશ, તો ખરી રિથતિ શી છે, તે જાણવાનો કોઈ પણ માર્ગ રહેશે નહિ. ચન્દ્રગુપ્ત તો નિશ્ચિત એ જ ઉત્તર આપવાનો કે, તમને ગમે તેમ કરવાને તમે સ્વતંત્ર છો, અને એ જ ઉત્તર મારે ત્યાં પહોંચાડવાનું છે. જેણે આટલું મોટું કારસ્થાન રચીને તેને નિર્વિઘ્ન પાર પાડયું, તે ચન્દ્રગુપ્ત એકદમ નમી જાય કે દીનતાયુક્ત ઉત્તર આપે, એ સર્વથા અશકય છે. માટે જો તડાક ફડાક કાર્ય કરી નાંખીશ, તો સત્વર જ મારે પાટલિપુત્રમાંથી ચાલ્યું જવું પડશે," એવા તેના મનમાં નાના પ્રકારના વિચારો આવ્યા. પરંતુ શાકલાયનને તો ત્યાં રહેવાનું હતું. તેથી ચન્દ્રગુપ્તની આજ્ઞા મેળવીને પાટલિપુત્રમાં રાજ–અતિથિઓને જે સ્થાને રાખવામાં આવતા હતા, તે સ્થાનમાં ઉતારો મેળવ્યા પછી થોડીવારે શાકલાયને ચન્દ્રગુપ્તને એમ જણાવ્યું કે, "પ્રવાસના પરિશ્રમથી મારું શરીર એટલું બધું અશક્ત બની ગયું છે કે, બે ચાર દિવસ તો ઊતારામાંથી હું બહાર પણ નીકળી શકીશ નહિ. માટે શીઘ્રતાથી રાજસભામાં આવી મહારાજાના દર્શનનો લાભ લઇને મારાથી કાર્યકથન કરી શકાય તેમ નથી, એમાટે મને ક્ષમા કરવી. તબીયત સારી થતાં જ આપનાં ચરણોમાં સ્વામીનો સંદેશો નિર્દિષ્ટ કરીશ."

એ સંદેશો આવતાં જ ચાણક્ય એના મર્મને તત્કાળ જાણી ગયો અને તેથી શાકલાયન સાથે આવેલા સર્વ મનુષ્યોપર સખ્ત નજર રાખવાનો તેણે પોતાના જાસૂસોને એકદમ હુકમ આપી દીધો. એ હુકમમાં એમ જણાવેલું હતું કે, "એ મનુષ્યો સાંઝ સુધીમાં શું શું કરે છે, ક્યાં ક્યાં જાય છે, કોની સાથે વધારે બોલે ચાલે છે, એ સઘળા સમાચાર પ્રહર પ્રહરે મારીપાસે આવવા જોઇએ; અને પોતાપર આટલી બધી છૂપી નજર રાખવામાં આવે છે, એવી તેમને લેશમાત્ર પણ શંકા આવવી જોઈએ નહિ. બધું કાર્ય ઘણી જ ગુપ્ત રીતે અને ઘણી જ સંભાળથી થવું જોઇએ. તેમના મનમાં એવો જ ભ્રમ રહેવો જોઇએ કે, જાણે આપણે બધા કાંઈ જાણતા જ નથી અને અસાવધ જ છીએ." ગુપ્ત દૂતોએ તે પ્રમાણે પોતાનું કર્તવ્ય બજાવવા માંડયું.

શાકલાયનને પ્રથમ દિવસ કાંઈ પણ કાર્ય ન કરતાં કિંબહુના, રાજાએ તેની સેવા માટે આપેલા સેવકો સાથે પણ ભાષણ ન કરતાં માત્ર વિચારમાં જ વીતાવ્યો. તે આખા દિવસમાં પોતાના ઓરડામાંથી બહાર જ નીકળ્યો નહિ. ચાણક્ય તેના એ કપટને જાણી ગયો અને તેથી તેણે એક યુક્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી. તેણે પોતાના એક સંવાહકને શાકલાયન પાસે મોકલ્યો અને સંદેશો કહેવડાવ્યો કે, "આ અમારો સંવાહક પોતાની કળામાં ઘણો જ કુશળ છે. માટે આપના શરીરમાં પ્રવાસના શ્રમથી જે પીડા થતી હશે, તે એના કૌશલ્યથી સર્વથા ટળી જશે. શ્રમના કારણથી આખો દિવસ આપ ઓરડો મૂકીને બહાર પણ નથી નીકળ્યા, એવા સમાચાર મળવાથી જ ખાસ આ મનુષ્યને અમે મોકલેલો છે. માટે એની સેવાનો આપે અવશ્ય લાભ લેવો."

સંવાહકનું આગમન થતાં જ તેની મુખમુદ્રાનું શાકલાયને ધ્યાનપૂર્વક અવલોકન કર્યું અને તેના મનમાં ત્વરિત વિચાર આવ્યો કે, "સંવાહકો બહુધા ઘણા જ ચતુર હોય છે. માટે જો આને મારે ત્યાં રાખીશ, તો મારી બધી વાતો એ જઇને રાજાને કહી દેશે; એટલે એને અહીં તો ન જ રાખવો." પણ પાછો શીઘ્ર જ તેનો એ વિચાર ફરી ગયો અને તેને ભાસ્યું કે, "એ લોકો જેવા બહુ બોલકણા અને ગપ્પાબાજ પણ બીજા કોઈ હોતા નથી, એટલે વાત પરથી વાત કાઢીને અહીંની વસ્તુસ્થિતિ શી છે, તે એના મુખેથી સહજમાં જ જાણી શકાશે. એને જરાક ચઢાવ્યો, એટલે પછી એ બધું જ ઓકી કાઢવાનો. માટે એને અહીં રાખીને બને તેટલો હેતુ સિદ્ધ કરી લેવો–એ જ વધારે ઇષ્ટ છે."

એવો વિચાર કરીને શાકલાયને તે સંવાહકને પોતા પાસે રાખ્યો; એટલું જ નહિ, પણ પોતાના અંગનો શ્રમ કાઢી નાંખવા માટે તેણે તેને સંવાહનકર્મ કરવાની આજ્ઞા પણ કરી. એનો હેતુ એટલો જ કે, તે શરીર દાબતો હોય, તે વેળાએ અહીં તહીંના પ્રશ્નો પૂછીને પોતાને જોઇતી વાતો તેની પાસેથી કાઢી શકાય. સંવાહક પણ પોતાને આવતાં જ સેવા કરવાની આજ્ઞા મળવાથી સંતોષ પામીને કહેવા લાગ્યો કે, "મહારાજ! મારી સેવાનો આપ લાભ લેશો, એ જાણીને મને એટલો બધો આનન્દ થયો કે, તેનું આ મુખથી વર્ણન પણ કરી શકતો નથી. હવે આપનો થાક ઉતરી જ ગયો, એમ આપે નિશ્ચિત જાણવું. ધનાનન્દ મહારાજ પોતે પણ મારી સેવાનો જ સ્વીકાર કરતા હતા. હું તેમનું અંગ દાબવાને બેઠો, કે તરત મુરાદેવીને પણ તેઓ એમ કહીને ચીડવતા હતા કે, 'તારા હાથ કરતાં પણ આ સંમર્દકના હાથ વધારે કોમળ છે. મહારાજના એ શબ્દોથી મુરાદેવી એટલાં ચીડાતાં હતાં કે, ન પૂછો વાત. પછી મહારાજ હસતા હતા. એ જ મુરાદેવીએ અમારો બધાનો ઘાત કર્યો. સંસારના આવા વ્યવહારને શું નામ આપવું? એના જ પાપથી મહારાજનો ઘાત થયો.' એવી તે મહા દુષ્ટ સ્ત્રી હતી. એનો જો હું સમગ્ર વૃત્તાન્ત આપને કહી સંભળાવું તો આખો દિવસ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વીતી જાય. પણ હવે એ કર્મકથાનો વારંવાર ઉચ્ચાર કરવાથી લાભ શો થવાનો છે? સઘળા નંદો મરાયા અને તે પોતે પણ મરી ગઈ. હવે તો નવું રાજ્ય થએલું છે, એટલે નવા રાજાને જ માન આપવું જોઈએ." એમ કહીને તે સંવાહકે એક દીર્ઘ ઉષ્ણ નિઃશ્વાસ નાંખ્યો, અને શાકલાયનના પગ દાબતાં દાબતાં સર્વથા શોકગ્રસ્ત થયા પ્રમાણે મુખમુદ્રા કરીને તે સ્વસ્થ થઈ ગયો. જાણે તેને વીતેલી બધી વાતોનું એકાએક સ્મરણ થઈ આવતાં તે ઘણો જ સંતપ્ત થઈ ગયો હોયની! એવો ભાવ તેણે દેખાડ્યો. એટલે "હવે એને કેટલાક પ્રશ્નો પૂછીને અહીંની વસ્તુસ્થિતિ શી છે, લોકોના મનના ભાવો કેવા છે અને નવા રાજાથી વિરુદ્ધ મત ધરાવનારા પ્રતિષ્ઠિત મનુષ્યો કોણ કોણ છે, ઇત્યાદિ કેટલીક માહિતી જો બની શકે તો એના મુખથી મેળવવી," એવો વિચાર કરીને શાકલાયને તેને પૂછ્યું કે, "તમારું નામ શું, સંમર્દક?"

"હા સ્વામિન્, મને સંમર્દકના નામથી જ લોકો ઓળખે છે અને આ અમારો સંવાહકનો વ્યવસાય વંશપરંપરાનો છે." સંવાહકે ઉત્તર આપ્યું.

"ઠીક ઠીક. તેથી જ તમારા હાથમાં આટલી બધી કોમળતા અને મૃદુતા જોવામાં આવે છે. હજી તો આપના સંમર્દનના આરંભને ઘટિકાના ચતુર્થાંશ જેટલો પણ સમય થયો નથી, એટલામાં તો મારા શરીરમાં કેટલો બધો આરામ થએલો દેખાય છે. વાહ! રાજગૃહોમાં તો આવા જ ગુણવાન્ મનુષ્યો હોવા જોઇએ. ધનાનન્દ રાજાનો તમારામાં સારો ભાવ હતો, એમ તમે કહો છો, તો તેથી સ્પષ્ટ અનુમાન કરી શકાય છે કે, તે રાજા ઘણો જ ગુણજ્ઞ અને મર્મજ્ઞ હોવો જોઇએ." શાકલાયને પ્રશંસા કરી.

"હોવો જોઇએ, એમ શામાટે કહો છો? તેના જેવો ગુણોનો જાણનાર અને ગુણીનું મૂલ્ય આંકનાર બીજો કોઈ હતો જ નહિ, એમ કહેવામાં કશી પણ અતિશયોક્તિ નથી. તેના જેવો બીજો કોઈ થનાર પણ નથી." સંવાહકે આગળ વધવા માંડ્યું.

"બહુ સારું, પણ સંમર્દક! એ એટલો બધો ગુણગ્રાહક રાજા હોવા છતાં રાજમાર્ગના મધ્યમાં જ તેની હત્યા કરવામાં આવી, એ બની કેમ શક્યું વારુ? શું બધા લોકો તે વેળાએ નિદ્રાવશ થઈ ગએલા હતા? અહીં લોકોનું ગમે તેમ માનવું હોય, પણ બહાર તો એવી જ અફવા ઉડેલી છે કે, લોકો જ ધનાનન્દ મહારાજથી કંટાળી ગયા હતા અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથી જ કાર્યસાધુ પુરુષો પોતાના પ્રપંચમાં સહજ રીતે ફાવી ગયા." શાકલાયને પોતાનો હેતુ કાઢવાનો આરંભ કર્યો.

"મહારાજ! આપ ભૂલ કરો છો. એ રાજહત્યા માટે તો અદ્યાપિ લોકોના મનમાં સંતાપ થયા કરે છે. જો તે એમ જ બોલતો સંભળાય છે કે, જો કોઈ શાસ્તા હવે ઉત્પન્ન થાય અને તે જો આ રાજઘાતકોને શાસન કરે, તો તેની ઘણી જ આવશ્યકતા છે. લોકોના મનમાં તો ખરેખર અસહ્ય સંતાપ થએલો છે, પરંતુ તેમનાથી શું થઈ શકે વારુ? જેના હાથમાં સત્તા, તેની બધી મત્તા. એવો જ અહીં સઘળો પ્રકાર થએલો છે. ભગવાન્! હવે તો તું જ આ પાટલિપુત્રનો સંરક્ષક છે." સંવાહકે વિસ્તાર કર્યો.

"ત્યારે નવા સત્તાધારકોથી લોકો વિરુદ્ધ જ છે કેમ?" શાકલાયને પૂછ્યું.

"વિરુદ્ધ એટલે? સર્વથા વિરુદ્ધ–આપને આશ્ચર્ય થશે, એટલા બધા વિરુદ્ધ છે. પણ સેનાપતિ ભાગુરાયણ ચન્દ્રગુપ્તના પક્ષમાં છે, એટલે લોકોનો ઉપાય નથી." સંમર્દકે એક એક પગલું આગળ ભરવા માંડ્યું.

"જો લોકોની ઉપાય કરવા માટેની જ ભાવના હોય, તો બીજા કોઈ રાજાનું સૈન્ય સહાયતા માટે મેળવી ન શકાય કે શું?" શાકલાયને પ્રશ્ન કર્યો.

"બીજો કોણ સહાયતા આપે વારુ? અને જો કોઈ સહાયતા આપે, તો તેના મનમાં પણ રાજ્યનો લોભ તો હોવાનો જ. સર્વથા નિરપેક્ષ બુદ્ધિથી સહાયતા કરનાર કોઈ મળે, એ અશક્ય છે." સંમર્દકે યથાયોગ્ય ઉત્તર આપ્યું.

"ભાઈ! જો નિઃસ્વાર્થ બુદ્ધિથી કોઈ સહાયતા કરવાને ન આવે, તો પોતાને જોઈએ તેટલી સહાયતા લઇને પછી તેને નમસ્કાર કરવા," શાકલાયને ઉપાય બતાવ્યો.

"હા, એ એક ઉપાય છે ખરો, પણ એવી રીતે સહાયતા આપવાને નવરું કોણ બેઠું હશે કે જે કોઈ પણ જાતિના લાભની આશા વિના વૃથા શ્રમમાં પડે!" સંવાહકે પાછું તેના મતનું ખંડન કરી નાંખ્યું.

"એ બધું ખરું; પણ સંવાહક! તમારી જાતિ તો મહા ચતુર ગણાય છે. પક્ષીઓમાં કાગડો અને મનુષ્યોમાં સંવાહક ચતુર મનાય છે. તેથી જ તને પૂછું છું કે, એમ ધારો કે, આ મગધદેશના લોકોની પ્રાર્થનાથી નહિ, પણ પોતાની મેળે જ જો કોઈ તમને આ નન્દવંશના ઘાતકોના જુલમમાંથી છોડવવાને અહીં આવે, તો તમે તેને મદદ કરો ખરા કે?" શાકલાયને ગર્ભિત હેતુથી પૂછવા માંડ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સ્વામિન્! અમે ગરીબ માણુસો શું મદદ કરી શકીએ વારુ? પણ તમારી એ વાતનો બીજા લોકોમાં પ્રસાર કરે, એવા કોઈ મનુષ્યને તમે શોધી કાઢો, તો લોકોનું વલણ કાંઇક ફરે ખરું. લોકો એકલા બિચારા શું કરી શકે? તેમનો તો ગાડરિયો પ્રવાહ જ હોય છે–ચાર પ્રતિષ્ઠિત મનુષ્યોએ જે વાત કબૂલ કરી, તે વાતને તેઓ પણ નિઃશંક માનવાના, મહારાજ!" સંવાહકે ઉત્તર દીધું.

"સંવાહક! તમે ઘણા જ ચતુર હો, એમ દેખાય છે. તમે માત્ર પોતાના આ સંવાહનકર્મમાં જ નહિ, કિન્તુ રાજનીતિમાં પણ મહા કુશળ છો," શાકલાયને કહ્યું.

"હું કુશળ શાનો મહારાજ? હું જો એવો કુશળ હોત, તો ધનાનન્દ રાજાનો અને તેના વંશનો આવી રીતે આકસ્મિક ઘાત કેમ થવા દેત? એ તો અમારી જાતિ બહુબોલકણી હોવાથી જ આપને એમ જણાય છે." સંવાહકે નમ્ર ઉત્તર દીધું.

"અહાહા! તારા આ સુંદર સંમર્દનથી મારું શરીર કેવું શ્રમહીન થઈ ગયું છે! નસેનસ છૂટી થઈ ગઈ. શાબાશ! લે આ ઇનામ." એમ કહીને શાકલાયને તેને એક સિંહમુખી સુવર્ણવલય આપ્યું.

એ સુવર્ણવલયને જોતાં જ સંવાહકનાં નેત્રો વિસ્તૃત થયાં. તેના હૃદયમાં ઘણો જ આનન્દ થયો. માત્ર મુખથી "નહિ–નહિ." નો તેણે ઉચ્ચાર કર્યો અને તે કડું પોતાના હાથમાં પહેરી લીધું. પોતાના આપેલા ઇનામથી સંમર્દકને સંતોષ થયો, એ જોઇને શાકલાયનના મનનું પણ સમાધાન થયું.

ત્યાર પછી પાછો તે સંવાહકને કહેવા લાગ્યો કે, "સંવાહક! અહીંના લોકોનો પક્ષપાત કરી જો કોઈ અહીં લડવાને આવે, તો તેને સારી સહાયતા આપી શકે, એવો કોઈ પુરુષ અહીં છે ખરો કે? કાંઈ પણ સંકોચ કરીશ નહિ, જે હોય તે ખુલ્લી રીતે મને જણાવજે. તારી આ વાત બીજા કોઈના પણ કાને જવા પામશે નહિ. હાલમાં તમારા માગધી જનોના મનની શી સ્થિતિ છે, તે મારે જાણવાની છે?" શાકલાયને પોતાના હેતુનો સ્પષ્ટ નિર્દેશ કર્યો.

"મહારાજ! કૃપા કરો. હાલનો વખત એવો છે કે, ભીંતોને પણ કાન થએલા છે. કોણ સાધારણ પ્રજાજન છે અને કોણ ગુપ્ત રાજદૂત છે, એ પણ જાણી નથી શકાતું; એટલી બધી ગુપ્ત રાજદૂતોની પુષ્પપુરીમાં વિપુલતા થએલી છે. મારા મસ્તિષ્કમાં તો એવો જ ભ્રમ થઈ ગયો છે

કે, પુષ્પપુરીમાંનો પ્રત્યેક મનુષ્ય જાસૂસ છે અને તે પેલા દુષ્ટ બ્રાહ્મણ-ચાણક્યને જ્યાં જ્યાં જે જે વાત બને છે, તે સઘળી જઈને કહી સંભળાવે છે. માટે આવી કોઈ વાતવિશે દયા કરીને આપ મને કાંઈપણ પૂછશો નહિ. હું આપને એનું ઉત્તર પણ આપીશ નહિ. આપ પોતાની જે કાંઈ પણ સેવા કરવાની મને આજ્ઞા કરો, તે સેવા કરવાનું મારું કર્ત્તવ્ય છે અને તે હું અહોરાત્ર કરીશ." સંવાહકે પોતાનો ભાવ વધાર્યો.

"સંવાહક ! તારી આવી સાવધતાથી મને ઘણો જ સંતોષ થયો છે; માટે લે આ બીજું કડું પણ પહેરી લે. હું તને લોભ દેખાડું છું, એમ આથી તારે સમજવાનું નથી, પરંતુ તારી પાસે આ મારું એક સ્મરણ-સૂચક ચિન્હ છે, એમ જ ધારવાનું છે. અત્યારે અહીં તારા અને મારા વિના બીજું કોઈ પણ હાજર નથી, તો પછી એ વાત કહેવામાં આટલી બધી આનાકાની શામાટે કરે છે? શંકાનો ત્યાગ કરીને જે હોય તે જણાવી દે." શાકલાયને પોતાના હેતુની સિદ્ધિનો યત્ન કર્યો.

"શું કહું, સ્વામિન્! આપનો જ્યારે આટલો બધો આગ્રહ છે ત્યારે કહ્યા વિના છૂટકો નથી. પણ મારી આ વાત જો બહાર નીકળવા પામશે, તો અવશ્ય મારા પ્રાણનો નાશ થશે, એનો વિચાર કરજો." સંવાહકે સૂચના આપી.

"હું એની પૂરેપૂરી સંભાળ રાખીશ." શાકલાયને આશ્વાસન આપ્યું.

"ત્યારે સ્વામિન્! સાંભળો. અમાત્ય રાક્ષસ જો તમને મળે, તો કાંઈ પણ ઉપાય થઈ શકે. એનું કારણ એમ છે કે, ચન્દ્રગુપ્તે અને ભાગુરાયણે મળી ખોટાં પત્રો લખ્યાં અને તમારા રાજાને અહીં બોલાવ્યો. એ પત્રો હતાં તો જોકે બધાં રાક્ષસના નામનાં, પણ બધાં હતાં બનાવટી જ. રાક્ષસને તો એની ખબર પણ હતી નહિ. પર્વતેશ્વર મહારાજને એવી રીતે પ્રપંચથી બોલાવીને પછી તેમણે તેમની વિનાકારણ ફજેતી કરી. અહીંના લોકોનો પણ એવો જ અભિપ્રાય થઈ ગયો કે, આ બધું રાક્ષસનું જ કારસ્થાન હતું, એટલે કે, ચન્દ્રગુપ્તે અને ભાગુરાયણે રાક્ષસને પર્વતેશ્વર સમક્ષ અને લોકોમાં ઉભય સ્થળે હલકો પાડ્યો. જો આપનામાં કાંઈપણ ચતુરતા હોય, તો અત્યારે રાક્ષસને પોતાના પક્ષમાં વાળી લ્યો. લોકોના મનમાં પ્રથમ તો જો કે રાક્ષસવિશે ઘણો જ દ્વેષ ઉત્પન્ન થયો હતો, તોપણ જેમ જેમ દિવસ વીતતા જાય છે, તેમ તેમ ચાણક્ય આદિનાં કારસ્થાનો ઉઘાડાં પડતાં જાય છે અને તેથી એમણે જ એ ભયંકર વ્યૂહની રચના કરીને વિના કારણ રાક્ષસના શિરે દોષારોપ કર્યો હતો, એવો તેમનો નિશ્ચય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થતો જાય છે. અર્થાત્ ધીમે ધીમે લોકો રાક્ષસને અનુકૂલ થવા લાગ્યા છે. માટે એ રાક્ષસને પોતાના પક્ષનો કરી લ્યો, એથી કદાચિત્ વિજય મળશે."

સંવાહકનું એ એક મંત્રીને છાજે તેવું ભાષણ સાંભળીને શાકલાયન કિંચિત્ ગભરાયો. "આ સંવાહક હશે કે ચાણક્યે મારા મનના ભાવો જાણવામાટે કોઈ જાસૂસને મોકલાવ્યો હશે?" એવો તેના મનમાં સંશય થયો અને તેથી કોઈપણ ઉપાય કરીને એને પોતાની દૃષ્ટિથી દૂર ન થવા દેવાનો ને પોતાના મનુષ્યોની એનાપર સખ્ત નજર રાખવાનો તેણે નિશ્ચય કર્યો. ત્યાર પછી તેને તે કહેવા લાગ્યો કે, "તારો ઉપદેશ અક્ષરે અક્ષર સત્ય હોય, એમ મને ભાસે છે. પણ રાક્ષસને મળવું કેવી રીતે? અને તેના સાથે વાત ક્યાં કરવી?"

"એ તો સહજમાં બને તેમ છે. રાક્ષસ અદ્યાપિ પુષ્પપુરીમાં જ છે અને ચાણક્યની પોતાપર સારીરીતે દેખરેખ છે, એ પોતે જાણતો હોવાથી પોતાને ગમે ત્યાં ખુલ્લી રીતે આવે જાય છે. માટે કોઈ પણ વેળાએ આપ એને મળો, એટલે બધું ઠીક થઈ જશે. તમારો અને તેમનો મેળાપ જોઇએ તો હું કરાવી આપું." હવે સંવાહકે દોરી ઢીલી છોડવા માંડી.

શાકલાયન થોડીકવાર સ્તબ્ધ થઈ બેસી રહ્યો અને ત્યાર પછી બોલ્યો કે, "સારું-સારું. તું તેની સાથે મારો ભેટો કરાવી આપજે. પછી જોઈશું કે શું થાય છે તે."

"ભલે-અમાત્ય સાથે તમારી મુલાકાત કરાવી આપવાનું કામ મારા માથે આવ્યું." સંવાહકે અનુમોદન આપ્યું.

"હું જેનામાટે દૂતકર્મ કરવાને આવેલો છું, તે મારું કાર્ય કદાપિ સિદ્ધ થવાનું નથી; આ લોકો પર્વતેશ્વરને સીધી રીતે છોડી દેવાના હોય, એમ લાગતું નથી. એઓ ગમે તેવી ભયંકર ખંડણીની માગણી કરશે જ; અને એ જ કારણ બતાવીને સલૂક્ષસ મલયકેતુને સાથે લઇને મગધદેશપર ચઢાઈ કરશે. સ્થિતિ નિર્બળ છે, માટે આવી વેળાએ કોઈ પણ પ્રપંચ કરી અહીં કોઈ પણ પ્રકારના ગૃહકલેશની જ્વાળા સળગાવી મૂકી હોય, તો જ આપણા પક્ષના વિજયની કાંઇક આશા રાખી શકાય; નહિ તો પરાજયનો જ વધારે સંભવ દેખાય છે. અત્યારે રાક્ષસના હૃદયની શી સ્થિતિ છે, એની તેને મળીને માહિતી મેળવવી જોઇએ." એવો શાકલાયને નિશ્ચય કર્યો. પ્રાચીન કાળમાં સંવાહક જનોની ઘણા જ ખટપટી લોકોમાં ગણના થતી હતી, અને તેમનો સર્વ સ્થાને કોઈ પણ જાતિના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાધવિના પ્રવેશ થતો હોવાથી તેમના દ્વારા કોઈ પણ ગુપ્ત સમાચારો મેળવી શકાવાનો વિશેષ સંભવ હતો. એટલા માટે જ શાકલાયને એ સંવાહકની પોતાના કાર્યમાં સહાયતા લેવાનો વિચાર નિશ્ચિત કર્યો હતો.

ઉપર લખ્યા પ્રમાણે શાકલાયન અને સંવાહકનું પરસ્પર સંભાષણ થયા પછી બીજી એક વાત વિશે શાકલાયને તેની સાથે ભાષણ ચલાવ્યું. શાકલાયન કરતાં પણ તે સંવાહક વધારે વાક્ચતુર હોવાથી સર્વ પ્રકારના ભાષણમાં તેણે પોતાનો જ પ્રભાવ પાડ્યો. ઉપરાંત "મને આ ચાણક્ય અને ચન્દ્રગુપ્ત આદિનાં કૃત્યો જરા પણ ગમતાં નથી મારી ભગવાન્ બુદ્ધના અહિંસા ધર્મમાં વધારે શ્રદ્ધા છે. નન્દવંશનો કોઈ પણ પુરુષ હવે સિંહાસનરૂઢ નહિ જ થઈ શકે, એ વિષયનો નિશ્ચય થશે, તો પછી મારો તો બુદ્ધભિક્ષુ થવાનો જ મનોભાવ છે. મુરાદેવીની દાસી વૃન્દમાલા તો બુદ્ધભિક્ષુકા થઈ ચૂકી છે. તેણે યોગ લીધો છે અને તેનું અનુકરણ કરવાની મારી પણ ઇચ્છા છે." એવો પોતાનો અભિપ્રાય તેણે શાકલાયનને વિના પૂછે જ જણાવી દીધો.

શાકલાયને સંવાહકને જવાની રજા આપી, પણ એમ કહીને કે, "હાલ તરત તારે અમારા આ ઉતારામાંથી બહાર જવું નહિ; કારણ કે હમણાં જ મને તારી જરૂર પડશે. તારી સહાયતાથી જો અમને વિજયની પ્રાપ્તિ થશે, તો તેથી તારું પણ કલ્યાણ થશે." એમ કહીને તેણે પોતાને ત્યાં રહેવા માટેની સંવાહકને સર્વ જાતિની યોગ્ય વ્યવસ્થા કરી આપી અને ત્યારપછી એકાંતમાં પોતાના કરવા ધારેલા કાર્યવિશેના અનેક-વિધ વિચારોમાં તે લીન થઈ ગયો.

"રાક્ષસને મળવું કયે સ્થાને? રાક્ષસને અહીં બોલાવવો, એ તો અનિષ્ટ જ થવાનું; અને હું પોતે ચાલી ચલાવીને તેને ત્યાં જાઉં, તો તે પણ એમ જ. માટે હવે બીજો એને મળવાનો શો ઉપાય કરવો? ઉપાય તો કદાચિત્ મળશે, પણ તેમાં વિલંબ થવાનો સંભવ છે: અને સલૂક્ષસ તથા મલયકેતુએ મારું કાર્ય આટોપીને મને જલ્દી પાછા ફરવાની વારંવાર સૂચના કરેલી છે; માટે વિનાકારણ ઉચ્છૃંખલતા કરીને વધારે દિવસો પણ વીતાડી શકાય તેમ નથી. વળી માર્ગમાં થએલા શ્રમથી અશક્ત હોવાનું નિમિત્ત પણ કેટલા દિવસ ચાલવાનું? એટલે કે કોઈ પણ રીતે વધારે રોકાઈ શકાય, તેમ પણ નથી—માટે તડને ફડ કરી નાંખવું. જે કરવાનું હોય તે સંવાહકની સહાયતાથી વેશ બદલીને તે છદ્મ વેશમાં જ રાક્ષસને મળવું અને જે પૂછવાનું હોય તે પુછવું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવો નિશ્ચય કરીને શાકલાયને સંવાહકને પાછો બોલાવ્યો, અને તેને પોતાનો બધો મનોભાવ કહી સંભળાવ્યો. સંવાહકને તેનો એ વિચાર ઘણો જ પસંદ પડ્યો. તેણે તેને સંવાહકનો વેશ લેવાની જ સૂચના કરી. એ વેશ લેતાં પ્રથમ તે શાકલાયનનું મન ઘણું જ અચકાયું–પોતે જાતિનો બ્રાહ્મણ હોવાથી એક નીચ સંવાહકના વેશમાં ક્યાંય પણ જવાનું તેને ઉચિત ભાસ્યું નહિ. પરંતુ રાજકીય પ્રકરણમાં એકવાર પ્રવેશ કર્યો, એટલે પછી સર્વ પ્રકારના પ્રતિબંધો અને સર્વ પ્રકારના સંકોચો દૂરજ કરવા જોઇએ, એ નીતિને અનુસરીને જ આ પ્રસંગે તેણે વર્તન કરવાનો નિશ્ચય કર્યો. અર્થાત્ શાકલાયને સંવાહકના ઉપદેશને માન્ય કરીને તત્કાળ પોતે વેશ બદલવાની તૈયારી કરી. બીજા કોઇના મનમાં કોઈ પણ જાતની શંકા આવવા ન પામે, તેટલા માટે તે સંવાહક પોતામાંના એક બીજા સંવાહકને બોલાવી આવ્યો અને તેને શાકલાયનના ઉતારામાં બેસાડ્યો. તેનાં વસ્ત્રો શાકલાયને પહેર્યાં અને એક ખરો અને બીજો ખોટો એવી રીતે બે સંવાહકો ઘરમાંથી બહાર નીકળ્યા. તેઓ જ્યાં રાક્ષસનો નિવાસ હતો, ત્યાં જઈ પહોંચ્યા.

સંવાહકના વેશમાં આવેલા શાકલાયનની અને રાક્ષસની પરસ્પર મુલાકાત થઈ. તેમનું જે ભાષણ થયું, તે ઘણું જ રહસ્યમય અને મનોરંજક હતું. રાક્ષસના મંત્રિત્વનું મૂલ્ય એથી શાકલાયનને સારીરીતે જણાયું.

## પ્રકરણ ૩૯ મું.

### રાક્ષસ અને શાકલાયન.

અદ્યાપિ રાક્ષસે પાટલિપુત્રનો ત્યાગ કર્યો નહોતો, એટલું જ નહિ, પણ તે ધૈર્યથી પાછો પોતાનાં સ્ત્રી અને બાળકોને લઇને પોતાના જ ઘરમાં જઈ રહ્યો હતો. ચન્દનદાસને જે સમયે ચન્દ્રગુપ્તે છોડી દીધો, તે સમયે જ રાક્ષસ પૂર્ણપણે જાણી ગયો હતો કે, "મને ખુલ્લી રીતે મારી નાંખવાની એમની હિંમત છે નહિ, અને બીજા પ્રકારે મને કષ્ટ આપવાની એમની ઇચ્છા નથી, કિંવા એમનાથી એ કાર્ય થવું શક્ય નથી. મારા માટે લોકોના મનમાં તો એમણે વિપરીત ભાવ ઠસાવી દીધો છે; પરંતુ લોકમત સર્વદા લક્ષ્મી પ્રમાણે કિંવા તો અસ્તાચલમાં જતા સૂર્યથી રંજિત થયેલા મેઘ પ્રમાણે ક્ષણિક હોય છે. હું જો આવી જ દૃઢતાથી રહીશ, તો અવશ્ય લોકો મને અનુકૂલ થશે અને નન્દવંશની હું પુનઃ પાટલિપુત્રના સિંહાસને સ્થાપના કરીશ. વિરુદ્ધ પક્ષે જો હું અહીંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલ્યો જઈશ, તો લોકોના મનમાં ઉપજાવેલા એમના ખોટા વિચારો દિન પ્રતિદિન વધારે અને વધારે મજબૂત થતા જશે, અને તેથી ભવિષ્યમાં મારી એક પણ ઇચ્છા પૂરી થવાનો સંભવ રહેશે નહિ. માટે અહીં રહેવું, એ જ પરિણામે વધારે હિતકારક છે."

એવો લાંબો વિચાર કરીને જ રાક્ષસ પાછો પોતાના ઘરમાં આવીને રહ્યો હતો. માત્ર પોતાની આસપાસ કયા કયા લોકો છે અને તેઓ કેવા વર્ત્તનના મનુષ્યો છે, એ બધાની સારીરીતે તપાસ રાખીને જ તેણે પોતાનો વ્યવહાર પાછો ચાલૂ કર્યો હતો. આ વેળાએ હિરણ્યગુપ્ત તેના પરિવારવર્ગમાં હતો નહિ. તેને એકવાર શોધી કાઢીને તેના મુખથી ખરેખરો વૃત્તાંત સાંભળી લેવાની રાક્ષસની ઘણી જ ઇચ્છા હતી. પરંતુ તે તો કોણ જાણે કયાંનો કયાંય ચાલ્યો ગયો હતો અથવા તો કોઇએ તેને ભગાવી દીધો હતો. "હું અહીં જ હાજર છતાં મારા નામથી અનેક કાર્યભાર થઈ જાય, મારા વિશ્વાસુ મનુષ્યો જ મારાથી વિરુદ્ધ થાય અને તેમના હસ્તે રાજવંશ સંહારાય; છતાં પણ મને એમાંનું કશું પણ ન જણાય, એના કરતાં વધારે લજ્જાસ્પદ વાર્ત્તા તે બીજી કઈ કહેવાય?" એવા વિચારો રાક્ષસના મનમાં વારંવાર આવતા હતા અને તેથી તે મનમાંને મનમાં જ બળ્યા કરતો હતો. પરંતુ એમ બળવાથી શો લાભ થઈ શકે? કાંઈ પણ કર્ત્તવ્ય કરવું જોઇએ: એવા હેતુથી તેણે વિચાર કર્યો કે, "આપણે તો ઘરમાં જ રહેવું અને દૂરથી સૂત્રસંચાર કરવો. પછી જોઇએ કે શું થાય છે તે!" રાક્ષસનું ઘર જ્યારે પાસે આવ્યું, ત્યારે તે સંમર્દક શાકલાયનને ઉદ્દેશી કહેવા લાગ્યો કે, "મહારાજ! આપને મારે એક મહત્વની વિનતિ કરવાની છે. તે એ કે, મને ચાણકય અથવા ચન્દ્રગુપ્તે આપની સેવા માટે મોકલ્યો હતો, એ વાત આપ રાક્ષસને જણાવશો નહિ. જો એ વાત કહી દેશો, તો આપનું જરાપણ કાર્ય સિદ્ધ થશે નહિ. મને ચાણકયે મોકલ્યો હતો, એ જો રાક્ષસના જાણવામાં આવ્યું, તો અવશ્ય તેના મનમાં શંકા આવશે કે, હું આપને કાંઈક ભેદથી એને ત્યાં લઈ આવ્યો હોઇશ. માટે જો આપ એવું કાંઈ બોલશો નહિ, તો બધું કાર્ય યથાસ્થિત પાર પડશે." સંવાહકનો એ ઉપદેશ શાકલાયનને સયુક્તિક દેખાયો અને તેણે તેવું કાંઈ પણ ન બોલવાનું કબૂલ કર્યું.

સંવાહક અને વેશધારી સંવાહક શાકલાયન રાક્ષસને ઘેર જઈ પહોંચ્યા. ત્યાં પ્રથમ અંતઃપ્રવેશ કરવામાં અને રાક્ષસ પર્યન્ત પોતાના આગમનના સમાચાર પહોંચાડવામાં ઘણી જ પંચાત થઈ પડી. કારણ કે, "કોઈ પણ નવીન મનુષ્ય આવે, તો પ્રથમ તેની પૂછપરછ કર્યાવિના તેને અંદર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવવા દેવો નહિ." એવી રાક્ષસે પોતાના અનુચરોને સખ્ત તાકીદ આપી મૂકી હતી; પરંતુ રાક્ષસને જ્યારે "આપના દર્શનમાટે બે સંવાહકો આવેલા છે. તેમનું આપની સાથે એક ઘણું જ મહત્ત્વનું કાર્ય છે-માટે દર્શનનો લાભ આપે આપવો, એવી તેમની વિજ્ઞપ્તિ છે." એવી પ્રાર્થના કરવામાં આવી, ત્યારે રાક્ષસે પ્રથમ તો ક્ષણ માત્ર વિચાર કર્યો. ત્યાર પછી તે કિંચિત્ હસ્યો અને તેમને અંદર લઈ આવવાની તેણે પ્રતિહારીને આજ્ઞા આપી.

પ્રતિહારી તે બન્નેને જેવો અંદર લઈ આવ્યો, તેવો જ રાક્ષસ તેમનાં મુખોને ધ્યાનપૂર્વક જોવા લાગ્યો અને પોતાના મનમાં શંકા આવી હતી, તે સત્ય ભાસતાં પોતાનું ડોકું ધુણાવવા લાગ્યો. પછી તેણે તે બન્નેને સવાલ કર્યો કે, "તમે જો ખરેખર સંવાહક હોત, તો તમને 'આવો બેસો' એમ કહીને માન આપવામાં જરા વાંધો આવત ખરો. પરંતુ તમે સંવાહકો નથી; કિન્તુ આ કૃત્રિમ વેશ ધારીને કોઈ ખાસ હેતુથી મારે ત્યાં આવેલા છો, એ હું સમજી ગયો છું; અને તેટલામાટે જ તમને 'આવો બેસો' કહીને માન આપું છું. બેસો અને જે કાર્ય હોય તે નિઃશંક થઇને કહો. જો કે મારાથી થઈ શકે એવું કાર્ય તો આ વિશ્વમાં હવે કોઈ રહ્યું જ નથી. છતાં જ્યારે કાંઈ પણ આશાથી જ તમે મારે ત્યાં આવેલા છો ત્યારે તમારી વાર્તા મારે સાંભળવી તો જોઇએ જ."

રાક્ષસનું એ ભાષણ સાંભળીને બન્ને સંહવાકો એકબીજાના મુખસામું જોઈ રહ્યા. રાક્ષસે તત્કાળ પોતાના છદ્મવેશને ઓળખી લીધો, એથી શાકલાયનના મનમાં ઘણું જ આશ્ચર્ય થવા લાગ્યું; પરંતુ તે આશ્ચર્ય વિશે વિશેષ કાંઈ પણ ન બોલતાં તે રાક્ષસને ઉદ્દેશી કહેવા લાગ્યો કે, "આપે અમારા છદ્મવેશને ઓળખી કાઢ્યો, એમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. કારણકે, કોઇના પણ છદ્મવેશ ઓળખવા અને તેમનો ન્યાય કરવો, એ તો આપનો પરંપરાનો ધર્મ જ છે. હું એ વિશે વધારે બોલવું યોગ્ય નથી ધારતો. માત્ર એટલું બોલવું જ બસ થશે કે, ખુલ્લી રીતે આપને ત્યાં આવવામાં જરા ભયનો સંભવ હોવાથી આ મારા સંવાહકની સહાયતાથી આ વેશે હું આપનાં દર્શનમાટે આવેલો છું. હું કોણ છું અને કોણ નહિ, એની ઓળખાણ આપવા પહેલાં આ સ્થાનમાં એવી ગુપ્ત વાર્તા કરવામાં કશી ભીતિ નથી, એવું આશ્વાસન મળવું જોઇએ."

"નિઃશંક બોલો. આપ કયા દેશમાંથી અને શામાટે આવ્યા છો? આપ કોઈ સંવાહક નહિં, પણ રાજપુરુષ છો." રાક્ષસે આશ્વાસન આપીને પ્રશ્નો પૂછયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" અમાત્યરાજ ! જો કે હું રાજપુરુષ છું ખરો, પણ અત્યારે એક સાધારણ મનુષ્ય પ્રમાણે જ મારા સ્વામીના કાર્ય માટે આવેલો છું." શાકલાયને ઉત્તર આપ્યું.

"તે કાર્ય શું છે ? અને આપનો સ્વામી કોણ ? આપે બધું ભાષણ વિશ્વાસપૂર્વક જ કરવું, એવી મારી સૂચના છે." રાક્ષસે કહ્યું.

" હવે તો હું વિશ્વાસપૂર્વક જ બોલવાનો. પર્વતેશ્વરનો પુત્ર જે મલયકેતુ તેનો હું—નહિ—તેના તરફથી જ હું આવેલો છું." ઉત્તરમાં શાકલાયન જરા અચકાયો.

આપણાથી આ કાંઇક છૂપાવવા માગે છે, એ રાક્ષસ તત્કાળ જાણી ગયો, પરંતુ તેવો ભાવ ન દેખાડતાં તે બોલ્યો કે, " આપ તેના તરફથી આવેલા છો ? હા—હા—શાકલાયન નામનો કોઈ મંત્રી તેના તરફથી અહીં આવવાના સમાચાર મારા જાસૂસોએ મને આપ્યા હતા. શું તેના પિતાને પ્રપંચથી અહીં બોલાવીને મેં કારાગૃહમાં નખાવ્યો, એ માટે મલયકેતુના મનમાં કાંઈ પણ સંતાપ નથી થયો ? કે તેણે મને પકડી જવા માટે આપને અહીં મોકલ્યા છે ?"

" ના—ના—અમાત્યરાજ ! હવે એમ બોલવાની કશી પણ આવશ્યકતા નથી. મલયકેતુનો આપનાપર કોપ છે, એ વાત જો કે ખરી છે; અને તેમ થાય એ સ્વાભાવિક છે; પરંતુ મારા પાટલિપુત્રમાં આવ્યા પછી મને જે જે માહિતીઓ મળી છે, તેના આધારે હું કહી શકું છું કે, પર્વતેશ્વર મહારાજને અહીં બોલાવી મગાવવામાં અને તેમને કારાગૃહમાં નાંખવામાં આપનો જરા જેટલો પણ હાથ હતો નહિ. એ બાબતની ખાત્રી થવાથી જ હું આપને મળવાને આવેલો છું." શાકલાયને કહ્યું.

" એ માહિતી આપને કેવી રીતે મળી શકી વારુ ? પાટલિપુત્રમાં તો બધાનો એવો જ અભિપ્રાય થઈ ગયો છે કે, મેં જ રાજકુળનો ઘાત કરાવ્યો અને મ્લેચ્છાધિપતિને મગધનું રાજ્ય આપવામાટે મેં જ સર્વ વ્યવસ્થા કરીને તેને અહીં બોલાવ્યો હતો; પરંતુ ચાણક્ય અને ચન્દ્રગુપ્તની સહાયતાથી મારું એ ભોપાળું બહાર પડી ગયું અને પર્વતેશ્વરને રાજ્યને બદલે કારાગૃહની પ્રાપ્તિ થઈ. તમને એથી વિરુદ્ધ અને મારા લાભમાં જાય એવા સમાચાર કોણે આપ્યા ?" રાક્ષસે પોતાની કર્મકથા સંભળાવી.

" અમાત્યરાજ ! આપને નિર્દોષ ઠરાવે, એવા સમાચાર આપનાર એક નહિ, પણ અનેક જનો છે. આપના હાથે કોઈ કાળે પણ આવું કુકૃત્ય થાય જ નહિ, એમ દૃઢતાથી માનનારા આજે પણ આ પાટલિપુત્રમાં અનેક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોકો છે, અને અદ્યાપિ તેમની આપનામાં દઢ શ્રદ્ધા રહેલી છે." શાકલાયને તેની પ્રશંસા કરી.

" ત્યારે અદ્યાપિ મગધદેશમાં કેટલાક વિચારશીલ લોકો છે ખરા કે ? સારું સારું, પણ આપનો શો વૃત્તાંત છે, તે સત્વર જણાવી દો. " રાક્ષસે કાંઇક આનંદના ભાવથી એ શબ્દો ઉચ્ચાર્યા.

"એ કાવત્રામાં આપનો કાંઈ પણ સંબંધ ન હોવા છતાં વિના કારણ લોકોએ આપના વિશે જે આ અપવાદ ઉત્પન્ન કરેલો છે, તે માટે આપના હૃદયમાં કોપનો અગ્નિ તો પ્રજળેલો હોવો જ જોઇએ અને એ અપવાદને ટાળવા માટે આપ ઉત્સુક હશો જ. એમ ધારીને જ મેં અહીં આવવાનું સાહસ કરેલું છે." શાકલાયને મંગળાચરણ કર્યું.

"એક વાત મનમાં હોવી અને તે હાથે કરી બતાવવી, એમાં કેટલું બધું અંતર રહેલું છે, એ તો આપ જાણતા જ હશો, કેમ નહિ?" રાક્ષસે ગર્ભિત પ્રશ્ન કર્યો.

"આવાં વચનો સાધારણ મનુષ્યોનાં હોય છે, આપના જેવા અસાધારણ પુરુષો જો ધારે, તો તેમનાથી ન થઈ શકે એવું કોઈ કાર્ય જ નથી." શાકલાયને ઉત્તર દીધું.

"હું અસાધારણ શાનો ? હું તો સાધારણથી પણ સાધારણ છું, અને તેનું આ કાવત્રુ નિર્વિઘ્ને પાર પડ્યું, એજ પાકો પુરાવો છે. પણ આપ અહીં ખાસ શા હેતુથી આવ્યા છો, એ કાંઈ હજી જણાયું નહિ. જો પ્રસવાય ન હોય તો તે કહી સંભળાવવાની કૃપા કરશો?" રાક્ષસે પાછું દબાણ કર્યું.

" હું ચન્દ્રગુપ્તને મલયકેતુનો સંદેશો પહોંચાડવાને આવ્યો છું. તે સંદેશો એવો છે કે, મારા પિતાને એકદમ છોડી દઇને એક કરોડ હોન ખંડણી આપવી અને નહિ તો યુદ્ધ માટે તૈયાર થવું. " શાકલાયને હેતુ કહી સંભળાવ્યો.

"આપ આ શું કહો છો? શું આ સંદેશો મલયકેતુએ ચન્દ્રગુપ્તને કહાવ્યો છે?" રાક્ષસે આશ્ચર્યના ભાવથી એ પ્રશ્ન પૂછ્યો.

"હા–તેણે જ કહાવ્યો છે. અને એ સંદેશો ચન્દ્રગુપ્તને રૂબરૂમાં કહેવા માટે મને દૂત તરીકે મોકલાવ્યો છે. કેમ આપને એથી આશ્ચર્ય કેમ થાય છે વારુ?" શાકલાયને પણ તેટલા જ આશ્ચર્યથી એ વચનો ઉચ્ચાર્યા.

"પતંગિયું દીપજ્યોતિપર ઝાપટ મારવાની કોશીશ કરે, એ જોઇને કોના મનમાં આશ્ચર્ય ન થાય વારુ?" રાક્ષસે પ્રમાણ આપ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"મલયકેતુને આપ શલભની ઉપમા આપો છો ખરા, પણ તે એવા અવિચારી નથી." શાકલાયને પોતાના રાજાની મહત્તા દર્શાવી.

"જો તે અવિચારી ન હોત, તો પોતાના એકલાના બળપર જ આધાર રાખીને તેણે ચન્દ્રગુપ્તને આવો સંદેશો કહેવડાવ્યો ન હોત. જો તેને બીજા કોઈ પણ બલાઢ્ય રાજ્યની સહાયતા મળશે તો જ કાર્ય કાંઇક શક્ય થશે." રાક્ષસે પોતાના અનુભવનું દર્શન કરાવ્યું.

"તેવી સહાયતા મેળવવામાટે તો હું આપને ત્યાં આવ્યો છું. આપની સહાયતા હશે, તો બધું કાર્ય યથાર્થ પાર પડી જશે." શાકલાયન ગળે પડ્યો.

"હું શી સહાયતા આપી શકું તેમ છે?" રાક્ષસે પૂછ્યું.

"જેવી જોઇએ તેવી સહાયતા કરી શકશો. જો કે લોકોનો અભિપ્રાય આટલો બધો આપનાથી વિરુદ્ધ છે, તોપણ જે આપ કરી શકશો, તે બીજાથી થવાતું નથી."

"કદાચિત્ એમ ધારો. પણ શાકલાયનશર્મન્! મલયકેતુની પૂઠે બીજો કોણ છે વારુ?" રાક્ષસે પ્રશ્નોમાં આગળ વધવા માંડ્યું.

"બીજો કોણ હોય?" શાકલાયને રાક્ષસના મુખને આશ્ચર્યથી જોતાં કહ્યું.

"ધ્યાન રાખો. જો આપને વિશ્વાસ હોય, તો વિશ્વાસપૂર્વક જ બોલો. મલયકેતુને બીજા કોઈપણ રાજાની સહાયતા હોવા વિના તે મગધદેશપર ચઢાઈ કરવાનો વિચાર કરે, એ શક્ય જ નથી; અને જેની સહાયતાથી એ કાર્ય શક્ય થઈ શકે એમ છે, તેવો સહાયક એક મ્લેચ્છ ક્ષત્રપ સલૂક્ષસ જ છે. કહો-તેણે જ સહાયતા કરવાનું માથે લીધું છે ને?" રાક્ષસે પોતાની દીર્ઘદષ્ટિનો પરિચય કરાવ્યો.

હવે વધારે હા ના કરવાનું વ્યર્થ જાણીને શાકલાયને ત્વરિત કહી દીધું. કે "હા. આપે જે અનુમાન કર્યું, તે જ વાત ખરી છે. જેવી રીતે શલૂક્ષસને તેની બહારથી સહાયતા મળી છે, તેવી જ રીતે અંદરખાનેથી આપે સહાયતા કરવાની છે; એટલી જ મારી આપનાં ચરણોમાં નમ્ર પ્રાર્થના છે. હાલમાં જો કે ઘણા લોકો આપને અનુકૂલ નથી, તોપણ સત્વર જ તે લોકો અનુકૂલ થઈ જશે, એવી તેમની સ્થિતિ જણાય છે. આપ જો અમારા સહાયક થશો તો આપના પણ કેટલાક હેતુ સિદ્ધ થવાનો સંભવ છે. ચાણક્ય અને ચન્દ્રગુપ્ત પાસેથી વૈરનો બદલો વાળી શકાશે, તેમ જ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મલયકેતુને પણ જો તેમનો પરાજય થયો, તો પોતાના બાપનું વેર વાળવાનો પ્રસંગ મળશે........."

"અને યવન ક્ષત્રપ સલૂક્ષસ નિકત્તરને શો લાભ થશે?" રાક્ષસે કપાળમાં કરચલીઓ ચઢાવી માથું ખજવાળી અને શાકલાયન પ્રતિ ચમત્કારિક રીતે દૃષ્ટિપાત કરીને પૂછ્યું. એ સવાલ મોઢામાંથી કાઢતી વેળાએ તેનો સ્વર પણ કાંઇક ચમત્કારિક થઈ ગયો હતો. રાક્ષસનું એ ભાષણ તે વ્યાજબી ભાષણ હતું, એ શાકલાયન તત્કાળ પામી ગયો અને તેથી તે કેટલીકવાર સૂધી સ્તબ્ધ બની, મૂક મુખે કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના બેસી રહ્યો.

એટલે રાક્ષસે પુનઃ તેને સંબોધીને કહ્યું કે, "કેમ મહારાજ! આપ કાંઈ પણ બોલતા કેમ નથી? સલૂક્ષસ નિકત્તર આજે મલયકેતુને જે આટલી બધી સહાયતા કરવાને કમર કસીને તૈયાર થયો છે, તેમાં એનો પોતાનો પણ કાંઈ હેતુ હોવો જોઇએ ખરો કે નહિ? નહિ તો યુદ્ધમાં વ્યર્થ પરિશ્રમ સહેવાથી એને શો લાભ અને એને વચ્ચે આવવાનું કારણ શું?"

"લાભ કશો પણ નહિ અને કારણ માત્ર મૈત્રીનું જ."

એ ઉત્તરથી રાક્ષસ હસ્યો અને શાકલાયન પ્રતિ દૃષ્ટિ કરીને કહેવા લાગ્યો કે, "આપને મલયકેતુ અને સલૂક્ષસ બન્નેએ ચૂંટીને દૌત્યકર્મ માટે મોકલ્યા છે, તો આપનામાં અવશ્ય તેટલી બુદ્ધિ હોવી જ જોઇએ, એ સ્પષ્ટ છે. અર્થાત્ સલૂક્ષસનો એમાં કાંઈ પણ લાભ નથી, એ વાતને આપ કેમ માની શકો છો? મારી તો એવી જ ધારણા છે કે, મનમાં તો આપ એ વાતને સત્ય નહિ જ માનતા હો—માટે આપનું એ ઉત્તર વ્યર્થ છે. સલૂક્ષસ મહા મહત્ત્વાકાંક્ષી છે—અર્થાત્ મગધદેશને જિતી લેવો, એ જ તેની ઇચ્છા છે. માટે જો તે તમને સહાયતા કરવાને તૈયાર થયો હોય, તો તેમાં નવાઈ જેવું કાંઈ પણ નથી."

"જો કદાચિત્ એમ હોય, તોપણ શું થયું?" શાકલાયને કહ્યું.

"શું થયું? અરે થયું તો બહુએ. વળી શું થયું, એમ પૂછોછો?" રાક્ષસે તેને કઠોરતાથી ઉત્તર આપ્યું. અને તેને તે કઠોર દૃષ્ટિથી જોવા લાગ્યો. તે વળી પણ તેને કહેવા લાગ્યો. "અરે એ યવનોના મનમાં સમસ્ત આર્યાવર્ત્ત અને સકળ આર્યોનાં રાજ્યોને પોતાની સત્તામાં લઈ લેવાની પરમ મહત્ત્વાકાંક્ષા છે, એ આપ કેમ ભુલી જાઓછો? ઉપરાંત તેમણે પર્વતેશ્વરને એકવાર જિતીને પુનઃ તેને પોતાના માંડલિક તરીકે રાજ્ય કરવા દીધું હતું કે? તેમ જ પર્વતેશ્વર પાસે પોતાના યવન અને મ્લેચ્છ સૈનિકો રાખ્યા હતા કે? એ લોકોનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સામંતત્વ કરવામાં પર્વતેશ્વરને ગમે તે હિત દેખાયું હોય, પણ મારા વિચાર પ્રમાણે તો એમાં કશું પણ સાર જેવું નથી."

"સાર જેવું કેમ નથી વારુ? આપના હાથે જ જો સકળ વ્યવસ્થા..."

"શાંતં પાપં! અરે આ તમે શું બોલો છો? મારું નામ ન લ્યો—જો પોતાના હાથે જ સઘળી વ્યવસ્થા થઈ શકે તેમ ન હોય, તો પોતાના બરોબરિયા અને સજાતીય જનોની સહાયતા લ્યો; પરંતુ પરકીયોને—અને તેમાં પણ ખાસ કરીને એલેકઝાંડરે અહીં નીમેલા ક્ષત્રપોને પોતાની કુમકે ન બોલાવો. એમની સહાયતાથી શત્રુઓના નિર્દલનની આશા રાખવી વ્યર્થ છે." રાક્ષસે વચમાં જ કહ્યું.

"એ વિના બીજો માર્ગ જ નથી." સાકલાયન બોલ્યો.

"સ્વસ્થ થઇને બેસી રહેવું. એ બીજો માર્ગ છે. એથી ઉત્તમ બીજો કયો માર્ગ હોઈ શકે વારુ?" રાક્ષસે ઉત્સાહહીન શબ્દો ઉચ્ચાર્યા.

"એટલે કે તમારી સહાયતા તો અમને નહિ જ મળે ને?" શાકલાયને પૂછ્યું.

કદાપિ નહિ. આ દુષ્ટોએ રાજકુળનો ઘાત કરીને મારા નામને કલંકિત કરેલું છે, એનું વૈર વાળવાની જો કે મારા મનમાં તીવ્ર ઇચ્છા છે, તોપણ તે ઇચ્છા તૃપ્ત કરવા માટે હું એ સલૂક્ષસ નિકત્તર જેવાઓની સહાયતા કોઈ કાળે પણ માગવાનો નથી. શિવ! શિવ! એવી બુદ્ધિ ઉપજી કે સર્વથા આપણો નાશ થયો જ જાણવો." રાક્ષસે ઉત્તર દીધું.

"પણ ક્ષત્રપના હૃદયમાં કોઈ પણ પ્રકારનો કપટભાવ નથી. કેવળ મલયકેતુના પિતાનું જે અપમાન થએલું છે, તેનું વૈર વાળવામાટે જ તેને સહાયતા કરવી, એટલો જ તેનો હેતુ છે. તેની બદલો મેળવવાની ઇચ્છા નથી." શાકલાયને કહ્યું.

"મંત્રીવર્ય! રાજખટપટની બાબતમાં આપ કાંઈ પણ નથી સમજતા, એમ કહેવું એ એક જાતિનું સાહસ છે, માટે તેમ હું કહી શકતો નથી અને તેમ મને ભાસતું પણ નથી. આપ સર્વ જાણો છો; પરંતુ આપ તેના સેવક છો, તેથી જ આપને એમાં તેનો કપટભાવ દેખાતો નથી. જો સમસ્ત ભારતવર્ષને સલૂક્ષસ પાદાક્રાન્ત કરી નાંખે, તોપણ તેમાં એનો દોષ છે, એમ આપને ભાસવાનું નથી જ. પણ મારા મનની અદ્યાપિ એવી દશા થએલી નથી. મગધદેશમાં યવનોનું રાજ્ય થાય અથવા તો યવનોના સામંતપદથી આનંદ માનનારો પર્વતેશ્વરનો અધિકાર જામે, એવી મારી ઇચ્છા નથી. માટે આ કાર્યની સિદ્ધિના પ્રયત્નમાં હું કશી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ સહાયતા કરવાનો નથી જ. મલયકેતુના પિતાની અને સલૂક્ષસની મગધદેશપર ઘણા દિવસથી દૃષ્ટિ લાગી રહેલી છે, એ શું હું નથી જાણતો? જાણું છું જ. માટે મગધદેશ લેવાના કાર્યમાં હું તેમનો સહાયક કેવી રીતે થઈ શકું વારુ?" રાક્ષસે સ્પષ્ટતાથી પોતાના વિચારો વ્યક્ત કર્યા.

"ત્યારે આ રાજઘાતકોના અધિકારમાં જ મગધનું રાજ્ય રહે, એ જ આપને ઇષ્ટ દેખાય છે કે શું?" શાકલાયને માર્મિક પ્રશ્ન પૂછ્યો.

"એ ઇષ્ટ કેમ દેખાય વારુ? પરંતુ યવનોના અથવા તો જેઓ યવનોના સેવકો થએલા છે, તેમના હાથમાં મગધનું રાજ્ય જાય, તેના કરતાં તો એમના અધિકારમાં રાજ્ય હોય, એ સારું છે; એમ તો મને ભાસે છે ખરું." રાક્ષસે પાછો તેને તોડી પાડ્યો.

"અમાત્યરાજ! આપ આવાં ઉત્તરો આપશો, એવી મેં કલ્પના પણ કરી નહોતી. મારા મનમાં તો એવી જ આશા હતી કે, આપને પ્રાર્થના કરતાં જ આપ તત્કાળ અમારી ઇચ્છાને સ્વીકારી અમને સહાયતા આપવાને તૈયાર થશો જ. પરંતુ આપનાં આ ઉત્તરોથી આપના વિચારો સર્વથા ભિન્ન હોય, એમ જ દેખાય છે." શાકલાયન નિરાશ થયો.

"સર્વથા ભિન્ન દેખાય છે, એમ શામાટે કહે છો? વિરુદ્ધ પક્ષે આપના વિચારો પણ મારા વિચારો પ્રમાણે જ હોવા જોઇએ, પણ આપે યવનોની સેવાનો સ્વીકાર કરેલો છે, તેથી જ આપના વિચારો ભિન્ન છે. નહિ તો આ આર્યાવર્ત્ત યવનોના અધિકારમાં જાય તો સારું, એવી એક આર્ય જનની ભાવના હોઈ શકે જ નહિ." રાક્ષસે તેને ગળું પકડીને દબાવ્યો—તે સામો ગળે પડ્યો.

"ખરું; પણ એ અધિકાર નન્દવંશના ઘાતકોના હાથમાં રહેતો સારું, એવી ભાવના નન્દવંશના એકનિષ્ઠ સેવકના મનમાં પણ કેમ હોઈ શકે, એનું જ મને આશ્ચર્ય થયા કરે છે." શાકલાયને પાછો યુક્તિપૂર્વક જવાબ આપ્યો.

"રાક્ષસ જેવી રીતે નંદવંશનો સેવક છે, તેવી જ રીતે તે મગધદેશનો પણ સેવક છે, અને તેથી જ નંદવંશનો ઉચ્છેદ થયો, માટે મગધદેશનો પણ ઉચ્છેદ કરી નાંખવો, એવી તેની ઇચ્છા થતી નથી." રાક્ષસે સ્વદેશાભિમાનપૂર્ણ ઉત્તર આપ્યું.

"મલયકેતુ મગધદેશને જિતી લે, તેમાં મગધદેશનો ઉચ્છેદ શો થયો? મલયકેતુ પણ આર્ય રાજા જ છે." શાકલાયને પોતાનો વિચાર પાછો દર્શાવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આર્ય રાજા ખરો, પણ તે યવનોના દાસત્વમાં આનન્દ માનનારો આર્ય રાજા છે. અને વળી તે યવનોના ક્ષત્રપની સહાયતાથી મગધદેશને જિતવાનો છે." રાક્ષસે વળી પણ તાણો માર્યો.

"એથી મગધદેશ યવનોના અધિકારમાં જ જશે, એની શી સાબેતી?" શાકલાયને પાછો સવાલ કર્યો.

"સાબેતી તો ખુલ્લી છે–એમાં શંકા જેવું કાંઈ છે જ નહિ; જે શિકારીને મદદ કરે, તે પોતાનો ભાગ પડાવ્યા વિના રહેતો જ નથી. જો આખા શિકારપર તે તરાપ ન મારે, તો મોટાં ભાગ્ય જ સમજવાં–પણ સલૂક્ષસ તો આખા શિકારની જ માગણી કરવાનો. મગધદેશપર એલેક્ઝાંડર કરતાં પણ એની આંખો વધારે ટાંપી રહી છે. પોતાના સ્વાર્થ પૂરતો તે મલયકેતુને પાસે રાખશે અને સ્વાર્થ સધાયો, એટલે દુગ્ધમાંથી મક્ષિકા પ્રમાણે તેને તે દૂર ફેંકી દેશે. શાકલાયન! એલેકઝાંડરને આ દેશમાં રહેવું નહોતું, એટલે તેણે પર્વતેશ્વરનો પરાજય કરીને તેને માંડલિક બનાવ્યો અને રાજ્ય પાછું તેને જ આપી દીધું; પણ આ સલૂક્ષસ તો અહીંનો જ નિવાસી છે અને તેટલામાટે એના મનમાં ચક્રવર્ત્તી થવાની અનિવાર્ય ઇચ્છા છે. એની મહત્ત્વાકાંક્ષા મહતી છે. રાજા ધનાનન્દ જો સ્ત્રીવિલાસી અને રંગીલો ન હોત, તો તેના હસ્તે એ સલૂક્ષસને પરાજિત કરાવીને ક્યારનોએ મેં પંજાબ અને કાશ્મીરની સીમાથી બહાર હંકાવી કાઢ્યો હોત, અને સર્વત્ર મગધનું સામ્રાજ્ય વિસ્તારી દીધું હોત." રાક્ષસે કહ્યું.

"ત્યારે હવે તેમ થવું શક્ય નથી કે શું? મલયકેતુ પ્રથમ સલૂક્ષસની સહાયતાથી મગધનું રાજ્ય જિતે અને પછી તેને હાંકી કાઢે તો તે બની શકે તેમ છે." શાકલાયને એક નવીન યુક્તિનું દર્શન કરાવ્યું.

એ સાંભળીને રાક્ષસ મોટેથી હસ્યો અને કહેવા લાગ્યો કે, "આપ માત્ર મારી પરીક્ષા કરવાને જ આવા પ્રશ્નો મને પૂછો છો, એમ જ જણાય છે. અરે જે સલૂક્ષસ આવી દક્ષતાથી પોતાની કાર્યસિદ્ધિનો પ્રયત્ન કરે છે, તે પર્વતેશ્વરના અને મલયકેતુના પ્રપિતામહ આવે, તોપણ પરાજિત થાય ખરો કે? કદાચિત્ તે એ પિતા પુત્ર બન્નેનાં રાજ્યોને સ્વાહા કરવાની ઇચ્છા ન કરે, તો તે તેમનાં મોટાં ભાગ્ય જ સમજવાં. યવનોનો તે વળી વિશ્વાસ કેવો? તમારું એક પણ વચન યોગ્ય હોય, એમ મને તો નથી ભાસતું."

"ખરું છે. મને પણ ભાસે છે કે આ આપણો વિવાદ નિરર્થક જ છે. માટે હવે આપણે એને બંધ જ કરીએ, માત્ર અત્યારે મને એટલું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ કહો કે, મલયકેતુ જો સલૂક્ષસ સહિત અહીં આવે, તો પુષ્પપુરીના લોકો ચાણુક્ય અને ચન્દ્રગુપ્તથી વિરુદ્ધ થઈ, તેમનો ઉચ્છેદ કરવાને તૈયાર થશે કે નહિ. અને આપની સહાયતા તેને મળશે કે નહિ?" શાકલ્લાયને તડ ને ફડ કરી નાંખવાના ભાવથી એ પ્રાર્થના કરી.

"પુષ્પપુરીના લોકો મલયકેતુને રંચમાત્ર પણ ઉત્તેજન આપશે નહિ, તેમ જ આ રાક્ષસ, ચાણુક્ય, ચન્દ્રગુપ્ત અને ભાગુરાયણ માટે મનમાં ગમે તેટલો દ્વેષ ધરાવતો હશે, તોપણ મગધદેશને મ્લેચ્છોના અધિકારમાં જવાના કાર્યમાં તે કોઈ કાળે પણ સહાયતા કરનાર નથી. બે જણુના પરસ્પરના વિરોધમાં વચ્ચે ત્રીજો ચોર આવીને તે બન્નેનો માલ પચાવી પાડે, એ રાક્ષસને માન્ય નથી. હું જો કાંઈ પણ કરીશ, તો તમારા ઉપદેશથી વિરુદ્ધ જ કરીશ. અર્થાત્ કરી શકાશે તો હું ચન્દ્રગુપ્તને જ સહાયતા કરીશ ને નહિ તો શાંત થઈ બેસી રહીશ. પણ મ્લેચ્છાધિપ પર્વતેશ્વર અથવા તો યવન ક્ષત્રપ સલૂક્ષસ એ બન્નેમાંથી કોઇના પણ હાથમાં મગધદેશનું રાજ્ય હું જવા દેવાનો નથી. હવે પાછા પોતાની આર્યજિહ્વાથી આપ મને યવનોને સહાયતા કરવા માટેની વિનતિ કરશો નહિ. જે સ્થાનેથી આપ આવ્યા છો, ત્યાં પાછા ચાલ્યા જાઓ. એ યવનોના અધિકારકુઠારનો આ મગધરાજ્ય વૃક્ષના સ્થાણુમાં એક કુંતલ માત્ર પણ પ્રવેશ થવા દેવો, એ રૌરવ નરકના અધિકારી થવા જેવા પાપ સમાન છે. એમની કોદાળીનો ઘા પડ્યો, એટલે સમસ્ત વૃક્ષનો ઉચ્છેદ થયો જ સમજવો. માટે કૃપા કરીને જાઓ." રાક્ષસે કંટાળીને અંતે તેનું અપમાન કરી નાંખ્યું.

શાકલાયન એ રોકડા જવાબથી આશ્ચર્યચકિત થઈ ગયો. એક શબ્દ પણ ઉચ્ચારવાની તેનામાં હિંમત રહી નહિ. એટલે તત્કાળ પોતાના સાથી સંવાહકને લઇને તે ત્યાંથી છ પાંચ ગણી ગયો.

---

## પ્રકરણ ૪૦ મું.

### ચાણુક્ય હાર્યો!

ચાણુક્ય પોતાની પર્ણકુટિકામાં સિદ્ધાર્થક સાથે વાતચિત કરતો બેઠો હતો. સિદ્ધાર્થકે હમણાં જ તેને એક નવી ખબર આપી હતી અને તે સાંભળીને ચાણુક્ય કાંઇક આશ્ચર્યમાં પડી ગયો હતો. તેની મુખમુદ્રામાં ગંભીરતાનો ઘણો જ ભાવ દેખાતો હતો. તે ઘણીવાર સુધી સ્વસ્થ થઇને બેસી રહ્યો અને ત્યાર પછી એકદમ બોલ્યો કે, "સિદ્ધાર્થક! સંવાહકના વેશમાં તું ગયો અને રાક્ષસે તને ન જ ઓળખ્યો, એ વિશે તારો પૂરેપૂરો નિશ્ચય છે કે કાંઈ શંકા જેવું છે?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જરા પણ શંકા જેવું નથી. અમાત્યના મનમાં જરા પણ સંશય આવવા ન પામે, તેટલા માટે તેના ઘરમાં પ્રવેશ કરવા પૂર્વે જ મેં શાકલાયનને કહી રાખ્યું હતું કે, મને ચન્દ્રગુપ્તે આપની પાસે મોકલ્યો છે, એવો ઉચ્ચાર જ કરશો નહિ અને શાકલાયન એ ઉપદેશને અનુસરીને એવું કશું પણ બોલ્યો નહોતો. હું તો માત્ર ત્યાં મૂકસ્તંભ પ્રમાણે બેસીને તે બન્નેનું સંભાષણ સાંભળ્યા કરતો હતો. મેં મનમાં વિચાર કર્યો કે, કદાચિત્ હું કાંઈ બોલીશ અને રાક્ષસ ઓળખી કાઢશે, તો બધી બાજી બગડી જશે. વળી રાક્ષસ મારા વિશે કાંઈ શંકા તો નહિ કરે, એવી ભીતિ પણ મને ક્ષણે ક્ષણે થયા કરતી હતી. રાક્ષસ મને સંશયયુક્ત દૃષ્ટિથી તો નથી જોતો, એ જોવા માટે હું વારંવાર રાક્ષસને જોયા કરતો હતો. મેં મારાં નેત્રોને તેનામાં જ પરોવી રાખ્યાં હતાં. એથી મારો નિશ્ચય થઈ ગયો છે કે, રાક્ષસ મારા સત્ય સ્વરૂપને બિલ્કુલ જાણી નથી શકયો. હું કોઈ શાકલાયનનો સેવક છું અને તેથી છદ્મ વેશથી આવ્યો હોઇશ, એમ જો કે તેણે અનુમાન કર્યું હશે; પણ હું ખરેખર કોણ છું, એ તો તે જાણી શકયો નથી જ. અને જાણી શકે પણ કેવી રીતે? રાક્ષસ કાંઈ આપના જેવો કુટિલનીતિવિશારદ નથી. તેને આપનાં સર્વ પ્રકારનાં કૌટિલ્યોની કલ્પના પણ નહિ હોય. અર્થાત્ તે શાકલાયન સાથે સંભાષણ કરવામાં સર્વથા લીન થઈ ગએલો હતો." સિદ્ધાર્થકે પોતાના નિશ્ચયનું દર્શન કરાવનારું ઉત્તર આપ્યું.

સિદ્ધાર્થકના એ ભાષણમાં આરંભે ક્ષણ બે ક્ષણ ચાણક્યનું લક્ષ હતું, અને ત્યાર પછી શાકલાયન અને રાક્ષસનો જે પરસ્પર સંવાદ થયો, તેમાં રાક્ષસને પોતા વિશે કાંઈ પણ સંશય ન આવ્યો, એ નિશ્ચયપૂર્વક જાણતાં જ તેના મનમાં જૂદા પ્રકારના વિચારોનો પ્રવાહ વહેવા માંડ્યો. એટલે સિદ્ધાર્થકના બોલવામાં તેનું ધ્યાન રહ્યું નહિ. એ વિચારનો પ્રવાહ વહેતો વહેતો ઠેઠ એટલે સૂધી પહોંચ્યો કે, તે વિચારના પ્રભાવથી ચાણક્ય એકદમ ઊઠીને ઊભો થઈ ગયો અને જાણે રાક્ષસ પોતાના સમક્ષ જ ઊભો હોયની! તે પ્રમાણે મોટેથી પોકાર કરીને બોલવા લાગ્યો કે, "શાબાશ! રાક્ષસ! તારી સરળતા સમક્ષ મારી કુટિલતાનું કાંઈ પણ બળ ચાલવાનું નથી, એ સિદ્ધાન્ત હવે નિર્વિવાદ સિદ્ધ થયો. તારી સ્થિતિમાં જો હું હોત અને જે સ્થિતિમાં મેં તને લાવી મૂક્યો છે, તે સ્થિતિમાં તેં મને લાવી મૂક્યો હોત, તો મેં તો તત્કાળ મલયકેતુને મળીને મગધદેશનું રાજ્ય યવનોના અધિકારમાં આપવાનો જ પ્રયત્ન કર્યો હોત. ગમે તે પ્રયત્ને પણ મને ઠગનારાઓનો નાશ કરી નાંખ્યા વિના મારા મનને સંતોષ જ ન થાત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ યવનોનો પૂર્ણ નાશ થાય અને તેઓ આ આર્યાવર્ત્ત–પંજાબની સીમા છોડીને ચાલ્યા જાય, એ જ મારો મુખ્ય હેતુ છે અને એ હેતુને સિદ્ધ કરવા માટે જ હું મગધદેશમાં આવ્યો હતો. પણ ધનાનન્દે મારું અપમાન કર્યું, એટલે જેવી રીતે પ્રથમ તેના જ વંશવૃક્ષનો સમૂલ અને સશાખ ઉચ્છેદ કરવાની પ્રતિજ્ઞા લીધી અને તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે કોઈ પણ પ્રયત્ન અવશેષ રાખ્યો નહિ; બ્રાહ્મણ છતાં પણ ગમે તેવાં નૃશંસ કર્મ કરીને તે પ્રતિજ્ઞા પાર પાડી–તેવી જ રીતે અંતે નિરુપાય થઇને યવનોની સહાયતા લઈ મેં તારો પણ નાશ કર્યો હોત. મગધદેશ યવનોના અધિકારમાં જાય છે, એનો નિદાન તે વેળાએ તો મેં વિચાર ન જ કર્યો હોત. પરંતુ રાક્ષસ! નન્દવંશમાં અને મગધદેશમાં તારો ખરો ભાવ સમાયલો છે અને તે ભાવના પ્રભાવથી મને પણ તેં પરાજિત કર્યો છે. કાંઈ ચિન્તા નથી. કુટિલ યુક્તિથી તો કાંઇ વળવાનું નથી, ત્યારે હવે હું સરળતાથી જ તારે ત્યાં આવીશ અને તને વિનવીને ચન્દ્રગુપ્તનો સચિવ બનાવીશ. ચન્દ્રગુપ્તને તારા જેવા એકનિષ્ઠ સચિવની ખરેખરી આવશ્યકતા છે. ભાગુરાયણ જેવા અનિશ્ચિત મનના મનુષ્યથી સચિવપદવી સંભાળી શકાય તેમ નથી.”

ચાણક્ય એ સર્વ બોલતી વેળાએ સિદ્ધાર્થક પાસે જ બેઠેલો છે, એ વાતને સર્વથા વિસરી ગયો હતો; નહિ તો આવા સ્પષ્ટ ભાવો તેણે પોતાના મુખથી પ્રદર્શિત કર્યા હોત કે નહિ, એની શંકા જ માની શકાય. ચાણક્યનું એ ભાષણ સાંભળીને તે ક્ષપણક કાંઇક સ્તબ્ધ થઇને બેસી રહ્યો; પરંતુ તેના મનમાં જે બોલવાની ઇચ્છા થઈ હતી, તે બોલ્યા વિના તેનાથી રહી શકાયું નહિ. એટલે તે ચાણક્યને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, “આર્ય ચાણક્ય! રાક્ષસને જ ચન્દ્રગુપ્તનો સચિવ બનાવવામાં એટલો બધો તે શો લાભ સમાયલો છે? ખરું પૂછો તો એના જેવો અંધ સચિવ બીજો એકે નથી. આપે આટલાં બધાં કારસ્થાનો તેનાં નેત્રો સમક્ષ રચ્યાં, છતાં, પણ તેની એને જરાય શંકા આવી નહિ. માટે એ પ્રધાનપદવીને તે શી રીતે સંભાળશે? આપ આટલા મોટા નીતિનિપુણ પુરુષ હોવા છતાં ચન્દ્રગુપ્તને બીજો સચિવ લાવી આપવાની આવશ્યકતા શી છે? મારા મત પ્રમાણે તો રાક્ષસ જેવો સચિવપદમાટે અયોગ્ય પુરુષ બીજો કોઈ ભાગ્યે જ નીકળશે.”

સિદ્ધાર્થકના એ ભાષણશ્રવણથી ચાણક્યને સ્વાભાવિક જ હસવું આવ્યું અને તે પ્રત્યુત્તર આપવાના હેતુથી કહેવા લાગ્યો કે, “સિદ્ધાર્થક! તું અદ્યાપિ મારા મનના હેતુને જાણી શક્યો નહિ કે? મેં નન્દનો નાશ કરવાની અને ચન્દ્રગુપ્તને સિંહાસનારૂઢ કરવાની જે પ્રતિજ્ઞા લીધી હતી, તે પૂરી થઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચૂકી છે. હવે એ રાજ્ય ચિરસ્થાયી થાય, ત્યાં સૂધી મારાથી અહીં રહેવાય તેમ નથી. એ જ પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાટે એક બ્રાહ્મણને સર્વથા અનુચિત એવાં કેટલાંક નૃશંસ કર્મો પણ મેં કર્યાં; એ પાપોના નિવારણમાટે હિમાલયની કોઈ કન્દરામાં બેસીને હું ઘનઘોર તપશ્ચર્યા કરીશ. એથી જ મારા પુનર્જન્મના કાંઇક ભલાની આશા છે; નહિ તો પાછો હું આ ભવપાશમાં બંધાઇશ અને પુનઃ પુનઃ આવાં જ નૃશંસ કર્મો કરતો રહીશ. માટે હવે મારી સંસારમાં રહેવાની ઇચ્છા નથી. જે થયું છે, તે સંપૂર્ણ છે. સિદ્ધાર્થક! તું જ વિચારી જો કે, એવું કયું મહાપાતક અવશિષ્ટ રહ્યું છે, કે જે મારા હસ્તે ન થયું હોય? અસત્ય આચરણ અને અસત્ય ભાષણો તો કેટલાંય થયાં હશે, એની ગણના પણ નથી; પરંતુ મુખ્ય ગણાતી રાજહત્યા, બાલહત્યા અને સ્ત્રીહત્યા પણ હું કરી ચૂકયો છું. અર્થાત્ હવે ભવિષ્યમાં એવાં કર્મોમાં પ્રવૃત્ત રહી ચન્દ્રગુપ્તના પ્રધાનની પદવી ભોગવવાની મારી લેશ માત્ર પણ ઇચ્છા નથી. વળી જ્યાંસૂધી રાજ્યની પ્રાપ્તિ નહોતી થઈ, ત્યાંસૂધી ચન્દ્રગુપ્ત મને જેવા માનની દૃષ્ટિથી જોતો હતો, તેવા માનની દૃષ્ટિથી રાજા થવા પછી જોશે કે નહિ, એની શંકા જ છે. જે નૃશંસ કૃત્યો કરીને મેં એનું હિત કર્યું અને પૂર્વ રાજાનો નાશ કર્યો, તેવાં જ કૃત્યો પાછાં કરીને આ મારો અને મારા વંશનો પણ નાશ કરીને બીજા કોઇને સિંહાસને બેસાડશે, એવી શંકા ચન્દ્રગુપ્તના મનમાં આવવાની જ. એવી શંકા એના મનમાં આવે ને એ મારો દ્વેષ કરવા માંડે, તે પહેલાં જ મારે અહીંથી પ્રયાણ કરી જવું, એ વધારે સારું છે. સિદ્ધાર્થક! સત્ય માનજે કે, હું સર્વથા નિરિચ્છ મનુષ્ય છું–મને એક ફૂટી કપર્દિકાની પણ અપેક્ષા નથી. મારા અપમાનનું પરિમાર્જન કરવાની જ માત્ર મારી પ્રતિજ્ઞા હતી અને તે હું પૂરી કરી ચૂકયો છું; હવે મારી માત્ર એટલી જ આશા અથવા ઇચ્છા છે કે, મારા દેખતાં આ યવનોનું પારિપત્ય થાય; અને તેમ થવાનો પ્રસંગ પોતાની મેળે જ આવી લાગ્યો છે. રાક્ષસે આપણા વિરુદ્ધ પક્ષમાં જવાનો વિચાર ન કર્યો, એટલે ધાર કે, કાર્ય સફળ થઈ ચૂકયું. એમાં વળી રાક્ષસનો આવો નિશ્ચય હોય, એટલે પછી બીજું જોઇએ જ શું? સિદ્ધાર્થક! રાક્ષસનો નન્દવંશમાં અને મગધદેશમાં ખરો ભક્તિભાવ છે. એ જ ભક્તિભાવ ચન્દ્રગુપ્તમાં રાખવાનું જો તે મુખથી એકવાર બોલે, એટલે હું મને આ જંજાળમાંથી સર્વથા છૂટો થએલો સમજું. રાક્ષસ યેવનોને કોઈ કાળે પણ આગળ વધવા દેવાનો નથી જ, તેમ જ............"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જ્યારે આપના હૃદયમાં આટલો બધો પશ્ચાત્તાપ થાય છે, ત્યારે આપ ભગવાન્ બુદ્ધના માર્ગનું અવલંબન કેમ નથી કરતા? ભગવાન્ વસુભૂતિ મહા આનંદથી આપને દીક્ષા આપીને પોતાના વિહારમાં રાખશે. વૃન્દમાલા દીક્ષિતા થઈ ચૂકી છે અને તેણે હવે સુમતિકાને આગ્રહ કરવા માંડ્યો છે કે, મેં લીધી તેવી રીતે તું પણ દીક્ષા લે–એ વિના કરેલાં પાપકર્મોથી તારો છૂટકારો થવાનો નથી! આપ પણ જો તેમ જ કરશો તો, રાજવંશના ઘાતના મુખ્ય હેતુ થએલા આપણે બધા સહજમાં નિર્વાણની પ્રાપ્તિ કરી શકીશું. હું અત્યારે આપને વિનતિ કરું છું, તેવી જ રીતે ભગવાન્ વસુભૂતિ પણ આપને એકવાર ઉપદેશ આપવાના છે, એમ તેઓ મને કહેતા હતા." ચાણક્યને બોલતો અટકાવીને વચમાં સિદ્ધાર્થકે પોતાના ધર્મની મહત્તા દર્શાવીને ચાણક્યને પણ બુદ્ધભિક્ષુ થવાનો ઉપદેશ આપ્યો.

ઉપર્યુક્ત વિવેચન વાંચીને શાકલાયનને ત્યાં સંવાહકરૂપે જઈ તેને સંવાહકનો વેશ આપીને રાક્ષસ પાસે લઈ જનાર સંવાહક કોણ હતો, એ વાચકો જાણી શકયા હશે જ. "શાકલાયન મલયકેતુ પાસેથી ધર્વણપત્રિકા લઇને આવેલો છે, એટલે સાહજિક આપણને કાંઈ ને કાંઈ અંતઃકલહ મળી આવશે અને અંદરખાનેથી અગ્નિ પણ પ્રજળાવી શકાશે. જો તેમ થયું તો એને યુક્તિથી ફસાવવો જ." એવો ચાણક્યે નિશ્ચય કર્યો. ઉપરાંત પર્વતેશ્વરને પકડેલો છે, માટે તેને છોડવવામાટે અને તેને જે અપમાન આપવામાં આવ્યું છે, તેનું વૈર વાળવામાટે મલયકેતુ યવનોની સહાયતાથી મગધદેશપર ચઢી આવે, તો રાક્ષસ પોતાના વૈરનો બદલો લેવાના હેતુથી ચન્દ્રગુપ્તના નાશમાટે તેને અનુકૂલ થઇને સહાયતા આપે છે કે નહિ, એ પણ ચાણક્ય જોવા ઇચ્છતો હતો. એવાં કેટલાંક કારણોથી જે વેળાએ "માર્ગના શ્રમથી શરીર અસ્વસ્થ થએલું છે, માટે બે દિવસ વિશ્રાંતિ લઇને પછી મલયકેતુનો સંદેશો આપને જણાવીશ." એવો શાકલાયનનો સંદેશો આવ્યો, તે વેળાએ જ ચાણક્યે ભવિષ્યમાં કરવા ધારેલા વ્યૂહની રચના કરી રાખી હતી. તેણે સિદ્ધાર્થકને સંવાહકના વેશમાં શાકલાયન પાસે મોકલ્યો અને રાક્ષસ વિશેના લોકોના અભિપ્રાયો બદલાતા જાય છે, એમ સમજાવીને રાક્ષસ પાસે જવાની અને તેની સહાયતા માગવાની સિદ્ધાર્થકદ્વારા તેણે તેને સૂચના કરાવી. શાકલાયને તે પ્રમાણે કર્યું અને તેનું તથા રાક્ષસનું જે પરસ્પર ભાષણ થયું, તે બધું સાંભળીને સિદ્ધાર્થકે આવી આદિથી અંતપર્યન્ત ચાણક્યને કહી સંભળાવ્યું. ચાણક્યે એ બધો વૃત્તાન્ત સાંભળ્યો, એટલે તેના મનનું ઘણું જ સમાધાન થયું. રાક્ષસની દેશનિષ્ઠા અને સ્વામિનિષ્ઠા કેટલી બધી વિલક્ષણ હતી, એની અદ્યાપિ ચાણક્યના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં જોઇએ તેવી કલ્પના થઈ નહોતી. એનું મૂલ્ય હવે તે બરાબર આંકી શક્યો અને તેથી તેણે નિશ્ચય કર્યો કે, "આનો ઉપાય તો કરવો જ. કુટિલતાથી કાર્ય સિદ્ધ નથી થતું તો સરળતાથી તેને સિદ્ધ કરીશ. कार्यं वा साधयामि देहं वा पातयामि એ જ મારી પ્રતિજ્ઞા છે. કાર્ય સિદ્ધ થયું કે પછી આનંદથી હિમાલયની કંદરામાં તપશ્ચર્યા કરવા માટે ચાલ્યો જઇશ." હવે સરળતા વિના ચાણક્યમાટે બીજો માર્ગ જ નહોતો.

સિદ્ધાર્થક અને ચાણક્યના પરસ્પર સંભાષણની સમાપ્ત થયા પછી ચાણક્યે સિદ્ધાર્થકને જવાની આજ્ઞા આપી અને પોતે પોતાના તપ્ત મસ્તકને શાંત કરવાના હેતુથી હિરણ્યવતી નદીના તીરપ્રદેશમાં ચાલ્યો ગયો. જ્યાં સૂધી અમુક એક કાર્ય કરવું અને કરવું એવો ધ્વનિ મસ્તિષ્કમાં ગુપ્ત રીતે થયા કરે છે, ત્યાં સૂધી મનુષ્યના મનમાં આવેશની ઘણી જ પ્રબળતા રહે છે. પરંતુ તે કાર્ય સિદ્ધ થયું અને દુર્દૈવવશાત્ તે કાર્ય યોગ્ય ન હોય અને તેમાંથી લાભ જેવું કાંઈ પણ ન નીકળ્યું કે પછી તેના સ્મરણથી મનને સામો ત્રાસ ભોગવવો પડે છે. આપણે કર્યું એ ઠીક ન કર્યું, એમ આપણું મન જ આપણને કહેવા માંડે છે. પરંતુ ભાગ્યયોગે તે જ કાર્ય સારું હતું, એમ કદાચિત્ ભાસે છે, તો તેથી થનારા સંતોષનો વધારે વાર અનુભવ કરતા રહેવાની ઇચ્છા આપણને થતી નથી. એ સંતોષ અને એ આનન્દને આપણે અનુભવીએ નહિ, તો વધારે સારું, એવી જ વાંચ્છના થયા કરે છે. જેઓ મનસ્વી છે, તેમની આવી સ્થિતિ નથી થતી, એમ નથી; પરંતુ પોતાના મનની એવી સ્થિતિનું તેઓ બીજાને દર્શન કરાવતા નથી. પોતાના મનમાં થતો પશ્ચાત્તાપ જગતના જોવામાં ન આવે, એમાટેના તેમના પ્રયત્નો સતત ચાલૂ હોય છે. આ પ્રયત્નો બહુધા સફળ પણ થાય છે અને પોતાની દુર્દશાને જગતની દૃષ્ટિથી તેઓ છૂપાવી શકે છે; પણ પોતાના મનમાં થતા પશ્ચાત્તાપને પોતાની દૃષ્ટિથી તેઓ છૂપાવી શકતા નથી. જ્યાંસૂધી એવા મનસ્વી મનુષ્યો બીજાઓના સંગમાં હોય છે, ત્યાંસૂધી તો એવા પશ્ચાત્તાપને તેઓ છૂપાવી શકે છે; પરંતુ સર્વદા અને સર્વ સમયમાં તેમનાથી એ પશ્ચાત્તાપ ગુપ્ત રાખી શકાતો નથી. કોઇ ને કોઈ પ્રસંગ એવો તો આવી જાય છે કે, તે વેળાએ તે પશ્ચાત્તાપ અથવા તો પોતાના મનની સંતપ્ત સ્થિતિ પોતાની મેળે જ બહાર નીકળીને બીજાના જોવામાં આવી જાય છે. ચાણક્યને હમણાં હમણાં પોતાનાં કુકૃત્યોમાટે ઘણો જ પશ્ચત્તાપ થવા લાગ્યો હતો. "મેં જે કૃત્યો કર્યાં અને કરાવ્યાં, તે યોગ્ય તો નહોતાં જ. મારું અપમાન થયું, તેથી કોપીને મેં સમસ્ત નન્દ-વંશનો નાશ કર્યો અને તેમાં રાજહત્યા, બાલહત્યા તથા સ્ત્રીહત્યા પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થઈ." એ બનાવથી એ બ્રહ્મનિષ્ઠ અને તપોનિષ્ઠ બ્રાહ્મણના મનમાં ખરેખર ઘણો જ ખેદ થવા લાગ્યો. ચન્દ્રગુપ્તને ગોપાલકો પાસેથી ઉઠાવી લાવીને રાજા બનાવ્યો અને હવે તેના હસ્તે દિગ્વિજય કરાવીને સમસ્ત ભારતવર્ષને પાદાક્રાન્ત કરાવવાનો ચાણક્યનો હેતુ હતો, પરંતુ તે હેતુ સફળ થાય ત્યાં સૂધી પાટલિપુત્રમાં રહીને તેનાં કૌતુકો જોતા બેસવાનું ચાણક્યને યોગ્ય લાગ્યું નહિ. પોતે જ જ્યાં આવો મહાન્ નરમેધ કર્યો હતો, ત્યાં હવે વધારે સમય ગાળવાનું તેને દુઃખ સમાન ભાસવા લાગ્યું. રાક્ષસના ગળામાં સચિવપદવીનું ક્ષેપણ કરીને પોતે મુક્ત થઈ જવામાં પણ તેનો એક ખાસ હેતુ હતો, એમ કહીશું તો તે અસત્ય તો નહિ જ ગણાય. સિદ્ધાર્થક અને ચાણક્યનું પરસ્પર સંભાષણ થવાપૂર્વે ચાણક્યના પશ્ચાત્તાપની વાત કોઈના પણ જાણવામાં આવી નહોતી. પરંતુ ઉપર્યુક્ત ભાષણના પ્રસંગે અકસ્માત્ તે પશ્ચાત્તાપ ચાણક્યના મુખદ્વારા બહાર નીકળ્યો અને તે સિદ્ધાર્થકના જોવામાં આવ્યો. મનમાં જ્યારે વિચારોની વિપુલતા થઈ જાય છે અને જ્યારે તેમનું પરસ્પર યુદ્ધ થવામાંડે છે, ત્યારે ન પચેલા અન્ન પ્રમાણે તેઓ એકાએક મુખદ્વારમાંથી બહાર નીકળી પડે છે. સિદ્ધાર્થક પાસે બેઠો છે, એનું ભાન ન રહેતાં ચાણક્યે પોતાના સર્વ વિચારો બહાર કાઢી નાંખ્યા અને ત્યારપછી એ કૃત્યમાટે પોતાને ક્ષીણબુદ્ધિની ઉપમા આપતો તે બહુ જ શોક કરવા લાગ્યો. મનુષ્યના મનને એક ચમત્કારિક યંત્રની જ ઉપમા આપી શકાય, માટે એનું કયું ચક્ર કઈ વેળાએ ફરશે, એનો નિયમ હોતો નથી. વળી ફરીને તે ચક્ર કેવો ગોટાળો કરશે, એ પણ કહી શકાતું નથી. મનના એ તત્ત્વને ચાણક્ય સારી રીતે જાણતો હતો અને તેથી જ પાટલિપુત્રમાં હવે ન રહેવાનો તેણે નિશ્ચય કરેલો હતો.

આવા પ્રકારના અનેક વિચારોમાં લીન થઇને તે હિરણ્યવતી નદીના તીરે ઘણીક વાર સૂધી બેસી રહ્યો. "રાક્ષસને ઘેર જઈ સ્પષ્ટતાથી તેને વિનતિ કરીને તું ચન્દ્રગુપ્તનો સચિવ થા, એટલે મગધનું રાજ્ય અને નન્દનો વંશ એ ઉભય સ્વતંત્ર રહેશે, નહિ તો આ દેશનું કેવું અને કેટલું અનિષ્ટ થશે, એ કહી શકાય તેમ નથી. એમ તેને કહેવું અને હું પોતે હિમાલયમાં જઇ ગિરિકંદરામાં બેસી તપશ્ચર્યા કરવાનો છું, એ પણ તેને જણાવી દેવું." એવો તેનો વિચાર થયો. "તમો પરદેશીઓને હું કોઈ પણ પ્રકારે સહાયતા આપવાનો નથી. મગધદેશમાં યવનોના અધિકારની સ્થાપનાનો હું કદાપિ હેતુ થવાનો નથી." એવું રાક્ષસે શાકલાયનને આપેલું ઉત્તર સિદ્ધાર્થકના મુખેથી સાંભળતાં જ રાક્ષસવિશે ચાણક્યના મનમાં ઘણો જ આદર અને પૂજ્યભાવ પ્રકટ્યો હતો. પરકીયોનો એકવાર આપણા દેશમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રવેશ થવા દીધો, એટલે પછી તેમને પાછા કાઢી મૂકવાનું કાર્ય ઘણું જ કઠિન થઈ પડે છે; કિંબહુના અશકય જ થાય છે, એમ કહીએ તોપણ ચાલે. કૌટિલ્યથી કદાચિત્ તે સાધ્ય થઈ શકે, એવો સંભવ હોય છે, પરંતુ કૌટિલ્ય બધાથી સાધી શકાતું નથી અને સર્વ કાળમાં કુટિલનીતિની સફળતા થઈ શકતી નથી. રાક્ષસે ઘણા જ બળથી શાકલાયનની વિનતિનો અસ્વીકાર કર્યો, એમાં જ તેની ખરી મહત્તા દેખાઈ આવી. "રાક્ષસ કુટિલનીતિને જાણનારો નથી. અર્થાત્ એની નીતિ સરળ હોવાથી જ મારી કુટિલનીતિનો એ ભોગ થઈ પડ્યો. એનો પોતાના દૃઢ વિશ્વાસથી જ પરાજય થયો. રાજસચિવે અહોરાત્ર જે જાગૃતતા રાખવી જોઇએ, તે એણે રાખી નહિ અને પોતાના આસપાસના તથા હાથ નીચેના અધિકારીઓ સાથે જેટલા સૌમ્ય ભાવથી વર્ત્તવું જોઇએ, તેટલા સૌમ્ય ભાવથી એ ન વર્ત્યો, એટલો જ એનો અપરાધ. પરંતુ એ દોષનું હવે પછીના નવા અનુભવથી નિવારણ થઈ જશે. પરમનિષ્ઠા–પોતાના સ્વામીમાં અને પોતાના દેશમાં પરમનિષ્ઠાનો મનુષ્યમાં જે મુખ્ય ગુણ જોઇએ, તે ગુણ એના અંગમાં રોમ રોમ વ્યાપી રહ્યો છે. ભાગુરાયણમાં એ ગુણનો સર્વથા અભાવ છે. જેવી રીતે ભાગુરાયણ મારા કુટિલનીતિમય ભાષણથી બદલી ગયો, તેવી રીતે રાક્ષસ કોઈ કાળે પણ બદલે તેમ નથી. માટે સચિવપદવી તો રાક્ષસને જ આપવાનો મારે પ્રયત્ન કરવો જોઇએ. હું એને ઘેર જઇને એને નાના પ્રકારે સમજાવીશ અને અન્તે એના મુખે હા ભણાવીને જ ત્યાંથી ઊઠીશ, એટલી શક્તિ હજી મારામાં છે. રાક્ષસ વશ થાય અને તે તથા ભાગુરાયણ રાજ્યરથની ધુરા પોતાના સ્કંધભાગે ધારણ કરે, એટલે સર્વ વ્યવસ્થિત થઈ જાય. ચન્દ્રગુપ્ત તો સારો અને રાજ્યકાર્યમાં નિપુણ છે જ, માટે એકવાર રાજ્યરથ સાવધાનતાથી ચાલવા લાગ્યો, એટલે પછી એ દિગ્વિજય તો અવશ્ય કરવાનો જ. હું તપશ્ચર્યાનો આરંભ કરું, ત્યાં સૂધીમાં એના દિગ્વિજયનો જયજયકાર ધ્વનિ મારા સાંભળવામાં આવે, એટલે પછી મારા જન્મની સાર્થકતા થઇ ચૂકી–મારા અવતાર કૃત્યની સમાપ્તિ થઈ." એવા નાના પ્રકારના વિચારો કરતો કરતો ચાણક્ય પોતાની પર્ણકુટીમાં ગયો, અને ત્યાંથી ચન્દ્રગુપ્તના મહાલયમાં ગયો. ત્યાં ગુરુશિષ્ય ઉભયનું કેટલીકવાર સૂધી સંભાષણ થયું અને ત્યાર પછી એક શિષ્યને સાથે લઇને ચાણકય રાક્ષસના મંદિર પ્રતિ જવાને ચાલતો થયો.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૪૧ મું.

### રાક્ષસ અને ચાણક્ય.

રાક્ષસ પોતાના મંદિરમાં ચિંતામાં નિમગ્ન થએલો બેઠો હતો. પોતાની આવી દુર્દશા શાથી થઈ, એનો વિચાર સદાના નિયમ પ્રમાણે તેના મનમાં ચાલતો હતો. "હું આવો અંધ કેમ બની ગયો? હું પુષ્પપુરીમાં જીવતો જાગતો બેઠેલો છતાં એકાએક આટલો મોટો ભયંકર પ્રાણનાશ-રાજકુળનો પ્રાણનાશ કરવાનો વ્યૂહ મારા જાણવામાં ન આવી શકે, તેવી રીતે મારાં જ માણસોને ફોડીને રચ્યો અને તેને યથાસ્થિત પાર પાડ્યો, તે મનુષ્ય કેટલો બધો મહાન્ બુદ્ધિમાન્ હોવો જોઇએ! અને તેના પ્રમાણમાં હું કેટલો બધો દુર્બળ, કેટલો બધો મૂર્ખ!!" એવા વિચારો એક પછી એક રાક્ષસના મનમાં આવતા જતા હતા. "જે દિવસે રાજા ધનાનન્દ સુરાદેવીના મહાલયમાં ગયો, તે દિવસથી જ રાજાના નાશનું બીજ રોપાઈ ચૂક્યું હતું. કુમાર સુમાલ્યનો જે દિવસે રાજ્યાભિષેક થયો, તે દિવસે બીજાં બંદિવાનો સાથે સુરાદેવી-દુષ્ટ સુરાને પણ બંધનમુક્ત કરવામાં આવી, એ જ પ્રથમ મોટી ભૂલ થઈ. પરંતુ એને ભૂલ પણ કેમ કહી શકાય? કારણ કે, સુરા આટલાં અને આવાં ભયંકર કાવત્રાં રચશે, એની કોઇને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ. ઠીક-જે થવાનું હતું તે થયું. પણ હવે શું કરવું? આજે આટઆટલાં વર્ષો થયાં જે યવનોને દૂરના દૂર રાખ્યા છે અને મગધદેશમાં જેમનો પદસંચાર થવા દીધો નથી, તેમને અહીં પ્રવેશ કરવાનો આ સ્વાભાવિક પ્રસંગ મળશે કે શું? પર્વતેશ્વરને ખોટાં પત્રો લખી તે થોડા સૈન્ય સાથે આવે એવી યુક્તિ રચીને તેને પકડ્યો, એ કાર્ય જેટલું સરળ હતું, તેટલું સરળ પોતાના પિતાને વિશ્વાસઘાતથી પકડવા માટે એમના પારિપત્યની પ્રતિજ્ઞા લઈ બેઠેલો મલયકેતુ સલૂક્ષસના સહાયક સૈન્ય સાથે મગધપર ચઢાઈ કરશે, તેને પાછો હાંકી કાઢવાનું કાર્ય નથી. તેને પાછો હાંકી કાઢવા જેટલી સેના મગધમાં નથી, એમ નથી-સેના વિપુલ છે; પરંતુ હમણાંના ચમત્કારિક પ્રસંગે એકલા ભાગુરાયણથી સૈન્યની વ્યવસ્થા જોઇએ તેવી કરી શકાશે કે નહિ, એની શંકા છે." રાક્ષસના હસ્તમાં અત્યારે કોઈ પણ પ્રકારની સત્તા હતી નહિ. જેવી રીતે દર્ભને ઉખેડી નાંખવામાં આવે છે, તેવી રીતે ચાણક્યે તેને રાજયવ્યવસ્થાની સત્તામાંથી ઉખેડીને દૂર નાંખી દીધો હતો. પરંતુ મગધદેશપર આપત્તિ આવવાના ચિન્હો દેખાતાં જ તેના હૃદયના ચૂરેચૂરા થવા લાગ્યા. હવે શો ઉપાય કરવો, એની તેને સૂઝ ન પડી. ચન્દ્રગુપ્તને મગધના રાજા તરીકે માન્ય કરીને તેને સહાયતા કરવાની વાત તો તેના મનમાં આવી જ નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યવનોની સહાયતાથી મગધને જિતવા ચહાતા મલયકેતુને સહાયતા આપવી, એટલે પોતાના દેશને પોતાના હાથે જ યવનોના હાથમાં સોંપવો, એવું થતું હતું, અને એમ તો તેનાથી કાલત્રયે પણ બની શકે તેમ હતું નહિ. અર્થાત્ આવા પ્રસંગે શાંત થઇને બેસી રહેવા વિના તેનામાટે બીજો માર્ગ જ રહ્યો ન હોતો.

અનેક પ્રકારના વિચારો તેના મનમાં આવ્યા કરતા હતા. પરંતુ સ્વસ્થ થઈ બેસી રહેવાનો વિચાર પણ તેને રુચ્યો નહિ. તે ઘણો જ અસ્વસ્થ અને આકુળ વ્યાકુળ થઈ ગયો. એટલામાં "કોઈ આપને મળવામાટે આવ્યું છે" એવા પ્રતિહારીએ આવીને સમાચાર આપ્યા. "કોણ છે ?" એવો રાક્ષસે પ્રશ્ન કર્યો, એટલે તેનું "કોઈ એક બ્રાહ્મણ અને તેની સાથે એક શિષ્ય છે," એવું ઉત્તર મળ્યું. રાક્ષસે ક્ષણ બે ક્ષણ વિચાર કર્યો. એ બ્રાહ્મણ કોણ હશે, એ વિશે તેનો તર્ક ચાલી શકયો નહિ. કોઈ અતિથિ અભ્યાગત હશે, એમ ધારીને તેણે પ્રતિહારીને તેમને અંદર લાવવામાટેની આજ્ઞા આપી. આજ્ઞા અનુસાર પ્રતિહારી તે બ્રાહ્મણને અંદર લઈ આવ્યો અને રાક્ષસે ઉઠીને તેને માન આપી બેસવામાટે એક ઉચ્ચાસન દેખાડ્યું. તે આસનપર તે બ્રાહ્મણના શિષ્યે મૃગચર્મ પાથર્યું. બ્રાહ્મણ બેઠો અને તેણે પોતાના શિષ્યને બહાર જઇને બેસવાની સાંકેતિક આજ્ઞા કરી. શિષ્ય ચાલ્યો ગયો. બ્રાહ્મણની મુખમુદ્રા ઘણી જ તેજસ્વી દેખાતી હતી. ચાણુકયના સ્વરૂપનું વર્ણન રાક્ષસે સાંભળેલું હતું, તેથી "એ ચાણુકય તો નહિ હોય !" એવી પ્રથમ તેના મનમાં શંકા આવી. પરંતુ "ચાણુકય મારે ત્યાં શામાટે આવે ?" એવો બીજો વિચાર મનમાં આવવાથી પ્રથમની શંકાને તેણે દૂર કરી દીધી. બ્રાહ્મણ આસને બેઠા પછી રાક્ષસે પુનઃ તેનું અભિવંદન કરીને તેને નમ્રતાથી કહ્યું કે, "બ્રાહ્મણશ્રેષ્ઠ ! આપની હું શી સેવા કરું ? મારી કઈ સેવાથી આપને સંતોષ થવાનો સંભવ છે ? કયા કાર્ય માટે આ રાક્ષસને ઘેર આપનું પધારવું થયું છે ? કૃપા કરીને કહી સંભળાવો."

એ સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે, "અમાત્યરાજ !..............."

પરંતુ રાક્ષસે તેને વચમાં જ થોભાવીને કહ્યું કે, "બ્રહ્મન્ ! હું હવે અમાત્ય નથી. આ પુષ્પપુરીમાં થોડાક દિવસોથી જે એક હાહાકાર પ્રવર્ત્તી રહ્યો છે, તે વિશે તો આપે સાંભળ્યું હશે જ. માટે હવે મને અમાત્યના નામથી શામાટે બોલાવો છો વારુ ?"

"એ હાહાકારથી તમારી અમાત્યપદવીને શો બાધ આવે તેમ છે ? તમે તો પુષ્પપુરીના સિંહાસનના અમાત્ય છો જ. ઉપરાંત અમાત્યની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદવી ધરાવનારા પુરુષમાં જે યોગ્યતા હોવી જોઇએ, તે સર્વ યોગ્યતા તમારા અંગમાં છે, એટલે પછી તમને અમાત્યના નામથી શામાટે ન બોલાવવા વારુ? ખાસ હું તો તમને અમાત્ય જ ધારું છું, અને તેથી હું તો તમને અમાત્યના નામથી જ બોલાવવાનો!" ચાણક્યે તેના મતનું ખંડન કર્યું.

એટલું કહીને તે બ્રાહ્મણ કિંચિત્ થોભી ગયો. સર્વથા અસ્ખલિતા અને આજ્ઞા કરવામાં જ યોજવાયોગ્ય એ બ્રાહ્મણની વાણી કાને પડતાં જ રાક્ષસ સ્તબ્ધ થઈ ગયો. બ્રાહ્મણે પોતાના બોલવાનું કાર્ય આગળ ચલાવ્યું;–

"અમાત્યરાજ! મારી અહીં એક કુટિલ પુરુષ તરીકે ખ્યાતિ થએલી છે અને લોકો મને કૌટિલ્યના નામથી બોલાવવા લાગ્યા છે, એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે. જે કાર્ય કુટિલતાથી જ સધાય તેવું હોય, તેને કુટિલતાથી જ સાધવું જોઇએ; તેમ જ સરળતાથી થઈ શકતું હોય, તે કાર્યની સિદ્ધિ સરળતાથી જ કરવી જોઇએ; એ મારો સિદ્ધાન્ત છે અને એ મારી નીતિ છે. તમને અમારા પક્ષમાં લેવા માટે સરળતા વિના હવે બીજો કોઈ ઉપાય નથી અને આ મગધનું રાજ્ય તમારા વિના ચાલવાનું નથી. મગધરાજ્યરથની ધુરાને ધારણ કરવા માટે તમારા જેવા જ પુરુષ પુંગવની આવશ્યકતા છે. એ સઘળાનો વિચાર કરીને જ આજે હું સરળતાથી તમારા સંગે વાતચિત કરવા માટે આવેલો છું." બ્રાહ્મણે પોતાના કાર્યનો ઉપક્રમ કર્યો.

એ બ્રાહ્મણ કોણ હશે, એ વિશે હવે રાક્ષસના મનમાં શંકા રહી નહિ. તેને ઓળખતાં જ પ્રથમ તો ઊઠીને તેને કાઢી મૂકવાનો અને રાજઘાતક પુરુષ સાથે કાંઈ પણ વાત ન કરવાનો તેનો વિચાર થઈ ગયો; પરંતુ ત્વરિત જ પોતાને ત્યાં આવેલા અભ્યાગતનું આવી રીતે અપમાન કરવું યોગ્ય નથી, એમ તે શ્રદ્ધાળુ રાક્ષસના મનમાં વિચાર આવતાં તે કાંઈ પણ બોલ્યો નહિ અને ચાણક્યના મુખનું એક ધ્યાનથી અવલોકન કરતો ઉભો રહ્યો.

પોતાના પ્રથમ ભાષણનું સારું પરિણામ થએલું જોઇને ચાણક્ય આગળ વધીને કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! તમારા સ્વભાવમાં સરળતા છે, એટલે હું પણ સરળ ભાવથી જ અહીં સમાધાન કરવાને આવેલો છું. નન્દે મારું અપમાન કર્યું, તેથી મેં તેનો મૂળ સહિત નાશ કર્યો. તમારી જો કે તેનામાં પરમ નિષ્ઠા છે, પણ હવે તમારી એ નિષ્ઠા તમે ચન્દ્રગુપ્તને અર્પણ કરો. તમારી નિષ્ઠાનું તે સારું મૂલ્ય આંકશે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણનું એ ભાષણ સાંભળીને રાક્ષસે પોતાના કપાળમાં વળ ચઢાવ્યા. એ બ્રાહ્મણ વિશે હવે તેના મનમાં સંશય તો રહ્યો નહોતો જ. એટલે તે એકદમ તેને કહેવા લાગ્યો કે, "શું, રાજવંશનો ઘાત કરીને પેલા વ્યાધ-પુત્રને રાજ્યાસને બેસાડનારો ચાણકય તે તું જ કે? હા હા–નહિ તો મારે જ ઘેર આવીને મારી સાથે આટલી બધી ધૃષ્ટતાથી બીજું કોણ ભાષણ કરી શકે? સર્વદા કુટિલતાથી વર્ત્તનારા મનુષ્યો પ્રસંગવિશેષે સરળતાનો વેશ ધારણ કરે, એ પણ કુટિલનીતિનો જ એક પ્રકાર છે. મારી સરળતાની તું આટલી બધી પ્રશંસા શા માટે કરે છે? મારી અંધતાનાં મને કેવાં ફળો મળ્યાં છે, તે વિશે મોઢા મોઢ મેણાં મારવાને જ તું અહીં આવ્યો છે કે શું? ઠીક ઠીક; પરંતુ, જો કે મારી અંધતાનો લોકોને આટલો અનુભવ થઈ ચૂકેલો છે, છતાં પણ તું મને પાછો અંતઃકરણપૂર્વક અમાત્ય પદવી આપવાને આવે, એ સત્ય કરીને માનું એટલો બધો હું અદ્યાપિ અંધ થએલો નથી. તું અહીં શા કારણથી આવેલો છે, તે હું સારીરીતે સમજી શકું છું. મારાં નેત્રોમાં કેવી રીતે ધૂળ નાંખીને તેં મને આંધળો બનાવ્યો છે, તે પોતાના મુખથી કહી સંભળાવી પોતાની આત્મશ્લાઘા અને મારી ફજેતી કરવાને જ અહીં તારી પધરામણી થએલી છે. પરંતુ એમાં તારો દોષ નથી. જ્યારે મારી બુદ્ધિની નિર્બળતાથી મારા હાથે જ મેં પોતાનો ફજેતો કર્યો છે, તો તું પોતાની બડાઈ મારીને મને ચીડવવાનો પ્રયત્ન શા માટે ન કરે? પણ ચાણકય! પોતાની કુટિલનીતિથી મેળવેલા વિજયની મારા સમક્ષ પ્રશંસા કરી મને લજ્જિત કરવાથી તારા મનમાં જેટલું સમાધાન થવાનો સંભવ છે, તેના કરતાં મારા એ પરાજયની કથા હું જ તને કહી સંભળાવું તો તેના કરતાં પણ તારા હૃદયમાં અધિક સંતોષ થવાનો સંભવ છે. મુરાદેવીના મહાલયમાંની એક દાસીને મેં દૂતિકા બનાવવાનો પ્રયત્ન કર્યો, તે દાસીને તેં મારા મંદિરમાંની પોતાની ગુપ્ત દૂતિકા બનાવી અને તેની સહાયતાથી તેં મારા અનુચર હિરણ્યગુપ્તને–નહિ, મારા જમણા નેત્રને–ફોડ્યો અને તે દ્વારા......"

રાક્ષસ એવી જ રીતે આગળ બોલવા જતો હતો, એટલામાં ચાણકયે તેને વચમાં જ કહ્યું કે, "અમાત્ય! એવી તેવી વાતોનો પુનઃ ઉચ્ચાર કરીને વિનાકારણ હૃદયમાં ઉદ્વેગનો વધારો શા માટે કરો છો! હું ખરેખર કહું છું કે, તમને સતાવવાને નથી જ આવ્યો."

"ત્યારે મહારાજ! આપે આટલો બધો શ્રમ શાને લીધો?" રાક્ષસે પૂછ્યું.

"તમે ચન્દ્રગુપ્તનાં અમાત્યપદને વિભૂષિત કરો અને રાજ્યશકટને ચલાવવાનો ભાર પોતાને શિરે લ્યો–અર્થાત્ મગધદેશની પૂર્વ પ્રમાણે અથવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથી પણ વધારે સારી વ્યવસ્થા કરો; એટલા માટે જ મેં અહીં આવવાનો શ્રમ લીધો છે. સમજ્યા?" ચાણક્યે ખુલાસો કર્યો.

"એટલે કે જે વાર્તા કાલત્રયે પણ બનવાની નથી, તે સિદ્ધ કરવામાટે જ આપે અહીં પધારવાનો શ્રમ લીધો છે, એમ જ કહી શકાય." રાક્ષસે જવાબ આપ્યો.

"કેમ વારુ? કાલત્રયે પણ એ વાર્તા બનવાની નથી, એટલે શું?" ચાણક્યે પૂછ્યું.

"રાક્ષસના અનુચર હિરણ્યગુપ્તને ફોડવો અને રાક્ષસને પોતાને ફોડવો, એ બે કાર્યો સર્વથા ભિન્ન છે." રાક્ષસે પોતાની દઢતાનું દર્શન કરાવ્યું.

"તે હું સારીરીતે જાણું છું. પરતુ મગધનું રાજ્ય યવનોના હસ્તમાં ન જાય, તો વધારે સારું; એવી આપની ઇચ્છા છે, અને યવનો તો ચઢાઈ કરવાની તૈયારી કરી રહ્યા છે, એનો કાંઈ વિચાર છે?" ચાણક્યે પોતાના કપટજાળનો વિસ્તાર કરવા માંડ્યો.

"મારે એનો વિચાર શાને રાખવો જોઇએ વારુ? અત્યારે મગધદેશની સત્તાના જે જે અધિકારીઓ છે, તેઓ એનો પ્રતિકાર કરવાને સર્વ રીતે સમર્થ છે." રાક્ષસે માર્મિક ઉત્તર આપ્યું.

"કદાચિત્ તેઓ સમર્થ હશે, છતાં પણ તેમને તમારી સહાયતાની આવશ્યકતા છે; અને તેથી જ મારે અત્યારે અહીં આવવું પડ્યું છે." ચાણક્યે વાક્યનું અનુસંધાન કર્યું.

"નન્દવિના બીજા કોઇની પણ સેવા ન કરવી, એવી મારી પ્રતિજ્ઞા છે." રાક્ષસે કહ્યું.

"એટલે મગધદેશની–પાટલિપુત્રની પણ સેવા નથી કરવી કે?" ચાણક્યે પૂછ્યું.

"કદાચિત્ ન પણ કરું! યવનોને પણ જઈ મળું! મારો નિયમ નથી!" રાક્ષસે કહ્યું.

"યવનોને મળી જવું, એ વાત આપનાથી કોઈ કાળે પણ બનવાની નથી, એવો અમારો દઢતમ નિશ્ચય થઈ ગયો છે. માટે આપનાં આવાં વચનોથી અમે ભ્રમિષ્ટ થવાના નથી જ." ચાણક્યે પોતાની દીર્ઘદષ્ટિતાનો અનુભવ કરાવ્યો.

"આપનો એવો દઢતમ નિશ્ચય શાથી થયો? એ નિશ્ચય થવાનું કોઈ મોટું કારણ હોવું જોઇએ." રાક્ષસે જાણે પોતે શંકાશીલ હોય, તેવા ભાવથી કહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"કારણુ? આપનું પોતાનું જ ભાષણુ. બીજું કારણ કયું હોય?" ચાણુકયે કહ્યું.

"મારું પોતાનું જ ભાષણુ? મેં કોઈ દિવસે એ બાબત સંબંધી વિચારો કોઇને પણુ જણાવ્યા નથી." રાક્ષસ વળી પણુ અભિમાનમાં તણાયો.

"કોઇને પણુ નહિ? શાકલાયનને પણુ નથી જણાવ્યા?" ચાણુકયે ચોરી પકડી.

"શું શાકલાયને મારા અને તેના વચ્ચે જે વાતચિત થઈ હતી, તે આવીને તમનેસંભળાવી છે કે? ત્યારે તો એણે બધી વાત કહી હશે નહિ?" રાક્ષસે પ્રશ્ન પૂછયો.

"તેણે પોતે તો એક શબ્દ પણુ નથી કહ્યો." ચાણુકયે ટુંકો જવાબ દીધો.

"ત્યારે તો મારા મંદિરના અંતર્ભાગ પર્યન્ત આપના ગુપ્ત દૂતોનો સંચાર થએલો છે, એમ જ કહી શકાય. કહો, ત્યારે હવે વિશ્વાસ કોનો રાખવો? મારા બધા પરિચારકો કૃતઘ્ન થઈ ગયા! વાહ–ચાણુકય! વાહ! તમે પ્રપંચ–પરાયણુ તો પૂરેપૂરા છો, એમાં કશી શંકા નથી." રાક્ષસે પોતાના પરાજયનો સ્વીકાર કર્યો.

"એ સમાચાર આપનાર તમારો કોઇપણુ અનુચર નથી, માટે વ્યર્થ કોઇનામાં શંકા ધારશો નહિ. કિન્તુ શાકલાયન સાથે આવેલો સંવાહક તે મારા દૂતોમાંનો જ એક હતો. તેણે જ મને બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. હવે તમારે જે કરવું હોય, તે કરવાને તમે પૂર્ણુ રીતે સ્વતંત્ર છો." ચાણુકયે ભેદનો પડદો ખોલી નાંખ્યો.

ચાણુકયનો એ છેલ્લો ખુલાસો સાંભળીને રાક્ષસ સર્વથા સ્તબ્ધ થઈ ગયો. "શાકલાયન સાથે આવેલો સંવાહક ચાણુકયનો ગુપ્ત દૂત હતો અને શાકલાયન તે જાણી ન શકયો, એ ચાણુકયની કેટલી બધી ચતુરતા! ચતુરતાની સીમા!" એવી જાતિના ઉદ્ગારો તે મનસ્વી જ કાઢવા લાગ્યો. ત્યારપછી તેણે ચાણુકયને કહ્યું કે;—

"શાકલાયનને પણુ મેં બનાવવાનો જ પ્રયત્ન કર્યો હોય તો?"

"તો ઈશ્વરજાણે! પણુ અનુભવ તો એમ કહેતો નથી. ગમે તેમ હોય, પણુ અમાત્યરાજ! હવે બનેલી સર્વ ખીનાઓનું વિસ્મરણુ કરીને તમે ચન્દ્રગુપ્તના સચિવપદનો સ્વીકાર કરો. નન્દના સમયમાં તમારો જેટલો અધિકાર હતો, તેમાં અને તમારા હવે પછી થનારા અધિકારમાં લેશમાત્ર પણુ અંતર રહેશે નહિ. કુટિલ નીતિ પણુ સદા સર્વદા એક સરખી રીતે લાભ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારિણી થઈ નથી શકતી. તમારા વિશે લોકોનાં મનમાં જે ખરાબ વિચારો ઠસાઈ ગયા છે, તે ઘડીના છઠ્ઠા ભાગમાં નીકળી જશે–તેમના નીકળી જવામાં જરાપણ વિલંબ લાગશે નહિ. તમે એ તો જાણો જ છો કે, લોકોનાં મતો અને ગાડરિયો પ્રવાહ એ બન્નેનો સ્વભાવ એક સરખો જ છે. તમારામાટે કોઇના પણ મનમાં વૈષમ્ય નથી. મારો દ્વેષ નન્દમાટે હતો–મારા અપમાનનું પરિમાર્જન કરવામાટે મારે તેના વંશનો નાશ કરવાનો હતો અને તે મેં કર્યો છે. હવે મારે આ રાજ્ય સાથે કશો પણ સંબંધ નથી. તમે આજે એનો સ્વીકાર કરવાનું વચન આપો, એટલે કાલે હું તપશ્ચર્યા માટે હિમાલયની કોઈ એક કંદરામાં ચાલ્યો જાઉં, એટલો જ વિલંબ રહ્યો છે. મારા મનમાં માત્ર એક જ બીજી ઇચ્છા છે, અને તે એ કે, તમારે આ યવનોને ગાંધારદેશથી પણ પેલી તરફ હાંકી કાઢવા. ચન્દ્રગુપ્ત ધીર અને શૂરવીર પુરુષ છે, એટલે તમારા જેવાની જો એને સહાયતા મળશે, તો એ કાર્ય ચપટી વગાડવા જેટલા સમયમાં જ સિદ્ધ થઈ જશે. તમે એમના અધિકારની છાયાતળે તક્ષશિલામાં કદાપિ રહેલા નથી, નહિ તો એઓ ત્યાંના ગરીબ ગુરબા ઉપર કેટલો બધો જુલમ અને અત્યાચાર કરે છે, તે તમે કાંઇક જાણી શકયા હોત." ચાણક્યે પાછો પોતાના હેતુને સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો.

ચાણકય અંતે રાક્ષસ સાથે એવા સદ્ભાવથી અને હૃદયના સત્ય ઉત્સાહથી બોલવા લાગ્યો, કે તેથી રાક્ષસ ચન્દ્રગુપ્તના સચિવપદને સ્વીકારશે, એવાં સર્વ ચિન્હો તેની મુખમુદ્રામાં જણાયાં. પણ થોડીવાર રહીને રાક્ષસે ઉત્તર દીધું કે, "ચાણકય! મારા સ્વામીનો અને તેના કુળનો જે ઘાત કરનાર હોય, તેની સાથે મારે એક શબ્દ પણ બોલવો જોઇએ નહિ. એ નિયમનો ભંગ કરી આટલા સમયથી હું તમારી સાથે વાચાળપણું કર્યાં કરું છું, એ માટે મારા હૃદયમાં ઘણો જ પશ્ચાત્તાપ થાય છે. છતાં પણ તમે જ્યાં સુધી યવનોના પ્રહારથી મગધદેશને બચાવવાનો યત્ન કરશો, ત્યાં સુધી હું તમારા કોઈ પણ કાર્યમાં વિઘ્નકર્ત્તા થઇશ નહિ; એ નિશ્ચય–પૂર્વક માનવું. તમે મને સચિવ બનાવવા ઇચ્છો છો, તે માત્ર એટલા માટે જ ને? તો તેનું હું વચન આપું છું કે, યવનો સાથે મળીને હું તમને કશી પણ અડચણ કરવાનો નથી અને તમારો ભેદ તેમને જણાવવાનો નથી. ખરું પૂછો તો અત્યારે મારા હાથમાં છે પણ શું, કે હું એવો કોઈ પ્રયત્ન કરી શકું? એટલે મારું આ આશ્વાસન પણ નિરર્થક જેવું જ છે; છતાં પણ તમે જ્યારે મારી પૂંઠે જ પડ્યા છો, ત્યારે આ વચન આપવું પડે છે. નહિ તો હવે મારો ભાર શો?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"અમાત્યરાજ! આવાં વચનો ન ઉચ્ચારો. મેં તમને ફસાવ્યા અને પોતાના વિશ્વાસુ સ્વભાવથી તમે વધારે પરાજિત થયા, એ ખરું; પણ તેથી તમારી કીંમત હું નથી જાણતો, એમ તમારે ધારવું નહિ. હું તમારી ખરી યોગ્યતાને સારી રીતે જાણું છું અને તેથી જ એકવાર પ્રથમ મેં તમને ભાગુરાયણદ્વારા વિનતિ કરાવી હતી. ત્યાર પછી બનાવટથી ચન્દનદાસને વધસ્થાનમાં લઈ જવાનું નાટક ભજવ્યું અને મિત્રસ્નેહથી જો તમારું મન વળે, તો વાળવું, એવો પ્રયત્ન કર્યો. પણ જ્યારે એ પ્રયત્ન પણ નિષ્ફળ થએલો જણાયો, ત્યારે તમારો શત્રુઓ સાથે મળી જવાનો તો વિચાર નથી? એવી શંકા થતાં તેના નિવારણ માટે સિદ્ધાર્થકને સંવાહકનો વેષ આપીને તે દ્વારા શાકલાયનને શીશામાં ઉતાર્યો અને તે તમારે ત્યાં આવે એવી વ્યવસ્થા કરીને એ વિષયમાં પણ તમારી પરીક્ષા કરી લીધી. અર્થાત્ મગધદેશ વિશેની પ્રીતિ અને યવનો પ્રતિના દ્વેષનો તમારા અંતઃકરણમાં જોઇએ તેટલી પ્રબળતા સહિત નિવાસ છે, એ સારી રીતે જાણી લીધું અને ત્યારપછી જ હું પોતે અહીં તમને વિનતિ કરવાને આવ્યો છું. એ સઘળી બાબતોપરથી તમારી સહાયતાની અમે કેટલી બધી યોગ્યતા સમજીએ છીએ, એનો વિચાર તમારે જ કરી લેવો. હવે તો મારી વિનતિને માન આપી, ચન્દ્રગુપ્તના સચિવપદને દીપાવશો ને? કે હજી પણ કાંઈ વાંધો છે?" ચાણક્યે ધીમે ધીમે બધો ભેદ ભાંગી નાંખ્યો.

"ચાણક્ય! હું તમને અનેક વાર કહી ચૂક્યો છું કે, નન્દવિના હું બીજા કોઇની પણ સેવા કરવાનો નથી. માટે હવે તમે વ્યર્થ આગ્રહ શા માટે કરો છો? મારી પ્રતિજ્ઞા કરતાં બીજી કોઈ પણ વસ્તુ આ વિશ્વમાં મને પ્રિય નથી." રાક્ષસે આટઆટલું થયા છતાં પણ પોતાનો નિશ્ચય જ કાયમ રાખ્યો.

"બહુ સારું. આપ પોતાની એ પ્રતિજ્ઞાનું તો એકનિષ્ઠાથી પાલન કરશો ને? નન્દનો જ કોઇ વંશ જ પાટલિપુત્રના સિંહાસને બેસે, તો તેના સચિવ થઈને તેની સેવાનો તો સ્વીકાર કરશો ને?" ચાણક્યે કહ્યું.

"હા—મારી એ પ્રતિજ્ઞા દૃઢ છે. જો નન્દનો કોઇ પણ વંશ જ મળી આવશે, તો અત્યંત આનંદથી હું તેની સેવાનો સ્વીકાર કરીશ, ચાણક્ય! તમે જો કે કુટિલ નીતિમાં નિપુણ છો, પણ હું તમારી કુટિલ નીતિની જરા રતિ પણ ભીતિ ન કરતાં સ્પષ્ટતાથી કહી દઉં છું કે, જો કોઈ નન્દવંશનો નાનામાં નાનો અંકુર પણ મારા જોવામાં આવશે, તો તો હું તેનું કાયા, વાચા અને મનથી સંરક્ષણ કરીશ. તેના લાભમાટે ગમે તેવા કનિષ્ઠમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કઠિન પ્રયત્નો કરીશ અને તારા ચન્દ્રગુપ્તનો ઉચ્છેદ કરીને મગધના સિંહાસને તેની સ્થાપના કરી તેનો સચિવ થઇશ." રાક્ષસે યથાર્થ ઉત્તર આપ્યું.

રાક્ષસનું એ ભાષણ સાંભળીને ચાણક્ય હસ્યો. તેની એ ચેષ્ટાથી રાક્ષસને જરાક માઠું લાગ્યું અને તેથી તે વળી પણ ચાણક્યને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "ચાણક્યદેવ! તમે આનંદથી હાસ્ય કરો. હું સારી રીતે સમજું છું કે, હું જે બોલું છું, તે તમને અશક્ય લાગવાથી જ તમે મારું હાસ્ય કરો છો."

"તમારા સમજવામાં ભૂલ છે." ચાણક્યે રાક્ષસને કહ્યું. "તમે કહો છો, તે વાત સર્વથા શક્ય છે, અને તેથી જ હું હસું છું. અશક્ય લાગવાથી હસતો નથી."

"તમારો આ બચાવ પણ મારા પરિહાસનું જ એક રૂપ છે. કારણ કે, આજનું મારું આ બોલવું તે શશશૃંગના ધનુષ્યને ધારણ કરનાર અને આકાશપુષ્પના ગુચ્છને ધરનાર વંધ્યાપુત્ર મળ્યો હતો, એ વાક્ય જેવું જ અશક્ય છે. એ હું પોતે પણ સારી રીતે જાણી શકું છું, ત્યારે તમને એ અશક્ય જણાય એમાં આશ્ચર્ય તે શું?" રાક્ષસે પોતાના અંતઃસ્થ ભાવનું પ્રતિપાદન કર્યું.

"આપ માનો કે ન માનો, પણ અમને એમાં એટલી બધી અશક્યતા દેખાતી નથી. આપ કહો તો એ મારા વિચારને હું સિદ્ધ કરી શકું તેમ છે." ચાણક્યે કહ્યું.

રાક્ષસ એના ઉત્તરમાં કાંઈ પણ ન બોલતાં ખિન્ન વદને તેને જોઈ રહ્યો.

એટલે ચાણક્ય તેને કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! હું માત્ર એક જ સવાલ આપને પૂછવાનો છું. તે એ કે, જો નંદવંશનો કોઈ અંકુર તમારા જોવામાં આવે, તો તેના પક્ષમાં રહી તેને પાટલિપુત્રના સિંહાસને સ્થાપીને તેની સચિવપદવીને સ્વીકારવાનો આપનો નિશ્ચય તો ડગમગવાનો નથી ને? એ પ્રતિજ્ઞાના પાલનમાં તો કોઈ પણ પ્રકારનો પ્રત્યવાય નહિ આવે ને?

"અનેકવાર કહ્યું કે નહિ. વારંવાર એનો એ પ્રશ્ન શામાટે પૂછો છો?" રાક્ષસે કંટાળીને કહ્યું.

"વારંવાર એ પ્રશ્ન એટલામાટે પૂછું છું કે, નન્દના કોઈ પણ અંકુરને લાવી તમારા સમક્ષ ઊભો રાખી જો ચન્દ્રગુપ્તનો અસ્વીકાર કરતા હો તો આનો સ્વીકાર કરો, એવી મારે તમને વિનતિ કરવાની છે. પણ એમ કરવા પહેલાં આ એક વસ્તુ હું તમને બતાવું છું તે જુઓ. આ શું છે? રક્ષાબંધન કે નહિ?"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કહીને ચાણક્યે પોતાપાસેનું રક્ષાબંધન રાક્ષસના હાથમાં આપ્યું અને તેને જોઇને રાક્ષસ આશ્ચર્યચકિત થઈ ગયો. તે આશ્ચર્યના ભાવથી જ કહેવા લાગ્યો, "હા–આ રક્ષાબંધન છે અને તે નન્દના વંશનું જ છે. જે રાજા સિંહાસનનો અધિકારી હોય, તેને ત્યાં જો પુત્રનો જન્મ થાય અને તે પ્રથમ પુત્ર હોય, તો તેના મણિબંધપર આવું રક્ષાબંધન બાંધવાની પુરાતન રીતિ છે. પણ તમારું આ રક્ષાબંધનવિશે શું કહેવું છે?"

"જે કહેવાનું છે તે કહું છું. શારદ્વત! જરા અહીં આવને." આજ્ઞા સાંભળીને ચાણક્યનો શિષ્ય શારદ્વત્ બહાર ઉભો હતો, તે અંદર આવ્યો. તેને ચાણક્યે રાક્ષસ સમક્ષ ઉભો રાખ્યો, અને તેને પોતાના જમણા હાથની રેષા ઉઘાડી રાખવાની આજ્ઞા કરીને કહ્યું કે, "રાક્ષસ! આ જુઓ, આ બાળકની હસ્તરેષાનું ધ્યાનપૂર્વક અવલોકન કરો. તમે સામુદ્રિક ચિન્હોને સારી રીતે ઓળખી શકો છો, તેથી જ આ ચિન્હો તમને બતાવું છું. આ બધાં ચિન્હો ચક્રવર્તી રાજા થવાનાં છે કે નહિ, તે કહો જોઇએ."

"હા–છે." એટલું બોલીને રાક્ષસ ગભરાટમાં પડી ગયો. હવે પછી ચાણક્ય શું કરવાનો છે, એનું તેનાથી અનુમાન કરી ન શકાયું.

"રાક્ષસરાજ! હવે તમે જ વિચાર કરો, કે જે ખરો રાજબીજ પુરુષ ન હોય, તેની હસ્તરેષા આવી હોઈ શકે ખરી કે? ન જ હોય." ચાણક્ય બોલ્યો.

રાક્ષસે એનું કાંઈ પણ ઉત્તર આપ્યું નહિ.

એટલે ચાણક્યે પોતાના ભાષણનું અનુસંધાન કરતાં કહ્યું કે, "અમાત્યરાજ! હવે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કેમ નથી કરતા વારુ? આ તમારા સમક્ષ ઊભો રહેલો બાલક તે નન્દવંશનો અંકુર છે, એના જન્મ સમયે એના મણિબંધપર આ રક્ષાબંધન બાંધેલું હતું. એના ગ્રહો સારા હોવા છતાં પણ એક અનિષ્ટ ગ્રહની દશાથી એના જન્મ પછી આયુષ્યના પ્રથમ બાર વર્ષ દારિદ્રયમાં ગાળવાં પડ્યાં છે. એની માતા તે વ્યાધરાજાની કન્યા હતી. ભાગુરાયણે વ્યાધરાજાને જિતી તેની કન્યાને હરી લાવી ધનાનંદને અર્પણ કરી હતી. ધનાનંદે તેનાથી ગાંધર્વવિવાહ કર્યો અને તેના ઉદરથી એક પુત્ર ઉત્પન્ન થયો. ગ્રહદશાના પ્રભાવથી તમે તેના જન્મવિશે સંશયશીલ થયા અને તેને મારી નાંખવામાટે અરણ્યમાં મોકલાવી દીધો. પરંતુ ભવિષ્યમાં તેને ચક્રવર્તીની પદવીએ ચઢાવનારા ગ્રહોની પ્રબળતાથી તેને મારવા માટે નિયત થએલા મારાઓના હૃદયમાં દયા આવવાથી તેના પ્રાણ બચ્યા. તેમણે તેને હિમાલયના એક અરણ્યમાં છોડી દીધો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ત્યાર પછી ધર્મકર્મસંયોગે તે એક ગોવાળિયાને હાથ લાગ્યો. ગોપાળકને ત્યાં બાર તેર વર્ષ કાઢ્યા પછી તે મારી દૃષ્ટિએ પડ્યો. એટલે તેનાં રાજચિન્હોને જોઈ એક રાજકુમારને મળવું જોઇએ તેવું શિક્ષણ આપવાના હેતુથી મેં તે ગોપાળક પાસેથી તે બાળક માગી લીધો. તે બાળક હાલમાં મારા તાબામાં છે, તેનો તો તમે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે સ્વીકાર કરો. એમાં તો કાંઈ દોષ જેવું નથી ને?"

આ બધો વૃત્તાંત સાંભળીને રાક્ષસ ઘણો જ ગભરાટમાં પડી ગયો–તેને આ ભેદોથી ભરેલા અટપટા નાટકની કાંઈ પણ સમજ પડી નહિ. એટલે ચાણક્ય પુનઃ તેને સંબોધીને કહેવા લાગ્યો કે, "અમાત્યરાજ! હવે કાંઈ પણ ઉત્તર કેમ આપતા નથી? મારો વૃત્તાન્ત તમને અસત્ય તો નથી ભાસતો ને? અને જો અસત્ય ભાસતો હોય, તો પ્રતિજ્ઞાનો ભંગ કરવાની ઇચ્છા તો નથી થતી ને?"

ચાણક્ય! આ બાળકની હસ્તરેષાનાં ચિન્હો તો બધાં ચક્રવર્તી થવાની જ સૂચના આપે છે, અને આ રક્ષાબંધન પણ નન્દનું જ છે; પરંતુ......"

"હવે પરંતુ શું?" રાક્ષસને બોલતો અટકાવી ચાણક્યે ઝટકો માર્યો.

"આ ધનાનન્દનો જ પુત્ર છે, એ માટે આધાર શો? અરણ્યમાં મારવા માટે મોકલાવેલો બાળક આ જ છે, એની ખાત્રી થવી જોઇએ." રાક્ષસે કહ્યું.

"જેણે એ બાળકનું અરણ્યમાં બાર વર્ષ પર્યન્ત પાલન કરેલું છે, તે ગોવાળિયો ખાત્રી આપવા માટે હજી જીવતો છે, અને તે અત્યારે પાટલિપુત્રમાં જ છે. જો તમારી ઇચ્છા હોય, તો તેને બોલાવીએ; પરંતુ પ્રતિજ્ઞા પ્રમાણે હવે તમારાથી આનો અસ્વીકાર થવાનો નથી. આપના વચનનું પાલન થવું જ જોઇએ."

ચાણક્યના એ શબ્દોનો રાક્ષસે ઘણી વાર સુધી વિચાર કર્યો ને ત્યાર પછી કહ્યું કે, "ચાણક્ય! જે મુરાએ પ્રત્યક્ષ પોતાના પતિનો ઘાત કર્યો તેના પુત્રનો સ્વીકાર કરતાં મારું હૃદય ચીરાઈ જાય છે; પરંતુ આના વિના હવે નન્દનો બીજો કોઈ પણ અંકુર ન હોવાથી નિરુપાયે હું એનો સ્વીકાર કરુંછું. પણ હું આવો બલહીન થએલો હોવાથી એની સેવામાં રહેવા છતાં પણ મારાથી એવું શું હિત સાધી શકાવાનું હતું; એનો જ મારા મનમાં વિચાર થયા કરે છે?"

"ધારશો તો એને જ તમે મગધના રાજ્યસિંહાસને બેસાડી શકશો."

"કેવી રીતે, બ્રહ્મદેવ?" રાક્ષસે હસીને પૂછ્યું. તેને તો આ બધું ટીખળ જેવું જ ભાસતું હતું કે કેમ, તે તો પરમાત્મા જાણે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"કોઇની પણ સહાયતાથી." ચાણુકયે પ્રત્યુત્તર આપ્યું.

"આવી પડતીના સમયમાં મને સહાયતા પણ કોણ આપવાનું હતું? માટે આપની કલ્પના યોગ્ય નથી." રાક્ષસે નિરાશા બતાવી.

"જો ઇચ્છા હોય તો સહાયતા અત્યારે ને અહીં જ મળી શકે એમ છે. મારી કલ્પના યોગ્ય જ છે. હું આપને સહાયતા આપી શકું તેમ છે." ચાણુકયે કહ્યું.

"કેમ, ચન્દ્રગુપ્તનો અને આપનો સંપ તૂટી ગયો કે શું? તેને ત્યાગી દેવાની તો તમારી ઇચ્છા નથીને?" રાક્ષસે ઉપહાસ્ય કર્યું.

"ના-તેવું કાંઈ પણ નથી. આને અને ચન્દ્રગુપ્તને-બન્નેને આપણે પાટલિપુત્રના સિંહાસને સ્થાપિત કરીશું. એટલે પછી કાંઈ ચિન્તા જેવું નહિ રહે." ચાણુકયે દ્વિઅર્થી ભાષણ કર્યું.

"એટલે?" રાક્ષસે એનો ભેદ ન સમજવાથી પ્રશ્ન કર્યો.

"એટલે શું? આ બાળક તે જ ચન્દ્રગુપ્ત છે!" ચાણુકયે ભેદને તોડીને માર્ગને સરળ બનાવી દીધો.

રાક્ષસ આશ્ચર્યમાં લીન થઈ ગયો.

## ઉપસંહાર.

ચાણુકય ખાસ પોતાના હેતુથી જ ચન્દ્રગુપ્તને શિષ્યનો વેશ પહેરાવીને પોતાસાથે લઈ આવ્યો હતો, અને શિષ્યનો તેણે જે બધો વૃત્તાન્ત રાક્ષસને કહી સંભળાવ્યો, તે સર્વ વૃત્તાન્ત ચન્દ્રગુપ્તનો જ હતો. રાક્ષસે એ બધો વૃત્તાન્ત સાંભળ્યો, તે આશ્ચર્યચકિત થયો અને અંતે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે નન્દનો અંકુર જે ચન્દ્રગુપ્ત તેની સેવાનો સ્વીકાર તેણે આનંદથી કર્યો. રાક્ષસ પાછો સચિવપદે નીમાયાથી ભાગુરાયણ મનમાં કાંઇક અસંતુષ્ટ થયે। પરંતુ ત્વરિત જ ચાણુકયે તેને સમજાવીને શાંત કરી નાંખ્યો. રાક્ષસ અને ચાણુકય એ બન્ને એક થયા. એટલે પછી પૂછવું જ શું હોય? સલૂક્ષસ અને મલયકેતુ પોતાનાં સૈન્યો લઇને આવે, તે પહેલાં જ તેમણે પોતાની એક પ્રચંડ સેના તૈયાર કરી-તે સેનામાં ૧૦૦૦૦૦ પાળદળ, ૩૦૦૦૦ ઘોડેસ્વાર અને ૯૦૦૦ હાથી હતા. એવી પ્રચંડ સેના હોય અને ચન્દ્રગુપ્ત જેવો તરુણ, મહત્ત્વાકાંક્ષી અને શૂર પુરુષ તેનો નેતા હોય, એટલે પછી તેના વિજયમાં શંકા જ શાની રહે? પહેલે ફટકે જ સલૂક્ષસ અને મલયકેતુનાં સૈન્યોની તેમણે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધૂળધાણી કરી નાંખી; અને લગભગ વર્ષથી દોઢ વર્ષ જેટલા ટૂંકા સમયમાં જ ચન્દ્રગુપ્તે સલૂક્ષસને કાસ્મીરથી પેલી તરફ હાંકી કાઢ્યો. અંતે સલૂક્ષસે ચન્દ્રગુપ્ત સાથે સુલેહ કરીને સિંધુ નદીની પશ્ચિમે આવેલો સર્વ દેશ છોડી દીધો. એ છોડેલા દેશમાં ગાંધાર દેશ પણ આવી ગયો હતો. તેણે પોતાની એક પુત્રીનું ચન્દ્રગુપ્ત સાથે લગ્ન કીધું અને પોતાના એક મેગાસ્થનીસ નામના એલચી (પ્રતિનિધિ) ને ચન્દ્રગુપ્તની રાજધાનીમાં રાખ્યો. પર્વતેશ્વરને બંધનમુક્ત કરવામાં આવ્યો અને ત્યારથી તે ચન્દ્રગુપ્તનો માંડલિક થઇને રહ્યો. રાક્ષસે સચિવ પદવીને સંભાળી અને સલૂક્ષસનો એક બે વાર પરાજય થયો, એટલે થોડા દિવસ પછી ચાણક્ય પોતાના હિમાલયમાંના આશ્રમમાં ચાલ્યો ગયો અને ત્યાં તપશ્ચર્યા કરતો કાળ વ્યતીત કરવા લાગ્યો. ચન્દ્રગુપ્તે આશ્રમમાંના પોતાના બધા સહાધ્યાયીઓને પાટલિપુત્રમાં બોલાવ્યા અને તેમને પોતાના સૈન્યમાં સારાસારા અધિકારો આપ્યા. રાજકુળના ગોધનના સંરક્ષણનું કાર્ય તેણે પોતાના પાલક પિતા ગોપાલને સોંપ્યું. પોતાની સાપત્ન માતાઓને ચન્દ્રગુપ્ત ઘણા જ આદરથી રાખવા લાગ્યો. પોતાની માતાએ પોતાના લાભ માટે આટલાં બધાં વિલક્ષણ સાહસો કર્યાં, તેથી ચન્દ્રગુપ્ત પોતાને મૌર્યના (મુરાના પુત્રના) નામથી ઓળખાવવા લાગ્યો. તેણે નન્દ નામનો ત્યાગ કર્યો હતો, છતાં પણ રાક્ષસ તો તેને નન્દ જ જાણતો હતો. વૃન્દમાલા અને તેના ઉપદેશથી સુમતિકા એ બન્ને પરિચારિકાઓ બાદ્ધ યોગિનીઓ થઈ. વસુભૂતિના નિર્વાણપદે જવાપછી સિદ્ધાર્થક વિહારનો અધિકારી થયો અને તેણે પોતાના વિહારનો ઘણો જ બહોળો વિસ્તાર કર્યો, એના પ્રયત્નથી બૌદ્ધ ધર્મનો પ્રભાવ ઘણો જ વધવા લાગ્યો–તેનું પ્રાબલ્ય વિશેષ થયું.

**સમાપ્ત.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# "ગુજરાતી" પ્રેસમાં વેચાતાં પુસ્તકો.

—¤¤¤¤¤—

| | કી. રૂ. આ. |
|---|---|
| **નીતિસુધાતરંગિણી**–આ પુસ્તક હિંદુસ્તાની ગ્રંથનું ભાષાંતર છે. ઉત્તર હિંદુસ્તાનમાં એની સાત આવૃત્તિ થયેલી છે. નીતિના સંબંધમાં એમાં જુદી જુદી સરસ વાર્તાઓ આપેલી છે. બાળ, વૃદ્ધ, સ્ત્રી પુરુષોના હાથમાં એ શૃંગારરૂપ થઈ પડે એવો અતિ ઉત્તમ ગ્રંથ છે. એમાંથી નીતિ સાથે ધર્મનાં એવાં સૂક્ષ્મ તત્ત્વો જાણવામાં આવે છે કે, જેવાં બીજા ગ્રંથમાંથી ભાગ્યે જ મળી શકે. | ૧– ૦ |
| **વિક્રમ ની ૨૦ મી સદી**–ચાલુ જમાનાની અદ્દભુત સાંસારિક વાર્તા–શેઠીયાઓના છોકરાઓની છટેલાઇ–બૅંક સ્થાપનારાઓની સ્વાહનીતિ–મીલ એજંટોની દાંડાઇ–મુંબઈની સોનેરી ટોળીનાં પરાક્રમો–હાઇકોર્ટના અંધેર અને હાય હાય–નામચીન શેઠીયાઓની અક્કલના નમુના અને સંત પુરુષોનું માહાત્મ્ય. આ એક આ જમાનાની real ખરી બને તેવી નવલ કથા છે.... | ૩– ૦ |
| **સરલ કાદમ્બરી**–બાણભટ્ટની કાદમ્બરી, એવી સરળતાથી આમાં ઉતારી છે કે, વાચકને લાંબા લાંબા વાક્યોથી ગુંચવાવું પડતું નથી. ભાષા ઘણી સરળ છે. ... ... ... ... ... | ૧– ૦ |
| **અદ્દભુત વિક્રમાદિત્ય ભાગ ૧ લો**–એમાં વિક્રમાદિત્યનું અદ્દભૂત જીવન ચરિત્ર વર્ણવ્યું છે. પરદુઃખભંજક રાજા વિક્રમે જે અનેક પરમાર્થનાં મહાન્ કાર્યો કર્યાં છે, તે સર્વ વાર્તારૂપે દર્શાવ્યાં છે. સર્વ મળી અગીઆર વાર્ત્તાઓ જુદા જુદા વિષયોપર લખવામાં આવેલી છે. ... ... ... ... | ૧– ૦ |
| **વિક્રમોર્વશીય નાટક**–મહાકવિ કાલિદાસકૃતનું ગુજરાતીમાં ભાષાંતર કરનાર રા. કિલાભાઇ ઘનશ્યામ ભટ્ટ. કૉલેજના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા હેતુથી આ ભાષાંતર તૈયાર કરવામાં આવ્યું છે. મૂળ નાટકપર વિસ્તારવાળી ટીકા આપવામાં આવીછે અને ભાષાંતર શબ્દે શબ્દનું છતાં સાધારણ વાંચનારને પણ પુરતો આનંદ આપે તેવું છે. મહાકવિ કાલિદાસનું જીવનવૃત્ત ગુજરાતી ભાષામાં ન છપાયલું એવું વિસ્તારવાળું અને છેલ્લામાં છેલ્લી શોધને અનુસરી આપવામાં આવ્યું છે.... ... ... ... ... | ૧–૧૨ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## માત્ર "ગુજરાતી"ના ગ્રાહકોને જ
## સસ્તા ગ્રંથો.

| | | કી. રૂ. આ. |
|---|---|---|
| ૧ | જુનું નર્મ ગદ્ય–વધારા ને કવિની છબી સાથે. ... | ૧– ૪ |
| ૨ | ગુજરાત સર્વસંગ્રહ–કવિ નર્મદનો રચેલો અને સરકારે છપાવેલો ... ... ... ... ... | ૧– ૦ |
| ૩ | એમ. એ. બનાકે કયોં મેરી મીટ્ટી ખરાબકી (નવલકથા) ... ... ... ... ... | ૧– ૦ |
| ૪ | આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા (નવલકથા) | ૧– ૦ |
| ૫ | વેદોક્ત ધર્મ પ્રકાશ–વિષ્ણુબાવા બ્રહ્મચારી કૃત. એ ગ્રંથમાં ધર્મના ઘણા ગૂઢ વિષયોના સાદી ભાષામાં એવા સચોટ ખુલાસા આપ્યા છે કે જેવા બીજે સ્થળે ભાગ્યે જ વાંચવામાં આવશે. ... ... ... ... | ૦–૧૪ |
| ૬ | દેશ વ્યવહાર વ્યવસ્થા–કવિ નર્મદનો ન છપાયલો અર્થશાસ્ત્રનો ઉત્તમ ગ્રંથ ... ... ... ... | ૦–૧૪ |
| ૭ | ધર્મવિચાર–અદ્વિતીય નિબંધોનો સંગ્રહ–નર્મદકૃત ... | ૦–૧૨ |
| ૮ | ગંગા–ગુર્જર વાર્તા–શિવાજીની સુરતની લૂટ. ... | ૦– ૮ |
| ૯ | ધાતુ સંગ્રહ–ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો. ... ... ... ... | ૦– ૬ |
| ૧૦ | ભાગવત્ એકાદશ સ્કંધ–મૂળ અને ભાષાંતર–ચિત્ર, પાકું પુઠું, સુંદર કાગળ ... ... ... ... ... | ૦– ૬ |
| ૧૧ | રામ જાનકી દર્શન–નાટક–નર્મદકૃત. ... ... | ૦– ૬ |
| ૧૨ | બાળકૃષ્ણ વિજય નાટક–નર્મદકૃત ... ... | ૦– ૪ |
| ૧૩ | ઘાસીરામ કોટવાલ–પેશ્વાના વખતની બહુ રમુજી–ચાનક અને જ્ઞાન આપનારી વાર્તા ... ... ... | ૦– ૪ |
| ૧૪ | સારશાકુન્તલ–નાટક–નર્મદકૃત. ... ... ... | ૦– ૪ |
| ૧૫ | નર્મ કવિતા–સુરત મીશન પ્રેસમાં છપાયલી... ... | ૦– ૨ |
| ૧૬ | નર્મ કવિતા–સુરત સોદાગર પ્રેસમાં છપાયલી. ... | ૦– ૧ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust